Monday Night Bhajans

અનંત સૂર

રામકબીર ભક્ત ભજન સંગ્રહ

[અનુક્રમણિકા Index_front Index_back]

Anant Soor

3rd edition, August 2026

A comprehensive collection of traditional bhajans sung by Shree Ramkabir Mandir Bhajan Mandal - Carson, California, U.S.A.

Monday Night Bhajans

Shree Ramkabir Mandir Bhajan Mandal sings traditional bhakta bhajans on most Mondays at Shree Ramkabir Mandir in Carson, California, USA. Watch live on "Monday Night Bhajans" page on Facebook.

https://www.facebook.com/mondaynightbhajans/

Ramkabir Bhajans

BOOKS • AUDIOS • VIDEOS

::: Website :::
http://ramkabirbhajans.org

::: YouTube channel :::
https://www.youtube.com/@ramkabirbhajans

::: Facebook group :::
https://www.facebook.com/groups/RamkabirBhajans/

અનંત સૂર

બિલાવલ ૧૮૮
નાની આશાવરી ૧૯૦
મોટી આશાવરી ૧૯૧
સારંગ ૧૯૬

પૂર્વી ગોડી ૬
ગોડી ૧૦
બેઠકનાં પદો ૨૮
કાનડો ૮૧
કલ્યાણ ૮૭
કાફી ૯૪
કાલેરો ૧૦૧
કાલેરાનું તાન ૧૭૩, ૫૫૫, ૬૧૭, ૬૨૦, ૬૪૨, ૬૫૬, ૬૫૯, ૬૬૩, ૭૯૩
મારૂ ૧૧૩
બિહાગ ૧૧૬
સોરઠ ૧૨૩
દેશી ફેર સોરઠ ૧૨૬
અકેલી ૪૫૫, ૫૫૧
ધનાશ્રી ૧૪૩
કેદારો ૧૩૦
પંથીડો ૪૩૬
સામેરી ૧૪૮
પંચમ ૧૫૬
પ્રભાત ૧૭૦
દેવગંધાર પ્રભાત ૧૮૨

ચરચરી ૧૬૦
હાલેરું ૧૬૩

વિનંતિ ૪૬૨
વેદ પુરાણ ૪૬૬
સોરંગી ૪૭૧
લોઢી કારજ ૭૩૬

વસંત અને હોળીનાં પદો
નિર્ગુણ વસંત ૨૦૫
સગુણ વસંત ૨૩૪
ધમાર ૨૫૬
સારંગની ધમાર ૨૭૭
રંગ રસિયાનું પદ ૨૮૧
રાયસોનાં પદો ૨૮૮
ગરબી ૨૯૦

રામનવમીનાં પદો ૩૦૨

અખાત્રીનાં પદો ૭૯૧

જન્માષ્ટમીનાં પદો ૩૧૪
જન્મ સમયનું પદ ૩૬૭
છઠ્ઠીનાં પદો ૪૦૦

કૃષ્ણદાસનો રાસ ૪૦૮
તુલસીદાસનો રાસ ૪૧૪
પંચ અધ્યાયનો રાસ ૪૨૪
ગોવર્ધન રાસ ૪૪૮

વિજયા દશમીનાં પદો ૪૦૨

દિવાળીનાં પદો ૪૪૫

ધોળ ૪૭૬
મંગલ ૫૦૮

ગરબી ૪૫૬, ૫૬૧, ૫૬૭

થાળનાં પદો ૧૩૮, ૫૮૧

આરતી ૫૮૬, ૬૬૨, ૮૦૮

વિભાગ-૨ ૫૯૩
મોક્ષમાર્ગ ધર્મ ૫૯૬
શ્રીમદ્ રાજચંદ્ર ૬૮૮
પ્રીતમદાસની પરચરી ૭૧૮
તુલસીનો ગરબો ૭૨૧

વિભાગ-૩ ૭૨૫
જ્ઞાન ગુદડી ૭૨૬
નવેમ્બર ૧૩ (મા) ૭૪૩
શ્રીમદ્ રાજચંદ્ર ૬૮૮, ૭૭૩
મોક્ષમાર્ગ ધર્મ ૫૯૬, ૭૬૬
જલારામ બાપા ૭૭૯
અધિક માસ ૭૮૦
એકાદશી ૭૯૦
અખાત્રીનાં પદો ૭૯૧
શ્રી હનુમાન ચાલીસા ૮૦૫

કબીર સાખી સુધા

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી), કપુરા

સાખી - ૧૧

હૃદયા ભીતર આરસી, મુખ દેખા નહીં જાય
મુખ તો તબહી દેખિ હો, દિલકી દુબિધા જાય !

હૃદય રૂપી આરસીમાં આત્માનું મુખ દેખાતું નથી. મુખ તો ત્યારે જ દેખાય છે કે જ્યારે હૃદય રૂપી આરસી પર શંકા-કુશંકા રૂપી ધૂળ ન જામી હોય !

નોંધ : આરસીમાં એટલે કે દર્પણમાં મોઢું જોવું હોય તો આરસી સાફ રાખવી પડે ને આંખ પણ બરાબર રાખવી પડે. હૃદયમાં આત્મા બુદ્ધિથી જોઈ શકાય છે. હૃદય દ્વિધાઓથી, શંકા કુશંકાઓથી અશુદ્ધ હોય તો બુદ્ધિ આત્માનું દર્શન ન કરી શકે. તે જ રીતે બુદ્ધિ પણ દોષિત હોય તો આત્માનું દર્શન થતું નથી. આત્માનું દર્શન કરવા માટે હૃદય પણ સ્વચ્છ, પવિત્ર રાખવું જરૂરી છે ને બુદ્ધિ પણ શુદ્ધ રાખવી જરૂરી છે. આરસીના દૃષ્ટાંતથી કબીર સાહેબ આપણને બંને વસ્તુનો બોધ આપે છે.

સાખી - ૧૮

મન કહે કબ જાઈએ, ચિત્ત કહે કબ જાંવ
છૌ માસ કે હિંડતે, આધ કોસ પર ગાંવ !

જ્યારે મન આતુરતાપૂર્વક વિચાર કરે છે કે ક્યારે પરમાત્માના પ્રદેશમાં પહોંચી જાઉં. ત્યારે તેવા પરમાત્માની લગની વાળા ચિત્ત વડે જો સાધના કરવામાં આવે તો માત્ર છ માસમાં જ તેને પરમાત્માની અનુભૂતિ થવા લાગે છે. તે દશામાં તેને પરમાત્મા તદ્દન નજીક જ હોવાનો અનુભવ થાય છે.

નોંધ : આ કબીર સાહેબના અનુભવનું વચન કહેવાય વળી તેમણે સાધકોને ખાત્રી પણ આપી કહેવાય કે જો નિષ્ઠાપૂર્વક સાધનાની મહેનત કરવામાં આવે તો અવશ્ય પરમાત્માની ઝાંખી માત્ર ટૂંકા ગાળામાં જ થવા લાગે છે. કબીર સાહેબે સાધક માટે પ્રેમભક્તિની સાથે સાથે ધ્યાન યોગની કેડી કંડારી આપી છે.

આ સાખીમાં 'હિંડત' ક્રિયાપદ ગુજરાતી ભાષાનું સ્મરણ કરાવે છે. કબીર સાહેબની ગુજરાત યાત્રા એવા શબ્દોના ઉપયોગથી સિદ્ધ થાય છે.

|| સત્યનામ ||

સદ્‌ગુરુ કબીર સાહેબ

ॐ

ભજન કીર્તન

ભકિતભાઇ વલ્લભભાઇ ભક્ત,
સરઇ ના મંતવ્ય મુજબ

ભક્ત સમાજમાં સારા માઠાં પ્રસંગે ભજન કીર્તન કરવાનો સારો રિવાજ છે. મનુષ્ય ભવ તરવાનાં સાધનોમાં જ્ઞાન વૈરાગ્ય, ભાવ, ભક્તિ ભારતીય સંસ્કૃતિ એ અનેક મોટા પૌરાણિક શાસ્ત્રીય ગ્રંથો જેવા કે ઉપનિષદ, શ્રુતિઓ સ્મૃતિઓથી માંડીને રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા જેવા ગ્રંથો ઋષિમુનિઓએ બનાવેલ છે. પણ તે બધા વિદ્વદ્ ભોગ્ય છે. એ સામાન્ય જનતા વિશેષ સમજી શકે નહીં. એટલે સંતોએ આમ જનતા સારુ આ ભજન રચ્યાં. આ ભજનો ભારતના હિન્દુ સમાજમાં જ નહીં. ખ્રિસ્તી અને મુહમદન કે પારસી સમાજમાં પણ નૃત્ય, સંગીત કે અન્યરૂપે જોઈ શકાય છે. ભારતના આદિવાસીથી માંડીને ઉચ્ચસ્તરના ગણાતા સમાજમાં પણ એને સ્થાન મળેલ છે.

પણ હું તો કેવળ ભક્ત સમાજનાં ભજન કીર્તનની વિશિષ્ટતા માટે લખવા પ્રેરાયો છું. એ ભજન કીર્તન સૂર્યોદયથી માંડી ને બીજા દિવસના સૂર્યોદય સુધીના સમયના વિવિધ રાગ રાગિણિ પ્રમાણે કાંસા, મૃદંગ, નરઘાં સાથે તાલ અને વિવિધ ગત કે ચાલમાં સંકળાએલાં છે. જેમકે ત્રિતાલ, ચોતાલ, હંસદોલ વગેરે હવે આપણે ચોવીસ કલાકના દિવસમાં ગવાતા ભજન નિહાળીએ.

સૂર્યોદય પછી છ થી આઠ સુધી રાગ તોડી કે બિલાવલ, આઠ થી દસ નાની આશાવરી, ૧૦ થી ૧૨ મોટી આશાવરી, ૧૨ થી સૂર્યાસ્ત સુધી રાગ સારંગ, સંધ્યાકાળે ક્રમશઃ કલ્યાણ, કાફી, કાનડો, કાલેરો, મારૂ, સોરઠ, સોહિણી, બિહાગ અને છેલ્લે મધરાતે કેદારો આલાપાય ગવાય છે. આને બારમાસી રાગો પણ કહ્યાં છે. મધરાત પછી પંથીડા અને સામેરી પછી પંચમ સામેરી અને મળસ્કે પ્રભાત રાગો જેવા કે દેવગંધાર, રામગરી, રામકલી, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, ઈત્યાદિ વડે ચોવીસ કલાક પૂરા થાય છે.

આ ઉપરાંત ધોળ, મંગલ કબીરનાં હોય છે. તથા પાટણમાં થઈ ગયેલા અધ્યારૂજીનાં ૨૮ કીર્તન હોય છે. જેમ કે વિનંતી, વેદ પુરાણ, સોરંગી, વહુ ધોળ, પૃથ્વી, વીટવા, હર્ષભાવન. આદિ વધુમાં બહેનો માટે પણ ઘણાં કીર્તન છે. તુલસી વિવાહ, એકાદશી, સુભદ્રાનું મોસાળું,

રૂકિમણીની કંકોત્રી, સીતાજીના સાડલા, જનકના માંડવા, કનૈયાની આરતી, ઈત્યાદિ. અત્યાર સુધી આપણે ભજનોના રાગરાગિણી અને તેમના સમય વિશે જાણ્યું. હવે ઋતુ અને માસ પ્રમાણે જાણીએ.

વર્ષની ષડ્ ઋતુ એટલે કે છ ઋતુ છે. હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ. હેમંતના કાર્તિક અને માગસર માસમાં ગોવર્ધન રાસ અને બાર માસીના કલ્યાણ રાગથી માંડીને કેદારા સુધી ગવાય છે. પોષ અને માહ માસમાં નાની મોટી વધાવવાની. ફાગણ ચૈત્ર વસંત ધુમાર નાની મોટી બેઉ, તથા રંગ રસિયો, રાયસો, ધનાશ્રી, ફાગની ગરબી અને લટકણિયાના નામે ગવાતાં પદો છે. ઉપરાંત રામ નવમીના પદો છે.

આમ આપણે જોયું તેમ, સમય ઋતુ માસ અને ભાવ અનુસાર ભજનો નક્કી થયેલાં છે. અહીં એક ઉલ્લેખ જરૂરી માનું છું. અમેરીકામાં દેવલોક પામેલાંના અંતિમ ક્રિયા મોટા ભાગે સવારે થતી હોય છે પણ એ પ્રસંગે સંધ્યાની આરતી અને ગોડીનાં પદો ગવાય તે બંધબેસતું નથી. તે સમયે બિલાવલ કે આશાવરી ઉચિત છે. એ ન આવડે તો શીખી લેવામાં બહુ વાર લાગે તેવું નથી. અસ્તુ. ૐ

[અનુક્રમણિકા Index_front Index_back]

ભજનનો સમય

'શ્રી રામકબીર ભજનાવલી' માંથી
(શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ,
બેગમપુરા, ખાંગડ શેરી, સુરત)

પ્રભાતનાં પદો

પ્રભાતનાં પદો ગાવાનો સમય મળસ્કે ચારથી સૂર્યોદય થાય ત્યાં સુધીનો ગણાય છે. આપણે ત્યાં ખાસ કરીને નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં એ સમયે ગવાય છે. પ્રભાતનું નીરવ એકાંત, પ્રભાતિયામાં રસાયલો ઝૂલણાનો મધુર લય અને રાતભરના આરામથી થયેલું પ્રફુલ્લિત મન સાધના માટે અત્યંત સાનુકૂળ બની રહે છે. તેથી પ્રભાતિયાં મળસ્કેથી ગાવાનો રિવાજ પડ્યો હોવો જોઇએ. ભજન અને તેનાં રાગરાગિણી માત્ર ગમ્મત ખાતર રચાયાં હોય એમ માની શકાય નહિ. એની પાછળ કોઇ ચોક્કસ હેતુ હોવો જોઇએ. ભજન તો એક સાધન છે. સાધકને પ્રભુ પરાયણ થવામાં સાધન મદદરૂપ થઇ શકે. માટે મનુષ્ય જન્મનો હેતુ પ્રભુ પરાયણ થઇ મુક્તિ મેળવવાનો ગણાય છે. આ હેતુ બર લાવવામાં પ્રભાતિયાં પણ અત્યંત ઉપયોગી ગણાય છે. જો કે સાધકની લગની પર જ સાધનના ઉપયોગી સાર્થકતા આધારિત છે. સાધકના ચિત્તને પરિવર્તિત કરવાની શક્તિ આવાં સાધનોમાં અવશ્ય રહેલી છે એવી સંતોની અનુભવવાણી છે.

કીર્તનનાં પદો

કીર્તન કરવાનો રિવાજ શા માટે પડ્યો હશે એવો પ્રશ્ન આજના જમાનામાં થાય તે બિલકુલ સ્વાભાવિક છે. કારણ તપાસીએ ત્યારે ખરેખર આપણે કીર્તન કરીએ છીએ ત્યારે કયા કયા ભાવો જાગે છે ? કયા કયા વિચારો ઉદ્‌ભવે છે ? આ બધાંનું નિરીક્ષણ કરવું જોઇએ. સદ્‌ગત આત્મા અમર છે, માત્ર દેહનું જ વિસર્જન થયું છે એવો ભાવ કીર્તન કરતી વેળા આપણા હૃદયમાં જાગે છે. આ પણ એક કારણ જ છે. અમર આત્મા પાછળ પાર્થિવ લોકો શોક ના કરે, પોતાની ફરજ ન ચૂકે, પ્રવાહ પ્રાપ્ત ધર્મના પાલનમાં ખલેલ નાં પહોંચે, તે પણ કીર્તનનો રિવાજ પાછળનું બીજું કારણ ગણાય. સદ્‌ગત આત્માની અતૃપ્ત ઇચ્છાઓ તેને

અવગતિએ ન પહોંચાડે એવી પણ લાગણી કીર્તનના રિવાજ પાછળ રહેલી છે. આપણે જે શબ્દો મોઢેથી બોલીએ છીએ તે અવકાશમાં વ્યાપક બની નિરાકાર સ્વરૂપે આંદોલિત થાય છે. આ આંદોલનની વેધકતા કીર્તન કરનારના ભાવની તીવ્રતા પર જ આધાર રાખે છે. વધેક બનેલું આંદોલન પોતે અત્યંત સુક્ષ્મ હોવાથી સુક્ષ્મ જગત સુધી પહોંચવાનું સામર્થ્ય ધરાવે છે. ત્યાં અતૃપ્ત ઇચ્છાઓનાં વમળોને શાંત કરવાની સોનેરી તક સાંપડે છે અને એ રીતે તેની ગતિમાં ફેરફાર થાય છે. આ રીતે પાર્થિવ ગણાતી પ્રાર્થના કે કીર્તનનાં સાધનો સદ્‌ગત આત્માને મદદરૂપ બની શકે છે. આવી સુક્ષ્મ સમજ કીર્તનનાં રિવાજ પાછળ રહેલી છે.

પહેલા આશાવરી કે પહેલા બિલાવલ -- કયો રાગ પહેલા ગાવો એ એક ચર્ચાસ્પદ મુદો છે. કોઇ જગ્યાએ પ્રથમ બિલાવલ ગાવામાં આવે છે તો કોઇ જગ્યાએ પ્રથમ આશાવરી ગાવામાં આવે છે. એટલું ખરું કે વહેલી સવારથી પ્રભાતના પ્રથમ પ્હોર સુધી બંને રાગ ગાઇ શકાય છે એવું સંગીતજ્ઞોનું કહેવું છે. આપણે ત્યાં પ્રથમ બિલાવલ પછી આશાવરી ગાવાનો રિવાજ છે.

કીર્તન પ્રસંગે આશાવરી પછી સારંગ ગાવાનો રિવાજ છે. ખરેખર તો સવારે નવ વાગ્યા પછી આશાવરીનો રાગ ન ગાવો જોઇએ. પરંતુ આપણે ત્યાં આશાવરી બપોરે બાર વાગ્યા સુધી ગાવામાં આવે છે. બાર વાગ્યાથી સાંજે સંધ્યાકાળ સુધી સારંગ ગાવામાં આવે છે. સવારે નવથી સાંજે ચાર વાગ્યા સુધી સારંગ ગાઇ શકાય છે. એવો શાસ્ત્રીય મત છે.

ગોડીનાં પદો

ચાર વાગ્યા પછી ગોડી ગાઇ શકાય છે. આ ગોડીને પૂર્વી ગોડી પણ કહે છે. આપણે ત્યાં પૂર્વી ગોડી બહુ પ્રચલિત નથી. આગલી પેઢીને ગોડી હજી કંઠસ્થ છે. સૂર્યાસ્ત પછી રાત્રીની જમાવટ થાય ત્યાં સુધી ગોડી ગાઇ શકાય છે. આપણે ત્યાં આરતી કરતાં પહેલા ગોડી ગાવાનો રિવાજ છે તે આ દષ્ટિએ બરાબર છે.

આરતીનાં પદો

સાચી આરતથી કરવામાં આવતી પ્રાર્થનાને આરતી કહેવામાં આવે છે. આરતીમાં તો પ્રભુના ગુણગાન જ કરવામાં આવે છે. આરતી માટે કોઇ ચોક્કસ વિધિવિધાન નિયત કરવામાં આવ્યા નથી. હૃદયમાં પ્રભુ માટે પ્રેમ ન હોય, પ્રભુને પામવાની ઝંખના ન હોય તો આરતી યંત્રવત બની જાય છે. પછી ગમે તે વિધિથી આરતી કરવામાં આવતી હોય તેનો અર્થ શો ? માટે લગની, આરત, આરતી માટે જરૂરી છે.

બારમાસી પદો

મનુષ્યે પોતાની રીતે સંકીર્તન એટલે સામુદાયિક સંગીતની શાખાનો વિકાસ કર્યો છે. એ શાખામાંથી કાંસા દ્વારા ભજનોનો એક પ્રકાર જુદો પડ્યો. આપણા તમામ ભજનોનો આ પ્રકારમાં સમાવેશ થઇ જાય છે.

બારમાસી પદો એટલે બારે માસ ગાઇ શકાય તેવાં પદો. આ પદો કોઇ પણ ઋતુમાં ગાવાં હોય તો ગાઇ શકાય છે. વસંત ઋતુમાં આ પદો જેટલા મધુર લાગે છે તેટલાં જ મધુર વર્ષા ઋતુમાં પણ લાગે છે. પરંતુ રસ વિના કોઇ પણ વસ્તુમાં કસ જણાશે નહિ. ભજનમાં જ રસ ન હોય તો ગમે તે ઋતુમાં ભજન કંટાળાજનક જ લાગે છે. આજે આપણે ત્યાં આવી જ દશા છે. રસ ઓછો થવાનાં ઘણાં કારણો હશે પરંતુ એક પ્રશ્ન ખાસ પૂછવામાં આવે છે કે આપણા ભજનોમાં શબ્દ અને સંગીતને સ્થાન કેટલું ? તેથી શબ્દ અને સંગીત વિષે અહીં થોડી સમજૂતી કરી લઇએ તો અસ્થાને ગણાશે નહિ એમ આપણે માનીએ છીએ.

ઓમકાર સર્વક શબ્દ ગણાયો છે. કારણ કે પરમાત્માનો એ વાચક શબ્દ છે એમ ગીતામાં કહ્યું છે. મનુષ્ય આ સર્વક શબ્દની જ અભિવ્યક્તિ છે. એ કેવી રીતે ? ઓમકાર એ ત્રિગુણાત્મક સૃષ્ટિની સાંકેતિક સંજ્ઞા છે. અ, ઉ, મ દ્વારા સત્વ, રજ ને તમ; જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિ; આકાશ, પૃથવી ને પાતાળ; બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ; એ તમામ ત્રિપરીબળોનો સમાવેશ ઓમકાર શબ્દમાં કરવામાં આવ્યો છે. ત્રિગુણાત્મક સૃષ્ટિનું મહત્વ અંગ તે મનુષ્ય. આ રીતે મનુષ્ય ઓમકાર શબ્દની અભિવ્યક્તિ છે એમ કહેવાયું છે. આ જ સિદ્ધાંતને આધારે સંગીતશાસ્ત્ર મને છે કે મનુષ્ય પર અવાજની ધારી અસર ઉપજાવી શકાય છે. આ હકીકત પણ છે જ. કોઇ પણ આવાજની ત્વરિત અશર આપણા ચિત્તતંત્ર પર થાય છે. તેનો આપણ સહુને અનુભવ છે. માટે સંગીતનું ધ્યેય સામુદાયિક એકરાગિતાનું નહિ પરંતુ પરમાત્મા સાથે વ્યક્તિગત ઐક્ય સાધવાનું છે. આ રીતે ભારતીય સંગીત એ આત્મલક્ષી, આધ્યાત્મિક અને વ્યક્તિગત કળા તરીકે માન્ય થયું છે.

સામાન્ય રીતે શબ્દ અને સંગીત બંને સાધનો અલગ અલગ લાગશે. ભજનો શબ્દ આધારિત છે જ્યારે સંગીત નાદ આધારિત છે. પરંતુ નાદ ક્યાં રહેલો છે ? ખરેખર તો નાદ શબ્દોમાં જ સુક્ષ્મ સ્વરૂપે છૂપાયલો રહે છે. જ્યારે શબ્દનું ઉચ્ચારણ થાય ત્યારે જ નાદની પ્રતીતિ થાય છે. શબ્દ અને સ્થૂળ સ્વરૂપે છે એનો નાદ એ સુક્ષ્મ સ્વરૂપે છે. 'રામ' એ શબ્દ થયો અને રામ શબ્દના ઉચ્ચારથી જે ધ્વની પેદા થાય તે નાદ થયો. રામ શબ્દનો જાપ માનસિક રીતે કરો તો નાદ સુક્ષ્મ સ્વરૂપે જ રહે છે, જેની પ્રતીતિ બીજાને થતી નથી. જ્યારે

રામ શબ્દનો વાચિક રીતે જાપ કરવામાં આવે તો નાદ સુક્ષ્મ મટી સ્થૂળ ધારણ કરે છે તેથી તેણી પ્રતીતિ બીજાને તરત જ થાય છે. કેટલીવાર એવો અનુભવ થાય છે કે સારું સંગીત સાંભળ્યા પછી વર્ષો સુધી તેણી મધુર યાદ આવ્યા કરતી હોય છે. નાદના સુક્ષ્મ સ્વરૂપની આવી ખૂબી છે. સંગીતમય ભજનો થતાં યો ત્યારે કેટલીક વાર એવું પણ બને કે શબ્દો લયવાહી વધારે હોય ત્યારે સંભાળનારનું ધ્યાન માત્ર શબ્દ તરફ જાય છે. તે જ રીતે જ્યારે શબ્દો કરતાં સંગીત વધારે મધુર લાગતું હોય ત્યારે સાંભળનારનું ધ્યાન સંગીત તરફ જાય છે. મતલબ કે કોઇક વાર શબ્દ ગૌણ બને તો કોઇકવાર નાદ ગૌણ બને છે. પરંતુ રસિકજનોને માટે શબ્દ અને નાદ બંને સરખા મહત્વના છે. આપણે ત્યાં કાંસાથી ગવાતા ભજનોમાં નાદ અને શબ્દ બંને મહત્વના છે. આખરે શબ્દ જે કામ કરે છે તે જ નાદ પણ કરે છે. શબ્દ પણ ભાવ જ પેદા કરે છે અને નાદ પણ ભાવ જ પેદા કરે છે. સાંભળનારનાં હૃદયમાં ભવાની ભરતી આવે તો સમજવું કે બંને સાધનો કામિયાબ નીવડયાં. આ પરિસ્થિતિ નિર્માણ કરવી હોય તો બુદ્ધિને સતેજ કરવી પડશે અને કાનને સરવા બનાવવા પડશે.

કાંસા દ્વારા થતા ભજનોનાં પ્રકારનો ધીમે ધીમે લોપ થતો જાય છે. છતાં એ પદ્ધતિની આગવી મજા પણ છે. તે આપણે ત્યાં કાંઇક અંશે જળવાઇ રહી છે. એ જાળવી રાખીશું તો પણ મોટું પુણ્યકાર્ય કર્યું એમ ભાવી પેઢી ગણશે એવી અમોને ખાતરી છે.

ધોળ મંગળનાં પદો

ધોળ મંગળનાં પદો કોઇ પણ સમયે ગાઇ શકાય છે. કબીર પંથમાં હરેક પળ શુભ અને મંગળ મનાય છે. ભક્તિમાં મન નિત્ય પરોવાયલું રહેતું હોવાથી પ્રત્યેક પળે આનંદનો જ અનુભવ થતો હોય છે. તેથી કબીર સાહેબે બારેમાસ વસંતની કલ્પના કરી છે. આપણે ત્યાં લગ્ન પ્રસંગે જેમ મંગળ ગવાય છે તેમ મરણ પ્રસંગે પણ ગવાય છે.

ગરબી

ગ્રામ જનતા પહેલાનાં જમાનાથી જ ઉત્સવ પ્રિય ગણાતી આવી છે. આ ઉત્સવ પ્રિયતામાંથી જ ગરબા-ગરબીનો જન્મ થયો છે. તેથી બંને સ્વરૂપોનાં આનંદ કેન્દ્રસ્થાને છે. બંને સ્વરૂપમાં સંઘગાન અને સંઘનૃત્ય જરૂરી મનાય છે. છતાં બંને સ્વરૂપોમાં થોડો તફાવત પણ છે. પ્રસંગ કથા, લાંબા વર્ણનો અને અનેક વિચારો ગરબામાં વ્યક્ત થઇ શકે છે. તેથી તેનું સ્વરૂપ લાંબુ હોય છે. દસ મિનિટ સુધી ગવાય એવો પણ ગરબો છે અને બે કલાક ચાલે એવો પણ ગરબો છે. જ્યારે ગરબીનું રૂપ ટૂંકુ છે. દસબાર લીટીમાં એનો અંત આવી જાય છે.

વર્ણન કે પ્રસંગ કથાને અવકાશ મળતો નથી. માત્ર એક જ વિચાર સચોટ રીતે વ્યક્ત થાય છે. ભક્ત કવિઓએ ગરબીના આ સ્વરૂપમાં કૃષ્ણભક્તિનો જ આનંદ વ્યક્ત કર્યો છે.

દેવગંધારનાં પદો

રાત્રીનો અંત દેવગંધારનાં પદોથી આવે છે. પ્રભાત કાળથી શરૂ કરી દેવગંધાર સુધીનો ચોવીસ કલાકનો ક્રમ અહીં પૂરો થાય છે. પ્રભાત પહેલા દેવગંધારનો લય ખૂબ મીઠો લાગે છે. નીરવ એકાંત અને શીત ખુશનુમા હવામાનમાં દેવગંધારનો લય ગાનારના તથા સાંભળનારનાં હૃદયમાં પરમ આનંદનો પૂરક બની રહે છે. દેવગંધારનાં પદો ગાવા એ પણ એક લ્હાવો છે. ત્યાં સુધી કોણ જાગી શકે ? ત્યાં શુધી બેસી રહેવાની ધીરજ કોણ રાખી શકે ?

વસંતનાં પદો

આપણે ત્યાં વસંત ઋતુમાં વસંતનાં પદો ગાવાનો રિવાજ છે. જો કે એ સ્થૂળ રિવાજ કહેવાય. વસંત શબ્દ આનંદનો પર્યાય છે, તેથી આનંદની કોઇ પણ ઘડીઓમાં વસંતનાં પદો ગાવામાં આવે તો વાંધાજનક નથી. તે જ રીતે ધમારનાં પદોનું સમજવું. આપણે ત્યાં ધમારને બદલે ધુમાર શબ્દ વધારે ચલણી બની ગયો છે. ખરો શબ્દ ધમાર જ છે. ધમાર એ તાલનું નામ છે. એ તાલમાં જે ગીત કે ભજન ગાવામાં આવે તે ધમારનું પદ કહેવાય. ધમારનું પદ ગાવામાં વિશેષ બળ વાપરવું પડે છે. આ અવાજનું ગાયન છે. 'હોરી' પ્રસંગે ધમાર ગાવામાં આવે છે તેથી 'હોરી'નાં પદો તરીકે પણ ઓળખવામાં આવે છે.

જન્માષ્ટમી નાં પદો

શ્રી કૃષ્ણ જન્માષ્ટમીનાં પદો એ જન્મોત્સવના પદો છે. પરમ શક્તિ જગતને દોરવણી આપવા માટે વારંવાર સાકાર રૂપ ધારણ કરી આવે છે એવો આજ લગીનો આધ્યાત્મિક ઇતિહાસ કહે છે. એને આપણે અવતાર કહીએ છીએ. શ્રી કૃષ્ણ એવા અવતારી મહાપુરુષ હતા તેથી તેમનો જન્મ દિવસ હજી સુધી પણ ઉજવાતો રહ્યો છે. એ જ એમનો મહાનતાનો પુરાવો છે. પરમ શક્તિ અવતાર ધારણ કરે ત્યારે કોને આનંદ ન થાય ? જડ-ચેતન, સચરાચરમાં આનંદની લહર ફરી વળે છે. જન્માષ્ટમીનાં પદોમાં ખાસ કરીને પરમ આનંદ જ વ્યક્ત થયો છે.

[અનુક્રમણિકા Index_front Index_back]

ભજનનો મહિમા

'મુક્તિની માળા' - મણકો : ૨૨ ભજન કીર્તન
સંપાદક: ગોવિંદભાઈ લ. ભક્ત

ભજન એટલે ભજવું અને કીર્તન એટલે ગુણગાન ગાવાં. કોને ભજવું કોના ગુણગાન ગાવા ? તો કહે છે કે 'ખેતી હરિ નામ કી મનવા' હરિના નામના ભજન કરો, હરિના ગુણગાન ગાઓ. સ્મરણ શબ્દ કે નાદ દ્વારા, ભજન - કીર્તન દ્વારા યા એકલા કે સમૂહમાં એકઠા થઈને, પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ, ભજન, કીર્તન કરવું. પ્રભુના ગુણગાન ગાવાં, પ્રભુની પ્રભુતાને ગીતોમાં વણી લઈને તેવાં ગીતો ગાવાં અને ગાતાં ગાતાં પોતાના અંતરમાં જ અંતર્યામીને અનુભવવા માટે ભજન કીર્તન, સ્મરણ હોય છે.

દરેક ધર્મના સ્થાનોમાં નિયત સમયે ભગવાનના ભજન કીર્તન દ્વારા ઈશ્વર સ્મરણ કરાય છે. જ્યારે ભક્ત પોતાના ઘર આંગણે કે ગમે તે સ્થળે, ગમે તે સમયે ભજનમાં તલ્લીન બનીને પોતાના અંતરનો એકતારો બજાવતા રહીને સ્થળ, સમય અને સંસારની બધી માયાજાળને વિસારે પાડીને ભજન ગાતાં ગાતાં લીન બની જાય અને ભજનના આનંદમાં દેહભાન પણ ભૂલી જાય છે.

નરસિંહ મહેતા, મીરાંબાઈ કે કબીર જેવા અનેક ભક્ત સંતો આજે પણ લોકહૃદયમાં જીવીત છે. ભક્તિની મસ્તીમાંથી એવા સંતોના કંઠ દ્વારા જે જ્ઞાન પ્રગટ થયું છે તે ગાન કે ભક્તિગીતો દ્વારા આજે પણ ભક્તોને માર્ગદર્શન મળી રહ્યું છે.

પ્રભુનું ભજન કરવામાં એકલા મંત્રની ભાષાનું જ કામ નથી પણ ભાવનાનું મુખ્ય કામ છે. ભક્તના મન, પ્રાણ અને શરીર ત્રણેય ભગવાનમાં લાગી જાય ત્યારે ભગવાનનો અનુગ્રહ થાય.

કબીર કહે છે કે ભજન કર્યા વિના તારા બધા દિવસ વ્યર્થ થઈ રહ્યા છે. સંસારમાં બધા લડતા હોય તેને લડવા દો, પોતપોતાની રીતે દેવદેવીને પૂજતા હોય તેને કરવા દે પણ તું

તો રામને સુમર, રામને જ સુમર, રામનું સ્મરણ કર. બાકી તો વેદ વિચારતા વિચારતા પંડિતો પણ ચાલ્યા ગયા. માટે તું તો એક પરમાત્માનું જ ભજન કર, ભજન કર.

પાણીના પરપોટા જેવી તારી કાયાને છોડીને પ્રાણ પલના પલકારામાં વિદાય લેશે. માટે હે જીવ, તું હરિનું ભજન કર, ભજન કર!

તૂ તો રામ સુમર જગ લડવા દે

કોરા કાગજ કાળી શાહી;
લિખત પઢત વા કો પઢવા દે ... તૂ તો.

હાથી ચલત હૈ અપની ગતમેં;
કૂતર ભૂંક્ત વા કો ભૂંકવા દે ... તૂ તો.

ચંડી ભૈરવ સિતલા દેવી,
દેવ પુંજૈ તો પૂજને દે ... તૂ તો.

કહત કબીર સૂનો ભાઈ સાધો;
નરક પચત વા કો પચવા દે ... તૂ તો.

[અનુક્રમણિકા Index_front Index_back]

ભજન

રંગ અવધૂત

ભજન કરો અને નીતિથી વ્યવ્હાર કરો. ભજન જ સર્વ દુઃખોનો અચૂક ઈલાજ છે. માટે બને તેટલું ભજન કરો.

દરરોજ ભજન ન બને તો વર્ષમાં એક મહિનો તો એવો રાખો કે જેથી આખું વર્ષ ચાલે એટલું ભજન-પુણ્ય ભંડોળ સંગ્રહી શકાય; તેથી તમારૂ આખું વર્ષ નિર્વિઘ્ને સુખશાંતિપૂર્વક પસાર થશે.

કોઈ પણ ભજન ગાતી વખતે તેમાં વર્ણવેલાં દ્રશ્યનો ચિતાર નજર સામે ખડો કરો એટલે સગુણ સાક્ષાત્કારના પ્રત્યક્ષ દિવ્ય અનુભવો મળવાનો સમય જલદી આવશે. પાત્રમાં પાણી ભરાતાં હવા આપોઆપ નીકળી જાય છે. તેમ ચિત્તમાં ભજનની ભરતી થતાં આપોઆપ ભોગવાસનાઓનો નાશ થશે.

ભજન કોને કહેવાય ?

રંગ અવધૂત

स्मरणं स्वस्वरूपस्य ह्यखण्डैकात्मना तु यत् ।
तदेकं भजनं प्रोक्तं जन्ममृत्युजरापहम् ॥

અખંડ એક ચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે; અને એ જ એક જન્મ, મૃત્યુ ને જરાનો નાશ કરનાર છે.

[Index_front Index_back]

અનુક્રમણિકા

ક્રમ	વિભાગ	ભજનનું નામ	પૃષ્ઠ
૧	માલકૌંસ	રામકબીર-ભજન પ્રેરણા-ગીત	૧
૨		કબીર સાખી	૨
૩		ઓ ઈશ્વર ભજીએ તને (નાદબ્રહ્મ પૃષ્ઠ-૧)	૪
૪	પૂર્વી ગોડી	નર નામ ન જાણ્યો રામકો (નાદબ્રહ્મ પદ-૪)	૬
૫	”	ઐસે દલ રાખો રામસે રે (નાદબ્રહ્મ પદ-૫)	૮
૬	”	રાજા રામ સ્નેહ ન છાંડિયે (નાદબ્રહ્મ પદ-૬)	૯
૭	ગોડી	શ્રી ગુરૂને પાયે લાગું (નાદબ્રહ્મ પદ-૭)	૧૦
૮	”	બહુત ભલો હૈ ભાઈ (નાદબ્રહ્મ પદ-૮)	૧૧
૯	”	કાહે ન મંગલ ગાયે (નાદબ્રહ્મ પદ-૯)	૧૨
૧૦	”	ભક્તિ સતગુરૂ એ આની (નાદબ્રહ્મ પદ-૧૦)	૧૩
૧૧	”	ઐસે હી બની આઈ (નાદબ્રહ્મ પદ-૧૧)	૧૪
૧૨	”	રમી રહ્યો ભરપુર (નાદબ્રહ્મ પદ-૧૨)	૧૫
૧૩	”	સહજ સમાધિ ભલી હો (નાદબ્રહ્મ પદ-૧૩)	૧૬
૧૪	”	નામ સુમર મેરે ભાઈ (નાદબ્રહ્મ પદ-૧૪)	૧૭
૧૫	”	લગન કઠિન હૈ ભાઈ (નાદબ્રહ્મ પદ-૧૫)	૧૮
૧૬	”	વાદ વદે સો જુઠા (નાદબ્રહ્મ પદ-૧૭)	૧૯
૧૭	”	આયે જ્ઞાનકી આંધી (નાદબ્રહ્મ પદ-૧૮)	૧૯
૧૮	”	રામ નામ જબ જાની (નાદબ્રહ્મ પદ-૨૦)	૨૦
૧૯	”	હરિજન ભક્તિ ન છાંડે (નાદબ્રહ્મ પદ-૨૧)	૨૧
૨૦	”	ગૌચારી ઘેર આવે (નાદબ્રહ્મ પદ-૨૩)	૨૧
૨૧	”	નયણે નારાયણ નીરખું (નાદબ્રહ્મ પદ-૨૭)	૨૨
૨૨	”	કલિયુગમેં હરિ કીર્તન સાર (નાદબ્રહ્મ પદ-૨૮)	૨૨
૨૩	આરતી	આરતી હો દેવ શિરોમણી તેરી (નાદબ્રહ્મ પદ-૨૯)	૨૩
૨૪	”	આરતી કીજે નરસિંહ પ્રભુકી (નાદબ્રહ્મ પદ-૩૦)	૨૩
૨૫	”	આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે (નાદબ્રહ્મ પદ-૩૧)	૨૪
૨૬	”	ઐસી આરતી કરો મન જ્ઞાની (નાદબ્રહ્મ પદ-૩૨)	૨૫
૨૭	”	ઐસી આરતી ત્રિભુવન તારી (નાદબ્રહ્મ પદ-૩૩)	૨૬
૨૮	”	શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ (નાદબ્રહ્મ પદ-૩૯)	૨૭
૨૯	બેઠકનાં પદો	લાડકડા મનવા તું (નાદબ્રહ્મ પદ-૪૦)	૨૮
૩૦	”	મેરે પિયુ તો બસે રે અગમપુરી (નાદબ્રહ્મ પદ-૪૧)	૩૦
૩૧	”	જોને વિચારી તું જીવડા (નાદબ્રહ્મ પદ-૪૪)	૩૧
૩૨	”	મારૂં મન માન્યું રમતા રામ શું (નાદબ્રહ્મ પદ-૪૫)	૩૨
૩૩	”	જનુની જીવો રે ગોપીચંદની (નાદબ્રહ્મ પદ-૪૬)	૩૩
૩૪	”	ત્યાગ ન ટકે રે વૈરાગ વિના (નાદબ્રહ્મ પદ-૪૭)	૩૪

૩૫	”	ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો (નાદબ્રહ્મ પદ-૫૦)	૩૫
૩૬	”	જે કુલમેં કોઇ ભક્ત ન કહાવે (નાદબ્રહ્મ પદ-૫૧)	૩૬
૩૭	”	જે ઘેર કથા નહિ, હરિ કીર્તન (નાદબ્રહ્મ પદ-૫૨)	૩૭
૩૮	”	રામનામ તત્વ સાર જગતમેં (નાદબ્રહ્મ પદ-૫૪)	૩૮
૩૯	”	આનંદ મંગલ કરું શુભ આરતી (નાદબ્રહ્મ પદ-૫૫)	૩૮
૪૦	”	હરિના ભજન વિના ધિક્ નરનારી (નાદબ્રહ્મ પદ-૫૭)	૩૯
૪૧	”	હરિનો મારગ છે શૂરાનો (નાદબ્રહ્મ પદ-૫૮)	૪૦
૪૨	”	સંત કૃપાથી છૂટે માયા (નાદબ્રહ્મ પદ-૫૯)	૪૧
૪૩	”	હરિ મહિમા મોટા જન જાણે (નાદબ્રહ્મ પદ-૬૦)	૪૨
૪૪	”	મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે ! (નાદબ્રહ્મ પદ-૬૧)	૪૩
૪૫	”	અમને અંત સમયે લેવા આવજો રે (નાદબ્રહ્મ પદ-૬૨)	૪૪
૪૬	”	હરિ ભજ હરિ ભજ હીરા પરખ લે (નાદબ્રહ્મ પદ-૬૩)	૪૫
૪૭	”	ભજો મન રે પંખીડા (નાદબ્રહ્મ પદ-૬૪)	૪૬
૪૮	”	મન ! તોહે કેહિ વિધ કર સમઝાઉં (નાદબ્રહ્મ પદ-૬૫)	૪૭
૪૯	”	મન લાગો મેરો યાર ફકીરીમેં (નાદબ્રહ્મ પદ-૬૭)	૪૮
૫૦	”	સબસે ઊંચી પ્રેમ સગાઇ (નાદબ્રહ્મ પદ-૬૯)	૪૯
૫૧	”	બંગલા અજબ બનાયા રે (નાદબ્રહ્મ પદ-૭૨)	૫૦
૫૨	”	ગાફેલ મત રહેના બેટા (નાદબ્રહ્મ પદ-૭૩)	૫૧
૫૩	”	ઘૂંઘટકા પટ ખોલ રે (નાદબ્રહ્મ પદ-૭૪)	૫૨
૫૪	”	ગુરૂ બિના કૌન બતાવે બાટ (નાદબ્રહ્મ પદ-૭૫)	૫૨
૫૫	”	ઝીની ઝીની બિની ચદરિયાં (નાદબ્રહ્મ પદ-૭૬)	૫૩
૫૬	”	ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી (નાદબ્રહ્મ પદ-૭૭)	૫૪
૫૭	”	ઉઠ જાગ મુસાફિર! ભોર ભઈ (નાદબ્રહ્મ પદ-૮૦)	૫૫
૫૮	”	એક જ દે ચિનગારી મહાનલ ! (નાદબ્રહ્મ પદ-૮૧)	૫૬
૫૯	”	પાયો જી મૈંને રામ રતન ધન પાયો (નાદબ્રહ્મ પદ-૮૨)	૫૬
૬૦	”	મ્હાંને ચાકર રાખોજી (નાદબ્રહ્મ પદ-૮૭)	૫૭
૬૧	”	જૂનું તો થયું રે દેવળ (નાદબ્રહ્મ પદ-૮૮)	૫૮
૬૨	”	બોલ મા, બોલ મા, બોલ મા રે (નાદબ્રહ્મ પદ-૮૯)	૫૯
૬૩	”	નહિ રે વિસારું હરિ (નાદબ્રહ્મ પદ-૯૧)	૫૯
૬૪	”	મુખડાની માયા લાગી રે (નાદબ્રહ્મ પદ-૯૨)	૬૦
૬૫	”	સંત પરમ હિતકારી	૬૧
૬૬	”	મંગલ મંદિર ખોલો દયામય (નાદબ્રહ્મ પદ-૯૫)	૬૧
૬૭	”	આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો	૬૨
૬૮	”	રઘુવર ! તુમકો મેરી લાજ (નાદબ્રહ્મ પદ-૯૭)	૬૩
૬૯	”	તૂ તો રામ સુમર જગ લડવા દે	૬૩
૭૦	”	પ્રેમળ જ્યોતિ તારો દાખવી (નાદબ્રહ્મ પદ-૧૦૦)	૬૪
૭૧	”	ધન્ય જેણે હરિગુણ ગાયા સંસારમાં (નાદબ્રહ્મ પદ-૧૦૪)	૬૬
૭૨	”	હરિ જેવો તેવો હું દાસ તમારો (નાદબ્રહ્મ પદ-૧૦૮)	૬૭
૭૩	”	જેને રામ રાખે રે (નાદબ્રહ્મ પદ-૧૧૦)	૬૮
૭૪	”	સદા રહો અલમસ્ત ભજનમેં (નાદબ્રહ્મ પદ-૧૧૪)	૬૯
૭૫	”	માયા-માયા કરતો મૂરખ (નાદબ્રહ્મ પદ-૧૧૮)	૭૦

૭૬	”	રામ સમર મન રામ સમર લે (નાદબ્રહ્મ પદ-૧૨૫)	૭૧
૭૭	”	જ્યાં લગી આત્મા અંગમાં છે (નાદબ્રહ્મ પદ-૧૨૮)	૭૨
૭૮	”	મૂરખો રળીરળી કમાણો રે (નાદબ્રહ્મ પદ-૧૨૯)	૭૩
૭૯	”	મૂરખો કાલની વાતો કરે રે (નાદબ્રહ્મ પદ-૧૩૨)	૭૪
૮૦	”	જીવ તેં હરિ ના સમર્યા ઘડી (નાદબ્રહ્મ પદ-૧૩૪)	૭૫
૮૧	”	રામ અમલ રંગ રાતે સાધુ (નાદબ્રહ્મ પદ-૧૩૬)	૭૬
૮૨	”	ઝુલત કુંજવિલાસી શ્યામરો (નાદબ્રહ્મ પદ-૧૩૭)	૭૭
૮૩	”	એ ઘરકી મોહે કોન બતાવે (નાદબ્રહ્મ પદ-૧૩૮)	૭૮
૮૪	”	એક ઘડી કે સુખ કારણ (નાદબ્રહ્મ પદ-૧૩૯)	૭૮
૮૫	”	મારો સાથીડો રીસાણો (નાદબ્રહ્મ પદ-૧૪૧)	૭૯
૮૬	કાનડો	હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ (નાદબ્રહ્મ પદ-૧૪૩)	૮૧
૮૭	”	રામનામ જબ લીયો મન તેં (નાદબ્રહ્મ પદ-૧૪૪)	૮૧
૮૮	”	જો કુલ ભક્ત ભાગ્યવાન હોઈ (નાદબ્રહ્મ પદ-૧૪૬)	૮૨
૮૯	”	કહાં કમી જાકો રામજી ધણી હો (નાદબ્રહ્મ પદ-૧૪૭)	૮૨
૯૦	”	હરિ ન ભજે બડો હત્યારો (નાદબ્રહ્મ પદ-૧૪૯)	૮૩
૯૧	”	શ્રી રામચંદ્ર પદ ભજને લાયક (નાદબ્રહ્મ પદ-૧૫૦)	૮૩
૯૨	”	હમ ચાકર રઘુવર નાથ કુંવર કો (નાદબ્રહ્મ પદ-૧૫૧)	૮૪
૯૩	”	તેરો જન કાહે કો ઘર ઘર જાચે (નાદબ્રહ્મ પદ-૧૫૩)	૮૪
૯૪	”	હરિ જનુની મૈં બાલક તેરો (નાદબ્રહ્મ પદ-૧૫૪)	૮૫
૯૫	કલ્યાણ	સંત સમાગમ કીજે રે ભાઇ (નાદબ્રહ્મ પદ-૧૫૬)	૮૭
૯૬	”	હરિ કો ભજન કર હો મન પ્યારે (નાદબ્રહ્મ પદ-૧૫૯)	૮૭
૯૭	”	તુમ કિર નાવ લઈ આવ રે (નાદબ્રહ્મ પદ-૧૬૦)	૮૮
૯૮	”	પગ ધોઉં નાવ પધારો (નાદબ્રહ્મ પદ-૧૬૧)	૮૮
૯૯	”	રામજી કો નામ નવનિત મેરે (નાદબ્રહ્મ પદ-૧૬૩)	૮૯
૧૦૦	”	ઐસે મન લઈ લો રામ રસના (નાદબ્રહ્મ પદ-૧૬૪)	૮૯
૧૦૧	”	ભૂલ્યો મન સમજાવે (નાદબ્રહ્મ પદ-૧૬૫)	૯૦
૧૦૨	”	નિર્ગુણ જરા લક્ષ આવે (નાદબ્રહ્મ પદ-૧૬૬)	૯૧
૧૦૩	”	નીરખ પરખ ગુરૂ કરના (નાદબ્રહ્મ પદ-૧૬૭)	૯૨
૧૦૪	”	શી ગતિ થાશે અમારી (નાદબ્રહ્મ પદ-૧૬૮)	૯૨
૧૦૫	”	ના ચઢીએ રઘુનંદન (નાદબ્રહ્મ પદ-૧૬૯)	૯૩
૧૦૬	”	જ્ઞાની કા ઘર ન્યારા (નાદબ્રહ્મ પદ-૧૭૦)	૯૩
૧૦૭	કાફી	સાધુ કી સંગત પાઇ રે (નાદબ્રહ્મ પદ-૧૭૮)	૯૪
૧૦૮	”	જે હરિ નામ સુનાવે રે (નાદબ્રહ્મ પદ-૧૭૯)	૯૫
૧૦૯	”	આનંદ મંગલ ગાઉં રે (નાદબ્રહ્મ પદ-૧૮૦)	૯૫
૧૧૦	”	ક્યોં હરિનામ વિસારા (નાદબ્રહ્મ પદ-૧૮૧)	૯૬
૧૧૧	”	સાધુજનનો સંગ રે (નાદબ્રહ્મ પદ-૧૮૩)	૯૬
૧૧૨	”	પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે (નાદબ્રહ્મ પદ-૧૮૪)	૯૭
૧૧૩	”	સાધુજનનો સંગ રે (નાદબ્રહ્મ પદ-૧૮૬)	૯૭
૧૧૪	”	દર્દ ન જાણે મારૂં કોઇ રે (નાદબ્રહ્મ પદ-૧૮૮)	૯૮
૧૧૫	”	રંગી તેં તો જૂઠા રંગ બનાયા (નાદબ્રહ્મ પદ-૧૯૧)	૯૮

૧૧૬	”	કોણ કરે જંજાલ (નાદબ્રહ્મ પદ-૧૯૨)	૯૯
૧૧૭	”	ઊઠી ચાલ્યો અવધૂત (નાદબ્રહ્મ પદ-૧૯૩)	૯૯
૧૧૮	કાલેરો	વૈષ્ણવ જન તો તેને કહીએ (નાદબ્રહ્મ પદ-૧૯૬)	૧૦૧
૧૧૯	”	ભૂતળ ભક્તિ પદારથ મોટું (નાદબ્રહ્મ પદ-૧૯૭)	૧૦૨
૧૨૦	”	નારાયણનું નામ જ લેતાં (નાદબ્રહ્મ પદ-૧૯૮)	૧૦૩
૧૨૧	”	હરિની ભક્તિ વિના જે જન જીવે (નાદબ્રહ્મ પદ-૧૯૯)	૧૦૪
૧૨૨	”	આવો રે અલબેલા વ્હાલા (નાદબ્રહ્મ પદ-૨૦૦)	૧૦૪
૧૨૩	”	કહો સજની એને કેમ મુકું (નાદબ્રહ્મ પદ-૨૦૧)	૧૦૫
૧૨૪	”	મેહુલો રે ગાજે ને માધવ નાચે (નાદબ્રહ્મ પદ-૨૦૩)	૧૦૫
૧૨૫	”	આજ વૃન્દાવન આનંદ સાગર (નાદબ્રહ્મ પદ-૨૦૪)	૧૦૬
૧૨૬	”	સાંભળ રે શ્યામળિયા રે વ્હાલા (નાદબ્રહ્મ પદ-૨૦૫)	૧૦૭
૧૨૭	”	શા માટે શ્યામળિયા વ્હાલા (નાદબ્રહ્મ પદ-૨૦૬)	૧૦૮
૧૨૮	”	નુગરા જનનો સંગ ન કરીએ (નાદબ્રહ્મ પદ-૨૦૭)	૧૦૮
૧૨૯	”	પોતે પોતાનું ઘર જાણવું જોઇએ (નાદબ્રહ્મ પદ-૨૦૯)	૧૦૯
૧૩૦	”	હું તને પૂછું મારી વેરણ નિદ્રા (નાદબ્રહ્મ પદ-૨૧૦)	૧૦૯
૧૩૧	”	પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા (નાદબ્રહ્મ પદ-૨૧૧)	૧૧૦
૧૩૨	”	આજ સોનાનો સૂર્ય ઉગ્યો (નાદબ્રહ્મ પદ-૨૧૫)	૧૧૧
૧૩૩	મારૂ	શ્યામને કહેજો રે સંદેશો (નાદબ્રહ્મ પદ-૨૨૦)	૧૧૩
૧૩૪	”	આવ્યા રે આશ ભર્યા વ્હાલાજી અમો (નાદબ્રહ્મ પદ-૨૨૫)	૧૧૪
૧૩૫	”	રૂડું રે રમતાં વૃંદાવન (નાદબ્રહ્મ પદ-૨૨૬)	૧૧૪
૧૩૬	”	નહિ મળે ભગવાન (નાદબ્રહ્મ પદ-૨૨૭)	૧૧૫
૧૩૭	બિહાગ	ચલના રે મેરે ભાઇ (નાદબ્રહ્મ પદ-૨૩૫)	૧૧૬
૧૩૮	”	ઘર કર દરિયા માંહે (નાદબ્રહ્મ પદ-૨૩૬)	૧૧૬
૧૩૯	”	કૈસે કરૂં તોહે રાજી (નાદબ્રહ્મ પદ-૨૩૭)	૧૧૭
૧૪૦	”	આજ રહો મેરે પ્યારે (નાદબ્રહ્મ પદ-૨૩૮)	૧૧૮
૧૪૧	”	કહાં જો પઢાઈ મેરી માતા (નાદબ્રહ્મ પદ-૨૩૯)	૧૧૯
૧૪૨	”	તુમ ઘર જાઓ મેરે વીર (નાદબ્રહ્મ પદ-૨૪૦)	૧૧૯
૧૪૩	”	બાજત યમુના તીર (નાદબ્રહ્મ પદ-૨૪૧)	૧૨૦
૧૪૪	”	હરિ ને મનાવી ઘર લાવો (નાદબ્રહ્મ પદ-૨૪૨)	૧૨૦
૧૪૫	”	શ્યામળિયા સાથે રમીએ (નાદબ્રહ્મ પદ-૨૪૩)	૧૨૧
૧૪૬	સોરઠ	વ્યવહારના છો વારૂ (નાદબ્રહ્મ પદ-૨૪૬)	૧૨૩
૧૪૭	”	ગિરિધર પ્રીતમ પ્યારો (નાદબ્રહ્મ પદ-૨૪૭)	૧૨૪
૧૪૮	”	ખેલે રાત અંધારી (નાદબ્રહ્મ પદ-૨૪૮)	૧૨૫
૧૪૯	દેશી ફેર સોરઠ	નહિ આવ્યા રે નહિ આવ્યા (નાદબ્રહ્મ પદ-૨૫૩)	૧૨૬
૧૫૦	”	દેખી દેખી શ્રી રામજીકો રૂપ (નાદબ્રહ્મ પદ-૨૫૪)	૧૨૭
૧૫૧	”	મને કાનજી જોયાના કોડ (નાદબ્રહ્મ પદ-૨૫૯)	૧૨૮
૧૫૨	”	મારો પિયુ પરઘેર જાય (નાદબ્રહ્મ પદ-૨૬૦)	૧૨૯
૧૫૩	કેદારો	ધન ધન રે ગોકુલિયું ગામ (નાદબ્રહ્મ પદ-૨૬૫)	૧૩૦
૧૫૪	”	તમે કેમ આવ્યા વ્રજનાર (નાદબ્રહ્મ પદ-૨૬૭)	૧૩૧
૧૫૫	”	તમો આવો વૃંદાવન રે (નાદબ્રહ્મ પદ-૨૬૮)	૧૩૨
૧૫૬	”	તારી મોરલીએ મોહ્યાં (નાદબ્રહ્મ પદ-૨૬૯)	૧૩૩

૧૫૭	”	હરિએ માર્યા મોહના બાણ (નાદબ્રહ્મ પદ-૨૭૦)	૧૩૪
૧૫૮	”	આવે આવે રે નંદજીનો લાલ (નાદબ્રહ્મ પદ-૨૭૧)	૧૩૫
૧૫૯	”	હરિ તારા લટકા ઉપરીવારી (નાદબ્રહ્મ પદ-૨૭૨)	૧૩૬
૧૬૦	”	હું તો વારી ને બલિહારી (નાદબ્રહ્મ પદ-૨૭૩)	૧૩૭
૧૬૧	થાળનાં પદો	આરોગો નૃસિંહ મહાપ્રભુ (નાદબ્રહ્મ પદ-૨૭૪)	૧૩૮
૧૬૨	”	આરોગો રઘુવીર મહાપ્રભુ (નાદબ્રહ્મ પદ-૨૭૫)	૧૩૯
૧૬૩	”	વ્હાલો મારો લાકડે લાડવા કરે (નાદબ્રહ્મ પદ-૨૭૬)	૧૪૦
૧૬૪	”	જો રે બેની ગોવાલામેં ગોવિંદજી (નાદબ્રહ્મ પદ-૨૭૮)	૧૪૦
૧૬૫	ધનાશ્રી	કોઈ મેરે કામ નહિ આયો (નાદબ્રહ્મ પદ-૨૭૯)	૧૪૩
૧૬૬	”	કોન અપનો સંસારા (નાદબ્રહ્મ પદ-૨૮૦)	૧૪૪
૧૬૭	”	હરિ તારા બાનાની પત રાખ (નાદબ્રહ્મ પદ-૨૮૩)	૧૪૫
૧૬૮	”	વૃંદાવનમાં રમત માંડી (નાદબ્રહ્મ પદ-૨૮૪)	૧૪૬
૧૬૯	સામેરી	મેલી નવ જાશો રે (નાદબ્રહ્મ પદ-૨૮૭)	૧૪૮
૧૭૦	”	જુવાનીને દહાડે રે (નાદબ્રહ્મ પદ-૨૯૦)	૧૪૯
૧૭૧	”	ગોકુળિયું ગામ રે (નાદબ્રહ્મ પદ-૨૯૧)	૧૫૦
૧૭૨	”	હરિનામ લેતાં રે (નાદબ્રહ્મ પદ-૨૯૩)	૧૫૧
૧૭૩	”	રૂડી ને રસાળી રે (નાદબ્રહ્મ પદ-૨૯૬)	૧૫૨
૧૭૪	”	અવગુણ કહોની રે (નાદબ્રહ્મ પદ-૨૯૫)	૧૫૩
૧૭૫	”	દ્વારિકાના વાસી રે (નાદબ્રહ્મ પદ-૨૯૮)	૧૫૪
૧૭૬	પંચમ	રાતલડી રમીને રે (નાદબ્રહ્મ પદ-૩૦૦)	૧૫૬
૧૭૭	”	ભજન ભરોસો રે (નાદબ્રહ્મ પદ-૩૦૨)	૧૫૭
૧૭૮	”	મનષા દેહનું ટાણું રે (નાદબ્રહ્મ પદ-૩૦૫)	૧૫૮
૧૭૯	”	ઓળખી ને લેજો રે (નાદબ્રહ્મ પદ-૩૦૭)	૧૫૯
૧૮૦	ચરચરી	ઘડી રે ઉપર ઘડીયારા વાગે (નાદબ્રહ્મ પદ-૩૧૭)	૧૬૦
૧૮૧	”	જોબનિયાને જોરે તું તો (નાદબ્રહ્મ પદ-૩૧૮)	૧૬૨
૧૮૨	હાલેરું	સંસાર રૂપી પારણું (નાદબ્રહ્મ પદ-૩૨૨)	૧૬૩
૧૮૩	”	જ્ઞાન સ્વરૂપ તું આત્મા રે (નાદબ્રહ્મ પદ-૩૨૩)	૧૬૬
૧૮૪	પ્રભાત	જાગિયે રઘુનાથકુંવર ! (નાદબ્રહ્મ પદ-૩૨૪)	૧૭૦
૧૮૫	”	એક ઘડી દિન ઉગ્યા પહેલાં (નાદબ્રહ્મ પદ-૩૨૫)	૧૭૧
૧૮૬	”	પ્રાતઃસમે કૌશલ્યા રાની (નાદબ્રહ્મ પદ-૩૨૭)	૧૭૨
૧૮૭	કાલેરાનું તાન	જશોદા ! તારા કાનુડાને (નાદબ્રહ્મ પદ-૩૩૦)	૧૭૩
૧૮૮	પ્રભાત	ભોળી રે ભરવાડણ હરિને (નાદબ્રહ્મ પદ-૩૪૦)	૧૭૪
૧૮૯	”	જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા (નાદબ્રહ્મ પદ-૩૪૨)	૧૭૫
૧૯૦	”	રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી (નાદબ્રહ્મ પદ-૩૪૩)	૧૭૬
૧૯૧		જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહિ (નાદબ્રહ્મ પદ-૩૫૧)	૧૭૭
૧૯૨	”	રામ સભામાં અમે રમવાને ગ્યા'તા (નાદબ્રહ્મ પદ-૩૫૪)	૧૭૮
૧૯૩	રામકલી	નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો (નાદબ્રહ્મ પદ-૩૫૫)	૧૭૯
૧૯૪	પ્રભાત	અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ (નાદબ્રહ્મ પદ-૩૫૬)	૧૮૦
૧૯૫	”	ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસી (નાદબ્રહ્મ પદ-૩૬૧)	૧૮૧
૧૯૬	દેવગંધાર પ્રભાત	ક્યાં રમ્યા રજની રસીઆ (નાદબ્રહ્મ પદ-૩૭૨)	૧૮૨
૧૯૭	”	મોગરીએ છાયો મંડપડો (નાદબ્રહ્મ પદ-૩૭૩)	૧૮૨

૧૯૮	”	શાને હીંડો ભમતા ભૂધરજી (નાદબ્રહ્મ પદ-૩૭૪)	૧૮૩
૧૯૯	”	ઘેલી કીધી રઘુનાથે બાઇ મને (નાદબ્રહ્મ પદ-૩૭૫)	૧૮૩
૨૦૦	”	સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ (નાદબ્રહ્મ પદ-૩૭૬)	૧૮૪
૨૦૧	”	ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર (નાદબ્રહ્મ પદ-૩૭૭)	૧૮૫
૨૦૨	”	જમુનામેં જઈ પડ્યો કનૈયો મારો (નાદબ્રહ્મ પદ-૩૭૮)	૧૮૫
૨૦૩	પ્રભાત આરતી	આરતી ગોપાલ રાયકી કરો હો (નાદબ્રહ્મ પદ-૩૮૧)	૧૮૬
૨૦૪	પ્રભાત	શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે (નાદબ્રહ્મ પદ-૩૮૨)	૧૮૭
૨૦૫	બિલાવલ	તુમ જો દયાલ મોંસે બહુત કરી રે (નાદબ્રહ્મ પદ-૩૮૩)	૧૮૮
૨૦૬	”	રામ કહો પિંજર કે સુવા (નાદબ્રહ્મ પદ-૩૮૪)	૧૮૮
૨૦૭	”	તુમ મેરી પ્રભુતા બહુત કરી રે (નાદબ્રહ્મ પદ-૩૮૫)	૧૮૯
૨૦૮	”	જબ તેં મન પ્રતીત ભયી (નાદબ્રહ્મ પદ-૩૯૫)	૧૮૯
૨૦૯	નાની આશાવરી	જેને બ્હાનુ શામળિયાનું (નાદબ્રહ્મ પદ-૪૦૦)	૧૯૦
૨૧૦	મોટી આશાવરી	કબીર હરિરંગ લાગા હો (નાદબ્રહ્મ પદ-૪૦૬)	૧૯૧
૨૧૧	”	રામ રાય મનકી આશા પાઉં (નાદબ્રહ્મ પદ-૪૦૭)	૧૯૨
૨૧૨	”	રામ રાય આદિ ચાકર તેરા (નાદબ્રહ્મ પદ-૪૦૮)	૧૯૩
૨૧૩	”	રાજા રામ જપો મેરે ભાઈ (નાદબ્રહ્મ પદ-૪૦૯)	૧૯૪
૨૧૪	”	જંત્રી જંત્ર અનુપમ બાજે (નાદબ્રહ્મ પદ-૪૧૧)	૧૯૪
૨૧૫	”	દેહડી થશે મિટ્ટી (નાદબ્રહ્મ પદ-૪૧૯)	૧૯૫
૨૧૬	સારંગ	રામકો નિત્ય કીજે સુમરણ (નાદબ્રહ્મ પદ-૪૨૦)	૧૯૬
૨૧૭	”	રામ ભજન વિસરી હો ગયા (નાદબ્રહ્મ પદ-૪૨૧)	૧૯૬
૨૧૮	”	કાહે કો દેહ ધરી ભજન વિના (નાદબ્રહ્મ પદ-૪૨૨)	૧૯૭
૨૧૯	”	કાહે ન ભજે રે ગોપાલ મન તું (નાદબ્રહ્મ પદ-૪૨૪)	૧૯૭
૨૨૦	”	મંદિર દેખ ડરે સુદામાજી (નાદબ્રહ્મ પદ-૪૨૬)	૧૯૮
૨૨૧	”	ગોવિંદ નામ ધર્યો કીન તેરો (નાદબ્રહ્મ પદ-૪૨૮)	૧૯૯
૨૨૨	”	ઐસે હી જો જીવો જીવન (નાદબ્રહ્મ પદ-૪૩૧)	૨૦૦
૨૨૩	”	ના કછું રામ વિના રે (નાદબ્રહ્મ પદ-૪૩૨)	૨૦૦
૨૨૪	”	નામકા વેપારી અમો હરિ (નાદબ્રહ્મ પદ-૪૩૩)	૨૦૧
૨૨૫	”	ચલત પ્રાણ ક્યોં રોઈ રે કાયા (નાદબ્રહ્મ પદ-૪૩૬)	૨૦૨
૨૨૬	”	સંત શું અંતર નાહિ નારદ મેરે (નાદબ્રહ્મ પદ-૪૩૭)	૨૦૩
૨૨૭	”	ઘેલા કેવું તે વાશે વ્હાણું (નાદબ્રહ્મ પદ-૪૩૮)	૨૦૪

વસંત અને હોળીનાં પદો

૨૨૮	નિર્ગુણ વસંત	મેરે સતગુરૂએ બક્ષ્યા રામનામ (નાદબ્રહ્મ પદ-૪૪૩)	૨૦૫
૨૨૯	”	નહિ છાંડુ બાવા શ્રી રામનામ (નાદબ્રહ્મ પદ-૪૪૪)	૨૦૬
૨૩૦	”	હરિનામ તત્વ ત્રિલોક સાર (નાદબ્રહ્મ પદ-૪૪૫)	૨૦૭
૨૩૧	”	હરિ બોલ શું વારંવાર (નાદબ્રહ્મ પદ-૪૪૬)	૨૦૭
૨૩૨	”	ચલ ચલ રે ભમરા કમલ પાસ (નાદબ્રહ્મ પદ-૪૪૭)	૨૦૮
૨૩૩	”	માધુ મોહ મૃગ માર્યો ન જાય (નાદબ્રહ્મ પદ-૪૪૮)	૨૦૯
૨૩૪	”	માધુ દારૂણ દુઃખ સહ્યો ન જાય (નાદબ્રહ્મ પદ-૪૪૯)	૨૦૯
૨૩૫	”	વંદુ રઘુપતિ કરૂણાનિધાન (નાદબ્રહ્મ પદ-૪૫૦)	૨૧૦
૨૩૬	”	મનુષ્ય તન પાયો બડો હૈ ભાગ (નાદબ્રહ્મ પદ-૪૫૧)	૨૧૧

૨૩૭	”	જહાં બારે માસ વસંત હોઈ (નાદબ્રહ્મ પદ-૪૫૨)	૨૧૧
૨૩૮	”	ઐસે સ્હેજશુનમેં નિત્ય વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૩)	૨૧૨
૨૩૯	”	બનવારિ જાણે બનકી આદ (નાદબ્રહ્મ પદ-૪૫૪)	૨૧૨
૨૪૦	”	સુખ સાગર જીવ કરો સ્નાન (નાદબ્રહ્મ પદ-૪૫૫)	૨૧૩
૨૪૧	”	કહાં જઇએ રે ગૃહે લાગો રંગ (નાદબ્રહ્મ પદ-૪૫૬)	૨૧૪
૨૪૨	”	જહાં સતગુરૂ ખેલે ઋતુ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૭)	૨૧૫
૨૪૩	”	સત સકૃત ખેલે ઋતુ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૮)	૨૧૬
૨૪૪	”	બુઢ્ઢિયા હસી બોલે વારંવાર (નાદબ્રહ્મ પદ-૪૫૯)	૨૧૬
૨૪૫	”	ભજ ભજ રે જીવડા સુકૃત સોઈ (નાદબ્રહ્મ પદ-૪૬૦)	૨૧૭
૨૪૬	”	બાવા ગૃહમેં બઢી હૈ રાઢ (નાદબ્રહ્મ પદ-૪૬૧)	૨૧૮
૨૪૭	”	હરિ ભક્ત વત્સલ ખેલે વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૨)	૨૧૯
૨૪૮	”	હરિ પતિત ઉદ્ધારે સો હી સંભાળ (નાદબ્રહ્મ પદ-૪૬૩)	૨૨૦
૨૪૯	”	હરિ ભક્તિ કરત ઉદ્ધરે અનેક (નાદબ્રહ્મ પદ-૪૬૪)	૨૨૦
૨૫૦	”	મેરી સુરતિ સુહાગન ખેલે ફાગ (નાદબ્રહ્મ પદ-૪૬૫)	૨૨૧
૨૫૧	”	સખી આજ અનુપમ બન્યો વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૬)	૨૨૨
૨૫૨	”	રસ હોરી ખેલે શ્રી જનરાય (નાદબ્રહ્મ પદ-૪૬૭)	૨૨૩
૨૫૩	”	રસ હોરી ખેલે શ્રી રામચંદ્ર (નાદબ્રહ્મ પદ-૪૬૮)	૨૨૪
૨૫૪	”	ભણો ભણો વિદ્યા શ્રી રામની (નાદબ્રહ્મ પદ-૪૬૯	૨૨૫
૨૫૫	”	એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી (નાદબ્રહ્મ પદ-૪૭૦)	૨૨૬
૨૫૬	”	કોઈ હૈ રે હમારા ગાંવકા (નાદબ્રહ્મ પદ-૪૭૧)	૨૨૭
૨૫૭	”	મેરે હૃદયે લાગ્યો ગુરૂ શબ્દબાણ (નાદબ્રહ્મ પદ-૪૭૨)	૨૨૮
૨૫૮	”	ભૈયા ઐસો નગર મેં છોડુ નહિ (નાદબ્રહ્મ પદ-૪૭૩)	૨૨૯
૨૫૯	”	કોઈ સંત વિવેકી મન હીં જાન (નાદબ્રહ્મ પદ-૪૭૪)	૨૩૦
૨૬૦	”	ભ્રમિત નર ખોજે ડાર ડાર (નાદબ્રહ્મ પદ-૪૭૫)	૨૩૧
૨૬૧	”	મન ભ્રમર રે રત વસંત જાય (નાદબ્રહ્મ પદ-૪૭૬)	૨૩૨
૨૬૨	”	મધુકર માધવ શું કહ્યો જાય (નાદબ્રહ્મ પદ-૪૭૭)	૨૩૨
૨૬૩	”	આવ્યો માસ વસંત વધામણાં (નાદબ્રહ્મ પદ-૪૭૮)	૨૩૩
૨૬૪	સગુણ વસંત	અઘટ વસંત ઘટત નહિ કબહું (નાદબ્રહ્મ પદ-૪૭૯)	૨૩૪
૨૬૫	”	મુદ ભયો કરૂણાનંદ મિલા (નાદબ્રહ્મ પદ-૪૮૦)	૨૩૫
૨૬૬	”	પ્રેમ જાગ્યો પરમાત્મા પર્યે (નાદબ્રહ્મ પદ-૪૮૧)	૨૩૫
૨૬૭	”	રામનામ પ્રહ્લાદ ઉચ્ચારે (નાદબ્રહ્મ પદ-૪૮૨)	૨૩૬
૨૬૮	”	રામનામ પ્રહ્લાદ પુકારે (નાદબ્રહ્મ પદ-૪૮૩)	૨૩૭
૨૬૯	”	આરત રૂડી રૂડી મારા વ્હાલા (નાદબ્રહ્મ પદ-૪૮૪)	૨૩૮
૨૭૦	”	આવો મારા વ્હાલા અતિ રઢિયાળા (નાદબ્રહ્મ પદ-૪૮૫)	૨૩૯
૨૭૧	”	રાતી મોડ ધરો મારા વ્હાલા (નાદબ્રહ્મ પદ-૪૮૬)	૨૩૯
૨૭૨	”	ગુલાલે ભર્યા રે ગોવિંદજી (નાદબ્રહ્મ પદ-૪૮૭)	૨૪૦
૨૭૩	”	ગુલાલે વધાવે રે ગોપી (નાદબ્રહ્મ પદ-૪૮૮)	૨૪૦
૨૭૪	”	ચાલો મારી સૈયર રે (નાદબ્રહ્મ પદ-૪૮૯)	૨૪૧
૨૭૫	”	કહો કેમ વસીએ રે મારા વ્હાલા (નાદબ્રહ્મ પદ-૪૯૦)	૨૪૨
૨૭૬	”	વસંત વધાવવા ચાલો અવધધામ (નાદબ્રહ્મ પદ-૪૯૧)	૨૪૩
૨૭૭	”	પ્રથમ સમાજ આજ વૃન્દાવન (નાદબ્રહ્મ પદ-૪૯૨)	૨૪૪

૨૭૮	”	પ્રથમ વસંત પંચમી શુભદિન (નાદબ્રહ્મ પદ-૪૯૩)	૨૪૫
૨૭૯	”	પ્રથમ દિવસ વ્રજ વસંત પંચમી (નાદબ્રહ્મ પદ-૪૯૪)	૨૪૬
૨૮૦	”	નવલ વસંત નવલ અયોધ્યા (નાદબ્રહ્મ પદ-૪૯૫)	૨૪૭
૨૮૧	”	બ્રહ્મરસ અજર ન જરે મારા વ્હાલા (નાદબ્રહ્મ પદ-૪૯૬)	૨૪૮
૨૮૨	ધનાશ્રી	મન ખેલો વિમલ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૭)	૨૫૦
૨૮૩	”	હમ ઘર સંત સુજાણ (નાદબ્રહ્મ પદ-૪૯૮)	૨૫૧
૨૮૪	”	મન કરી સુમરણ કો રંગ (નાદબ્રહ્મ પદ-૪૯૯)	૨૫૨
૨૮૫	”	હરિ આયેંગી તેરે આજ (નાદબ્રહ્મ પદ-૫૦૦)	૨૫૨
૨૮૬	”	ઐસે નિત હી ખેલત ફાગ (નાદબ્રહ્મ પદ-૫૦૧)	૨૫૩
૨૮૭	”	હરિ ભજ મારગ ચાલ (નાદબ્રહ્મ પદ-૫૦૨)	૨૫૪
૨૮૮	ધમાર	અવિનાશી દુલ્હા કબ મિલે હો (નાદબ્રહ્મ પદ-૫૦૩)	૨૫૬
૨૮૯	”	રામૈયો મેરો સાહબ હો (નાદબ્રહ્મ પદ-૫૦૪)	૨૫૭
૨૯૦	”	તુમ ખેલો દિનદશ સાજન હો (નાદબ્રહ્મ પદ-૫૦૫)	૨૫૮
૨૯૧	”	નિત મંગલ હોરી ખેલિયે હો (નાદબ્રહ્મ પદ-૫૦૬)	૨૫૯
૨૯૨	”	ઐસે મન સંગ હોરી ખેલીએ હો (નાદબ્રહ્મ પદ-૫૦૭)	૨૬૦
૨૯૩	”	હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો (નાદબ્રહ્મ પદ-૫૦૮)	૨૬૧
૨૯૪	”	ઐસે હરિ સંગ હોરી ખેલીએ હો (નાદબ્રહ્મ પદ-૫૦૯)	૨૬૨
૨૯૫	”	રઘુનાથ પધારે જાનીયે હો (નાદબ્રહ્મ પદ-૫૧૦)	૨૬૩
૨૯૬	”	વસંત આયો સાજન હો (નાદબ્રહ્મ પદ-૫૧૧)	૨૬૬
૨૯૭	”	હરિ સંગ હોરી ખેલીએ હો (નાદબ્રહ્મ પદ-૫૧૨)	૨૬૭
૨૯૮	”	દશરથનંદન વર વરું હો (નાદબ્રહ્મ પદ-૫૧૩)	૨૬૮
૨૯૯	”	બ્રહ્માનંદ સરોવર ઝીલીયે હો (નાદબ્રહ્મ પદ-૫૧૪)	૨૬૯
૩૦૦	”	નવરંગી દુલ્હો ગાયે હો (નાદબ્રહ્મ પદ-૫૧૫)	૨૭૦
૩૦૧	”	રઘુવીર જાનકી ઝુલત હો (નાદબ્રહ્મ પદ-૫૧૬)	૨૭૧
૩૦૨	”	ખેલત માયા મોહની હો (નાદબ્રહ્મ પદ-૫૧૭)	૨૭૨
૩૦૩	”	કોઈ રામ રંગીલો રંગે હો (નાદબ્રહ્મ પદ-૫૧૮)	૨૭૪
૩૦૪	”	માયા તે કાલી નાગણી હો (નાદબ્રહ્મ પદ-૫૧૯)	૨૭૫
૩૦૫	”	વસંત વિવાહ આદર્યો હો (નાદબ્રહ્મ પદ-૫૨૦)	૨૭૬
૩૦૬	સારંગની ધમાર	રઘુજી ખેલત હોરી (નાદબ્રહ્મ પદ-૫૨૧)	૨૭૭
૩૦૭	રંગ રસિયાનું પદ	રંગ રસિયો હોરી ખેલવા રે (નાદબ્રહ્મ પદ-૫૨૨)	૨૮૧
૩૦૮	રાયસોનાં પદો	રઘુવર રાજકુમાર લાલ રંગ ભીને હો (નાદબ્રહ્મ પદ-૫૨૩)	૨૮૮
૩૦૯	”	મનરાજા ખેલન ચલે રંગ હો હોરી (નાદબ્રહ્મ પદ-૫૨૪)	૨૮૯
૩૧૦	ગરબી	દિન દશ હોરી ખેલી લો નહીં આવે (નાદબ્રહ્મ પદ-૫૨૫)	૨૯૦
૩૧૧	”	ગોરસ વેચે ગોવાલણી ચિત ચતુરા (નાદબ્રહ્મ પદ-૫૨૬)	૨૯૨
૩૧૨	”	નંદકુંવર કેડે પડ્યો કેમ ભરીએ (નાદબ્રહ્મ પદ-૫૨૭)	૨૯૪
૩૧૩	”	ગોકુળ ગામને ગોંદ રે મદ માતો (નાદબ્રહ્મ પદ-૫૨૯)	૨૯૬
૩૧૪	”	રંગ જડ્યો રે રંગ જડ્યો (નાદબ્રહ્મ પદ-૫૨૮)	૨૯૮
૩૧૫	”	લોક રસિયા રે લોક રસિયા (નાદબ્રહ્મ પદ-૫૩૦)	૨૯૮
૩૧૬	”	મત મારો રે મત મારો (નાદબ્રહ્મ પદ-૫૩૧)	૨૯૯
૩૧૭	”	કેમ વસીએ રે કેમ વસીએ (નાદબ્રહ્મ પદ-૫૩૨)	૨૯૯
૩૧૮	”	બરખાને ઘેર ખેલે હોરી (નાદબ્રહ્મ પદ-૫૩૩)	૩૦૦

રામનવમીનાં પદો

૩૧૯	કાલેરો	નોમી કે દિન નોબત બાજે (નાદબ્રહ્મ પદ-૫૩૪)	૩૦૨
૩૨૦	”	ચૈત્ર માસ નોમી અજવાળી (નાદબ્રહ્મ પદ-૫૩૫)	૩૦૪
૩૨૧	”	ચલો દેખો સૌ વાજત વધાઈ (નાદબ્રહ્મ પદ-૫૩૬)	૩૦૫
૩૨૨	”	બડો ભાગ્ય કૌશલ્યા રાની (નાદબ્રહ્મ પદ-૫૩૭)	૩૦૬
૩૨૩	”	આજ ચલો દશરથ ઘર જઈએ (નાદબ્રહ્મ પદ-૫૩૮)	૩૦૭
૩૨૪	સારંગ	પ્રગટ ભયે શ્રી રામ અયોધ્યા (નાદબ્રહ્મ પદ-૫૩૯)	૩૦૮
૩૨૫	”	દશરથ ઘેર ભયો કુલદીપક (નાદબ્રહ્મ પદ-૫૪૦)	૩૦૮
૩૨૬	”	પ્રગટે હૈ રઘુરાય આજ (નાદબ્રહ્મ પદ-૫૪૧)	૩૦૯
૩૨૭	”	અયોધ્યા રામ લિયો અવતાર (નાદબ્રહ્મ પદ-૫૪૨)	૩૧૦
૩૨૮	ધમાર	સાહેલી આજ મંગલ હો (નાદબ્રહ્મ પદ-૫૪૩)	૩૧૨
૩૨૯	”	રઘુનંદન ઝુલે પારણે હો (નાદબ્રહ્મ પદ-૫૪૪)	૩૧૩

જન્માષ્ટમીનાં પદો

૩૩૦	ગોડી	વ્રજ કે આંગન રચ્યો (નાદબ્રહ્મ પદ-૫૬૪)	૩૧૪
૩૩૧	”	ઝુલત હૈ ગિરધારી હિંડોલે (નાદબ્રહ્મ પદ-૫૬૫)	૩૧૫
૩૩૨	”	ઝુલત હૈ વનમાલી હિંડોળે (નાદબ્રહ્મ પદ-૫૬૬)	૩૧૫
૩૩૩	”	ઝુલત હૈ ભામિની હિંડોળે (નાદબ્રહ્મ પદ-૫૬૭)	૩૧૬
૩૩૪	”	બેઉ સરખે સરખી જોડ રે (નાદબ્રહ્મ પદ-૫૬૮)	૩૧૬
૩૩૫	મલાર	ભક્તિ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૬૯)	૩૧૭
૩૩૬	”	ભર્મ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૭૦)	૩૧૮
૩૩૭	”	ચર્મ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૭૧)	૩૧૯
૩૩૮	”	સંત હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૭૨)	૩૨૦
૩૩૯	હિંડોળાની સામેરી	હનિહાંરે સુભગ સાવન આયો (નાદબ્રહ્મ પદ-૫૭૩)	૩૨૨
૩૪૦	”	હનિહાંરે સાવન સુદ ત્રીજ અજવાળી (નાદબ્રહ્મ પદ-૫૭૪)	૩૨૩
૩૪૧	”	હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાયે (નાદબ્રહ્મ પદ-૫૭૫)	૩૨૪
૩૪૨	”	હનિહાંરે કુંજભુવન રચ્યો હિંડોળો (નાદબ્રહ્મ પદ-૫૭૬)	૩૨૫
૩૪૩	”	હનિહાંરે ગોપી ઝુલાવન આયી (નાદબ્રહ્મ પદ-૫૭૭)	૩૨૬
૩૪૪	”	હનિહાંરે રઘુવર જનક કુમારી (નાદબ્રહ્મ પદ-૫૭૮)	૩૨૭
૩૪૫	ઋષિકેશ સામેરી	હેમ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૭૯)	૩૨૮
૩૪૬	”	સજલ ઘનઘોર હી (નાદબ્રહ્મ પદ-૫૮૦)	૩૨૯
૩૪૭	”	કમલ નયન કી (નાદબ્રહ્મ પદ-૫૮૧)	૩૩૦
૩૪૮	”	ઝૂલત જોરી રે (નાદબ્રહ્મ પદ-૫૮૨)	૩૩૧
૩૪૯	”	રઘુકુલ વંશી રે (નાદબ્રહ્મ પદ-૫૮૩)	૩૩૨
૩૫૦	”	રંગ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૮૪)	૩૩૩
૩૫૧	”	ઝુલત શ્યામ રે (નાદબ્રહ્મ પદ-૫૮૫)	૩૩૪
૩૫૨	મલાર છપ્પે	સોરંગ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૮૬)	૩૩૫
૩૫૩	”	સરસ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૮૭)	૩૩૬
૩૫૪	”	જગત હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૮૮)	૩૩૭
૩૫૫	”	સોરંગ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૮૯)	૩૩૮
૩૫૬	”	સરસ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૯૦)	૩૪૦

૩૫૭	”	બિમલ હિંડોળેના રે (નાદબ્રહ્મ પદ-૫૯૧)	૩૪૨
૩૫૮	કાનડો	ઝુલન કે દિન આયે હિંડોળે (નાદબ્રહ્મ પદ-૫૯૨)	૩૪૩
૩૫૯	”	ભક્તિ હિંડોળે સંત જન ઝુલે (નાદબ્રહ્મ પદ-૫૯૩)	૩૪૪
૩૬૦	”	ભક્તિ હિંડોળો પરમ સુખકારી (નાદબ્રહ્મ પદ-૫૯૪)	૩૪૫
૩૬૧	”	ઝુલન હિંડોળે ઝુલત રઘુરાય (નાદબ્રહ્મ પદ-૫૯૫)	૩૪૬
૩૬૨	”	સુરંગ હિંડોળો સરસ બનાયો (નાદબ્રહ્મ પદ-૫૯૬)	૩૪૭
૩૬૩	”	હિંડોળો ફુલનકો ફુલનકી દોરી (નાદબ્રહ્મ પદ-૫૯૭)	૩૪૮
૩૬૪	હિંડોળાની કાફી	ઝુલે નવલબિહારી પ્યારો લાલ ઝુલાવન આઈ (નાદબ્રહ્મ પદ-૫૯૮)	૩૪૯
૩૬૫	કાફી	ઝુલત હૈ પિયુ પ્યારી હિંડોળે (નાદબ્રહ્મ પદ-૫૯૯)	૩૫૦
૩૬૬	”	ઝુલત હૈ નંદલાલ હિંડોળે (નાદબ્રહ્મ પદ-૬૦૦)	૩૫૧
૩૬૭	”	પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું (નાદબ્રહ્મ પદ-૬૦૧)	૩૫૨
૩૬૮	હિંડોળાનો કાલેરો	હિંડોળો નવરંગ્યો રે સજની (નાદબ્રહ્મ પદ-૬૦૨)	૩૫૩
૩૬૯	”	પરમ ચતુર ઝુલે નાથ અમારો (નાદબ્રહ્મ પદ-૬૦૩)	૩૫૪
૩૭૦	”	હિંડોળે હીંચે રે સજની (નાદબ્રહ્મ પદ-૬૦૪)	૩૫૫
૩૭૧	”	જુગજીવન જશોદાના કુંવર (નાદબ્રહ્મ પદ-૬૦૫)	૩૫૬
૩૭૨	”	લડસડતી ને લાડકડી ગોપી (નાદબ્રહ્મ પદ-૬૦૬)	૩૫૬
૩૭૩	”	આજ હરિ હિંડોળે બેઠા (નાદબ્રહ્મ પદ-૬૦૭)	૩૫૭
૩૭૪	”	હિંડોળે ઝુલે નંદ નંદન (નાદબ્રહ્મ પદ-૬૦૮)	૩૫૮
૩૭૫	”	આજે રે સખી અદ્‌ભુત શોભા (નાદબ્રહ્મ પદ-૬૦૯)	૩૫૯
૩૭૬	હિંડોળાનું મારૂ	ઝુલત નવલબિહારી હિંડોળે (નાદબ્રહ્મ પદ-૬૧૦)	૩૫૯
૩૭૭	”	ઝુલત નવલગિરધારી હિંડોળે (નાદબ્રહ્મ પદ-૬૧૧)	૩૬૦
૩૭૮	”	ઝુલાવન આયી ગોપી (નાદબ્રહ્મ પદ-૬૧૨)	૩૬૦
૩૭૯	સજની	સજની જઈએ રે જમુના (નાદબ્રહ્મ પદ-૬૧૩)	૩૬૧
૩૮૦	”	સજની જુઓ નાથ નિહાળી રે (નાદબ્રહ્મ પદ-૬૧૪)	૩૬૨
૩૮૧	”	સજની આ શોભા રૂડી રે (નાદબ્રહ્મ પદ-૬૧૫)	૩૬૩
૩૮૨	”	સજની ઝરમર ઝરમર વર્ષે રે (નાદબ્રહ્મ પદ-૬૧૬)	૩૬૪
૩૮૩	”	સજની વાંસલડી વાયે વ્હાલો રે (નાદબ્રહ્મ પદ-૬૧૭)	૩૬૫
૩૮૪	મેવાડો	આજનો હિંડોળો રે અતિ રળિયામણો (નાદબ્રહ્મ પદ-૬૧૮)	૩૬૬
૩૮૫	કાનડો	બેઉ રસિયે રસિયા ઝુલે છે (નાદબ્રહ્મ પદ-૬૧૯)	૩૬૬
૩૮૬	બિહાગ ફેર	દેખ હો વસુદેવ હરિમુખ (નાદબ્રહ્મ પદ-૬૨૦)	૩૬૭
૩૮૭	ધોળ	આજ સખી અષ્ટમી	૩૬૯
૩૮૮	”	જમુના જળમાં કેસર ઘોળી	૩૭૦
૩૮૯		નંદ ઘેર આનંદ થાય (નાદબ્રહ્મ પદ-૮૭૦, પૃષ્ઠ-૫૯૧)	૩૭૧
-		નંદ ઘેર આનંદ ભયો	૩૭૨
૩૯૦	બિહાગ ફેર	મધ્યરાત્રિ રાત્રે પ્રગટે મોરાર (નાદબ્રહ્મ પદ-૬૨૧)	૩૭૩
૩૯૧	”	નીરખી નયન અઘાયે હરિમુખ (નાદબ્રહ્મ પદ-૬૨૨)	૩૭૪
૩૯૨	મેવાડો	સોનલા કેરૂં રે સુંદર પારણું (નાદબ્રહ્મ પદ-૬૨૩)	૩૭૬
૩૯૩	માલવ ગોડો	આનંદ વાધ્યો અતિઘણો (નાદબ્રહ્મ પદ-૬૨૪)	૩૭૭
૩૯૪	”	જશોદાજીને આંગણિયે કાંઈ (નાદબ્રહ્મ પદ-૬૨૫)	૩૭૭
૩૯૫	”	આજ આનંદ નંદતણે ઘેર (નાદબ્રહ્મ પદ-૬૨૬)	૩૭૮
૩૯૬	”	આજનો દિવસ અતિ સોભાગી (નાદબ્રહ્મ પદ-૬૨૭)	૩૭૯

૩૯૭	સામેરી રાસ	શિવ વિરંચિ સબ સુખ ભર્યો (નાદબ્રહ્મ પદ-૬૨૮)	૩૮૦
૩૯૮	”	જાકી ગત બ્રહ્મા ના લિખે (નાદબ્રહ્મ પદ-૬૨૯)	૩૮૨
૩૯૯	”	કૃષ્ણ જનમ જશ જે સુને (નાદબ્રહ્મ પદ-૬૩૦)	૩૮૪
૪૦૦	હિંડોળાની સામેરી	હનિ હાં રે કૃષ્ણજનમ જબ આયો (નાદબ્રહ્મ પદ-૬૩૧)	૩૮૬
૪૦૧	”	હનિ હાં રે દેવકી જાયો કુમાર (નાદબ્રહ્મ પદ-૬૩૨)	૩૮૭
૪૦૨	”	હનિ હાં રે દેવકી કહે હરિમુખ દેખો (નાદબ્રહ્મ પદ-૬૩૩)	૩૮૮
૪૦૩	”	હનિ હાં રે ગોકુલ આયે જદુરાય (નાદબ્રહ્મ પદ-૬૩૪)	૩૮૯
૪૦૪		નીરખો નંદકુમાર નેન ભરી (નાદબ્રહ્મ પદ-૬૩૯)	૩૯૦
૪૦૫		આજ વધાવો નંદન કે દ્વાર (નાદબ્રહ્મ પદ-૬૪૫)	૩૯૧
૪૦૬	મારૂનો ઢાઢીઓ	ઢાઢીઓ રઘુનંદજીકો (નાદબ્રહ્મ પદ-૬૪૭)	૩૯૨
૪૦૭	કાલેરો	આજ મહામંગલ ગોકુલમેં (નાદબ્રહ્મ પદ-૬૪૮)	૩૯૪
૪૦૮	”	દેખો અદ્‌ભુત અવિગત કી (નાદબ્રહ્મ પદ-૬૪૯)	૩૯૬
૪૦૯	”	નંદજી મેરે મન આનંદ ભયો (નાદબ્રહ્મ પદ-૬૫૦)	૩૯૭
૪૧૦	”	નંદજી મેરે મન આનંદ ભયો (નાદબ્રહ્મ પદ-૬૫૧)	૩૯૮
૪૧૧	કાનડો	આજ નંદજીકે દ્વાર ભીર (નાદબ્રહ્મ પદ-૬૫૩)	૩૯૯
	છઠ્ઠીનાં પદો		
૪૧૨	કાનડો	હરિજી કી છઠ્ઠી વિદોગત રાત (નાદબ્રહ્મ પદ-૬૫૫)	૪૦૦
૪૧૩	”	મંગલ દિવસ છઠ્ઠી કો આયો (નાદબ્રહ્મ પદ-૬૫૬)	૪૦૦
૪૧૪	બિહાગ	છઠ્ઠી શુભ દિન આયી (નાદબ્રહ્મ પદ-૬૫૭)	૪૦૧
૪૧૫	સોરઠ	છઠ્ઠી કો દિન આયો (નાદબ્રહ્મ પદ-૬૫૮)	૪૦૧
	વિજયા દશમીનાં પદો		
૪૧૬	સારંગ	કોપી ચઢે રઘુવીર લંકા પર (નાદબ્રહ્મ પદ-૬૮૬)	૪૦૨
૪૧૭	”	શરણે આયો બડભાગી (નાદબ્રહ્મ પદ-૬૮૭)	૪૦૩
૪૧૮	”	રાજા ધજા ફહરાઈ (નાદબ્રહ્મ પદ-૬૮૮)	૪૦૪
૪૧૯	”	સમજ્યો નહીં અભિમાની (નાદબ્રહ્મ પદ-૬૮૯)	૪૦૫
૪૨૦	”	કોન દિશા સે આયો પવન સુત (નાદબ્રહ્મ પદ-૬૯૦)	૪૦૬
૪૨૧	”	આજ દશરા કો દિન નીકો (નાદબ્રહ્મ પદ-૬૯૧)	૪૦૭
૪૨૨	”	કહો કપીરાજ કહાં ક્યોં કીજે (નાદબ્રહ્મ પદ-૬૯૨)	૪૦૭
૪૨૩	રાસ	કૃષ્ણદાસનો રાસ (નાદબ્રહ્મ પદ-૬૯૪)	૪૦૮
૪૨૪	”	તુલસીદાસનો રાસ (નાદબ્રહ્મ પદ-૬૯૫)	૪૧૪
૪૨૫	”	પંચ અધ્યાયનો રાસ (નાદબ્રહ્મ પદ-૬૯૬)	૪૨૪
૪૨૬	પંથીડો	પંથ નિહાળતી રે (નાદબ્રહ્મ પદ-૬૯૭)	૪૩૬
૪૨૭	”	વનવન શોધતી રે (નાદબ્રહ્મ પદ-૬૯૮)	૪૩૮
૪૨૮	”	હરિ નહિ આવ્યા રે (નાદબ્રહ્મ પદ-૬૯૯)	૪૪૦
૪૨૯	બિહાગ	રાસ રચ્યો વનમાળી (નાદબ્રહ્મ પદ-૭૦૦)	૪૪૧
૪૩૦	કાલેરો	વૃન્દાવનમાં રચ્યો અખાડો (નાદબ્રહ્મ પદ-૭૦૪)	૪૪૨
૪૩૧	”	શાને કાજે તમો સૌ મળી આવ્યા (નાદબ્રહ્મ પદ-૭૦૫)	૪૪૩
૪૩૨	”	વૃંદાવન વેણુ વગાડી (નાદબ્રહ્મ પદ-૭૦૬)	૪૪૪

દિવાળીનાં પદો

૪૩૩ ધનાશ્રી આજ દિવાળીના દહાડા (નાદબ્રહ્મ પદ-૭૦૭) ૪૪૫
૪૩૪ ” રંગભરી રઢિયાળી, દુર્લભ દિવાળી (નાદબ્રહ્મ પદ-૭૦૮) ૪૪૬
૪૩૫ ” ધન ધનતેરસની રાત (નાદબ્રહ્મ પદ-૭૦૯) ૪૪૭

૪૩૬ રાસ ગોવર્ધન રાસ (નાદબ્રહ્મ પદ-૭૧૦) ૪૪૮
૪૩૭ અકેલી જશોદા કહે કુંવરકો વાત (નાદબ્રહ્મ પદ-૭૧૩) ૪૫૫
૪૩૮ ગરબી સુખદાયી સલુભા સંત છે જો (નાદબ્રહ્મ પદ-૭૧૭) ૪૫૬
૪૩૯ ” મારે આજ રે આનંદનો દિન છે જો (નાદબ્રહ્મ પદ-૭૧૮) ૪૫૭
૪૪૦ ” મારી શેરીએ આવો શ્યામળિઆ (નાદબ્રહ્મ પદ-૭૧૯) ૪૫૮
૪૪૧ ” ફરી નહિ મળે રે (નાદબ્રહ્મ પદ-૭૨૦) ૪૫૯
૪૪૨ ” આજનો લ્હાવો લીજીએ રે (નાદબ્રહ્મ પદ-૭૨૧) ૪૬૦
૪૪૩ ” નંદના છોરૂં રે (નાદબ્રહ્મ પદ-૭૨૨) ૪૬૧
૪૪૪ વિનંતિ આદિ અનાદિ એક તું (નાદબ્રહ્મ પદ-૭૨૩) ૪૬૨
૪૪૫ વેદ પુરાણ હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ દર્શન (નાદબ્રહ્મ પદ-૭૪૦) ૪૬૬
૪૪૬ સોરંગી જી રે સરસ્વત સ્વામીને વિનવું (નાદબ્રહ્મ પદ-૭૪૧) ૪૭૧

વિવાહનાં પદો

૪૪૭ ધોળ જી રે પગરણે વ્હેલા પધારજો (નાદબ્રહ્મ પદ-૭૫૬) ૪૭૬
૪૪૮ ” માતા જશોદાજી સાંભળો વાત (નાદબ્રહ્મ પદ-૭૫૭) ૪૭૭
૪૪૯ ” રાવલમાં એક શ્રીવૃષભાન (નાદબ્રહ્મ પદ-૭૫૮) ૪૭૮
૪૫૦ ” ગોર શ્રી ગર્ગાચાર્ય બોલાવો (નાદબ્રહ્મ પદ-૭૫૯) ૪૭૯
૪૫૧ ” નંદ જશોદા હરખે અપાર (નાદબ્રહ્મ પદ-૭૬૦) ૪૮૦
૪૫૨ ” ગંગા જમનાના નીર મંગાવો (નાદબ્રહ્મ પદ-૭૬૧) ૪૮૧
૪૫૩ ” ગોવિંદજી પરણે નંદજી પરણાવે (નાદબ્રહ્મ પદ-૭૬૨) ૪૮૨
૪૫૪ ” રાધાજી રે ઘણું હરખ્યાં છે મન (નાદબ્રહ્મ પદ-૭૬૩) ૪૮૩
૪૫૫ ” ચાલો સખી નંદભુવન જઈએ (નાદબ્રહ્મ પદ-૭૬૪) ૪૮૪
૪૫૬ ” ઉઠો વૃષભાન વરાવો ની જાન (નાદબ્રહ્મ પદ-૭૬૬) ૪૮૫
૪૫૭ ” રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે (નાદબ્રહ્મ પદ-૭૬૫) ૪૮૬
૪૫૮ ” ગોકુલમાં એક નંદજીનું ધામ (નાદબ્રહ્મ પદ-૭૬૭) ૪૮૮
૪૫૯ ” ગોકુલમાં એક નંદજીનું ધામ (નાદબ્રહ્મ પદ-૭૬૮) ૪૯૦
૪૬૦ ” સતગુરૂજી રે લગન લઇ આવ્યા (નાદબ્રહ્મ પદ-૭૬૯) ૪૯૨
૪૬૧ ” ગુરૂ ચરણે કરજોડી લાગું (નાદબ્રહ્મ પદ-૭૭૦) ૪૯૪
૪૬૨ ” પ્રભુજી વિના મારે પલક ના ચાલે (નાદબ્રહ્મ પદ-૭૭૧) ૪૯૬
૪૬૩ ” હેતે હરિ ભજી લેજોની પ્રાણી (નાદબ્રહ્મ પદ-૭૭૨) ૪૯૭
૪૬૪ ” સતગુરૂ સંતે દયા કરી મુને (નાદબ્રહ્મ પદ-૭૭૩) ૪૯૮
૪૬૫ ” મન તું આધું ક્યાં અથડાય (નાદબ્રહ્મ પદ-૭૭૪) ૫૦૦
૪૬૬ ” સંત પારસ ચંદન બાવના (નાદબ્રહ્મ પદ-૭૭૫) ૫૦૧
૪૬૭ ” મળ્યા પ્રેમસ્નેહી પરિબ્રહ્મ (નાદબ્રહ્મ પદ-૭૭૬) ૫૦૨
૪૬૮ ” હું તો હરજી જોવાને નિસરી (નાદબ્રહ્મ પદ-૭૭૭) ૫૦૩
૪૬૯ ” જીરે આ રે લીલા દીનાનાથની (નાદબ્રહ્મ પદ-૭૭૮) ૫૦૪

૪૭૦	”	તું તો રામ રટણ કર રંગમાં (નાદબ્રહ્મ પદ-૭૭૯)	૫૦૫
૪૭૧	”	તું તો રામ રટણ કર રંગમાં (નાદબ્રહ્મ પદ-૭૮૦)	૫૦૬
૪૭૨	”	તું તો રામ રટણ કર રંગમાં (નાદબ્રહ્મ પદ-૭૮૧)	૫૦૭
૪૭૩	મંગલ	ભજન કરી લ્યો ભાવે રે (નાદબ્રહ્મ પદ-૭૮૨)	૫૦૮
૪૭૪	”	જા સતગુરૂને શરણે રે (નાદબ્રહ્મ પદ-૭૮૩)	૫૦૯
૪૭૫	”	જે પરમારથ પ્રીછે રે (નાદબ્રહ્મ પદ-૭૮૪)	૫૧૦
૪૭૬	”	કર હરિ સુમરણ સાચું રે (નાદબ્રહ્મ પદ-૭૮૫)	૫૧૧
૪૭૭	”	સતગુરૂ શરણે જાય કે (નાદબ્રહ્મ પદ-૭૯૫)	૫૧૨
૪૭૮	”	ચલો સતગુરૂજી કે હાટ (નાદબ્રહ્મ પદ-૭૯૬)	૫૧૩
૪૭૯	”	અખંડ સાહેબજીકો નામ (નાદબ્રહ્મ પદ-૭૯૭)	૫૧૪
૪૮૦	”	મનષા દેહી પાઈ (નાદબ્રહ્મ પદ-૭૯૮)	૫૧૫
૪૮૧	”	છાપા તિલક બનાઈ (નાદબ્રહ્મ પદ-૭૯૯)	૫૧૬
૪૮૨	”	જીવ તું કહાંસે આયો (નાદબ્રહ્મ પદ-૮૦૦)	૫૧૭
૪૮૩	”	પિયર રહી લોભાય કે (નાદબ્રહ્મ પદ-૮૦૧)	૫૧૮
૪૮૪	”	દેખો માયાકો રુપ (નાદબ્રહ્મ પદ-૮૦૨)	૫૧૯
૪૮૫	”	હરિને ભજતાં હજી કોઇની લાજ (નાદબ્રહ્મ પદ-૮૦૩)	૫૨૦
૪૮૬	”	સતગુરૂ દીન દયાળ (નાદબ્રહ્મ પદ-૮૦૪)	૫૨૧
૪૮૭	અંતિમ સમયનું પદ	કહે ભાઈ રૂડું તેં શું કર્યું (નાદબ્રહ્મ પદ-૮૨૮)	૫૨૨
૪૮૮	પ્રભાત	દશરથ રાય વાણી બોલ્યા રે (નાદબ્રહ્મ પદ-૮૩૨)	૫૨૩
૪૮૯	”	પ્રભાતે દાસી ઉઠ્યા રે (નાદબ્રહ્મ પદ-૮૩૩)	૫૨૪
૪૯૦	”	વનકુળ અંગે ધર્યાં રે (નાદબ્રહ્મ પદ-૮૩૪)	૫૨૬
૪૯૧	”	પંચવટીમાં જઈ રહ્યા રે (નાદબ્રહ્મ પદ-૮૩૫)	૫૨૭
૪૯૨	અંતિમ સમયનાં પદો	નોતરૂં મારે નારાયણનું (નાદબ્રહ્મ પદ-૮૩૬)	૫૨૮
૪૯૩	”	અંતર્યામીને નથી અજાણ્યું (નાદબ્રહ્મ પદ-૮૩૮)	૫૨૯
૪૯૪	ગરબો	રૂડી રામકથા શુકદેવને પૂછે પરિક્ષિતરાય (નાદબ્રહ્મ પદ-૮૪૫)	૫૩૦
૪૯૫	”	પ્રપંચ કરી સીતાને હરવાને રાવણ આવ્યો (નાદબ્રહ્મ પદ-૮૪૬)	૫૩૨
૪૯૬	”	ચેતી લો ચેતાનો અવસર (નાદબ્રહ્મ પદ-૮૪૭)	૫૩૪
૪૯૭	દાણલીલા	પાલવડો મેલો મોહનજી (નાદબ્રહ્મ પદ-૮૫૨)	૫૩૬
૪૯૮	ગરબો	ભક્તિ એવી રે ભાઈ એવી (નાદબ્રહ્મ પદ-૮૫૩)	૫૩૮
૪૯૯		સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો (શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૨)	૫૪૦
૫૦૦		ભક્તિતત્વ (શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૧૨)	૫૪૩
૫૦૧	દેશી ફેર સોરઠ	પગ મને ધોવા દ્યો રઘુરાય (નાદબ્રહ્મ પદ-૮૭૧, પૃષ્ઠ-૫૯૨)	૫૪૬
૫૦૨	કાફી	મેરા દરદ ન જાને કોય (નાદબ્રહ્મ પદ-૮૮૦, પૃષ્ઠ-૫૯૯)	૫૪૭
૫૦૩		સુખદુઃખ મનમાં ન આણીએ (નાદબ્રહ્મ પદ-૮૮૨, પૃષ્ઠ-૬૦૦)	૫૪૮
૫૦૪		યે મારગડા જુદા કબીરકા (નાદબ્રહ્મ પદ-૮૮૫, પૃષ્ઠ-૬૦૧)	૫૪૯
૫૦૫		મને વહાલા ઘણા રણછોડ (નાદબ્રહ્મ પદ-૮૯૯, પૃષ્ઠ-૬૧૨)	૫૫૦
૫૦૬	અકેલી	તમે સુણો દિનાનાથ દયાળ	૫૫૧
૫૦૭	”	તેરા કિયા કરમ છૂટ જાઈ રે	૫૫૨
૫૦૮	”	તમે જુઓને કરમની રેખા	૫૫૩
૫૦૯	”	નહિ ચારૂં નહિ ચારૂં મોરી માત	૫૫૪

૫૧૦	કાલેરાનું તાન	જુઠ્ઠા બોલા જાદવ તારો	૫૫૫
૫૧૧	”	સંત કબીરના દર્શન કરવા	૫૫૬
૫૧૨	”	ભૂલી ગયો ભગવાન મનવા તું	૫૫૭
૫૧૩	”	તુમસે બાંધ્યુ તન મારૂ	૫૫૮
૫૧૪	”	હું શું જાણું રે વિઠ્ઠલાએ	૫૬૦
૫૧૫	ગરબી	ઓધા શું રે થયું વ્રજનારને રે	૫૬૧
૫૧૬	”	સીતારામને ભજીને લ્હાવો લીજીયે રે	૫૬૨
૫૧૭	”	સખી આજની ઘડી રળિયામણી રે	૫૬૩
૫૧૮	કાલેરો	આજ મહામંગલ ગોકુલમેં	૫૬૪
૫૧૯	ધમાર	કનૈયો દધી લૂંટે છે	૫૬૫
૫૨૦	”	સાહેલી આજ મંગલ હો	૫૬૬
૫૨૧	ગરબી	કેસર ગાગર લઈ ચાલી રે અલબેલી	૫૬૭
૫૨૨	”	અતિ ઘણું હસવું સારૂ નહિ શામળિયા	૫૬૮
૫૨૩	દાણલીલા	તમો અજાણ્યા અમો જાણીતા રે	૫૭૦
૫૨૪	મંગલ	પ્રગટ્યા શ્રી કૃષ્ણ મોરાર	૫૭૨
૫૨૫	ધોળ	જી રે શ્રાવણ વદ દિન અષ્ટમી	૫૭૪
૫૨૬	”	ફૂલે ભરું રે હરીને ફૂલે ભરું	૫૭૫
૫૨૭	”	ભેગા મળ્યા રે અમો ભજન કરવા	૫૭૬
૫૨૮	મંગલ	સંત પધાર્યા સજની રે	૫૭૭
૫૨૯		ભૂલો ભલે બીજું બધું	૫૭૮
૫૩૦	ધમાર	અવિનાસી કબીરા ગાઈયે હો	૫૮૦
૫૩૧	કાલેરો (થાળ)	પ્રેમ કરીને પધારો મારા વ્હાલા	૫૮૧
૫૩૨		મેં તો પહેરી લીધો ચૂડલો તમારો રે હરિ	૫૮૨
૫૩૩		મન તું શંકર ભજી લે	૫૮૩
૫૩૪		એવી છે કુદરતની કળા	૫૮૪
૫૩૫		એ રે મારગ નથી જોવા કબીર કહે	૫૮૫
૫૩૬	આરતી	બજરંગની આરતી	૫૮૬
૫૩૭	”	શ્રી રામકબીર ભગવાન	૫૮૭
૫૩૮	”	ઊઁ જય સાહેબ કબીર	૫૮૮
૫૩૯	”	સદ્‌ગુરૂ કબીર સાહેબની આરતી	૫૮૯
૫૪૦		શ્રી કબીર બાવની	૫૯૦

વિભાગ - ૨

-	ગરબો	જનનીની જોડ (નાદબ્રહ્મ પદ-૮૫૫, પૃષ્ઠ-૫૬૫)	૫૯૩
૫૪૧	માલકૌંસ	વંદન હો, શ્રી મા પ્રભુ ચરણે	૫૯૪
૫૪૨	મંગલ	જ્ઞાન ગંગામાં ન્હવડાવ	૫૯૬
૫૪૩	કાનડો	બસો મેરે નૈનનમેં નંદલાલ	૫૯૭
૫૪૪	કાનડો	રહના નહિ દેસ વિરાના હૈ	૫૯૭
૫૪૫	કલ્યાણ	રામરસ એસા હે મેરા ભાઈ	૫૯૮

૫૪૬	કલ્યાણ	રામ રાખે તેમ રહીએ	૫૯૮
૫૪૭	કાલેરો	સંત સમાગમ શું કરે રે	૫૯૯
૫૪૮	હિંડોળાનું મારૂં	પ્રભુજીને પડદામાં રાખ મા	૬૦૦
૫૪૯	હિંડોળાનું મારૂં	અવિગતસે ચલી આયા રે	૬૦૧
૫૫૦	બિહાગ	વાગ્યા હોય તે જાણે	૬૦૨
૫૫૧	બિહાગ	મંદિર તારૂં વિશ્વ રૂપાળું	૬૦૩
૫૫૨	સોરઠ	સૌનું કરો કલ્યાણ	૬૦૩
૫૫૩	દેશી ફેર સોરઠ	પવનસુત હનુમાન તમારો	૬૦૪
૫૫૪	ધનાશ્રી	રામ ચરણ સુખદાઈ	૬૦૫
૫૫૫	ધનાશ્રી	ભજીલે રામજી સંગાતી હો મન	૬૦૬
૫૫૬	ગરબી	મથુરામાં ખેલ ખેલી આવ્યાં	૬૦૭
૫૫૭	ધનાશ્રી	મુખડા દેખલે પ્રાણી જરા દરપનમેં	૬૦૮
૫૫૮	કાલેરો	કોઈ લાખ કરે ચતુરાઈ	૬૦૯
૫૫૯	સામેરી	અખંડ અનાદિ રે	૬૧૦
૫૬૦	કાફી	ગુરૂજીનો સદ્‌ગુરૂજીનો સંગ રે	૬૧૧
૫૬૧		શ્રી કૃષ્ણચંદ્ર કૃપાળુ ભજ મન	૬૧૨
૫૬૨	અકેલી	તેરા કિયા કરમ છૂટ જાઈ રે	૬૧૩
૫૬૩	ધોળ	ધન્ય ઘડી રે આજ સંત પધાર્યા	૬૧૪
૫૬૪	ધોળ	ભજો રઘુવરરામ ધનુષધારી	૬૧૫
૫૬૫	મંગલ	આજ દશરથ કે દ્વાર કે, મંગલ ગાવહી	૬૧૬
૫૬૬	કાલેરાનું તાન	સંત કબીરના દર્શન કરવા	૬૧૭
૫૬૭	ગરબી, કાલેરો	વાગે છે રે વાગે છે, કબીર મંદિરમાં ઝાલર વાગે છે	૬૧૮
૫૬૮	કાલેરો	ઐસી કરી ગુરૂદેવ દયા મારા	૬૧૯
૫૬૯	કાલેરાનું તાન	તેરી શરણમેં આયકે ફીર આશ કિસકી કિજીયે	૬૨૦
૫૭૦	સગુણ વસંત	અગર હૈ પ્રેમ દર્શનકા	૬૨૧
૫૭૧	ગરબી	મેં તો બિરદ ભરોસે બહુનામી રે	૬૨૨
૫૭૨	બિહાગ	સોહમ્ શબ્દ વિચારો રે સાધુ	૬૨૩
૫૭૩	સોરઠ	નિરંજન માલા ઘટમેં, ફિરે દિનરાતી	૬૨૪
૫૭૪	સગુણ વસંત	પરનું ભૂંડ કરતા પહેલા	૬૨૫
૫૭૫	કાફી	પિંજરે કે પંછી તેરો રે	૬૨૬
૫૭૬	નિર્ગુણ વસંત	જેના દિલમાં દિનની દાઝ નથી	૬૨૭
૫૭૭	ધનાશ્રી	સુખકે સબ સાથી દુઃખમેં ના કોઈ	૬૨૮
૫૭૮		કર્પૂરવનના સર્વ સ્વજનને	૬૨૯
૫૭૯		સ્વર્ગારોહણ ની આ ધરા પર સદ્‌ ગુરૂ દેવ પધારજો	૬૩૦
૫૮૦	ધોળ	જીવનવાટે મળ્યા છે મુરારી	૬૩૨
૫૮૧		વરદ હસ્ત પ્રભુ તમારો	૬૩૪
૫૮૨		વંદન કરૂં પ્રભુ ચરણોમાં આજે	૬૩૪
૫૮૩		સદ્‌ગુરૂ વિશ્વવંદ્ય કબીરને તો નમુ	૬૩૫
૫૮૪		વંદન કરીએ સંત કબીર પરમાત્મને	૬૩૬
૫૮૫		નિવૃતિ માર્ગે પ્રધાનાચાર્ય છો	૬૩૮
૫૮૬		શ્રી કબીર ચાલીસા	૬૩૯

૫૮૭	કાલેરાનું તાન	મૂરખ મનવા, મારૂં-તારૂં	૬૪૨
૫૮૮		કબ સમરોગે રામ	૬૪૩
૫૮૯	કલ્યાણ	ગાવે રાગ કલ્યાણ રે	૬૪૪
૫૯૦	ગરબો (રૂડી રામકથા)	મન માને નહીં	૬૪૫
૫૯૧	ગરબી	રંગભરી રમવા નિસરી રે	૬૪૬
૫૯૨	મંગલ	સમજ-સુમરત સત્‌નામ	૬૪૭
૫૯૩		મૃત્યુ એતો નિર્મિત છે સંસારમાં	૬૪૭
૫૯૪	ગરબી	મારા મન ગમતા મહારાજ	૬૪૮
૫૯૫		શેરી વળાવી સજ્જ કરૂં	૬૪૯
૫૯૬	રામકલી	હળવે, હળવે, હળવે હરજી	૬૫૦
૫૯૭	કેદારો	મારા અંતરનો પોકાર	૬૫૧
૫૯૮	ગરબી	શિવ શંકર ભોળા નાચે રે	૬૫૨
૫૯૯	અકેલી	જય શંકર જય શંભુ ભોળા	૬૫૩
૬૦૦	પ્રભાત	શંકર મહાદેવ	૬૫૪
૬૦૧	પાલવડો	રામ નામ કી મધુર મલાઈ	૬૫૫
૬૦૨	કાલેરાનું તાન	ભૂખ ભજનની લાગી રે	૬૫૬
૬૦૩	અકેલી	ગુરૂ તો લુંટારો રે	૬૫૭
૬૦૪	ધમાર	બૂરી આદતને વિસારી	૬૫૮
૬૦૫	કાલેરાનું તાન	જીઓ જીઓ રે કબીરા	૬૫૯
૬૦૬	ગરબો (રૂડી રામકથા)	મન મોહનજી	૬૬૦
૬૦૭	ગરબી	આ શરદ પૂનમની રાત	૬૬૧
૬૦૮	આરતી	ૐ જય જગદીશ હરે	૬૬૨
૬૦૯	કાલેરાનું તાન	માનવ આવે માનવ જાવે	૬૬૩
૬૧૦	ધનાશ્રી	યે પિંજરા નહિ તેરા	૬૬૪
૬૧૧	કલ્યાણ	પકડ્યું શરણ તમારૂં	૬૬૫
૬૧૨	ધોળ	સાહેબ કેરી વાણીના માન સરોવરે	૬૬૬
૬૧૩		જીંદગીમાં કેટલું કમાયા રે	૬૬૭
૬૧૪		હે જી તારાં આંગણીયા	૬૬૮
૬૧૫		મન તડપત હરિ દરશન કો આજ	૬૬૯
૬૧૬		તોરા મન દરપન કહલાયે	૬૭૦
૬૧૭		તુમ્હી હો માતા પિતા તુમ્હી હો	૬૭૦
૬૧૮		તેરે દ્વાર ખડા ભગવાન	૬૭૧
૬૧૯		પા...ની મેં રે મીન પિયાસી	૬૭૧
૬૨૦		દર્શન દ્યો ઘનશ્યામ	૬૭૨
૬૨૧		મોહે લાગી લગન ગુરૂ ચરનનકી	૬૭૨
૬૨૨	ખમાજ	મૈલી ચાદર ઓઢકે કૈસે	૬૭૩
૬૨૩		છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ	૬૭૪
૬૨૪		નંદ ઘેર આનંદ ભયો	૬૭૫
૬૨૫	ગરબી	મથુરામાં ખેલ ખેલી આવ્યા	૬૭૬
૬૨૬		દેખ તેરે સંસારકી હાલત	૬૭૭
૬૨૭		બંધન માયાના છોડાવ	૬૭૮

૬૨૮	સનેડો	મારી હુંડી સ્વીકારો મહારાજ રે	૬૭૯
૬૨૯	નિર્ગુણ વસંત	મોકો કહાં ઢૂંઢે રે બંદે	૬૮૦
૬૩૦	નિર્ગુણ વસંત, અકેલી, ધમાર	મને ક્યાં શોધી રહ્યો મનવા રે	૬૮૧
૬૩૧	ધોળ	મેં તો તુલસી રોપ્યાં રે જમણાં હાથમાં	૬૮૨
૬૩૨	પાલવડો	રામ નામ કી મધુર મલાઈ	૬૮૩
૬૩૩	સ્વજનની ભેટ	ગુરૂજી નહીં ભૂલુ તમને	૬૮૪
૬૩૪	ગરબી	મોરલી તુ દેને હમારી	૬૮૫
૬૩૫	બિલાવલ	જાગો રે ગોવિંદા તમે, જાગો હરિ રે	૬૮૬
૬૩૬	મંગલા આરતી	દાતણ કરો રે હો લાડીલા	૬૮૭
૬૩૭		મેરી ભાવના	૬૮૮
૬૩૮		કૈવલ્યબીજ શું ?	૬૯૦
૬૩૯		ક્ષમાપના	૬૯૨
૬૪૦		ભક્તિના છંદો (૧)	૬૯૩
૬૪૧		ભક્તિના છંદો (૨)	૬૯૪
૬૪૨		ભક્તિના છંદો (૩)	૬૯૫
૬૪૩		ભક્તિના છંદો (૪)	૬૯૬
-		શ્રી રાજચંદ્ર પરમકૃપાળુ, હે પ્રભુ નમીએ અમે	૬૯૮
૬૪૪		શ્રી સદ્‌ગુરૂ ભક્તિ રહસ્ય (નાદબ્રહ્મ પદ-૮૬૦, પૃષ્ઠ-૬૦૪)	૬૯૯
૬૪૫		અમૂલ્ય તત્વવિચાર (નાદબ્રહ્મ પદ-૮૬૫, પૃષ્ઠ-૬૦૯)	૭૦૨
૬૪૬	ધોળ, વેદ પુરાણ	આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો	૭૦૩
૬૪૭		સદ્‌ગુરૂ સંત કબીર, પાયે લાગું	૭૦૪
૬૪૮		સ્વજનની ભેટ જે દેતો	૭૦૫
૬૪૯	સોરંગી	સત્યનામ સદ્‌ગુરૂ કબીર હૈ પ્યારે	૭૦૫
૬૫૦		પ્રભુ દ્વાર તમારા ખોલો રે	૭૦૬
૬૫૧		ભક્તિ કરતા છુટે મારા પ્રાણ (નાદબ્રહ્મ પદ-૮૮૧, પૃષ્ઠ-૫૯૯)	૭૦૭
૬૫૨	ધોળ	હે હરિ તારા ચરણકમળમાં	૭૦૮
૬૫૩		પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો	૭૦૯
૬૫૪		પ્રભુ મારી માતને શાંતિ ધરી દો	૭૦૯
૬૫૫		હે નાથ જોડી (અંજલિ)	૭૧૦
૬૫૬		સત્યનામ સદ્‌ગુરૂ કબીર હૈ પ્યારે	૭૧૧
૬૫૭		ધૂન (નાદબ્રહ્મ પદ-૮૬૯, પૃષ્ઠ-૫૯૧)	૭૧૧
૬૫૮		ઈશ-ઉપનિષદના મંત્રો (નાદબ્રહ્મ પદ-૮૬૪, પૃષ્ઠ-૫૭૪)	૭૧૧
૬૫૯		મૈત્રીભાવનું પવિત્ર ઝરણું	૭૧૨
૬૬૦		જીવન અંજલિ થાજો !	૭૧૩
૬૬૧		મેરી જાત બરન કુલ હીણ (નાદબ્રહ્મ પદ-૭૧)	૭૧૪
૬૬૨	કાલેરો	મેરે ઉર પ્રગટો આજ કબીર	૭૧૫
૬૬૩	કાલેરો	હે સમર્થ મમ પ્રાણ કબીર	૭૧૬
૬૬૪	બિહાગ	હરિ દર્શન કી પ્યાસી	૭૧૭
૬૬૫		પ્રીતમદાસની પરચરી	૭૧૮
૬૬૬	ગરબો	તુલસીનો ગરબો	૭૨૧

૬૬૭		રસ ગગન ગુફામેં અજર ઝરે	૭૨૨
૬૬૮		મારા આજે, સૌને "રામકબીર"	૭૨૩
૬૬૯	ધૂન	રામકબીર ધૂન	૭૨૪

વિભાગ – ૩

૬૭૦		જ્ઞાન ગુદડી (નાદબ્રહ્મ પદ-૧)	૭૨૬
૬૭૧		શબ્દ પારખુ (નાદબ્રહ્મ પદ-૨)	૭૩૦
૬૭૨		ખેલત ચારો ભાઈ, શ્રી આંગનામેં (નાદબ્રહ્મ પદ-૨૫)	૭૩૪
૬૭૩		સુંદિર શ્યામ શરીર (નાદબ્રહ્મ પદ-૯૦)	૭૩૫
૬૭૪		પઢો રે પોપટ રાજા રામના (નાદબ્રહ્મ પદ-૩૬૭)	૭૩૫
૬૭૫	લોઢી કારજ	પામ્ય શરણ હરિ પરિબ્રહ્મ રાય (નાદબ્રહ્મ પદ-૭૩૭ & પદ-૮૩૦)	૭૩૬
૬૭૬	ગરબો	ધન ધન ગોકુલ આઠમની રાત (નાદબ્રહ્મ પદ-૫૮૧)	૭૩૮
૬૭૭	ગરબો	આજ મારે અષ્ટમીને દિન કે	૭૪૦
૬૭૮	ગરબો	પળવે પાતળીયા ગીરધારી કે	૭૪૧
૬૭૯		મેરી ઝોપડી કે ભાગ આજ ખુલ જાયેંગે રામ આયેંગે	૭૪૨

નવેમ્બર ૧૩ – મા સર્વેશ્વરી/શ્રી યોગેશ્વરજી

૬૮૦	ગોડી	દિવ્ય કૃપાને ઢાળો	૭૪૩
૬૮૧	કાનડો	ગુરુજીના શરણમાં શાંતિ મળી	૭૪૪
૬૮૨	કલ્યાણ	કરવું સંતોનું સન્માન	૭૪૫
૬૮૩	કાલેરો	જગમાં તે જ મહા બડભાગી	૭૪૬
૬૮૪	હિંડોળાનું મારૂં	પીવો પ્રભુનો પ્રેમ	૭૪૭
૬૮૫	ધમાર	પ્રભુ પ્રેમે કરી પધારો	૭૪૮
૬૮૬	ગરબી	જરી આવો રે, પ્રિય આવો રે	૭૪૯
૬૮૭	પાલવડો	યાદ તમારા વિના કરૂ શું ?	૭૫૦
૬૮૮	ધનાશ્રી	મનવા રામનામ રટ તું !	૭૫૧
૬૮૯	ગરબી	શું માગું રે શું માગું	૭૫૨
૬૯૦	સામેરી, પંચમ, મેવાડો	છે સારથિ પદ સોંપ્યું તમને	૭૫૩
૬૯૧	અકેલી	હરિએ કીધાં સર્વેશ્વરીના કામ સામે પધારી રે	૭૫૪
૬૯૨	રામકલી	આવજે મારા મનમંદિરમાં, શ્યામલ કૃષ્ણા તું	૭૫૫
૬૯૩	કેદારો	મન મથુરાને કાયા કાશી દિલ દ્વારકા	૭૫૬
૬૯૪	ધોળ	મને ગોવિંદ રૂપે ગુરુજી મળ્યા	૭૫૭
૬૯૫	મંગલ	વ્હાલા લેને તારે શરણે કરગરી કહું છું તને	૭૫૮

૬૯૬	વેદ પુરાણ	સગપણ શ્રીવરનું સાચું રે	૭૫૯
૬૯૭	ધોળ	હે હરિ ! તારે દ્વારે મુજને	૭૫૯
૬૯૮		યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના	૭૬૦
૬૯૯		આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભુ ?	૭૬૧
૭૦૦		આ દેહ ખરેખર કોનો રે જાણી તું લેજે	૭૬૨
૭૦૧		પ્રભુ દ્વારે તિરાડ પાડો રે જોઈ શકીએ તમને	૭૬૪
૭૦૨	મંગલ	મનવા લેને હરિનું નામ	૭૬૫

મોક્ષમાર્ગ ધર્મ

૭૦૩	કાનડો	ગુરૂજી શરણે સ્વીકારો આ દાસ	૭૬૬
૭૦૪	પહાડી (ચલ ઉડ જા રે પંછી)	બોલો બોલો ઊઁ પરમાત્મા	૭૬૭
૭૦૫	ગઝલ કવાલી (જનારા જાય..)	જગતમાં જન્મ લેનારા	૭૬૮
૭૦૬	કેદાર (દર્શન દ્યો ઘનશ્યામ)	એક દિન જાવું હરિના ધામમાં	૭૬૯
૭૦૭	ગરબી (મારા મનગમતા...)	બળ્યો-ઝળ્યો એક હુતાત્મા	૭૭૦
૭૦૮	રામકલી	પધારો પધારો મમ, હૃદય મંદિરે	૭૭૧
૭૦૯	કલાવતી (ફૂલ તમે ભેજા...)	પ્રભુ પ્રેમનો પરસાદ લેજો રે	૭૭૨

શ્રીમદ્ રાજચંદ્ર

૭૧૦	ધોળ	દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી	૭૭૩
૭૧૧	હળવે હળવે / મારા મનગમતા	પ્રથમ નમું ગુરૂરાજને, જેણે આપ્યું જ્ઞાન (નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૦૭)	૭૭૪
૭૧૨	કાલેરો	બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત (નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૦૮)	૭૭૫
૭૧૩	વેદ પુરાણ	જડભાવે જડ પરિણમે, ચેતન ચેતના ભાવ	૭૭૬
૭૧૪	કાફી	કૌન ઉતારે પાર, પ્રભુ બિન કૌન ઉતારે પાર ?	૭૭૮
૭૧૫	વિનંતિ	સદ્‌ગુરૂના ઉપદેશથી, સમજે જિનનું રૂપ	૭૭૮

શ્રી જલારામ

૭૧૬	પહાડી	હું આવ્યો છું, જલારામ, તારે શરણે લેજો સ્વીકારી	૭૭૯

અધિક માસ નાં પદો

૭૧૭	ગરબી	ધન્ય ધન્ય પુરૂષોત્તમ માસ રે	૭૮૦
૭૧૮	ધનાશ્રી/મંગલ	એવા પુરૂષોત્તમ પ્રભુ, પ્રેમે પધાર્યા રે	૭૮૧
૭૧૯	કાલેરો	આજે અધિકની એકાદશી રે	૭૮૨
૭૨૦	અકેલી	મુને કુંજ ભવનમાં મળિયા રે	૭૮૩
૭૨૧	કાલેરો	પુરૂષોત્તમ તમ સાથે મારે	૭૮૪
૭૨૨	ગરબો (રૂડી રામકથા)	પુરૂષોત્તમ બોલ્યા પ્રીતે કહું સાંભળજો	૭૮૫
૭૨૩	સામેરી/પંચમ/મેવાડો	મુને મળિયા પુરૂષોત્તમરાય	૭૮૬
૭૨૪	ધોળ	પુરૂષોત્તમ પ્રાણથી પ્યારા રે	૭૮૭
૭૨૫	ધોળ	વા'લા લાગો છો વિશ્વ આધાર રે	૭૮૮
૭૨૬	ગરબો	લીલુડા વાંસની વાંસળી વાય	૭૮૯

એકાદશી નું પદ

૭૨૭	ગરબો (રૂડી રામકથા)	ધન્ય એકાદશી	૭૯૦

અખાત્રી નાં પદો

૭૨૮	કાલેરો	અક્ષયતૃતીયા અક્ષય લીલા (નાદબ્રહ્મ પદ-૫૪૭)	૭૯૧
૭૨૯	કાલેરો	અક્ષયતૃતીયા સો ગોવર્ધન બૈઠે (નાદબ્રહ્મ પદ-૫૪૮)	૭૯૨
૭૩૦	કાલેરો	બન્યો હૈ વાગો ચૂવા ચંદનકો (નાદબ્રહ્મ પદ-૫૪૯)	૭૯૨

૭૩૧	કાલેરાનું તાન	નૈયા ઝૂકાવી મેં તો	૭૯૩
૭૩૨		તમે ભાવે ભજી લ્યો ભગવાન	૭૯૪
૭૩૩		પ્રભુની રચના છે એવી	૭૯૬
૭૩૪		એકલ પંથી ધામ હરીનું	૭૯૮
૭૩૫		સંત સમાગમ કીજે, હો નિશદિન	૭૯૯
૭૩૬		હરિ ભજતાં સુખ હોય, સમજ મન	૭૯૯
૭૩૭		યૂંહી જન્મ ગુમાત, ભજન બિન	૮૦૦
૭૩૮		શ્રીજી બાવા દીન દયાળા !	૮૦૧
૭૩૯		ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ	૮૦૨
૭૪૦		અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા	૮૦૩
૭૪૧		શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન	૮૦૪
૭૪૨		શ્રી હનુમાન ચાલીસા	૮૦૫
૭૪૩	આરતી	ૐ જય કાના કાળા (નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૧૩)	૮૦૮
૭૪૪	આરતી	આનંદ મંગલ કરૂં આરતી	૮૦૯

[અનુક્રમણિકા Index_front Index_back]

ૐૐૐ

Rāgs associated with a particular time of day ....

After Sunrise (6 AM to 8 AM)
Bilāval

8 AM – 10 AM
Nāni Āshāvari

10 AM – 12 Noon
Moti Āshāvari

12 Noon – Sunset
Sārang

After Sunset (till Midnight)
Godi, Kānado, Kalyān, Kāfi, Kālero, Māru, Bihāg, Sorath, Sorath Deshi Fer

At Midnight
Kedāro

After Midnight
Panthido, Sāmeri, Pancham

Early Morning
Devgandhār Prabhāt, Prabhāt

૧. રામકબીર-ભજન પ્રેરણા-ગીત - **AS001**

રાગ – માલકૌંસ [અનુક્રમણિકા Index_front Index_back]

અમે “રામકબીર”ને ભજવાનાં, (૨)
અમે ભક્ત થઇને રહેવાનાં ..... ટેક

“ભજન” થકી ભક્તો ઓળખાયાં, (૨)
એને સાર્થક કરવાનાં ..... અમે “રામકબીર”ને ૧

સોમ-રાત્રિએ ભેગાં મળીને, (૨)
રાગ-રાગિણી શિખવાનાં ..... અમે “રામકબીર”ને ૨

ભક્ત જ્ઞાતિનાં **નાદબ્રહ્મ** નો, (૨)
સદ્‌ઉપયોગ અમે કરવાનાં .....અમે “રામકબીર”ને ૩

વાર-તહેવારે ભેગાં મળીને, (૨)
ભજનોની લ્હાણી કરવાનાં .....અમે “રામકબીર”ને ૪

“મોહન” થકી આ ધરતીને, (૨)
ભજનો થી પાવન કરવાનાં .....અમે “રામકબીર”ને ૫

તુલસીવન ના ધર્મ બાળને, (૨)
ભજન – ભક્તિથી તારવાનાં ..... અમે “રામકબીર”ને ૬

૨. કબીર સાખી - AS002

[અનુક્રમણિકા Index_front Index_back]

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય
બલિહારી ગુરૂ આપકી, ગોવિંદ દિયો બતાય ૧

આયા હૈ સો જાયેગા, રાજા રંક ફકીર
એક સિંહાસન ચઢી ચલે, એક બંધે જંજીર ૨

જાકો રાખૈ સાઈયાં, માર શકે ન કોય
બાલ ન બાંકા કર સકૈ, જો જગ વૈરી હોય ૩

જૈસા અન્ન જળ ખાઈયે, તૈસાહિ મન હોય
જૈસા પાની પીજીયે, તૈસી બાની હોય ૪

દુ:ખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોય
જો સુખમેં સુમિરન કરે, દુ:ખ કહે કો હોય ૫

સુમિરન સુરત બનાઈ કે, મુખ નેં કુછ ન બોલ
બહાર કે પટ દેઈ કે, અંતર કે પટ ખોલ ૬

માટી કહે કુંભાર કો, તૂ ક્યાં રોંદે મોહી
એક દિન ઐસા આયેગા, મૈં રોદુંગી તોહી ૭

રાત ગંવાઈ સોયકે, દિવસ ગંવાયા ખાય કે
હીરા જનમ અનમોલ થા, કૌડી બદલે જાય ૮

પિપલ પાન ખરંતા, હસતી કુપળિયા
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપૂડીઆ ૯

૩. ઓ ઈશ્વર ભજીએ તને - AS003 N000

(નાદબ્રહ્મ પૃષ્ઠ - ૧) [અનુક્રમણિકા Index_front Index_back]

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઇએ, થાય અમારાં કામ ૧

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ ૨

પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઇ સૂએ નહીં, સાધુ સંત સમાય ૩

અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય ૪

સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત
શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત ૫

વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળ ક્ષેમ ૬

જોવા આપી આંખડી, સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન ૭

ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તેં સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર ૮

તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તેં રચ્યા, જબરું તારું જોમ ૯

અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર ૧૦

કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ ... ૧૧

ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ
આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ ૧૨

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ ૧૩

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઇએ, થાય અમારાં કામ ૧૪

ગોડીની સાખી (નાદબ્રહ્મ પદ-૩) – **N003** [અનુક્રમણિકા Index_front Index_back]

સાંજ પડે દિન આથમે, ચકવા ચકવી રોય;
ચલો ચકવા તહં જાઈએ, જહં સાંજ પડતી ન હોય ૧

ગોડી પૂછે ગોડીઆ, કોણ ભલો એ દેશ;
સંપત્ત હોય તો ધર ભલા, નહીં તો ભલો પરદેશ ૨

સંપત્ત દેખ મત રાચીયે, વિપત્ત પડે મત રોય;
સંપત્ત સોહી વિપત્ત હૈ, રામ કરે સો હોય ૩

તિમિર ગયું રવિ દેખતાં, કુબુદ્ધિ ગઈ ગુરુ જ્ઞાન;
સંપત્ત ગઈ અતિ લોભસે, ભક્તિ ગઈ અભિમાન ૪

અભિમાની કુંજર ભયો, લ્યો અપને શિર ભાર;
તાકો યમરાજ ડારતે, જ્યોં લોહા જલે લુહાર ૫

૪. નર નામ ન જાણ્યો રામકો - AS004 N004

પૂર્વી ગોડી (નાદબ્રહ્મ પદ-૪) [અનુક્રમણિકા Index_front Index_back]

નર નામ ન જાણ્યો રામકો, મિથ્યા જન્મ ગુમાયા હો;

રેણ[૧] ગુમાયી સોઈકે રે, દિવસ ગુમાયો જાય;
હીરા જૈસો જન્મ ગુમાયો, હીરા કોડી બદલે જાય ૧

આપે દલ ખોજે નહિ રે, ઔર ખોજનકો જાય;
ઔર ખોજે હરિ ના મિલે, મૂરખ મન પસ્તાય ૨

કુંભકો બાંધ્યો જલ રહે રે, જલ બિન કુંભ ન હોય;
જ્ઞાનકો બાંધ્યો મન રહે, ગુરુ બિન જ્ઞાન ન હોય ૩

નર જાણે દિન નિર્ગમે[૨] રે, દિન જાણે નર જાય;
માયાનો બાંધ્યો પ્રાણીઓ, ફોગટ ફેરા ખાય ૪

ઊગ્યા સોઈ[3] આગમેરે, ફૂલ્યા સોઈ કરમાય;
ચણ્યા દેવલ ગિર પડે, જનમ્યા સો મર જાય ૫

પૈસો પૈસો જોડ કે રે, લાખો ઉપર કરોડ;
અંતકાલ કંઈ કામ ન આવે, લેશે ધાગો છોડ ૬

સાધુ જનકી ઝુંપડી રે, સાંકુટ[૪] સારા ગામ;
ચંદનકે ટુકડી ભલી, બાબુલ સારાં રાન ૭

જૈસો રંગ પતંગકો રે, ઐસો આ સંસાર;
હરિ રંગે ચોર મજીઠકો[૫], સત ભાંખે રોહીદાસ ૮

૧. રાત ૨. પસાર થાય ૩. આથમે ૪. સ્થાન ૫. પલાયન થઈ જાય

૫. ઐસે દલ રાખો રામસે રે - AS005 N005

પૂર્વી ગોડી (નાદબ્રહ્મ પદ-૫) [અનુક્રમણિકા Index_front Index_back]

ઐસે દલ રાખો રામસે રે, જૈસે રાખે ચંદ્ર ચકોર હો;

માતા રાખે બાલકો રે, મીન રહે જલ માંય;
ક્ષેણુ એક જલસે બિછુડે, તલપ તલપ જીવ જાય ૧

ભમરીકો ભેદ જ દાખીયે રે, કીટ બેરંગી હોય;
ભમર કમલસે જઈ મિલે, પ્રીત રહે લપટાય ૨

કુંજીકો હેત વખાણીયે રે, મન મિલાવવાને જાય;
સેવાઈને[૧] સામા મિલે, આપો[૨] આપને ઓળખાય ૩

પ્રીત કરંતા પ્રભુજી મિલે રે, જન્મ મરણ ભય જાય;
હેતે હરિસે ઢૂંકડો રે, જન રોહીદાસ ગુણ ગાય ૪

૧. પોષણ પામીને ૨. આત્મા આત્માથી ઓળખાય

૬. રાજા રામ સ્નેહ ન છાંડિયે - AS006 N006

પૂર્વી ગોડી (નાદબ્રહ્મ પદ-૬) [અનુક્રમણિકા Index_front Index_back]

રાજા રામ સ્નેહ ન છાંડિયે, ભાવે તન ધન જોબન જાય હો;

ગઢ મંદિર અરૂ[૧] પહોર પોકારે, ઊંચે ઊંચે ધામ;
બાંય પકડ જમ લઈ ચલેગા, કાંઈ ન આવે સાથ ૧

માત પિતા સુત બંધવા, ઔર દુલ્હાકી નાર;
એ સબ હિલમિલ બિછુડે, જાતાં ન લાગે વાર ૨

જૈસો મોતી ઉસકો, ઐસો આ સંસાર;
ક્ષેણુ એક દિસે ઝગમગે, શોભા હૈ દિનચાર 3

કબીરે રામ ન છાંડિયા, હાર હોયે ભાવે જીત;
જૈસે લગી પીડસું, દિન દિન અદકી પ્રીત ૪

૧. ઔરનું અપભ્રંશ રૂપ. અહીં અંદરના અર્થમાં

૭. શ્રી ગુરુને પાયે લાગું - AS007 N007

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૭) [અનુક્રમણિકા Index_front Index_back]

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વહેલા, શ્રી ગુરુને પાયે લાગું;
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઇ ન માગું ..... ટેક

દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય;
ત્રિવિધ તાપ મત્સર[૧] મોહ મમતા, વિકાર સઘળો જાય ૧

ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ[૨];
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ[૩] ૨

વેદ, પુરાણ, ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દૃઢ વિશ્વાસ;
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ ૩

૧. અદેખાઈ ૨. જ્ઞાની ૩. મોક્ષ

૮. બહુત ભલો હૈ ભાઈ - AS008 N008

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૮) [અનુક્રમણિકા Index_front Index_back]

બહુત ભલો હૈ ભાઈ, અવસર, બહુત ભલો હૈ ભાઈ;
મનષા દેહ દેવતાકો દુર્લભ, સો દેહી તેં પાઈ ..... ટેક

તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ;
માત તાત સ્વાર્થ કે લોભી, માયા જાળ બંધાઈ ૧

જબ લગ જરા[૧] નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ[૨];
સંત સંગત મિલી ભજો ભગવંત, સો હી સકલ[૩] સુખદાઈ ૨

કહું પોકાર ચેત નર અંધે, આ તન એળે ગુમાઈ;
કહે કબીર દેહી કાચકો કુંપો[૪], બિનસત[૫] બેર[૬] ન લાઈ[૭] ૩

૧. ઘડપણ ૨. અભિમાન ૩. બધી રીતે ૪. ઘડો ૫. વિનાશ થતાં ૬. વાર ૭. લાગે

૯. કાહે ન મંગલ ગાયે - AS009 N009

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૯) [અનુક્રમણિકા Index_front Index_back]

કાહે ન મંગલ ગાયે, જશોદા મૈયા, કાહે ન મંગલ ગાયે;
પુરણ બ્રહ્મ[૧] અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે ..... ટેક

કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે;
ના જાણું એ કોન પુન્યસે, તાકો ગોદ ખિલાવે ૧

બ્રહ્માદિક ઇન્દ્રાદિક શંકર, નિગમ[૨] નેતિ કરી ગાવે;
શેષ સહસ્ત્ર[૩] મુખે જપે નિરંતર, સો તાકો પાર ન પાવે ૨

સુંદર વદન કમલ દલ લોચન, ગૌધેનૂ કે સંગે આવે;
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે ૩

૧. અણુ અણુમાં વ્યાપેલા પરમાત્મા ૨. શાસ્ત્રો ૩. હજાર

૧૦. ભક્તિ સતગુરુ એ આની - AS010 N010

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૦) [અનુક્રમણિકા Index_front Index_back]

ભક્તિ સતગુરુ એ આની, સંતો ભાઈ, ભક્તિ સતગુરુ એ આની;
પાષાણ ફોડ ગંગા જલ પ્રગટે, હો ગઈ નવખંડ પાની ..... ટેક

એ પાનીમેં દોઉં પર્વત ડુબે, સાહેર[૧] સુરતી સમાની;
મચ્છી જાય સરોવર બૈઠે, બોલે અમૃત વાણી ૧

જહાં મચ્છી તહાં મચ્છા નાંહી, ગર્ભ રહ્યો વિના પાની;
નારી એક પુરુષ દોઉ જાયે, બુઝે વિરલા જ્ઞાની ૨

નાર પુરુષ મિલી સબ યુગ ખાયો, તહાં મેં રહું અકેલા;
કહે કબીર એ પદ હી વિચારો, સોહી ગુરુ હમ ચેલા ૩

૧. દરિયો

૧૧. ઐસે હી બની આઈ - AS011 N011

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૧) [અનુક્રમણિકા Index_front Index_back]

ઐસે હી બની આઈ, અબ મેરે, ઐસે હી બની આઈ;
કોઈ એક નિંદે, કોઈ એક વંદે, છાંડી લોક બડાઈ ..... ટેક

કુલસે નિકસ, ભયે જબ ગુનકા, બ્હોળું કુલ ન સમાઈ;
કેસરી કોટ પડે જો લંઘન, ભૂખે ઘાસ ન ખાઈ ૧

ભવસાગર તરને કે કારણ, નામ કી નાવ બનાઈ;
રામ કહ્યા સો પાર ઉતર ગયે, ડૂબી લોક બડાઈ ૨

પડ ગઈ છાપ ભક્ત ભયે નિર્ભય, ઉર અંતર લપટાઈ;
દાસ કબીર ડગે નહીં કબ હું, સાચી અચલ સગાઈ ... ૩

૧૨. રમી રહ્યો ભરપુર - AS012 N012

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૨) [અનુક્રમણિકા Index_front Index_back]

રમી રહ્યો ભરપુર, રંગીલો, રમી રહ્યો ભરપૂર;
શુદ્ધ વિચાર કરો મેરે સંતો, હૈ નયરે નહિ દૂર ..... ટેક

વેદ પુરાણ ભાગવત ગીતા, વામે[૧] લિખ્યો હૈ હજૂર;
તાહી છોડ નર ચહુદિસ ધાવૈ, સમજત નહિ નર મૂઢ ૧

આતમ એક અખંડ અનુપમ, બાજત અનહદ તૂર;
નિત્ય પ્રકાશ નિરંતર નિર્મલ, જ્યોં સરિતાકો પૂર ૨

તેરા સાહેબ હૈ તુજ માંહી, ઊઠત શબ્દકી ઘોર;
સતગુરુ મિલે સત શબ્દ બતાયો, નિતનિત બરસત નૂર ... ૩

આપ જગતકો રૂપ બન્યો હૈ, આપ જગતકો મૂલ;
કહૈ કબીર સોહિ જન જાને, જ્ઞાન ઉદય ભયે સુર ૪

૧. તેમાં

૧૩. સહજ સમાધિ ભલી હો - AS013 N013

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૩) [અનુક્રમણિકા Index_front Index_back]

સહજ સમાધિ ભલી હો, સંતો, સહજ સમાધિ ભલી હો;
જબસે દયા ભયી સદ્‌ગુરૂકી, સુરતી[૧] ન અનંત ચલી હો ..... ટેક

જહાં જહાં જાઉં સોઇ પરિકમ્મા[૨], જો કછું કરૂં સોઇ પૂજા;
ગૃહ ઉદ્યાન હોઉં સમ કરી લેખું, ભાવ મિટાઉં દૂજા ૧

શબ્દ નિરંતર માનવ રાચે, મલિન વાસના ત્યાગી;
જાગત સોવત ઊઠત બૈઠત, ઐસી તાડી લાગી ૨

આંખ ન મુંદું કાન ન રૂંધું, કાયા કષ્ટ ન ધારૂં;
ઉઘડે નયન સે સાહેબ દેખું, સુંદર વદન નિહાળું ૩

કહે કબીર જો ઉનમુન[૩] રહેની, જો પ્રગટે કર ગાવું;
દુઃખ સુખસે વહ પરે પરમપદ, સોઇ સદા સુખદાઇ ૪

૧. ચિત્તવૃત્તિ ૨. પ્રદક્ષિણા ૩. મનની ઊંચી અવસ્થા

૧૪. નામ સુમર મેરે ભાઈ - AS014 N014

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૪) [અનુક્રમણિકા Index_front Index_back]

નામ સુમર મેરે ભાઈ, સકલ તજી, નામ સુમર મેરે ભાઈ;
મિટ્ટિ કે તાન મિટ્ટિમેં મિલી હૈં, પવનમેં પવન સમાઈ ..... ટેક

બહુત જતન કર સુત કો પાલે, કાચા દૂધ પિલાઈ;
સોઈ પુત્ર તેરે કાલ હોઈ બૈઠે, બાવા કહત લજાઈ ૧

જો તિરિઆ[૧] મુખ બિડા ખવાતી, સોવતી અંગ લગાઈ;
સો તિરિઆ મુખ મૌડ કે બૈઠી, તૂટ ગઈ સકલ સગાઈ ૨

જો દેહીઆ પર નીર પખાળે, ચૂવા ચંદન લગાઈ;
સો દેહીઆ પર કાગ ઉડત હૈ, જુઠી લોગ ઘિન્નાઈ[૨] ૩

જુઠી કાયા જુઠી માયા, જુઠી લોગ લગાઈ;
કહે કબીર સુન ભાઈ સાધુ, જુઠે જગપતિ આઈ ૪

૧. સ્ત્રી-પત્ની ૨. ધમાલ

૧૫. લગન કઠિન હૈ ભાઈ - AS015 N015

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૫) [અનુક્રમણિકા Index_front Index_back]

લગન કઠિન હૈ ભાઈ, હરિસે, લગન કઠિન હૈ ભાઈ;
લગન લગે બિન કાજ ન સરિ હૈ, જીવ પ્રલય હો જાઈ ..... ટેક

મૃગ નાદ શબ્દકા ભેદી, શબ્દ સુનન કો જાઈ;
સો હી શબ્દ સુની પ્રાણ દાન દે, તનકો નાંહી ડરાઈ ૧

તજી ધન ધામ સતી એક નિકસે, સત્ય કરન કો જાઈ;
પાવક દેખ ડરે નહીં મનમાં, કુદ પડે ક્ષણ માંહી ૨

પપિહા સ્વાત બુંદ કે કારણ, પિયા પિયા રટ લાઈ;
પ્યાસે પ્રાણ જાઈ ઔર ક્યોં ન, ઔર નીર નહીં પાઈ ૩

દો દલ આન જૂજે જ્યોં સન્મુખ, શુરા લેત લડાઈ;
ટૂક ટૂક ગિરે ધરણી પે, ક્ષેત્ર છોડ નહીં જાઈ ૪

છોડ આશા અપને તનકી, નિર્ભય હરિ ગુણ ગાઈ;
કહે કબીર ઐસી લય લાગી, સ્હેજે મિલે હરિ આઈ ૫

૧૬. વાદ વદે સો જુઠા - AS016 N017

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૭) [અનુક્રમણિકા Index_front Index_back]

વાદ વદે સો જુઠા, પંડિત, વાદ વદે સો જુઠા;
રામ કહે દુનિયા ગત પાવે, ખાંડ કહે મુખ મીઠા ..... ટેક

પાવક કહીએ જો પાવ દાઝે, જલ કહે તૃષા બુઝાઈ;
ભોજન કહેતાં જો ભૂખ ભાગે, તો દુનિયા ગત પાવે ૧

નર કે સંગ સુવા હરિ બોલે, નામ પ્રતાપ ન જાને;
એક બેર ઉડ જાઈ જંગલમેં, રામ હૃદયે ન આને ૨

સાચી પ્રીત વિષે માયાશું, હરિ ભક્ત ન શું હાંસી;
કહે કબીર એક પ્રેમ ભક્તિબિના, બાંધ્યો જમપુર જાવે 3

૧૭. આયે જ્ઞાનકી આંધી - AS017 N018

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૮) [અનુક્રમણિકા Index_front Index_back]

આયે જ્ઞાનકી આંધી, સંતો, આયે જ્ઞાનકી આંધી;
ભ્રમ કી દાંડી સબે ઊઠાની, માયા રહેત ન બાંધી ..... ટેક

હેત ચિત્તકી દોઉં પુનિ ગરહી, મોહ લુંટા ટુંટા;
તૃષ્ણા છાંડી, ઘટ ભીતર, ભ્રમકા ભાંડા ફૂટા ૧

આંધી પીછે, હરિ જલ વર્ષા, તહાં હરિજન ભીંજા;
કહે કબીર ભાણ જબ ઉગ્યો, ઉદય ભયો તબ સૂઝા ૨

૧૮. રામ નામ જબ જાની - AS018 N020

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૨૦) [અનુક્રમણિકા Index_front Index_back]

રામ નામ જબ જાની, સંતો, રામ નામ જબ જાની;
પૃથ્વી તેજ પવન નભ પાની, પાંચો ગગન સમાની ..... ટેક

કોણ મરે કોણ જનમે ભાઈ, કોણ જીતે કોણ હારે;
જલકી લહેર જલહીંસે ઊપજે, કોણ તરે કોણ તારે ૧

જ્યોં જલ કુંભ જલહીમેં ધરીયા, બાહર ભીતર પાની;
ફૂટા કુંભ જલ હી જલ મિલીયા, શો ગતિ વીરલેજાની ૨

હૈ જલ થાહ[૧] થાહે નહીં પૈઇએ, સાહેર સુરતી સમાની;
ઢીમર જાલ ડાલ ક્યોં કર ગયે, મીન હો ગયે પાની ૩

ગુરુ ઉપદેશ ભક્તિ બિના હરિકી, અજ્ઞાન લોચન નહીં સૂઝે;
કહે કબીર ગુંગેકી સમસ્યા, ગુંગા હોયે સો જાણે ૪

૧. પ્રવાહ

૧૯. હરિજન ભક્તિ ન છાંડે - AS019 N021

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૨૧) [અનુક્રમણિકા Index_front Index_back]

હરિજન ભક્તિ ન છાંડે, સંતો ભાઈ, હરિજન ભક્તિ ન છાંડે;
તન સુખ સંપત્તિ જાવે સો જાવે, નામકા સનેહ જગાવે .....ટેક

શુર હથિઆર ઢળે નહીં ધરતી, જેમ વૈરી કો દલ કાંપે;
ગ્રહી તરવાર સામા જોઈ ધાવે, સ્તંભ દેહી પાવ રોપે ૧

કેસરી ઘાસ ખાય નહીં કબહું, પ્રાણ નિકલ ક્યોં નવ જાયે;
કહે કબીર જન નામ ઉચ્ચારો, ઔર ન સમરો કાંઈ ૨

૨૦. ગૌચારી ઘેર આવે - AS020 N023

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૨૩) [અનુક્રમણિકા Index_front Index_back]

ગૌચારી ઘેર આવે, શ્યામળિયો વ્હાલો, ગૌચારી ઘેર આવે;
પીંઢારો પરવર્યો મોહન, મધુરી શી મુરલી બજાવે ..... ટેક

ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે;
શ્યામ તણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે ૧

અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું;
નરસૈંઈના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું.. ૨

૨૧. નયણે નારાયણ નીરખું - AS021 N027

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૨૭) [અનુક્રમણિકા Index_front Index_back]

નયણે નારાયણ નીરખું, સંતો, નયણે નારાયણ નીરખું;
જો દિન ભક્ત સંતકી સેવા, સોઈ દિન તે લેખું ..... ટેક

ચરણ સોઈ નર સમ કીનો, કરશું હરિને પૂજ્યા;
શિષ સોઈ નમે સંતનકો, રસના ઔર ન દૂજા ૧

આ સંસાર હાટ કા મેલા, સબકો વણજે આયા;
એકે લાભ ચો ગણા પાયા, એકે મૂલ ગમાયા ૨

આતમરામ દેહ ધરી આયા, તાહિં મેં હરિ પેખુ;
નામદેવ કે સ્વામી અંતર્યામી, હરિ બિન અવર ન લેખું ૩

૨૨. કલિયુગમેં હરિ કીર્તન સાર - AS022 N028

(નાદબ્રહ્મ પદ-૨૮) [અનુક્રમણિકા Index_front Index_back]

કલિયુગમેં હરિ કીર્તન સાર;
વેદ પુરાણ શાસ્ત્ર શોધ કે, સબ સંતન મિલી કિયો હૈ વિચાર ..... ટેક

સતયુગમેં સૌ વિષ્ણુ ઉપાસી, ત્રેતા તપ, પરે આચાર;
કલિયુગમેં એક રામ ભજન કરી, અનેક પતિત ભવ ઉતરે પાર ... ૧

વિધિ નક્ષત્ર કલિયુગમેં કાચો, સાચો હરિ કો નામ આધાર;
જન જ્ઞાની સતગુરૂ સમજાવે, રામ સુમ મન વારંવાર ૨

૨૩. આરતી હો દેવ શિરોમણી તેરી - AS023 N029

(નાદબ્રહ્મ પદ-૨૯) [અનુક્રમણિકા Index_front Index_back]

આરતી હો દેવ શિરોમણી તેરી;
અવિગત વિગત જુગત નહીં જાણું, ક્યોં પહોંચે બુધ મેરી ... ટેક

નિરાકાર નિર્લેપ નિરંજન, ગુણ અતીત તુમ દેવા;
જ્ઞાન ધ્યાન સે રહે ન્યારા, કિસબિધ કીજે સેવા ૧

નિગમ નેતિ બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે;
શંકર ધ્યાન ધરે નીશી બાસર, સો ભી અગમ બતાવે ૨

સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લખીએ ન જાયે;
કહે કબીર કૃપા કરી જન પર, જ્યોં હૈ ત્યોં સમજાયે ૩

૨૪. આરતી કીજે નરસિંહ પ્રભુકી - AS024 N030

(નાદબ્રહ્મ પદ-૩૦) [અનુક્રમણિકા Index_front Index_back]

આરતી કીજે નરસિંહ પ્રભુકી, વેદ વિમલ જશ ગાવે ..... ટેક
પહલી આરતી પ્રહ્લાદ ઉગારે, હિરણ કશીપુ નખ ઉદર બિડારે ૧
દુસરી આરતી વામન સેવા, બલિ કે દ્વારે પધારે હો દેવા ૨
તીસરી આરતી બ્રહ્મા સધારે, સહસ્ત્રા બાહુ કે કારજ સારે ૩
ચોથી આરતી અસુર સંહારે, ભક્ત વિભીષણ લંકા સધારે ૪
પાંચમી આરતી કંસ પછાડે, ગોપી ગ્વાલ સખાપતિ પાલે ૫
તુલસી કે પત્ર કંઠ મણિ હીરા, હરખી નીરખે ગાવે દાસ કબીરા ૬

૨૫. આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે - AS025 N031

(નાદબ્રહ્મ પદ-૩૧) [અનુક્રમણિકા Index_front Index_back]

આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે,
ભક્તિ કરો તો જમકો જવાબ દીજે ..... ટેક
પહલી આરતી પુષ્પ કી માલા,
કાલિ નાગ નાથી લાયે કૃષ્ણ ગોવાળા ... ૧
દુસરી આરતી દેવકીનંદન,
ભક્ત ઉદ્ધારણ[૧] કંસ નિકંદન ૨
તીસરી આરતી ત્રિભુવન મોહે,
રત્નસિંહાસન રઘુવર રામજીકો શોહે ૩
ચોથી આરતી ચૌંદિશ[૨] પૂજા,
દેવ નિરંજન સ્વામી ઔર ન દૂજા ૪
પાંચમી આરતી રામજીકો ભાવે,
રામજીકો હરિ જશ નામદેવજી ગાવે ૫

૧. ઉદ્ધારને માટે ૨. ચારે તરફ

૨૬. ઐસી આરતી કરો મન જ્ઞાની - AS026 N032

(નાદબ્રહ્મ પદ-૩૨) [અનુક્રમણિકા Index_front Index_back]

ઐસી આરતી કરો મન જ્ઞાની, હર પલક ન વિસરૂં સારંગપાણિ[૧];
પાંચ[૨] પચ્ચીસ કા કરો હો વિચારા,
જ્યોત મેં આત્મા રામજી પ્યારા ... ટેક

પ્રેમકા ધપ સુરત કી બાતી, બ્રહ્મ કી જ્યોત અખંડ દિનરાતિ;
ગુરુ ગોવિંદની આરતી કરલે,
કહે કબીર ભવસાગર તરલે ૧

૧. રામ
૨. પચીસ પ્રકૃતિમાં તત્વો-પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ વિષયો, પાંચ પ્રાણો, પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ

૨૭. ઐસી આરતી ત્રિભુવન તારી - AS027 N033

(નાદબ્રહ્મ પદ-૩૩) [અનુક્રમણિકા Index_front Index_back]

ઐસી આરતી ત્રિભુવન તારી, તેજપુંજ જહાં પ્રાણ આધારે ..... ટેક
બાતી[૧] પાંચ પુષ્પ[૨] કર પુજા, દેવ નિરંજન સ્વામી ઔર ન દુજા ૧
દીપક ધ્યાન શબ્દ ધૂની ઘંટા, પરમ પુરુષ જહાં દેવ અનંતા ૨
ગગનથાળ જહાં ઉડુગણ મોતી, ચંદ સૂરજ જહાં નિર્મલ જ્યોતિ ... ૩
તનમન શિષ સમર્પણ કીજે, પ્રગટ જ્યોત જહાં આતમસીઝે ૪
પ્રેમ પ્રકાશ સકલ ઉજિયાળાં, ગાયે કબીર જન દાસ તુમ્હારા ૫

૧. દિવેટ
૨. પાંચ ફૂલો વડે- અહીં પ્રાણ રૂપી ફૂલો વડે- પાંચ પ્રાણો આ પ્રમાણે છે: પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન ને સમાન

૨૮. શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ - AS028 N039

(નાદબ્રહ્મ પદ-૩૯) [અનુક્રમણિકા Index_front Index_back]

શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ પુરુષોત્તમ પેઢે નહિ રે,
હરિ અવિગત ગોવિંદ સંતજી રે, સહાય કરો શ્રીપતિ ધણી રે,
હરિ ચત્રુભુજ શ્યામલ વર્ણ, સારંગધર સોહામણો રે,
હરિ રૂંવડેલો વૈકુંઠ નાથજી રે, દુક્કીત હરણ દામોદર રે,
હરિ નિરંજન નિરાકાર, નિષ્કલંક પુરુષે આરાધીયે રે,
ધન ગાયે દ્વારિકા નાથજી રે, શ્યામલ વર્ણ સોહામણો રે,
હરિ સેવ્યો સમર્થ સાર, પાર લે એનો કોઇ નવ લહે રે,
હરિ સોહે છે અવિનાશ વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી રે,
હરિ માધવ મુકુંદ મોરાર, મહાદેવ સોહામણો રે,
હરિ ભક્તિ મુક્તિ દાતાર લ્યો, નારાયણ છે નિર્મલો રે,
સદા સારંગધર શું વિચાર, પાર લૈ કાનૈયો આત્મા રે,
આવી વેગે મળ્યો વિશ્વાસજી રે, તારોની ત્રિભોવન ટળવળે રે,
જીવ તો મોહ્યો છે કુળમાં, કલીકાલે જીવ જંપીઓ રે,
એ તો હરિ વિના નવ લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,
સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટ્યો રે,
ભલે આવ્યા પરિબ્રહ્મ રાય વ્હાલો, વૈષ્ણવજન માંહી પરવર્યો રે,
હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ધણીનો રે,
હરિનો આવ્યો જ્યારે મન વિશ્વાસ ત્યારે, પાસ છૂટ્યા ચાર ખંડના રે,
હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,
ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે.

દોહરો
આદિ અનાદી એક તું, સ્થાવર જંગમ તારૂં નામ.
તું અમર ને તારૂં નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

૨૯. લાડકડા મનવા તું - AS029 N040

(નાદબ્રહ્મ પદ-૪૦) [અનુક્રમણિકા Index_front Index_back]

લાડકડા મનવા તું, હરિ ભજ, વિલંબ ન કર રે
લાડકડા મનવા તું, સમજી, સુમારગ ચલ રે

કામ ક્રોધ મદ લોભ નિવારો, તૃષ્ણા[૧] દુર્મતિ[૨] કપટ વિસારો;
લે ગુરુ જ્ઞાન દીપક અજવાળાં, તો તેરો મિટ હૈ તિમિર રે ૧

લક્ષ ચોરાસી તું ભમી ભમી આવ્યો, મનષા જન્મ પદારથ પાયો;
હીરો હાથ બહોર[૩] નહીં આવે, તું મોક્ષ મુક્ત અવસર રે ૨

પડદા ખોલ મગ્ન હોઈ રાચ્યો[૪], પુરણમત્ત પ્રભુ સોહી રંગે રાચ્યો;
પરધન પરદારા પરત્યાગી, તું પરનિંદા પરહર રે ૩

ગજપતિ છત્રપતિ ભૂપ કહાવે, બૈઠે તખ્ત પર ચમર ઢોળાવે;
એ સુખ સ્વપ્ને કશું તેરે નાંહિ, તું કાલચંદ્રસે[૫] ડર રે ૪

આ તનકો સુખ શુદ્ધ લગાવે, ષટ્રસ[૬] અમૃત ભોજન પાવે;
આ તન કોડી કામ ન આવે, જબ ઉડ ચલે ભ્રમર રે ૫

લાખે ક્રોડે પદ્મ[૭] નહીં પાવે, જે પલ તો હે સતગુરુ વિના જાયે;
જીતી જન્મ પદારથ પાવે, જો તું સમરે સતગુરુ રે ૬

માત પિતા સુત બંધુ દારા, સબ તજી ચલ્યો હૈ અંતકી બેરા;
ચેત ચેતનકર ચેત સવેળા, તું ચેત અલખ[૮] અમર રે ૭

ૐૐૐ

૩૦. મેરે પિયુ તો બસે રે અગમપુરી - AS030 N041

(નાદબ્રહ્મ પદ-૪૧) [અનુક્રમણિકા Index_front Index_back]

મેરે પિયુ તો બસે રે અગમપુરી, મિલના કૈસે હોય .... ટેક

હાંજી ઢૂંઢત ઢૂંઢત મેં જરજર્યાં[૧], ખેવટ[૨] મત બાલ;
વ્રેહ[૩] રૂપી નદીઓ વહે, કિસબિધ ઉતરું પાર ૧

હાંજી[૪] પત્તિયાં લખી લખી ભેજતી, કોઈ ન કહે રે સંદેશ;
ઉસે નગરીમેં બાલમ બસે, કોન કહા એ દેશ ૨

પાપ પુન્ય દોઉં વાણી, વિષયા લગી રે બજાર;
કેતેક સોદા કર ગયે, કેતેક આવનહાર ૩

કહે કબીર સુનો સાધુઓ, સબ મિલિ કરો વિચાર;
પહલે પર્ચે ગુરુ મળ્યા, દૂજે સરજન હાર ૪

૧. પ્રત્યેક સ્થળે અથવા જરેજર જગ્યામાં
૨. શોધ
૩. વિરહ
૪. ગાવા માટે તાલયુક્ત શબ્દ

૩૧. જોને વિચારી તું જીવડા - AS031 N044

(નાદબ્રહ્મ પદ-૪૪) [અનુક્રમણિકા Index_front Index_back]

જોને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યોજી;

આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવુંજી;
વચમેં સંબંધ શા કામના, માયા જાળમેં[૧] બંધાયોજી ૧

મારૂં મારૂં શું કરી રહ્યો, નહિ મળે તારૂં તનજી;
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી ૨

ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઇ હાથે વપરાયજી;
અંત સમે સહુ મેલી[૨] જાશે, પલમેં થશે પરાયોજી ૩

જમ રે જોરાવર લઇ જશે, મેલશે ચોરાશીમેં[૩] ઠેલીજી;
દારૂણ[૪] દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી ૪

સાચું સગપણ હરિગુરૂ સંતનું, જીવને જાલમેંથી[૫] કાઢેજી;
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને[૬] ભેટાવેજી ૫

માની શકે તો માનજે, લેવો મનષાનો[૭] લ્હાવોજી;
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવજી[૮] ૬

૧. માયા મનમાં રહેલી છે. તેમાંથી મમતાના તાંતણા વડે જાળ બંધાય છે. ક્ષણિક સુખમાં જીવ રાચે છે. ઈશ્વરને ભૂલી જાય છે. ૨. મૂકીને ૩. જન્મ મરણના ફેરા ચોર્યાસી લાખ ગણાય છે. ૪. ભયંકર ૫. માયાની જાળમાંથી ૬. ઈશ્વરને ૭. મનુષ્યજનોને ૮. તક. મનુષ્ય જન્મમાં જ ઉત્ક્રાંતિ થઈ શકે. પ્રભુના દર્શનની તક માનવ દેહ દ્વારા જ સાધી શકાય.

૩૨. મારું મન માન્યું રમતા રામ શું - AS032 N045

(નાદબ્રહ્મ પદ-૪૫) [અનુક્રમણિકા Index_front Index_back]

મારું મન માન્યું રમતા રામ શું, ભજીલોની સર્જનહારજી;

અરધ ઉરધને[૧] ચોતરે, ત્યાં છે સંતનો મુકામજી;
ચતુર ચતુર નર સોદા કરે, ત્યાં નહિ મૂરખનું કામજી ૧

ચંદા સુરજ દોઉ સમવર્યા[૨], તખ્ત ત્રિવેણીને[૩] ઘાટજી;
અંતર અજવાળા હોઇ રહ્યાં, વિઘ્ન[૪] વ્યાપે[૫] ના અંગજી ૨

ક્ષર અક્ષરની[૬] ઉપરે, હંસ[૭] પહોંચ્યા ત્યાં જાયજી;
કર્મ ભરમ વ્યાપે નહીં, સુખમેં રહ્યો સમાયજી ૩

અરસપરસ એમ હોઇ રહ્યાં, બાજે અનહદ તૂરજી[૮];
દાસ કબીર નિર્ભય[૯] ભયા, લાગી અલખ[૧૦] શું લયજી ૪

૧. બે ભ્રમરની વચ્ચે આજ્ઞાચક્ર આવેલું છે તે જગ્યા
૨. સરખા થયા અથવા તો શાંત થયા
૩. ઈડા, પિંગલા ને સુષુમ્ણા નાડી જ્યાં ભેગી થાય છે તે જગ્યા
૪. વિક્ષેપો-સંકટ
૫. ફરી વળે
૬. ક્ષર એટલે નાશવંત અક્ષર એટલે જે નાશવંત નથી તે
૭. આત્મા અથવા જીવ
૮. શરીરમાં જે ચેતન તત્વ છે તે શરીરની બહાર ચરાચરમાં વ્યાપેલા ચેતન તત્વ સાથે એકરૂપ બને ત્યારે અપાર આનંદ અનુભવ થાય. તૂર વાગે ત્યારે સાંભળનારને જેવી મસ્તી ચઢે તેવી મસ્તીનો અનુભવ થાય.
૯. જન્મમરણના ભયથી રહિત બની જવું તે
૧૦. લક્ષમાં ન આવે તેવા પ્રભુમાં મનનો લય થઈ જવો.

૩૩. જનુની જીવો રે ગોપીચંદની - AS033 N046

(નાદબ્રહ્મ પદ-૪૬) [અનુક્રમણિકા Index_front Index_back]

જનુની જીવો રે ગોપીચંદની, પેરનો પુત્રને પ્રેર્યો વૈરાગજી;
ઉપદેશ આપ્યો એણી પેરનો, લાગ્યો સંસારીકો આગજી ... ટેક

ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યા કઠણ વચનજી;
રાજસાજ સુખ પરહણી, વેગે ચાલ્યા વનજી ૧

ઊઠી ન શકે રે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને દેખી ત્રાસ ઉપન્યો, લીધી ફકીરી છોડ્યો ફંડજી ૨

ભલો રે ત્યાગ ભરથરી તણો, તજી સોળસેં નારજી;
મંદિર ઝરુખા મેલી કરી, આસન કીધેલાં બહારજી ૩

એ વૈરાગ્યવન્તને જાઉં વારણે, બીજા ગયાં રે અનેકજી;
ભલા રે ભૂંડા અવની ઉપરે, ગણતાં ના આવે છેકજી ૪

ક્યાં ગયું કુલ રાવણ તણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન વેવારજી ૫

છત્રપતિ ચાલી ગયા, રાજ મુકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપનજી ૬

સમજી મૂકો તો સારૂં ઘણું, જરૂર મુકાવે જમજી;
નિષ્કુળાનંદ કહે નહિ મટે, સાચું કહું ખાઈ સમજી ૭

૩૪. ત્યાગ ન ટકે રે વૈરાગ વિના - AS034 N047

(નાદબ્રહ્મ પદ-૪૭) [અનુક્રમણિકા Index_front Index_back]

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીએ કોટિ ઉપાયજી;
અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરીને તજાયજી ..... ટેક

વેશ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપર વેષ આછો બન્યો, માંહી મોહ ભરપૂરજી ૧

કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાયજી ૨

ઉષ્ણ રતે અવની વિષે, બીજ નવ દીસે બહારજી;
ઘન વરસે, વન પાંગરે, ઇન્દ્રિય વિષય લે આકારજી ૩

ચમક દેખીને લોહ ચળે, ઇન્દ્રિય વિષય સંજોગજી;
અણભેટ્યે રે અભાવ છે, ભેટ્યે ભોગવશે ભોગજી ૪

ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથજી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનરથજી ૫

ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ બગડ્યું દૂધજી;
ગયું ઘૃત-મહી-માખણ થકી, આપે થયું રે અશુદ્ધજી ૬

પલમાં જોગી ને ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગીજી;
નિષ્કુળાનંદ એ નરનો, વણ સમજ્યો વૈરાગજી ૭

૩૫. ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો - AS035 N050

(નાદબ્રહ્મ પદ-૫૦) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, દિવસ ને રાતજી;
માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજ્યો નહિ શુદ્ધ વાતજી ... ટેક

કુંભ કાચો ને કાયા જાવરું, જોઇને કરો રે જતનજી;
વણસંતા વાર લાગે નહિ, રાખે રૂડુ રે મન ૧

કોના છોરૂં ને કોના વાછરૂં, કોના મા ને બાપજી;
અંત કાલે જાવું એકલું, સાથે પુન્ય પાપજી ૨

જે ઘેર નોબત વાજતી, રૂડા છત્રીશ રાગજી;
ખંડેર થઇ ખાલી પડયાં, કાળા ઉડે રે કાગજી ૩

જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી;
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠજી ૪

ઉલટી નદી પૂર ઉતરી, જાવું પેલે પારજી;
આગળ નીર મળે નહીં, જે જોઇએ તે લેજો સાથજી ૫

સત્કર્મ સત્ વસ્તુ ઓરજો, ઇશ્વર સ્મરણ સાથજી;
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથજી ૬

૩૬. જે કુલમેં કોઇ ભક્ત ન કહાવે - AS036 N051

(નાદબ્રહ્મ પદ-૫૧) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

જે કુલમેં[૧] કોઇ ભક્ત ન કહાવે, કુલકો કહાં લજાવે;
ગર્ભ સહિત એની માતા ક્યોં ન મર ગઇ, ઐસા બેટા ન આવે ... ટેક

જોરુ લડકા સબે મિલિને, માયામેં લપટાયે;
પાણી વલોવતાં માખણ નહિ આવે, તત્વ[૨] કહાંસે પાયે ૧

બાહર ઉજળા ભીતર મેલા, ઘણા સ્વાદે ગાવે;
પ્રીત વિના પાનો[૩] નહિ આવે, વળી વળી વાછરૂં ધાવે ૨

ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે, કોટી ધજ્જ કહાવે;
જો દીપકમેં જલે પતંગા, ઐસે આપ જલાવે ૩

સંત સંગતમેં પલ નહિ આવે, જમકા હોર્યા જાવે;
કહે કબીર સુનો ભાઇ સાધુ, ફીર ચોરાશી[૪] પાવે ૪

૧. કુળમાં કુટુંબમાં
૨. સત્ય અથવા જ્ઞાનના અર્થમાં
૩. વાછરડું માતૃભાવે ઉછરે છે. અરસપરસના સંબંધે પ્રીત જન્મે છે. માત્ર આંચલ ચૂસવાથી દૂધ પ્રાપ્ત કરી શકાય નહિ. પ્રભુ પરાયણતા દ્વારા જ ભક્તિ જન્મે છે અને સુખ શાંતિનો અનુભવ થાય છે.
૪. જન્મ મરણના ફેરા

૩૭. જે ઘેર કથા નહિ, હરિ કીર્તન - AS037 N052

(નાદબ્રહ્મ પદ-૫૨) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

જે ઘેર કથા નહિ, હરિ કીર્તન, સંત નહિ મીજમાના[૧];
તે ઘેર જમરા ડેરા દિને, સાંજ પડે સ્મશાના ..... ટેક

મારું મારું[૨] કરતાં મૂરખ મર જાઈગો, મિટે ન માન ગુમાના;
હરિ ગુરુ સંતની સેવા ન કીધી, કિસબિધ હોયે કલ્યાણ[૩] ૧

ફાલ્યો ફૂલ્યો ફિરત હૈ, કહાં દેખડાવે અંગ;
એક પલકમેં ફંદ[૪] હો જાયેગા, જૈસા રંગ પતંગા[૫] ૨

નાભી કમલ બીચ દાવ ચલત હૈ, દ્વાદશ[૬] નેન ઠરાનાં;
અર્ધ તખ્ત[૭] પર નૂરત[૮] નિસાના, સો સતગુરૂકા સ્થાના ૩

જ્ઞાન ગરીબી પ્રેમ બંદગી, સત્ નામ નિસાના;
વ્રેહ વૈરાગ્યે ગુરૂગમ જાગે, તે ઘેર કોટિ કલ્યાણ ૪

કાલ દાવમેં લઈ રહ્યો રે, કહાં બુઢ્ઢો કહાં જુવાન;
કહે કબીર સુનો ભાઈ સાધુ, છોડી દો અભિમાન ૫

૧. મહેમાનગીરી અથવા સત્કારની ભાવના ૨. મમતા સ્વાર્થના કેન્દ્રમાં ખેંચે છે તેથી તે સિવાય અન્યમાં રસ પણ જન્મતો નથી. પરમાર્થનો વિચાર આવે જ ક્યાંથી ? ને 'હું'ને 'મારું' નાં કુંડાળામાંથી જીવ બહાર નીકળતો નથી. ૩. આત્મકલ્યાણ ૪. નાશ ૫. જેમ અગ્નિમાં પતંગિયા નાશ પામે તેમ ૬. બાર ૭. પ્રાણની સામ્ય અવસ્થા ૮. જે દુન્યવી પદાર્થોમાં રત નથી તેવી ચિત્તની વૃત્તિ

૩૮. રામનામ તત્વ સાર જગતમેં - AS038 N054

(નાદબ્રહ્મ પદ-૫૪) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

રામનામ તત્વ સાર જગતમેં, ભજી લો વારંવાર;
બેર બેર તો શીખ દેત હું, સમજ્યો ક્યોં ન ગમાર ..... ટેક

લોભ લહેરકી નદી ચલત હૈ, લક્ષ ચોરાશી ધારા;
હલકે હલકે પાર ઉતર ગયે, પાપી સહે શિરભારા ૧

સુખ સંપત્તિ અરુ દોલત જ્યાદા, ઈનમેં કહાં તુમ્હારા;
કહે કબીર સુનો ભાઈ સાધુ, હરિ ભજી ઉતરો પાર ૨

૩૯. આનંદ મંગલ કરું શુભ આરતી - AS039 N055

(નાદબ્રહ્મ પદ-૫૫) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

આનંદ મંગલ કરું શુભ આરતી, હરિ ગુરૂ સંતની સેવા;
પ્રેમ ધરી મારે મંદિરે પધરાવું, સુંદર સુખડા લેવા ..... ટેક

કોટિ તીર્થ સંતન કે ચરણે, ગંગા જમના રેવા;
ત્રિભોવન તારણ જગત ઉદ્ધારણ, મૂર્તિ અકલ અભેવા ૧

રત્નકો ભવન બાહર ભીતર, આનંદ રુપી એવા;
કહે પ્રીતમ ઓળખ અનુસારા, હરિજન તે હરિ જેવા ૨

૪૦. હરિના ભજન વિના ધિક્ નરનારી - AS040 N057

(નાદબ્રહ્મ પદ-૫૭) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

હરિના ભજન વિના ધિક્[૧] નરનારી, પ્રભુ ભજન વિના ધિક્ નરનારી;

વૃથા[૨] જન્મ ધર્યો સંસારી, બિન સુમરણ બાજી હારી ૧

ગુરૂ બિન ચેલા મુક્તિ ન પાવે, શબ્દ ન ચીને[૩] અહંકારી ૨

વિધવા નાર ધરે શણગાર, શોભિત નહીં બિન ભરથારી ૩

સુંદર નાર આભુષણ પહેરે, તીન લોક ફાસી[૪] ડારી ૪

કહે કબીર સુનો ભાઈ સાધુ, સબયુગ દેખોં અંધિયારી[૫] ૫

૧. ધિક્કાર છે ૨. નકામો ૩. બતલાવે ૪. ફાંસો ૫. અજ્ઞાન

૪૧. હરિનો મારગ છે શૂરાનો - AS041 N058

(નાદબ્રહ્મ પદ-૫૮) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

હરિનો મારગ છે શૂરાનો[૧], નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને ..... ટેક

સુત વિત[૨] દારા શીશ સમર્પે, તે પામે રસ[૩] પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા[૪] જોને ૧

મરણ આંગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે[૫] જોને;
તીરે ઊભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને ૨

પ્રેમપંથ પાવકની[૬] જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને ૩

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને ૪

રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે[૭] જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનિદન નરખે જોને ૫

૧. માયાના મોહમાં મન નિર્બળ બની ગયેલું હોય છે તેથી હરિના માર્ગે તે પ્રયાણ કરી શકતું નથી. શૂરવીર એટલે બળવાન મન જ આ પંથે આગળ વધે. ૨. સંપત્તિ ૩. સર્વ સમર્પણ કર્યા પછી હરિની કૃપાનો રસ પીવા મળે છે. ૪. દરિયામાં ડૂબકી લગાવી મોતી શોધનારા ૫. ઈચ્છા તૃષ્ણા ફળતી નથી
૬. અગ્નિની ૭. ઓળખે અથવા જાણે

૪૨. સંત કૃપાથી છૂટે માયા - AS042 N059

(નાદબ્રહ્મ પદ-૫૯) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસોશ્વાસે સ્મરણ કરતાં, પાંચે પાતક[૧] જાય જોને ..... ટેક

કેસરી કેરે નાદે નાસે, કોટિ કુંજર[૨] જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સુખ જોને ૧

અગ્નિને ઉધેઈ ન લાગે, મહામણિને મેલ જોને;
અપાર સિંધુ મહાજળ ઊંડા, મરમીને[૩] મન સહેલ જોને ૨

બાજીગરની બાજી તે તો, જંબુરો[૪] સૌ જાણે જોને;
હરિની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે[૫] જોને ૩

સંત સેવતાં સુકૃત[૬] વાધે, સહેજે સીધા કાજ જોને;
પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડરાજ જોને ૪

૧. પાંચ પ્રકારના પાપો
૨. હાથી
૩. જ્ઞાનીને
૪. જાદુગર જ પોતાની બાજીને જાણે છે. બીજા તો ભ્રમમાં જ રહે છે.
૫. બંધાવું અથવા નાથાઈ જવું
૬. પુણ્યો

૪૩. હરિ મહિમા મોટા જન જાણે - AS043 N060

(નાદબ્રહ્મ પદ-૬૦) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

હરિ મહિમા મોટા જન જાણે, સનકાદિક શુકદેવ જોને;
અજતનયા ઉમિયાપતિ વંદે, કરે કમળાપતિ સેવ જોને ... ટેક

વ્યાસવિરંચી વેદ વખાણે, અપારલીલા એની જોને;
નાથ વિના બીજો નહિ બળિયો, જોયું ચિત્તમાં ચીને[૧] જોને ... ૧

સદા સર્વદા સુખમાં ઝીલું, સુંદરવરને સંગે જોને;
માટે મારૂં મન મોહ્યું છે, રસિકવરને રંગે જોને ૨

અગર ચંદનના વનમાં જઈને, ભોગી ભમરો બેઠો જોને;
ઉડીને અળગો નવ જાયે, સ્વાદ સુખડનો દીઠો જોને ૩

કમલ નયનની સુંદર શોભા, નિરખું નૌતમ[૨] નિત્ય જોને;
પ્રીતમના સ્વામીને ચરણે, બાંધીપૂરણ પ્રીત્ય જોને ૪

૧. બતાવે
૨. નિત્ય સુંદર

૪૪. મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે ! - AS044 N061

(નાદબ્રહ્મ પદ-૬૧) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે !
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ[૧] પાળજો રે !

પથ્યાપથ્ય[૨] નથી સમજાતું, દુઃખ સદૈવ[૩] રહે ઉભરાતું,
મને હશે શું થાતું નાથ નિહાળજો રે !

અનાદિ[૪] આપ વૈદ્ય છો સાચા, કોઇ ઉપાય વિશે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા[૫] વેળા વાળજો રે !

વિશ્વેશ્વર[૬] શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો ?
મહા મૂંઝારો[૭] મારો, નટવર ટાળજો રે !

કેશવ હરિ મારું શું થાશે ? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે !
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે !

૧. પ્રભુતાનો મોભો
૨. ચારી-યમનિયમ વગેરે
૩. હંમેશા
૪. જેનો કોઈ પ્રારંભ જ નથી એવા
૫. ઓછા
૬. વિશ્વનું સંચાલન કરનાર પ્રભુ
૭. મૂંઝવણ

૪૫. અમને અંત સમયે લેવા આવજો રે - AS045 N062

(નાદબ્રહ્મ પદ-૬૨) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે

શ્રીમદ્[૧] સતગુરુ નામ પ્યારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું[૨];
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે ..... અમને

વિકટ સમય સાચવજો વ્હાલા કહું કોટિ કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દર્શાવજો રે ..... અમને

વસમી અંતસમયની વેળા વહારે ધાજો વિઠ્ઠલ વહેલા;
પ્રણત[૩] પાસનું પહેલાં પણ પરખાવજો રે .... અમને

મરકટ જેવું મન અમારું તત્વ તોડે તાન તમારું;
અંતરનું અંધારું સદ્ય[૪] સમાવજો રે ..... અમને

દેજો દર્શન જનમનહારી, પરમકૃપાળુ વિરુદ તિહારી;
રત્નમય બલિહારી બાપ બચાવજો રે ..... અમને

૧. પ્રભુની શક્તિઓથી સદૈવ વિભૂષિતને શ્રીમદ્ કહેવામાં આવે છે.
૨. શ્રેય
૩. ભક્ત-અહીં ભક્તિ
૪. તરત જ

૪૬. હરિ ભજ હરિ ભજ હીરા પરખ લે - AS046 N063

(નાદબ્રહ્મ પદ-૬૩) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

હરિ ભજ હરિ ભજ હીરા પરખ લે, ખોજ પકડ તેરી મજબુતી;
તેરા સાહેબ તુજમેં જોઈ લે, જબ જાણું તેરી બુધ[૧] મોટી .... ટેક

અંતર ઘટમેં સતગુરુ પ્રકટ્યા, અનહદ જ્યોત[૨] જલહલ રહેતી;
અકલ કલા[૩] અવિનાશી પુરુષ, સતગુરુ દષ્ટિમેં જોતી ૧

રણઝણ રણઝણ વેણ વાગે, જલ મલ જલ મલ હું જોતી;
ત્રિવેણીના મોલ પર, હંસલા ચૂગે[૪] નીજ મોતી ૨

પાંચ ચોર[૫] બસે ઘટ ભીતર, ઉનકો કાટો શિરજોરી;
પાંચકો માર પચ્ચીસકો[૬] જીતો, જબ જાણું તેરી બુધ મોટી .. ૩

પાકી ઘડીકા તોલ બના, કભી ન રાખુ એક રતી;
કહત કબીર સુનો ગોરખજી, અલેખ લગી સો ખરા જીતી ૪

૧. બુદ્ધિ
૨. આત્મા શરીરમાં પ્રકાશ સ્વરૂપે રહેલો છે. તેની જ્યોતિ હરહંમેશ ઝગતી રહે છે.
૩. જાણી ન શકાય એવી તેની ગૂઢ કળા છે.
૪. વણે છે.
૫. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ આ પાંચ ચોર શરીરમાં રહે છે.
૬. તેને મારવાથી પચીસ તત્વની પ્રકૃતિ વશમાં આવે છે.

૪૭. ભજો મન રે પંખીડા - AS047 N064

(નાદબ્રહ્મ પદ-૬૪) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ભજો મન રે પંખીડા, મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે;

એક દિવસમાં ત્રણ જ ફેરા, સદાય જંપે કાળ રે;
અણચેત્યો તને લઈ જશે, પછી કોણ છોડાવન હાર રે ૧

અન્ય દેવકી પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે;
ભુતની પેરે ભમતો ફરે છે, એનો એળે ગયો અવતાર રે ... ૨

જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે;
નીર સઘળું જ્યારે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય રે... ૩

માતા તારી સદા રૂવે, બેની રૂવે દસ માસ રે;
સ્ત્રી રૂવે તેર દહાડા, ઔર ઢુંઢે ઘરવાસ રે ૪

શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા લગી મા બાપ રે;
તીર્થ લગી સગાં બંધુઓ, હંસ તું એકલો જાય રે ૫

હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે;
કંચન સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે... ૬

મારું મારું પ્રાણી મિથ્યા થશે, જૂઠો આ જગત વહેવાર રે;
દાસ રણછોડ પ્રભુ હરિને ભજી લો, પલમેં ઉતારે ભવપાર રે..૭

૪૮. મન ! તોહે કેહિ વિધ કર સમઝાઉં - AS048 N065

(નાદબ્રહ્મ પદ-૬૫) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

મન ! તોહે કેહિ વિધ કર સમઝાઉં;

સોના હોય તો સુહાગ[૧] મંગાઉં, બંકનાલ[૨] રસ લાઉં;
ગ્યાન શબ્દકી ફૂંક ચલાઉં, પાની કર પિઘલાઉં ૧

ઘોડા હોય તો લગામ લગાઉં, ઉપર જીન કસાઉં;
હોય સવાર તેરે પર બૈઠું, ચાબૂક દેકે ચલાઉં ૨

હાથી હોય તો ઝંઝીર ચઢાઉં, ચારો પૈર બંધાઉં;
હોય મહાવત તેરે પર બૈઠું, અંકુશ લેકે ચલાઉં 3

લોહા હોય તો એરણ મંગાઉં, ઉપર ધુવન[૩] ધુવાઉં;
ધુવનકી ઘનઘોર મચાઉં, જંતર[૪] તાર ખિચાઉં ૪

ગ્યાની હોય તો જ્ઞાન શિખાઉં, સત્યકી રાહ ચલાઉં;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, અમરાપુર પહુંચાઉં ૫

૧. સોનીનું સુવર્ણને શુદ્ધ કરવાનું સાધન
૨. ભૂંગળી
૩. ધમણ
૪. જંત્ર-યંત્ર-મતલબ કે યાંત્રિક રીતે સમજી મુજબ આકાર આપવો.

૪૯. મન લાગો મેરો યાર ફકીરીમેં - AS049 N067

(નાદબ્રહ્મ ૫૬-૬૭) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

મન લાગો મેરો યાર ફકીરીમેં

જો સુખ પાવે રામ ભજનમેં;
સો સુખ નાહિ અમીરીમેં ૧
ભલા બુરા સબકા સુનિ લીજૈ;
કર ગુજરાન ગરીબીમેં ૨
પ્રેમ નગરમેં રહનિ હમારી
ભલિ બનિ આયી[૧] સબૂરીમેં ૩
હાથમેં હૂંડી બગલમેં સોટા
ચારો દિસિ જાગીરીમેં ? ૪
આખિર યહ તન ખાક[૨] મિલૈગા,
કહા ફિરત મગરૂરીમેં[૩] ? ૫
કહત કબીર સુનો ભાઈ સાધો,
સાહિબ મિલૈ સબૂરીમેં ૬

૧. આવી ૨. રાખ થઇ જશે ૩. અભિમાનમાં

૫૦. સબસે ઊંચી પ્રેમ સગાઇ - AS050 N069

(નાદબ્રહ્મ પદ-૬૯) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

સબસે ઊંચી પ્રેમ સગાઇ;
દુર્યોધનકો મેવા ત્યાગો, સાગ વિદુર ઘર પાઇ ..... ટેક

જુઠે[૧] ફલ સબરીકે ખાયે, બહુવિધિ પ્રેમ લગાઇ;
પ્રેમકે બસ નૃપ-સેવા કીન્હીં, આપ બને હરિ નાયી[૨] ૧

રાજસુયજ્ઞ[૩] યુધિષ્ઠર કીનોં, તામેં જુઠ[૪] ઉઠાઇ;
પ્રેમકે બસ અર્જુન રથ હાંક્યો, ભૂલ ગયે ઠકુરાયી ૨

ઐસી પ્રીતિ બઢી વૃન્દાવન, ગોપીન નાચ લગાઇ;
સૂર ક્રૂર[૫] ઇસ લાયક નાહીં, કહા લગે કરૌં બડાઇ ૩

૧. શબરીનાં એઠાં બોર ખાધાં
૨. હજામ
૩. પાંડવોએ
૪. એંઠી પત્રાળી
૫. સૂરદાસ તો ક્રૂર છે એને પ્રેમ સગાઈનો લ્હાવો કેવી રીતે મળે ?

૫૧. બંગલા અજબ બનાયા રે - AS051 N072

(નાદબ્રહ્મ પદ-૭૨) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

બંગલા અજબ બનાયા રે, જિસમેં નારાયણ બોલે;

પાંચ તત્વકા[૧] બંગલા બનાયા, તીન ગુનકા[૨] કિયા ગારા;
રોમ રોમ કી છાંયા છાંચી[૪], બોલનહારા ન્યારા ..... ટેક

ઇસ બંગલે કા દસ દરવાજા[૫], બીચ પવન કા થંભ[૬];
આવત જાવત કોઇ નવ દેખે, એહી બડા અચંબા ૧

પાંચ પચ્ચીસ[૭] શું પાતર[૮] નીચે, મનવા તાલ બજાવે;
સુરત નુરત[૯] કા મૃદંગ બાજે, છત્રીશ રાગણી ગાવે ૨

કહેત કબીરા સુનો ભાઇ સાધુ, બંગલા ખૂબ સંવારા[૧૦];
ઇસ બંગલેમેં સાહેબ બોલે, આપે સર્જન હારા 3

૧. પંચમહાભૂત-પાણી, પૃથ્વી, તેજ, વાયુ ને આકાશ
૨. સત્ય, રજ ને તપ એ ત્રણ ગુણો
૩. માટીનો કોલ
૪. લપેટી
૫. નાકનાં બે નસકોરાં, બે કાન, બે આંખ, મોઢું, દૂટી, મૂત્રપિંડ, ગુદા અને માથા પર બ્રહ્મરંધ્ર-આ દશ દરવાજા.
૬. વચ્ચે શ્વાસોશ્વાસની ક્રિયા કરતી નાડી અથવા મેરુદંડ
૭. પચીસ તત્વની પ્રકૃતિ
૮. પાત્ર
૯. ચિત્તવૃત્તિઓ જે સંસારમાં રત એટલે મગ્ન તે સુરતને સંસારથી વિમુખ રહે તે નૂરત
૧૦. સજાવ્યો

૫૨. ગાફેલ મત રહેના બેટા - AS052 N073

(નાદબ્રહ્મ પદ-૭૩) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ગાફેલ[૧] મત રહેના બેટા, શિર પર જમ મારે સોટા;

લક્ષ ચોર્યાશી[૨] ગીર કે માને, અબ ચેત નર તન પાયા;
દો દિન ગયે સટર પટરમેં, ફિર ચોર્યાશી આયા ૧

ચાર પહેરકા લેના દેના, ચાર પહેર[૩] નીંદ કાટા;
અષ્ટ પહોર તો ગયે ધૂંસડ[૪] કર, આયા મુદ્દલમેં તોટા ૨

કોડી કોડી માયા જોડી, લાખ કરોડા મોટા;
જાન ગયી પર દેખત, સાથ નહીં લંગોટા 3

કહત કબીર સુનો ભાઈ સાધુ, જન્મ ફિર નહીં આવે;
હક્ક કા સોદા કર લે ભાઈ, જન્મ મરણ મિટ જાવે ૪

૧. બેદરકાર ૨. જન્મમરણના ફેરા ૩. પહોર ૪. વ્યર્થ-નિર્થક

૫૩. ધૂંઘટકા પટ ખોલ રે - AS053 N074

(નાદબ્રહ્મ પદ-૭૪) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ધૂંઘટકા પટ ખોલ રે, તોકો પીવ મિલેંગે, ધૂંઘટકા પટ ખોલ
ઘટ ઘટમેં વહ સાંઈ રમતા, કટુક વચન મત બોલ રે ..... ટેક

ધન જોબનકો ગર્વ ન કીજૈ, જૂઠા પચરંગ ચોલ રે;
સુન્ન મહલમેં દિયના બારિ લે, આસન સોં મત ડોલ રે ૧

જાગ જુગતસોં રંગ મહલમેં, પિય પાયો અનમોલ રે;
કહૈ કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે ૨

૫૪. ગુરુ બિના કૌન બતાવે બાટ - AS054 N075

(નાદબ્રહ્મ પદ-૭૫) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ગુરુ બિના કૌન બતાવે બાટ, બડા વિકટ યમઘાટ ..... ટેક

ભ્રાંતિ કી પહાડી નદિયાં બિચમોં, અહંકારકી લાટ ૧

કામ ક્રોધ દો પર્વત ગઢે, લોભ ચોર સંઘાત ૨

મદ મત્સરકા મેહ બરસત, માયા પવન બહે દાટ ૩

કહત કબીર સુનો ભાઇ સાધો, ક્યોં તરના યહ ઘાટ ૪

૫૫. ઝીની ઝીની બિની ચદરિયાં - AS055 N076

(નાદબ્રહ્મ પદ-૭૬) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ઝીની ઝીની બિની ચદરિયાં, ઝીની ઝીની બિની;

કાહે કૈ તાના[૧], કાહે કૈ ભરની, કૌન તારસે બિની;
ઈંગલા[૨] પીંગલા[૩] તાના ભરની, સુષમન[૪] તારસે બિની ૧

આઠ કંવલ[૫] દલ ચરખા ડોલૈ, પાંચ તત્વ ગુન તિની[૬];
સાંઈકો સિયત, માસ દસ લાગે, ઠોક ઠોક કે બિની ૨

સો ચાદર સુર[૭] નર મુનિ ઓઢી, ઓઢી કે મૈલી કીની;
દાસ કબીર જતનસે ઓઢી, જ્યોંકી[૮] ત્યોં ધરિ દીની ૩

૧. તાણા ને વાણા
૨. ઈંગલા ને ઈડા નાડી
૩. પીંગલા નાડી-મતલબ કે નાડીઓ રૂપી તાણો
૪. સુષુમણા નાડીનો વાણો-એ પદમાં સૂક્ષ્મ શરીર રૂપી ચાદર કેવી રીતે તૈયાર થઈ તેનું માર્મિક આલેખન છે.
૫. કમળ-શરીરની પાછળ મેરુદંડ સાતે આઠ કમળ છે-મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, સહસ્રાર ને બ્રહ્મા
૬. પંચમહાભૂત-પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ એ પાંચ તત્વો અને ત્રણ ગુણો-સત્વ, રજ ને તમ
૭. દેવો
૮. જેવી હતી તેવી

૫૬. ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી - AS056 N077

(નાદબ્રહ્મ પદ-૭૭) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી

જપ તપ સાધન કછુ નહિં લાગત
ખરચત નહિં ગઠરી[૧] ૧

સંતત સંપત સુખ કે કારણ
જાસે[૨] ભૂલ પરી ૨

કહત કબીર જા મુખ રામ નહિં
વો મુખ ધૂલ ભરી ૩

૧. પોટલી – દરેક જીવ કર્મની પોટલી બાંધીને આ જગતમાં આવે છે.
૨. જેના વડે – સંપત્તિ જ હમેશાં સુખની કારણ છે એવી માન્યતાથી જગત ગલત રસ્તે ચાલવા લાગ્યું.

૫૭. ઉઠ જાગ મુસાફિર! ભોર ભઈ - AS057 N080

(નાદબ્રહ્મ ૫૬-૮૦) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ઉઠ જાગ મુસાફિર! ભોર ભઈ, અબ રૈન કહાં જો સોવત હૈ;
જો સોવત હૈ સો ખોવત હૈ, જો જાગત હૈ સો પાવત હૈ ૧

ટુક નીંદ સે અંખિયાં ખોલ જરા, પલ અપને પ્રભુ સે ધ્યાન લગા;
યહ પ્રીતિ કરન કી રીતિ નહીં, રબ જાગત હૈ તૂ સોવત હૈ ૨

એ જાન ભુગત કરની અપની, ઓ પાપી પાપમેં ચૈન કહાં ?
જબ પાપકી ગઠરી સીસ ધરી, ફીર સીસ પકડ ક્યોં રોવત હૈ ? ... ૩

જો કાલ કરે સો આજ કરલે, જો આજ કરે સો અબ કરલે;
જબ ચિડિયન ખેતી ચુગ ડાલી, ફિર પછતાયે ક્યા હોવત હૈ ? ૪

૫૮. એક જ દે ચિનગારી મહાનલ ! - AS058 N081

(નાદબ્રહ્મ પદ-૮૧) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

એક જ દે ચિનગારી મહાનલ ! એક જ દે ચિનગારી;

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી ૧

ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો, સળગી આભ અટારી;
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી ૨

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ ! હું અધિક ન માગું,માગું એક ચિનગારી 3

-હરિહર ભટ્ટ

૫૯. પાયો જી મૈંને રામ રતન ધન પાયો - AS059 N082

(નાદબ્રહ્મ પદ-૮૨) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

પાયો જી મૈંને રામ રતન ધન પાયો;
વસ્તુ અમોલિક દી મેરે સતગુરુ, કિરપા કર અપનાયો ..... ટેક

જનમ જનમ કી પૂંજી પાયી, જગમેં સભી ખોવાયો;
ખરચૈ ન ખૂટૈ વાકો ચોર ન લૂટૈ, દિન દિન બઢત સવાયો ...૧

સતકી નાવ ખેવટિયા સતગુરુ, ભવસાગર તર આયો;
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરખ હરખ જશ ગાયો ૨

૬૦. મ્હાઁને ચાકર રાખોજી - AS060 N087

(નાદબ્રહ્મ પદ-૮૭) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

મ્હાઁને ચાકર રાખોજી, ગિરિધારી લાલા, ચાકર રાખોજી;

ચાકર રહસૂઁ, બાગ લગાસૂઁ, નિત ઉઠ દરસન પાસૂઁ;
વૃન્દાવનકી કુંજ ગાલિનમેં, ગોવિંદ લીલા ગાસૂઁ ૧

ચાકરીમેં દરસન પાઉં, સુમિરન પાઉં ખરચી;
ભાવ-ભગતિ જાગીરી પાઉં, તીનો બાતાઁ સરસી ૨

મોર મુકુટ પીતામ્બર સોહે, ગલે બજૈંતી માલા;
વૃન્દાવનમેં ધેનૂ ચરાવે, મોહન મુરલીવાલા 3

ઉંચે ઉંચે મહલ બનાવૂઁ, બિચ બિચ રાખી બારી;
સાઁવરિયા કે દરસન પાઉં, પહર કુસુમ્બી સારી ૪

જોગી આયા જોગ કરનકૂ, તપ કરને સંન્યાસી;
હરી ભજનકૂ સાધુ આયે, વૃન્દાવન કે વાસી ૫

મીરાં કહે પ્રભુ ગહિર ગભીરા, હદે રહોજી ધીરા;
આધી રાત પ્રભુ દરશન દીન્હોં, જમુનાજી કે તીર ૬

૬૧. જૂનું તો થયું રે દેવળ - AS061 N088

(નાદબ્રહ્મ ૫૬-૮૮) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું ... ટેક

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહ્યું ૧

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું ૨

બાઇ મીરાં કહે પ્રભુ, ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીવું ૩

૬૨. બોલ મા, બોલ મા, બોલ મા રે - AS062 N089

(નાદબ્રહ્મ પદ-૮૯) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા રે

સાકર શેરડીનો સ્વાદ તજીને, કડવો તે લીમડો ઘોળ મા રે
ચાંદા સૂરજનું તેજ તજીને, આગીયા સંગ પ્રીત જોડ મા રે ૧

હીરા, માણેક, ઝવેર તજીને, કથીર સંગાતે મણિ તોલ મા રે
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, શરીર આપ્યું સમતોલમાં રે ...૨

૬૩. નહિ રે વિસારું હરિ - AS063 N091

(નાદબ્રહ્મ પદ-૯૧) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરિ.

જલ જમુનાનાં પાણી રે જાતાં, શિર પર મટકી ધરી,
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ[૧] વસ્તુ જડી ૧

આવતાં ને જાતાં વૃન્દા રે વનમાં, ચરણ તમારે પડી,
પીળાં પિતાંબર જરકશી જામા, કેસર આડ[૨] કરી ૨

મોરમુગટ ને કાને રે કુંડલ[3], મુખ પર મોરલી ધરી
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરનાં ગુણ, વિઠ્ઠલ વરને વરી 3

૧. મોંઘી
૨. આડબંધ
૩. કુંડળ-કાનમાં પહેરવાનું ઘરેણું

૬૪. મુખડાની માયા લાગી રે - AS064 N092

(નાદબ્રહ્મ ૫૬-૬૨) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા

મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું[૧] રે ૧

સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં[૨] નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે ૨

સંસારીનું સુખ કાચું, પરણી રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએ રે ૩

પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
ભય રાંડવાનો ટાળ્યો ૪

મીરાંબાઈ બલિહારિ[૩], આશા મને એક તારી;
હવે તો હું બડભાગી[૪] રે ૫

૧. અનોખું મતલબ કે સંસારથી અલિપ્ત
૨. મૃગજળ-પાણી ન હોવા છતાં પાણીનો ભાસ થાય
૩. વાહવાહ
૪. ભાગ્યશાળી

૬૫. સંત પરમ હિતકારી - AS065

[અનુક્રમણિકા-૨ Index_front Index_back]

સંત પરમ હિતકારી જગતમાંહી, સંત પરમ હિતકારી;

પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી;
પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિ સમ સબ દુખ હારી ... ૧

ત્રીગુનાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગત સે ન્યારી;
બ્રહ્માનંદ કહે સંત કી સોબત, મિલત હે પ્રગટ મુરારી ૨

-બ્રહ્માનંદ સ્વામી

૬૬. મંગલ મંદિર ખોલો દયામય - AS066 N095

(નાદબ્રહ્મ પદ-૯૫) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો;

જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર[૧] ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો લ્યો ... ૧

નામ મધુર તમ રટયો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર[૨] આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો ૨

-નરસિંહરાવ દિવેટિયા

૧. અંધારું ૨. તરસથી

૬૭. આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો - AS067

[અનુક્રમણિકા-૨ Index_front Index_back]

આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો,
  સેવકના હૃદિયામાં રહેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

કાયાના દેવળ અમને કાચા રે લાગે,
  તેનો ભરોસો અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

કાયા પડશેને હંસા ક્યાં જઇ સમાશે,
  તે ઘર બતલાવી અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ના આવે,
  તેના તે દર્શન અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

જન્મો જન્મ મારા હૃદિયામાં રહેજો,
  એવી તે વૃત્તિ અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

ધર્મદાસની અરજી સુણો રે ગોસાઇ,
  ભક્તિને મુક્તિ અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

૬૮. રઘુવર ! તુમકો મેરી લાજ - AS068 N097

(નાદબ્રહ્મ પદ-૯૭) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

રઘુવર ! તુમકો મેરી લાજ;
સદા સદા મૈં સરન તિહારી, તુમ બડે ગરીબ નિવાજ[૧] ..... ટેક

પતિત ઉધારન બિરુદ[૨] તિહારો, શ્રવણન સુની આવાજ;
હૌં તો પતિત પુરાતન કહિયે, પાર ઉતારો જહાજ ૧

અઘ-ખંડન[૩], દુઃખ-ભંજન જનકે, યહી તિહારો કાજ;
તુલસીદાસ પર કિરપા કરીયે, ભક્તિદાન દેહુ આજ ૨

૧. ગરીબના બેલી ૨. પડવી-મોભો ૩. પાપનો નાશ કરનારા

૬૯. તૂ તો રામ સુમર જગ લડવા દે - AS069

[અનુક્રમણિકા-૨ Index_front Index_back]

તૂ તો રામ સુમર જગ લડવા દે;

કોરા કાગજ કાળી શાહી, લિખત પઢત વા કો પઢવા દે;
હાથી ચલત હૈ અપની ગતમેં, કૂતર ભૂંક્ત વા કો ભૂંકવા દે ..... ટેક

ચંડી ભૈરવ સિતલા દેવી, દેવ પુંજૈ તો પૂજને દે;
કહત કબીર સૂનો ભાઈ સાધો, નરક પચત વા કો પચવા દે ૧

૭૦. પ્રેમળ જ્યોતિ તારો દાખવી - AS070 N100

(નાદબ્રહ્મ પદ-૧૦૦) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

પ્રેમળ જ્યોતિ તારો દાખવી[૧], મુજ જીવનપંથ ઉજાળ;

દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન[૨] અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ ૧

ડગમગતો પગ રાખ સ્થિર મુજ, દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય ૨

આજ લગી રહ્યો ગર્વમાં હું, ને માગી મદદ ન લગાર;
આપબળે માર્ગ જોઇને ચાલવા, હામ ધરી મૂઢ[૩] બાળ;
હવે માંગું તુજ આધાર ૩

ભભકભર્યા[૪] તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી, સ્ખલન[૫] થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ ૪

તારા પ્રભાવે[૬] નિભાવ્યો મને પ્રભુ ! આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમલ જ્યોતિની સેર ૫

કર્દમભૂમિ[૭] કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જલકેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશો નિજ દ્વાર ૬

રજની જશે, ને પ્રભાત ઉજળશે, ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં[૮] વદન મનોહર, મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયા હતાં ક્ષણવાર ૭

- **નરસિંહરાવ દિવેટિયા** ('Lead Kindly Light' નો ભાવાનુવાદ)

૧. બતાવી
૨. ગાઢ
૩. મૂરખ
૪. બાહ્ય ચળકાટથી
૫. ભૂલો-દોષો
૬. કૃપા વડે
૭. કાદવની ભૂમિ
૮. દેવતાઓ

૭૧. ધન્ય જેણે હરિગુણ ગાયા સંસારમાં - AS071 N104

(નાદબ્રહ્મ પદ-૧૦૪) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

ધન્ય જેણે હરિગુણ ગાયા સંસારમાં, ધન્ય જેણે હરિગુણ ગાયા;

બધાં સંસારમાં તે નર જીત્યો, બાકી સહુ જાણજો વ્હાયા[૧] ..... ટેક

હું ને મારું તેમાં પંડિત ભૂલ્યા, ધૂળ મળ્યું ડહાપણ ડાહ્યા ૧

હાથી ઘોડે સુખપાલ[૨] બેઠે શું થયું ? શું થયું મેળવી માયા ૨

જમના ઝપાટાથી નવ ચેત્યા, કામદામમાં લલચાયા ૩

કંઠ સાહીને તું ને કાઢશે પલકમાં, દૂર રે'શે સગાં વિત્ત જાયાં ૪

દયા જપો નામ નિત્ય નંદકુંવરનું, થાશે સફળ તારી કાયા ૫

૧. જન્મ મરણના ફેરામાં પડ્યા
૨. ભૌતિક સમૃદ્ધિના સુખી

૭૨. હરિ જેવો તેવો હું દાસ તમારો - AS072 N108

(નાદબ્રહ્મ પદ-૧૦૮) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

હરિ જેવો તેવો હું દાસ તમારો, કરુણાસિંધુ ગ્રહો કર મારો;

સાંકડાનાં સાથી શામળિયા, છો બગડ્યના બેલી;
શરણ પડ્યો ખલ અમિત કુકરમી, તદપિ ન મૂકો ઠેલી ૧

નિજ જન જૂઠાની જાતી લજા, રાખો છો શ્રી રણછોડ;
શૂન્યભાગ્યને સફળ કરો છો, પૂરો વરદ બળ કોડ ૨

અવળનું સવળ કરો સુંદરવર, જ્યારે જન જાય હારી;
અયોગ્ય યોગ્ય, પતિત કરો પાવન, પ્રભુ દુઃખ-દુકૃતહારી ૩

વિનતિ રક્ષક નિજ જનના, દોષતણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો ૪

વિકળ પરાધીન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો;
આરતબન્ધુ સહિષ્ણુ અભયકર, અવગુણ ઉર નવ આણો ૫

સર્વેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયા પ્રીતમ ગિરિધારી;
શરણાગત-વત્સલ શ્રીજી મારે, મોટી છે ઓથ તમારી ૬

૭૩. જેને રામ રાખે રે - AS073 N110

(નાદબ્રહ્મ પદ-૧૧૦) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે;
અવર નહીં દેખું રે, બીજો કોઈ પ્રભુ પેખે ..... ટેક

ચાહે અમીરને ભીખ મંગાવે, ને રંકને કરે રાય;
સ્થલને સ્થાનકે જલ ચલાવે, જલ સ્થાનક સ્થલ થાય;
તરણાના તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે ૧

નિભાંડાથી બળતા રાખ્યા, મંજારીના બાળ;
ટિટોડીના ઈંડા ઉગાર્યા, એવા છો રાજન રખવાળ;
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે ૨

બાણ તાણીને ઊભો પારધિ, સીંચાણો કરે ટકાવ;
પારધિને પગે સર્પ ડંસીઓ, સીંચાણો શિર નહીં ધાવ;
બાજ પડ્યો હેઠો રે, પંખી ઉડી ગયાં સુખે ૩

ગજકાતરણી લઈને બેઠાં, હરજી તો દીનદયાળ;
વધેઘટે તેનું કરે બરોબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ મારે હીંડે હકે ૪

૭૪. સદા રહો અલમસ્ત ભજનમેં - AS074 N114

(નાદબ્રહ્મ પદ-૧૧૪) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

સદા રહો અલમસ્ત ભજનમેં, પીલેના બુટી[૧] બુટી;
કાહેકી ફૂંડી[૨] કાહેકા સોટા[૩], કાહેકી રગકો તુમ બુટી ૧

કાહેકા રૂમાલ બનાકર, કાહેકી છાનો તુમ બુટી;
આંખોકો રૂમાલ બનાકર, નામકે રગકો[૪] તુમ બુટી ૨

ધ્રુવને પી પ્રહ્લાદને પી, મીરાં પી ગયે વહ બુટી;
હનુમાનને ઐસી પી લઈ, સોનેકી લંકા લૂંટી 3

ધનાને પી સજનાને પી લઈ, પીપાં પી ગયે વહ બુટી;
ભક્ત સુદામાને ઐસી પી લઈ, કંચન બન ગઈ ફૂટી[૫] ૪

બ્રહ્માને પી નારદને પી લઈ, શંકર પી લઈ વહ બુટી;
દાસ કબીરાને ઐસી પી લઈ, રામ નામમેં લોહ[૬] ફૂટી ૫

૧. જડીબુટ્ટી-ઔષધિ
૨. સાધુના હાથમાં રહેતું કરમંડલુ
૩. લાકડી
૪. આદત-ઘેલછા
૫. ઝૂંપડી
૬. લોઢું

૭૫. માયા-માયા કરતો મૂરખ - AS075 N118

(નાદબ્રહ્મ પદ-૧૧૮) [અનુક્રમણિકા-૨ Index_front Index_back]

માયા-માયા કરતો મૂરખ, ઠામ ઠરી નવ બેઠો રે;
સંત-સભામાં સ્નેહ ન રાખ્યો, પાપ-સભામાં પેઠો રે ..... ટેક

અલ્પ જીવનની આશા લાંબી, કૌતુક આ તે કેવું રે ?
ફાંસી દેતાં ચઢ્યું ફૂલેફું, આ જગનું સુખ એવું રે ૧

તલવાર ઉપર મધનું ટીપું, જીભડી જૂદી થાશે રે;
વરણાગીમાં વાંકો ચાલે, જમડા ઝાલી જાશે રે ૨

કીડાવાળું ફૂતરું દોડે, જંપે નહીં તે જરીયે રે;
વિષય વળુદો વળખાં વીણે, ડૂબ્યો દુઃખનના દરિયે રે ૩

કલાલ કેરા ઘરનો ઉંદર, દારૂ પીને ડોલે રે;
ઝડપ કરીને મનીએ ઝાલ્યો, ફાડી ફાળજ ફોલે રે ૪

ભાદરવાનો ભીંડો તે તો, વિલાઈ જશે વહેલો રે;
ધનજોબનના ધમધમાટમાં, ગર્વ કરે તે ઘેલો રે ૫

ખારા રણમાં ખૂટલ પ્રાણી, મૃગજળ દેખી મોહ્યો રે;
'ઋષિરાજ' કહે રામ રટ્યા નહીં, અજગર આંચળ દોહ્યો રે ... ૬

૭૬. રામ સમર મન રામ સમર લે - AS076 N125

(નાદબ્રહ્મ પદ-૧૨૫) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

રામ સમર[૧] મન રામ સમર લે, અરે મૂર્ખ ક્યાં મન સુતા;
જાગ્રત[૨] નગરી ચોર ન લૂંટે, જખ[૩] મારેગા જમદૂતા ..... ટેક

જપ કર તપ કર કોટિ યજ્ઞ કર, કાશી જઈ કરવત લેતા;
મૂઆ પછી મુક્તિ નહિ હોવે, રણમેં સરજે જમદૂતા[૪] ૧

જોગી હોકર જટા[૫] બઢાવે, અંગ લગાવે ભવભૂતા[૬];
દમડી કારણ દેહિ જલાવે, સો જોગી નહિ જમદૂતા ૨

જોગી હોય સો જંગમ રહેવે, કામ ક્રોધકું દે દંડા;
અધર[૭] તખ્ત પર આપ બિરાજે, સો જોગી હય અવધૂતા ૩

સૂતા સો નર ગયા ચોરાશી, જાગ્યા સો નિરભે હોતા;
દાસ જીવણ ગુરુ ભીમને ચરણે, અનુભવ લેતા ૪

૧. યાદ કર અથવા સ્મરણ કર
૨. જાગતી
૩. પસ્તાવું
૪. મોત આવે
૫. વાળ
૬. રાખ
૭. નીચે-અહીં અલિપ્તના અર્થમાં

૭૭. જ્યાં લગી આત્મા અંગમાં છે - AS077 N128

(નાદબ્રહ્મ પદ-૧૨૮) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

જ્યાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે;

હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તું કહે;
સુતાં પહેલાં જે સ્મરણ કરે ભાઇ, તેની બોલો જય જય ૧

લીધા રે સરખું નામ હરિનું, લઇ શકે તો લે;
દીધા રે સરખું દાન છે અન્નનું, દઇ શકે તો દે ૨

આ રે સંસારીઓ સર્વે[૧] ખોટા, ને સાચી વસ્તુ બે;
એક તો પુણ્ય, બીજું હરિભજન ભાઇ, જીવડા સમજી લે ૩

દુષ્ટ પદારથ સર્વે ખોટા ને, આત્મા અખંડ છે;
કીડી થકી તે કુંજર[૨] લગણ ભાઇ, કાળચક્કરનો[૩] ભે ૪

એક દિન આંગણે દીવા, વિવાહ, ને વળી ઢોલ શરણાઇ વાગે;
કહે જીવણ એવો એક દિન આવશે, સ્મશાને ધગશે ૫

૧. આખો-બધો
૨. હાથી
૩. મૃત્યુનો

૭૮. મૂરખો રળીરળી કમાણો રે - AS078 N129

(નાદબ્રહ્મ પદ-૧૨૯) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

મૂરખો રળીરળી કમાણો રે, માથે મેલશે મોટો પાણો;

ધાઈ[૧] ધૂતીને[૨] ધન ભેળું કીધું, કોટિધ્વજ[૩] કહેવાણો;
પુણ્યને[૪] નામે પાઈ ન વાપરી, અધવચમાં લૂટાણો રે ૧

ભર્યા કોઠાર તારા ધર્યા રહેશે, નહિ આવે સાથે દાણો;
મસાણની રાખમાં રોળાઈ ગયા કૈંક, કોણ રંક ને કોણ રાણો રે... ૨

મંદિર માળિયાં[૫] મેલી કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મૂઆ પછી, જીવ ઘણો ઘણો પસ્તાણો[૬] રે ૩

૧. દોડી દોડી
૨. લૂંટી લૂંટીને
૩. કરોડપતિ
૪. સત્કર્મ કરવા માટે
૫. ચોરખાના
૬. પસ્તાયો

૭૯. મૂરખો કાલની વાતો કરે રે - AS079 N132

(નાદબ્રહ્મ પદ-૧૩૨) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

મૂરખો કાલની વાતો કરે રે, માથે કાળનું ચક્કર[૧] ફરે;

કહે કંઈકને નહિ કરવું એવું, નિજ કરતો નવ ડરે;
વિષયવિકારમાં[૨] ફરે વલખતો, પારકા ઘરમાં ગરે[૩] ૧

સ્વારથમાં[૪] જીવ ચાલે ચોધારો, અસત્ય ઘણું આચરે;
છળ[૫], છેતરને દગાબાજી[૬] કરી, પારકા ધનને હરે ૨

ધર્મને માર્ગે ઢૂંકડો[૭] ન આવે, પાપમાં પગલાં ભરે;
સૂમની[૮] માયા સંધરી રહેશે ક્યાં, વેશ્યા નારીમાં વાવરે ૩

તેથી ચોરાશી સહી કરી જીવ, અલ્પ[૯] થઈ અવતરે;
ભોજો ભગત કહે ભજન કર્યા વિના, ભૂંડે હાલે મરે ૪

૧. ચક્ર
૨. દુન્યવી પદાર્થોની લાલસાથી મન વિકારી બને
૩. ગરકી જવાય-ફસાઈ જાય
૪. મમતાના ઘરમાં સ્વાર્થનો જ વિચાર કરે
૫ ને ૬. કપટ
૭. સીધો
૮. મીઠી અથવા સારી લાગતી
૯. થોડું

૮૦. જીવ તેં હરિ ના સમર્યા ઘડી - AS080 N134

(નાદબ્રહ્મ પદ-૧૩૪) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

જીવ તેં હરિ ના સમર્યા ઘડી[૧], કાયા કાલે જાશે પડી;
મન તેં પ્રભુ ના સમર્યા ઘડી, કાયા કાલે જાશે પડી ..... ટેક

રાત દિવસ ધંધામાં રઝળ્યો[૨], નિંદા કથા મુખ ઘડી;
જોબનમાં[૩] જનમારો ખોયો, તારી મહેનત સાથે પડી ૧

સોનાની ચાંખડીએ[૪] ચઢતો, ને હીરે રત્ને જડી;
વાંકી ફોજું[૫] કલગીવાળો ભાઈ, જમડા જાશે જડી ૨

પેરણ પીતાંબર[૬] પલંગે પોઢતો, ઓઢણ છે પામરી[૭];
આ લોક સુખમાં ઉંઘી રહ્યો, પછી જમડા જશે જડી ૩

નાડી ખેંચાશે ને જીવ ઝલાશે, ને નીર નહિ ઉતરે નળી;
હજાર વીંછીની વેદના થાશે, પછે સોઈ દિન આવશે ચઢી ... ૪

ખાટ્યું ઘણું પ્રાણી ખરચી ન શક્યો, ને દાટી બેઠો છે દળી;
ભોજો ભગત કહે અંતે એની, પછી બાંધી ચાલ્યા ઠાઠડી ૫

૧. એક પણ પળ ૨. રખડ્યો ૩. યુવાનીમાં ૪. સિંહાસને ૫. લશ્કર
૬. પીળા રંગનું વસ્ત્ર ૭. પામર-નબળી

૮૧. રામ અમલ રંગ રાતે સાધુ - AS081 N136

(નાદબ્રહ્મ પદ-૧૩૬) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

રામ અમલ[૧] રંગ રાતે સાધુ, રામ અમલ રંગ રાતે[૨] રે;
અનંત કલ્પ બીતે એહી પીતે, અજહુ નહિ ધરાતે રે ..... ટેક

પ્રથમ બીજ બદ્રિપતિ[૩] બોયો, નારદકે ઉર માંહી રે;
નારદ લે દશ દિશ હી વેર્યો, ચૌદ લોક કે માંહી રે ૧

નારદ પાસ વ્યાસ મુનિ લેકે, શુક જોગીકું પાયો રે;
સો શુક અનંત[૪] કોટિ વૈષ્ણવકું, સબકું રંગ ચઢાયો રે ૨

સો શુક તે લે, સુત પુરાણી, પીના ખૂબ અધ્યાસી[૫] રે;
નિશદિન એહી અમલકે છાકે, ધૂમત સહસ્ત્ર અઠ્યાસી રે ૩

શેષ સહસ્ત્રમુખ[૬] શિવ સનકાદિક, પીવત પાન ન થાકે રે;
બ્રહ્માનંદ કહે વ્રજવાસી, એહી અમલમેં છાકે રે ૪

૧. મળ વિનાનો શુદ્ધ હરિરસ-રામરસ
૨. અલમસ્ત
૩. બદ્રિનારાયણ
૪. જેનો અંત જ નથી એટલા
૫, રામરસ પીધા પછી જગતનું ભાન રહેતું નથી. ભ્રમ ભાંગી જાય છે.
૬. શેષનાગને હજાર મુખ હોય છે એવી પુરાણોની કલ્પના છે.

૮૨. ઝુલત કુંજવિલાસી શ્યામરો - AS082 N137

(નાદબ્રહ્મ પદ-૧૩૭) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ઝુલત કુંજવિલાસી શ્યામરો, ઝુલત કુંજવિલાસી;
રાધા સંગ ઉમંગ ભરી નિત્ય, નીરખી પ્રિયા મુખ હાંસી ..... ટેક

શ્યામા[૧] શ્યામ હિંડો રે ઝૂલત, આયે ખડે વ્રજવાસી;
નિજ જનકે મન મોહ બઢાવત, રસિક રાય સુખરાશી ૧

ઇન્દ્રાદિક બ્રહ્માદિક આયે, આયે સિદ્ધ[૨] ચોરાશી;
કહાન કુંવરકો વદન વિલોકન[૩], શિવ આયે તજ કાશી ૨

સુરવર મુનિવર નીરખ હિંડોરો, હો ગયે સર્વા હુલાસી[૪];
બ્રહ્માનંદકો નાથ રસીલો, નવલ છબી અવિનાશી ૩

૧. ગોપી
૨. જે પ્રભુ દર્શનની સિદ્ધિ મેળવે તે સિદ્ધ
૩. દર્શન કરવા
૪. આનંદિત

૮૩. એ ઘરકી મોહે કોન બતાવે - AS083 N138

(નાદબ્રહ્મ પદ-૧૩૮) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

એ ઘરકી મોહે કોન બતાવે, જે ઘેરથી જીવ આયા હો;
કાયા હંસ છાંડે હી જબહી, તબહી કહાં સમાયા હો ..... ટેક

મેં મેરી મમતા કે કારણ, વારંવાર ઠગાયા હો;
સમજ પડી મોહે સતશબ્દકી, ઘેરઘેર ભટકાન ખાયા હો ૧

અબ મેરી સુરતા લગી સતગુરુસે, ઉલટ નિકર કરી ધાયા હો;
કહે કબીર નામકા ક્યારા, સહેજ હી સહેજ સમાયા હો ૨

૮૪. એક ઘડી કે સુખ કારણ - AS084 N139

(નાદબ્રહ્મ પદ-૧૩૯) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

એક ઘડી કે સુખ કારણ, વિવાહ કરો ભલા ગુણા હો;
મનષા જન્મ સધાયો સંતો, ધોખા કો વિડાર્યો હો ..... ટેક

ઘોડા ઘોડી કો સંગ છોડ કે, સંત સંગત બોલાવો હો;
પિતા કહે એ પુત્ર અમારો, માતા કહે છૈંયો મેરો હો ૧

બેની કહે એ બંધુ અમારો, જોરુ કહે વર મેરો હો;
કાલ કહે તમે દૂર ખડે રહો, એનો ચારો અમારા હો ૨

કાલ આયે ગોપાલ લાલ કે, છોડોની ખ્યાલ સલુણા હો;
કહે કબીર સુનો ભાઈ સાધુ, છોડ્યા ઘરકા ખુણા હો ૩

૮૫. મારો સાથીડો રીસાણો - AS085 N141

(નાદબ્રહ્મ પદ-૧૪૧) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

મારો સાથીડો[૧] રીસાણો, એને કોણ મનાવવા જાય;
મને અરધ વચ્ચે લૂંટી, એ તો રિસાઈને જાય ..... ટેક

કાયા અમારી કાચની, માંહી ઝોલા[૨] ખાય;
પિંજરમાંથી પોપટ[૩] ઉડ્યો, પિંજર[૪] ઝોલા ખાય ૧

કાચી માટીના મહેલ બનાયા, જલદી તૂટી જાય;
પરદેશીની પ્રીતડી તો, પલમેં તૂટી જાય ૨

પંચ વરસકા[૫] પિયુ અમારા, એમ કેમ રેન[૬] ગુમાય;
સરખી સરખી સાહેલી[૭] તો, અવળાં ગીતો ગાય ૩

કહે કબીરા સુનો ભાઈ સાધુ, હેતે હરિગુણ ગાય;
ચેતન હતા તે ચેતી ગયા ને, મૂરખ ગોથાં ખાય ૪

૧. સાથ આપનારો આત્મા
૨. અંતિમ શ્વાસોશ્વાસ વખતની સ્થિતિ
૩. આત્મા-જીવ
૪. દેહરૂપી પિંજર
૫. જીવ શરીરમાં કેટલો વખત રહે ? ચાર દિવસની ચાંદની જેટલો વાસ
૬. રાત્રિ
૭. બહેનપણીઓ

રાગન કો પતિ કાનડો, ધરતી કો પતિ ઇન્દ્ર;
તારા કો પતિ ચંદ્રમાં, ગોપી કો પતિ ગોવિંદ ૧

સતીઓમેં સીતા બડી, તારામેં બડા ચંદ્ર;
ગોકુલમેં બડા કૃષ્ણજી, ભક્તનમેં બડા કબીર ૨

જૂઠી પ્રીત જલ હંસકી, જલ સુકે ઉડ જાય;
સાચી પ્રીત જલ કમલકી, દોનો સંગ સુકાય 3

કાનડા કેરે કારણે, કનડી કરે પુકાર;
કાનડે કુબ્જા કર ગ્રહી, કાનડો હૈ કિરતાર ૪

તિમિર[૧] ગયું રવિ દેખતાં, કુબુદ્ધિ[૨] ગઈ ગુરૂ જ્ઞાન;
સંપત્તિ ગઈ અતિ લોભસે, ભક્તિ ગઈ અભિમાન ...૫

૧. અંધકાર
૨. દુષ્ટ બુદ્ધિ અથવા મૂઢતા

૮૬. હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ - AS086 N143

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૪૩) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

હરિનામ હીરા કંચન પ્રેમ જડ્યો હૈ;
સતગુરુ શબ્દ શ્રવણે સુનકર, દૃઢ કર હૃદયે બનાઇ ધર્યો હૈ ..... ટેક

ચશ્મા જ્ઞાન વિવેક જ રહેણી, ચિત્ત ચંદન ચોંટ્યો ન ટળ્યો હૈ;
આસપાસ પ્રતીત પીરોજા, બુદ્ધિ ચુની લે પાટ પડ્યો હૈ ૧

જંગમ ઘાટ હરિનામ જરાનો, દેખી ચોર અજ્ઞાન ટળ્યો હૈ;
કહે કબીર એ નિગમ અગોચર, ભક્ત હેત રસનાએ ઉચર્યો હૈ ... ૨

૮૭. રામનામ જબ લીયો મન તેં - AS087 N144

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૪૪) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

રામનામ જબ લીયો મન તેં;
યોગ યજ્ઞ જપ તપ વ્રત તીર્થ, સકલ સમર્પણ કિયો મન તેં ... ટેક

જીવન જન્મ સફળતાકો, જેણે હરિ દૃઢ વ્રત લીયો મન તેં;
નિર્ભય ભયો પરમપદ પાયો, અમી મહારસ પીયો મન તેં ૧

પીવત અમર ભયે સનકાદિક, શંકર પીવત લીયો મન તેં;
કહે કબીર કૃપા કરી મોં પે, દિનાનાથ દિયો મન તેં ૨

૮૮. જો કુલ ભક્ત ભાગ્યવાન હોઈ - AS088 N146

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૪૬) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

જો કુલ ભક્ત ભાગ્યવાન હોઈ;
ગણીએ ન વર્ણ અવર્ણ રંકધન, વિમલ વંશ માનીએ અતિ સોઈ ... ટેક

બ્રાહ્મણ ક્ષત્રિક વૈશ્ય અરૂ શુદ્ર, નારી ચંડાલ શ્લેચ્છ હોઈ;
હોઈ પુનિત ભજે ભગવંતા, આપ તરે તારે કુલ દોઉ ૧

ગામ સો ઠામ દેશ સો હી પાવન, સંઘ પુનિત માનીએ અતિ સોઈ;
શુર પંડિત નૃપતિ પાદશાહ, હરિદાસ બરાબર ઔર ન કોઈ ૨

કરત ભક્તિ લેત પ્રેમરસ, તજી સંસાર જાન કે સોઈ;
પોયણીપાત્ર સમાન રહેત હૈ, કહે કબીર જગમેં જન કોઈ ૩

૮૯. કહાં કમી જાકો રામજી ધણી હો - AS089 N147

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૪૭) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

કહાં કમી જાકો રામજી ધણી હો;
મનષા નાથ મનોરથ પૂરે, સુખ નિધાન કી બાત ધની હૈ ..... ટેક

કૌન કામ કલ્પિત કી માયા, કરત ફિરત અપની અપની હૈ;
ખાઇ ન શક્યો ખર્ચીએ ન જાણ્યું, જ્યાં ભોરીંગ શિર મણી રહેત હૈ .. ૧

શિવ વિરંચી જા કો પાર ન પાવે, મોહે બપરે કી કહાં ગણવા હૈ;
જા કી પ્રીત નિરંતર હરિ શું, કહે રોહીદાસ વાકી સદા બની હૈ ૨

૯૦. હરિ ન ભજે બડો હત્યારો - AS090 N149

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૪૯) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

હરિ ન ભજે બડો હત્યારો;
વિષયન કો રસ પીવે પ્રેમશું, રામ સુધા રસ લાગત ખારો ..... ટેક

પરમાર્થ કી બાત ન જાને, ઉપ-માર્ગ કો ખરો ઉધારો;
ચારે ચક્ષુ ફૂટી પશુ બન્યો, નિશિબાસર ચિત્ત હી અંધિઆરો ૧

રામનામ કી બાત ન જાને, સંત સમાગમથી રહે ન્યારો;
સુરદાસ વાકો દર્શન સ્પર્શ નહિ, રામનામ જા કો લાગે નહિ પ્યારો ... ૨

૯૧. શ્રી રામચંદ્ર પદ ભજને લાયક - AS091 N150

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૫૦) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

શ્રી રામચંદ્ર પદ ભજને લાયક;
અભય કરન ભવ તરન હોત હી, યુગ યુગ શાખ વેદ કે વાયક.. ટેક

ચિત્ત વ્રત ચરણ સકલ ફલ કરતલ, વ્યાપ્ત નાંહિ શુલ કે જાયેક;
સંતન કે રક્ષા કે કારન, નિશદિન લીનો ડર હેતે કર સાયક ૧

ગૌતમ ધ્રુવ ગ્રાહ ગજ તારે, ચરણ વિભીષણ કપિ જો સહાયક;
સેવા અલ્પ મેરુ સમ માની, કરુણા સિંધુ અયોધ્કા નાયક ૨

શિવ વિરંચી સનકાદિક વેણુધર, સારંગ સુત વિમલ જશ ગાયક;
જાનકી હૃદય અંગીકાર શ્રી હરિ, અગ્રદાસ ઉર આનંદ દાયક ૩

૯૨. હમ ચાકર રઘુવર નાથ કુંવર કો - AS092 N151

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૫૧) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

હમ ચાકર રઘુવર નાથ કુંવર કો;
યમકા દૂત નહિ આયે, હ્લાદશ તિલક દેખ ઘરકે ..... ટેક

હમ અજાચક જાચત નહિ કબહુ, આશ કરત નહિ નારી નરકે;
સુરનર મુનિજન સકલ દેવતા, નાહિ ન હોત રાવ કે વરકે ૧

બાંધ હી સાર સુમેર જ્ઞાન કે, લોક ભેદ સબ ઈન કે તરતે;
તુમ્હારી આશ નિરાશ અન્યથી, યાચક ભયે હૈ તુમ્હારે ઘરકે ૨

અધમ ઉદ્ધારણ કિયે જન અપને, સુની શબ્દ વચન સતગુરુ કે;
અગ્રદાસ પટો નિર્ભય લિખાયો, દર્શન દશરથ સુત કે કરકે ૩

૯૩. તેરો જન કાહે કો ઘર ઘર જાચે - AS093 N153

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૧૫૩) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

તેરો જન કાહે કો ઘર ઘર જાચે, જો મન લાગે શ્રીપત શું સાચે;
પૂરણહાર સબકો પૂરે, તા કો દાસ ક્યોં રહે અધૂરો ..... ટેક

જે જન જપ તપક્કતાકો જાને, તો ભૂખે મુઆ કો ભય ક્યા આને;
જા કે ચરણ સકલનિધ ચેરી, તા કો દાસ ફરે નિત ફેરી ૧

હરિ જનમેં બાલક તેરા, કાહે ન અવગુણ બક્ષો મેરા;
કહે કબીર તેરો દાસ ન માગે, ઊંચ કુલ કો લાંછન લાગે ૨

૯૪. હરિ જનુની મૈં બાલક તેરો - AS094 N154

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૫૪) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

હરિ જનુની મૈં બાલક તેરો, કાહે ન અવગુણ બક્ષો મેરો;
સુત અપરાધ કરે દીન કે, જનુની[૧] કે ચિત્ત રહે ન તે તે ..... ટેક

વિનંતિ એક સુનો હો સ્વામી, હૃદયે રહ્યો એક અંતર્યામી[૨];
પ્રાણ[૩] પંખેરૂ કરે જો પ્યારે, તે દીન મોહે અપનો કર જાનો ૧

શ્વાસ વાસ છોડે કાયા ગઢ સીજે, તે દિન અપનેકો ઉપર કીજે;
મૂરખ કી વિનંતિ યાચિત[૪] લીજે, લેખો માગે તો લેણ ન દીજે .. ૨

ગ્રહી કેશ કરે જો ઘાત, તોયે ન હેત ઉતારે માતા;
કહે કબીર એક બુદ્ધિ બિચારી, બાલક દુઃખે દુઃખી માતા તારી ... ૩

૧. માતા
૨. પરમેશ્વર
૩. પ્રાણરૂપી પંખી
૪. સ્વીકારી

કલ્યાણની સાખી (નાદબ્રહ્મ પદ-૧૫૫) – N155

ગુરૂ જ્ઞાન ગ્રહ્યો[૧] જબ, ઝવેરી ભયો ભરપૂર;
ગિરિરાય રૂપે દયા, હરિ ગુરૂ સંત શું હજૂર ૧

ગોડી તો અબ મિટ ગઈ, જબ અસ્ત ભયો હૈ ભાણ;
રાત ઘટિકા દો ગઈ, જબ પ્રગટ્યો રાગ કલ્યાણ ૨

કલ્યાણ કલ્યાણ સબકો કહે, મેરે પ્રભુજીકો નામ કલ્યાણ;
સંત સંગત કલ્યાણ હૈ, સો કરત હૈ કલ્યાણ કલ્યાણ ... ૩

સુખ ઊપજે દુઃખ મિટ ગયે, ચૌદીશી ભયા ઉજિયાલાં;
અંગોઅંગથી ઉલટ્યો, જબ પ્રગટ્યો રાગ કલ્યાણ ૪

કલ્યાણ રાગ સો મહાબલી, સબકો રાખત માન;
સિંહલદ્વિપ[૨] કી પદ્મણી, સો ગાયે રાગ કલ્યાણ ૫

૧. ગ્રહણ કર્યું ૨. સિંહલ નામનો ટાપુ-સિલોન ટાપુ

૯૫. સંત સમાગમ કીજે રે ભાઇ - AS095 N156

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૫૬) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

સંત સમાગમ કીજે રે ભાઇ, સંત સમાગમ કીજે રે ભાઇ;
જાણ અજાણ ચુવે પારસકો, પલટ લોહા કંચન હો જાઇ .....ટેક

ભાત ભાત બનરાઇ જો કહીએ, ભીન્ન ભીન્ન વા કો નામ ધરાઇ;
ચંદન કે જા કો બાસ લગત હૈ, ચંદન હાંત બેર ન લાઇ ૧

નૌકા રૂપ કહીએ સત સંગત, વામે જે કોઇ બૈઠે આઇ;
ઔર ઉપાય નહિ તરવે કો, સુંદર કાઢી રામ દુહાઇ ૨

૯૬. હરિ કો ભજન કર હો મન પ્યારે - AS096 N159

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૫૯) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

હરિ કો ભજન કર હો મન પ્યારે, પ્રભુ કો ભજન કર હો મન પ્યારે;
એક રસના તુમ ક્યોં અલસાને, શેષ સહસ્ત્ર સુમિરની નિહાળે .... ટેક

જા કે શરણ પતિત ગત પામે, ગુણકા કુબ્જા વ્યાધ ઉદ્ધારે;
અધમ તરે અધિકાર ભજનસે, હરિ સુમરણ સઘળા અઘ જાયે ... ૧

અજામિલ સુત નામ ઉદ્ધારે, જલ ડુબત ગજગ્રાહ ઉગારે;
પરશુરામ ઐસો સમર્થ ઠાકોર, બનચર ભીલ પુતના તારે ૨

૯૭. તુમ કિર નાવ લઈ આવ રે - AS097 N160

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૦) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

તુમ કિર નાવ લઈ આવ રે, તુમ કિર નાવ લઈ આવ રે;
તુમકો બોલાવે રઘુનાથ ગોસાંઈ, તુમ પર કીનો ભાવે રે ..... ટેક

તેરી નૌકા બહુત ચલત હૈ, સરિતા પાર લગાવ રે;
દીન જાણી મોહે દયા જો કરત હૈ, મત હી ભૂલો ઐસો દાવ રે ... ૧

કીની રે કીરપા બહુત અતિ કરુણા, હૃદયે ધર્યો વિશ્વાસ રે;
લઘુતામાં પ્રભુ પાર કિયો હૈ, કુટુંબ સહિત ભરી નાવ રે ૨

૯૮. પગ ધોઉં નાવ પધારો - AS098 N161

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૧) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

પગ ધોઉં નાવ પધારો, રામજી, પગ ધોઉં નાવ પધારો;
ઊડ ગઇ શલ્યા કાષ્ઠ કી ખેતી, તુમ હીં મનમેં વિચારો ..... ટેક

કટી લો રે નીર તીર અતિ ન્યારો, આગે કોશ ઉવારો;
વિશ્વ જીવનકે જીવિકા મોહે, મોહે રંક કાં મારો ૧

હૈ કશું તત્વ એ હી પદરજમેં, નાહિ ન દોષ તુમ્હારો;
અગ્રદાસ ઉતરાય જ દીનો, નૌકા સહિત કુલ તાર્યો ૨

૯૯. રામજી કો નામ નવનિત મેરે - AS099 N163

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૩) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

રામજી કો નામ નવનિત મેરે, રામજી કો નામ નવનિત મેરે;

કહાં જો ભયો સુખ સંપત્ત તેરે, રામજી કો નામ નવનિત મેરે;
આવતા ન સંગી, જાતા ન સંગી, કહાં જો ભયો ઘર બાંધ્યો હાથી.. ૧

નગ્ન આવતા નગ્ન જાતા, કહાં જો ભયો તુ રાજા રાવણ;
કહે કબીર અંતકી બારી, હાથ ઝટક જૈસે ચલ્યો હૈ જુગારી ૨

૧૦૦. ઐસે મન લઈ લો રામ રસના - AS100 N164

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૪) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ઐસે મન લઈ લો રામ રસના, ઐસે મન લઈ લો રામ રસના;

કપટ ભક્તિ કીજે કવન ગુના, ઐસે મન લઈ લો રામ રસના;
જેમ મૃગનાદે વીંધ્યો આયે, પિંડ પડે વાકો ધ્યાન ન જાયે ૧

જૈસે કીટ ભૃંગ લોલાઈ, હૈ લોલીન ભૃંગ જાય;
જૈસે મીન જલહીત જાણ, પ્રાણ તજે વિસરે નહિ પાની ૨

રામનામ સુખ અમૃતસાગર, સુમર સુમાર જન ઉતરે પાર;
કહે કબીર દાસન કો દાસ, સબ ન છાંડું રામચરણ નિવાસ ૩

૧૦૧. ભૂલ્યો મન સમજાવે - AS101 N165

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૫) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ભૂલ્યો મન સમજાવે, હો કોઇ, ભૂલ્યો મન સમજાવે;
એ મન ચંચલ ચોર લાલચુ, છૂટ્યો હાથ ન આવે ..... ટેક

જોડ જોડ ધન ઊંડા ઘાલે, જહાં કોઇ લેણા ન પાવે;
કાલ આયે જબ કંઠ ગ્રહેગો[૧], સેનો[૨] સેનમેં બતાવે ૧

ખોટા દામ ગાંઠે લઇ ડોલે, હસી હસી વસ્તુ મૂલાવે;
બોયે બાંબુ આમ્રફલ[૩] ચાહે, સો ફલ હાથ ન આવે ૨

ગુરૂ પ્રતાપ સંત કી સંગત, મન વાંછિત[૪] ફલ પાવે;
જાત જુલાહા[૫] નામ કબીરા, હરખી નીરખી ગુણ ગાવે ...૩

૧. પકડશે
૨. તે ક્ષણે
૩. કેરી
૪. ઈચ્છા પ્રમાણેનું
૫. વટલાયલી મુસ્લિમ વણકરની એક જાતિ

૧૦૨. નિર્ગુણ જરા લક્ષ આવે - AS102 N166

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૬) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

નિર્ગુણ[૧] જરા લક્ષ[૨] આવે, કોઈ, નિર્ગુણ જરા લક્ષ આવે;
વસ્તુ સમીપ જન જે કોઈ પાવે, કપટ અમલ[૩] વિસરાયે .... ટેક

કાજી હો કર કિતાબ વાંચે, મુલ્લાં બાંગ પુકારે;
વેદ પુરાણ છોડ ચલે વિપ્રકો[૪], રાજા કો રાજ નિભાવે ૧

કમલ કી પૌધ[૫] બસે એક દાદુર, તા કો ભેદ ન પાવે;
ફુલ વાસ કે ભોગી ભમરા, લક્ષ[૬] કોસથી આવે ૨

જોગી યતિ[૭] ને તપશી સંન્યાસી, બહુવિધ વેષ બનાવે;
રિદ્ધિ સિદ્ધિ[૮] કારણ કરન ફકીરી, સ્વપ્ને ભોજન પાવે ૩

પવન આસન સાધન યોગ, પ્રેમ જ્યોતિ કો પૂજાવે;
ષટ દર્શન[૯] અખંડ શેનું, ત્યાં મેં એકલો આયે ૪

બિન કરહી પખાવજ બજાવે, બિન રસના ગુણ ગાવે;
કહે કબીર શબ્દ અનહદકા[૧૦], કોઈ સમર્થ ગુરુ સમજાવે ૫

૧. પ્રભુનું જે પ્રગટ સ્વરૂપ નથી તે નિરાકાર છે અને તેથી તે ગુણ વિનાનું છે. ૨. ધ્યાનમાં
૩. વિશુદ્ધ ૪. બ્રાહ્મણ ૫. દાંડી ૬. લાખ ૭. સંન્યાસી ૮. આઠ સિદ્ધિઓ ને નવ નિધિ
૯. છ દર્શન શાસ્ત્રો : પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, ન્યાય, વૈશેષિક, સાંખ્યયોગ ૧૦. અસીમ જ્ઞાન

૧૦૩. નીરખ પરખ ગુરુ કરના - AS103 N167

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૭) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

નીરખ પરખ ગુરુ કરના, અવધુ, નીરખ પરખ ગુરુ કરના;
તન મનસે કછુ પર્યા નાહીં, કાહે કો પર્યી મરના ..... ટેક

કાલ ન મિટે જંગલ ન છૂટે, તપસ્વી ભયા નહિ શૂરા;
કુલકો નાશ કરો મત કોઇ, ગુરુ મળ્યા નહિ પુરા ૧

સપ્ત ધાતુકા પિંજર બનાયા, ઉપર ગિરદ કી શોભા;
સતગુરુ મિલે તો કાલથી બચે, નહિ તો પ્રલય હોયે ૨

કદ્રુપ દેહી કાચકે કુપો, મિથ્યા કહાં ઉલેચે;
કહે કબીર સુનો ભાઇ સાધુ, અમૃત કે રસ સીચો ૩

૧૦૪. શી ગતિ થાશે અમારી - AS104 N168

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૮) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

શી ગતિ થાશે અમારી, દિનાનાથ, શી ગતિ થાશે અમારી;
જઠર અગ્નિમેં રાખ લીયો હૈ, રક્ષા કરો અમારી ..... ટેક

બે વાતે મારું મન લલચાયું, એક કંચન બીજી નારી;
જમ ના કિંકર માર દેશે, નશી ઉગરવાની બારી ૧

ભાવ કરીને હરિને ભજશે, જે કોઈ નર ને નારી;
ભવ પ્રાસીત પ્રલય થાશે, કૃષ્ણદાસ લિયો તારી ૨

૧૦૫. ના ચઢીએ રઘુનંદન - AS105 N169

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૬૯) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ના ચઢીએ રઘુનંદન, નાવ પર, ના ચઢીએ રઘુનંદન;
રંક જાત ઉદર ભરીએ, ના ચઢીએ રઘુનંદન ..... ટેક

એ નાવ નારી હો જાય, રાજકુંવર સે કોલ દિયે;
તુલસીદાસ પ્રભુ નામ નાવ છે, ભવસાગર સહેજે તરીએ ... ૧

૧૦૬. જ્ઞાની કા ઘર ન્યારા - AS106 N170

રાગ - કલ્યાણ (નાદબ્રહ્મ પદ-૧૭૦) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

જ્ઞાની કા ઘર ન્યારા, સંતો, જ્ઞાની કા ઘર ન્યારા;

જ્ઞાની કા ઘર ઐસા ચહીએ, જૈસે જમીકા ધુરા;
ઈતની ક્ષમા રાખે ઘટ ભીતર, સો જ્ઞાન કા પુરા ૧

દીપક જ્યોત મંદિરમાં રાખે, મિટ ગયે અંધિયારા;
જ્ઞાની કા ઘર ઐસા ચહીએ, બિન દીપક ઉજિયારા ૨

તુલસી કા દલ એક સરખા, કહાં છોટા કહાં મોટા;
કહે કબીર સુનો ભાઈ સાધુ, રહેણી કા ઘર મોટા ૩

કાફીની સાખી (નાદબ્રહ્મ પદ-૧૭૭) - N177

કારી કંઠ કર, કાફી કલા કછું ઔર;
કૃષ્ણ કામિની કારણ, પ્રભુ પ્રગટે ઠોર હી ઠોર ૧

કાફી કલા પાઈએ, કાફી કાફી કરંત;
ગિરિરાય ગિરિજાપતિ, સો હી સીતાપતિ સ્મરણ ... ૨

સિદ્ધ સંત કા એકમત, જીવત તા કો ખાયે;
મુખ ફેર મુર્દા ભયા, તા ઘેર સંત ન જાયે ૩

૧૦૭. સાધુ કી સંગત પાઇ રે - AS107 N178

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૭૮) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

સાધુ કી સંગત પાઇ રે, જા કી સુફલ કમાઇ;
સાધુ કી સંગત ભક્તિ હરિકી, બઢત બઢત બઢ જાઇ ... ટેક

ધ્રુવ પ્રહ્લાદ અંબરીષ વિભિષણ, નારદ છે ઋષિરાઇ;
પીપા ધના સેના રોહીદાસ, પાંચમી મીરાંબાઇ ૧

નરસિંહ જયદેવ ઔર સૂરદાસ, સજના જાત કસાઇ;
રંકા વંકા કાલૂ કેવલ કૂબા, કરમા કી ખીચડી પાઇ ૨

દત્તાત્રેય ગુરુ ગોરખ યોગી, ગગન મંડલ મઠ છાઇ;
કહેત કબીર સુનો ભાઇ સાધુ, જ્યોતમેં જ્યોત મિલાઇ ... ૩

૧૦૮. જે હરિ નામ સુનાવે રે - AS108 N179

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૭૯) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

જે હરિ નામ સુનાવે રે, સોહી સજ્જન મેરા;

ભવસાગરકી લોભ લહરમેં, ડૂબત પાર ન પાયે ૧

શિવ સનકાદિક[૧] ઔર બ્રહ્માદિક, નારદ કે મન ભાવે ૨

છઠ્ઠી[૨] છાંડ પડો પાપી મૂર્ખ, જે મુખે હરિ ન સોહાવે ૩

કહે કબીર સુનો ભાઈ સાધુ, હરખી નીરખી ગુણ ગાવે ૪

૧. સનક, સનંદન વગેરે મુનિઓ ૨. છઠ્ઠીનો દિવસ એટલે જન્મને છઠ્ઠે દિવસે

૧૦૯. આનંદ મંગલ ગાઉં રે - AS109 N180

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૮૦) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

આનંદ મંગલ ગાઉં રે, જો મેં સાહેબ પાવું;

એક ટેક રાખી તેરે વદન નિહાળું, પલક કે ચમર ઢોળાવું ૧

ત્રિકુટી[૧] મહેલ પર બન્યો હૈ ઝરુખો[૨], દેદારૂપી[૩] સેજ બિછાવું .. ૨

કહેત કબીર સુનો ભાઈ સાધુ, જિનમેં બંદગી મિલાઉં ૩

૧. કપાલ પરે બે ભ્રમરની વચ્ચે ત્રિકૂટી મહેલ ૨. અટારી ૩. જ્ઞાનરૂપી

૧૧૦. ક્યોં હરિનામ વિસારા - AS110 N181

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૮૧) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ક્યોં હરિનામ વિસારા, મન મૂઢ ગવાંર;

ચલના દૂર અબ ક્યોં થાકે, પંથ ખાંડે કી ધાર ૧

અજ હું ચેત કહાં ભયો ગાફેલ, અભ કછુ કર લે સાર ૨

વિષય વાદસે બાજ ન આયે, મારા મારા જમ હાર ૩

છાંડ કુટિલતા ભજીલે રામનામ, યો હી મત અમારા ૪

કહેત કબીર સેવો સાધુજન, તો ઉતરે ભવપાર ૫

૧૧૧. સાધુજનનો સંગ રે - AS111 N183

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૮૩) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

સાધુજનનો સંગ રે, બાઇ મને ભાગ્ય મળ્યો હૈ;

અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટી કાશી ને કોટી ગંગા રે ... ૧

દુર્જન હોય તે તો દૂર જ રહેશે, પાડે ભજનમાં ભંગ રે ૨

નિંદા કરે તે નરકે જાશે, થાશે અંધ અપંગ રે ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, મારે તો એની સંગ રે ૪

૧૧૨. પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે - AS112 N184

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૮૪) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

પ્રભુજી વિષે લાગ્યો મને સ્નેહ રે, બીજું મને કાંઇ ન ગમે રે;

પહેલી પૂજા અજદેવ[૧] તમારી, તે થકી રહે મારી દેહ રે ૧

હાર ને ચીર હું તો નહિ પહેરું રાણા, તુલસીની માલા મારે દેહ રે... ૨

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, હરિચરણે ચિત્ત લેવું રે ૩

૧. આત્મદેવ

૧૧૩. સાધુજનનો સંગ રે - AS113 N186

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૮૬) [અનુક્રમણિકા-૩ Index_front Index_back]

સાધુજનનો સંગ રે, બાઇ મને ભાગ્ય મળ્યો હૈ;

કોરી કોરી મટુકીમેં[૧] મહી[૨] જમાવું, ગ્વાલન હોકર જાવું રે ૧

ફૂલ રે મંગાવું વ્હાલા ગજરા ગૂંથાવું, માલન[૩] હોકર જાવું રે ૨

કપડા મંગાવું વ્હાલા ભગવા રંગાવું, જોગન[૪] હોકર જાવું રે ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, જ્યોતમેં જ્યોત મિલાવું રે.... ૪

૧. માટલી ૨. દહીં ૩. માખણ ૪. જોગણ

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸

૧૧૬. કોણ કરે જંજાલ - AS116 N192

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૯૨) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

કોણ કરે જંજાલ, જુગમેં જીવન થોડા;

માતાપિતાએ જન્મ દિયો હૈ, કર્મ દિયો કિરતાર ૧

માટી ચુન ચુન મહલ બનાયા, અંધ કહે ઘર મેરા ૨

નહિ ઘર તેરા નહિ ઘર મેરા, જાતા જંગલ કા ડેરા ૩

કોઇ તો જશે દશ વીશ વરસમાં, કોઇ તો જશે બાલપન ... ૪

કોઇ ઊતરે રત્નાગર સાગર, કોઇ તો ઊતરે ભવપાર ૫

કહે કબીર સુનો ભાઇ સાધુ, જૂઠા દેહ કા ખ્યાલ ૬

૧૧૭. ઊઠી ચાલ્યો અવધૂત - AS117 N193

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૧૯૩) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ઊઠી ચાલ્યો અવધૂત, મઢીમેં કોઈ ના મળે;

પંથી હતા તે પંથ ચલી ગયા, મઢીમેં પડ રહી ભભુત ૧

કાયા મઢુલી જંગલમેં ચલ ગઈ, હો ગઈ લુંટાલુંટ ૨

માતાપિતા તેરા કુટુંબ કબીલા, એ સબ રૂવે જૂઠ ૩

કહે કબીર સુનો ભાઈ સાધુ, તૂટી ગયો રે ઘરસૂથ ૪

ઙઙઙઙ અનંત સૂર ઙઙઙઙ

૧૧૮. વૈષ્ણવ જન તો તેને કહીએ - AS118 N196

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૧૯૬) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

વૈષ્ણવ જન[૧] તો તેને કહીએ, જે પીડ[૨] પરાઇ[૩] જાણે રે;
પરદુઃખે[૪] ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે ..... ટેક

સકળ લોકમાં સહુને વંદે, નિંદા[૫] ન કરે કેની રે;
વાચ[૬] કાછ[૭] મન નિશ્ચલ[૮] રાખે, ધન ધન જનની તેની રે ... ૧

સમદષ્ટિ[૯] ને તૃષ્ણા[૧૦] ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે ૨

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય[૧૧] જેના મનમાં રે;
રામ નામ શું તાળી[૧૨] રે લાગી, સકળ તીર્થ તેના તનમાં રે...૩

વણલોભી[૧૩] ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો તેનું દર્શન કરતા, કુળ ઇકોતેર[૧૪] તાર્યા રે ૪

૧. ભગવાનના અનુયાયી ૨. દુઃખ ૩. બીજાની ૪. બીજાનું દુઃખ ૫. ટીકા ૬. વાણી ૭. વેશના અર્થમાં ૮. સ્થિર ૯. સરખી નજર મતલબ કે સમાન વ્યવહાર ૧૦. ઈચ્છા-વાસના ૧૧. રાગ વગરનું બનવું ૧૨. લગન ૧૩. લોભ વગરનો ૧૪. ઉપરોક્ત ગુણોવાળા ભક્તનું દર્શન કરવામાં આવે તો ઈકોતેર પેઢી સુધી કામ આવે એટલો પુણ્યનો જથ્થો પ્રાપ્ત થાય છે.

૧૧૯. ભૂતળ ભક્તિ પદારથ મોટું - AS119 N197

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૧૯૭) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ભૂતળ[૧] ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં[૨] નહિ રે;
પુણ્ય કરી અમરાપુરી[૩] પામ્યા, અંતે ચોરાશી માંહી રે ..... ટેક

હરિના જન તો મુક્તિ ન માગે, જન્મો જન્મ અવતાર રે;
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ[૪], નીરખવા નંદકુમાર રે ૧

ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધન ધન રે એના માતપિતાને, સફળ કરી એણે કાયા રે ૨

ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ[૫] આંગણિયે ઊભી, મુક્તિ[૬] છે એમની દાસી રે...૩

એ રસનો સ્વાદ શંકર[૭] જાણે, કે જાણે શુક જોગી રે;
કંઇ એક જાણે પેલી વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે...૪

૧. પૃથ્વી
૨. સાત ઉર્ધ્વલોક છે તેમાંની એક
૩. સ્વર્ગ
૪. ઉત્સવ
૫. આઠ સિદ્ધિઓ – અણિમા, લઘિમા, ગરિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ ને વશિત્વ
૬. મોક્ષ
૭. શંકર ભગવાન

૧૨૦. નારાયણનું નામ જ લેતાં - AS120 N198

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૧૯૮) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે;
મનષા[૧] વાચા કર્મણા[૨] કરીને, લક્ષ્મીવરને[૩] ભજીએ રે .... ટેક

કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપ રે;
ભગિની સુત દારાને[૪] તજીએ, જેમ તજે કંચુકી[૫] સાપ રે ... ૧

પ્રથમ પિતા પ્રહલાદે તજીઆ, નવ તજીયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામ રે ૨

ઋષિપત્નીએ શ્રીહરિ કાજે, તજીઆ નિજ ભરથાર[૬] રે;
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર[૭] રે ૩

વ્રજવનિતા[૮] વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે;
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મહાલી[૯] રે ૪

૧. મનથી ૨. ફરજ બજાવીને અથવા ચિંતન કરીને ૩. પરમેશ્વરને-લક્ષ્મીના પતિ વિષ્ણુને
૪. સ્ત્રી-પત્ની ૫. કાંચળી ૬. પતિ ૭. ચાર પદાર્થ – ધર્મ, અર્થ, કામ ને મોક્ષ
૮. વ્રજદેશની સ્ત્રીઓ ૯. રમી-ખેલી

૧૨૧. હરિની ભક્તિ વિના જે જન જીવે - AS121 N199

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૧૯૯) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

હરિની ભક્તિ વિના જે જન જીવે, અફલ[૧] ગયો અવતાર રે;
તુલસીની માલા તિલક પાસે, બીજા જુઠાં[૨] શણગાર રે .....ટેક

દશ માસ જનુની ભારે મારી, જેમ વહે શીર ભાર રે;
દેહ ધરી હરિનો દાસ[૩] ન કહાવે, તેની જનુનીને ધિક્કાર[૪] રે.. ૧

વૈષ્ણવ જન વ્હાલા નહિ જેને, દયા નહિ લગાર રે;
નરસૈંયાના સ્વામી વિના સજની, બીજા અનેક વિચાર રે ૨

૧. નિષ્ફળ-નકામો ૨. નિરર્થક-ઉપયોગ વિનાના ૩. સેવક, નોકર ૪. ફિટકાર

૧૨૨. આવો રે અલબેલા વ્હાલા - AS122 N200

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૦) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

આવો રે અલબેલા વ્હાલા, મોહન મારા રસિયા રે;
આટલી વાર કહો ક્યાં લાગી તમને, કોને મંદિરે વસિયા રે... ટેક

તમને ટેવ પડી પર ઘરની, કહો કેમ કરીએ રે;
અમો લોકમાં લાજી મરીએ, કોને જોઈને કહીએ રે ૧

આજ પછી આવું નવ કીજીએ, લોકમાં હાંસી થાશે રે;
નરસૈંયાના સ્વામી જો તજશો અમને, લાજ તમારી જાશે રે...૨

૧૨૩. કહો સજની એને કેમ મુકું - AS123 N201

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૧) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

કહો સજની એને કેમ મુકું, આનંદ રૂપી હરિ આવ્યા રે;
વેદ પુરાણ શાસ્ત્ર એમ બોલે, વૈષ્ણવજન તો વ્હાલા રે .... ટેક

ભેદ ન જાણે ભાવહીણા, જાઈ બડા સમ થાવાને;
અબલા ટાળી નહિ કો સમર્થ, પાલવ એનો સાવાને ૧

યજ્ઞ કરે ત્યાં ઝાંખી ન જોવું, શીખ્યો ચોરી ખાવાને;
નરસૈંયો ભૂતલ અવતર્યો, હરિ તણા ગુણ ગાવાને ૨

૧૨૪. મેહુલો રે ગાજે ને માધવ નાચે - AS124 N203

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૩) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

મેહુલો રે ગાજે ને માધવ નાચે, રુમઝુમ વાજે ઘુઘરી રે;
તાલ પખાવજ બજાવે ગોપી, કૃષ્ણ વગાડે વાંસલડી રે .... ટેક

પહેર્યાં ચરણ ને ચીર ચુંદડી, ઓઢી ઐસી પટોળી રે;
દાદૂર મોર બપૈયા બોલે, મધુરીશી બોલે કોયલ રે ૧

ધન બંશીબટ ધન યમુના તટ, ધન વૃન્દાવન અવતાર રે;
ધન નરસૈંયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલાર રે ... ૨

૧૨૫. આજ વૃન્દાવન આનંદ સાગર - AS125 N204

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૪) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

આજ વૃન્દાવન આનંદ સાગર, શામળિયો સંગે રાસ રમે;
નટવર વેશે બંસી બજાવે, ગોપીઓ ને મન ગોવિંદ ગમે ..... ટેક

સોળ કળાની શશી[૧] શિર ઉપર, ઉડુગણ[૨] સહિત વિમાન ભમે;
નીર ગંભીર સ્થિર યમુના તટ, ત્રિવિધ[૩] તનના તાપ શમે ... ૧

ગોપી નીસર્યા નરહરિ જોવાને, નીકળ્યા સોળે શણગાર સજી;
ટોળે ટોળાં ઊભા રહીને, નીરખત નયણા ભરી ભરી ૨

એક એક ગોપી બીચમા માધવ, કરગ્રહી[૪] મંડલી માંહી રમે;
તા થૈ તા થૈ તાન મિલાવે, રાગ રાગણી શમે રે શમે ૩

હરખ્યાં સુરિનર દેવ મુનિજન, પુષ્પ વૃષ્ટિ કરી ચરણે નમે;
ભણે નરસૈંયો ધન વ્રજ નારી, જેણે કાજે જોગી દેહ દમે ૪

૧.ચંદ્ર ૨. તારાઓ ૩. ત્રણ જાતનાં દુઃખો-આધિ, વ્યાધિ ને ઉપાધી ૪. હાથ પકડી

૧૨૬. સાંભળ રે શ્યામળિયા રે વ્હાલા - AS126 N205

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૫) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

સાંભળ રે શ્યામળિયા રે વ્હાલા, તારે ને મારે ઘણી માયા રે;
જો મહેતાજી જમવા ન આવે, તત્ક્ષણ તજું મારી કાયા રે .....ટેક

કપટ નહિ કાંઇ મહેતાનાં મનમાં, હેતે હરિના ગુણ ગાવું રે;
વૈષ્ણવજન કેરો વેષ દેખીને, મહેતા ને મંદિર જાવું રે ૧

વિશ્વંભર વિનંતિ મારી માનો, પ્રીત પૂર્વની રાખો રે;
અમો અબલા કો આધાર તમારો, ભક્ત ઉદ્ધારણ[૧] રાખો રે ૨

નાગર સર્વે જમવા ચાલ્યા, હાથમાં ચંબુ[૨] લીધાં રે;
અંતર્યામીએ[૩] તત્ક્ષણ જાણ્યું, ન્યાતમાં ઢેડાં[૪] કીધાં રે ૩

થર થર નાગર ધ્રુજવા લાગ્યા, કહો કેમ કરીશું રે;
મહેતાજીને ન્યાત બહાર પાડતા, આપણ સર્વે પડીશું રે ૪

માન મૂકી મનાવવા ચાલ્યા, મહેતાજી શરણે રાખો રે;
ભક્તિ તણો છે મોટો મહિમા, નિત નિત દર્શન આપો રે ૫

કપટ નહિ કાંઇ ભક્તના મનમાં, મહેતાજી જમવા આવ્યા રે;
માનબાઇના સ્વામી શ્યામળિયા, ન્યાતમાં ઢેડા સમાવ્યા રે ૬

૧. ઉદ્ધાર માટે
૨. પાણી વિનાનું સાધન
૩. પરમાત્માએ
૪. નાગર ન્યાત જમવા બેઠેલી ત્યારે પરમાત્માએ એવી લીલા કરી હતી કે અરસપરસ જે જુએ તેને ઢેડાંના જ દર્શન થાય. નાગરોએ નરસિંહ મહેતાને બહાર મૂક્યા હતા તે ખોટું થયું તેનું ભાન થયું.

૧૨૭. શા માટે શ્યામળિયા વ્હાલા - AS127 N206

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૬) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

શા માટે શ્યામળિયા વ્હાલા, સાન કરી અમને તેડ્યાં રે;
વ્યાકુલ વનિતા થઈ સર્વે અંગે, વેણુ વગાડી રૂડી રે ..... ટેક

આ વેળા એ અર્ધી રાતે, પરહર્યાં પરિવાર રે;
શા માટે આળ ચઢાવે અમને, નિર્લજ્જ નંદકુમાર રે ૧

બોલો વિચારી તમે નંદનાનંદન, અમો અબલા બલ થોડું રે;
નરસૈંયાના સ્વામીને સંગે રમતાં, દીન થયા કર જોડી રે ૨

૧૨૮. નુગરા જનનો સંગ ન કરીએ - AS128 N207

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૭) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

નુગરા જનનો સંગ ન કરીએ, નુગરાનો સંગ છે ભારી રે;
નુગરા સંગે નરકે જઈએ, સમજો નર ને નારી રે ..... ટેક

નુગરા સંગે વાત કરતાં, લાખ ચોરાશી જાઈ રે;
ભૂતલ મનષા દેહ ધરીને, ફોગટ ફેરા ખાશો રે ૧

નુગરાનું જલપાન કરતાં, કોટી કર્મ શિર ચઢશે રે;
માતતાત પડોશી મળીને, અધોગતિ દુઃખ દેશે રે ૨

નુગરા જનનો દોષ ઘણો છે, કહેતાં પાર ન આવે રે;
ભણે નરસૈંયો સુનો નારાયણ, નુગરાનાં બંધન છોડાવો રે ... ૩

૧૨૯. પોતે પોતાનું ઘર જાણવું જોઇએ - AS129 N209

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૦૯) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

પોતે પોતાનું ઘર જાણવું જોઇએ, જાણ્યા વિના કહો ક્યાં જઇએ;
અણ ઓળખ્યે ઓશિયાળાં થઇને, પરઘેર ઊભા નવ રહીએ ...ટેક

પરણ્યો પરણ્યો પિયુ નજરે ન ભાળ્યો, સાસરિયાનું સુખ નવ દીઠું;
અમૃતપે અતિ લાગે મીઠું, નામ ધણીનું રૂડું રે ૧

કોઇ કાલનો જીવ ભમે છે, ઠરી નહિ બેઠો ઠામ રે;
આવ્યો પ્રાણી લ્હાવો જ લેવા, ભેદુ વિના ભટકાયો રે ૨

માર્ગ મેલી કુમાર્ગે ચાલ્યો, નહિ જડ્યું ગામ ને ધામ રે;
રણછોડના સ્વામી સુંદીરવર, ઘેર ઘેર ભટકાણો રે ૩

૧૩૦. હું તને પૂછું મારી વેરણ નિદ્રા – AS130 N210

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૧૦) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

હું તને પૂછું મારી વેરણ નિદ્રા, તું છે નાર ધુતારી રે;
નથી ધુતારી હું તો નથી ઠગારી, હું છું કોમલ નારી રે ..... ટેક

પ્રાણીમાત્રને વિશ્રામ આપું, દુઃખસુખ મેલું વિસારી રે;
નાટક ચેટક ભાંડ ભવાઈ, ત્યાં તો હું નવ જાઉં રે ૧

કથા કીર્તન ધોળ મંગલ, ત્યાં જઈ પાવન થાઉં રે;
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી, નિદ્રામાં સુખે પોઢ્યા રે ૨

૧૩૧. પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા - AS131 N211

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૧૧) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા, રાતદિવસ હૃદયે રાખ્યા રે;
જોબનથી તે વૃદ્ધત્વ સુધી, રામનામ વિસાર્યા રે ..... ટેક

અંબરીષ રાજા મને અતિ વ્હાલા, દુર્વાશા એ મન ભંગ કીધાં;
મેં મારું અભિમાન તજીને, ચક્ર સુદર્શન લીધું રે ૧

ગજને માટે હું પાદે ધાયો, હરિજનને સહાય દેવા રે;
ઊંચ નીચ હું કાંઈ ન જાણું, મુજને ભજે મુજ જેવા રે ૨

લક્ષ્મી અર્ધાંગના મારી, મારા સંતની દાસી રે;
અડસઠ તીર્થ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે ...૩

સંત ચાલે હું આગળ ચાલું, સંત સુએ હું જાગું રે;
જે મારા સંતની નિંદા કરશે, તેને કુલ સહિત ભાંગું રે ૪

મારો બાંધ્યો વૈષ્ણવ છોડાવે, વૈષ્ણવના બાંધ્યો મેં ન છુટે;
એક વાર વૈષ્ણવ મને બાંધે, તે એ બંધન નવ તૂટે રે ૫

બેઠો ગાઈ ત્યાં ઊભો સાંભળું, ઊભો ગાઈ ત્યાં નાચું રે;
વૈષ્ણવથી હું ક્ષણ ના અળગો, માન નરસૈંયો સાચું રે ૬

૧૩૨. આજ સોનાનો સૂર્ય ઉગ્યો - AS132 N215

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૨૧૫) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

આજ સોનાનો સૂર્ય ઉગ્યો, વ્હાલાજી ઘેર આવ્યા;
કામ કાજ મને કાંઈ ન સુઝે, મોહનજી મન ભાવ્યા ..... ટેક

આજે મારે મન આનંદ અતિઘણો, પાથરણાં પથરાવું;
ચૂવા ચંદન[૧] કસ્તુરીના, છાંટણિયા છંટાવું ૧

પ્રેમ આણીને પૂરું સાથિયા, તોરણ દ્વારે બંધાવું;
આરતી ઉતારું મારા કૃષ્ણજીવણની, મોતીડે વધાવું ૨

ધુધરી ઘમકે ને ચાલે ઠમકે, સોના અંબર[૨] શોહે;
કંઠે હાર હાથે બાજુ બંધ, લટકે ત્રિભુવન મોહે ૩

રૂમઝુમ રૂમઝુમ હું તો ચાલું, દુર્જન લોકો હસે;
ભલે મળ્યા મહેતા નરસૈંઇના સ્વામી, નિંદનારા હાથ ઘસે... ૪

૧. સુખડ ૨. આકાશ

મારૂની સાખી (નાદબ્રહ્મ પદ-૨૧૬) - N216

મારૂ મસ્તક બેડલું, વળી પગ દાઝે પંથ દૂર;
હજી ન આવ્યો પ્રાણ મેહુલો, નદીએ ન આવ્યા પૂર ... ૧

મારૂ તારા દેશમાં, નીપજ્યા રત્ન ત્રણ;
એક મારુ દૂજો ઢોલીયો, ત્રીજો કસુંબા રંગ ૨

મારૂ તારા દેશમાં, ખાવા ખાંડ ખજૂર;
એક દુઃખ મારે અતિઘણું, મારે ઈંધણા પાણી દૂર ૩

મારૂ જૈસી પાતળી, જૈસી ખાંડા ધાર;
સેજ પલંગથી લથડી, મારૂ ટુકડા હુઆ દો ચાર ૪

મારૂ હાથ ગંગાજલ, છૂટા કેશ સુકાય;
ચંદન કેરે છોડાવે, વ્હાલો, નાગ હીંડોળા ખાય ૫

મારૂ ઢોરા કરતાં ઢોર ભલો, ચરે જંગલકો ઘાસ;
સાંજ પડે દિન આથમે, મારૂ ઢોર કરે ઘરની આશ ૬

કસ્તુરી નાભિ વસે, મૃગ ઢુંઢે બનમાંય;
યોં હરિ હૃદયામાં બસે, મૂર્ખ ન જાણે કાંઈ ૭

૧૩૩. શ્યામને કહેજો રે સંદેશો - AS133 N220

રાગ - મારૂ (નાદબ્રહ્મ પદ-૨૨૦) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

શ્યામને કહેજો રે, સંદેશો, શ્યામને કહેજો;
ઇચ્છા હોય ત્યાં સુધી રે, દ્વારિકામાં રહેજો રે ..... ટેક

અકરુર સાથે આવ્યા રે, રથ બેસી બન્ને વીર;
ભરી સભામેં પૂર્યાં રે, દ્રૌપદી કેરા ચીર ૧

જાણી જાત જાદવતણી રે, જેણે કીધા બે બાપ રે;
મામો પોતાનો માર્યો રે, તેને નારી હણ્યાનું શું પાપ ... ૨

પરોણે ઘર ન વસે રે, પડોશી ન ભાંગે ભીડ રે;
વીત્યા વિના નવ જાણીએ રે, પ્રેમ પ્રિયાની પ્રીત ૩

ગૌધેનૂ ઘાસ ચુગે[૧] નહિ રે, બછુઆ[૨] ન પીએ ક્ષીર[૩];
શ્યામ વિનાનું સૂનું ગોકુળિયું, સૂના મઠ યમુના તીર ... ૪

ઉલ્લંધી[૪] અબળા તણા રે, કેશવ ધરજો કાન;
બેઉ કરજોડી વિનવું રે, તારૂ ધરે નરસૈંયો ધ્યાન ૫

૧. ખાય ૨. વાછરડા ૩. દૂધ ૪. અનાદર કરનારના અર્થમાં અહીં વપરાયેલ છે.

૧૩૪. આવ્યા રે આશ ભર્યા વ્હાલાજી અમો - **AS134 N225**

રાગ - મારૂ (નાદબ્રહ્મ પદ-૨૨૫) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

આવ્યા રે આશ ભર્યા, વ્હાલાજી અમો, આવ્યા રે આશ ભર્યા;
વીંધાયા મન નહિ વળે પાછા, તારી મોરલીએ પ્રાણ હર્યા ... ટેક

સુતને મેલી અમો પતિને મેલ્યાં, મેલી કુલ મર્યાદા;
માત તાત વિસાર્યા મોહનજી, શ્યામ તમારે કાજ ૧

એવાં એવાં વચન સુણી હરિ હસીઆ, આપણે રમીશું રાસ;
મોટા કુલના તમો મોહનજી, પુરો મારા મનડાની આશ ૨

સુંદર રાત શરદ પુનમની, સુંદર આસો માસ;
નરસૈંયાના સ્વામી સંગે રમતા, રજની થઇ ષટ્ માસ ૩

૧૩૫. રૂડું રે રમતાં વૃંદાવન - **AS135 N226**

રાગ - મારૂ (નાદબ્રહ્મ પદ-૨૨૬) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

રૂડું રે રમતાં, વૃંદાવન, રૂડું રે રમતાં;
ક્ષીણ ખાંડ ધૃત મંહી રે ભેળીને, કેવું લાગે જમતાં ..... ટેક

મોટા મુનિને ધ્યાને ન આવે વ્હાલો, યોગ દેહ દમતા;
મુક્તિ થકી અવતાર ભલેરો, હરિ હરને ભજતાં ૧

ગોપી ગોવાલાની ગોઠ મલીને, રમત રૂડી રમતાં;
નરસૈંયાના સ્વામીની સંગે દમતાં, હવે રાખ્યા ભમતાં રે ૨

૧૩૬. નહિ મળે ભગવાન - AS136 N227

રાગ - મારૂ (નાદબ્રહ્મ પદ-૨૨૭) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

નહિ મળે ભગવાન, વૈરાગ્ય વિના, નહિ મળે ભગવાન;
સ્મરણ દર્શન કિયે હાથ કરી, ભયો આતમજ્ઞાન ..... ટેક

વૈરાગ્ય શુકદેવજીએ ભોગવ્યો, ધ્રુવ પ્રહ્લાદ અંબરીષ;
તે ખ્યાતિ ક્યાંથી નાગર, મિથ્યા[૧] કરે વિવાદ ૧

વૈરાગ્ય નહિ તો હતો વિદુરને, તે પામ્યા દેવમોરાર;
તારી પેઠે કોઈએ ન ગાયો, ઉઘાડ્યો ભંડાર ૨

લપટપણે હાર નવ મળે, એ રઢ માયા લાગી;
સહચરાનંદ સ્વામી એમ કહે, નરસૈંયો થયો વૈરાગી ૩

૧. નકામો

૧૩૭. ચલના રે મેરે ભાઇ - AS137 N235

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૩૫) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ચલના રે મેરે ભાઇ, મારગ, ચલના રે મેરે ભાઇ;
દિન દશ આગે દિન દશ પીછે, મત કોઇ કરો રે બડાઇ ..... ટેક

કાહુકો ઘર પાંચ કોસ પર, કાહુકો દશવીશ;
સંતનકો ઘર નિજપુરીમાં, રામનામ જુગદીશ ૧

આ હાટવાડે સોદે આયો, કછુ દેકે કછુ પાયો;
તોટા બ્હોળા સોહી જાણે, જેણે એ હાટ લગાયો ૨

તેરા શિર પર જમ છે વૈરી, અજહુ સમજ મેરે ભાઇ;
કહે કબીર સોઇ જન ઉગર્યા, જેણે સમર્યા રઘુરાઇ ૩

૧૩૮. ઘર કર દરિયા માંહે - AS138 N236

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૩૬) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ઘર કર દરિયા માંહે, મચ્છી, ઘર કર દરિયા માંહે;
શીલર તોરા દો દિન બાસા, અંતકાલ કહાં જાશી ..... ટેક

જહાં નહિ જાલ જહાં નહિ ઢીમર, જહાં નહિ બંશી બજાય;
અમર લોક જહાં મરણ ન પાવે, ઉત્પત્તિ પ્રલય નહિ ૧

સબસે બડે સબ ડીકે તેરે, સબ કે હૈયાં માંહી;
કહે કબીર સુનો ભાઇ સાધુ, ગ્રહો શબ્દ કી બાંય ૨

૧૩૯. કૈસે કરું તોહે રાજી - AS139 N237

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૩૭) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

કૈસે કરું તોહે રાજી, રામરાય, કૈસે કરું તોહે રાજી;
બંદગી ચોર ન વાલે હજુર, ઐસા તો મૈં પાજી[૧] ..... ટેક

પાંચે ચોર[૨] કર ફિરાના[૩], ઉન સંગ દિવસ ગુમાયા;
ઉનસંગે રહું કે કરું તેરી બંદગી, કોન કોન સમજાઉં ૧

ઉનસંગે રહું તો તુ નહિ પાવું, દેત બોજ શિર ભારી;
દોજખ[૪] ભીંસ દોઉ હમ ત્યાગે, મૈં રહું પનીયાં[૫] તુમ્હારી ૨

નિશ્વાસુર[૬] કર નહિ પાઉ, ઘટ હી બીચ નિવાસા;
તખ્ત તરેજા[૭] મારગ માંહી, ઉનકા જબ તમાસા[૮] 3

કહે કબીર સુનો ભાઈ સાધુ, એ સબ જુઠી બાજી;
નામ વિના કોઈ પાર ન પાવે, કહાં પંડિત કહાં કાજી ૪

૧. નિર્બળ પાપી
૨. કામ, ક્રોધ, મદ, લોભ ને મોહ એ પાંચ ચોર
૩. ફરતા રહે છે
૪. નરક
૫. પનિહારી સ્ત્રી
૬. નિસાસો
૭. સ્થાન
૮. લીલા

૧૪૦. આજ રહો મેરે પ્યારે - AS140 N238

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૩૮) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

આજ રહો મેરે પ્યારે, રઘુવર, આજ રહો મેરે પ્યારે;
યદ્યપિ તાત દિયો વન તુમકો, કીજો ગમન[૧] સવેરા ..... ટેક

કે મતિ ફિરત રાજા દશરથ કી, કિસબિધ ના પલટાઈ[૨];
કે કર ગ્રહી કૈકયી રાખે, ઐસે મૈયા બિચારી ૧

સુનત બચન જનુની ઐસી ભાખે, આજ વ્રત ભયો રે અમારે;
ફિર અયોધ્યા કાલ આયેંગે, કરી દંડવત[૩] સધારો ૨

તબ મુર્છિત[૪] ભયે કૌશલ્યા, વ્યાકુલ ભયી સબ નાર;
તુલસીદાસ પ્રભુ દૂર ગયે વન, ચલત નયન જલધાર ૩

૧. જજો ૨. બદલી શકાય નહિ ૩. પ્રણામ ૪. બેશુદ્ધ

૧૪૧. કહાં જો પઢાઈ મેરી માતા - AS141 N239

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૩૯) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

કહાં જો પઢાઈ મેરી માતા, રઘુવર, કહાં જો પઢાઈ મેરી માતા;
સુનુ ભુવન સુનુ સિંહાસન, નહિ ઘર દશરથ તાત ..... ટેક

ધિક્ જનુની ધિક્ તેરો જીવન, કરી કપટ મુખ બાતા;
સેવક રાજ કરો બિન ઠાકોર, અંક લખ્યો હૈ વિધાતા ૧

કૌશલ્યા રુદન કરે અતિભારી, શિથિલ ભયે સબ ગાત;
કહાં જો કરું જનુની દોષ લાગે, નહિ તો કરું આપઘાત ૨

દોઉ ભ્રાત સંગે રઘુવીરની, નહિ કોઈ સંગ ને સાથ;
તુલસીદાસ કૌશલ્યા કે સુત, અવધ બઢે રઘુનાથ ૩

૧૪૨. તુમ ઘર જાઓ મેરે વીર - AS142 N240

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૪૦) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

તુમ ઘર જાઓ મેરે વીર, ભરતજી, તુમ ઘર જાઓ મેરે વીર;
રુદન કરે કૌશલ્યા મૈયા, જઈને ધરાવો ધીર ..... ટેક

ભૂખોં કો કછુ ભોજન દીજે, નગ્ન કો પટ ચીર;
અવધપુરી કો રાજ કરોગે, ન્હાજો સરયુ નીર ૧

સીતા સરખી સતી જતી સંગાતે, ચાલી હૈ સમુદ્રકે તીર;
તુલસીદાસ કૌશલ્યા કે સુત, મિલ મિલ વિનવે વીર ૨

૧૪૩. બાજત યમુના તીર - AS143 N241

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૪૧) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

બાજત યમુના તીર, મુરલી, બાજત યમુના તીર;
શબ્દ સુની ઉઠી ધાયે વ્રજબાલા, વિસરી તનકા ચીર ... ટેક

ચારો ચરતાં ગૌધેન મોહ્યાં, બછડા તજ ગાયા ક્ષીર;
સુરિજન મોહ્યાં મુનિજન મોહ્યાં, મોહ્યાં રાય ગંભીર ૧

વૃંદાવનમેં રાસ રચ્યો હૈ, સોળશે ગોપી ને જદુવીર;
સુનકે પ્રભુજીકી મોરલી, સ્થિર રહ્યો યમુના કે નીર ૨

૧૪૪. હરિ ને મનાવી ઘર લાવો - AS144 N242

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૪૨) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

હરિ ને મનાવી ઘર લાવો, ઓધવજી, પ્રભુ ને મનાવી ઘર લાવો;
જે હરિ કહેશે તે અમો કરીશું, જેમ તેમ કરી સમજાવો ..... ટેક

બાલપણાની પ્રીત સંભાળો, એકવાર ગોકુળ આવો;
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, આવડું શું તલસાવો ૧

૧૪૫. શ્યામળિયા સાથે રમીએ - AS145 N243

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૨૪૩) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

સાથે રમીએ રે શ્યામળિયા, સાથે રમીએ;
જ્યાં ભીડ પડે આપણને, ઉગાર્યા નાથે ..... ટેક

ધન્ય જીવ્યું આહીર કેરું, હરિએ ઝાલ્યા હાથ;
ચૌદ લોકમાં થયા જાણીતા, બળવંતની બાથ[૧] ૧

આગે તારા ગુણ સાંભળી, વેદતણી વાટે;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, નાગરની ન્યાત ૨

૧. સહારાના અર્થમાં

સોરઠની સાખી (નાદબ્રહ્મ પદ-૨૪૪) - N244

સોરઠ રાગ સોહામણો, સોરઠ સુઘડ દેશ;
સોરઠ સલુણી સુંદરી, જેના લંબા લંબા કેશ ૧

સોરઠ મીઠી રાગણી, કણષલે મીઠી જુવાર;
બંધુ મીઠી મારે ગોઠડી, રણમીઠી મારે તલવાર ૨

સોરઠ સુઘડ માણસો, ત્યાં શું કરીએ વ્યાપાર;
જે રે નફ્ફટ માનવી, તેને ઉભા ઉભા જુહાર ૩

સોરઠ રાગ સુહામણો, મુખસે મુક્યો ન જાય;
જેમ જેમ ભાંગે રાતડી, તેમ તેમ મીઠડો થાય ૪

સોરઠ ષુડો ના સર્જ્યા, ના ચઢ્યો ગિરિ ગિરનાર;
જે ના ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર ... ૫

સોરઠ સિંહલદ્વીપની, તપશી ઉભા દ્વાર;
ભિક્ષા દો રાણી સોરઠી, મારો સંગ ચાલ્યો કેદાર ૬

સોરઠવાસી દ્વારિકા, દેખે ઉત્તમ દેશ;
મથુરામેં હરિ જન્મ્યા, વ્હાલો વસ્યો સોરઠ દેશ ૭

સોરઠ પાક્યો આંબલો, ષુડલો રહ્યો લોભાઈ;
ચંચુ તો પ્રસારી પિયા કરે, રાજા રંગ ભીંજ્યો જાઈ ૮

સોરઠ દેશ સુહામણો, મુજસે મેવાના કોડ;
રત્નાગર સાગર ધુધવે, ત્યાં રાજ કરો રણછોડ ૯

કહાં જોગી દુર્બલ ભયો, કોણ ભલો તારો દેશ;
તુજ કારણે રાણી સોરઠી, લીધો જોગીનો વેશ ૧૦

સોરઠી તુજને પારખી, સાત સાહેલી માંય;
જેમ ઝબુકે વીજલી, પેલા કાલા આભ માંય ૧૧

૧૪૬. વ્યવહારના છો વારૂ - **AS146 N246**

રાગ - સોરઠ (નાદબ્રહ્મ પદ-૨૪૬) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

વ્યવહારના છો વારૂ, નાથજી, વ્યવહારના છો વારૂ;
કુબ્જાને તમે કમલા કીધી, રતી એક ચંદન સારૂ ..... ટેક

તાંદુલને સ્વાદે ધાયા, મનડું ઠર્યું તમારું;
પ્રિય સુદામાનો વૈભવ જોતાં, અમરાપુરી ઓવારું ૧

બલિરાજા પ્રત્યે મહિમા યાચી, થઈ આવ્યા છો અધ્યારું;
પાતાલની તેને પદવી આપી, ઈન્દ્ર તણું સુખ સારું ૨

દ્રૌપદીનાં પટકુળ પૂર્યા, એ સુત તાંતણે સારું;
નરસૈંયાના સ્વામી નટ નાગરમેં, અમને પાસું તમારું 3

૧૪૭. ગિરિધર પ્રીતમ પ્યારો - AS147 N247

રાગ - સોરઠ (નાદબ્રહ્મ પદ-૨૪૭) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ગિરિધર પ્રીતમ પ્યારો, રાણાજી મારે, ગિરિધર પ્રીતમ પ્યારો;
હૈ ઘટભીતર ઘટહું[૧] સે ન્યારો, સબકો સર્જનહારો ..... ટેક

ધના ભગત કો ક્ષેત્ર[૨] નીપજાવ્યો, નામ કો છાપ છવાંયો;
કબીરા કે ઘર પોઠ[૩] જ લાયે, આપ ભયો વણજારો[૪] ૧

વિષ રે ફેડી ને વ્હાલે વિષયા કીધી, ભક્ત ચંદ્રહાસ ઉગાર્યો;
ગૌતમ નારી અહલ્યા તારી, કીર કુટુંબ સબ તાર્યો ૨

ગજ કે કારણે પ્રભુ પેદલ ધાયા, દ્રૌપદીકો ચીર બઢાયો;
હિરણાકંસ કો ઉદર વિડાર્યો[૫], જન પ્રહ્લાદ ઉગાર્યો ૩

મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સબ સંતનકો પ્યારો;
જન્મો જન્મ કી દાસી તુમ્હારી, કહો રાણા કોણ વિચારો ૪

૧. શરીરથી જુદો જ
૨. ખેતર
૩. પશુ ઘર નંખાતી બેવડી ગુણ અથવા વણજાર
૪. વણજારનો માલિક
૫. ચીરી નાંખ્યો

૧૪૮. ખેલે રાત અંધારી - AS148 N248

રાગ - સોરઠ (નાદબ્રહ્મ પદ-૨૪૮) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ખેલે રાત અંધારી, તારો જન, ખેલે રાત અંધારી;
દસ પાંચ મિલકર વૈષ્ણવ આયે, જુઓ મન વિચારી ..... ટેક

ડાલુ[૧] ભરકર ઘઉં કો લાયે, ઉપર નાંખી થાળી;
આંગણ આયે હડસેલો[૨] દિનો, સાંભળ સુલક્ષણા નારી ૧

વહાણું વાશે ત્યારે પગીઓ[૩] આવશે, શી ગતિ થાશે મારી;
ઝરમર ઝરમર મેહુલો વરસ્યો, પ્રભુજીએ વાત સુધારી ૨

સંતને કારણે ચોરી કીની, મરણ કી શંકા ન આણી;
ધાટમદાસ જાતકો મેણો, આયે શરણે તુમ્હારે ૩

૧. ટોપલી
૨. ધક્કો
૩. ચોકી કરનારો

૧૪૯. નહિ આવ્યા રે નહિ આવ્યા - AS149 N253

રાગ - દેશી ફેર સોરઠ / સોરઠી (નાદબ્રહ્મ પદ-૨૫૩)

[અનુક્રમણિકા-૪ Index_front Index_back]

નહિ આવ્યા રે નહિ આવ્યા, નાથજી, નહિ આવ્યા;
મળી મથુરામેં મોહિની નાર, ગોકુળિયું કેમ ભાવે[૧];

આગળ હતા ગોવાળિયા, થયા મથુરાના રાય;
કહો ભાઇ ગોકુલમેં કેમ રહેવાયે, નિત નિત દોહવી[૨] પડે ગાય ૧

મથુરામેં હરિ શાલ દુશાલા[૩], નાના વિધના વાગા;
ગોકુળિયું મેલીને વ્હાલો નાશી ગયો,
કાળી કામળી ઓઢવાને ધાગા ૨

કંસરાયની દાસી કુબ્જા, ખુંધી ને વળી ખોડી;
કાળી કુબ્જા ને કાળો કહાનજી, સરખે સરખી જોડી ૩

વૃંદાવનની કુંજ ગલિનમેં, હરિએ રમાડ્યો રાસ;
નરસૈંયાનો સ્વામી અમને મેલી ગયો, કરી ને ગયા નિરાશ ૪

૧. ગમે
૨. દૂધ કાઢવાની ક્રિયાને દોહવું કહે
૩. રેશમી વસ્ત્ર

૧૫૦. દેખી દેખી શ્રી રામજીકો રૂપ - AS150 N254

રાગ - દેશી ફેર સોરઠ / સોરઠી (નાદબ્રહ્મ પદ-૨૫૪)

[અનુક્રમણિકા-૪ Index_front Index_back]

દેખી દેખી શ્રી રામજીકો રૂપ, જનકરાજા મોહી રહ્યા;

રાજા પુછે સુનો ઋષિરાય[૧], એ દૌ બાલક કોના;
કોણ નગરીમેં જન્મ લિયો હૈ, કહો જી કહાં કે વાસી ૧

ઋષિ બોલ્યા સુનો રાજાજી, અયોધ્યા કે વાસી;
રાજા દશરથ ઘર જન્મ લિયો હૈ, પુરણ[૨] બ્રહ્મ અવિનાશી[૩] ... ૨

દેશ દેશ કે રાજા આયે, ઔર દુનિયા ભૂપાલા;
બ્રહ્મા બૈઠા ને મહાદેવ બૈઠા, ધનુષ ઉઠાયો કીન જાય ૩

જબ રઘુનાથે ધનુષ ઉઠાયો, સભા રહી મુરઝાઇ[૪];
ગોરે ગોરે તનીયા મૃગ લોચનિયા[૫], ઇન પર ડારી વરમાલા..૪

ધન દશરથ ધન કોશલ્યા મૈયા, જેણે હરિ ગોદ ખેલૈયા;
તુલસીદાસ પ્રભુ રૂપ નિહાળું, જન્મો જન્મ યશ ગાઉં ૫

૧. ઋષિ વિશ્વામિત્ર
૨. જે ચેતન તત્વ સચરાચરમાં વ્યાપીને રહેલું છે તે તત્વને પૂર્ણ
૩. જે વિનાશી નથી તે
૪. સ્તબ્ધ બની ગઇ
૫. આંખો

૧૫૧. મને કાનજી જોયાના કોડ - AS151 N259

રાગ - દેશી ફેર સોરઠ / સોરઠી (નાદબ્રહ્મ પદ-૨૫૯)

[અનુક્રમણિકા-૪ Index_front Index_back]

મને કાનજી જોયાના કોડ[૧], સૈયર ચાલોની;

દહેરે દહેરે દીવા કરું, હું પુજું શંકર શિવ;
શ્યામળિયા વર પામવા, હું કરું શંભુની સેવ ૧

ચંદનભરી તલાવડી રે, મોતીએ બાંધી પાળ;
કાનજી ધુએ રૂડા ધોતિયાં[૨] રે, રાધા પાણી લઇને હાર ૨

સાસુ અમારી જશોમતી, સસરા શ્રી નંદલાલ;
કંથ કોડીલો મારો કાનજી રે, મારુ સાસરું ગોકુળ ગામ ૩

ગાઇ શીખે ને સાંભળે રે, હરિ રાધાનો રાસ;
તે નર વૈકુંઠ પામશે રે, ગુણ ગાયે નરસૈંયો દાસ ૪

૧. ઈચ્છા
૨. પુરુષોએ પહેરવાનું વસ્ત્ર

૧૫૨. મારો પિયુ પરઘેર જાય - AS152 N260

રાગ - દેશી ફેર સોરઠ / સોરઠી (નાદબ્રહ્મ પદ-૨૬૦)

[અનુક્રમણિકા-૪ Index_front Index_back]

મારો પિયુ પરઘેર જાય, કહો સખી શું કરીએ;
કેમ એકલડું રહેવાય, વિયોગે[૧] મરીએ;

રૂપ જોઈએ તો રસિયો રૂડો, પ્રાણની જોડે પ્રીત;
અણ તેડ્યો આંગણિયે આવે, એવી તે એની રીત ૧

બોલાવ્યો બોલે નહિ તો, કોને કહીએ વેણ;
શેરીએ રે જ્યાં સામો મળે, વ્હાલો નીચા ઢાળે નેણ ૨

છળભેદમાં[૨] છાનો ફરે, વાયદા અમને દેવાય;
નરસૈંયાના સ્વામી અંતર્યામી, હરિ અરધવાથી[૩] ઓળખાય... ૩

૧. વિરહમાં
૨. કપટમાં
૩. પૂજા કરવાથી

કેદારાની સાખી (નાદબ્રહ્મ પદ-૨૬૪) - N264

કેદારો જબ કીજીએ, મુખે જપીએ રામ;
અવર રાગ સૌ દેવતા, મારે કેદારો ભગવાન ૧

કેદારો કુંકણ લવે, મોર લવે મલ્હાર;
તું શું લવે બાઈ શંખણી, તારે પુત્ર ન લખ્યો લલાટ ... ૨

કેદારો જબ કીજીએ, આધી રૈન જબ જાય;
મેં સુતી ભરનિંદ્રા મેં, પિયા કોન સુઘડ નર ગાય ૩

જલધારા નયણે ઝરે, રુદન કરે તેણીવાર;
વ્રજનારી વિઠ્ઠલ વિના, પામી દુઃખ અપાર ૪

૧૫૩. ધન ધન રે ગોકુલિયું ગામ - AS153 N265

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૬૫) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

ધન ધન રે ગોકુલિયું ગામ, ધન આ ધરતીને;
મારે વ્હાલે કીનો વિશ્રામ, ધન આ ધરતીને;

ધન રે કહીએ પેલા ઝાડ કદમને, ઝાડ તળે બેઠા ભગવાન;
ઝાઝાં ઝાડવાં ઝૂમી રહ્યાં રે, પ્રભુજીને કરે પ્રણામ ૧

ધન રે કહીએ પેલા નીર યમુનાને, ત્યાં બેસી હરિ ન્હાયા;
ધન રે કહીએ પેલી વાંસલડીને, પ્રભુજીના મુખ પર વાગે ... ૨

ધન રે કહીએ પેલા મોર પીંછને, મોહન મુગટ બિરાજે;
ધન રે મહેતા નરસૈંઈની જીભલડી, હેતે હરિગુણ ગાયા ૩

૧૫૪. તમે કેમ આવ્યા વ્રજનાર - AS154 N267

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૬૭) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

તમે કેમ આવ્યા વ્રજનાર, મંદિર પરહરી;
પરહર્યાં નાનેરાં બાળ, હો વ્રજની સુંદરી;

મધ્ય નિશા રૂડાં મંદિર તજીને, આવ્યાં છો વનમોઝાર[૧];
એક એકથી દીસો અતિરૂડાં, તમો છો કુલવંતી નાર ૧

વેદ પુરાણમાં સુન્યો હશે, સ્ત્રીને ભજવા કંથ રે;
ધર્મ તમારો તમને કહીએ, જૂઓ વિચારી ચિત્ત ૨

મન વિમાસી ગોપી અબલા ઊભાં, તમે શું કહો છો પ્રાણ જીવન;
અમે ભજીએ વનમાળી વ્હાલો, એમ વિનવે ગોપીજન ૩

૧. વનમાં

૧૫૫. તમો આવો વૃંદાવન રે - AS155 N268

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૬૮) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

તમો આવો વૃંદાવન રે, હરિ અમો રાસ રમીએ;
મારા જોબનિઆ દિન રે, કર્મલડો[૧] જમીએ;

ભોળવીને ભર્મે[૨] ભૂલાવી, ઘરથી હડધૂત કીધા;
હેત તણો મને સ્નેહ લાગ્યો, હરિએ વાળ્યું મન મન મારું ... ૧

સુંદર મુખ શાને દેખાડ્યું, અમારે નટવર જોવું;
તે તમારી છબી છોગાળા[૩], મુખથી મેં મોરલી સુણી ૨

થઈ મસ્તાન[૪] પ્રેમ ઘેલી, રામકૃષ્ણ પ્રભુની સંગે રમતા;
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણ કમલ બંધાઈ ૩

૧. સાથવો અથવા દહીં, જીરું, મીઠું નાંખી તૈયાર કરેલો ભાત
૨. ભૂલમાં-ભ્રમમાં
૩. સુંદર, મસ્તીખોર
૪. મગ્ન

૧૫૬. તારી મોરલીએ મોહ્યાં - AS156 N269

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૬૯) [અનુક્રમણિકા-૪ Index_front Index_back]

તારી મોરલીએ મોહ્યાં, ઘેલી કીધી ગિરધારીએ;
મેં કામકાજ સૌ ખોયાં, ઘેલી કીધી ગિરધારીએ;

દોણી[૧] લઇ ગૌ દોવા[૨] બેઠી, સાડી ભીંજી નવ જાણી;
નાવલીઆને[૩] નેતરે[૪] બાંધ્યો, ઘરનો તે ધારણ[૫] જાણી ૧

તાવ્યા ધી તક્રમાં[૬] રેડ્યાં, પયમાં[૭] રેડ્યાં પાણી;
વાછરડાં વરાંછે મેં, બાળક બાંધ્યા તાણી ૨

સાસુ કહે વહુને વાંતર[૮] વળગ્યું, આકંડિયા ઉતરાવો;
નણંદ કહે ભાભીને બાંધો, એને સાન કરી સમજાવો ૩

દિયર કહે એણીપેરે હું જાણું, એનું મન મોરલીએ મોહ્યું;
નરસૈંયાના સ્વામી સંગે રમતાં, ભવનાં દુઃખ ખોયાં ૪

૧. માટીનું વાસણ ૨. દૂધ કાઢવા ૩. પતિને ૪. છાસ તાણવાના દોરડાથી
૫. માલિક ૬. છાસમાં ૭. દૂધમાં ૮. ભૂત

૧૫૭. હરિએ માર્યા મોહના બાણ - AS157 N270

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૭૦) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

હરિએ માર્યા મોહના બાણ, વાગી તારી વાંસલડી;

કોઈ એક પિયુને પીરસતી રે, તે માગતો રહ્યો અન્ન;
કોઈએ ધાવતાં બાળ વછુટ્યા[૧], માયા મન નહિ આણી ૧

રોકી કોઈની નવ રોકાઈ રે, એના પ્રાણ થયા આધીન;
વિરહની વીંધી વ્યાકુલ થઈ, તે આવે ઉઘાડે અંગ ૨

શિશ અંબોડો વાળતી, કોઇનો પાલવ છૂટી જાય;
રીસ કરી પહેરે ફરીને, એક પલક પે જુગ જાય ૩

અબળાંએ આભૂષણ પહેર્યાં, કાંઈ વિપરીત થયાં શરીર;
કોઈ કોઈ ને પરખે નહિ, વૃંદાવન ચાલી હાર ૪

ચતુરા[૨] થઈ ચરણે લાગી રે, છોડી દીધો સંસાર;
રામકૃષ્ણ પ્રભુ પાતલિયાજી, એવા નવલનંદ કુમાર ૫

૧. છોડ્યા ૨. ચતુર બની જઈ

૧૫૮. આવે આવે રે નંદજીનો લાલ - AS158 N271

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૭૧) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

આવે આવે રે નંદજીનો લાલ, હો લટકે આવે;
છોગાળો રે મીઠો રે લાલ, મારે મન ભાવે;

આણી શેરીએ હું ફૂલડાં વેરાવું, ચાલી ચતુર વર આવે;
બહુ ગુણવંતા મારે મંદિરે પધાર્યા, પ્રેમ ધરી બોલાવે ૧

મીઠું રે હસવું મોહનજી તમારું, મારા હૃદિયામાં સાલે;
લાજ તજીને ઉર લપટાવું[૧], જો મારું ચાલે ૨

તમ સમ વ્હાલું મારે કોઈ નહિ, શું દિજીએ સાટે[૨];
શેરીએ નીચું નિહાળી ચાલું, દુર્જન લોકો માટે ૩

જે જે મોટમ દીજે મારા વ્હાલાને, તે શોભા સૌ તમને;
અમે વિઠ્ઠલજીના વ્હાલા કહેવાઈએ, એટલો લાભ અમને ... ૪

આંગણિયે પ્રભુ હો મારા આગળ, નિત પ્રત[૩] દેજો રેખા[૪];
રામકૃષ્ણ પ્રભુ ભાગ્ય અમારા, કુમકુમની રેખા ૫

૧. લગાડું ૨. બદલામાં ૩. પ્રતીક નિશાની ૪. ઝાંખી

૧૫૯. હરિ તારા લટકા ઉપરીવારી - AS159 N272

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૭૨) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

હરિ તારા લટકા ઉપરીવારી, લટકતો કાનુડો;

લટકે[૧] ત્યારે ધેનુ જ મોહ્યાં, લટકે વાછરું છાંડે;
વૃંદાવનનાં પક્ષી મોહ્યાં[૨], મોર કલા[૩] બહું માંડે ૧

લટકે ત્યારે મુગ જ મોહ્યાં, મોહ્યાં વૃક્ષને વેલી;
ગોરસડાં વેચતાં મોહ્યાં, ગોપી થઈ સહુ ઘેલી ૨

લટકે ત્યારે સુરિનર[૪] મોહ્યાં, જોગી સેવા જાચે[૫];
રામકૃષ્ણ પ્રભુ લટકે મોહ્યાં, તારા ગુણ ગાઈને નાચે ૩

૧. પ્રેમભરી મસ્તી-વર્તન
૨. મોહ પામ્યા
૩. નૃત્ય-નાચવા
૪. દેવલોકો
૫. માંગે

૧૬૦. હું તો વારી ને બલિહારી - AS160 N273

રાગ - કેદારો (નાદબ્રહ્મ પદ-૨૭૩) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

હું તો વારી ને બલિહારી, સુંદર શ્યામળિયા;
તારી આંખલડી અણિયાસ, નંદના નાનઢ્યાં;

મંદિરે હમારે આવો મોહનજી, આ પાસે છે પેલું;
સ્નેહતણા સુખડલી લઈને, મુખડા આગળ મેલું ૧

તેરે દહાડાના મોહનજી, મારા મારગડામાં મળતા;
મીટ જ મીટ જ મળીને હસતાં, અંગે અમીરસ[૧] ઢળતાં ૨

શું કરીએ અબલાં અવતર્યા, ઓછું તપ છે અંગે;
નહીંતર શ્યામ સરીખાં થઈ, રમતાં પ્રભુજીને સંગે ૩

જુગેજુગની મેં કીર્તિ સાંભળી, મત મારી હરી લીધાં;
કૃષ્ણદાસ પ્રભુ વ્હાલપણામેં, વેચાતાં કરી લીધાં ૪

૧. અમૃત

થાળનાં પદો



૧૬૧. આરોગો નૃસિંહ મહાપ્રભુ - AS161 N274

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૭૪) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

આરોગો નૃસિંહ મહાપ્રભુ, આરોગો નૃસિંહ;
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ ..... ટેક

લક્ષ્મીભોજન આપ સંભાર્યો, મનમેં ધાર્યો ઉમંગ;
પતવાળાં[૧] નારદમુનિ લાયો, જલભર લાયે ગંગ ૧

ભાવપ્રીત કર ભોજન કીજે, તુમ મેરે પ્રાણ આધાર;
અંતર કી ગત અંતર્યામી[૨], સબ બિધ જાનનહાર ૨

આરતીસાજે ઇન્દ્ર લઇ આયે, દૂર કિયો પટ ચીર[૩];
સનક[૪] સુનંદન[૫] ચમર ઢોળાવે, ગાયે દાસ કબીર ૩

૧. બાજ-પ્રસાદ માટેનું સાધન ૨. પરમાત્મા ૩. ઓઢાડેલ કપડાનો કટકો
૪. ઋષિનું નામ ૫. ઋષિનું નામ

૧૬૨. આરોગો રઘુવીર મહાપ્રભુ - AS162 N275

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૭૫) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

આરોગો રઘુવીર મહાપ્રભુ, આરોગો રઘુવીર;
પ્રફુલ્લિત[૧] હોયે પીરસે જનુની, ઢોળત શીતલ સમીર ...ટેક

કંચનથાળ જડિત કટોરા, મેવા મીઠાઇ અરુખીર;
છપ્પન ભોગ છત્રીસે ભોજન, નાનાવિધ કે રંગ ૧

રામ હી લક્ષ્મણ ભરત શત્રુધ્ન, રાજીત ચારે વીર;
જનકસુતા ઝારી લઇ આયે, સરયુકો નીર ૨

ચૂવાચંદન ઔર અગર જા, અર્યંત શ્યામ શરીર;
આચમન કરકે બીડાં લીજે, ગાવે દાસ કબીર ૩

૧. આનંદિત

૧૬૩. વ્હાલો મારો લાકડે લાડવા કરે - AS163 N276

(નાદબ્રહ્મ પદ-૨૭૬) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

વ્હાલો મારો લાકડે લાડવા કરે, વ્હાલો મારો લાકડે લાડવા કરે;
લીલી કરે વ્હાલો પીલી કરે મનષા, રસના વાડકા ભરે રે .... ટેક

પાતળી પુરી ઘી માં બોળી, જશોદાજી મુખમાં ધરે રે
નંદબાવાને ખોળે બેસી, રસના ઘુંટડા ભરે રે ૧

ગોપીગ્વાલ સૌ હસીને બોલાવે, નાના ખેલ કરે રે
સુરદાસ ધન ધન જશોદા, જોઈ જોઈ નયણા ઠરે રે ૨

૧૬૪. જો રે બેની ગોવાલામેં ગોવિંદજી - AS164 N278

(નાદબ્રહ્મ પદ-૨૭૮) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જો રે બેની ગોવાલામેં ગોવિંદજી, કર્મલડો જમે;
યજ્ઞ કરે તેને સવપ્ને નહિ આવે, આહીરડામેં રમે ..... ટેક

આપ આપ સૌ ભાથાં લઈને, પ્રભુ આગળ નાંખે;
નાનવિધના શાક પાક લઈને, જાદવરાવ ચાખે ૧

બ્રહ્માજીએ મન વિમાસ્યું, મીનતણું રૂપ લીધું;
જલ જમુનામેં કર પ્રક્ષાલે, મહાપ્રસાદ પામીને ૨

અંતર્યામીએ તત્ક્ષણ જાણ્યું, બ્રહ્મ મીનતણા રૂપે આવ્યા;
નરસૈંયાના સ્વામી ચતુર શિરોમણ, કામણીયે કર લ્હોયા ૩

થાળ વખતેની સાખી

[Index_front Index_back]

કંચન થાળી કરગ્રહી, લાવ્યા જશોદા માત
પીરસે રાણી રૂક્ષ્મણી, જમો જદુપતિ રાય ... સીયાવર રામચંદ્રકી જૈ

રામ કહે સુખ ઊપજે, કૃષ્ણ કહે દુઃખ જાય
મહિમા મહાપ્રસાદ કો ખાવે પ્રીત લગાય ... સીયાવર રામચંદ્રકી જૈ

તુલસી ઇસ સંસારમેં ભાત ભાત કે લોગ
સબસે હિલમિલ ચાલિયે, નદી નાવ સંજોગ ... સીયાવર રામચંદ્રકી જૈ

ચિત્રકૂટ કે ઘાટ પે ભયી સંતન કી ભીડ
તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર ... સીયાવર રામચંદ્રકી જૈ

રામ ઝરોખે બૈઠકે સબકા મુજરા દેખ
જૈસી જિનકી ચાકરી ઐસા ઉનકો દેત ... સીયાવર રામચંદ્રકી જૈ

દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન
તુલસી દયા નવ છાંડિયે, જબ લગ ઘટમેં પ્રાણ ... સીયાવર રામચંદ્રકી જૈ

એક ઘડી આધી ઘડી આધી મેં પુની આધ
તુલસી સંગત સાધુ કી કટે કોટિ અપરાધ ... સીયાવર રામચંદ્રકી જૈ

કબીરવડ કે બેટ પે ભયી ભક્તનકી ભીડ
કબીરજી ચંદન ઘસે, તિલક કરે રઘુવીર ... સીયાવર રામચંદ્રકી જૈ

પ્રસાદી લઈ પાવન થયા, પહોંચ્યા મનના કોડ
ધન ધન નાગર નરસૈંયો, જેને ઘેર પધાર્યા શ્રી રણછોડ..સીયાવર રામચંદ્રકી જૈ

પવનસુત હનુમાન કી જૈ, બોલો રે ભાઈ સબ સંતનકી જૈ

ધનાશ્રીની સાખી (‘શ્રી રામકબીર ભજનાવલી’, પૃષ્ઠ-૧૭૭)

સુખ ઉપન્યો દુઃખ ગલ ગયો, ધન્યાશ્રી પહેચાન
ધન્યાશ્રી તબ જાણીએ, જબ નિત હોય કલ્યાણ ૧

ધવલ ધન્યાશ્રી ગાઈએ, દિવસ ચઢ્યો ઘડી સાત;
અતિ આનંદથી ગાઈએ, જેમ દેખ્યો ગોકુલનાથ ૨

રાગ જ્યોતિ ઝળહળે, જેવો હૃદયમાં ભાવ;
ભૂધરો ભીંજાય ભાવથી, અંતરથી સહુ ગાવ 3

૧૬૫. કોઈ મેરે કામ નહિ આયો - AS165 N279

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૭૯) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

કોઈ મેરે કામ નહિ આયો, હરિ વિના, કોઈ મેરે કામ નહિ આયો;
એ માયા જૂઠી પ્રપંચની, રત્ન શો જન્મ ગુમાયો ..... ટેક

કંચન કલસ[૧] સમાર્યો જતન કરી, રુચિ રુચિ ભવન બનાયો;
અંતકી બેર[૨] કાઢ્યો ઘર હતો, પલ એક રહે ન પાયો ૧

સ્ત્રી કહે પિયુ મેં સંગ ચલું, ધુત[૩] ધુત ધન ખાયો;
અંત સમે છુપી ઘર ભીતર, પંડ એક નહિ પહોંચાયો ૨

જતન જતન કરી સુત હી જાયો, બહુવિધ લડાવ્યો;
કાટ લિયો હૈ કમરકો ધાગો, ઉપર બદન જરાયો ૩

અધમ ઉદ્ધારણ ગુનિકા તારણ, મો શઠ[૪] ક્યોં વિસરાયો;
નામ નહિ લીધો માયા કે ધોખે[૫], માધવ મન પસ્તાયો ૪

૧. કળશ ૨. વખતે-સમયે ૩. લૂંટીલૂંટીને ૪. લુચ્ચો ૫. દગાએ

૧૬૬. કોન અપનો સંસારા - AS166 N280

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૮૦) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

કોન અપનો સંસારા, હરિ વિના, કોન અપનો સંસારા;
માયા મોહ બાંધ્યો જગ ડુબત, કાલ નદીકી ધારા ..... ટેક

જૈસે ઘટત હૈ નાવમેં, રહેત ન પેલે પારા;
ઐસે હી સુત સંપત્ત દારા, બિછુડ ન લાગન વારા ૧

જૈસે રંક સ્વપ્ને ધન પાયો, ઉઠી ધૂત[૧] ભંડારા;
ઐસે ક્ષણભંગુર[૨] દેહકો, ગર્વ કહાં ગુમારા ૨

જૈસે અંધ હી દેખત, ગિનત નહિં અપનારા;
ઐસે વ્યાસ બહુત ઉપદેશ, સુની સુની ભયો ન્યારા ૩

૧. મતલબ કે ઊઠતાં જ તે ભંડાર લૂંટાઈ ગયેલો જણાય
૨. નાશવંત

૧૬૭. હરિ તારા બાનાની પત રાખ - AS167 N283

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૮૩) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

હરિ તારા બાનાની[૧] પત[૨] રાખ, હરિ તારા બાનાની પત રાખ;
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ[૩] ..... ટેક

રોહીદાસની તમે પત્રાળી[૪] બીની, નવ જોઇ જાતને ભાત;
સેના માટે સન્મુખ રહીને, નાયી[૫] કહેવાયા નાથ ૧

પ્રહ્લાદની તમે પ્રતિજ્ઞા પાળીને, સ્તંભમાં[૬] પૂર્યો વાસ;
તાતી કઢા[૭] તમે શીતલ કીધી, સુધન્વા ને કાજ ૨

પંચાલીના તમે પટકુળ[૮] પૂર્યા, રાખી સભામાં લાજ;
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ ૩

ઝેરના તમે અમૃત કીધાં, આપ્યા મીરાંને હાથ;
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત ... ૪

ભક્તોના તમે સંકટ કાપ્યાં, ત્યારે આવ્યો વિશ્વાસ;
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનની આશ ... ૫

૧. વચનની ૨. સાખ, આબરૂ ૩. નામ સ્મરણ જપવા ૪. બાજ-જમવાની પત્રાળી ૫. હજામ
૬. થાંભલામાં ૭. તેલ ઉકાળવાનું મોટું વાસણ ૮. લાજનું કપડું

૧૬૮. વૃંદાવનમાં રમત માંડી - AS168 N284

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૨૮૪) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

વૃંદાવનમાં રમત માંડી, ગોપી ગોવિંદ સાથે;
પિતામ્બરની પલવટ[૧] વાળી, સામાસામી સોહાવે ..... ટેક

ઝાંઝર ઝમકે ઘુઘરી ઘમકે, પાયે નુપુરનો[૨] ઝમકાર;
એક એક ગોપીને બીચ બીચ માધવ, સાથ અપાર ૧

મોહન મસ્તક મુગટ બિરાજે, તે જોતાં મન મોહે;
ગોરી શી રક્ષા ઝલકે, કાને કુંડલ શોહે ૨

ખેલ રચ્યો રાધાવર રૂડો, ઉલટ અંગે ન માય;
ધન ધન કૃષ્ણલીલા રસ પ્રગટે, પુષ્પવૃષ્ટિ ત્યાં થાય ૩

અમર આશિષ[૩] દે ઉપરથી, ચરણ જાચે;
નાનાભાત વિલાસ જોઈને, મનમાંહી અતિ રાચે ૪

સુરિનર મુનિજન વિચારે, પાર ન પામે કોઈ;
ઉમિયા ઈશ્વરકૃપાથી ઉભા, નરસૈંયો રંગ જુએ ૫

૧. કેડે બાંધવાનો કટકો ૨. પગે બાંધવાની ઘુઘરી ૩. આશીર્વાદ

સામેરીની સાખી (નાદબ્રહ્મ પદ-૨૮૬) - N286

સામેરી સાહેર ઉલટ્યો, રત્ન તણાયા જાય;
કર્મહીણા ભરે મુઠીઓ તેની શંખલે પોસ ભરાય ૧

સામેરી સોદો સાદવે, ઊભી માણેક ચોક;
હું તને પૂછું સામેરી, તારે સુડી ભલી કે શોક ૨

શોક કરતાં મારે સુડી ભલી, તત્ક્ષણ છાંડે પ્રાણ;
શોક બોલે વ્યંગથી રે, મારી ક્ષણ ક્ષણ દાઝે દેહ ૩

ઝર ઝર નયણે નીર ઝરે, ભાંજે હૈયાતણો હાર;
પ્રભુ વિનાની પ્રેમદા, આક્રંદ કરે અપાર ૪

સામેરી ગુણ રૂપ વાદે પડ્યાં, ચાલ્યાં હરિ દરબાર;
ગુણને આપ્યાં આસનો, રૂપને કર્યાં જુહાર ૫

સામેરી રૂપ દેખી નવ રીઝીયે, રૂમ હોય કાંઈ ગુણ;
થોડા થોડા બન્ને ભલાં, કંઈ એક રૂપ ને કંઈ એક ગુણ... ૬

સામેરી વળી ચાલ્યો દ્વારિકા, પત્થર પડ્યાં લાખ કરોડ;
સમુદ્ર ભયાનક ધુધવે, ત્યાં રાજ કરે રણછોડ ૭

૧૬૯. મેલી નવ જાશો રે - AS169 N287

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૮૭) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

મેલી નવ જાશો રે મીઠડા માવજી,
તમને કહું છું વારંવાર;
અળગા નવ રહેશો રે એક અર્ધ ઘડી,
હું તો વિનવું વારંવાર ..... ટેક

ચુપ કરીને રે અરે એમ નવ ચાલીએ,
મારો થોડો થોડો જીવ થાય;
કેમ કરી રહીએ રે હરિ અમે એકલાં,
સુનું મંદિર ખાવા ધાય ૧

સગાંને સ્નેહીઓ રે વ્હાલું મને કોઇ નહિ,
તમો મારા અંતર્યામી છો નાથ;
પ્રભુ તમો વિના રે પ્રાણ અમો છાંડીશું,
જાણે મારી બાલપણાની વાત ૨

એકવાર આવો રે આણી આવી પ્રીતડી,
તમો મારા આત્માના આધાર;
દાસ જેના રસિયા રે રસિયા નાથજી,
વ્હાલા તમો વિના કેમ રહેવાય ૩

૧૭૦. જુવાનીને દહાડે રે - AS170 N290

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૯૦)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જુવાનીને દહાડે રે હરિને ભજ્યા નહિ,
મોહ્યું પરદારા પર મન;
વળી કાંઇ ખોયું રે કામની કલ્પના,
માયા શું બાંધ્યું રે મન ..... ટેક

પચ્ચીસ ને પચાસ રે તે પ્રપંચે ગયા,
આવ્યા સાઠ વર્ષના દિન;
સીત્તેર સુધી રે કાંઇ સમજ્યો નહિ,
હવે શું સાધવા ચાલ્યો વન ૧

નયણે નહિ સૂઝે રે ગળે બહુ નાસિકા,
સુકાઇ સિથિલ થયું તારું તન;
દંતને રેખું રે મુખમાં દીસે નહિ,
તો યે પાપી ઉદર માંગે અન્ન ૨

ભાગ્યહીણો અવસર ઓળખ્યો નહિ,
જાણે પેલો હરિના જન;
નરસૈંયાના સ્વામી રે સુખમાં સંભારજો,
વ્હાલો મારો પુરણ પ્રેમાનંદ 3

૧૭૧. ગોકુળિયું ગામ રે - AS171 N291

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૯૧) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ગોકુળિયું ગામ રે અતિ રળિયામણું રે,
ત્યાં મારા વ્હાલાજીનો વાસ;
વ્રજવનિતા રે સર્વે ટોળે મળી રે,
રંગભરી રમવા રાસ ..... ટેક

સુંદર યમુનાને કાંઠડે રે,
વહાલો વાયે વેણુ રસાલ;
શ્રવણે સુની સર્વે સંચરી રે,
રોતા મુક્યા નાનેરાં બાલ ૧

વિધવિધનાં રે વાજાં વાગીયાં રે,
ગોપીકા ગાયે ગીત રસાલ;
રાસમંડલ રે વ્હાલે ત્યાં રચ્યો રે,
ત્યાં નાચે મદનગોપાલ ૨

નિશા અજવાળી રે શરદ પુનમની રે,
સુંદર આસો માસ રે;
નરસૈંયાના સ્વામી રે મને ભેટ્યો રે,
વ્હાલે પુરી મનની આશ ૩

૧૭૨. હરિનામ લેતાં રે - AS172 N293

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૯૩)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

હરિનામ લેતાં રે વિલંબ ના કીજીયે,
સ્મરણ કીજે શ્વાસો શ્વાસ રે;
કાયાનો ભરોસો રે કાંઈ કરવો નહિ,
એક પલકમાં પામે નાશ ..... ટેક

જગતનો વહેવાર રે મળે તીરથ તણો,
જે જેમ આવ્યું તે તેમ જાય;
રાખ્યું નવ રહેતું રે કોઈ કોઈની વતી રે,
તેનો શોક કરે શું થાય ૧

સ્વાર્થ સુધી રે સૌ વળગી રહે,
અંતે કામ ન આવે કોઈ;
ઉદાસી તું રહેજે રે આ સંસારથી,
જેમ મધુચંપક રહે વનમાંય ૨

આજકાલ માંહી રે ઉઠીને ચાલવું,
તન ધન ધામ તજી નિરધાર;
એવું વિચારી રે ચિત્તમાં ચેતજો,
પ્રીતમ પ્રભુ ભજવા વારંવાર 3

૧૭૩. રૂડી ને રસાળી રે - AS173 N296

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૯૬) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

રૂડી ને રસાળી રે વ્હાલા તારી વાંસલડી રે,
તે મારે મંદિરીયે સંભળાય;
સોના ને રૂપાનું રે હરિ મારું બેડલું રે,
ઓઢણીએ રત્ન જડાવું અમૂલ્ય ..... ટેક

પાણીલાને કારણે રે બેની જોવા નીસરી,
બેડલું મુક્યું સરોવર પાળ;
ઓઢણીને તો ભેરવી રે આંબાકેરી ડાળ રે,
જીવ તો આકુલ વ્યાકુલ થાય ૧

કાનજી કોડીલો રે છેડલો ગ્રહી રહ્યો રે,
મેલો મેલો પાતળિયા ભગવાન;
સાસુ અમારી રે અમો પર ખીજશે રે,
નણંદ સાહેલી દેશે ગાળ ૨

એકને અંધારી રે બીજી મારી વેરણ રે,
જાગ્યા ત્યારે ઝાંઝરનો ઝમકાર;
ઘણા દિવસની રે ગુંજા સૌ ટોળે મળી રે,
હવે મારે કરવો શામળિયાનો સાથ ૩

રંગના ભીના રે રમવા આવજો રે,
વ્હાલે મારે અમને રમાડ્યા રાસ;
નરસૈંયાના સ્વામી રે બાઇ મને ત્યાં મળ્યા રે,
વ્હાલે મારે ઉતાર્યો ભવપાર ૪

૧૭૪. અવગુણ કહોની રે - AS174 N295

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૯૫) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

અવગુણ કહોની રે કંથ અમે શા કર્યા,
કયા અવગુણે મુકી જાવ;
તારે ને મારે રે હવે નહિ બને,
તારે મારે કયા દહાડાની પ્રીત ..... ટેક

તું તો થઈ વૃદ્ધ રે હું રહ્યો બાળ રે,
હવે મારે વરવી છે વ્રજનાર;
તું ને સરખી રે અમો બહુ પરહરિ,
એ છે મોટા મોટાની રીત ૧

ઉઠને કહેતાં રે કંથ હું ઉઠતી,
બેસ કહેતાં બેસતી વારંવાર;
નરસૈંયાના સ્વામી રે સુખમેં સંભારજો,
એ મારા દુઃખડાના જાનહાર ૨

૧૭૫. દ્વારિકાના વાસી રે - AS175 N298

રાગ - સામેરી (નાદબ્રહ્મ પદ-૨૯૮) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

દ્વારિકાના વાસી રે અવસરે આવજો,
તમો રાણી રુકિમણિ કેરા કંથ;
દુષ્ટ દુર્યોધન રે પાપી લાગ્યો પીડવા,
ચૌદિશ નિહાળું તારો પંથ ..... ટેક

સોડ વાળીને રે શું સુતો શ્યામળા,
આળસ તજીને ઊઠો આજ;
લક્ષ્મીજી તલાશે[૧] રે પ્રભુ તારા પાવમાં,
વ્હાલા તમો મહેર કરો મહારાજ ૧

ગ્રાહ[૨] મુખમાંથી રે ગજને મુકાવ્યો,
કીધી એમ સુધન્વાની સહાય;
નૃસિંહ રૂપે રે હિરણાકંસ માર્યો,
વ્હાલે મારે ઉગાર્યો પ્રહ્લાદ ૨

છપ્પન કોટી રે યાદવ તારા રે,
સંગે બલિભદ્ર સરખા ભ્રાત;
કાલિનાગ નાથ્યો રે જરાસંધ જીત્યો,
તે બલ કહાં ગયું મહારાજ ૩

ધ્રુવને પ્રહ્લાદે રે ગર્ભમાં તપ કીધાં,
તેને વ્હાલે આપ્યાં અવિચલ રાજ;
સાત વર્ષમાં રે હરિએ ગોવર્ધન કર ધર્યો,
પૂર્યા વ્રજવનિતાના લાડ ૪

વસમી વેળાએ રે વ્હારે ચઢજો વિઠ્ઠલા,
ધાજો[3] તમે છત્રપતિ મહારાજ;
અસવારી કરજો રે વ્હાલા મારા ગરૂડની,
નરસૈંયો વિનવે વારંવાર ૫

૧. શોધે
૨. મગર
૩. દોડજો

૧૭૬. રાતલડી રમીને રે - AS176 N300

રાગ - પંચમ (નાદબ્રહ્મ પદ-૩૦૦) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

રાતલડી રમીને રે ક્યાં થાકી આવ્યા રે,
બળવંત બારણું મા ઠેલ રે;
તમો પધારો રે મંદિર નારને રે,
જ્યાં તમે કીધી રંગની રેલ રે ..... ટેક

રાતા રાતા નયણા રે અતિ નિદ્રા લાવે,
રાતી દીસે અધર બીંબની રેખ;
મોલીડાને છૂટ્યા રે કેશ વિખરાઇ ગયાં રે,
ધરતી ધુતારો તારો વેશ રે ૧

પહેર્યા પીતામ્બર ક્યાં પ્રભુ પલટ્યાં રે,
પારકી પટોળી પાછી આપ રે;
તમો ટેવાયા રે મંદિર શોકને રે,
અમ ઘર આવજો રે કાલ ૨

પંચમ ઓળખ્યો રે પંખીએ સ્વર પુર્યા,
વ્હાલા મારા પ્રગટ થયો પ્રભાત રે;
નરસૈંયાના સ્વામી રે વહાણે ઘરે આવ્યા રે,
વ્રેહ ઘણો ને થોડી રાત રે ૩

૧૭૭. ભજન ભરોસો રે - AS177 N302

રાગ - પંચમ (નાદબ્રહ્મ પદ-૩૦૨)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ભજન ભરોસો રે હરિ તારા નામનો,
નહિ મળે અવસર બીજાની આશ;
ચોવી સરોજમેં રે મન મધુકરનો,
તહાં રે નિર્ભય નિવાસ ..... ટેક

શિવ સનકાદિક રે બ્રહ્માદિક જપે,
ભક્ત અનંત કરે ગુણ ગાન;
શેષ મહેશ રે નારદ મહામુનિ,
નિશદિન ધરે ધ્યાન ૧

ગંગાને તુલસી રે સેવે સિંધુ સીતા,
પતિનો પલક ન મુકે પાશ;
કરમા ને કમલા રે નિત કેડે ફરે,
સેવા સ્મરણ ઉરમાં આશ ૨

સકલ જીવનું રે જીવન જદુપતિ,
અનંત બ્રહ્માંડ તણો આધાર;
પ્રેમી સ્નેહી રે પ્રીતમ પ્રભુ તણો,
રસિયો રમી રહ્યો મોઝાર 3

૧૭૮. મનષા દેહનું ટાણું રે - AS178 N305

રાગ - પંચમ (નાદબ્રહ્મ પદ-૩૦૫) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

મનષા દેહનું ટાણું રે કાલે તારું મટી જશે,
ચોરાશીમાં ધરશો બહુ અવતાર;
આ અવસર રે ફરી ફરી નહિ મળે, હરિગુણ ગાજો નરને નાર .... ટેક

ગર્દભ થઇને રે ગલીઓમાં ભટકશે, સાંજ પડે કુંભાર ન લે સંભાળ;
ઉકરડે ચઢીને રે ભુંકણ ભુંકશો, શિર પર ધરશે વણતોલ્યો ભાર ૧

ગૌસુત[૧] થઇને રે બોજો બહુ ખેંચશો, નહીં આવે પંથીડાનો પાર;
આંખે અંધારી રે ઘાણીમાં ઘાલશે, ઉપર બેસી મુરખ દેશે આર[૨] ૨

ઊંટ થઇને રે બહુ બોજો ઉઠાવશો, ખાવો પડશે આકુલને[૩] કંથાર[૪];
હાથીને હડસેલે રે ઘરને ભીલાડશે[૫], ઉપર અંકુશ[૬] કેરા માર ૩

વાગોળ થઇને રે ઉંધે મસ્તકે ઝુલશો, ખાશો ભિન્ન ભિન્ન વનફલ;
ડાળે પંખી રે મેળા ઘાલશે, કાયા પર પડશે ઘાવ ૪

નરસૈંયો કહે છે રે રૂડી વિનંતિ, ઉર કોઇ ધરજો નરને નાર;
થોડું કહ્યું ઘણું રે ઘણું કરી માનજો, કાયા માયા જતા ન લાગે વાર.૫

૧. બળદ ૨. પરાણીને આર જે બળદ હાંકવા માટે વપરાય ૩. ગભરામણ અથવા બ્હીક
૪. એક જાતની વનસ્પતિ ૫. આખા ઘરનું વજન મૂકશે એવો અર્થ કરી શકાય ૬. હાથીને હાંકવા માટે વપરાતું સાધન

૧૭૯. ઓળખી ને લેજો રે - AS179 N307

રાગ - પંચમ (નાદબ્રહ્મ પદ-૩૦૭)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ઓળખી ને લેજો રે અનુભવી આત્મા રે,
રખે તું છલબલ કરતો કાંઈ;
મોટાપણું રે તું શીદને કરે અભિમાન રે,
હરજીને ધરજો હૈયા માંહી ..... ટેક

ફરી ફરી મનુષ્ય દેહ મળશે નહિ રે,
એ માનજો નર નિર્ધાર;
દિન દિન કરતાં રે આવરદા આવશે રે,
તું ને જાતા ન લાગે વાર ૧

મગ્ન થઈને રે ગગનમેં રાચીઓ રે,
મનથી કાયર થયા શું કામ;
તન મન ધન લઈ જૌહેર ઝુકને રે,
એ તો શુરવીરનો સંગ્રામ ૨

મારું મારું કર મા રે મુરખ શું મોહી રહ્યો,
ઉઠ આળસ મુકી અજાણ;
અવસર આવો રે ફરી ફરી ન મળે,
નરસૈંયાનો સ્વામી છે ચતુર સુજાણ 3

૧૮૦. ઘડી રે ઉપર ઘડીયારા વાગે - AS180 N317

રાગ - ચરચરી (નાદબ્રહ્મ પદ-૩૧૭) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ઘડી રે ઉપર ઘડીયારા વાગે, ઉંમર ઓછી થાય;
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઇ ..... ટેક

નાનાં થકી મોટેરા કીના, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઇએ ન દીઠો, ઓચિંતો વળી આવે ૧

જોબનિયાના મોજા[૧] ફોજા[૨], જાયે નગારાં દેતી;
અંતકાલ તો આવી મળશે, કોઇ ન શક્યો ચેતી ૨

સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો[૩];
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો ૩

હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિજીને નમીએ;
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ ૪

હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઇ;
દેખત દેખત ડુબકાં મારે, દુનિયા ડૂબી મૂઇ ૫

આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી;
સર્જનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી[૪] હારી ૬

કોઇએ બાળી કાયા કોઇએ ગાળી, કોઇએ કાયા દાટી;
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી ૭

નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો;
જમના[૫] શિર પર પગલું દઇને, વેગે વૈકુંઠ જાશો ૮

૧ ને ૨. જુવાનીના મદના ઉછાળાઓ, મસ્તીઓ વગેરે
૩. ખરાબ
૪. મનુષ્ય દેહ મળ્યાની બાજી હારી ગયો
૫. યમદૂતના

ચરચરીનું પદ

આ પદ કેટલીક જગ્યાએ પ્રભાતી રાગમાં ગવાય છે. આપણે ત્યાં વિશેષ પ્રસંગે જ એનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને મરણ પ્રસંગે કે જ્યારે ડાઘુઓ સ્મશાનેથી પાછા ફરે અને ગૃહપ્રવેશ કરે ત્યારે આ પદની શરૂઆત કરવામાં આવે છે.

૧૮૧. જોબનિયાને જોરે તું તો - AS181 N318

રાગ - ચરચરી (નાદબ્રહ્મ પદ-૩૧૮) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જોબનિયાને જોરે તું તો, ગોવિંદ ગુણ ન ગાવે;
આજકાલ કરતાંલ ઝાંઝરીઆ[૧], કાળ ઓચિંતો આવે ..... ટેક

સાજ ઘટે સાધન નવ કીધાં, ધામ ધુમ મેં ફસાયો;
મંદિર મેં પાવક પ્રજળ્યો[૨], કૂપ ખણાવવા[૩] લાગ્યો ૧

સંસાર સઘળો તું ભમી આવ્યો, જીવ તું હજીએ ન ચેત્યો;
ઘટમેં ઘાવ પડ્યો ગડગડિયો[૪], મુરખ મન પસ્તાય ૨

શ્યામ સરોવર ઝીલવા પેઠા, વિષયા પાર ન પાવે;
બુડતો જીવડો વલખા[૫] મારે, તરવા તુમડાં વાવે ૩

સાજે સરોવર પાર ન બાંધી, હરિ ભજી ભલો ન કહાવ્યો;
ભણે નરસૈંયો જ્યારે ભોમ ધરી ત્યારે, મુખે રામ ન આવ્યો... ૪

૧. પગમાં પહેરવાનું આભૂષણ
૨. સળગ્યો
૩. ખોદાવ્યા
૪. ભયાનક
૫. પ્રયત્ન-ફાંફા

૧૮૨. સંસાર રૂપી પારણું - AS182 N322

રાગ - હાલેરું (નાદબ્રહ્મ પદ-૩૨૨)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

સંસાર રૂપી પારણું, સુત હાલેરું રે;
તામેં ઝુલે બહુ જીવ, કાલા હાલેરું રે ..... ટેક

લક્ષ ચોરાશી ઝુલા ઝુલ્યો, સુત હાલેરું રે;
ઓળખ્યા નહિ પિયુ, કાલા હાલેરું રે ૧

ભોગ તેં સર્વે ભોગવ્યા, સુત હાલેરું રે;
તેનો ગણતાં ન આવે પાર, કાલા હાલેરું રે ... ૨

કામના જે જે મનતણી, સુત હાલેરું રે;
તે સર્વે મિથ્યા જાણ, કાલા હાલેરું રે ૩

વિષય વિષયવત ત્યાગ્યા, સુત હાલેરું રે;
કૃપા કરે કિરતાર, કાલા હાલેરું રે ૪

તન મન ધન તે ચોર છે, સુત હાલેરું રે;
તે કરશે જીવની હાનિ, કાલા હાલેરું રે ૫

કામ ક્રોધ ને મોહ છે, સુત હાલેરું રે;
એ ત્રણ નરકના દ્વાર, કાલા હાલેરું રે ૬

ચિંતા રૂપી સર્પણી રે, સુત હાલેરું રે;
એણે ખાયો સર્વે સંસાર, કાલા હાલેરું રે ૭

→

માયા મીઠી મોહિની રે, સુત હાલેરું રે;
તે નાંખે મોહની જાળ, કાલા હાલેરું રે ૮

જન્મ મરણ તો તેહ તણું રે, સુત હાલેરું રે;
ટળે નહિ કોઈ કાળ, કાલા હાલેરું રે ૯

ઉંધે મસ્તક ઝુલ્યો રે, સુત હાલેરું રે;
તેં કર્યો ગર્ભ મેં વાસ, કાલા હાલેરું રે ૧૦

પાર નહિ પીડા તણી રે, સુત હાલેરું રે;
તેણે થયો જ્ઞાનનો નાશ, કાલા હાલેરું રે ૧૧

દુર્લભ દેહી દેવને રે, સુત હાલેરું રે;
તે પામ્યો નિરધાર, કાલા હાલેરું રે ૧૨

ભજન કરો ભગવાનનું રે, સુત હાલેરું રે;
સમય ન આવે વારંવાર, કાલા હાલેરું રે ૧૩

સગા સંબંધી કોઈ નહિ રે, સુત હાલેરું રે;
આ જુઠો માયાનો ફંદ, કાલા હાલેરું રે ૧૪

વ્હાલ કરે ને વારે ઘણું રે, સુત હાલેરું રે;
ભજવા શ્રી મુકુંદ, કાલા હાલેરું રે ૧૫

સ્વાર્થે સગાં સૌ થશે રે, સુત હાલેરું રે;
વણ સ્વાર્થે ત્યાગે એહ, કાલા હાલેરું રે ૧૬

પાપ પુન્ય તો જે કર્યાં રે, સુત હાલેરું રે;
અંતે સાથે તેહ, કાલા હાલેરું રે ૧૭

વાસ કરો વનમાં જઈ રે, સુત હાલેરું રે;
તો પામશો પુરણ બ્રહ્મ, કાલા હાલેરું રે ૧૮

ભક્તિએ ભીંજે ભુધરો રે, સુત હાલેરું રે;
એ જ વેદનો મર્મ, કાલા હાલેરું રે ૧૯

ભોગ તે સર્વે રોગ છે રે, સુત હાલેરું રે;
જેણે કરી જીવની હાનિ રે, કાલા હાલેરું રે ૨૦

માતા મદાલશા એમ ભણે રે, સુત હાલેરું રે;
પુત્ર કહું સત્ય વાત, કાલા હાલેરું રે ૨૧

૧૮૩. જ્ઞાન સ્વરૂપ તું આત્મા રે - AS183 N323

રાગ - હાલેરું (નાદબ્રહ્મ પદ-૩૨૩)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જ્ઞાન સ્વરૂપ તું આત્મા રે, સુત હાલેરું રે
થયો શા માટે અજ્ઞાન, કાલા હાલેરું રે ..... ટેક

ત્રિગુણી માયામેં મળ્યો રે, સુત હાલેરું રે
થયો કારજ કારણ વાત, કાલા હાલેરું રે ૧

બ્રહ્મ ટળીને જીવ થયો રે, સુત હાલેરું રે
તને આવ્યું દેહાભિમાન, કાલા હાલેરું રે ૨

આપોઆપ નહિ ઓળખ્યો રે, સુત હાલેરું રે
તારી ગઈ સુધ ને સાન, કાલા હાલેરું રે ૩

પરવર્યો પાંચે કોષમેં રે, સુત હાલેરું રે
પ્રાણ છૂટ્યો પવનમાં, કાલા હાલેરું રે ૪

પવન પાણીમેં મળ્યો રે, સુત હાલેરું રે
ભૂમિ મળી થયો અન્ન, કાલા હાલેરું રે ૫

અન્નથી રજ બીજ થયો રે, સુત હાલેરું રે
એમ આવ્યો ઉદરમાંહી, કાલા હાલેરું રે ૬

ઉદર પડ્યો દુઃખ ભોગવે રે, સુત હાલેરું રે
ત્યારે ક્યાં ગયા માબાપ, કાલા હાલેરું રે ૭

કમાઈ પડી તે આપવા રે, સુત હાલેરું રે
એમ ભક્તિનો દીનો કોલ, કાલા હાલેરું રે ૮

એમ તેં કાલાવાલા બહુ કર્યા રે, સુત હાલેરું રે
ત્યારે નારદે દીધો કોલ, કાલા હાલેરું રે ૯

અંગ ઉઘાડે તું જન્મ્યો રે, સુત હાલેરું રે
અંતે જવું છે નગ્ન રે, કાલા હાલેરું રે ૧૦

પ્રીત ન જોડીશ પ્રાણીઆ રે, સુત હાલેરું રે
તારે રહેવું એક જ રાત, કાલા હાલેરું રે ૧૧

જુઠાં તે સુતને સુંદરી રે, સુત હાલેરું રે
તારા જુઠાં મા ને બાપ, કાલા હાલેરું રે ૧૨

શું દીઠું સંસારમેં રે, સુત હાલેરું રે
તું તો આવ્યો વારંવાર, કાલા હાલેરું રે ૧૩

પાંચ તત્વનું પારણું રે, સુત હાલેરું રે
તેમાં પોઢી સમાય, કાલા હાલેરું રે ૧૪

જન્મ મરણની ઘુમરી રે, સુત હાલેરું રે
તેને સાન્તે તો સુખ થાય, કાલા હાલેરું રે ૧૫

ભોગ્તા થઈ ભોગ ભોગવે રે, સુત હાલેરું રે
થયો જન્મ જન્મનો આધીન, કાલા હાલેરું રે ૧૬

કર્મ કર્યા બહુ વિધના રે, સુત હાલેરું રે
કર્મની થઈ તારી દેહ, કાલા હાલેરું રે ૧૭

→

સગા સંબંધી કર્મના રે, સુત હાલેરું રે
તારા કર્મના ચૌદ લોક, કાલા હાલેરું રે ૧૮

સુત ને સુંદરી બંને કર્મના રે, સુત હાલેરું રે
કર્મ માયાનો થોક, કાલા હાલેરું રે ૧૯

લક્ષ ચોરાશી તું રઝળ્યો રે, સુત હાલેરું રે
તું બહુઘેર કહાવ્યો બાળ, કાલા હાલેરું રે ૨૦

પાંચે ઇન્દ્રિયને વશ થયો રે, સુત હાલેરું રે
તારે વિપતનો શો વાંક, કાલા હાલેરું રે ૨૧

જમના દૂત છે બીહામણા રે, સુત હાલેરું રે
તને બહુવિધ દેશે માર, કાલા હાલેરું રે ૨૨

કુંડ અઠ્ઠાવીસ નર્કના રે, સુત હાલેરું રે
તેમાં નાંખશે વારંવાર, કાલા હાલેરું રે ૨૩

કાલા તે કામરૂદેશ છે રે, સુત હાલેરું રે
તને ક્ષણમેં નાંખશે જાળ, કાલા હાલેરું રે ૨૪

બળદની પેરે તને બાંધશે રે, સુત હાલેરું રે
તું વહેશે ભૂમિનો ભાર, કાલા હાલેરું રે ૨૫

કુલ કુટુંબનો બોજ વહેશે રે, સુત હાલેરું રે
તું તો ખર થયો મેદાન, કાલા હાલેરું રે ૨૬

દેશને સર્વે તેં જીત્યા રે, સુત હાલેરું રે
થયો કામિની કામ હેરાન, કાલા હાલેરું રે ૨૭

આગળ પાણી ઊંડા ઘણા રે, સુત હાલેરું રે
તું ચેતી શકે તો ચેત, કાલા હાલેરું રે ૨૮

જીવન મુક્ત ગુરુ કરો રે, સુત હાલેરું રે
તું ન જા બીજાને શરણ, કાલા હાલેરું રે ૨૯

દેહ આત્માનો વિવેક છે રે, સુત હાલેરું રે
તું છે તત્વનો પાર, કાલા હાલેરું રે ૩૦

જીવ ઈશ્વર એક ધામમેં રે, સુત હાલેરું રે
તું દેહ છતે કરજે વિચાર, કાલા હાલેરું રે ૩૧

ચાર દેહ વિના તું ન ઠર્યો રે, સુત હાલેરું રે
ભુંડી માયાને આવાસ, કાલા હાલેરું રે ૩૨

રામકૃષ્ણ જન જાગ્યા રે, સુત હાલેરું રે
તું નાસી શકે તો નાસી જા, કાલા હાલેરું રે ૩૩

પ્રભાતનાં પદો

૧૮૪. જાગિયે રઘુનાથકુંવર ! - AS184 N324

(નાદબ્રહ્મ પદ-૩૨૪) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જાગિયે રઘુનાથકુંવર ! પંછી વન બોલે;

ચંદ્રકિરણ શીતલ ભઇ, ચકઇ પિયુ મિલન ગઇ;
ત્રિવિધ મંદ ચલત પવન, પલ્લવ દ્રુમ[૧] ડોલે ૧

પ્રાતઃ ભાનુ[૨] પ્રકટ ભયો, રજનિકો તિમિર ગયો;
ભૃંગ[૩] કરત ગુંજ ગાન, કમલ દલ[૪] ખોલે ૨

બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર નર મુનિ કરત ગાન;
જાગનકી બેર[૫] ભઇ, નયનપલક ખોલે ૩

તુલસીદાસ અતિ આનંદ, નીરખી કે મુખારવિંદ;
દાનનકો દેત દાન, ભૂષણ બહુ મોલે ૪

૧. પલ્લવ-પાંદડા દ્રુમ-ઝાડનાં
૨. સૂર્ય
૩. ભમરો
૪. ફૂલની પાંખડી
૫. સમય

૧૮૫. એક ઘડી દિન ઉગ્યા પહેલાં - AS185 N325

(નાદબ્રહ્મ પદ-૩૨૫) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

એક ઘડી દિન ઉગ્યા પહેલાં, જો જીહ્વા મુખ રામ કહે;
કોટિ કલ્યાણ અભય પદ[૧] પાવે, પાપ બાપુરો ક્યાંહિ રહે ... ટેક

રામનામનો મોટો મહિમા, શિવસનકાદિક[૨] ધ્યાન ધરે;
અજામેલ ગુનિકા ઘરવાસી, નારાયણને નામ તરે ૧

કેસરી ગંધે મૃગલા નાસે, રવિ ઉગે જેમ તિમિર ટળે;
મેરુથી મોટેરાં પ્રાયશ્ચિત્ત[૩], તે લઈ લક્ષ્મીવર દૂર કરે ૨

રામનામે પ્રહ્લાદ ઉગાર્યો, જે કોઈ ભક્તિ ભાવે કરે;
પુરણબ્રહ્મ[૪] અખંડ અવિનાશી, ત્રિવિધ[૫] તાપ તેનાં ટળે ૩

સંત સદાયને ભક્તિ અવિચળ, જેને હૃદયે રામ રહે;
તુલસીદાસ આશ રઘુવીરકી, ચરણકમલ ચિત્ત ધ્યાન રહે ૪

૧. મુક્તિ જન્મને મરણના ભયથી રહિત અવસ્થા
૨. શિવ, સનક વગેરે ઋષિઓ
૩. પશ્ચાત્તાપ
૪. પૂર્ણ પુરુષોત્તમ કે જે જડચેતન સર્વ પદાર્થોમાં વ્યાપેલો છે
૫. ત્રણ તાપ-આધિ, વ્યાધિ ને ઉપાધિ

૧૮૬. પ્રાતઃસમે કૌશલ્યા રાની - AS186 N327

(નાદબ્રહ્મ પદ-૩ ૨૭) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

પ્રાતઃસમે કૌશલ્યા રાની, અપનો પુત્ર જગાવૈ;

નીલ અંગ પર પિત ઝિંગુલિયા[૧], હરખી નીરખી પહિરાવૈ;
સુંદરશ્યામ કમળદળ લોચન, નીરખી પ્રથમ સુખ પાવૈ ૧

લેત દેત કહે બેદ બખાને, બ્રહ્મા ધ્યાન લગાવૈ;
સોઈ કરૂણામયરામ દયાનિધિ, દશરથપુત્ર કહાવૈ ૨

કબહુ પલના[૨] ધાલી ઝુલાવૈ, કબહુ ગોદ ખેલાવૈ;
કબહુ પાવન ચલન શિખાવૈ, માતુ સબૈ સુખ પાવૈ ૩

ધન્ય ધન્ય રાની કૌશલ્યા, દશરથ ધન્ય કહાવૈ;
ધન્ય ધન્ય અયોધ્યા નગરનિવાસી, તુલસી દરસન પાવૈ ૪

૧. ઝભલાં ૨. ખોઈ-ઝોળી

૧૮૭. જશોદા ! તારા કાનુડાને - AS187 N330

રાગ - કાલેરાનું તાન (નાદબ્રહ્મ પદ-૩૩૦)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જશોદા ! તારા કાનુડાને સાદ કરીને વાર;
આવડી ધૂમ મચાવે વ્રજમાં કોઈ નહિ પૂછણહાર[૧];

શીકું[૨] તોડ્યું ગોરસ[૩] ઢોળ્યું, ઉઘાડીને બ્હાર;
માખણ ખાધું ઢોળી નાંખ્યું, જાન[૪] કીધું આ વાર ... જશોદા મૈયા

ખાંખાંખોળાં કરતાં હીંડે, બીએ નહીં લગાર;
મહીં મથવાની[૫] ગોળી ફોડી, આ શાં કહીએ લાડ ... જશોદા મૈયા

વારે વારે કહું છું તમને હવે ન રાખું ભાર[૬];
નિત ઊઠીને એ કયમ સહીએ[૭], વસી નગર મોઝાર[૮] ... જશોદા મૈયા

આડી-અવળી વાત તમારી, હું નહિ સાંભળનાર;
ડાહ્યો ડમરો લાડકો મારો, કદી ન એમ કરનાર ... જશોદા મૈયા

મારો કાનજી ઘરમાં સૂતો, ક્યારે દીઠો બ્હાર;
દહીં દૂધનાં માટ ભર્યાં છે, બીજે ચાખે ન લગાર ... જશોદા મૈયા

શાને કાજે મળીને આવી, ટોળી વળી દશ-બાર;
નરસૈંયાનો સ્વામી સાચો, જૂઠી વ્રજની નાર ... જશોદા મૈયા

૧. પૂછવાવાળો-ઠપકો આપવાવાળો ૨. દહીં મૂકવા માટેનું સાધન ૩. દૂધ ૪. નુકસાન
૫. છાસ વલોવવાની ગોળી ૬. શરમ ૭. સહન કરીએ ૮. નગરમાં

૧૮૮. ભોળી રે ભરવાડણ હરિને - AS188 N340

(નાદબ્રહ્મ પદ-૩૪૦) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી રે,
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે ..... ટેક

શેરીએ શેરીએ સાદ પાડે, કોઈને લેવા મુરારિ રે,
અનાથના નાથને વેચે, ચૌટા વચ્ચે આહિરની નારી રે ૧

વ્રજનારી પૂછે શું છે માંહી, મધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા[૧] સૌને લાગી રે ૨

બ્રહ્માદિક ઈન્દ્રાદિક સરખા, કૌતુક ઉભા પેખે રે;
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં[૨] બેઠેલ દેખે રે ૩

ભક્તજનોના ભાગ્યે વ્રજમાં, પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે ૪

૧. બે ભાન અવસ્થા અથવા ભાન રહેવું નહિ તે
૨. માટલીમાં-પ્રભુ અથવા તેમનું પરમ ચૈતન્ય એટલું બધું વિશાળ છે કે ચૌદ લોકમાં તે સમય શકે નહિ. ગીતાના દસમાં અધ્યાયને અંતે કહ્યું કે 'મારા એક જ અંશમાં વિશ્વ બંધુય રહ્યું'-આવા વિરાટ પ્રભુ ભક્તને ખાતર ભક્તની ઉચ્છાનુસાર સ્વરૂપ ધારણ કરે છે ને માટલીમાં પણ દર્શન આપે છે.

૧૮૯. જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા - AS189 N342

રાગ - પ્રભાતિયું (નાદબ્રહ્મ પદ-૩૪૨)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા, તુજ વિના ધેનમાં[૧] કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ[૨] ગોવાળ ટોળે મળ્યા,
વડો રે ગોવાળિયો કોણ થાશે ? .... ટેક

દહીંતણા દહીંથરા, ઘી તણાં ઘેબરાં, કઢિયેલાં[૩] દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથિયો, કાળી નાગ નાથિયો,
ભૂમિનો ભાર તે કોણ લેશે ? ૧

જમુનાને તીરે ગૌધણ ચરાવતાં, મધુરી શી મોરલી કોણ વહાશે[૪] ?
ભણે નરસૈંયો તારા ગુણ ગાઇ રીઝિએ,
બૂડતાં બાંયડી કોણ સહાશે ? ૨

૧. ગાયો ચરાવવા
૨. ઘણા બધા ગોવાળ એવો ભાવ બતાવવાનો રૂઢિ પ્રયોગ
૩. ઉકાળેલાં અથવા ગરમ
૪. વગાડશે

૧૯૦. રાત રહે જાહ રે, પાછલી ખટ ઘડી - AS190 N343

રાગ - પ્રભાતિયું (નાદબ્રહ્મ પદ-૩૪૩) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

રાત રહે જાહ રે, પાછલી ખટ[૧] ઘડી, સાધુ પુરૂષને સૂઈ ન રહેવું;
નિદ્રાને પરહરી, સમરવા શ્રીહરિ,
એક તું એક તું એમ કહેવું ..... ટેક

જોગિયા હોય તેણે જોગ[૨] સંભાળવા, ભોગિયા હોય તેણે ભોગ તજવા;
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા ૧

સુકવિ હોત તેણે સદ્ગ્રંથ બાંધવા, દાતાર હોય તેણે દાન કરવું;
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તે તો ચિત્ત ધરવું ૨

આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈંયાના સ્વામીને, સ્નેહથી સમરતાં,
ફરી નવ અવતરે નરને નારી ૩

૧. છ અથવા નિત્યકર્મ કરવા માટે સુયોગ્ય ગણાતી પાછલી રાત
૨. યોગ-ધ્યાનયોગ જેમાં જગતના પદાર્થ વિષયોમાં બહાર ભટકતા મનને અંતર્મુખ કરી પ્રભુની સ્મૃતિમાં જોડાવા પ્રયત્ન આવે છે.

૧૯૧. જ્યાં લગી આતમા તત્વ ચીન્યો નહિ - AS191 N351

(નાદબ્રહ્મ પદ-૩૫૧) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

જ્યાં લગી આતમા તત્વ[૧] ચીન્યો[૨] નહી, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષી દેહ તારો એમ એળે ગયો, માવઠાનો[૩] જેમ વૃષ્ટિ વૂઠી[૪] ..... ટેક

શું થયું સ્નાન, સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચન કીધે ? ૧

શું થયું તપ ને તીર્થ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે ?
શું થયું તિલક ને તુળસી ધાર્યા થકી, શું થયું ગંગજળ પાન કીધે ? ૨

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે ?
શું થયું ખટદર્શન[૫] સેવા થકી, શું થયું વરણના ભેદ આણે ? ૩

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આતમારામ પરિબ્રહ્મ[૬] ન જોયો.
ભણે નરસૈયો કે તત્વદર્શન[૭] વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો ૪

૧. એવો એક અવિનાશી પદાર્થ જેને જાણવાથી બધું જ જણાઈ જાય છે તે તત્વ
૨. જાણ્યો
૩. શિયાળે-ઉનાળે વરસાદ થાય તેને માવઠું કહેવાય
૪. નુકસાનકારક
૫. છ શાસ્ત્રો જે દ્વારા બાહ્ય જ્ઞાન મેળવી શકાય
૬. પરમેશ્વર-આત્મા એ જ પરમેશ્વર છે
૭. આત્મદર્શન

૧૯૨. રામ સભામાં અમે રમવાને ગ્યા'તા - AS192 N354

(નાદબ્રહ્મ પદ-૩૫૪) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

રામ સભામાં અમે રમવાને ગ્યા'તા,
પસલી[૧] ભરીને રસ પીધો રે, હરિનો રસ પુરણ પાયો.

પહેલો પિયાલો મારા સદ્‌ગુરુએ પાયો,
બીજે પિયાલે રંગની રેલી રે;
ત્રીજો પિયાલો મારાં રોમે-રોમે વ્યાપ્યો,
ચોથે પિયાલે પ્રભુજી જેવી રે ૧

રસ બસ એકરૂપ થઈ રસિયા સાથે,
વાત ન સુઝે બીજી વાટે રે;
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે,
તે મારા મંદિરીયામાં મ્હાલે રે ૨

અખંડ હેવાતણ[૨] મારા સદ્‌ગુરુએ દીધાં,
અખંડ સૌભાગી અમને કીધાં રે;
ભલે મળ્યા મહેતા નરસૈંયાના સ્વામી,
દાસી પરમ સુખ પામી રે ૩

૧. ખોબો અથવા ખોબાના આકારનું એક લાકડાનું બનાવેલ વાસણ
૨. સૌભાગ્ય

૧૯૩. નીરખને ગગનમાં કોણ ધૂમી રહ્યો - AS193 N355

રાગ – રામકલી (નાદબ્રહ્મ પદ-૩૫૫) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

નિરખને ગગનમાં, કોણ ધૂમી રહ્યો, તે જ હું, તે જ હું, શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણ રે, અહીંયાં કો નથી કૃષ્ણ તોલે ... ટેક

શ્યામ-શોભા ઘણી, બુદ્ધિ નવ શકે કળી[૧], અનંત ઓચ્છવમાં[૨] પંથ ભૂલી;
જડ ને ચૈતન રસ કરી જાણવો, પકડી પ્રેમ સંજીવન-મૂળી ૧

ઝળહળ જ્યોત[૩] ઉદ્યોત રવિકોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાના પારણા માંહી ઝુલે ૨

બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી,
અચળ ઝળકે સદા અનળ[૪] દીવો;
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો,
વણ જિહ્વાએ રસ સરસ પીવો ૩

અકળ[૫] અવિનાશી[૬] એ, નવ જ જાએ કળ્યો[૭],
અરધ ઉરધની[૮] માંહે મહાલે;
નરસૈંયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે ... ૪

૧. જાણી ૨. ઉત્સવમાં-આનંદમાં ૩. પ્રકાશ ૪. આકાશમાં રહેલું એક કાલ્પનિક પંખી
૫. જાણી શકાય નહિ એવું ૬. વિનાશી નથી એવું ૭. જાણ્યો ૮. ઉપર નીચે આજુબાજુ બધે જ

૧૯૪. અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ - AS194 N356

(નાદબ્રહ્મ પદ-૩૫૬) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે ..... ટેક

પવન તું, પાણી તું, ભૂમિ તું, ભૂધરા ! વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે ... ૧

વેદ તો એમ વદે શ્રુતિ-સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે ૨

ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન-કર્મ-વચનથી આપ માની લહે,
સત્ય છે એ જ મન એમ સૂઝે ૩

વૃક્ષમાં બીજ તું બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના,
પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે ૪

૧૯૫. ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસી - AS195 N361

રાગ - પ્રભાતિયું (નાદબ્રહ્મ પદ-૩૬૧) [અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ધ્યાન ધર હરિતણું, અલ્પમતિ આળસી, જે થકી જન્મના દુઃખ જાયે;
અવર ધંધો કરે, અરથ કાંઈ નવ સરે,
માયા દેખાડીને મૃત્યુ વહાયે ..... ટેક

સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખ પાર હોયે;
અવર વેપાર તું, મેલ મિથ્યા કરી,
કૃષ્ણનું નામ તું રાખ મોંએ ૧

પટક માયા પરી, અટક ચરણે હરિ, વટકમાં વાત સુણતાં જ સાચી;
આશનું ભવન આકાશ સુધી રચ્યું,
મૂઢ એ મૂળથી ભીંત કાચી ૨

અંગ જોબન ગયું, પલિત પિંજર થયું, તોય નથી લેતો શ્રીકૃષ્ણ કહેવું;
ચેત રે ચેત, દિન ચાર છે લાભના,
લીંબુ લહેકાવતાં રાજ લેવું ૩

સરસ ગુણ હરિતણા, જે જને અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે;
નરસૈંયા રંકને, પ્રીત પ્રભુ-શું ઘણી,
અવર વેપાર નહીં ભજન તોલે ૪

દેવગંધાર પ્રભાત

૧૯૬. ક્યાં રમ્યા રજની રસીઆ - AS196 N372

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૨)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

ક્યાં રમ્યા રજની રસીઆ, ક્યાં રમ્યા રજની;

આણી વેળા ત્રિકમજી પધાર્યા, તારું લંપટપણું તજની ૧

આજનું સુખ સહુ કોને આપ્યું, પૂછે સૌ સજની ૨

સૂર્ય ઉગ્યો સૌ સાધન સાધે, ભજન કરે ભજની ૩

નરસૈંયાના સ્વામી છેલ છબીલા, ચાલ ચલે ગજની ૪

૧૯૭. મોગરીએ છાયો મંડપડો - AS197 N373

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૩)

[અનુક્રમણિકા-૫ Index_front Index_back]

મોગરીએ છાયો મંડપડો ભૂધરજી, મોગરીએ છાયો મંડપડો;

રાધીકાની સંગે શ્યામળિયો, રંગ ભરી રમી આવ્યો ૧

વૃન્દાવનમેં વિઠ્ઠલ શું ભયો, ગોપી હસી હસી દે તાળી ૨

પીતામ્બરની પલવટ વાળી, પહેરાવી સાડી રે ૩

પૂર્વે પુણ્ય કરી એ વર પામી, પામી એ વર રસ રૂડો ૪

નરસૈંયાના સ્વામી સંગે રમતા, અખંડ હુવો યુડો ૫

૧૯૮. શાને હીંડો ભમતા ભૂધરજી - AS198 N374

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૪)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

શાને હીંડો ભમતા ભૂધરજી, શાને હીંડો ભમતા;

પ્રીત વિના પરઘેર નહિ જઈએ, અમસ્તા ને અણગમતા રે ... ૧

મન માન્યા દધી માખણ આપું, શાને નથી જમતા રે ૨

વૃન્દાવનની માર્ગે જાતાં, ગોપીઓને દમતા રે ૩

નરસૈંયાના સ્વામી સંગે રમતાં, શાને ભળ્યા ભમતાં રે ૪

૧૯૯. ઘેલી કીધી રઘુનાથે બાઇ મને - AS199 N375

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૫)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ઘેલી કીધી રઘુનાથે બાઇ મને, ઘેલી કીધી રઘુનાથે રે;

નીર જમુનાના ભરવાને જાતી, ઘડુલો ચઢાવ્યો હરિએ હાથે રે ... ૧

શેરીએ શેરીએ કુલડાં વેરાવું, મોરલી બજાવી હરિએ હાથે રે ૨

તોડલે તોડલે તોરણ બંધાવું, મંગલ ગવડાવું સારી રાત રે ૩

વ્રન્દાવનની કુંજ ગલિનમેં, પાલવ ગ્રહ્યો હરિએ હાથે રે ૪

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, પ્રગટ ભયો પ્રભાતે રે ૫

૨૦૦. સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ - AS200 N376

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૬)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

સીતા કોણે હરી ભોળા લક્ષ્મણ, સીતા કોણે હરી;

સૂની મઢૂલીમાં જુએ રઘુનંદન, શય્યા સુની પડી ૧

નહિ જાણું હિરણ્યા કંસ હણી ગયો, ન જાણું ભૂમિએ ગળી ૨

વનવગડામેં રહે એક જોગી, બેઠો છે ધ્યાન ધરી ૩

જોગીને વેશે રાવણ આવ્યો, છેતરી સીતા હરી ૪

લાવો ધનુષ લક્ષ્મણ મારા હાથમાં, રાવણ મારું ફરી ૫

સુરદાસ પ્રભુ તુમ્હારે મિલન કો, લઇ ગયો હરણ કરી ૬

૨૦૧. ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર - AS201 N377

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૭)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ભૂલી છું મોતીનો હાર જમુનાને તીર, ભૂલી છું મોતીનો હાર;

એક એક મોતી મારે લક્ષ કરોડનું, પરોવું સોના તારે રે ૧

સાસુ અમારી સઘળે સંતાપે, નણંદી દેશે ગાળ રે ૨

જેઠ અમારા યુક્તિએ રાખે, દિયર પાડે પોકાર રે ૩

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ઉતાર્યા ભવપાર રે ૪

૨૦૨. જમુનામેં જઈ પડ્યો કનૈયો મારો - AS202 N378

રાગ - દેવગંધાર પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૭૮)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

જમુનામેં જઈ પડ્યો કનૈયો મારો, જમુનામેં જઈ પડ્યો;

જમુનાજીમેં ઘણું જલ શીતલ, પડતાં કાંઈ ન ડર્યો ૧

પેઠે પાતાળ કાલિનાગ નાથ્યો, ફેણ પર નૃત્ય કર્યો ૨

પકડી મંગાવું સૌ ગ્વાલ મંડલી, પડતા ક્યોં ન કર ધર્યો ૩

નરસૈંયાના સ્વામી નાગ લાવ્યા નાથી, વ્રજમેં આનંદ ભયો ૪

૨૦૩. આરતી ગોપાલ રાયકી કરો હો - AS203 N381

રાગ - પ્રભાત આરતી (નાદબ્રહ્મ પદ-૩૮૧)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

આરતી ગોપાલ રાયકી કરો હો સંત લોલાઈ ..... ટેક

મનકર ધૃત કાયાકર થાળી, બ્રહ્મ અગ્નિ કર બાતી[૧];
પાંચ તત્વ લઈ દીપક જોડ્યો, જલે અખંડ દીનરાતી ૧

ચિત્તકર ચંદન ધ્યાન સુગંધ, અનહદ ઘંટ બજાઈ;
અજંપા ધુની પાવધર ભોજન, મનષા ભોગ લગાઈ ૨

ચમર સૌ પવના એકતાર સોગવના, નામકો પાઠ લગાઈ;
ભીતર દ્વાર પુંજ પરમેશ્વર, આતમ પુષ્પ ચઢાઈ ૩

શંખ શબ્દ વ્રેહ[૨] ધુની ઉપજે, અનહદ બાજે બેના[૩];
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર નારદ, સકલ સંત લોલીના ૪

દુષ્ટ નિકંદન સુરિનર વંદન, સંતોને પ્રાણાધાર;
કહે કબીર ભક્તિ માંગુ, આવાગમન નિવાર ૫

૧. દિવેટ
૨. વિરહની ધૂન
૩. વીણા જેવો નાદ-ધ્યાનયોગ કરનારને દસ પ્રકારના નાદ સંભળાય છે તેમાંનો એક નાદ

૨૦૪. શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે - AS204 N382

રાગ - પ્રભાત (નાદબ્રહ્મ પદ-૩૮૨)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

શ્રી રામમંત્ર રામમંત્ર આરતી કીજે;
શંકર સનકાદિક આદિ એહી રંગ પીજે;

અર્ઘ્ય થાલ બિમલ માલ, પંચ બાતી ઝારી;
તનમન નીજ પરહેરો, સોહાઈ[૧] વેદ વારિ ૧

અખંડ જ્યોત બિમલ મોત, વ્રેહ દિનરાતી;
આરતી રામરાયજી કી, કીજે હો પ્રભાતી ૨

કહેત કબીર સમર ધીર, મન ઐસે લોલાઈ[૨];
ચરણ ટેક રઘુવીરજી કી, નિર્ભય પદ પાઈ 3

૧. સોહી રહી
૨. લીન થતાં

બિલાવલનાં પદો

[Index_front Index_back]

૨૦૫. તુમ જો દયાલ મોંસે બહુત કરી રે - AS205 N383

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૩) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

તુમ જો દયાલ મોંસે બહુત કરી રે;
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું નાં સર્યો રે .....ટેક

ગર્ભવાસ નવમાસ ઉંધે મુખ, ત્યાં ન મેરી સુધ વિસરી રે;
જઠર અગ્નિમેં રાખ લિયો હૈ, કંચન સે મેરી દેહ કરી રે ૧

કહાં લગી કહું અપરાધી જનમકો, આદિઅંત મોં સે બિગડી રે;
તુલસીદાસ પતિત તુમ પાવન, આ બાનેકી લાજ પડી રે ૨

૨૦૬. રામ કહો પિંજર કે સુવા - AS206 N384

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૪) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

રામ કહો પિંજર કે સુવા;
અજહુ ખબર પડત નહિ અંધે, ધંધો કરતા સકલ જુગ મુઆ...ટેક

ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ નિશ્ચલ નહિ હુઆ;
અંતકાલ રિપુ હો તમ જ્યારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા... ૧

આશા નિજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજલ કુઆ;
કહે કબીર જેણે હરિ રસ લીધો, વોહી કે મુખ અમૃત ચુઆ ... ૨

૨૦૭. તુમ મેરી પ્રભુતા બહુત કરી રે - AS207 N385

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૫) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

તુમ મેરી પ્રભુતા બહુત કરી રે;
મહા પતિત આયો શરણાગત, નીચ દશા લઈ ઉંચ ધરી રે ..... ટેક

જન્મ મરણ સંતાપ આપદા, તુમ પરસત મેરી સબ હરી રે;
અષ્ટસિદ્ધ નવનિધિ મુક્તિ આદ દેહી, કરજોડી રહી દ્વારે ખડી રે ... ૧

તીન લોક ઔર ભુવન ચર્તુદશ, વેદ પુરાણે સહી પડી રે;
સુરદાસ અપને ભક્તન કો, દેત પરમ સુખ ઘડી રે ઘડી ૨

૨૦૮. જબ તેં મન પ્રતીત ભયી - AS208 N395

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૯૫) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

જબ તેં મન પ્રતીત ભયી;
દિનદિન અવગુણ સુત ન લાગે, બાઢ ન લાગી પ્રીત નયી ..... ટેક

સુરત નુરત દો જ્ઞાન ઝવેરી, નીરખી પરખ માન વસ્તુ લઈ;
થોડે સે વણજ બહુત ધન બાઢે, ઉપજત લાગી લાલ ભયી ૧

યહ સોદા કો મર્મ ન જાને, જો જાને સો હાટે સહી;
કહે કબીર સંત કે સંગત, વિષ વિકાર સબ દૂર ગયી ૨

આશાવરીનાં પદો

[Index_front Index_back]

૨૦૯. જેને બ્હાનુ શામળિયાનું - AS209 N400

રાગ - નાની આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૦)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

જેને બ્હાનુ શામળિયાનું, તેને જમ શું કરશે રે;
છાપા તિલક કંઠે તુળસીની માળા, જમ જોઈ પાછા ફરશે રે ..... ટેક

અન્ય દેવના જે ઉપાસી, ન રહીએ તેની પાસે રે;
પોતે પાડે સામાને પાડે, સાંકુડા[૧] કહેવાયે રે ૧

ઊઠતા બેસતા હસતા રમતા, મુખે હરિ હરિ કહેતાં રે;
જન્મો જન્મના પ્રાસિત[૨] જાશે, જેના હરિ ચરણે ચિત્ત ઠરશે રે ૨

જેને પ્રભુજીનું પુરણ સ્મરણ, તે નર દુઃખિયો ન હોય રે;
અનેક પતિત ઉધાર્યા[૩] આગે, ગાયા ને વળી ગાશે રે ૩

જેને વર વર્યો વિઠ્ઠલજી, તેને બીજો વર કેમ ગમશે રે;
નરસૈંયાના સ્વામીની ભક્તિ વિના, તે લક્ષ ચોર્યાશી ફરશે રે ૪

૧. દુષ્ટ ૨. પાપ ૩. બચાવ્યા અથવા ઉગર્યા

૨૧૦. કબીર હરિરંગ લાગા હો - AS210 N406

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૬)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

કબીર હરિરંગ લાગા હો, તાસે મેરા મનકા ધોખા[૧] ભાગા હો;

કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુ નહિ;
હમ તુમ દેખો હૃદીયા ભીતર, તુમ દેખો સબ માંહી ૧

અલખ રૂપ ગુણ લખ ન જાય, અંજન[૨] રાતા લોઈ[૩];
એક વેળ મન દૃઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોય ૨

સેજ[૪] સુનમેં રૈન અમારી, તત્વ દેખી મન લાગા;
આપ મધ્યે આપહિ દેખા, ઇસવિધ સંશય ભાગા ૩

કહેત કબીર એકમત પાયા, કાયા નગર મોઝારી;
તુમ સાહેબ મેં સેવક તેરા, તારન તરન મોરારી ૪

૧. ભ્રમ

૨. સુરમો

૩. નાના લૂઓ 'અંજન રાતા લોઈ' એ શબ્દો સમગ્ર પદના અર્થ સાથે બંધબેસતા નથી. ક્ષેપક છે. અહીં 'કિસબિધ ગાવત કોઈ' એવા શબ્દો હોવા જોઈએ.

૪. સહજ

꠸ꠋ꠸ꠋ અનંત સૂર ꠸ꠋ꠸ꠋ꠸ꠋ

૨૧૨. રામ રાય આદિ ચાકર તેરા - AS212 N408

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૮)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

રામ રાય આદિ ચાકર તેરા, તાસે મહિમા દ્યો અમારા;

સતજુગ ત્રેતા દ્વાપુર ગયા, કલિયુગ કીર્તિ તુમ્હારી;
બ્રહ્મ લોક જબ સૃષ્ટિ નીપજાઈ, તાંથે મસાગત[૧] મેરી ... ૧

પાંચ હથિઆર ખુબ કરી બાંધો, કરી લે ખાંડા ખેલ;
જ્ઞાન ખડક સે નાદ ઉતારું, માન લે મજરા[૨] મેરા ૨

કાગદ મંગાવો ને દૂત તેડાવો, અક્ષર લખો રે બોતેરા[૩];
ભાવ ભક્તિ જાગીરી માંગુ, ન્યાલ ભયા મન મેરા ૩

કૃપાનાથ કૃપા કરી મોં પે, તમારી કૃપા થકી ઝુઝે;
દાસ કબીર મેં બંદા તેરા, ભક્તિ દાન મોહે દીજે ૪

૧. મજૂરી-મહેનતતાણું
૨. સલામ
૩. ૭૨ અક્ષરનો મંત્ર

૨૧૩. રાજા રામ જપો મેરે ભાઈ - AS213 N409

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૯)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ લોક બડાઈ;

માગી મુક્તિ ભક્તિ ક્યોં ન માગી, ચિન્યા નહિ રઘુરાય;
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કર લે ભાઈ ૧

જબ હરિ જાણ્યા તબ મન માન્યા, મનષા ભોગ લગાઈ;
કોટિ કોટિ તીર્થ વ્રત કીના, એક સિદ્ધિ નવ પાઈ ૨

કહેત કબીર એક સકલ સાધનમેં, જન્મો જન્મ ફરી આયા;
અબ તો સંત સંગત રૂચિ માંગુ, જેણે હરિજશ સુજશ સુનાયો ૩

૨૧૪. જંત્રી જંત્ર અનુપમ બાજે - AS214 N411

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૧૧)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

જંત્રી જંત્ર અનુપમ બાજે, તા કો શબ્દ ગગનમેં ગાજે;

સુરતિ કી નાવ શ્રવણકા તુંબા, સતગુરુ સાજ બનાયા;
સુરિનર મુનિજન કૌતુક આયે, બ્રહ્મા ભેદ ન પાયા ૧

જીવ્હાકી તાંત નંસિકા કરહી, માયાકા ભોગ લગાયા;
જીવ્હા વતી સૌ પુરાણ વાંચે, જંત્રીકો નાચ નચાયા ૨

જંત્રી વિના જંત્ર ન વાગે, બાજે જબહી બજાવે;
કહેત કબીર સોહી જન પુરા, જંત્રી શું પ્રીત લગાવે ૩

૨૧૫. દેહડી થશે મિટ્ટી - AS215 N419

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૧૯)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

દેહડી થશે મિટ્ટી, મુરખ તારી બુદ્ધિ ક્યાં નાઠી;

જીવ આયો તબ શું લાયો, જાશે ત્યારે નાગો;
નિર્લજ્જ તુજને લાજ નહિ, તને કોણ પહેરાવે વાગો[૧] ૧

કુડ કપટ કરી બહું ધન સાંચ્યા[૨], સાંચ્યા ધન કોણ ખાશે;
જીવને જ્યારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે ૨

વેઢ વીંટી બાજુબંધ બેરખા, કંઈ ન આવે તારી સાથ;
ચેતનારા ચેતો માનવી, જાવું છે જમને હાથ ૩

ઊંચા વાસ દેખી શું ફૂલ્યો, શું મોહ્યો સુંદર નારી;
નરસૈંયાના સ્વામીની ભક્તિ વિના, તને કોણ પમાડે મુક્તિ ... ૪

૧. કપડાં ૨. ભેગા કર્યા

સારંગનાં પદો

૨૧૬. રામકો નિત્ય કીજે સુમરણ - AS216 N420

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૦) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

રામકો નિત્ય કીજે સુમરણ, રામકો નિત્ય કીજે;
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે ..... ટેક

જૂઠી માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી દીજે;
હૃદય કમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ ન કીજે ૧

તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે;
કહેત કબીર ઔર નહિ માગું, ચરણ કમલ દત્ત દીજે ૨

૨૧૭. રામ ભજન વિસરી હો ગયા - AS217 N421

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૧) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

રામ ભજન વિસરી હો ગયા, રામ ભજન વિસરી હો ગયા;
ગર્ભવાસમેં ભક્તિ કબુલી, બાહર આકે ક્યા કિયા .....ટેક

મહેલમેં બૈઠી મોજ નિત કરત હૈ, સોળશેં સાહેલીયાં;
પલમેં છોડ ચલ્યો ઠકુરાઈ, વેદ કોઉ ન કહૈ ઓ ૧

જબ તેરો પંથીપંથ ચલેગો, સંગે સાથી કો ન લિયા;
કહેત કબીર રામ ભજો પ્રાણી, તનમન હરજીકો અર્પીઆ ૨

૨૧૮. કાહે કો દેહ ધરી ભજન વિના - AS218 N422

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૨)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

કાહે કો દેહ ધરી ભજન વિના, કાહે કો દેહ ધરી;
ગર્ભ વાસમેં બહુત દુઃખ ભારી, બહાર કાઢો હરી ..... ટેક

કોલ વચન કરી બાહર આયો, વાકી બુદ્ધિ ફરી;
સંત સંગત તેં કબહુ ન કીની, દર્શન ડગ ન ભરી ૧

હરિકી કથા તેં શ્રવણે ન સુની, પરનિંદા બહુત કરી;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જનુની ભારે મરી ૨

૨૧૯. કાહે ન ભજે રે ગોપાલ મન તું - AS219 N424

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૪)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

કાહે ન ભજે રે ગોપાલ મન તું, કાહે ન ભજે રે ગોપાલ;
ઉલટ ક્યા ચલત હે બાવરે, છાંડ સકલ જંજાલ ..... ટેક

મૂછ મરોડ ને પાઘ સમારે, ચલત ટેઢી ચાલ;
જગ દ્વારે જબ લેખા લેગા, હોગા કૌન હેવાલ ૧

ગર્ભવાસમાં રક્ષા કીની, બહુત કરી પ્રતિપાલ;
કહત કબીર રઘુનાથ ભજી લો, દીનાનાથ દયાલ ૨

૨૨૦. મંદિર દેખ ડરે સુદામાજી - AS220 N426

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૬) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

મંદિર દેખ ડરે સુદામાજી, મંદિર દેખ ડરે
કહાં જો ગઈ મેરી તૃણ કી ઝુપડીયાં, તા ઘેર મહેલ ખડે રે... ટેક

પહેલે રે પ્હોરે હસ્તિ ઝૂલે, દૂજે તોરંગ ખડે રે
ત્રીજે રે પ્હોરે વસ્ત્ર જ ભારે[૧], ચોથે રત્ન જડે રે ૧

જા ઘેર તાલ પખવાજ વાગે, તા ઘેર નૌબત[૨] વાજે
જા ઘેર રાગ છત્રીસ આલાપે, તા ઘેર સભર[૩] ભરે રે ૨

ઇત ઉત જાત ફિરત હૈ સુદામા, મનમેં સોચ કરે રે
ધામ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે ૩

મહલમેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે
સુરદાસ પ્રભુ અપને સખા કો, દારિદ્રય દુર કરે રે ૪

૧. કિંમતી ૨. નગારાં ૩. સભર એટલે છલોછલ

૨૨૧. ગોવિંદ નામ ધર્યો કીન તેરો - AS221 N428

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૮)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ગોવિંદ નામ ધર્યો કીન તેરો, ગોવિંદ નામ ધર્યો;
દ્રુપદસુતાકી લજ્જા રાખી, ચીર કો દાન કર્યો રે ..... ટેક

ચાર પદારથ[૧] દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો;
સાંદીપકો સુત આન[૨] દિયો હૈ, વિદ્યા પાઠ પઢ્યો રે ૧

લેને રે દેને તું હરિ દાતા, મોંસે કછુ ના સર્યો;
સુરકી બેર કઠણ હોઇ બૈઠી, જન્મકો અંધ કર્યો રે ૨

૧. ચાર પદાર્થો - ધર્મ, અર્થ, કામ ને મોક્ષ ૨. આણી આપ્યો અથવા લાવી આપ્યો

૨૨૨. ઐસે હી જો જીવો જીવન - AS222 N431

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૧)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ઐસે હી જો જીવો જીવન, ઐસે હી જો જીવો;
રામનામ ગુણ ગાવત સુમરન, જન્મ જન્મ સુફલ કર લીજે ... ટેક

જાકે રુચે સંતકી સંગત, સોહી દીનાનાથ સીજે;
સ્તુતિ કથા બસત જીવ જાકે, સહજ પરમપદ લીજે ૧

પુનિત લોક તીર્થ અરૂ પાવન, જહાં જહાં પાવોં દીજે;
કહત કબીર ઔર વિલંબ નહિ, રામ રસાયન પીજે ૨

૨૨૩. ના કછું રામ વિના રે - AS223 N432

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૨)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ના કછું રામ વિના રે, ના કછું રામ વિના રે;
દેહ ધરેકી એહી પરમ ગતિ, સંત સંગત રહેના રે ..... ટેક

મંદિર રચત માસ દશ લગે, બિનસત એક છના;
પલ એક સુખકે કારણ પ્રાણી, પ્રપંચ કરતાં ઘણા રે ૧

માતપિતા સુત લોક કુટુંબમેં, ફૂલ્યો ફિરત મના;
કહત કબીર રામ ભજ પ્રાણી, છોડ સકલ ભ્રમણા રે ૨

૨૨૪. નામકા વેપારી અમો હરિ - AS224 N433

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૩)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

નામકા વેપારી અમો હરિ, નામકા વેપારી;
અમૂલ્ય હીરો હાથ ચઢ્યો હૈ, છૂટ પડ્યો સંસારી ..... ટેક

કોઈએ હોર્યાં તાંબા સીસાં, કોઈએ લવિંગ સોપારી;
સાધુએ હોર્યાં નામ હરિકા, વિષય હોર્યો સંસારી ૧

રાજા ન દંડે ચોર ન લૂંટે, ઐસી વણજ[૧] અમારી;
એ વણજમેં ખોટ ન આવે, રાજી રહે ગિરધારી ૨

મન કર બેલ સુરત[૨] કર સોદા, જ્ઞાનકી ગુણ ભરાઈ;
કહત કબીર સુનો ભાઈ સાધુ, ઐસી અરજ અમારી ૩

૧. વેપાર ૨. અહીં નામસ્મરણના સોદાના અર્થમાં

૨૨૫. ચલત પ્રાણ ક્યોં રોઈ રે કાયા - AS225 N436

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૬) [અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ચલત પ્રાણ ક્યોં રોઈ રે કાયા, ચલત પ્રાણ ક્યોં રોઈ;
તુમ તો પ્રાણ ગવન[૧] ગૃહ કીનો, હમકો ચલે વિગોઈ ..... ટેક

તુમ્હારી સંગે મેં બહુત સુખ પાયો, હિતમિલ સબ સુખ જોઈ;
એ કાયા જલ જાયેગી ક્ષણમેં, નામ ન લેગા કોઈ ૧

કહેત હૈ પ્રાણ સુનો મેરી કાયા, તેરે મેરે સંગ ન હોય;
તું સે સોબત બહુત કસોટી, સંગ ન ચલી કોઈ ૨

સુરત દેખી તેરી મૈયા રૂવે, બાંય પકટ રૂવે ભાઈ;
લટ પકડી તેરી સ્ત્રીયા રૂવે, હંસ[૨] એકલો જાઈ ૩

શિવ સનકાદિક ઔર બ્રહ્માદિક, નારદ સે મુખ સોઈ;
જેણે દેહ ધરી ત્રિગુણમેં[૩], સ્થિર ન રહે રૂપ કોઈ ૪

કહેત કબીર સુનો ભાઈ સંતો, દેખ્યો દિલમેં મોહી;
એહી પદકા કોઈ અર્થ વિચારે, આવાગમન ન હોઈ ૫

૧. ગતિ-ચાલ ૨. જીવ ૩. સત્વ, રજ ને તમોગુણ એ ત્રણ ગુણો

૨૨૬. સંત શું અંતર નાહિ નારદ મેરે - AS226 N437

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૭)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

સંત શું અંતર નાહિ નારદ મેરે, સંત શું અંતર નાહિ;
જો મેરે સંત શું અંતર આણે, સો તો અધોગતિ જાઈ ..... ટેક

જહાં મેરો કેવલ જશ ગાવે, તહાં મૈં કરું નિવાસ;
સંત ચલે હરિ આગે દોડે, મમ ભક્તનકી આશ ૧

સંત જમે સો હમ હી જમાયે, સંત સુવે સો હમે સોઈ;
મેરે સંતનકો દુઃખ દેવે, સો જડમૂલ સે જાઈ ૨

લક્ષ્મી મેરે અર્ધાંગના રે, સો હી સંતનકી દાસી;
સકલ તીર્થ મેરે સંતને ચરણે, કોટિ ગંગા ને કોટિ કાશી ... ૩

મેરો ધ્યાન સંતનકો સેવે, સો હી પરમ પદ પાવે;
કહત કબીર ભક્તકો મહિમા, શ્રીપત[૧] શ્રીમુખે ગાવે ૪

૧. ભગવાન વિષ્ણુ

૨૨૭. ઘેલા કેવું તે વાશે વ્હાણું - AS227 N438

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૩૮)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ઘેલા કેવું તે વાશે વ્હાણું, ઘેલા પ્રાણી કેવું તે વાશે વ્હાણું;
લાડી લાવું ને પુત્રને પરણાવું, કાલની વાત ન જાણું ..... ટેક

બલિરાજા કહે લેવું ઈન્દ્રાસન, યજ્ઞ કીના નવ્વાણું;
જગદીશ જગદાતા નહિ ઓળખ્યા, ક્ષણ વાર નહિ રહેવાનું ... ૧

કાયા જૂઠી માયા જૂઠી, જૂઠું ઘરનું નાણું;
સુરદાસ કહે પ્રભુ ભજી લો, ઓચિંતુ આવશે આણું[૧] ૨

૧. તેડું

વસંતનાં પદો

[Index_front Index_back]

૨૨૮. મેરે સતગુરુએ બક્ષ્યા રામનામ - AS228 N443

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૩)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

મેરે સતગુરુએ બક્ષ્યા રામનામ, મોહે ખારો લાગે સકલ કામ;

જગત જાલકા કાટી ફંદ, મેરા દૂર કિયા દુઃખ દંડ;
મૈં નિશદિન સ્મરું અષ્ટજામ[૧], મેરે મુખ હૃદયે રહ્યો રામ રામ ૧

મેરો જન્મ મરણકો લહ્યો ન પાર, મેરો જન્મ સુફલ ભયો અબકી બાર;
ગુરુ સંગે પાયા અગમ[૨] ભેદ, દેખી રામ શબ્દ મેં સકલ સેવ ૨

સબ ઘટ વ્યાપક રામરાય, સૂક્ષ્મ સ્થૂલ[૩] ભયા એક ભાવ;
કહાંકો ભજું તજું કુલહીન, મેરી સુરતિ શબ્દમેં[૪] ભયી લીન ૩

જપતપ કરણી કરણી કરે સો હોઈ, એક રામ વિના નહિ મુક્તિ હોઈ;
રામચરણ હમ કહીં ન રાખ, જાકી અનંત કોટિ જનભરત સોઈ ૪

૧. આઠે પહોર ? જામ એટલે રાત્રિ-અથવા પહોર થાય તે પરથી
૨. ગૂઢ
૩. ગોચર-અગોચર
૪. જ્ઞાનમાં

૨૨૯. નહિ છાંડુ બાવા શ્રી રામનામ - AS229 N444

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૪)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

નહિ છાંડુ બાવા શ્રી રામનામ, મેરે ઔર પઢનસે કોન કામ;

પ્રહ્લાદ સધારે[૧] પઢ નિશાળ, સંગ સખા લીયે બહુત બાલ;
કહાં જો પઢાવે પંડિત ઔર જાલ[૨],
મેરી પાટીમેં લિખ દો શ્રી ગોપાલ ..... ટેક

સોંડા મુર્ગા કહ્યો હૈ જાય, પ્રહ્લાદ બંધાયો વેગે લાઇ;
રામનામ કહેનકી છાંડ બાન, અબહી છોડા હું મેરો કહ્યો હી માન ... ૧

કહાં જો ડરાવે પંડિત વારંવાર, જેને જલ સ્થલ ગિરિસે લિયો ઉગાર;
માર ડાર ભાવે દેહી ઝાર, રામનામ છાંડુ તો મેરે ગુરૂ હી ગાર ૨

કાઢી ખડગ કોપ્યો રિસાયે, તેરો રાખનારો મોહે બતાય;
સ્તંભ ફોડ પ્રગટે મોરાર, હિરણ્યાકંસ માર્યા નખ વિદાર ૩

આદિ પુરુષ દેવાધિદેવ, જેણે ભક્ત હીત ધર્યો નૃસિંહ ભેખ[૩];
કહેત કબીર તેરો ન લહું પાર, પ્રહ્લાદ ઉગાર્યો અનેક વાર ૪

૧. જાય
૨. પ્રહ્લાદને પ્રભુની ભક્તિ ગમે છે ત્યારે તેના ગુરુ તેને ભક્તિ વિરુદ્ધનું જ્ઞાન આપવા પ્રયત્ન કરે છે.
૩. સ્વરૂપ-વેશ-અવતાર

૨૩૦. હરિનામ તત્વ ત્રિલોક સાર - AS230 N445

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૫)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

હરિનામ તત્વ ત્રિલોક સાર, લોલીન ભયે સૌ ઉતરે પાર;

એક જોગી એક જટાધાર, એક અંગે ભભૂતિ ઘસે અપાર;
એક મુનિ મુખ મૌન લીન, ઐસે હોત હોત જુગ જાત છિન્ન ૧

એક આરાધે શક્તિ શિવ, એક પડદા દે દે વધત જીવ;
એક કુલદેવી કો જપે જાપ, ઐસે ત્રિભુવન ભૂલ્યો ત્રિવિધ તાપ .. ૨

એક અન્ન છોડ કે પીબત દૂધ, હરિનામ વિના હૃદયે અશુદ્ધ;
કહેત કબીર ઐસો વિચાર, હરિનામ વિના કૈસે ઉતરે પાર ૩

૨૩૧. હરિ બોલ શું વારંવાર - AS231 N446

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૬)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

હરિ બોલ શું વારંવાર, તેરી ધિક્ મીનડી કશુ કરે પોકાર;

અંજન મંજન તજ વિકાર, ગુરુદેવ બતાયો તત્વસાર;
સંત સંગત મિલિ કરો વસંત, તેરે બંધન છૂટે જુગ અનંત ૧

અનેક જન્મ તેં પાયો દાવ, મનષા જન્મ કર ભક્તિભાવ;
ઐસો અવસર બહુરિ ન પાવે, તાંથે મૈં જો કહું સમજુ ત્યાંહે ૨

કહાં ભયો સુત વનિતા જાયે, અંતકી બેર કોઈ સંગ ન આયે;
કહે કબીર વિચાર વિચાર, હરિકી ભક્તિ વિના ગયે હૈ હાર ૩

૨૩૨. ચલ ચલ રે ભમરા કમલ પાસ - AS232 N447

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૭)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

ચલ ચલ રે ભમરા[૧] કમલ[૨] પાસ, તેરી ભમરી[૩] બોલે અતિ ઉદાસ;

તેં બહુત પુષ્પકો લિયો હૈ ભોગ, તેરે સુખ ન ભયો તન બઢ્યો હૈ રોગ;
મૈં જો કહું તુમ્હેં બાર બાર,
મેં સબ વન ઢૂંઢ્યો ડાર ડાર ..... ટેક

દિવસ ચાર કો સો રંગ ફૂલી, ત્યોંહી દેખી કહાં રહ્યો હૈ ભૂલી;
ઇન વન સંપત્તિમેં લગેગી આગ,
તબ તુમ ભમરા કહાં જાઓગે ભાગ ૧

પુષ્પ પુરાનો ભયો હૈ સુક[૪], તબ તુમ ભમરા કો લગી અધિક ભૂખ;
ઉડ ન સકે પર ગયો હૈ તૂટ,
તબ ભમરી[૫] રુવે શિશ ફૂટ ૨

તબ ચૌદિશ જુએ મધુપરાય[૬], તબ ભમરી લે ચલી શિશ ચઢાઇ;
કહેત કબીર મન કો સ્વભાવ,
રામભક્તિ બિના જમકો દાવ ૩

૧. ભમરા-મન ૨. પરમાત્મા ૩. અંતઃકરણ ૪. સૂકાઈ ગયેલાં ૫. અંતઃકરણ ૬. પરમાત્મા

૨૩૩. માધુ મોહ મૃગ માર્યો ન જાય - AS233 N448

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૮)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

માધુ મોહ મૃગ માર્યો ન જાય, મેરી બુધવાડીમેં બસ્યા હૈ આઈ;

મેરી વાડીમેં નીપજે મુક્તવેલ, સો દેખત ચર જાયે એલ;
રહન ન પાવે ફલફૂલ પાન, મૈં સીંચ સીંચ રહુ પટકી હાથ ૧

ધ્યાન ધનુષ સાધ્યું સંધાય, સુરત નુરત કી ગ્રહો બાંય;
જો મેં મારું તાકી તાંહે, તબ હોત વીદેહી વિલાસે જાયે ૨

એ મૃગ મારી શકે ન કોઈ, સુરિનર મુનિવર રહ્યા રે જોઈ;
કહેત કબીર જિને દિયો હૈ ટાલી, જિને રામ ભજનકી કરી હૈ વાડ .. ૩

૨૩૪. માધુ દારુણ દુઃખ સહ્યો ન જાય - AS234 N449

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૪૯)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

માધુ દારુણ દુઃખ સહ્યો ન જાય, મેરી ચંચલ મતિ તાંથે કહાં બસાયે;

મેરે તન ભીતર વસે મદન ચોર, જેણે જ્ઞાન રત્ન હરી લીનો મોલ;
મૈં જો અનાથ પ્રભુ કરું કહાંયે, અનેક બગીચે મેં કહાંયે ૧

સનક સુનંદન શિવ શુકાદિ, નાભિ કમલ ઉપજે બ્રહ્મા;
જોગી જંગલ જટાધારી, પ્રભુ અપને અવસર સે ચલે હૈ હાર ૨

તુમ હો અથાહ મેં લહું ન થાહ, મેરે સકલ કામકી શોચ યહાં;
અહરનિશ સેવું ચરણ ધીર, ઐસી યુક્તિ જાણી કહે કબીર ૩

꠸ꠋ꠸ꠋ અનંત સૂર ꠸ꠋ꠸ꠋ꠸ꠋ

૨૩૬. મનુષ્ય તન પાયો બડો હૈ ભાગ - AS236 N451

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૧)

[અનુક્રમણિકા-૬ Index_front Index_back]

મનુષ્ય તન પાયો બડો હૈ ભાગ, આપ વિચાર ખેલો ફાગ;

બિન પગ ચલી હૈ અર્ધચાલ, બિન રસના ગાયે ગુણ ગોપાલ;
બિન બાજે જહાં બજહેં બેન, નીરખી દેખીયે બીન હી નૈન ૧

બિન મારે જહાં મૃતક હોય, બિન જહાં જલી જાયે સોઈ;
બિન સાંગે બિન જાંચ દેય, સો સાલમ બાજી જીત લેય ૨

બિન વિશ્વાનલ જલે હી જ્યોત, પાપ પુન્ય ત્યહાં નાહિં સોત;
સ્વર્ગ નર્ક નહિ આદિ અંત, કહે કબીર તહાં કરો વસંત 3

૨૩૭. જહાં બારે માસ વસંત હોઈ - AS237 N452

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૨)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

જહાં બારે માસ વસંત હોઈ, પરમાર્થ ચિને વિરલા કોઈ;

જેહી વન તરુવર ફૂલ્યો અગાધ, શિવ બ્રહ્મા મુનિ લહે નિવાસ;
સનકાદિક રહે ભ્રમર હોઈ, તહાં લક્ષ ચોર્યાશી જીવ જોઈ ૧

જહાં અગણિત વર્ષે અખંડધાર, તહાં હરિઅલ હોયે અઢારભાર;
પાણી આદર દે ન કોઈ, તહાં પવન ગયે સબ મેલ ધોઈ ૨

સાત સાગર પીયો હૈ ધોળ, અન્ય દેવ તેત્રીશ ક્રોડ;
અમર લોક ફલ લીયો હૈ ચ્હાય, કહત કબીર જાણે સો ખાય 3

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸

૨૪૦. સુખ સાગર જીવ કરો સ્નાન - AS240 N455

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૫)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

સુખ સાગર જીવ કરો સ્નાન, જ્યાં સુરિનર મુનિજન ધર હૈ ધ્યાન;

બિન જલ જહાં ઊઠે હી લ્હેર, બિન પર્વત જહાં ટહૂકે મોર;
બિન શિંગી[૧] જહાં બજે હી નાદ, સુન હો સંતો શબ્દ આદિ ૧

બિન કર સુનીએ બજે હૈ તાલ, પ્રેમ પખાવજ અતિ રસાલ;
બિન પગ નટીયાં કર હૈ નાચ, બુઝો સંતો શબ્દ સાચ ૨

બિન નૈન દેખીએ અતિ નિહાળ, સંતો ઐસો મત હમારા;
જ્યોત બરૈ બિન બાતી તેલ, તુમ દેખો સંતો અગમ ખેલ ૩

સ્વામી રામાનંદ ગુરુ પ્રસાદ, નિરંતર ભજીએ મન સુખ સમાધ;
આશા મિટ કરી ગ્રહી, ઓટ કબીરજી મન નાહિં ખોટ ૪

૧. એક વાદ્ય

૨૪૧. કહાં જઇએ રે ગૃહે લાગો રંગ - AS241 N456

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૬)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

કહાં જઇએ રે ગૃહે લાગો રંગ, મેરો ચિત્ત ન ચલે રે મન ભયો હૈ સ્થિર;

જહાં જઇએ તહાં જલ પાષાન, પૂરી રહ્યો હરિ સબ સમાન;
વેદ સ્મૃતિ સબ દેખ્યા જોઈ,
તહાં જો જઇએ હરિ યહાં ન હોય ૧

એક દિન મન ભયો ઉમંગ, ઘસી ચૂવા ચંદન પુષ્પ સંગ;
પૂજન ચલી મૈં ઠામ ઠામ,
ગુરુએ બ્રહ્મ બતાયો આપમેં ૨

અંજન મંજન તજ વિકાર, અડસઠ તીરથ એક દ્વાર;
માન મૂઢ મતિ કહાં જાય,
તેરે ઘટમેં તીર્થ ક્યોં ન ન્હાય ૩

સતગુરુમેં બલિહારી[૧] તોયે, મેરે સંકલ્પ વિકલ્પ[૨] ભ્રમ ડારે ખોઇ;
રામાનંદ પ્રભુ સ્વામી રમતા બ્રહ્મ,
ગુરુકો એક શબ્દ જાકે કાટે ફંદ ૪

૧. વાહવાહ
૨. વિચારો

૨૪૨. જહાં સતગુરુ ખેલે ઋતુ વસંત - AS242 N457

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૭)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

જહાં સતગુરુ ખેલે ઋતુ વસંત, પરમ જ્યોતિ જહાં સાધુ સંત;

તહાં તીન લોક થે ભિન્ન રાજ, તહાં અનહદ ધૂની બાજાં બાજ[૧];
કોટિ કૃષ્ણ તહાં જોડે હાથ, કોટિ વિષ્ણુ તહાં નમે હૈ માથ ૧

કોટિ બ્રહ્મ તહાં કથે હૈ જ્ઞાન, કોટિ શિવ જહાં ધરે હૈ ધ્યાન;
કોટિ સરસ્વતી કરે હૈ રાગ, કોટિ ઈન્દ્ર જહાં ગ્રહે ન લાગ ૨

ચૌદિશ જ્યોતિ[૨] જલે હૈ અથાગ[૩], વિરલા જન કોઈ પાવે થાહ[૪];
કહે કબીર કંઠ લિયો હૈ લાઈ, પ્રભુ નરક નિવારણ નાવ તાહે ... ૩

૧. ચિત્ત એકાગ્ર થયા પછી ધ્યાન કરનારને સંભળાતો ૐનો ધ્વનિ
૨. ચહુદિશ એટલે બધી દિશામાં પ્રકાશનો અનુભવ
૩. અપાર
૪. પાર

૨૪૩. સત સકૃત ખેલે ઋતુ વસંત - AS243 N458

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૮)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

સત સકૃત ખેલે ઋતુ વસંત, કરી સુખ દુઃખ છોડી દ્વંદ્વ;

જીવન સાચા ભલે તબ હી હોય, ગુરુગમ ભેદ લહી પાવે કોઈ;
લક્ષ ચોર્યાશી કે કટે હૈ ફંદ, અમર કરો મન છોડી મદ ૧

સો હી સુહાગન પિયુ હૈ ચિન, દૃષ્ટિ પડે રહે અતિ આધિન;
દર્શન શોભા રહે સમાઈ, નહિ બિછુડે સંગ જાઈ ૨

પરીખ જાન તબ નામ દીન, રત્ન પદારથ દેહી ભિન્ન;
કહે કબીર ખરચ થોર, સતગુરુ કૃપા કરી દીનો મોર ૩

૨૪૪. બુઢ્ઢિયા હસી બોલે વારંવાર - AS244 N459

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૫૯)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

બુઢ્ઢિયા હસી બોલે વારંવાર, મોંસે તારુણી કોણ નાર;

દાંત ગયે મેરે પાન ખાત, કેશ ગયે મેરે ગંગા ન્હાત;
નેન ગયે મેરી કાજલ દેત, વ્રેહ ગયે પરપુરુષ હેત ..... ટેક

જાન પુરુષ વા મેરો આહાર, અજાને કો કરું સંહાર;
કહેત કબીર બુઢ્ઢિયા આનંદ ગાઈ, પુત્ર ભરથાર કો બૈઠી ખાય..૧

૨૪૫. ભજ ભજ રે જીવડા સુકૃત સોઈ - AS245 N460

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૦)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ભજ ભજ રે જીવડા સુકૃત[૧] સોઈ, કાહે ન ગ્રહ્યો તુમ અગમ હોય;

જહાં અગમ તહાં સુકૃત વાસ, રવિ શશિ ધરણી બિંબ પ્રકાશ;
ગગન ગર્જે વર્ષે જો નીર, સુરત નુરત[૨] લે ધરહૂ ધીર ૧

પંડિત ખોજે સ્મૃતિ વેદ, સિદ્ધ સાધક ગયે ન લહે ભેદ;
ઉન ઉર કાહુ ન ગમ કીન, ઊઠ ગયે જૈસે જલકે મીન ૨

ખંડ એકવીશ પૃથ્વીકો ભાર, ગુણી ગંધર્વ મૂનિ ગયે હૈ હાર;
કહે કબીર સમજાઉ કહાં, પતિત ઉદ્ધારણ નામ યહાં 3

૧. પુણ્યશાળી આત્મા
૨. મનની ભોગ કરવાની વૃત્તિ તે સુરત ને વૈરાગ્યની વૃત્તિ તે નુરત

૨૪૬. બાવા ગૃહમેં બઢી હૈ રાઢ - AS246 N461

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૧)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

બાવા ગૃહમેં બઢી હૈ રાઢ[૧], નિશદિન મોંસે ચપલ નાર;

એક બડી જા કે પાંચ હાથ[૨], ઉન પાંચનમેં પચ્ચીશ[૩] સાથ;
પચ્ચીશન કે સંગ ઔર ઔર, ઔર ઔર જા કે ઘેર ઘેર ૧

અંતર માંહી અંત લે હી, જક ઝોલે જલી જાય દેહ;
અપનો ચાહે ભોગ કહો, કૈસે લઈએ સ્વલ્પ[૪] યોગ ૨

નેડો રહું ન પાઉં દૂર, ચૌદિશ બાખર[૫] રહી હૈ પૂર;
લક્ષ આહેડી મેં એક જીવ, તાંથે પોકારૂં મેં પિયુ પિયુ ૩

ના ગૃહ કરૂં ના માગું ભીખ, મોહેં બહુત દિનકી લગી હૈ શીખ;
અબકી બેર મોસેં બચાવ, કહે કબીર પડ્યો પુરો દાવ ૪

૧. કંકાસ
૨. પાંચ ઇન્દ્રિયો
૩. પચીસ તત્વોની સાથ-તેની સાથે મળી માયા વિષયોમાં ઘસડી જાય અને જીવને દુઃખમાં નાખી દે તે દુઃખ પણ મનને ગમે તેવું
૪. તેવા દુઃખમાં મન યોગની સાધના થોડી પણ કેવી રીતે કરી શકે ?
૫. છલકાય

૨૪૭. હરિ ભક્ત વત્સલ ખેલે વસંત - AS247 N462

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૨)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

હરિ ભક્ત વત્સલ ખેલે વસંત, સંગ રાજીવરંગ સકલ સંત;

ઘસી કેસર ભરી કલશ લીન, ચર્ચત ચતુરા[૧] અતિ પ્રવીન;
શેષ શંકર કરે ફૂલેલ, શુકમુનિ મૃગ મદ કરત રેલ ૧

પ્રહ્લાદ ભરી કેસૂર કે નીર, તહાં ઋષિ નારદ ડાલે અબિલ;
અધર ધરે સરસ ચંગ, પ્રેમ પુલકિત ઓધવ ઉપંગ ૨

નામદેવ મૃદંગી મગ્ન રૂપ, જન કબીર વેણ અનુપ;
રોહીદાસ બજાવે નિપુણ તાલ, તહાં સુર સુઘડ ખેલ રસાલ ... ૩

પરમાનંદ ડફસેં ની ભેર, તુલસી જૈ જૈ ઉચરે ટેર;
જયદેવ નૃત્ય કરે અતિ રસાલ,
તહાં વૃન્દાવન વહીરત શ્રી ગોપાલ ૪

જા કો બિરુદ દયાનિધિ અતિ ઉદાર, ભક્ત હીત લીલા વિહાર;
લાગે અભયપદ ફગુવા દેત, જન ઋષિકેશે પ્રભુ કમલ નેન ... ૫

૧. હોંશિયાર

૨૪૮. હરિ પતિત ઉદ્ધારે સો હી સંભાળ - AS248 N463

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૩)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

હરિ પતિત ઉદ્ધારે સો હી સંભાળ, આદિ અંત તારે મોરાર;

એક ગુનકા હોતી નગર માંહે, જા કો રામ કહન કી સૂદ્ધિ નાંહિ;
દમડીમેં સુ વટલ્યો હૈ મૂલ, તુમ પઢ્યો પ્રબલે રામ બોલ ૧

એક અજામિલ પતિ અસાચ, સો હી ગુનકા સંગ રહ્યો હૈ રાચ;
પુત્ર નારાયણ નામ શાખ, જિન જમદૂતને તેં લિયો હૈ રાખ ૨

એક વિધ કહત હૈ કોટાન જીવ, જિન વિશ્વાસુર નહિ ભજ્યો પિયુ;
હરિ કે શરણે સબ ચઢે વિમાન, યોં કહે કબીર ભજ રામ રામ ૩

૨૪૯. હરિ ભક્તિ કરત ઉદ્ધરે અનેક - AS249 N464

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૪)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

હરિ ભક્તિ કરત ઉદ્ધરે અનેક, જેણે રામનામ કી ગ્રહી;

રામનામ તત્વસાર એક, ભૈયા જાનતે હૈ કોઈ જન વિવેક;
જાનત શિવ સનકાદિક શેષ, ભૈયા ધ્રુવ નારદ અંબરીષ દેખ ૧

કોઈ પૂર્વ જન્મકો લખ્યો હૈ લેખ, સો તો લેખ ટળે હી કરી અનેક;
ભાગ્ય લખી જા કે ભક્તિ હોય, હરિ ભક્તિ હોય સમ ધર્મ ન કોઈ .. ૨

રામનામ સબમેં વિશેઝં, જહાં ભ્રમ કર્મ કી રહી ન રેખ;
ભ્રમ ગયો રહ્યો રામ એક, જન કબીર બ્રહ્મ નિર્વાણ પેખ ૩

૨૫૦. મેરી સુરતિ સુહાગન ખેલે ફાગ - AS250 N465

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૫)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

મેરી સુરતિ સુહાગન ખેલે ફાગ, ભૈયા પરિબ્રહ્મ જહાં કરત રાગ;

બાજત મુરલી બહુત તૂર, બિન રસના સુર ઉઠત ઘોર;
સુની સુની શીતલ ભયો હૈ ગાત્ર,
મેરે શ્રવન સુને નહિ ઔર બાત ૧

લોક લાજ કુલ ડારી દીની, એક પ્રેમ ધન ગ્રહી હાથ લીન;
સુમર સખીકો કિયો હૈ સંગ,
યોં સકલ રચ્યો હૈ વિવિધ રંગ ૨

ગગન ગલી જહાં મગન ખાલ[૧], એક પકડત પાયે હરિ વિશાલ;
હિલ મિલ કરકે કિયો વિલાસ,
મેરી જન્મ જન્મકી મિટી હૈ પ્યાસ ૩

રસાતલ[૨] ભૂતલ અરૂ આકાશ, જહાં પ્રેમ સુગંધકી ફેલી વાસ;
દાસ કબીર ઉર ભાવે સંત,
કોઈ એહીવિધ ખેલે ઋતુ વસંત ૪

૧. ચામડી અથવા છોલ-મગન એટલે આનંદ-એક અનોખી અવસ્થા જેમાં શરીરનું ભાન રહેતું નથી અને પરમચૈતન્ય સાથે એકરૂપતાનો અનુભવ થઈ જાય છે.

૨. પાતાળ

૨૫૧. સખી આજ અનુપમ બન્યો વસંત - AS251 N466

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૬)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

સખી આજ અનુપમ બન્યો વસંત, આનંદ શું ભજું અપનો કંથ;

જહાં સંત સંગત શોભા અભંગ, તાંહી દેખી આનંદ ન માયે અંગ;
બૈઠે ગુણ ગાયે મગ્ન હોય, જહાં બાજે વિવિધ બાજહી સોઈ ૧

તહાં ઉડત ગુલાલ અબિલ અંગ, તહાં અરસ પરસ આનંદ રંગ;
કુતૂહલ બઢ્યો હૈ અપાર, તહાં જૈ જૈ શબ્દ કરે ઉચ્ચાર ૨

જહાં જિત કિત સાધુ સંત સોઈ, ગુણ ગાવે નાચે મગ્ન હોઈ;
ઉમંગી સુધાસિંધુ[૧] આઈ સોઈ, સબ સભા રહી સુખમેં સમાય ૩

જહાં શીતલ બીર સુગંધ બાસ, તહાં કમલ ફુલ કરી રહી વિલાસ;
મધુપ રૂપ સાધુ બસોઈ, હરિ ચરણ કમલ રસ રહે હૈ ભાઈ ૪

જે જે વિધ વરણી બસોઈ, ભયા સો સબ ઘટિ જન લખે કોઈ;
તુલસીદાસ લખે સોઈ સુખ સમાય,
જુગ જુગ જમદુઃખ દરસે ન આઈ ૫

૧. અમૃતનો સાગર

૨૫૨. રસ હોરી ખેલે શ્રી જનરાય - AS252 N467

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૭)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

રસ હોરી ખેલે શ્રી જનરાય, સબ કુંવરી ઝરુખે દેખન આઈ;

મહાદેવ સાજ લિયે મૃદંગ, તહાં ઋષિ નારદ નાચે લિયે ઉમંગ;
તાલ લિયે ગાવે જયદેવ, તહાં નાભાં પીપાં નામદેવ ૧

રોહીદાસ બજાવી લિયે હૈ બાગ, ગાવે આશા તોડી વસંત રાગ;
સનકાદિક ખેલે મોઝાર, તહાં નિગમ ઉચ્ચારે જૈ જૈ કાર ૨

કેસર કુમ કુમ ભરે હૈ માટ, તહાં સે ભક્ત દે બાંટ બાંટ;
પિચકારી બલિભદ્ર હાથ, પ્રહ્લાદ વિભીષણ વિદુર સાથ ૩

ગુરુ રામાનંદ કથે બ્રહ્મજ્ઞાન, તહાં કબીર ચલાવે શબ્દબાણ;
નીમાદિત અરૂ વિષ્ણુ શ્યામ, તહાં માધવાચાર્ય કરે બહુ વખાણ ... ૪

ઉડત ગુલાલ અરૂણ આકાશ, તહાં અનંતાનંદ અરૂ કરસનદાસ;
અગર કીલ ચરચે અબિલ, તહાં ધ્રુવ અંબરીષ શુકદેવ વીર ૫

રાંકા વાંકા કાલુ કેવલદાસ, તહાં દાસ દેવ કરે પ્રેમ પ્રકાશ;
ખોજી નરસૈંયો આસપાસ, તહાં પ્રેમસહિત ગાયે મીરાંદાસી ૬

હોરી ખેલત બઢ્યો હૈ રંગ, તહાં અનંત કોટિ સંગ લિયે હૈ સંગ;
અબ કી બેર મેરો રાખો માન, જન નાભાકો દીજે ભક્તિદાન ૭

૨૫૩. ૨સ હોરી ખેલે શ્રી રામચંદ્ર - AS253 N468

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૮)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

૨સ હોરી ખેલે શ્રી રામચંદ્ર, તાંથે જનકસુતા મન ભયો આનંદ;

તહાં ફૂલ જ ફુલે ઋતુ વસંત, તહાં ખગ મૃગ ચાતક કરે આનંદ;
તહાં પંખી માત્ર કરત કિલ્લોલ, તહાં કોયલ ચકોર ટહૂકે મોર ૧

તહાં ભરત શત્રુધ્ન લિયે હૈ સંગ, તહાં નાનાવિધ કે હોત રંગ;
તહાં બાજે તાલ ઉપંગ ચંગ, તહાં મધુરીસી બેન ધૂમે મૃદંગ ૨

તહાં અંગદ નીલ સુગ્રીવ સાથ, તહાં રત્નજડિત પિચકારી હાથ;
તહાં ઊડત અગર ને ગુલાલ, તહાં અરસપરસ ભરી દે મોરાર ૩

તહાં ખેલ જ ખેલે સરયુ તીર, તહાં લક્ષ્મણ ને હનુમાન વીર;
તહાં ચૂવા ચંદન ચરચે[૧] અંગ, તાંથે ભક્ત વત્સલ પ્રભુ રાખો સંગ.. ૪

ઇસવિધ ખેલે હોરી કો ફાગ, અયોધ્યા આયે ફગુઆ ચૂકાયે;
તહાં તુલસીદાસ મન ભયો આનંદ, અબિલ ગુલાલ ઉડે અસંખ્ય ... ૫

૧. લગાડે

૨૫૪. ભણો ભણો વિદ્યા શ્રી રામની - AS254 N469

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૬૯)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ભણો ભણો વિદ્યા શ્રી રામની, સાચી વિદ્યા મૂલ ધામની;

એના મહેતાજી ગુરુદેવ છે, તેણે વિદ્યા ભણવાનો ભાવ છે;
તમે તહાં જઈ ભાઈ શીખજો, તમે અલેખ ના અક્ષર લખજો ..... ટેક

તમે ખડિયો ખબર કેરો કરો, તમે માંહી પ્રેમ શાહી સમજી ભરો;
લેજો લેખણ રાખો કરી, તમે હૃદિયા પાટી લઈ ભરો ૧

જ્યારે વિદ્યા પૂરી પામશો, ત્યારે સંશય સઘળા વામશો[૧];
ત્યારે બ્રહ્મ નિરંતર ભાસશે, એક વૃત્તિ[૨] માંહે વાંચશો ૨

એમ કહેશે અલેતા દાસ રે, તહાં ઊપજે અતિ ઉલ્લાસ રે;
કહે જે જેમ તે તેમ જાણજો, તહાં સદા સદોદિ માણજો ૩

૧. છોડી દેશો ૨. મનની સ્થિરતા પછી થતું દર્શન

૨૫૫. એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી - AS255 N470

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૦)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી, જુઓ જુઓ ભાઈ ઓ તમે આદિજી;

તેણે અવર અક્ષર ન ઉચાર્યા, તેણે રામનામ હૃદિયે ધર્યા;
તે તો તાતના ત્રાસથી ન ડર્યા, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી ૧

તાતે લોહાના સ્તંભ ધીકાવ્યા, પ્રહ્લાદ ભેટાડવા લાવ્યા;
ત્યાં તો રામનામ લેતા આવ્યા, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી ૨

ત્યાં તો નૃસિંહ રૂપ હરિ થયા, પ્રભુ દેહ ધરી ઊભા રહ્યા;
ભક્ત હીત ભાવ પોતે લહ્યા, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી ૩

ત્યાં તો હિરણાકંસ વિડાર્યો, પોતે નખ વધારી માર્યો;
પ્રહ્લાદનો ત્રાસ નિવાર્યો, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી ૪

એમ અનેક ભક્ત ઉગાર્યા, તેના તનના તાપ નિવાર્યા;
જશ કબીરજીએ ઉચાર્યો, એવી વિદ્યા ભણ્યા પ્રહ્લાદજી ૫

૨૫૬. કોઈ હૈ રે હમારા ગાંવકા - AS256 N471

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૧)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

કોઈ હૈ રે હમારા ગાંવકા, વા કો પરચા[૧] પૂછું મૂલધામકા;

બિન બાદલ વર્ષે અખંડ ધાર, તહાં બિજલી ચમકે અતિ અપાર;
શશિ ભાણ વિના જહાં હોય પ્રકાશ, સતગુરુ શબ્દ લિયો નિવાસ ... ૧

બિન તરુવર ફૂલ્યો અતિ અનુપમ, વાકો શાખા પાત્ર નહિ છાંય ધૂપ;
બિન કુલન ભ્રમર કરે ગુંજારવ, તહાં ફૂલ લાગ્યો હૈ નિરધાર ૨

તહાં ઉંચ નીચ નહિ જાત ભાત, તહાં ત્રિગુણ ન વ્યાપે સદાયે સંત;
તહાં હર્ષ શોક નહિ રાગ દ્વેષ, તહાં જરા મરણ ન વ્યાપે રોગ ૩

તહાં અખંડપુરી એક નગર ગામ, વસીએ સાધુ સ્હજ ધામ;
સો ઉપજે નિપજે નહિ વણસ જાય, સત કબીર મિલે હૈં ત્યાંય ૪

૧. પરિચય

૨૫૭. મેરે હૃદયે લાગ્યો ગુરૂ શબ્દબાણ - AS257 N472

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૨)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

મેરે હૃદયે લાગ્યો ગુરૂ શબ્દબાણ, તાકી માર્યો સતગુરૂ સુજાણ;

દશે દિશા મન કરત દોડ, મેરો ચિત્ત ન ચલે અબ ભર્યો હૈ સ્થિર;
ચલ ન શકે મન પગલું એક, મેરે કઠણ કલેજે પડ્યો હૈ છેદ ૧

ઉપર ઘાવ દીસે ને કોઈ, મેરે નખશિખ ભીતર સાલે[૧] બાહોર;
બાબા કોઈ ન જાણે મેરે દિલકી પીડ, સો જાણે જાકે લાગ્યો હૈ તીર ... ૨

ઉલટ્યો તન મન પલટ્યો અંગ, તબ પાંચ પચ્ચીશ[૨] લિયે એકી સંગ;
ઉલટિ સમાયો આપ માંહી, કહે કબીર બલિહારી ત્યાંય ૩

૧. દુઃખ-પીડા આવે
૨. સદ્‌ગુરુનો સાચો પરિચય થયા પછી શરીર અને તેમાં રહેલ ચેતન તત્વનું જ્ઞાન થયા પછી ગુરુ પર શ્રદ્ધા રાખતું મન આનંદથી પ્રગતિશીલ બને છે.

૨૫૮. ભૈયા ઐસો નગર મેં છોડુ નહિ - AS258 N473

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૩)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

ભૈયા ઐસો નગર મેં છોડુ નહિ, જા મેં અનંત કોટી જન બસે હી માંહી;

જહાં શિવ સનકાદિક શેષ સાધક, મુનિ નારદ શારદા ધ્રુવ પ્રહ્લાદ;
કમલા ઉમિયા હનુમાન, જહાં નેતિ નેતિ કરે નિગમ ગાન ૧

જહાં ઋષભદેવ જડભરત માંહી, તહાં નવ જોગેશ્વર જનકરાય;
કપિલદેવ અરૂ વાલ્મિક, જહાં ધ્યાન ધરે શુક અંબરીષ ૨

જહાં રામાનંદ જામાનંદ નામ, તહાં માધવાચાર્ય વિષ્ણુ શ્યામ;
ઔર સખા સબ લિયે હૈ સાથ, ઈન ચારોને પકડ્યો સબકો હાથ ૩

જહાં ગોરખ ભરથરી ગોપીચંદ, જહાં નાનક ફરીદા અરબાજંદ;
મહમદ દાદુ કરે નિવાસ, જહાં શહીદ એકાદશ હરિદાસ ૪

અલ્પ અકલ ગણિત ન આયે, આ પદકી મહિમા કહી ન જાય;
અગમપુરી ભરપુરવાસ, જહાં ઘર ઘર આનંદ સુખ વિલાસ ૫

જહાં સબ સંતનકો પાયે શીત, ચરણાંજલ[૧] રજ શું ગયો હૈ ભીન;
મૈં સંતદાસકો કોપ નહિં દાસ, રાખો રામચરણકો ચરણ પાસ ૬

૧. પગની પાટલી પર ચોંટેલી રજ ભીની બને તેવો હું સંતોની કૃપાથી ભીંજાઈ ગયો

૨૫૯. કોઈ સંત વિવેકી મન હીં જાન - AS259 N474

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૪)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

કોઈ સંત વિવેકી મન હીં જાન, ઉર્ઝી[૧] રહ્યો હૈ સકલ જહાન[૨];

મન પંખી હોયે ઉડે આકાશ, જલ સ્થળમેં જાયે સકલ વાસ;
ચૌદિશ મનવા રહ્યો હૈ છાંય, કોઈ ન ચિને મન સબકો ખાય ... ૧

મન હી પાપ અરૂ મન હી પુન્ય, મન હી રૂપ ધરે ત્રિગુણ;
મન હી વ્રત સુરિનર મુનિ દેવ, મન હી કી સબ કરે હૈ સેવ ૨

મન હી આદિ અરૂ મન હી અંત, મન હી જાણે કોઈ વિરલા સંત;
કહે કબીર કોઈ મન હી જાણે, સત શબ્દ પદ ગ્રહે નિર્વાણ ૩

૧. રમી, વિલસી, ક્રિયાન્વિત રહ્યો છે
૨. સમગ્ર જગતમાં

૨૬૦. ભ્રમિત નર ખોજે ડાર ડાર - AS260 N475

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૫)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

ભ્રમિત નર ખોજે ડાર ડાર, એક બીજ બિના નહિ પાવે પાર;

હટ જોગ કમાવે કરી કલેશ, તપ સાધે તરુણી તજી દેશ;
તીર્થ નાવ પઢે હી વેદ, એક રામ ભજન બિના સબ હી ખેદ ૧

કોઈ બેલાં તેલાં કરે ઉપન્યાસ, તથ કષ્ટ સહે ધરી અધિક આશ;
દરવેશ ન ખોજે અપના જંદ,
એક રામ ભજન વિના સબ હી ફંદ ૨

એક વિપ્ર જનોઈ જુગતે પાઇ, શિવ શિવ કહે જંગમ માંગ ખાયે;
નગ્ન સંન્યાસી ભસ્મ અંગ, એક રામ ભજન વિના મનકા રંગ ૩

એક બજરી અમરી જ રહે કોઈ, જાસું વચન સિદ્ધ વાકો માન હોય;
જ્ઞાન ધ્યાન હરિ ભક્તિ જાઈ, રસ રામ છોડિ મુખ મેલ ખાય ૪

સબ ગ્રંથો મેં એહી સાર, ભજી રામનામ તજીએ વિકાર;
અનંત કોટિ જન ભરત શાખ, સતગુરુ પ્રીછ તું હૃદયે રાખ ૫

ઐસો રત્ન જનમન હી વારંવાર, દુર્લભ ધન ખોવે ભર્મ લાળ;
રામ ચરણ પેખ બંધન તોડ, નિષ્પેક્ષ નિરંજન સ્નેહ જોડ ૬

૨૬૧. મન ભ્રમર રે રત વસંત જાય - AS261 N476

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૬)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

મન ભ્રમર રે રત વસંત જાય, રત પલ્ટે ફલ કૈસે પાય;

રત પલ્ટે તબ હોયે ચૈન, તેરે મુખસે ન ઉચરે એક બેન;
પ્રેમ હૃદયે ધર રામબાન, તબહી છૂટે તેરી ખાણ ૧

કુલી કુલવાડી તે સકલ કુલ, તેરો મનુષ્ય જન્મ હૈ અમૂલ મૂલ;
સતગુરુ ચરણે ધરી લે ચિત્ત, નર તો હી તરવે કી એહી રીત ૨

તરુવર એક તીન લોક માંહી, સબ બૈઠે વાકે છાંય;
કહે કબીર ભજ લીજે સોઈ, હરિ ચરણે પહુંચે વિરલા કોઈ ૩

૨૬૨. મધુકર માધવ શું કહ્યો જાય - AS262 N477

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૭)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

મધુકર માધવ શું કહ્યો જાય, ઋતુ પલટી બીજમેં રહ્યો ન જાય;

વસુધા હી કુલી કુસુમ વેલ, તહાં બન બન કોકિલ કરત કેલ;
મદન તાપ મોં પે સહ્યો ન જાય,
પ્રભુ અમ ખબર લીજો વેગે આયે ૧

પ્રાણ રહન કી અવધ આઈ, તુમ બિન ગોકુલ રહ્યો ન જાયે;
સુર કે પ્રભુ શું કહ્યો જાયે, પ્રાણ ગયે કહાં કરોગે આયે ૨

૨૬૩. આવ્યો માસ વસંત વધામણાં - AS263 N478

રાગ - નિર્ગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૮)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

આવ્યો માસ વસંત વધામણાં, છબીલાજીને કરીએ છાંટણા;

વન કેસર ફૂલ્યો અતિ ઘણો, તહાં કોકિલા શબ્દ સોહામણાં;
રૂડી આરતના લઇએ ભામણા[૧], આવ્યો માસ વસંત વધામણાં ૧

તું તો વહેલી થા ને આજ રે, તારાં સરસે સારાં કાજ રે;
તું તો મુક હૈયાની દાઝ રે, આવ્યો માસ વસંત વધામણાં ૨

તું તો નવરંગ ચોળી પહેર રે, પછી આજ થાશે તારો લ્હેર રે;
રૂડા હરજી આવ્યા તારે ઘેર રે, આવ્યો માસ વસંત વધામણાં ૩

તું તો સજ શણગાર સાહેલડી, લેને અબિલ ગુલાલ ખોલા ભરી;
પછી ઓ આવે હસતાં હરિ, આવ્યો માસ વસંત વધામણાં ૪

રૂડી આરતના[૨] અંગો અંગ છે, તહાં રમવાનો રૂડો રંગ છે;
તહાં છબીલાજીનો સંગ છે, આવ્યો માસ વસંત વધામણાં ૫

તહાં આનંદ સરખો થાય છે, તહાં મોહન મોરલી વાયે છે;
તહાં નરસૈંયો ગુણ ગાય છે, આવ્યો માસ વસંત વધામણાં ૬

૧. હાથ ફેરવી કરવામાં આવતી વિધિ એટલે ઓવારણાં
૨. ઈચ્છા-સાત્વિક ઈચ્છાને રૂડી આરત કહેવાય

વસંતની વધાઈ

સાખી

વસંત આયો એ સખી, આંબે આયો મોર;
જા ઘર કૃષ્ણ પરોણલા રે, તા ઘર ગોપીઓની દોડાદોડ ... ૧

વસંત આયો એ સખી, ફૂલે સબ બનરાય;
એક ન ફૂલે કેતકી, ભ્રમર સો વાસ ન જાય ૨

વસંત તો સબ હી ભલો, નહિ વસંત સમતુલ;
દવકી દાધી લકડી, વો હી કે શિર ફૂલ ૩

૨૬૪. અઘટ વસંત ઘટત નહિ કબહું - AS264 N479

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૭૯)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

અઘટ વસંત ઘટત નહિ કબહું, અવિનાશી હૈ જ્યાંહી;
ડાલ ન મૂલ પત્ર નહિ છાંયા, ભ્રમર વિલંબ્યો તાંહી ..... ટેક

જલ બિન કૂપ ભોમ બિન વાડી, અરધ ઉરધ[૧] બિચ ક્યારી;
યહાં કે ફૂલ લઇ વહાં વધાવે, સો માલની પિયુ પ્યારી ૧

પાંચ વૃક્ષ[૨] ઉંઘે તે સુધે[૩], પાપ વાસના જાગી;
અકલ માલની સુરતિ છાબડી, નિશદિન બિનન લાગી ૨

હોય સન્મુખ માલની પહેરાવે, બાસ બાસ મન ધીર;
શૂન શિખર ગઢ લિયો હૈ મુકામ, યોં કહે દાસ કબીર ૩

૧. મન ઉન્મન બની જાય, પ્રભુમાં સ્થિર બની જાય પછી સમાધિ અવસ્થા સહજ બની જાય છે. સહસ્રાર ચક્રમાં શીષનું મિલન કરી જીવ દિવ્ય આનંદનો અનુભવ કરે છે. અરધ-ઉરધ શબ્દો તે પ્રદેશનો નિર્દેશ કરે છે. પ્રાણસમ થઇ જાય, સ્થિર થઇ જાય એટલે મન પણ સ્થિર બની જાય-તે ક્ષણ પાણી વિના ફૂવો તે ભૂમિ વિના લીલીછમ વાડી એટલે કે નિત્યવસંતની અવસ્થાનો અનુભવ કરે છે. ૨. પાંચ ઈન્દ્રિયો ૩. જે ઈન્દ્રિયો વિષયો તરફ ખેંચી જતી તે ઈન્દ્રિયો સાધના દ્વારા સીધી બની જાય છે એટલે કે નિત્યવસંત તરફ ખેંચી જાય છે.

૨૬૫. મુદ ભયો કરુણાનંદ મિલા - AS265 N480

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૦) [અનુક્રમણિકા-૭ Index_front Index_back]

મુદ ભયો કરુણાનંદ મિલા, ખુલ્યા ભાગ્ય હમારા;
ગગન મંડલમેં રામ નિરંજન, તેરે નિજ કિરતારા ..... ટેક

જા શું જોગ ઝુર્યો જન કૃપા, અબ નહિ હોયે ન્યારા;
અવિનાશી અચલ પદ દિયા, કિયા બહુત ઉપકારા ૧

અપના જાની આપ ઢિંગ લિયે, જનકા જન્મ સુધાર્યા;
અંક મિલાયે પાયે રસ અણભે, મિથ્યા ભય ભ્રમ સારા ૨

નિર્ભય ભયા નિરંજન શરણે, અંજ સબહી ટાળ્યાં;
રામચરણ જહાં રમે નિરંતર, અંતર પ્રેમ ઉજાળ્યાં 3

૨૬૬. પ્રેમ જાગ્યો પરમાત્મા પર્યે - AS266 N481

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૧) [અનુક્રમણિકા-૭ Index_front Index_back]

પ્રેમ જાગ્યો પરમાત્મા પર્યે, આત્મા જોગ જૂરાના;
બેહદ માંહે વસંત ખેલે, ખેલે આવન જાવન ..... ટેક

અતિમન મુદ બોધ કો કેસર, ધીરજ હોત ભરાના;
ભક્તિ ગુલાલ જહાં રંગભીની, જા કા કહાં વખાના ૧

ઔર સખી સબ ઠાડી દેખે, પ્યારી પિયુ ખિલાના;
ભરી ભરી ભાવ પોટલી ડારે, ખુશી હોય સુખદાના ૨

અપને ઢિંગલે ઢબકા મિથ્યા, ભેટ્યા પરમસ્થાના;
રામચરણ વર અમર અમૂર્ત, સુરત કરે તહાં બાના 3

૨૬૭. રામનામ પ્રહ્લાદ ઉચ્ચારે - AS267 N482

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૨)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

રામનામ પ્રહ્લાદ ઉચ્ચારે, હોરી જલ ભરી છારા;
જૈ જૈકાર ભયો હરિજન કે, રામ વિમુખ મુખ કારા ..... ટેક

સાધુ સમાજ જહાં અતિ આનંદ, રામભજન ભરપૂરી;
હિરણ્યાકંસ હોરી કા રંગી, પડત અસુર મુની ધૂલી ૧

વિકલ ભયા હોરી દેખે, ડાલ શિષ મેં છારા;
ગામ ગલીમેં બાજા બાજહી, ફિટ ફિટ કરત પુકારા ૨

ભક્તિ ઉઠાપે દાસ કો દ્રોહી, એ ચટ ડાઘ ન ખૂટે;
રામચરણ જુગ ચાર વીત્યે, તો ભી માર ન છૂટે ૩

૨૬૮. રામનામ પ્રહ્લાદ પુકારે - AS268 N483

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૩)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

રામનામ પ્રહ્લાદ પુકારે, અસુરન કો નહિ ભાવે;
હિરણ્યાકંસ કી હાક ન માને, પ્રેમ મગ્ન ગુણ ગાવે ..... ટેક

રાજા સહિત સભા સબહી મિલી, નિશ્વાસર[૧] સમજાવે;
રામ રસાયન કે મતવાલા, કુવરકે દાયે ન આવે ૧

છાંડા મુર્ગા[૨] કરત વિનંતિ, રામનામ છોડ બાલ;
મેરો કહ્યો સત કરી માન, કોપ કિયો ભૂપાલ ૨

કો તુમ હો ભૂપાલ કોને હૈ, બાત કરત બકવાદ;
રામસ્નેહી જીવન મેરો, ઇષ્ટ અમારો એ હી ૩

કાઢી ખડગ[૩] હિરણ્યાકંસ કોપ્યો, ઇષ્ટ કહાં અબ તેરો;
મોં મે તો મેં ખડક સ્તંભમેં, સકલ વ્યાપક અનેરો ૪

રામચરણ નરહરિ પ્રગટે, જનકો કાર્ય જ સાર્યો;
રામ વિમુખ ભક્તનકો દ્રોહી, રાક્ષસ મારી વિડાર્યો ૫

૧. રાક્ષસ
૨. પ્રહ્લાદના ગુરુનું નામ જે અસુર-રાક્ષસ હતો
૩. તલવાર

૨૬૯. આરત રૂડી રૂડી મારા વ્હાલા - AS269 N484

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૪)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

આરત રૂડી રૂડી મારા વ્હાલા, રૂડો માસ વસંત;
રૂડા વનમેં કેસર ફૂલ્યો, રૂડો કમલાકાન્ત[૧] ..... ટેક

રૂડા રંગે બાંજા વગાડે, તારુણી દે કરતાલ;
ચતુરાનારી શંખ વગાડે, મોરલી મદન ગોપાલ ૧

અતિ રૂડો વૃન્દાવન સોહે, રૂડો જમુના તીર;
અતિ રૂડી ગોપી ગ્વાલની મંડલી, રૂડો હલધર વીર ૨

અતિ રૂડો ગુલાલ અગર[૨] જો, રૂડો મુખ તંબોલ[૩];
અતિ રૂડો મહેતા નરસૈંયાનો સ્વામી, નિત નિત ઝાકમ ઝોળ..૩

૧. કામદેવ
૨. સુગંધી દ્રવ્યની ભૂકો
૩. પાન

૨૭૦. આવો મારા વ્હાલા અતિ રઢિયાળા - AS270 N485

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૫)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

આવો મારા વ્હાલા અતિ રઢિયાળા, ઓપે મંદિર અમારા;
આજ સપરમો દિવસ અમારો, દર્શન થયાં તમારા ..... ટેક

નાવલિયાના ધોઉં પાવલિયાં, સિંહાસન પધરાવું;
પાથરવાને ફૂલ પિછોડી, પોઢો તો વાયુ ઢોળું ૧

છપ્પન ભોગ છબીલાજી તમને, પ્રેમ ધરીને પીરસું;
રુમઝુમ રુમઝુમ હીંડું તમ આગે, તેમ તેમ રૂડી દીસું ૨

પાનતણું બીડું પાતલીઆ, તે તમને ખવડાવું;
નરસૈંયાનો સ્વામી વસંત ખેલે, જોવાને ત્યાં જાવું 3

૨૭૧. રાતી મોડ ધરો મારા વ્હાલા - AS271 N486

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૬)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

રાતી મોડ ધરો મારા વ્હાલા, રાતી રત રૂડી;
રાતા દાંતે હસે રાધા, રાતી કર ચૂડી ..... ટેક

રાતા ફૂલ ખરે ખાખરના, રાતી રજ ઉડી;
રાતાં ચાંચ રમે પંખીજન, સુડો ને વળી સુડી ૧

રાતી સાડી સૌ સહીયરની, શિર છૂટી જડી;
નરસૈંયાનો સ્વામી વસંત ખેલે, રહ્યો તે રસમેં બૂડી ... ૨

૨૭૨. ગુલાલે ભર્યા રે ગોવિંદજી - AS272 N487

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૭)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

ગુલાલે ભર્યા રે ગોવિંદજી, ઘર આવો મારે;
વસંતની વરણાગી લઈને, આંગણિએ પધારો ..... ટેક

આરતમાં અતિ રૂડા દીસો, અતિ સુંદર સુહાગો;
સુરિનર મુનિજન શામળિયાને, પાવલીયે લાગે ૧

આજે વસંત રમો અમ સાથે, કોઈ નવ દે મ્હેણું;
રામકૃષ્ણ પ્રભુ પેલા ભવનું, તમ સાથે લ્હેણું ૨

૨૭૩. ગુલાલે વધાવે રે ગોપી - AS273 N488

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૮)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

ગુલાલે વધાવે રે ગોપી, ગુલાલે વધાવે;
લક્ષ્મીવર શામળિયો વ્હાલો, મારે મન ભાવે ..... ટેક

જમુના ને કાંઠે રે, મોહનજી બાંસુરી બજાવે;
લટકતી લટકાળી રાધા, બાહુ લોલનતી આવે ૧

તાલ મૃદંગ ચંગ વગાડે, લલિત રાગ ગવાયે;
રુમ ઝુમ રુમ ઝુમ નાચે સુંદરી, ગિરિધર ગતિ મિલાવે ૨

મંગલ ગાયે સૌ માનુની, નરસૈંયો સંગ સોહાવે;
પ્રથમ વસંત પંચમી પૂજા, હેત હરિને લડાવે ૩

૨૭૪. ચાલો મારી સૈયર રે - AS274 N489

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૮૯)

[અનુક્રમણિકા-૩ Index_front Index_back]

ચાલો મારી સૈયર રે, જહાં દ્વાદશ માસ[૧] વસંત;
સુની લે વેણ શબ્દ એક બોલે, ખેલનહારો અનંત ..... ટેક

એવું સાંભળી સૈયર મારી, સજ્જ વહેલી શણગાર;
શોક તણી હવે સાલ નિવારી, ભોગ શો હરિ ભરથાર ૧

સૈયર તણી શિખામણ માની, ચાલી વન મોઝાર;
કહે સૂરદાસ શ્યામને મળવા, તજ્યા કુટુંબ પરિવાર ૨

૧. બારે માસ એટલે નિત્ય વસંત

૨૭૫. કહો કેમ વસીએ રે મારા વ્હાલા - AS275 N490

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૦)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

કહો કેમ વસીએ રે મારા વ્હાલા, ગોકુલ લુંટ મંડાણી;
નંદતણો નાંધડીયો[૧] નરહરિ, થઇ બઠો દાણી રે ..... ટેક

લાગ નહીં એનો ભાગ નહીં, બાલક જાણી પાળ્યો;
મથુરામેં મહીં વેચવાને, મારગડો ટાળ્યો રે ૧

એકનું ઢોળે વ્હાલો એકનું ફોડે, એકનું ગોરસ ખાયે;
એક એકને વ્હાલો અટકળું બોલે, શ્યામ સમ ખાઇ બોલે ૨

એક એકને વ્હાલો ચીર પહેરાવે, એકને પહેરાવે ચોળી;
એક એકને વ્હાલો દધિ ખવડાવે, એકનું મેલે ઢોળી રે ૩

નારી મળી સૌ ભામા[૨] ભોળી, મળી સૈયરની ટોળી;
નરસૈંયાનો સ્વામી વૃંદાવનમેં, રમે છે હોળી રે ૪

૧. નાનકો-બાળ કનૈયો
૨. સ્ત્રી

૨૭૬. વસંત વધાવવા ચાલો અવધધામ - AS276 N491

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૧)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

વસંત વધાવવા ચાલો અવધધામ, જહાં સુખ સિંહાસન બૈઠે રામ;

સુરિનર મુનિજન સકલ દેવતા, વિશ્વામિત્ર બિરાજે;
બાજાં બહુત બજાવત બાજે, ધન દામિની જ્યોં ગાજે ૧

પાની ગ્રહી પિચકારી, પ્યારી સૂંઘે[૧] સેં ભર લઈ;
પાંચ સખી મળી કલશ બનાયો, બહુત ભાંતિ બનાઈ ૨

મધુર મધુર સુર ગાન કરત હૈ, દેત હો રન કી ગાળી;
એક સખી લઈ અબિલ ઉડાડે, ભર ભર કંચન થાળી ૩

ચૂવા ચંદન અગર કુમકુમ, કીચ[૨] મચ્યો અતિ ભારી;
ઊડત ગુલાલ અરુન[૩] ભયે અમ્મર, સોંધે ભીની સાડી ૪

પહેરે પંચમી બૈઠે સિંહાસન, કુતૂહલ સબ કીજે;
જન તુલસી કી એ હી વિનંતી, ભક્તિદાન મોહે દીજે ૫

૧. સભાનપણે-અક્કલથી અથવા ચતુરાઈથી
૨. કાદવ
૩. અરુન એટલે સૂર્ય તેથી તેના જેવા રંગવાળો

૨૭૭. પ્રથમ સમાજ આજ વૃન્દાવન - AS277 N492

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૨)

[અનુક્રમણિકા-૭ Index_front Index_back]

પ્રથમ સમાજ આજ વૃન્દાવન, બહીતર લાલ બિહારી;
પંચમી નવલ વસંત વધાવવા, ઉમંગે ચલી વ્રજનારી ..... ટેક

મંગલ સાજ લિયે જુવંતી[૧] વૃંદ, મધ્યે ભિખુભાન દુલારી;
ફલ દલ જબ નૌતમ મંજરી[૨], કનક કલશ શુભકારી ૧

ચૂવા ચંદન ઔર અગર જો, ભરી કેસર પિચકારી;
છિરક્ત ફિરત છબીલી ગાવત, રંગ અનુપમ વારિ ૨

ગાવત ગીત બજાવત બાંગ, નેન સે ન અનુહારિ;
હેત અહરનીશ નીરખી સુખશો, અંખિયાં નજર ન ટાળી ૩

૧. યુવતીનું ટોળું
૨. નવી મ્હોરેલી

૨૭૮. પ્રથમ વસંત પંચમી શુભદિન - AS278 N493

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૩)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

પ્રથમ વસંત પંચમી શુભદિન, સિયા રઘુવરકો વધાવો;
પહેરો વસંત સો રંગ ચુંદડી, સજી શણગાર બનાવો ..... ટેક

હાટ કુંભ[૧] ધરો મસ્તક પર, આમ મોર જબ લાવો;
પંચ થાલ ભરી મુક્તા ફલ, કંચનથાલ ભરાવો ૧

બેન ચંગ ઉપંગ ઝાંઝરી, તાલ મૃદંગ બજાવો;
ગાવો સપ્ત સુર અકલ કીર્તિ, રાગ વસંત જમાવો ૨

ચૂવા ચંદન ઔર અગર જો, કેસર માટ મંગાવો;
છાંટત છિરકત[૨] ભરત પરસ્પર, અબિલ ગુલાલ ઉડાવો ૩

રઘુકુલ વધૂ સબ મિલી સુંદરી, રંગ ભૂવનમેં આવો;
ચર્યો હો રામ જાનકી રાની, આનંદ ઉર ઉપજાવો ૪

વિવિધ વસંત આભુષણ પિયુકો, ફગુઆ બહુત મંગાવો;
અગ્રદાસ પ્રતાપ સીતાવર, રામનામ મન ભાવો ૫

૧. સત્કાર માટેનો શણગારેલો માટીનો ઘડો
૨. પરસ્પર છાંટતાં છિર્ છિર્ અવાજ સાથે

૨૭૯. પ્રથમ દિવસ વ્રજ વસંત પંચમી - AS279 N494

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૪)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

પ્રથમ દિવસ વ્રજ વસંત પંચમી, મોક્ષ[૧] સખી ઘર સોહે;
ત્યાં પ્રીછે વ્રજ સુંદરિયાં રે, જ્યાં હરિના મન મોહે ..... ટેક

સોનલા પાટ પાટ પથરાવી, વ્હાલાને પધરાવો;
આંબામોર[૨] મસ્તક ધરી અબલા, વાજિંત્ર ખેલે કરાવે ૧

ફૂલડે ફગર[૩] ભરાવો ભામિની, મોતીડે ચોક પૂરાવો;
ચૂવા ચંદન કસ્તુરીના, છાંટણા છંટાવો રે ૨

ચિરમ્[૪] જીવો તુમ બાલ મહિયારી, કોટિ વસંત રમીએ;
નરસૈંયાનો સ્વામી સ્થિર થઈ રહેજો, ભામિની ભુવન ભમી જો..૩

૧. મુક્તિ-મોક્ષ એ પરમ સનાતન સુખની અવસ્થા છે
૨. આંબાનો ફૂટેલો મ્હોર
૩. પરાગ અથવા ફૂલના ઢગલે
૪. લાંબું જીવો

૨૮૦. નવલ વસંત નવલ અયોધ્યા - AS280 N495

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૫)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

નવલ વસંત નવલ અયોધ્યા, નવલ રામ ખેલે હોરી;
નવાં નવાં સખી નવા છંદ ગાયે, નવલ હી જનક કિશોરી ... ટેક

નવાં નવાં ચીર કસુંબી પહેરી, નૌતમ[૧] કેસર[૨] ઘોળી;
નવલ ગુલાલ ઉડાયે પરસ્પર, નવલ બની હૈ જોડી ૧

નવાં નવાં સખી ખેલન સબ ધાયે, રઘુનંદન કી જોડી;
નવી પિચકારી નવરંગ વર્ષે, અવધપુર કી છોડી ૨

ખેલતે ખેલતે રંગ વાધ્યો હૈ, ચિરમ્ જીવો એહ જોડી;
કૃષ્ણદાસ ફગુઆ દીજે, કરો કૃપા ભરી થોડી ૩

૧. એકદમ નવો
૨. પીળા રંગ માટેની સામગ્રી અથવા પદાર્થ

૨૮૧. બ્રહ્મરસ અજર ન જરે મારા વ્હાલા - AS281 N496

રાગ - સગુણ વસંત (નાદબ્રહ્મ પદ-૪૯૬)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

બ્રહ્મરસ[૧] અજર[૨] ન જરે મારા વ્હાલા, જીરવે[૩] જન વિરલા કોઈ;
મંદાગ્નિ મિષ્ટાન્ન[૪] ન જીરવે, વમન કરાવે સોઈ ..... ટેક

પારો ભોગવે તે નર ભોગી, મન ભોગવે તે જોગી;
પારો મન જ્યાં લગી ન ભોગવે, ત્યાં લગી ઉભય રોગી ૧

શૂરો રણથી પાછો નવ ભાગે, પૂરો પદમાં[૫] સમાય;
સત્યા સાંસો[૬] કરે નહિ કબહું, પિયુ સંગે ઝંપલાય ૨

મેઘવૃષ્ટિ કરે નિરંતર, જલ ઠરે જઈ ખાડે;
સાર સર્વ સ્વર્ણના પાત્રમાં, સ્વર્ણનું પે ઝમિ ૩

સ્વાતિ તણો મેહ સઘળે વરસે, છીપ ઠરે તે મોતી;
કષ્ટ કરીને જે કોઈ કાઢે, પહેરે નાર પનોતી[૭] ૪

પંડિત સદા સમદષ્ટિ, વૈદ્ય હોય અરોગી;
શુભાશુભ અંસવે[૮] નહિ જેને, નર શુદ્ધ જોગી ૫

માન સરોવર તટના વાસી, પરમહંસ[૯] કહાવે;
ક્ષીર નીરનો કરે નીવડો, તેને શિલારસ ન ભાવે ૬

શીખે સાંભળે મોટે બોલે, એમ મોટા ન થઈએ;
મોટા દીસે મોટા અનુભવ વિના, પારંગત નવ માનીએ ૭

પ્રસર્યું તે પાછું સંકેલી, નિરાલંબે[૧૦] રહીએ;
કહે નરહરિ ચિત્તવ્રતા[૧૧], પરમ ચિદાનંદ પદ લઈએ ૮

૧. પરમાત્મા કૃપા અથવા પ્રેમ
૨. અજડ પરથી અજર એટલે મૂર્ખ, મૂઢ, અજ્ઞાન
૩. પચવી ન શકે
૪. જઠરનો અગ્નિ મંદ પડે ત્યારે અપચો થાય
૫. ધ્યેયમાં - લક્ષસ્થાને
૬. વાર લગાડે નહિ - આનાકાની કરે નહિ
૭. જેણે પનોતી બેઠેલી હોય તે
૮. અસર કરે નહિ
૯. જેને દેહભાવ ને જીવભાવ ટળી ગયો છે અને જેની સ્થિતિ આત્મભાવમાં જ રહે છે તેને પરમહંસની પદવી આપવામાં આવે છે.
૧૦. આધાર રહિત
૧૧. ચિત્તની વૃત્તિઓને પ્રભુના ચરણોમાં જોડવાથી પરમ પદ મળે છે.

૨૮૨. મન ખેલો વિમલ વસંત - AS282 N497

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૪૯૭)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

મન ખેલો વિમલ વસંત, પ્યારે મિત્રશું;
ખોલ કમાડી કોટડી તું, ઘટ[૧] બેઠો મહેલ એકાંત ..... ટેક

સતિયા[૨] ઉપર બત્તિઆ[૩] ધરું હો, ભોવન કરું ઉજીયાર;
પિયુ મિલે સુખ પાઇએ, મેરો જીવન પ્રાણ આધાર ૧

ગંગા જમુના કે આંતરે, ચંદ્ર સૂરજ કે બીચ;
અરધ ઉરધ કે સાંધમેં, તહાં અમીયાં[૪] અગરજા[૫] કીચ ૨

સોહી રંગ રંગે રંગ રહ્યો રે, હિલમિલ એક હી ઠામ;
કબીરા ભેટ્યા ભાવસોં, જહાં મિટ્યો અપનો નામ ૩

૧. શરીરરૂપી મહેલમાં જે આત્મા બેઠો છે તેનાં દર્શન કરવા મનને શુદ્ધ બનાવવાની જરૂર છે તેથી વિમલ એટલે શુદ્ધ વસંત ખેલવાની વાત કરવામાં આવી છે. આપણે રમીએ છીએ તે સ્થૂળ વસંત જે અશુદ્ધ કહેવાય.
૨ ને ૩. આત્મા સત્યસ્વરૂપ છે છતાં દેખાતો નથી તેથી તેના દર્શન માટે જ્ઞાનનો પ્રકાશ કરવાની વાત કરી
૪. અમૃત - મનની ઊંચી અવસ્થામાં પ્રાપ્ત થતો અનુપમ આનંદ
૫. સુગંધી દ્રવ્ય
૬. આત્મા પ્રકાશ સ્વરૂપ છે તેથી પ્રકાશમય બનવું તે રંગ

૨૮૩. હમ ઘર સંત સુજાણ - AS283 N498

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૪૯૮)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

હમ ઘર સંત સુજાણ, ખેલત રંગ ભરી;
જન્મ જન્મ કી મિટી હૈ કલ્પના, પાયો જીવનપ્રાણ ..... ટેક

પાંચ સખી મિલી મંગલ ગાયે, ગુરુગમ[૧] શબ્દ વિચાર;
તાલ મૃદંગ ઝાંઝ ડફ વાજે, અનહદ ધૂની ગુંજાર ૧

હોત આનંદભુવન પ્રીતમ શું, તનકી તૃષા બુઝાઈ;
પિચકારી છુટત કછુ અદ્‌ભુત, રસકી કીચ ભયી ૨

સુખસાગર[૨] સ્નાન કિયો જબ, નિર્મલ ભયો શરીર;
આવાગમન મિટી ગયે સંતો, ફગુઆ પાયો કબીર ૩

૧. ગુરુ દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન
૨. આત્મા સુખ સાગર છે - આનંદ સ્વરૂપ છે - તેનાં દર્શન કરવાથી સાચો ફાગ મળી જાય છે.

૨૮૪. મન કરી સુમરણ કો રંગ - AS284 N499

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૪૯૯) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

મન કરી સુમરણ કો રંગ, હો હોરી ખેલીએ;
જ્ઞાન પિચકારી ધ્યાન કેસર ભરી, એહીવિધ મન પર મેલ ...ટેક

સુરત નુરત અનુરાગ રાગણી, અનુચિત ચેત સુજાણ;
પાંચ સખી મિલી ઉઠી ઉઠી ધાવે, ઉનકી લકુટી બજાય ૧

મનકો મૃદંગ સૂર જાયેગો ગગનમેં, અનહદ નાદ બજાય;
કામ ક્રોધ મદ લોભ મોહકો, અબિલ ગુલાલ ઉડાય ૨

પ્રેમ પ્રકાશ આનંદ અનુભવ, આવાગમન મિટાય;
કહે કબીર સુનો હરિ ભક્તો, ગુરુપે ફગુઆ પાય ૩

૨૮૫. હરિ આયેંગી તેરે આજ - AS285 N500

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૫૦૦) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

હરિ આયેંગી તેરે આજ, ખેલન ફાગ રે;
સુન રે સખી એક સુઘડ સંદેશો, તેરે આંગન બોલે કાગ ... ટેક

ચંગ ઉપંગ બાંસુરી બેના, ગગન રહ્યો ધૂની ગાજ;
તાલ મૃદંગ ઝાંઝ ડફ બાજે, કહાં સોયે ઊઠી જાગ ૧

પાણિપાત્ર દિશા ન આદર, લે ઉનકે પાયે લાગ;
સુરદાસ પ્રભુ કી છબી નિરખત, આજ સાખી તેરે ભાગ ૨

૨૮૬. ઐસે નિત હી ખેલત ફાગ - AS286 N501

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૫૦૧) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

ઐસે નિત હી ખેલત ફાગ, પિયુ સંગ પ્યારી;

રસના રામ ઉચારો સુહાગન, પિયુ શું પ્રીત વધારે;
કામ કપટ પડદા કર ન્યારા, અરસ પરસ ગુન ગાવે ૧

ચિત્ત ચંદન સમતા શીલ ઘસ કર, પિયુ કે અંગ ચરચાવે[૧];
ચરચત મગ્ન ભયે મહાસુંદર, સાંગોપાંગ[૨] લગાવે ૨

જ્ઞાન ગુલાલ અબિલ અગરજા, ઝોળી ભર ભર લાવે;
હરખી હરખી પતિ સન્મુખ, પ્રેમ સહિત પહિચાને ૩

કંથ કામિની કેસર ગારી[૩], તા કો રંગ ચઢાવે;
પાંચે ઠામ[૪] રંગી રંગ ભીની, દૂજો રામ દૂજો રંગ ન નભાવે.. ૪

તન મન અર્પી મિલી પિયુ પત્ની, ન્યારી નેક ન જાવે;
રામચરણ શરણે સુખ પાયા, તાકી કહેત ન આવે ૫

૧. લગાવે-ચોળે
૨. આખા શરીર પાર-બધી જ જગ્યાએ
૩. ગાઢ પીળો રંગ બનાવી
૪. પંચે ઈન્દ્રિયોને રંગી

૨૮૭. હરિ ભજ મારગ ચાલ - AS287 N502

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૫૦૨) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

હરિ ભજ મારગ ચાલ, સ્નેહી રામકા;
સંતનકા મત લીજીયે રે, હૃદયે જ્ઞાન વિશાલ ..... ટેક

ટેક પકડ પ્રહ્લાદકી રે, દૂજે ધ્યાન લગાય;
હટ કર નામ લ્યો રે રામકા, પય પીયો વિઠ્ઠલરાય ૧

સ્મરણ કીજે શેષ જેમ, શિવકી પકડ સમાધ;
દાસાતન હનુમાન સારે, ભક્તિ નારદ કી સાધ ૨

ત્યાગી રાજા ભર્તુહરિ, વૈરાગી શુક જોગી;
સન્યાસી મુનિ દત્તાત્રય, હોત હી કોઈ કોઈ ૩

યોગી તો ગોરખ હી રે, ભોગી દેવ મોરાર;
ગૃહસ્થી રાજા જનકજી રે, તે વિરલા સંસાર ૪

કરુણા કીજે સરજન હાર રે, પ્રેમ વિરહે વ્રજનાર;
મધ્ય માર્ગ દાદુતણા રે, તે ઉતારે ભવપાર ૫

પતિવ્રત રંકાતણું રે, કરણી દાસ કબીર[૧];
સાચ પકડ ઘાટમ તણી રે, ધના ભક્તકી ધીર ૬

સેવા કીજે સેના જેમ રે, અચાહી રોહીદાસ;
બ્રહ્મદશા પીપાતણી રે, ઘટ ઘટ બ્રહ્મ પ્રકાશ ૭

ઐસા મત ગ્રહો સંતકો રે, સ્મરો સર્જનહાર;
દાસ સ્નેહી રામકા રે, જ્યાં પાયો કિરતાર ૮

૧. કબીર સાહેબ જેવી કરણી-જગતમાં રહેતા છતાં જગતથી અલિપ્ત-નાવ કે હોડી પાણીમાં તરે છતાં હોડીમાં પાણી નહિ તેવી અસંગતા અથવા નિષ્કામતાવાળી કરણી

૨૮૮. અવિનાશી દુલ્હા કબ મિલે હો - AS288 N503

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૩) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

અવિનાશી દુલ્હા કબ મિલે હો,
હો મેરે પ્યારે, મિલહે તો જાને ન દઉં;

જલ ઊપજી જલહી સોં નેહા, રટત પિયાસ પિયાસ;
મૈં વ્રહની ઠાડિ[૧] મૃગ જોઉં, રામ તુમ્હારી આશ ૧

ખાન પાન કી સૂધ નહિ હૈ, દેહ ગ્રહે કો સાર;
નિશદિન ફિરત ભુવનમેં ભૂલી, મારી હૈ અંગોઅંગ માર ૨

દિવસ ન ભૂખ રૈન નહિ નિદ્રા, ગ્રહ આંગન ન સોહાય;
સેજડિયાં વૈરણ ભયી મોં કો, જાગત રૈન બિહાઈ[૨] ૩

છોડ્યો ગૃહ સ્નેહ જોડ્યો તુમસે, ભયી ચરણે લોલીન[૩];
તલફત ફિરત પ્રેમકી પ્યાસી, જૈસે જલ વિના મીન ૪

મૈં તો તુમ્હારી દાસી મોહન, તુમ હમારે શિરદાર;
દીન દયાલ કૃપા કરો માધવ, સહાયો સર્જનહાર ૫

કહે હમ પ્રાણ તજતહુ મોહન, કે અપની કર લીજે;
દાસ કબીર વ્રેહ અતિ વધ્યો, હમહી કો દર્શન દીજો ૬

૧. ઊભી ઊભી
૨. ભયાનક-બિહામણી
૩. લીન

૨૮૯. રામૈયો મેરો સાહબ હો - AS289 N504

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૪) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રામૈયો મેરો સાહબ હો, હો મેરે પ્યારે, મેં સેવક ખિદમતદાર[૧];

પાયે[૨] પૈ લોટું, પંખા ઢાળું, નિશદિન રહું રે હજૂર;
જે ફરમાવો સો કરી આવું, કબહું ન ભાગું દૂર ૧

જે પહેરાવો સો મૈં પહેરું, જે દેઓ સો ખાઉં;
દ્વાર તમારો કબહુ ન છોડું, અંતે કહીં ન જાઉં ૨

તુમ્હારે ઘર કે પોલે પોષે, તુમ હી લો બોલાઈ;
જો જાને ત્યોં રાખો ગોસાંઈ, ઉજ્જડ કિયો નહિ જાઉં ૩

જો રીઝો તો ઇતના ન દીજો, લઉં તુમ્હારો નામ;
ઔર કછું મેં માંગત નાહિં, સુરદાસ ગુલામ ૪

૧. નોકર-ચાકર
૨. પગમાં-ચરણમાં

૨૯૦. તુમ ખેલો દિનદશ સાજન હો - AS290 N505

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૫) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

તુમ ખેલો દિનદશ સાજન હો,
હો સાજન હો, બહુરિ[૧] ન ઐસો હૈં દાવ;

ઋતુ વસંત સામે સંજોગે, કર હો કછૂ અનુરાગ;
ફિર પીછે પસ્તાયેગો બહુત, બીત જાયેગો હૈં ફાગ ૧

જ્ઞાન ડંસ માર્યો પિચકારી, સનમુખ રહી રે સંભાળ;
મારુંગી ચિત્ત ચોર મોહિની, નાગણી ચંચલ નાર ૨

ગગન મંડલ મેં બાજાં બાજે, નૌતમ પ્રીત બઢાઈ;
કેસર ચર્ચ્યો પ્રેમકો, જુગ જુગ છુટન જાઈ ૩

હરિ સ્મરણ કી ગાળી દીજો, ગુરુકો શબ્દ વિચાર;
સંત સંગત મિલી હોરી ખેલો, કબહુ ન આયેંગી હાર ૪

ધન ગુરૂ ધન સંગત સંતકી, ધન જો હમારો ભાગ;
કહેત કબીર ખેલો મન ઐંસે, ફગુઆ પરમ પદ પાઈ ... ૫

૧. વારંવાર મનુષ્ય જન્મ મળતો નથી તેથી જન્મ મળ્યો છે તો પ્રિયતમ પ્રભુ સાથે પ્રેમ કરી લે

૨૯૧. નિત મંગલ હોરી ખેલિયે હો - AS291 N506

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૬) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

નિત મંગલ હોરી ખેલિયે હો,
હો મેરે પ્યારે, નિત હી વસંત નિત હી ફાગ;

દયા ધર્મકો કેસર ઘોળ્યો, પ્રેમ પ્રીત પિચકારી;
ભાવ ભક્તિ ભરોસો સદ્‌ગુરૂકો, જન્મ સફલ નરનાર ૧

ક્ષમા અબિલ ચર્ચ્યો[૧] ચિત્ત ચંદન, સુમરણ ધ્યાન ધુમાર[૨];
જ્ઞાન ગુલાલ અગર કસ્તૂરી, ઉમંગે ઉમંગે રસ ડાર ૨

ચરણામૃત પ્રસાદ સંતરજ, લીજે શિષ ચઢાય;
લોક લાજ કુલ કહેત તોડકે, નિર્ભય નિશાન બજાય ૩

કથા કીર્તન મંગલ ઓચ્છવ, જ્યોં સંતન કી ભીર;
કબહુ કારજ બિગડે ન તેરો, યોં કહે દાસ કબીર ૪

૧. લગાડવો ૨. સાચો શબ્દ ધમાર - ધમાર એ તાલનું નામ છે.

આપણે ત્યાં ધમારને બદલે ધુમાર શબ્દ વધારે ચલણી બની ગયો છે. ખરો શબ્દ ધમાર જ છે. ધમાર એ તાલનું નામ છે. એ તાલમાં જે ગીત કે ભજન ગાવામાં આવે તે ધમારનું પદ કહેવાય.

૨૯૨. ઐસે મન સંગ હોરી ખેલીએ હો - AS292 N507

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૭) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

ઐસે મન સંગ હોરી ખેલીએ હો,
હો મેરે પ્યારે, જન્મ મરણ ભય જાય;

જોગ જુગતકી કરો પિચકારી, ક્ષમા ચલાવનહાર;
આત્મા બ્રહ્મ જબ ખેલન લાગે, પાંચ પચીશ મોઝાર[૧] ૧

ઇંગલા પિંગલા[૨] ને સુષમણા[૩] નાડી, સુરત નુરત લિયે લાર;
અપને પિયુ સંગ હોરી ખેલો, લજ્જા કહાન નિવાર ૨

જ્ઞાન ગલીમેં હોરી ખેલો, મચ્યો હૈ પ્રેમકો કીચ;
કામ ક્રોધ દોઉ કુડ કુડ ભાગે, સુની શબ્દ અતીત[૪] ૩

સતગુરુ મિલી મોહે ફગુઆ દીના, મારગ દિયો બતાય;
કહેત કબીર ખેલો મન ઐસે, જીવત બ્રહ્મ સમાય ૪

૧. શરીર જડ છે. તે પચીસ તત્વોનું બનેલું છે. તે શરીરની પ્રકૃતિ કહેવાય. પ્રકૃતિ પણ જડ છે. તેમાં આત્મા વસેલો છે તે ચેતન છે. પોતાના સ્વરૂપનું ભાન થાય ત્યારે જીવમાં ખુમારી પ્રગટે
૨ અને ૩. શરીરમાં બોત્તેર હજાર નાડી છે. તેમાં ત્રણ નાડી મુખ્ય ગણાય: ઇંગલા, પિંગલા ને સુષુમણા નાડી. એ એટલા માટે મહત્વની ગણાય કે તે દ્વારા જીવ શિવનું મિલન શક્ય બને છે.
૪. ત્રણ ગુણોથી પર થવાનું જ્ઞાન તે અતીત જ્ઞાન

૨૯૩. હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો - AS293 N508

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૮) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

હરિ પિયુ સંગ હોરી ખેલીએ હો,
હો મેરે પ્યારે, સુરત[૧] સુહાગન નાર;

કર્મ કિયે નર દેહી પાઇ, હોત પશુ ઔર ગમાર[૨];
સાધુ સકલ મૂલ ગ્રહી બૈઠે, સબ જુગ લાગ્યો હૈ ડાર ૧

ઈંગલાં પિંગલા સુષમણા નાડી, દશમે દ્વારે[૩] મઠ છાંય;
ભ્રમર ગુફામેં[૪] જે રસ ચાખે, ઉર ધર ધ્યાન લગાય ૨

ડાર ભ્રમણા અજહુ ન ચેતે, કહેત કબીર વિચાર;
શબ્દ હમારો જે કોઈ માને, સોઈ જન ઉતરે પાર ૩

૧. મનને ગોપીઓની માફક કૃષ્ણમય બનાવવું તે એક પ્રકારની આનંદદાયક હોળીની લીલા છે.
૨. મૂઢ અજ્ઞાની
૩. દસમો દરવાજો બ્રહ્મરંધ્ર છે તેમાં
૪. અજ્ઞાન ચક્રને ભ્રમર ગુફા પણ કહેવાય. ત્યાં દ્રષ્ટિ સ્થિર થાય ત્યારે આનંદ ઝરે એમ કહેવાય.

૨૯૪. ઐસે હરિ સંગ હોરી ખેલીએ હો - AS294 N509

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૦૯) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

ઐસે હરિ સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે, જૈસે ધ્રુવ-પ્રહ્લાદ;

બાલપનું ખેલનમેં ગુમાયો, જોબન જુવાની જોર;
એ મન મસ્ત કહ્યો ન માને, ન દેખ સાંજ ભોર[૧] ૧

કર્મ કિયે નર દેહી પાયો, હોત પશું પતંગ;
જેણે પ્રભુજી કો નામ ન જાણ્યો, સો નર હોગા ભોરિંગ[૨] ૨

અવિનાશી વણસે નહિ, જા કી કથા રે અપાર;
સાધુ સકલ મૂલ ગ્રહી બૈઠે, સબ જુગ લાગ્યો હૈ ડાર 3

જે જન જગતસે લગ રહ્યો હૈ, હરિ કો દેખે દૂર;
નિશ્ચે સ્મરણ કરે રે કબીરજી, ઘટ માંહે હાલ હજૂર ૪

૧. સવાર
૨. સાપ

૨૯૫. રઘુનાથ પધારે જાનીયે હો - AS295 N510

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૦) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રઘુનાથ પધારે જાનીયે હો, હો મેરે પ્યારે, જાનકી જીવન રામ;

રામચંદ્ર અયોધ્યા નગરી, નિકસે વનમોઝાર;
રાવણે રૂપ ધર્યો તપશીકો, હર ગયો સીતા માત ૧

જબ રઘુનાથે બિડલું[૧] ફિરાવ્યો, કોઈ લંકા ગઢ જાઓ;
અંજની કો પુત્ર મહા બલવંતો, બિડલું લિયો હૈ ઉઠાઈ ૨

શોધ લેને કો હનુમાન પઠાયો, મુદ્રીકા લીની હાથ;
અબ કે ફાગ લંકા ગઢ ખેલો, પદમ[૨] અઢાર સાથ ૩

જબ રઘુનાથે સેના જોડી, કછુ વાંદર કછુ રીંછ;
અઢાર પદમ જા કી સેના મિલી હૈ, આયે હૈ સાહેર તીર ૪

સાહેર[૩] તીરે ધૂમ મચી હૈ, ગિરદ ઉહી આસમાન;
આયે ઉતર્યો તીન લોક કો નાયક, બાજત ઢોલ નિશાન ૫

જબ રઘુનાથે સેના ઉતારી, સાહેર બાંધી પાજ[૪];
તીન લોક જબ કાંપન લાગે, કંપ્યો હૈ વાસૂકી નાગ ૬

કહેત હી રાવણ સુનો મંદોદરી, મોતી ઝાંખા કેમ હવાં;
રામચંદ્રજીકો સેના ઉતરી, ગિરદ ભરાની હૈ ત્યાંય ૭

→

કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, મિલી હૈ દોઉ કર જોડ;
જા કી જાનકી તુમ હર લાયે, ડારેંગે દશ શિશ તોડ ૮

કહેત રાવણ સુનો હૈ મંદોદરી, મેલું તો ઘટે મેરો માન;
સકલ દેવતા મેં વશ કીના, રહ્યો કૈં એકલો રામ ૯

કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, સ્વપ્નું લાધ્યું હૈ મન;
કુદ કુદ વાનર ગઢ બૈઠે, આયો તુંહારો અંત ૧૦

કહેત કી રાવણ સુનો હૈ મંદોદરી, મન ઝુરાવો ક્યાંય;
રામ ચઢે સીતા નહિ આપું, બહુરે જન્મ જો આય ૧૧

હનુમાન જા કે પાયક[૫] કહીએ, લક્ષ્મણ હૈ બલવીર;
જલતી અગ્નિમેં યોં હી ધસત, જૈસે સાહેર નીર ૧૨

કુંભકર્ણ જૈસે ભૈયા હમારા, ઇન્દ્રજીત બલવીર;
કંચનકોટ લંકા ગઢ મેરો, ફરતો હૈ સાહેર નીર ૧૩

શિવકે ભરોસે પિયુ તુમ મત ભૂલો, યોં હી ભયે સિયારામ;
દશ શિશ છેદી શિર પર ધરેગો, સારેગો દેવતા કો કામ ૧૪

એક ભાઈ વૈરી થઈ બેઠો, દૂજા કો આયે સુખ સેન;
કુંભકર્ણ સુતો નહિ જાગે, ખોલ દેખો દોઉ નેન ૧૫

ભરત શત્રુધ્ન લક્ષ્મણ ભાઈ, સુગ્રીવ હૈ બલવંત;
સાત સાહેર જા કે ચરણે રહેત હૈ, રાવણ કિતી એક દૂર ૧૬

નાકનમેં છારી છટકારી, કાન બજાયો ભેર;
જાગ જાગ હો બલવંતા, લિયો હૈ લંકા ગઢ ઘેર ૧૭

રાવણ માર્યો મહીરાવણ માર્યો, કિયો હૈ વિભીષણ રાય;
લઈ જાનકી ભુવન સધારે, ક્ષેમદાસ બલ બલ જાય ૧૮

૧. પડકાર હુકમ
૨. અસંખ્ય સૈન્ય સાથે
૩. દરિયો
૪. પાળ
૫. પાયક-પાવક-અગ્નિ

૨૯૬. વસંત આયો સાજન હો - AS296 N511

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૧) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

વસંત આયો સાજન હો, હો મેરે પ્યારે, હરિ શું કરો અનુરાગ;

વસંત આયો ને કેસર ફૂલ્યો, ફૂલી સકલ વનરાય;
ભક્ત જનકે મન અતિ ફૂલે, આનંદ ઉર ન માય ૧

મનષા જન્મ વસંત આયો, હરિ મિલનકો દાવ;
ખેલનહારા ખેલીએ હો, વસંત વીત્યો હૈ જાય ૨

સુરત નુરત કી કરો પિચકારી, હરિ સુમરન કો રંગ;
સતગુરુ શબ્દ પરસ્પર ખેલો, નિશદિન કરો સતગુરુ સંગ ૩

સબ સંતન મિલી ઇસવિધ ખેલે, સાનકા[૧] ઢોલ બજાય;
કેસર ચર્ચ્યો પ્રેમકો રે, મમતા ગુલાલ ઉડાય ૪

સંત સંગત પરસ્પર ખેલે, બઢ્યો હૈ રંગ અપાર;
જન કબીરે ફગુઆ પાયા, રામનામ તત્વ હી સાર ૫

૧. સુરતાનો-ચિત્તવૃત્તિની એકાગ્રતાનો

૨૯૭. હરિ સંગ હોરી ખેલીએ હો - AS297 N512

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૨) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

હરિ સંગ હોરી ખેલીએ હો, હો મેરે પ્યારે, આયો ઉત્તમ દાવ;

મનષા જન્મ ફાગન આયો, પાયો હૈ પૂરણ ભાગ;
સંત સંગત મિલી હોરી ખેલો, હરિ શું કરો અનુરાગ[૧] ૧

જ્ઞાન ધ્યાનકી સંગ કરો, પાંચ પચ્ચીસકો[૨] માર;
સતગુરુ શબ્દ પરસ્પર ખેલો, કબહુ ન આયેંગી હાર ૨

શીલ સંતોષ કી કરો પિચકારી, મનકી વાસનાકો માર;
કામ ક્રોધ મદ લોભ જીતકે, સતગુરુ શબ્દ વિચાર ૩

ધ્રુવ પ્રહ્લાદ ઇસવિધ ખેલે, નામદેવ કબીર બલ જાઉં;
પાંચ પચ્ચીસકો જીત ચલે હો, ભવસાગર કે તીર ૪

રંકા વંકા કાલુ કેવલ કુબા, સેના ધના રોહીદાસ;
પીપા પ્રેમ પ્રીત શું ખેલે, નિજ પદકી એહી નિવાસ ૫

શુક સનકાદિક અનંત કોટિ, હરિ શું કિયો અનુરાગ;
પ્રેમાનંદ પ્રભુ અબ જો ખેલે, તીનકો પૂરણ ભાગ ૬

૧. પ્રેમ
૨. પચ્ચીસ તત્વની પ્રકૃતિ

૨૯૮. દશરથનંદન વર વરું હો - AS298 N513

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૩) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

દશરથનંદન વર વરું હો, હો મેરે પ્યારે, બીજા તે ભ્રાત સમાન;

જનકરાયે મંડપ રચ્યો, કંકોત્રી લખાય;
દેશ દેશકે ભૂપતિ આયે, મંડપમાં ન સમાય ૧

આપ આપકે સૌ આસન બૈઠે, આપ આપકી લેત રૂપ;
સર્વે દેવતા હારન લાગે, આયો હૈ રાવણ ભૂપ ૨

જાનકી મનમેં સોચ કરત હૈ, કોન જન્મકો પાપ;
જાઓ સખી રઘુનાથજી સેવો, નહિ તો તજું પ્રાણ ૩

જાનકી મન રઘુનાથ હી જાચે[૧], આયે મંડપ મોઝાર[૨];
વેગે મેલ્યો હરવંશી કો સ્વામી, ધનુષ લિયો હૈ ઉઠાય ૪

૧. યાચે-માગે
૨. અંદર

૨૯૯. બ્રહ્માનંદ સરોવર ઝીલીયે હો - AS299 N514

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૪) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

બ્રહ્માનંદ સરોવર ઝીલીયે[૧] હો, હો મેરે પ્યારે, આવાગમન ન હોય;

અનંત કોટિ તહાં પક્ષી ઝીલે, હરિ દરિયાકી ધાર;
કિત્તેક શિવ, સનકાદિક કિત્તેક, બ્રહ્મ અનંત અપાર ૧

બ્રહ્મ સરોવર મોતી નીપજે, વા કો મૂલ ન તોલ;
સો મોતી હરિજન હંસ ચૂગત[૨] હૈ, જ્ઞાનકી ચંચુ ખોલ ૨

ધન મોતી ધન માણેક નીપજે, રત્ન પદાર્થ હીર;
સો મોતી વિરલા જન પરખે, કોટિ ન મોહ જંજીર ૩

ત્રિવેણી[૩] જલ મલ હોત ઉજિયાલી, અનહદ ધરત નિશાન;
પિયુજી કે સંગ રાતી[૪] પત્ની, વિસરી હૈ પ્યાર પાન ૪

મન પવન દોનો કર ભેળા, મૂલ ચક્ર[૫] ગ્રહી બાંધ;
ઐસી વિધિ કર પિયુ રીઝાય, લગ ગયી બ્રહ્મ સમાધ ૫

હમ સો પિયુ, પિયુ સો હમ હી, મિલ રહી આદિ અનાદિ;
દાસ કબીર હરિમેં સમાયા, મિટ ગયી જીવ ઉપાધિ ૬

૧. ડૂબીએ અથવા તો સ્નાન કરીએ એવા અર્થમાં
૨. વીણવું
૩. ઈડા, પિંગલા ને સુષુમ્ણા કપાળમાં ભેગા મળે તે સ્થળ
૪. રત રહેતી એટલે કે પ્રેમી
૫. મૂલાધાર ચક્ર

૩૦૦. નવરંગી દુલ્હો ગાયે હો - AS300 N515

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૫) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

નવરંગી દુલ્હો ગાયે હો, હો મેરે પ્યારે, આયો ફાગન માસ;

સજ શણગાર પહેર પટ ભૂષણ, મિલી નિકસી વ્રજનાર;
ગાવત હો હો બોલત હોળી, રોક્યો હૈ નંદ દરબાર ૧

દેકર તાલ જશોદા મૈયા, બૈઠે અટારી માંય;
ફગુઆ ક્યોં ન દેત હી મનમોહન, નહિ તો ગાઉંગી નંદરાય ૨

સાથ સુદામા ગ્વાલ બોલાયે, બોલાયે બલવીર;
સબ મિલી સંગ ચલે મોહનકો, ખેલત જમુનાકો તીર ૩

ખેલત વ્રજ બીચ કીચ મચ્યો હૈ, ઉડત અબિલ ગુલાલ;
ચારે દિશાથી છૂટત પિચકારી, અચ્છો બન્યો હૈ ખેલ ૪

તાલ પખાવજ બેના ચંગ મહુવર કે, બીચ મોરલી બાજે ઘનઘોર;
નિરખી પરખી સબ સુર મોહે, નર્તન આમ પૈ મોર ૫

ઊંચે તાન મિલી પ્રિયા સબ, ગાવત હૈ અદ્‌ભુત;
ઇત બલ મોહન ઉન સબ ગોપી, ઝુરે હૈ વ્રજજન જૂથ ૬

નવરંગી મચ્યો અતિ સ્નેહકો, ને સુખ વરણી ન જાય;
વ્યાસ બડાઈ છોડ દે અપની, સંતકો શિર નમાવું ૭

૩૦૧. રઘુવીર જાનકી ઝુલત હો - AS301 N516

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૬) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રઘુવીર જાનકી ઝુલત હો, હો મેરે પ્યારે, ઝુલત સબ સુખ રાશિ;

કંચન સ્તંભ કંચન મણિ, હીરા લાલ જડાય;
વિશ્વકર્મા બ્રહ્મા મિલ દોઉ, રચ્યો હૈ હિંદોલ સુહાય[૧] ૧

અવધપુરી બહુ બાજાં બાજે, અનહદ આનંદ બહુત ઓચ્છવ;
બહુત બહુત દંપતી છબી નીરખી, લેત હૈ લોચન લ્હાવો ૨

સુર પુર નાર મિલી સ્વર ગાવે, ગંધર્વ ગાયે ગાન;
શોભિત નાર નૃત્ય કરત હૈ, વર્ષત કુસુમ વિમાન ૩

હિંદોલ ઝુલાવે ભોગ લગાયે, ચમર ઢોલાવે ધીર;
અંગદ ઔર સુગ્રીવ વિભીષણ, ઢાળે હૈ હનુમાન વીર ૪

ઇંદ્ર સખી આરતી ઉતારે, દીપક બાતીયાં બનાય;
સીતા રામકી છબી ઉપર, અગ્રદાસ બલ[૨] જાય ૫

૧. શોભે
૨. વારી જવું

૩૦૨. ખેલત માયા મોહની હો - AS302 N517

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૭) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

ખેલત માયા મોહની હો, હો મેરે પ્યારે, જેણે જેર કિયો સંસાર;

ચંદ્રવદની મૃગલોચની માયા, બદન બન્યો હૈ રસાલ;
જતી સતી સબ મોહ લિયે હૈ, વાંકી હૈ ગજગતિ ચાલ ૧

રસિક રંગકી ચૂંદડી હો, સુંદર પહેરે ધૌત[૧];
વા કે અદ્‌ભુત રૂપ કિયો હૈ, ઉપમા વરણી ન જાત ૨

છિરકત થોંથા[૨] પ્રેમકા હો, ભરી પિચકારી હાથ;
સનક સુનંદન લગન લગત હૈ, યહ રવકી[૩] કહત હૈ બાત ૩

સુરિનર મુનિ સબ એક ભયે હૈ, એક એક લિયે આપ;
સન્મુખ કો ઉન ઢોળ રહે હો, પકડ હી એક ધામ ૪

અનહદ ધૂની બાજાં બાજે, શ્રવન સુનત ભયો ચ્હાય;
ખેલનારા ખેલીએ હો, બહુરિ ન ઐસો હૈ દાવ ૫

જ્ઞાન સ્તંભ જબ રોપ્યો હો, ટાળ્યો તન ત્રાસ પાસ;
બંસી લિયે કર અપને હો, ફિર ફિર જુર્વત[૪] ત્રાસ ૬

બ્રહ્મા શંકર ધાય કે હો, દોનો પકડે જાય;
ફગુઆ લીના અપને હો, છોડ દિયે છટકાય ૭

નારદ કો મુખમાં જ કહે હો, બંસી નાદ લિયો સુનાય;
ગર્ભ ધેલી ઘર પ્રસુત હો, ઉમગી[૫] ચલી હો મૂર્છાય ૮

ઇન્દ્ર શંકર ચઢ્યો ભયો હૈ, માયા લોચન લલિત અંજાય;
હરિ અવિનાશીથી ઉગરે હો, દાસ કબીર બલ જાય ૯

૧. ધોતી
૨. પિચકારીની નળી
૩. રવૈયાની-પદ્ધતિની
૪. જોરાવર અથવા વધારે
૫. માયામય-માયામાં રચી પચી રહે તે

૩૦૩. કોઈ રામ રંગીલો રંગે હો - AS303 N518

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૮) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

કોઈ રામ રંગીલો રંગે હો, હો મેરે પ્યારે, પરખે શબ્દ ટંકશાલ;

ગગન મંડલમેં પખાવજ વાગે, વીણા કર બાજે તાલ;
રણક ઝણક અનહદ ટંક બાજે, સુન્યો શબ્દ રસાલ ૧

ગગન મંડલ બીચ હોળી ખેલે, તત્વ મચ્યો ગુણતાન;
ફગુઆ મ્હેકે વન પેં આવે, પાવે મુક્તાફલ દાન ૨

ચૂવા ચંદન ઔર અગર જા, અર્ધ ગગન[૧] મુખ સાજ;
જ્ઞાન ગલિમેં બની પિચકારી, ભ્રમર[૨] ગુફા કે ઘાટ ૩

કહેત કબીર ઐસી હોળી ખેલો, તીન તાપ કો નિવાર;
નામ ગ્રહ્યો તો પરમપદ પાવે, પુનઃરપિ[૩] જન્મ નિવાર ૪

૧. કપાળ પર આજ્ઞાચક્ર છે તે સ્થળ
૨. બે ભ્રમરોની વચ્ચેનું સ્થાન
૩. આવાગમનના ફેરા

૩૦૪. માયા તે કાલી નાગણી હો - AS304 N519

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૧૯) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

માયા તે કાલી નાગણી હો,
હો મેરે પ્યારે, જેણે ડસ્યો હૈ સકલ સંસાર;

ઇન્દ્ર ડસ્યો બ્રહ્મા રે ડસ્યો, નારદ ડસ્યો વ્યાસ;
વાત કરતા શિવજી ડસ્યો, પલ એક બૈઠી હૈ પાસ ૧

કંસ ડસ્યો શિશુપાલ ડસ્યો, રાવણ ડસ્યો જાય;
દશ મસ્તક લંકા ધર્યો હૈ, ક્ષણમેં દિયો હૈ બહાય[૧] ૨

બડે રે બડે ગારુડી કો ડસ્યો હૈ, કોઈ ન ખેલનહાર;
કચ્છ દેશ કે ગોરખ ડસ્યો હૈ, તીનકા[૨] એ અગમ વિચાર ૩

ચુન ચુન મારે અસુર સબ કાંપે, જા કી કરે જગ આશ;
મૈં ગરીબ કો કોન ગણત હૈ, કહે કબીર નિજ દાસ ૪

૧. વહેવડાવી દીધો એટલે કે નાશ કર્યો
૨. તેનો

૩૦૫. વસંત વિવાહ આદર્યો હો - AS305 N520

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૨૦) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

વસંત વિવાહ આદર્યો હો, હો મેરે પ્યારે, પરણે નંદજીનો લાલ;

વસંત પંચમી નૌતમ નક્ષત્ર, લગ્ન લીધાં નિરધાર;
સંત પધરાવું ચમર ઢોળાવું, તોરણ બંધાવું દ્વાર ૧

કલ્લા કાંબી અણવટ[૧] વિછુઆ[૨], ઝાંઝરનો ઝંકાર;
બાંહે શોભીતો ચૂડલો રે, કંઠે કાવડ હાર ૨

ભાવે બ્રહ્મા વેદ ભણે રે, મંગલ વરતાય ચાર;
સુરિનર મુનિજન સર્વે મળીને, કંઠ આરોપ્યો વરમાળ ૩

નંદજીને ઘેર કુંવર કનૈયો, કન્યા ભિખુભાન દુલારી;
પહેલા પરણ્યા મહેતા નરસૈંયાના સ્વામી, પછી પરણ્યો સંસાર ૪

૧-૨. પગના અંગૂઠે પહેરવાનું ઘરેણું

૩૦૬. રઘુજી ખેલત હોરી - AS306 N521

રાગ - સારંગની ધમાર / સારંગના છપ્પા (નાદબ્રહ્મ પદ-૫૨૧)

[અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રઘુજી ખેલત હોરી દશરથસુત ચારે વીર;

અવધપુરી શોભા જો બની હૈ, મુખસે કહ્યો ન જાય;
રત્નજડિત પિચકારી કર ગ્રહી, રાજીત ચારે ભાઈ;
ઉધરસે આયી જનકનંદિની, બહુત સખી સંગે લાઈ;
સબ મધુર મધુર સ્વરે ગાવત ગોરી, ચાચર[૧] ધૂમ મચાઈ ... ૧

એક નાચત એક વીણા કાંધે ધરી, એક દેત કિરતાલ;
એકન વેષ પુરૂષકો લીનો, મગ્ન ભયે ગાવે ગારી;
બદત[૨] નાહિ ફાગુન કે માતે, કહાં પુરૂષ કહા નારી;
નયી નયી હાસ્ય વિલાસ કરત હૈ, સંગ સોહે સિયા પ્યારી .. ૨

તબહી રામ સખા સંગ લાયે, યુવતિ જૂથ પર ધાયે;
તાલ મૃદંગ ઝાંઝ ડફ[૩] મહુવર, બાજાં અનેક બજાયે;
સીતાસે ન દઈ સખીયનકો, વાંસકી માર મચાયે;
ગ્રહો ગ્રહો કૌશલ્યા સુતકો, બહુત દિનન કો પાયે ૩

અરસ પરસ પર ભરત ભરાવત, કુમ કુમ કેસર ઘોળી;
યૂવા ચંદન અત્તર અગર જા, પ્યારી પીયુ પર ઢોળી;
મૂઠ્ઠી ભરી ભરી અબિલ ઉડાવે, સૂઝત નાહિ કાંહૂ કી કોર;
હો હો કર પકડે રઘુવરકો, લે હો પીતામ્બર છોડી ૪

એક સખી જ્યોં ચતુરસ બનમેં, રઘુવર કે ઘિંગ આયી;
એકન અપની સાડી દીની, એકન અંગીયાં પહનાયી;
એકન આંખ આંજ બિંદુ દીનો, મુક્તામાલ પહનાયી;
એક કહે બોલો રઘુનંદન, કહાં કરો હો બડાઈ ૫

એક સખી કહે અનુજ[૫] સખા સબ, કહાં જો ગયે તિહારે;
જા કો જોર જણાવો તુમહી, બહુત ફિરત મતવાલે;
એક સખી કહે પીસના પીસાવો, દશરથ નૃપ દુલારે;
હમારી લાડલી કહ્યું ન માને, અજહુ[૬] લલી હૈ પ્યારે ૬

એક કહે ઈનકો જીન છોડો, સબન કો પાયે લાગે;
મંડલ જોર રહો સબ ઠાડે[૭], પકડ રહો જિન ભાગે;
એક સખી કહે ઉનકો નચાવો, પ્યારી સિયાજી કે આગે;
ઉંધ રહે કહાં સુખ ચીને, કાહે ન ભડ્વા જાગે ૭

એક સખી મુસકાઈ તબહી, ગાંઠ સિયાજીસે જોડી;
દુલ્હો દુલારી શું મનરંજીત, કુંવર ઔર કિશોરી;
ફગુવા દ્યો તમ હી છુટો, હસત સબ મુખ મોરી;
કેસર માર ભરાય ભામિની, ખેલ મચ્યો જગ જોરી ૮

તબહી લક્ષ્મન સખા બુલાયે, લે આયે એક દાવ;
માનુ એક ડાર કે તૂટે, ઉપજે એક હી ડાય;
જૂથ જૂથ યુવતિ હોય ઠાડે, જોબન જોર જણાય;
લાલ ગુલાલ મેં યોં હી લસત[૮] હૈ, માનુ ચીડીયાં ચીંચવાય ..૯

આયે ધસી સબ પુરવાસિની, લક્ષ્મન પકડે જબહી;
આંખ આંજ મુખ માંજ કુંવરકો, છોડ દિયો હૈ તબહી;
હો હો કર કર જોડી ઠાડી, સખાહુ છોડો સબહી;
મન ભાવે સો કરો કિશોરી, જો તુમ દેખો તબહી ૧૦

તબહી સખી સમેટકે સબહી, આવત હી હસી દીની;
સબ આયી જહાં કુંવર કિશોરી, દેખ જુહારી[૯] કીની;
મગ્ન ભયે પ્રેમ અતિ ઉપન્યો, સુખ સાગર રસ ભીને;
ધન ધન યોં બદત જાનકી, નિકટ બુલાયી લીની ૧૧

તબ શ્રી રઘુવર સોચત મનમેં, કૈસે છૂટન પૈઈએ;
સખા સહિત બલવીર હરાયે, અબ કહો કૈસે કહીએ;
છલ બલ કો યહાં દાવ જ નાહિ, જો કહો સો સહીએ;
અપની લલીકો કહો સમજાયે, તિહારી બાંહે તે રહીએ ૧૨

→

ફગુવા બહુત મંગાયો તબહી, સબકો હી મન ભાયો;
દેત આશિષ સબ પુરવાસીની, અવધપુરી સુખ સ્હાયો;
સિયા પિયાજી કી કહાં વરણું, સબકો ભલો મનાયો;
રંક નિહાલ કિયે જન અપને, તુલસીદાસે જશ ગાયો ૧૩

૧. ચરાચર બધે
૨. કહેવાય નહિ-જાણી શકાય નહિ
૩. એક પ્રકારનું વાજિંત્ર
૪. સાથે
૫. નાનો
૬. હજી સુધી
૭. ઊભી
૮. શોભે-ચળકે
૯. સલામી

૩૦૭. રંગ રસિયો હોરી ખેલવા રે - AS307 N522

(નાદબ્રહ્મ પદ-૫૨૨) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રંગ રસિયો હોરી ખેલવા રે નંદલાલ કુંવર;
ત્યાં બોલાવે વ્રજરાજ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧

સૈયર સર્વે ટોળે મળી રે નંદલાલ કુંવર;
માંહી પ્યારી રાધા સરદાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨

શ્યામે સખા તેડાવ્યા રે નંદલાલ કુંવર;
કીધો રમવાને ઉલટ અંગ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩

સામા તે સામી મોરચે રે નંદલાલ કુંવર;
ત્યાં તો મચ્યો અતિરંગ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪

તાલ બજાવે તારૂણી રે નંદલાલ કુંવર;
ગાયે સુંદર રાગ વસંત જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૫

નામ તે લઈ લઈ નારીઓ રે નંદલાલ કુંવર;
ત્યાં ગોવિંદના ગુણ ગાય જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૬

તાલ મૃદંગ ડફ ખંજરી રે નંદલાલ કુંવર;
ત્યાં વાગે વેણ રસાલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૭

અબિલ ગુલાલના પોટલા રે નંદલાલ કુંવર;
ઉડે કસ્તુરી કપુર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૮

→

ફૂલ દડો લઈ હાથમાં રે નંદલાલ કુંવર;
ધાયા મદ ભર્યાં ગોવાળ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૯

એવી ધૂમ મચી બ્રહ્માંડમાં રે નંદલાલ કુંવર;
તેણે ઝાંખા થયા સુરભાણ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૦

કુમ કુમ કેસર ઘોળ્યા રે નંદલાલ કુંવર;
જુઓ રંગ રસિયાનો સાથ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૧

કેસર ઘોળી રંગ ઢોળ્યો રે નંદલાલ કુંવર;
ત્યાં તો ચાલી છે રંગની રેલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૨

શ્યામ સખા સર્વે વશ થયા રે નંદલાલ કુંવર;
પ્યારી રાધેના એ ખેલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૩

ગોપી ગ્વાલ સૌ હરખ્યાં રે નંદલાલ કુંવર;
રંગ રોળીને કીધાં લાલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૪

પિચકારીની ઝડીઓ વર્ષે રે નંદલાલ કુંવર;
જાણે અષાઢનો મેહ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૫

વાજીંત્ર સર્વે ખુંચવી લીધાં રે નંદલાલ કુંવર;
ખુંચવી લીધાં અબિલ ગુલાલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ... ૧૬

એવું જોર વાધ્યું વ્રજનારનું રે નંદલાલ કુંવર;
ગઈ ગોવાલાની ધીર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૭

સાથી તે સર્વે નાસી ગયા રે નંદલાલ કુંવર;
ઘેરી લીધાં બન્ને ગંભીર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૮

ચંપે તે ચોરને બાંધ્યા રે નંદલાલ કુંવર;
ગ્રહી બાંધ્યા છે બન્ને હાથ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૧૯

ફગુઓ આપો તો છોડીએ રે નંદલાલ કુંવર;
નહિ તો રાધાને લાગો પાય જમુનાના તીરમેં નંદલાલ કુંવર ... ૨૦

વ્રજ વનિતાને વશ થયા રે નંદલાલ કુંવર;
જુઓ કોટિ બ્રહ્માંડના નાથ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૧

અમસ્તા કેમ છૂટશો રે નંદલાલ કુંવર;
આજ ગમતું અમારું થાય જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૨

દાણને કાજે રોકતાં રે નંદલાલ કુંવર;
હવે હાથ ચઢ્યાં ક્યાં જાવ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૩

જલ જમુનામેં ઝાલતાં રે નંદલાલ કુંવર;
ચોરી લીધાં અમારાં ચીર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૪

→

કરગરતાં અમો કામિની રે નંદલાલ કુંવર;
અમો જલમેં ઉઘાડે અંગ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૫

મુગટ કુંડલ ઉતારી લીધાં રે નંદલાલ કુંવર;
ગૂંથી ફૂલ ભરી વેણી જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૬

ચોળી પહેરાવી ચુંદડી રે નંદલાલ કુંવર;
કુમ કુમની કરી આડ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૭

સેંથો પૂર્યો સિંદુરનો રે નંદલાલ કુંવર;
કોઈ કાજલ સારે નયન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૮

હાથના પ્હોંચા પીળીયાં રે નંદલાલ કુંવર;
ચોખા ચોડ્યા લલાટ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૨૯

સોળે શણગાર પહેરાવ્યા રે નંદલાલ કુંવર;
જુઓ જુઓ કનૈયાનું રૂપ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૦

મુગુટ કુંડલ રાધેને ધર્યાં રે નંદલાલ કુંવર;
નારી કીધી તે કૃષ્ણ સમાન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૧

હરિ હલધર ત્યાં જોઈ રહ્યાં રે નંદલાલ કુંવર;
ત્યાં કોઈનું ન ચાલે જોર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૨

એવું કૌતુક કર્યું કામિનીએ રે નંદલાલ કુંવર;
પ્યારી કીધી તે નંદકિશોર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૩

વરકન્યા પરણાવીએ રે નંદલાલ કુંવર;
સખી સૌ મળી કર્યો વિચાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૪

નંદ જશોદાની બેટડી રે નંદલાલ કુંવર;
વર છે ભિખુભાન કુમાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૫

એવું લગ્ન ઠરાવ્યું વસંતનું રે નંદલાલ કુંવર;
એવો મનમેં કર્યો વિચાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૬

મંડપમાં પધરાવ્યાં રે નંદલાલ કુંવર;
ત્યાં તો આરોપી ફૂલમાળ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૭

છેડા ગાંઠણ ગાંઠ્યા રે નંદલાલ કુંવર;
સામા સામી છાંટે અબિલ ગુલાલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર. ૩૮

વેદ વિધિ બ્રહ્મા ભણે નંદલાલ કુંવર;
ત્યાં વરકન્યા જમે કંસાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૩૯

તાલ બજાવે તારૂણી નંદલાલ કુંવર;
ત્યાં વરકન્યા રંગ ઝકોળ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૦

→

સમો વર્તે સાવધાન નંદલાલ કુંવર;
ત્યાં મંગલ વર્ત્યા ચાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૧

એવું કૌતુક જોવાને દેવતા રે નંદલાલ કુંવર;
આવ્યા બેસી વિમાન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૨

પુષ્પની વૃષ્ટિ તેઓ કરે રે નંદલાલ કુંવર;
ત્યાં સુરિનર કરે રે ગાન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૩

એક સખી ત્યાંથી સંચરી રે નંદલાલ કુંવર;
ચાલી આવી નંદભુવન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૪

જ્યાં બેઠા છે જશુમતિ રે નંદલાલ કુંવર;
બાઈ જુઓને તમારો જીવન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૫

જશોદા તમારે સંપત નાહિ રે નંદલાલ કુંવર;
વર મળ્યો કન્યા જોગ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૬

જશોદા તમારી બેટડી રે નંદલાલ કુંવર;
અમે દીધું છે કન્યાદાન જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૭

ત્યારે સામા આવ્યા જશુમતિ રે નંદલાલ કુંવર;
જુઓ જુઓ કુંવરના કામ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૪૮

ત્યારે વિસ્મય પામ્યા જશુમતિ રે નંદલાલ કુંવર;
ત્યાં ઘણું લજ્જા પામ્યા શ્યામ જમુનાના તીરમેં નંદલાલ કુંવર .૪૯

કન્યાનું રૂપ બતાવ્યું રે નંદલાલ કુંવર;
જુએ છે જશોદા માત જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૫૦

ફગુઓ લ્યો મન ભાવતો રે નંદલાલ કુંવર;
છોડો છોડો કુંવરનો ખ્યાલ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૫૧

ફગવો આપી છોડાવ્યો રે નંદલાલ કુંવર;
ઘણો હર્ષ પામી વ્રજનાર જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૫૨

કાલે રમવાને આવજો રે નંદલાલ કુંવર;
કહે સૌ સુંદરીનો સાથ જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૫૩

વસંત લીલા જોઈ રહ્યા રે નંદલાલ કુંવર;
ત્યાં નરસૈંયો બલ જાય જમુનાના તીરમેં નંદલાલ કુંવર ૫૪

રાયસોનાં પદો

૩૦૮. રઘુવર રાજકુમાર લાલ રંગ ભીને હો - AS308 N523

(નાદબ્રહ્મ પદ-૫૨૩) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રઘુવર રાજકુમાર, લાલ રંગ ભીને હો;
ભરત શત્રુધ્ન સંગકે, લક્ષ્મણ લીને હો ..... ટેક

જૂથ જૂથ મેલાવું કે, સીયા સંગ કીની હો;
કેસર આડ બનાઇ કે, મૃગમદ દીને હો ૧

કેસર કુમ કુમ ઘોર કે, માટ ભરાયે હો;
ઇન્દ્રાદિક અંતરીક્ષથી, બાજાં બજાયે હો ૨

ગાવત ગૌરી નારી કે, પિયાકો પ્યારી હો;
કંચનકે બહુ કામકે, સાયે ઢાળી હો ૩

ધાય ભરે રઘુરાયકે, હો હોરી બોલે હો;
રત્ન જડિત રાય આંગન, ખેલત ડોલે હો ૪

પકડ જાયે શત્રુધ્નકે, આંખ અંજાયે હો;
ફગુવા લીયો રે મંગાય, તબ છટકાયે હો ૫

ઐંસી ધર્મધોરીંધર ધીરકે, નાહિ કાહુ ભૂપ હો;
જન શ્યામદાસ બલ જાયકે, રઘુપતિ રૂપ હો ૬

૩૦૯. મનરાજા ખેલન ચલે રંગ હો હોરી - AS309 N524

(નાદબ્રહ્મ પદ-૫૨૪) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

મનરાજા ખેલન ચલે રંગ હો હોરી
કાયા નગર મોઝાર રામ રંગ હો હોરી ..... ટેક

જ્ઞાન ગલીમેં ઠાડે ભયે રંગ હો હોરી
સુરત નુરત લીયે સાથ રામ રંગ હો હોરી ... ૧

ગુરુ ગુલાલ મેં પાયીઆ રંગ હો હોરી
અબિલ અગમ અપાર રામ રંગ હો હોરી ૨

પાંચ પચીશ મિલી ખેલ હી રંગ હો હોરી
રાગ રાગણી હો સાર રામ રંગ હો હોરી ૩

ત્રિકુટી સંગમ ખેલ હી રંગ હો હોરી
ત્રિવેણી કે ઘાટ રામ રંગ હો હોરી ૪

મેરૂ દંડ સાજે ચઢે રંગ હો હોરી
દેખ્યા અગમકા ઘાટ રામ રંગ હો હોરી ૫

સીમા છીટ છિરકત ફિરે રંગ હો હોરી
બાઢ્યો રંગ અપાર રામ રંગ હો હોરી ૬

જનકબીર યોં ખેલ હી રંગ હો હોરી
આવાગમન નિવાર રામ રંગ હો હોરી ૭

ગરબીનાં પદો

૩૧૦. દિન દશ હોરી ખેલી લો નહીં આવે - AS310 N525

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૨૫) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

દિન દશ હોરી ખેલી લો નહીં આવે
નહિ આવે રે નહિ આવે
આવે ઐસો લાગ નહિ આવે ---
આવે ઐસો લાગ ... દિન દશ ૧

ફૂડી કલ્પના રાતમેં શું સુતો
શું સુતો રે શું સુતો
ચેતન થઈ જાગ શું સુતો ---
ચેતન થઈ જાગ ... દિન દશ ૨

આરત અતિ રળિયામણી તને મળ્યા
તને મળ્યા રે તને મળ્યા
રૂડા સંત સમાગમ તને મળ્યા ---
રૂડા સંત સમાગમ ... દિન દશ 3

સાદ કરી સતગુરુ કહે આવો આવો
આવો આવો રે આવો આવો
અતિ સુંદર ભાગ કહે આવો ---
અતિ સુંદર ભાગ ... દિન દશ ૪

આળસ તજીને ઉઠને તારો રહેશે
તારો રહેશે રે તારો રહેશે
અખંડ સોહાગ તારો રહેશે ---
અખંડ સોહાગ ... દિન દશ ૫

વલ્લભ જે જન જાગ્યા તેને મળ્યા
તેને મળ્યા રે તેને મળ્યા
ભલા ધન ભાગ તેને મળ્યા ---
ભલા ધન ભાગ ... દિન દશ ૬

૩૧૧. ગોરસ વેચે ગોવાલણી ચિત ચતુરા - AS311 N526

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૨૬) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

ગોરસ વેચે ગોવાલણી ચિત ચતુરા
ચિત ચતુરા રે ચિત ચતુરા
ચિત ચતુર સુજાણ ચિત ચતુરા ---
ચિત ચતુર સુજાણ ... ગોરસ વેચે ૧

મારગમેં મળ્યા મોહનજી માગે
મોહનજી રે મોહનજી
માગે દહીંના દાણ મોહનજી ---
માગે દહીંના દાણ ... ગોરસ વેચે ૨

આ શું મોટો મહીં લૂંટશે ક્યાં ઉગશે
ક્યાં ઉગશે રે ક્યાં ઉગશે
ક્યાં ઉગશે ભાણ ક્યાં ઉગશે ---
ક્યાં ઉગશે ભાણ ... ગોરસ વેચે ૩

નહિ રે સુંવાળી હું ભામિની કંટારા
કંટારા રે કંટારા
કંટારાનું ઝાડ છે કંટારા ---
કંટારાનું ઝાડ ... ગોરસ વેચે ૪

નીચ નથી નંદરાયથી છે મોટા
છે મોટા રે છે મોટા
નંદરાયથી છે પણ મોટા ---
મોટા ભિખુભાન ... ગોરસ વેચે ૫

તેની તનયા હું રાધિકા નહીં આપું
નહીં આપું રે નહીં આપું
એક દોકડો દામ નહીં આપું ---
એક દોકડો દામ ... ગોરસ વેચે ૬

આજ લગી દાણ આપ્યું નથી હવે આપું
હવે આપું રે હવે આપું
મારા તાતની આણ હવે આપું ---
મારા તાતની આણ ... ગોરસ વેચે ૭

પ્રીતમના સ્વામી શામળિયા
હસવામાં રે હસવામાં
હસવામાં ગાળ રે શામળિયા ---
હસવામાં ગાળ ... ગોરસ વેચે ૮

૩૧૨. નંદકુંવર કેડે પડ્યો કેમ ભરીએ - AS312 N527

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૨૭) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

નંદકુંવર કેડે પડ્યો કેમ ભરીએ
કેમ ભરીએ રે કેમ ભરીએ
જમુનાજીકો નીર કેમ ભરીએ ---
જમુનાજીકો નીર ... નંદકુંવર ૧

હું તો ઓથા લઈ ઉભી રહી સામો આવે
સામો આવે રે સામો આવે
સામો શ્યામ શરીર સામો આવે ---
સામો શ્યામ શરીર ... નંદકુંવર ૨

હળવા દિવસ હોળી તણા નંદરાય
નંદરાય રે નંદરાય
નંદજીનો લાલ નંદરાય ---
નંદજીનો લાલ ... નંદકુંવર ૩

અબિલ ગુલાલે ઘેલા કર્યાં વણછોડ્યાં
વણછોડ્યાં રે વણછોડ્યાં
ચોળીના ચીર વણછોડ્યાં ---
ચોળીના ચીર ... નંદકુંવર ૪

તાકી મારે પિચકારી રે આવી વાગે
આવી વાગે રે આવી વાગે
તનડામાં તીર આવી વાગે ---

તનડામાં તીર ... નંદકુંવર ૫

વ્હાલો જંત્ર વગાડે મંત્રમેં ના ગણાયે
ના ગણાયે રે ના ગણાયે
એવા ગુણ ગંભીર ના ગણાયે ---

એવા ગુણ ગંભીર ... નંદકુંવર ૬

વ્હાલો ભક્ત ભુવન પ્રભુ તમો વિના જો ધરાવે
ધરાવે રે જો ધરાવે
બીજું કોણ જ ધીર જો ધરાવે ---

બીજું કોણ જ ધીર ... નંદકુંવર ૭

૩૧૩. ગોકુળ ગામને ગોંદ રે મદ માતો - AS313 N529

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૨૯) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

ગોકુળ ગામને ગોંદ રે મદ માતો
મદ માતો રે મદ માતો
હોળીનો ખેલ મદ માતો ---
હોળીનો ખેલ ... ગોકુળ ગામને ૧

ટોળે મળી સહુ સુંદરી રમવાને
રમવાને રે રમવાને
અતિ આનંદ ખેલ રમવાને ---
અતિ આનંદ ખેલ ... ગોકુળ ગામને ૨

કેસર કેસૂડા ઘોરીયા રે ગુલાલે
ગુલાલે રે ગુલાલે
અતિ આનંદ ખેલ ગુલાલે ---
અતિ આનંદ ખેલ ... ગોકુળ ગામને ૩

ઘેર્યાં તે લાલ ગોપાલને જેવી તરૂવર
જેવી તરૂવર રે જેવી તરૂવર
જેવી તરૂવર વેલ જેવી તરૂવર ---
જેવી તરૂવર વેલ ... ગોકુળ ગામને ૪

ચૂવા રે ચંદન કુમકુમ ચાલી ધરણી
ચાલી ધરણી રે ચાલી ધરણી
ધરણી પર રેલ ચાલી ધરણી ---
ધરણી પર રેલ ... ગોકુળ ગામને ૫

રૂપ અનેક ગોવિંદના ગોપિકાને
ગોપિકાને રે ગોપિકાને
ન પડે રે ઉકેલ ગોપિકાને ---
ન પડે રે ઉકેલ ... ગોકુળ ગામને ૬

પ્રીતમના પ્રભુ શામળિયા રે પાતળિયા
પાતળિયા રે પાતળિયા
મારો પાલવ મેલ તું પાતળિયા ---
મારો પાલવ મેલ ... ગોકુળ ગામને ૭

૩૧૪. રંગ જડ્યો રે રંગ જડ્યો - AS314 N528

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૨૮) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

રંગ જડ્યો રે રંગ જડ્યો, આજ અમારે રંગ જડ્યો;

નંદકુંવર રંગ હોરી રમે છે, ધન ધન જાય છે ઘડીઓ ૧

ગોપી ગોવાલ મળી આવે છે ટોળે, નગરમેં કાળ પડ્યો ૨

ચૂવા ચંદન ભર પિચકારી, શ્યામ સંગ્રામે ચઢ્યો ૩

વસ્તા વિશ્વંભર પુરણ પ્રગટ્યા, એનો અમારે પ્રેમ ૪

૩૧૫. લોક રસિયા રે લોક રસિયા - AS315 N530

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૩૦) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

લોક રસિયા રે લોક રસિયા, પેલા ગોકુલ ગામના લોક રસિયા;

એક એકને આનંદ ગમે છે, હોરી રમવા મન વસ્યા ૧

અબિલ ગુલાલની ફાંટ[૧] ભરી લાયે, એક એક ઉપર ધસ્યા ... ૨

પકડ લિયો હૈ નંદકુંવરકો, સાન[૨] બતાવી પીછે ખસ્યા ૩

વસ્તા વિશ્વંભર સુરતે[૩] જોઇને, અરસ પરસ મનમેં વસ્યા ૪

૧. મૂઠી અથવા નાનું સરખું સાધન

૨. ઈશારો

૩. સ્વરૂપ

૩૧૬. મત મારો રે મત મારો - AS316 N531

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૩૧) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

મત મારો રે મત મારો, અબિલ ગુલાલ મોહે મત મારો;

પરનારીનો પાલવ પકડ્યો, હું રાખું છું તોલ તારો ૧

ગોકુલ ગામની અમે ગોવાલણી, તું છે નંદજીનો લાલ પ્યારો ... ૨

આજકાલનો તું છોકરવાદ, શાને રોકે જમુના આરો[૧] ૩

વસ્તા વિશ્વંભર કૃષ્ટે કરીને, ભવજલ સિંધુ મોહે તારો ૪

૧. કિનારો અથવા તે તરફ જતો માર્ગ

૩૧૭. કેમ વસીએ રે કેમ વસીએ - AS317 N532

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૩૨) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

કેમ વસીએ રે કેમ વસીએ, પેલા ગોકુલ ગામમાં કેમ વસીએ;

આડ ગાલ ફોગટ દે મુજને, ગાગર ચઢાવે મળી સૌ રસીએ ૧

અમ અમારી છાયાથી બીય જઈએ, દૂરીજન દેખતાં ખસીએ ૨

મારે ને કહાનને નથી કાંઈ જૂજવું[૧], સગપણની રીતે હસીએ ૩

દાસ અલેતા કહે મારી પ્રીતડી, પ્રગટ કરી પેલે ભાણ રસીએ ... ૪

૧. જુદાઈના અર્થમાં

૩૧૮. બરખાને ઘેર ખેલે હોરી - AS318 N533

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૫૩૩) [અનુક્રમણિકા-૮ Index_front Index_back]

બરખાને ઘેર ખેલે હોરી, ચાલો બરખાને ઘેર ખેલે હોરી;

ઉતસે આયો કુંવર કનૈયો, ઇતસે આયી રાધા ગોરી ૧

પાંચ વર્ષ કે શ્યામ મનોહર, સાત વર્ષની રાધા ગોરી ૨

ચુવા ચંદન ઓર અગરજા, અબિલ ગુલાલે જોરી ૩

બરખાને ત્યાં સુઘડ ગુજરીઆં, કેસર ગાગર ભર ઢોળી ૪

બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, મોરલી મધુરી વાજે થોડી ૫

સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો, જુગજુગ જીવો આ જોડી ૬

ગોકુળ ગામને ગોંદ રે મદ માતો...



પદ ૨ પુરણ ॥ ગોકુલગામનેગોંદરેમદમાતો
મદમાતોરેમદમાતો॥હોરીનોખેલ॥ગોકુલા॥ટેક॥રો
ળેમલીસોસુંદરીકરવાનો॥કરવાનેરેકરવાને॥અતિ
આનંદખેલ॥ગોકુલ॥૧॥કેસરકસ્તુરીરે ગોળિયાંગુલા
લે॥ગુલાલેરેગુલાલે॥ગુલાલનોખેલ॥ગોકુલ॥૨॥
યુવારેચંદનકુમકુમેચાલિધરણી॥ચાલિધરણીરેચા
લિધરણી॥ધરણીપરરેલ॥ગોકુલ॥૩॥લાલપ્રીતપ
ટગાંઠડીબાંધિહરીશું॥બાંધિહરીશુંરેબાંધિહરીશું
હરીશુંબોલ॥ગોકુલ॥૪॥રૂપઅનેકગોવિંદનાગોપી
કાને॥ગોપીકાનેરેગોપીકાને॥નાપેડઉકેલ॥ગોકુલ॥૫॥
પ્રીતમનાસ્વામીસોમળાપાતળીયા॥પાતળીયારેપાતળીયા॥

રામનવમીનાં પદો

૩૧૯. નોમી કે દિન નોબત બાજે - AS319 N534

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૩૪)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

નોમી કે દિન નોબત બાજે, સુત કૌશલ્યાનો જાયો હો;
સાત ઘડી દિન વીત ગયે હૈ, સબ સખીઓ ને મંગલ ગાયો હો ... ટેક

રાય દશરથ ગૃહે આનંદ ભયો હૈ, રઘુવંશમેં સુખ પાયો હો;
વિપ્ર બોલાયે ખોજ કરાની, અક્ષય[૧] ભંડાર લુંટાયો હો ૧

અતિ આનંદ અવધપુર ઘરઘર, ભયો સબ મન ભાવ્યો હો;
શુભ નક્ષત્ર શુભ ઘડી મુહૂંત, મંગલ કલશ બનાયો હો ૨

જૈ જૈકાર કરત સુરપુરમેં, પુષ્પ વૃષ્ટિ જલ લાયો હો;
કંચન થાલ ભરે મુક્તાફલ[૨], ચંદન ચોક પુરાયો હો ૩

ધન એ વંશ ભયો રઘુકુલ કો, પરમ પુરુષ જ્યાં આયો હો;
ફૂલે ફિરે સબ પુરવાસી, માનુનીએ રંકનિધિ[૩] પાયો હો ૪

ઘર ઘરકી સબ વધુ બોલાયે, મંગલ ગાવત આયી હો;
રાય આંગન બીચ ડારી ડુલેચા[૪], આદર કરી બૈઠાયે હો ૫

વિશ્વામિત્ર વસિષ્ઠ આર્હદ, સબ વિપ્ર બોલાયા હો;
જન્મ કર્મ દશરથ નૃપ કીનો, જગમેં સુજશ બઢાયો હો ૬

પુની દશરથ જાચક બોલાયો, સાડી સાજ મંગાયો હો;
જો અમ્મર જા કે મન ભાયો, સો તાકો પહિનાયો હો ૭

કંપે સિંધુ કાંગરા ધ્રુજે, લંકા આગમન આયો હો;
સબ અસુર ઘર શોચ પડ્યો હૈ, કોઈ રાજભૂપ આયો હો ૮

વિપ્રે નામ ધર્યો વિશ્વંભર, શુભ શ્રી રામ સુનાયો હો;
કમલા કંથ ક્યાં લગી વરણું, તીનલોક જશ ગાયો હો ૯

૧. અખૂટ
૨. મોતી
૩. ગરીબનો બેલી
૪. પાથરણાં

૩૨૦. ચૈત્ર માસ નોમી અજવાળી - AS320 N535

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૩૫) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ચૈત્ર માસ નોમી અજવાળી, જન્મ લીયો રઘુરાયે હો;
આજ ઉત્સવ અયોધ્યા નગરીમેં, ભયે નિશાન વધાઈ હો ..... ટેક

કનક મહેલમેં રાજા બૈઠે, માંગે જોઈ વધાઈ હો;
દશરથ રાય સિંહાસન બૈઠે, ઘરકો વિપ્ર બોલાઈ હો ૧

સબ વિપ્રનકા ચરણ પખાળે, પીતામ્બર પહિનાયે હો;
ફૂચી દેત ભંડાર ખોલાયે, હીરા રત્ન મંગાયે હો ૨

દુદુંભિ તત્કાલ મંગાયે, પઢી ગુણ પુત્ર પુજાયે હો;
ઘર ઘર કી સબ વધૂ બોલાયે, મંગલ ગાવત આયી હો ૩

નગરકી સબ માલન બોલાયી, બદન માલ વધાઈ હો;
વરન[૧] ચીરન કે બસન[૨] મંગાયે, સબ સખીઅન કો પહીનાઈ હો ... ૪

સબ સખી આશિષ દેત નગરમેં, ચિરમ્[૩] જીવો રઘુરાય હો;
જન્મકર્મ રઘુપતિ કી લીલા, તુલસીદાસ જશ ગાયો હો ૫

૧. વિવિધ રંગના
૨. વસ્ત્રો
૩. લાંબુ

૩૨૧. ચલો દેખો સૌ વાજત વધાઈ - AS321 N536

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૩૬) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ચલો દેખો સૌ વાજત વધાઈ, કૌતુક દશરથ દ્વારે હો;
જન્મ લીયે રઘુકુલ મંડલ, આનંદ વાધ્યો અપાર હો ..... ટેક

ધરત નિશાન મૃદંગ ભેર બહુ, ઝાંઝ ખંજરીની તાલ હો;
મગ્ન ભયે નાચત નરનારી, ગાવત મંગલ ચાર હો ૧

બંદીજન જશ પઢત સોહાવે, વિપ્ર વેદ ઉચ્ચારે હો;
પરમ ઉદાર દાન દેત દશરથ, દેત કછુ ન સંભાળી હો ૨

કંચન ટેન અરૂ ગજ પર ભૂષણ, બાજત સાજ શણગાર હો;
દીયે લૂંટાય ઉમંગે સકલ મણિ, ભુવન ભરે ભંડાર હો ૩

સાથિયા પૂર્યા સબ સજી દ્વારે, વધત વંદન વારિ હો;
કનક કલશ અરૂ ધ્વજા પતાકા, શોભા અનુપમ અપાર હો ... ૪

દેત આશિષ સકલ પુરવાસી, બઢ્યો હૈ જશ વિસ્તારી હો;
કેવલરામ વૃન્દાવન જીવન, પ્રગટે પ્રાણ અવધપુરી હો ૫

૩૨૨. બડો ભાગ્ય કૌશલ્યા રાની - AS322 N537

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૩૭) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

બડો ભાગ્ય કૌશલ્યા રાની, રામ રત્ન સો જાયો હો;
ગુરુ વસિષ્ઠ મુનિ બોલાયે, તબ રઘુવર નામ ધરાયો હો ..... ટેક

રાજા દશરથ કે કર્મવીર, પ્રેમસિંધુ ઉર બધાયો હો;
ગજ તોરંગ[૧] હાટ કમનીય ભૂષણ, અક્ષય ભંડાર લૂંટાયો હો ... ૧

ફૂલે ફિરત સકલ પુરવાસી, ઘર ઘર બાજત વધાઈ હો;
શિવ વિરંચી[૨] ઈન્દ્રાદિક સકલ શુર, પુષ્પ વૃષ્ટિ વર્ષાવે હો ૨

જોઈ જોઈ મન ઈચ્છા કરી આયે, સોઈ સોઈ ફલ પાયે હો;
એહી સુખ ઉમંગ રહ્યો હૈ ચૌદિશ, હરિદાસ જશ ગાયે હો ૩

૧. ઘોડો
૨. બ્રહ્મા

૩૨૩. આજ ચલો દશરથ ઘર જઈએ - AS323 N538

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૩૮) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

આજ ચલો દશરથ ઘર જઈએ, બાજત મૃદંગ રંગ બધાઈ હો;
રઘુકુલ દીપક પ્રગટ ભયે, સબ સંતન સુખદાયી હો ..... ટેક

અતિ આનંદ કૌશલ્યા મૈયા, મોતીયન ચોક પુરાવે હો;
નામ સુની રાવણ કંપ્યો, દુદુંભિ[૧] દેવ બજાવે હો ૧

જૈ જૈ હોત અયોધ્યા પુરમેં, ઘર ઘર મંગલ ગાયે હો;
જન વલ્લભકી આશાપુરી, ઓચ્છવ ભર પાયો હો ૨

૧. એક વાજિંત્ર

૩૨૪. પ્રગટ ભયે શ્રી રામ અયોધ્યા - AS324 N539

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૫૩૯) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

પ્રગટ ભયે શ્રી રામ અયોધ્યા, પ્રગટ ભયે શ્રી રામ;
હત્યા તીન ગયી દશરથકી, સુનત મનોહર નામ ..... ટેક

બંદીજન સબ દ્વારે આયે, કરત નીગમ ધૂની જ્ઞાન;
સુરિનર મુનિ સબ દર્શન આયે, રઘુજી રૂપ નિધાન ૧

જૈ જૈકાર ભયો વસુધા કો, સંતન કે અભિરામ[૧];
પ્રેમાનંદ દાસ કો ઠાકોર, રઘુજી પુરણકામ ૨

૧. આનંદ આપનાર

૩૨૫. દશરથ ઘેર ભયો કુલદીપક - AS325 N540

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૫૪૦) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

દશરથ ઘેર ભયો કુલદીપક, દશરથ ઘેર ભયો;
શિવ વિરંચી મન ભાવ્યો, પ્રગટે શ્રી રામ અયોધ્યામેં ..... ટેક

દ્વારે દ્વારે કરત વંદના, મોતીઅન ચોક પુરે નીજધામ;
પરમાનંદ દાસકો અવસર, બંદીજન રાખત સબ માન ૧

૩૨૬. પ્રગટે હૈ રઘુરાય આજ - AS326 N541

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૫૪૧) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

પ્રગટે હૈ રઘુરાય આજ, પ્રગટે હૈ રઘુરાય;
આનંદ વધ્યો અતિ અખિલ ભુવનમેં, નિરખત દેવ સમાજ ... ટેક

નીરખત સુફલ ભયે ધૂમ[૧] દેખત, પાયે ધૃત શરીર રતવાડી;
વિવિધ પ્રકાર સમીર સીંચ્યો, અષ્ટ મહાસિદ્ધિ દ્વારે ઠાડી[૨] ૧

મંગલ ચાર વધાઈ ઘર ઘર, દેવ ગોપીઅનકો બોલાઈ;
દધી અરૂ દુદુંભિ બધવન નૃપકો, મુદિત ભયે મન ડોલત ૨

કહેત પરસ્પર તનયા તા કો, પુન્ય પુરપતિ પાયો;
દિત સુત કાલ[૩] દયાલ અદિતિ[૪] સુત, સો દશરથ ઘર આયો . ૩

અર્થ ધર્મ મોક્ષ કામ ભક્તિ, ફલ જે જાચે સો પાવે;
અગ્રદાસ અનુરાગ સહિત, રામ જનગુણ ગાવત ૪

૧. આવેશ-ઉમંગ-ઉત્સવ
૨. ઊભી
૩. દિતસુતકાલ-રાક્ષસોને માટે કાળસ્વરૂપ પ્રભુ
૪. દેવોની માતાનું નામ

૩૨૭. અયોધ્યા રામ લિયો અવતાર - AS327 N542

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૫૪૨) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

અયોધ્યા રામ લિયો અવતાર, અયોધ્યા રામ લિયો;
ચૈત્ર માસ નવમી અજવાળી, ભયે દુપહરી વાર ..... ટેક

પુરણ બ્રહ્મ કૃપા કરી પ્રગટે, આયે દશરથ દ્વાર;
જન્મ લિયો ભક્તન કે કારણ, ભૂમિ ઉતારન ભાર ૧

બાજત તાલ મૃદંગ ઝાંઝ ડફ, ઝાલર શબ્દ રસાલ;
મગ્ન ભયો નરનારી નર્તન, ઉચ્ચર્યા મંગલ ચાર ૨

કંચન કલશ અરૂ ચંદનમાલા, સોહિત ઘર ઘર નાર;
જૈ જૈકાર કરત બ્રહ્માદિક, વર્ષત કુસુમ અપાર ૩

વિપ્ર પવિત્ર બૈઠે આંગનમેં, કરત વેદ ઉચ્ચાર;
અતિ આનંદ ઉમંગે દશરથ, ભયે હૈ રામજી દ્વાર ૪

અશ્વ અમ્મર કુંજર બહુ દીનો, ગણતાં કછુ ન સુમાર;
જાચક[૧] સબ અજાચક કીનો, કરત ન લાગી વાર ૫

લે લે દુંભ ભાટ નટ નાચત, ઠાડે કરત જુહાર;
હીરા ઓવારી દેત રઘુપતિ પર, ભર ભર કંચન થાળ ૬

કૌશલ્યા કે પ્રાણ ધનજીવન, દશરથ પ્રાણાધાર;
ભક્તજન કે કલ્પ તરુવર, રઘુપતિ રાજકુમાર ૭

તીન લોક અરૂ ભૂવન ચૌદિશ, મહિમા અપરંપાર;
તુલસીદાસ કો ભક્તિજ્ઞાન દીજો, પુરણ અક્ષર ભંડાર ... ૮

૧. માંગનાર

૩૨૮. સાહેલી આજ મંગલ હો - AS328 N543

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૪૩) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સાહેલી આજ મંગલ હો, હો મહામંગલ હો, પ્રગટે શ્રી રઘુપતિરામ;

ચૈત્ર માસ ત્રેતાયુગ નવમી, સોમ સુદિન દે જામ;
રાજા દશરથ કૌશલ્યા કે પ્રગટે, રાજીવલોચન રામ ૧

દેવ લોક ભૂલોક રસાતલ, પરમ પુનિત એક રામ;
સપ્તપુરીમેં પ્રથમ ધની હૈ, મંગલ રાય કે ધામ ૨

ગગન થાલમેં કે ઉડુગણ મુક્તા, શશિ સફલ બલિહારી;
રાજા દશરથ કે માનુવિધિ, વધાવત હૈ યુગ ચારી ૩

થકીની મેખ અનેક અગર ધન, રહે વિમાન નભ સાથ;
માનુ વિધિ કો દઈ નયી પુરી, દશરાય બસાયે ૪

સરયુકો દયી નયી છબીરી, જધ સહિત દિયો દાન;
નવલ સ્ત્રીયા સાગર એક પાયો, ગરજ કરત જશ ગાન ૫

કલ્પ તરુકી પુરી કલ્પના, કામધેનૂકો કામ;
ચિંતામણી ઈચ્છા પરીપૂરણ, ભક્તન કે વિશ્રામ ૬

દુષ્ટ ભયે સબહી મલિનમૂખ, મુદિત ભયે સબ સંત;
દુઃખ ગયે સુખ સિંધુ બઢ્યો હૈ, પ્રફુલ્લિત જન જશવંત ૭

૩૨૯. રઘુનંદન ઝુલે પારણે હો - AS329 N544

રાગ - ધમાર (નાદબ્રહ્મ પદ-૫૪૪) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

રઘુનંદન ઝુલે પારણે હો, હો મેરે પ્યારે, કૌશલ્યા કે ગુન ગાવે;

દશરથ રાયે પારણું ઘડાવ્યું, ચંદનકો સબ સાજ;
હીર જડિત પાટકી[૧] દોરી, રત્ન બંધાયે કર બાજ ૧

રાતે ચરણ કમલ કર રાતે, જલદ શ્યામ તન શોહે;
ધુંધરાળે કેસ બિરાજત, મંદહાસિનીના[૨] મન મોહે ૨

ઉત્તર દિશા એક પુર અયોધ્યા, રામજી કો જન્મ નિવાસ;
ગાવત સુનત હોત સબ પાવન, બલ પરમાનંદ દાસ ૩

૧. લાલ રંગની સુંદર દોરી
૨. સ્મિત કરનારી

જન્માષ્ટમીનાં પદો

[Index_front Index_back]

હિંડોળાની સાખી

ઝુલન બૈઠે રઘુપતિ, ઋતુ શ્રાવણ સુદ ત્રીજ;
મેઘ ઘટા ઘન હો રહી, ચૌદિશ ચમકે વીજ ... ૧

જુવંતી[૧] કે સંગમેં, કરત વિવિધ વિલાસ;
વિરહણી ને સંતાપવા, આયો શ્રાવણ માસ ... ૨

૧. યુવાન સ્ત્રી

૩૩૦. વ્રજ કે આંગન રચ્યો - AS330 N564

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૫૬૪) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

વ્રજ કે આંગન રચ્યો હિંડોલો, વ્રજ કે આંગન રચ્યો;
સુર બ્રહ્માદિક દેખન આયે, શંકર તાંડવ નાચ્યો ..... ટેક

શુક સનકાદિક મુનિવર નારદ, હિંડોળો દેખન આયે;
નંદકો લાલ ઝુલન હમ દેખ્યો, બડી લૂંટ હમ પાયે ૧

વ્રજ કી નાર અટા ચઢ દેખે, અપનો તન મન વારે;
પરમાનંદ દાસ કો ઠાકોર, ચિત્ત ચોર્યો તનકો રે ૨

૩૩૧. ઝુલત હૈ ગિરધારી હિંડોલે - AS331 N565

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૫૬૫) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ઝુલત હૈ ગિરધારી હિંડોલે, ઝુલત હૈ ગિરધારી;
અતિ આનંદ ભયે દોઉ ઝુલત, મોહન શ્યામ પ્યારી ..... ટેક

ભુવન ભુવન સેં આઇ ઝુલાવન, સબ ગોકુલકી નારી;
સકલ શણગાર કિયે વ્રજવનિતા, પહેરે કુસંબી સાડી ૧

જમુના પુલીન મનોહર સુંદર, વૃન્દાવન સુખકારી;
દેખત શોભા સુરનર ભૂલે, કૃષ્ણદાસ બલિહારી ૨

૩૩૨. ઝુલત હૈ વનમાલી હિંડોળે - AS332 N566

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૫૬૬) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ઝુલત હૈ વનમાલી હિંડોળે, ઝુલત હૈ વનમાલી;
સુંદર શ્યામ ગોપીયન કે સંગ, નાગર રાધા પ્યારી .... ટેક

જડિત કનકમય સ્તંભ મનોહર, દાંડી ચાર સોહાય;
આસપાસ પીરોજા માણેક, પુલકિત રંગ રહ્યો ભારી ૧

જોટા દેત સકલ વ્રજવનિતા, દેત પરસ્પર તાલી;
બાજત બેન ઉપંગ મૃદંગ ધૂની, ગાવત સુંદર નારી ૨

દેખી લીલા દેવ ચકિત ભયે, પુષ્પ વૃષ્ટિ ભયી ભારી;
મદન મોહનકી આ છબી ઉપર, પરમાનંદ બલિહારી ... ૩

૩૩૩. ઝુલત હૈ ભામિની હિંડોળે - AS333 N567

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૫૬૭) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ઝુલત હૈ ભામિની હિંડોળે, ઝુલત હૈ ભામિની;
શ્યામા શ્યામ બરોબર બૈઠે, શરદ સોહાયે જામની ..... ટેક

પંચ વર્ષ કે શ્યામ મનોહર, સાત વર્ષ કે બાલા;
કમલનયન હરિ મૃગનયની, ચંચલ નયન બાલા ૧

લટકાળી ને સરસ બનત હૈ, કોઈ ન જાણે સુખ;
પરમાનંદ દાસ કો ઠાકોર, નંદરાય કે પુત્ર ૨

૩૩૪. બેઉ સરખે સરખી જોડ રે - AS334 N568

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૫૬૮) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

બેઉ સરખે સરખી જોડ રે, રંગે ઝુલે હિંડોળે પ્રેમ શું રે;
ઝુલે રાધાજી પાતળી રે, શ્યામળિયા સાથ હીંડે રે ..... ટેક

સૌ સખીઓ ફિરે કૂદડી રે, કરતી મોડામોડ રે;
હિંડોળો ગગનમેં ચઢ્યો રે, રખે પડતા શ્રીરણછોડ રે ૧

તમો નીરખો કૃષ્ણજી કોડામણા રે, એની ભ્રકુટિમાં નથી કાંઈ ખોડ રે;
શરણ તુમ્હારે રાખો જોડ રે, નરસૈંયો કહે કર જોડ રે ૨

૩૩૫. ભક્તિ હિંડોળેના રે - AS335 N569

રાગ - મલાર (નાદબ્રહ્મ પદ-૫૬૯) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ભક્તિ હિંડોળેના રે, માંહી ઝુલે આતમરામ;
પ્રેમ ભક્તિ હિંડોળેના રે, સબ સંતનકો વિશ્રામ ..... ટેક

ચાંદા સૂરજ[૧] દોઉ સ્થંભ રૂપે, બંક નાલ[૨] કી દોર;
ઝુલે રે પાંચ પ્યારીયાં[૩] રે, તહાં ઝુલત હૈં સિયામોર[૪] ... ૧

દ્વાદશ ગમકે[૫] અંતરે રે, જહાં અમૃત કો વાસ[૬];
જેણે એ અમૃત ચાખ્યાં રે, સો ઠાકોર હમ દાસ ૨

સ્હેજ શુન્ય[૭] કો નેહડો રે, ગગન મંડલ[૮] સિયામોર;
દોઉ રે કુલ[૯] હમ આગવી રે, હમ ઝુલે એહી હિંડોળે ૩

અરધ ઉરધ કે[૧૦] ગંગા જમુના, મોલ[૧૧] કમલા ઘાટ;
ષટ્ ચક્રકી[૧૨] ગાગરી રે, ત્રિવેણી સંગમ[૧૩] ઘાટ ૪

નાદ બુંદકી[૧૪] નાવડી રે, રામ નામ ખેવનહાર;
કહે કબીર ગુણ ગાઇ લો રે, ગુરૂ ગમ ઉતરે પાર ૫

૧. ચંદ્રનાડી ને સૂર્યનાડી; ચંદ્રનાડી તે ઈડા ને સૂર્યનાડી તે પિંગલા ૨. મેરુદંડ તે પીઠ પાછળની કરોડરજ્જુ જે જ્યાં સુષુમ્ણા નાડી વિસ્તરેલી છે. ૩. સુષુમ્ણા નાડીમાં પ્રાણ સંચાર કરે તે મહત્વનું ગણાયું છે તેથી અહીં પ્રાંચ પ્રાણની વાત કરી છે. ૪. શિરમોરનું અપભ્રંશ રૂપ- માથાની ટોચ પર સહસ્ત્રાર ચક્ર આવેલું છે જ્યાં શિવ સ્વરૂપ આત્મા ઝૂલે છે. ૫. ગણતરીપૂર્વક બાર બાર શ્વાસ લઈએ તેટલા સમયનું માપ ૬. સહસ્ત્રાર ચક્રની નીચે ભ્રમરગુફા આવેલી છે ત્યાં આત્મપ્રકાશનો મધુરસ ઝરે છે. ૭. પ્રાણ સ્થિર બને એટલે મન સ્થિર થઇ જાય પછી એકાગ્રતાની પળમાં દેહનું ભાન રહે નહિ તે અવસ્થા સહેજ શૂન્યની ગણાય. ૮. ગગન મંડળ એટલે કપાળ ઉપરનો પ્રદેશ જ્યાં સહસ્ત્રાર ચક્ર આવેલું છે અને ત્યાં આત્માનો અનુભવ થાય છે. ૯. ઈહલોક ને પરલોક પર ૧૦. શ્વાસોશ્વાસની ક્રિયાને ગંગાજમુના કહેવાય. તે નીચે-ઊંચે ક્રિયા થતી હોવાથી અરધ-ઉરધ કહેવાય. ૧૧. મૂળનું મોલ થયું-મૂલાધાર ચક્રની વાત કરી છે. ૧૨. છ ચક્ર રૂપી ગાગર-મૂલાધાર, સ્વાધિસ્થાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ ને આજ્ઞાચક્ર ૧૩. ઈડા પિંગલા ને સુષુમ્ણા નાડી આજ્ઞાચક્ર પાસે ભેગી થાય તે સ્થળને ત્રિવેણી સંગમ કહેવાય છે. ૧૪. મન સ્થિર થયા પછી કાનમાં નાદ સંભળાય છે; આ નાદમાં ચિત્તવૃત્તિ જોડી દેવામાં આવે તો સાક્ષાત્કાર થઇ જાય.

૩૩૬. ભર્મ હિંડોળેના રે - AS336 N570

રાગ - મલાર (નાદબ્રહ્મ પદ-૫૭૦) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ભર્મ[૧] હિંડોળેના રે, કહો કોન ઝુલન આયે;
આ રે હિંડોળે જે કોઇ ઝુલે, સતગુરૂ કહ્યો સમજાય ..... ટેક

પાપ પુન્ય દોઉ સ્તંભ રૂપે, મનસા[૨] રચ્યો હૈ હિંડોળો;
ઝુલત જીવ જહાન[૩] ઇતસ્તત[૪], કબહુ ન પાયો ઠોર ૧

લક્ષ ચોરાશી જીવ ઝુલે, રવિ શશી ભયે બિગાર[૫];
અનંત કોટિ જુગ ઝુલ્યા રે, અજહુ ન માને હાર ૨

ગુણી ગંધર્વ મુનિ ઝુલ્યા રે, શેષ નાગ સુમેરૂ;
બ્રહ્મા વિષ્ણુ મહેશ ઝુલે, કાર્ય[૬] જ લઇ લઇ ફેર ૩

ધરણી આકાશ દોઉ ઝુલ્યા રે, પવન પાવક અરૂ નીર;
દેહ ધરી હરિ ઝુલ્યા રે, યોં કહે દાસ કબીર ૪

૧. ભ્રમ રૂપી હિંડોળો; અજ્ઞાનની અવસ્થા
૨. મનથી; ભ્રમનો ઉત્પાદક મન છે
૩. દુનિયા
૪. અહીંતહીં
૫. રવિસુત ધ્યાનવિચાર એવો પાઠ જોઈએ. રવિસુત એટલે યમરાજા
૬. કારજ પાઠ જોઈએ. કારજ એટલે કર્મ; નવાં નવાં કર્મ બાંધી જીવ લક્ષચોરાસી ફેરા ફરે છે.

૩૩૭. ચર્મ હિંડોળેના રે - AS337 N571

રાગ - મલાર (નાદબ્રહ્મ પદ-૫૭૧) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ચર્મ[૧] હિંડોળેના રે, વો મેં ઝુલે સબ સંસાર;
શ્યામ મર્મ હિંડોળેના રે, યા મેં ઝુલે વિરલા કોઈ ..... ટેક

વિવેક વિચાર દોઉ ખંભ રચ્યા, રહેણી ચોકી જડાવ;
ચાર મુક્તિ ચાર દાંડી[૨], ઝુલાવે નિજ ભાવ ૧

સહજ શોભા બની સુંદર, સુરત સખી[૩] લિયે સાથ;
તૂરત નાચે તાથૈ તાથૈ, તાલી લૈ બહુ ભાત ૨

આદિ લીલા અકલ અવિગત[૪], નીગમ અગમ કરી ગાય;
અકથ કથા સૌ કૈસે કથીએ, બૂધમેં સૂધ[૫] ન સમાય ૩

જાણી જુગત એ રે ભેદી, બોલે નવલ તા બોલ;
વસ્તા વિશ્વંભર[૬] પુરૂષ કેરો, તે તેં કીધો તોલ ૪

૧. ચામડી- તે દ્વારા શરીર સજાવવું. નાશવંત પદાર્થના મોહમાં સંસાર રમે છે.
૨. સાયુજય, સારૂપ્ય વ. ચાર પ્રકારની મુક્તિ રૂપી ચાર દાંડી.
૩. ચિત્તની વૃત્તિઓ
૪. જેની વિગત કોઈ જાણી શકતું નથી તેવી લીલા
૫. બુદ્ધિમાં અપાર ને અનંત જ્ઞાન ન સમય
૬. વસ્તા એટલે વસ્તુ-પદાર્થોથી ભરપૂર વિશ્વનો કર્તા

૩૩૮. સંત હિંડોળેના રે - AS338 N572

રાગ - મલાર (નાદબ્રહ્મ પદ-૫૭૨) [અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સંત હિંડોળેના રે, માંય બૈઠે પરિબ્રહ્મ[૧] આપ;
શેષ[૨] રૂપ સદેહી સદોદિત[૩], તેને નહિ ત્રિવિધ તાપ ..... ટેક

શિલ સંતોષ દોઉ સ્તંભ રચ્યા, શુભ ઈચ્છા એ મોભ;
ચાર વાણી[૪] એ ચાર દાંડી, ચોકી ધીરજ થોભ ૧

ભેદ બિછાના ભક્તિ તકિઆ, પ્રેમકો મંડપ છાંયો;
લેખ અલેખ[૫] એકતા બિરાજે, મહા મુક્તિ હીંચકા ખાયે ... ૨

આનંદ ફૂલડે સો હી ભર્યા, ઘર કર[૬] હૈ મહારાજ;
જન્મ મૃત્યુ રહિત જુગતી, નિર્ગુણ સમકૃષ્ટિ[૭] ચલાવે ૩

હું તું દોઉ સ્તંભ મોટા, અહમ્ મોભ નિધાન;
કામ ક્રોધ લોભ મોહ દાંડી, ચોકી દેહ અભિમાન ૪

વિષય વાસના દોર તાણે, વળી આવે વળી જાયે;
નવે નવેરાં સ્થલ પલટે, સ્વપ્નના હીંચકા ખાય ૫

સ્વર્ગ નરક એ ફેર આવે, તેણે પાપી ધર્મી ઓળખાય;
સ્થિર નહિ અસ્થિર સબહી, સુખ દુઃખ આચકા ખાય ૬

હર્ષ શોક કે તાન ગાવે, બાંધે આશા તૃષ્ણા કે રાગ;
દ્વેષ[૮] તાલ બજત નિશદિન, સ્વપ્ને નહિ વૈરાગ્ય ૭

જન્મ મૃત્યુ જરા વ્યાધિ, એવાં આવે અનેક;
સુખ સર્વસ્વ જેટલું નહિ, યા મેં કહાં પાવે વિવેક ૮

માત પિતા સુત દારા એ તો, મોહે મારો કહેત;
એક દિન કાલ ચપટમેં આયે, પલક ન ઉભો રહેત ૯

જૂઠી માયા જૂઠી કાયા, જૂઠો પ્રપંચ જાણ;
એ ઝુલણે જે કોઈ ઝુલ્યા, તેને ત્રિગુણી તાણાતાણ ૧૦

ગુરુગમ કેરો લઈ લઈ કુહાડો, હું તું ખંભ દોઉ તોડ;
ભાંગ્યો મોભ ને ગયું સબહી, ઇસવિધ સબ છોડ ૧૧

અગમ સુગમ[૯] રહે સ્વરૂપે, નીગમ[૧૦] થયાં રે અગમ;
વસતા વિશ્વંભર વહાઁ બિરાજે, નેહિ દ્વૈતકી[૧૧] ગમ ૧૨

૧. પરમાત્મા
૨. પરમાત્મા સર્વવ્યાપક છે. તેના એક જ અંશથી આ વ્યક્ત જગત આકાર પામ્યું છે.
૩. નિત્ય પ્રકાશિત
૪. પરા, પશ્યંતી, મધ્યમા ને વૈખરી એ ચાર પ્રકારની વાણી
૫. લક્ષ-અલક્ષ જે ધ્યાનમાં આવે તે લક્ષ.
૬. અંતરમાંથી સ્થિતિ કરવી
૭. સંચાલન
૮. દ્વેષ-અદેખાઈ
૯. સરળ
૧૦. શાસ્ત્રો
૧૧. 'દ્વૈતકી' પાઠ જોઈએ; જ્યાં દ્વૈત ન રહે ત્યાં અદ્વૈત

૩૩૯. હનિહાંરે સુભગ સાવન આયો - AS339 N573

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૩)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હનિહાંરે સુભગ સાવન આયો, દશરથ દ્વારે હિંડોળો સોહાયો;
હનિહાંરે પ્રથમ દિવસ ત્રીજ અજવાળી,
રચ્યો હિંડોળો પરમ સુખકારી ..... ટેક

પરમ સુંદર સરસ શોભા, શેષ સહસ્ત્ર ન શકે કહી;
યુગલ ખંભ[૧] અનુપ સુંદર, દાંડી ચાર[૨] ઝગમગ રહી ૧

મખમલ કે તકિયા બિરાજે, બિછુના બહુવિધ બને;
લાલ દોરી ગ્રહી ઝુલાવત, ચિત્ર કે ચંદ્રવા તને ૨

કનક પુષ્પ અનેક રચના, હિંડોળો હરિ મન ભાવહી;
કહેત કૃષ્ણદાસ અવસર, શુભ સાવન આવહી ૩

૧. શિવ-શક્તિનું જોડું તે યુગલ; આનંદરૂપી હિંડોળાનો મૂળ સ્તંભ તે શિવ-શક્તિ
૨. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થ રૂપી ચાર દાંડી

૩૪૦. હનિહાંરે સાવન સુદ ત્રીજ અજવાળી - AS340 N574

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૪)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હનિહાંરે સાવન સુદ ત્રીજ અજવાળી,
બૈઠે હિંડોળે શ્યામ સંગ પ્યારી;
હનિહાંરે હિંડોળો નંદભુવન અતિ સોહે,
નીરખી સુરિનર મુનિમન મોહે ..... ટેક

સુરિનર મુનિ કો મન મોહે, ગોપી ગુણ ગાવે સહી;
વાજીંત્ર નાનાભાત બાજે, ઝુલાવે સન્મુખ રહી ૧

ચંગ ઉપંગ મૃદંગ તાલ, ઝાલર ઝીની ઝીની બાજહી;
શ્રી મંડલ રણકાર સોહે, સપ્તશુર અતિ રાજહી ૨

તાન બંધન સરસ સોહે, મોહિત ગોકુલ નાથ હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, ઝુલાવે સબ સાથ હી ૩

૩૪૧. હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાયે - AS341 N575

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૫)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હનિહાંરે ગિરધરલાલ સંગે ગોપી જાયે,
ઝુલે મુદિત[૧] લતા દ્રુમ[૨] છાંય હી;
હનિહાંરે પવન સુગંધ ઘટા ઘન ગાજે,
થોડી થોડી બુંદ ઉડત અતિ રાજે ..... ટેક

બુંદ ઉડત મધુરી મુહૂંત, કોકિલા કુહૂ કુહૂ કરે;
હંસ મોર ચકોર ચાતક, પપીહા પિયુ પિયુ કરે ૧

સકલ વન શોહામણો[3], પંખી શબ્દ બહુ ભાત હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, રાધામોહન ઝુલ હી ૨

૧. આનંદ

૨. ઝાડ

૩. શિવ-શક્તિ તે રાધામોહન-તેના અવતરણથી જડ-ચેતનમાં વ્યાપક આનંદ ઉદ્‌ભવ્યો. તે કારણે આખું વન સુંદર ને પંખીઓનો કલરવ પણ સુંદર લાગે તે સ્વાભિવિક છે.

૩૪૨. હનિહાંરે કુંજભુવન રચ્યો હિંડોળો - AS342 N576

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૬)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હનિહાંરે કુંજભુવન રચ્યો હિંડોળો, સંગે શ્રી રાધાજી સોહે જોડ;
હનિહાંરે પંચમણિકો[૧] સ્તંભ બનાયો,
દાંડી ચાર કંચન શું લાયો ..... ટેક

શોહાયો રત્ન હિંડોળો સુંદર, મર્કટમણિ સાટક[૨] બહુ;
ચહું ઔર મુક્તાલાલ[૩] લટકે, ભાત કહો જુગતે કહું ૧

પવન મંદ સુગંધ શીતલ, ડમરો મરુવો જાઇ હી;
કેતકી ચંપક મોગરો, મચકંત[૪] સુગંધ લાવ હી ૨

સેવંત્રી અતિસાર બ્હેકે, લતા નાના ભાત હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, ઝુલાવે વ્રજ સાથ હી ૩

૧. પાંચ પ્રકારના અમૂલ્ય મણિનો સ્તંભ
૨. ચળકે
૩. મોતીઓ
૪. પવનની લટકાળી લહેરખી

૩૪૩. હનિહાંરે ગોપી ઝુલાવન આયી - AS343 N577

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૭)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હનિહાંરે ગોપી ઝુલાવન આયી,
તીનમેં શ્રી રાધાજી પરમ સોહાય;

સોહાય રાધા પરમ સુંદર, પ્રાણપતિ મન ભાવહી;
હિંડોળે ઝુલે નવરંગ તહાં, કોટિ કામ લજાવહી ૧

કનક કે દોઉ સ્તંભ રાજીત, દાંડી ચાર હીરે જડી;
પટુલી પીરોજા[૧] પંચ મોતી, વિશ્વકર્માએ રચી ૨

પવન મંદ સુગંધ શીતલ, વહેત જમુના પૂર હી;
કહેત કૃષ્ણદાસ ગિરધર, રાધામોહન ઝુલહી ૩

૧. મનમોહક મણિનું નામ

૩૪૪. હનિહાંરે રઘુવર જનક કુમારી - AS344 N578

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૮)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હનિહાંરે રઘુવર જનક કુમારી, ઝુલત દોઉ મિલી સુખકારી;
હનિહાંરે કૌતુક દેખ સુરમુનિ ધાયે,
સબ તજી ભુવન ભુવન તેં આયે ..... ટેક

ભુવન ભુવન સેં આયે સુરિનર, સરસ શોભા મન વસી;
જાનકી જીવન જગત પતિ કો, દેત જોટાં હસી હસી ૧

લલિત લીલા કરે અદ્‌ભુત, લાડલી લાડલી નવરંગ પ્રિયા;
સકલ પુરજન પ્રેમ પુલકિત[૧], નીરખી અતિ હર્ષિત ભયા ... ૨

ચિરમ્ જીવો એહ જોડી જુગ જુગ, વંદીત હૈ નરનાર;
કૃષ્ણદાસ વિલાસ વિલસે, રઘુજી જનક કુંવરી ૩

૧. પ્રેમ વડે આનંદિત થયેલા

૩૪૫. હેમ હિંડોળેના રે - AS345 N579

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૭૯)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

હેમ હિંડોળેના રે, હરિ હેત હીરા મણિ ખચે;
દશરથ દ્વારે રંગ અપાર વિશ્વકર્મા એ રચ્યો;
રચના રચનકી શુભ શોહે પરમ સોહાય;
બીચ બીચ ઝગમગે નંગ જ્યોત માંહી મર્કટમણિ[૧] ..... ટેક

મર્કટમણિ માંહી લસત મરૂવા[૨], જુગલ સ્તંભ શોભા ઘણી;
દાંડી ચાર વિચિત્ર બાનીક[૩], મનોહર મન ભાવની ૧

ચોકી સો અતિ ચિત્ર ચારૂ[૪], કોઈએ ચિત્રિત કામ કો;
ત્રિલોક સુંદર સુખદ સેવા, હિંડોળો સીતારામ કો ૨

લાલ દોરી લસત[૫] પટુલી[૬], શોભા નહિ સમતુલના;
કૃષ્ણદાસ પ્રભુ હેત સુરિનર, રચ્યો હેમ હિંડોળેના ૩

૧. મણિનું એક નામ
૨. શોભાની છોડ
૩. બાંધણી-સજાવટ
૪. સુંદર
૫. શોભાના
૬. મનનું રંજન કરતી

૩૪૬. સજલ ઘનઘોર હી - AS346 N580

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૮૦)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સજલ[૧] ઘનઘોર હી, હો શ્યામ ઘટા સોહામણી;
રુમ ઝુમ વરસ હી જર લાયે ચમકે દામિની[૨];
ચાતક મોર મધુપ ચકોર કોકિલા બોલે;
દાદૂર શોર પવન ઝકોળ હંસ કિલ્લોલ હી ..... ટેક

કરત હંસ કિલ્લોલ નિશદિન, રટત સારસ રસ ભરે;
સઘન કુંજ સરોજ પ્રફુલ્લિત, તરૂણી શું તરવરે ૧

તરૂણી તનયા નીર પરસત[૩], લતા અતિ મન ભાવની;
ઋષિકેશ પ્રભુ ઘોર ઘનહરિ, શ્યામ ઘટા સોહામણી ૨

૧. પાણીવાળી
૨. વીજળી
૩. સ્પર્શ કરતી એટલે કે પલળતી

૩૪૭. કમલ નયન કી - AS347 N581

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૮૧)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

કમલ નયન કી, રસકેલ[૧] વ્રજ ઝગમગ રહી;
ઠોર હી ઠોર વિપુન વિનોદ, દયા તેં સુખ ભાયી;
આ સુખ કારણે રેહણી, સુનિ મન તલશહી;
શેષ મહેશ નિશદિન ધ્યાન, સ્વપ્ને ન દર્શહી ..... ટેક

સ્વપ્ને ન શેષ મહેશ દર્શે, સદા સુરપતિ શોચહી;
અરુન વરુન કુબેર અજ, લલચાયે અતિ મન મોચહી ૧

ગોપી ગ્વાલનકો સુકૃત ફલ, જાત નાહિં કાહું પે કહી;
ઋષિકેશ પ્રભુ કમલ નયનકી, રસકેલ વ્રજ ઝગમગ રહી ૨

૧. લીલા

૩૪૮. ઝૂલત જોરી રે - AS348 N582

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૮૨)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ઝૂલત જોરી[૧] રે, નવલ કિશોર રઘુવર જાનકી;
શોભા અતિ ઘણી રસરૂપ, છબી નહિ અન્યકી;
ગાવત ગુણ ઘણે નવનાર, ઝમકની તાનકી;
તાન તરંગ રંગ અપાર, ગતિ અતિ માનકી ..... ટેક

ગાન કરે વર કંઠ વનિતા, કોકિલા સ્વર રાજહી;
જંગઝાલર ઝાંઝ ઝમકે, બાજા બહુવિધ બાજહી ૧

નીરખી ચતુરા ચંદ્રવદની, ડારત[૨] હૈ તન તોડ હી;
કૃષ્ણદાસ પ્રભુ અવધપુરીમેં, હિંડોલે ઝુલે જોડ હી ૨

૧. જોડી
૨. બિવડાવવું અથવા તો અટકાવવું

૩૪૯. રઘુકુલ વંશી રે - AS349 N583

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૮૩)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

રઘુકુલ વંશી રે, વનિતા વૃન્દ મિલકે આયી;
ભામિની ભાવશું ભરપૂર, પિયુ મન ભાયી;
કંચન થાલ પરમ વિશાલ, મણિ મુક્તા ભરી;
સીતારામ કી રસ રીત, પ્રેમ પૂજા કરી ..... ટેક

કરી પૂજા કામની સબ, ઝુલાવત હરિ રસ ભરે;
તાન બંધન સરસ સુરશું[૧], પરમ કુતૂહલ કરે ૧

અવધપુરી આયે પ્રગટિત, સકલ સુરિ અંશી;
કૃષ્ણદાસ પ્રભુ ધન્ય એ સુખ, ઝૂલ રઘુકુલ વંશી ૨

૧. દેવોને પણ

૩૫૦. રંગ હિંડોળેના રે - AS350 N584

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૮૪)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

રંગ હિંડોળેના રે, રંગભુવન નૃપ નંદરાય કે;
વિશ્વકર્માએ રચ્યો હરિ હેત, વિવિધ બનાય કે;
અનુપમ કનક કે દોઉ સ્તંભ પરમ સોહાવને;
મરૂવા[૧] ઝગમગે નંગ જડિત અતિ મન ભાવહી ..... ટેક

ભાવને નંગ જડિત મરૂવા, કુંજ કુંજ તહાં મણિ ખચે;
દાંડી[૨] રસાલ વિશાલ અદ્‌ભુત, જુમખા પચરંગ રચે ... ૧

પટુલી પરમ ધન સારકી, દોરી નર્મ નિર્મૂલના[૩];
ઋષિકેશ પ્રભુ નંદ નૃપકે, રંગ ભુવન હિંડોળેના ૨

૧. છોડ
૨. હિંડોળાની ચાર ખૂણે ઊભી કરેલી દાંડી
૩. જેનું મૂલ ન કરી શકાય એવી અમૂલખ

૩૫૧. ઝુલત શ્યામ રે - AS351 N585

રાગ - ઋષિકેશ સામેરી (નાદબ્રહ્મ પદ-૫૮૫)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

ઝુલત શ્યામ રે, મન અભિરામ મદન ગોપાલ;
રસ ઝુલાવહી કુંજ કુંજ, મિલી વ્રજ બાલા;
મધુર ધૂની બાજહી, મુખ ચંગ તાલ મૃદંગહી;
સબ મિલી ગાવહી, રસરંગ સરસ સુગંધ હી ..... ટેક

રસ રંગ સરસ સુગંધ ગાવે, પ્રેમ મગ્ન રસ ભરી;
કોકિલા સુર મધુરી બાની, અંગોઅંગ છબી રચી રહી ...૧

નીલ[૧] પીત દોઉ કુલ રાજીત, દામિની ધન શાલા;
ઋષિકેશ પ્રભુ દાસ ઝુલે, શ્યામ મદન ગોપાલ ૨

૧. લીલો-પીળો

૩૫૨. સોરંગ હિંડોળેના રે - AS352 N586

રાગ - મલાર છપ્પે (નાદબ્રહ્મ પદ-૫૮૬)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સોરંગ હિંડોળેના રે, માંહી ઝુલે શ્રી મદનગોપાલ;

કંચન સ્તંભ જડાવ જડે તહાં, લગે રત્ન પરવાળ;
હીરાપના મરૂવા મનોહર, કલશ રાજિત ચાર;
પટ દેત અંગુલી હેમ ચિત્રવત, ક્રિયે કનક શું ઠાર;
ઝુલત રાધે રવન દોઉ, વાધ્યો રંગ અપાર ૧

સાવન સુદ તીજ આયી, ધરે સખી શણગાર;
ઉલટ કે નવાઇ ભામિની, કેસર તિલક સમાર;
લલિતાદિક સખી બીડા પવાવે, દેત બાર હી બાર;
સુખ સિંધુ શોભા જાત ન વરણી, રહી હૈ શ્યામ નિહાળ ૨

હરપુર અમર નાગ નરપુર, કૌતુક મિલી બહુ નાર;
તહાં જૈ જૈ શબ્દ ચહું ઔર બોલે, કુસુમ સજી રહી ડાર;
ગુન રૂપ સહજ સમાન દોઉ, નવલ અતિ સુકુમાર;
પાવસ ઋતુ ઘનઘોર વર્ષત, જામ્યો રાગ મલાર 3

શિવ વિરંચિ ઇન્દ્રાદિક ઠાડે, કરત ધ્યાન વિચાર;
ધ્યાન કરૂણામય કી શોભા, કોઈ ન પાવત પાર;
ભજનાનંદ આનંદ કારણ, ધર્યો વ્રજ અવતાર;
ચિરમ્ જીવો ગોપાલ દંપતિ, કરો નિત્ય વિહાર ૪

૩૫૩. સરસ હિંડોળેના રે - AS353 N587

રાગ - મલાર છપ્પે (નાદબ્રહ્મ પદ-૫૮૭)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સરસ હિંડોળેના રે, માંહી ઝુલત કૌશલ્યા રાય;

અવધ મધ્ય હિંડોળેના રે, જહાં રહ્યો કલ્પદ્રુમ છાંય;
કનક આંગન કનક મંદિર, કનક કલશ સોહાય;
રચી રે રચના વિવિધ વિધના, નાના વાજીંત્ર વધાય;
દેખી રતિપતિ ભયો લજ્જિત, રહ્યો શિશ નમાય ૧

રત્નજડિત દોઉ સ્થંભ સુંદર, પ્રીત હાટક હીર;
જહાં લાલ દોરી ગ્રહી ઝુલાવે, બહેત સુગંધ સમીર;
જાનકી તન સજી આભૂષણ, પહેરે નૌતમ ચીર;
મુગટમણિ નંદલાલ મુકતા, ઝલકે શ્યામ શરીર ૨

કોઇ સખી લિયે ચમર વીંઝણો, કોઇ પુષ્પ અરૂ પાન;
કોઇ રાગ મલાર ગાયે, લઇ લઇ ઊંચી તાન;
કોઇ સખી તન તોડ ડાલે, વાર હી તન પ્રાન;
પ્રેમ પુલકિત રીઝી દંપતિ, દેત ચિતવ નિદાન ૩

પ્રેમ ધ્યાન સુજ્ઞાન લીલા, ગાવહી નરનાર;
ભક્ત વાંછિત વાસ હરપુર, પાવહી ફલચાર;
દક્ષિણે દશરથ સુત બિરાજે, વામે જનક કુમારી;
પ્રેમાનંદ પ્રભુ જુગલ છબી પર, તન મન ધન બલિહારી ૪

૩૫૪. જગત હિંડોળેના રે - AS354 N588

રાગ - મલાર છપ્પે (નાદબ્રહ્મ પદ-૫૮૮)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

જગત હિંડોળેના રે, માંહી ઝુલે હૈ સબ કોઈ;

પાપ પુન્ય સ્થંભ દોઉ, મેર માયા જાન;
મોહ મરૂવા લોભ ભ્રમર, કામકેલિ શું ઠામ;
શુભ અશુભ વિચિત્ર દાંડી, ગ્રહી હૈ દોઉ પ્રાન;
કર્મ પટુલી[૧] બૈઠકે, કહો કોન ઝુલે આયી ૧

ઝુલે વિરંચિ મહેશ ઝુલત, ઝુલે સુરજ ઇન્દ્ર;
ગંધર્વ કિન્નર યક્ષ ઝુલે, ઝુલે સુરિનર ચંદ્ર;
ઝુલે નારદ શારદા રે, ઝુલે શેષ સુનંદ;
દશવાર[૨] આપ સગુણ હોયે, ઝુલે હૈ ગોવિંદ ૨

ક્ષણેક ઉંચે ક્ષણેક નીચે, સ્વર્ગ ભૂતલ જાય;
એહ ભર્મ હિંડોળેના, ક્ષણેક નાહિં ઠરાય;
ઝુલત ઝુલત કલ્પ વીતે, તોયે ન છોડે આશ;
સુરદાસ ગોપાલ કૌતુક, ચતુર્જુગ[૩] ચોમાસ ૩

૧. મનને ગમતી
૨. વિષ્ણુ ભગવાનના દશ અવતાર થયેલા તેની વાત
૩. ચોર્યાસી લાખના ફેરા

૩૫૫. સોરંગ હિંડોળેના રે - AS355 N589

રાગ - મલાર છપ્પે (નાદબ્રહ્મ પદ-૫૮૯)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સોરંગ હિંડોળેના રે, માંહી ઝુલત ગોકુલ ચંદ;

દોઉ સ્થંભ કંચનકે મનોહર, રત્ન જડિત સોરંગ;
તહાં ચાર દાંડી સરલ સુંદર, નિરખી લજ્જિત અંનત;
પટુલી પીરોજા લાલ લટકે, જુમખા બહુ રંગ;
મરૂવા માણેક ચુની લાગી, બીચ બીચ હીરા સોરંગ ૧

કલ્પદ્રુમ તરુ છાંય શીતલ, ત્રિવિધ મંદ સમીર;
તહાં લતા લટકે ભાર કુસુમની, પદસત જમુના તીર;
હંસ મોર ચકોર ચાતક, કોકિલા અલિકીર;
નવ નેહ નવલ કિશોર રાધે, નવલ શ્રીગિરધર ધીર ૨

લલિતા વિશાખા દેત જોટા, રીઝી અંગ ન સમાય;
તહાં લાડલી સુકુમાર દર્પત, શ્યામ ઉર લપટાય;
ગોરે શ્યામ અંગ મિલે દોઉ, ભયે એક જ ભાત;
નીલ પીત દોઉ કુલ રાંજિત, દામિની દુરી દુરી જાત ૩

નવકુંજ કુંજ ઝુલાય ઝુલાવત, સંચરિ ચહુ ઔર;
માનુ કુમુદિની કમલ ફૂલે, નીરખી જુગલકિશોર;
વ્રજવધૂ તન તોડ ડાલે, દેત પ્રાન અંકોર;
કૃષ્ણદાસ કો વ્રજવાસ દીજે, નાગર નંદકિશોર ૪

શ્રી પદ્મનાભજી અધ્યારુજીના કીર્તન
ગુજરાતી ભાવાનુંવાદ
સ્વામી જગદીશચંદ્ર યદુનાથ
(પૃષ્ઠ-૩૪૦)

ભરમ હિંદોલણો ગ્રહી કહું, કોણ ઝૂલે આ એ ... ટેક

પાપ પુણ્ય દોઉ ખંભ રોપે, માનસ મચી હે ડોર
ઝૂલત જિવ જહાંન જિત તિત, કીતહું ન પાવે ઠોર ... ૧

લખ ચોરાસી જિવ ઝૂલે, રવિ શશી ધરે હૈ બેગાર
અનંત કોટ જગ ઝૂલે, કીનહું ન પાયો ઠોર ... ૨

ગુણી ગાંધર્વ મુનિ ઝૂલે, શેષનાગ સુમેર
બ્રહ્મા વિષ્ણુ, મહેશ ઝૂલે, તાકું કારજ ડરો ફેર ... ૩

ધરણી આકાશ દોઉ ઝૂલે, પવન પાવક ઔર નીર
દેહી ધરી હરિ ઝૂલે, તે તો કહે દાસ કબીર ... ૪

દાસ કબીરજી કહે છે આ જગતમાં આવાગમનની અથડામણ રૂપી હિંડોલાને ગ્રહણ કરીને કોણ તેના પર કેવી રીતે ઝૂલે છે. તેની હકીકત જણાવું. આ હિંદોલો પાપ ને પુણ્ય રૂપી કર્મના બે પાયા પર રચ્યો છે. તેને મનોકામનાના પ્રયાસો રૂપી દોરી બાંધીને હલાવવામાં આવે છે. જીવાત્મા કર્મોથી નર્કોમા જ્યાંને ત્યાં ભટકીને આવાગમનના, હિંચકા ખાય છે. પરંતુ કોઈને પણ સાચું શાંતિનું સ્થાન મળ્યું નથી. ચોરાસી લાખ યોનીમાં જીવ ઝોલાં ખાય છે. સૂર્ય અને ચંદ્ર પણ આ સંસારમાં વેઠિયા મજૂરી કરી રહ્યા છે. આ જગતમાં અનંત કરોડો જીવાત્માઓ આ હિંદોલામાં ઝૂલી ગયા પરંતુ કોઈનેય સાચી શાંતિનું સ્થાન પ્રાપ્ત થયું નથી. સદ્‌ગુણવાળાઓ ગાંધર્વો મુનિઓ પણ આ હિંદોલામાં ઝોલા ખાયા કરે છે. શેષનાગ કે સુમેરુ પણ તેમાં ઝૂલે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ તેમાં હિંચકા ખાય છે. તેમને પણ આ પ્રક્રિયામાં ફરી ફર્યાં કરવાનો ભય રહે છે. પૃથ્વી અને આકાશ આ બન્ને પણ આ હિંદોલામાં ઝૂલે છે તથા પવન, અગ્નિ અને જલ પણ આ હિંદોલામાં ઝૂલે છે. એટલું જ નહીં પરંતુ ખુદ ભગવાને પણ આ જગતમાં શરીર ધારણ કરીને આવીને આ હિંદોલામાં હિંચકાના ઝૂલા ખાધા છે. આમ બધા જ આ હિંદોલામાં ઝૂલા ખાય છે, તે બાબતને દાસ કબીરજી જણાવે છે.

૩૫૬. સરસ હિંડોળેના રે - AS356 N590

રાગ - મલાર છપ્પે (નાદબ્રહ્મ પદ-૫૯૦)

[અનુક્રમણિકા-૯ Index_front Index_back]

સરસ હિંડોળેના રે, માંહી ઝુલે શ્રી ભિખુભાન કે ધામ;

દોઉ સ્થંભ કંચન કલિત નંગ, ઝગમગે દાંડી ચાર;
પટુલી[૧] વિચિત્ર રચી માનુ, કનક કલશ મહિયર;
મરુવે[૨] મનોહર મોર લટકે, રટત પિક[૩] શુક સાર;
ઝુલે કુંવરી ભિખુભાન કી, શ્રી રાધે રાજકુમાર ૧

ચહુ ઔર નવલકિશોર સજની, સુઘડ સબ વ્રજબાલા;
શણગાર ષટ્[૪] દશ વર્ષ ષટ્ દશ, ગાન તાન રસાલ;
બેના મૃદંગ મલાર ધૂની સુની, નવલ કુંવર નંદલાલ;
નવલ સખી વેશ બનાયા કે, આયે હૈ મદન ગોપાલ ૨

નવવધૂ સખી નીરખી અદ્‌ભુત, નિકટ બોલી વેણ;
કોઈ ગોપકી કમનીય કુંવરી, રમણીય રૂપ નિધાન;
કો વાસ કો પુર કો નગરની, હારી કહો કો ધામ;
અબલાને હો હમ દેખે વિશેખી[૫], કહો કૃપા કરી નામ ૩

મંદ મંદ મુસકાયી ચંદ્રમુખી, નવ વધૂ બોલી વેણ;
નંદ ગામ સુઠામ તહાં ઠામ, વસતી હું સુખચેન;
સુની ભક્ત મન અભિલાષ ઉપન્યો, ઝુલીયે તુમ એન;
પ્રેમ પ્રીત પ્રતીત દોઉ જન, પોઢીએ એક શયન ૪

સુનત હી લલિતા વિશાખા, કહેત સબને સમજાય;
નિજ વામ નહિ શ્યામ સુંદીર, હૈ કુંવર નંદરાય;
તેરે દર્શન હેત પરશ કારન, સખી વેષ બનાય;
સન્માન કર લે પ્રાન પ્યારી, તેરે પિયુકો સંગ ઝુલાય ૫

સુની વચન રુચિરેચ કે નવ, નવવધૂ લઈ બુલાય;
મિલી ભેટ હાસ હિંડોળે ઝુલે, ખરે દેત મચાય;
વ્રજ વધુ ઔર સુરવધૂ મિલી, રીઝી લેત બડાઈ;
સુખ દેત નંદાનંદન રસિક, રસ હેત લેત લગાઈ ૬

૧. રમ્ય
૨. છોડ
૩. કોકિલ
૪. સોળ
૫. ખાસ અથવા અસાધારણ રીતે

૩૫૭. બિમલ હિંડોળેના રે - AS357 N591

રાગ - મલાર છપ્પે (નાદબ્રહ્મ પદ-૫૯૧)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

બિમલ હિંડોળેના રે માંહી ઝુલે સીતારામ;

પુર અવધ નિકટ હિંડોળે, હરબિધિ રચ્યો રવન બનાઈ;
ચહુ ઔર કાટિક લાધ્યો, નવ ચુની માણેક લાઈ;
મણિ નીલ સ્ફટિક પીનોજ વિદ્રુમ, હરિ વિવિધ બહુ ભાઈ;
નરનાગ સુરપુર તેં અધિક છબી, વર્ણન કહે કવિ કોઈ ૧

રચી સ્તંભ કનક કે રચ્યો, વિશ્વકર્મા રુચિ બનાયો;
શ્રી સ્તંભ ચોકી ખચિત મણિગણ, બહુત દાંડી ચાર સોહાય;
ગજ મુક્ત દામ અનેક ઝુમક નંગ, વિવિધ બહુરંગ ચઢી;
ઝુલે રઘુવર જાનકી, સહચરી કો લઈ સંગ ૨

વાપી તડાગ ગુરુકુંડ નિર્મલ, સુભગ સુંદર ઠોર;
જહાં પારિજાતક ફૂલાદિ બહુતરુ, કલ્પ પાદ પયોધ;
બર હંસ અલિ રુડ શુક પીક મત, બોલત ચાતક મોર;
પાવસ ઋતુ ઘનઘોર સુર મિલી, ક્રિર્ય દાદુર શોર 3

કાકુત્સ્થ વંશ વિશુદ્ધ નૃપ, દશરથ પરમ ઉદાર;
તાકે પ્રગટ ભયે ભક્ત હીત, શ્રી રામવર અવતાર;
ચિરમ્ જીવો જુગલકિશોર જુગ જુગ, કરો નિત્ય વિહાર;
પદ દેત ક્ષેમ આશિષ કવિ સબ, સંતજન કી લાર ૪

૩૫૮. ઝુલન કે દિન આયે હિંડોળે - AS358 N592

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૫૯૨)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલન કે દિન આયે હિંડોળે;
ગર્જત ગગન દામિની દમક્ત[૧], રાગ મલાર જમાયે ... ટેક

કનક સ્થંભ સો દ્વાર બને હૈ, બીચ બીચ હીરા જડાય;
દાંડી ચાર સુદિશ શોહાય, રચ્યો કી હેમ જડાય ૧

નાનાવિધ કે કુસુમ મનોહર, મોતિઓ નો ઝુમ લાયે;
મધુર મધુર ધૂની બેન બજાવે, દાદૂર મોર ગાયે ૨

રૂમક ઝુમક બની પ્યારી પ્યારી, કિંકરી શબ્દ મિલાપ;
ચતુર્ભુજ ગિરધર ચરણ સંગ, માનુની મંગલ ગાયે ૩

૧. વીજળી ચમકે

૩૫૯. ભક્તિ હિંડોળે સંત જન ઝુલે - AS359 N593

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૫૯૩)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ભક્તિ હિંડોળે સંત જન ઝુલે;
સતગુરુ શબ્દકા દેત જોટા, કહત સુનત હૃદયમેં ફૂલે ..... ટેક

જ્ઞાન વૈરાગ્ય દોઉ સ્થંભ મનોહર, રામનામકી દોરી લગાઇ;
શીલ સંતોષ વિચાર વિવેક હી, દાંડી ચાર અમોલ શોહાય ...૧

ધીર ગંભીરકી પટુલી બિરાજે, પ્રેમપ્રીતકી ચુની જુરી હૈ;
આતમ અનુભવી જ્ઞાન પ્રકાશ, હીરા માણેક શોભા બની હૈ .. ૨

સંત સંગત મિલી જે કોઇ ઝુલે, કામ ક્રોધ મદ લોભ નસાવે;
કહેત કબીર સોહી જન નિર્મલ, અંતકાલ પરમપદ પાવે ૩

૩૬૦. ભક્તિ હિંડોળો પરમ સુખકારી - AS360 N594

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૫૯૪)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ભક્તિ હિંડોળો પરમ સુખકારી;
વેદ પુરાણ શાસ્ત્ર શોધ કે,
સબ સંતન મિલી કિયો હૈ વિચાર ..... ટેક

વિચાર વિવેક દોઉ સ્થંભ મનોહર, દોરી પ્રેમ પ્રીત શું લાયી;
સમ દમ ઔર સંતોષ હી ક્ષમા,
દાંડી ચાર પરમ સોહાયી ૧

આ હિંડોળે સનકાદિક ઝુલે, શંકર ઝુલે અતિ અનુરાગે;
શુક મુનિ વ્યાસ પ્રહ્લાદ ધ્રુવસે,
નારદ ઝુલે પરમ બડભાગે ૨

અનંતકોટિ સંત પ્રેમ શું ઝુલે, ઝુલત આનંદ ઉર ન સમાયે;
કહેત કબીર આ હિંડોળે ઝુલત,
જન્મ મરણ ભવદુઃખ મિટાયો ૩

૩૬૧. ઝુલન હિંડોળે ઝુલત રઘુરાય - AS361 N595

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૫૯૫)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલન હિંડોળે ઝુલત રઘુરાય;
સંગ રમ્યા શોભિત સિયા સુંદરી,
દામિની ધન જ્યોં દેત દેખાયી ..... ટેક

ઝુલન કે દોઉ સ્થંભ સુભગ અતિ, ઝુલન દાંડી વિચિત્ર બનાઈ;
ઝુલન લાલ સુરંગ હિંડોળે, બહુ સુરાધા લાલ મન ભાયી ૧

ઝુલન કી સારી શિયાતન રાજિત, ઝુલન હાર શું ચારુ શોહાય;
ઝુલન કે પાધ શિર રઘુવર કે, કુલન કે ચીર દિયે છંટકાય ..૨

પીલે ફૂલે પીતામ્બર પહેર્યો, પ્યારે ચંદન અંગ લગાઈ;
ઝુલે અગ્રદાસ દે જોટા, પુરવાસી રીઝી અનુપમ ગાઈ ૩

૩૬૨. સુરંગ હિંડોળો સરસ બનાયો - AS362 N596

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૫૯૬)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સુરંગ હિંડોળો સરસ બનાયો;
ઝુલત રામ સીયા મિલી દોઉ,
બહુત આનંદ ઉર ન સમાયો ..... ટેક

કાલિ ઘટા ધન દામિની દમકત[૧], રુમ ઝુમ વર્ષત મેઘ સોહાયો;
ગર્જત ગગન મગ્ન પીક ચાતક,
મંદ સુગંધ સમીર લઈ આયો ૧

એક ઝુલાવત કનડો ગાવત, એક નાચત સુગંધ લગાયો;
એક દબાકર એક ઉર લિયે,
એક નિહાળત અતિ સુખ પાયો ૨

જૈ જૈકાર કરત સુરિનર મુનિ, ઈન્દ્ર મુદિત નિશાન બજાયો;
દાસ હરિ અવિચલ આ જોડી,
નિગમ અગમ સો પ્રગટ બતાયો ૩

૧. ચમકે

૩૬૩. હિંડોળો કુલનકો કુલનકી દોરી - AS363 N597

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૫૯૭)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

હિંડોળો કુલનકો કુલનકી દોરી, કુલે નંદલાલ કુલી નવલકિશોરી;

કુલનકે સ્તંભ માનુ પટુલી કુલનકી,
કુલનકી દાંડી જડાવ જડી હૈ;
કુલી કુલી જુવંતી જોટા દઈ દઈ,
કુલ્યો મદન તન ડાર્યો તોડી ૧

કુલ્યો સધનવન કુલ્યો વૃન્દાવન,
કુલી કુલી જમુના વહેત અલીરી;
કૃષ્ણદાસ પ્રભુ કુલી કુલી ઝુલે,
શ્રી નંદલાલ ભિખુભાન કિશોરી ૨

૩૬૪. ઝુલે નવલબિહારી પ્યારો લાલ ઝુલાવન આઈ - AS364 N598

રાગ - હિંડોળાની કાફી (નાદબ્રહ્મ પદ-૫૯૮)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલે નવલબિહારી પ્યારો લાલ ઝુલાવન આઈ;

સોરંગ હિંડોળો લાલકો રે, જોડી જુગલ શોહાય;
ઝુલાવે સબ ગ્વાલની રે, તહાં બૈઠે કુંવર કનાય ..... ટેક

મણિ કાંચન કે સ્થંભ મનોહર, વિદ્રુમ[૧] દાંડી શોહાય;
પચરંગ દોરી[૨] પાટકી રે, તહાં પટુલી પાંય[૩] જડાય ૧

બરન બરનકે ફુલને રે, જહાં મોતિઅનકો ઝુમ બનાઈ;
માનુની ગાવે મોદ શું રે, તહાં બાજે અનંત વધાઈ ૨

મોહી રહી સુર સુંદરી રે, જહાં કુસુમની વર્ષા કરાઈ;
શોભા દેખી દંપતિ રે, તહાં કૃષ્ણદાસ બલ જાય ૩

૧. પરવાળી
૨. જુદા જુદા રંગવાળી દોરી
૩. હિંડોળે બંધાતી ઝૂલ

૩૬૫. ઝુલત હૈ પિયુ પ્યારી હિંડોળે - AS365 N599

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૫૯૯)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલત હૈ પિયુ પ્યારી હિંડોળે, ઝુલત હૈ પિયુ પ્યારી;
તેરે ચરણ કમલ પર વારી[૧],
નંદ નંદન ભિખુભાન નંદિની, જોડી બની અતિભારી ..... ટેક

કુંજ ભુવનમેં રચ્યો હિંડોળો, ફૂલનકી ફૂલવાડી રે;
ફૂલનકી શિર પાઘ શ્યામકી, ફૂલનકી બની સાડી રે ૧

સર્વસ્વ તે સહચરી ઝુલાવત, દેત પરસ્પર ગાળી[૨] રે;
નાચત ગાવત કરત કુતૂહલ, ખેલ મચ્યો અતિ ભારી ૨

કહીએ કહાં કછું કહત ન આયે, નિજ જનકે સુખકારી;
સુરદાસ પ્રભુ કી છબિ નીરખત, કામ[૩] રહ્યો હૈ હારી ૩

૧. ફિદા થવું-ખુશ થવું
૨. બોલાબોલી થવી
૩. કામદેવ

૩૬૬. ઝુલત હૈ નંદલાલ હિંડોળે - AS366 N600

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૬૦૦)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલત હૈ નંદલાલ હિંડોળે, ઝુલત હૈ નંદલાલ;
ગાવત વ્રજવનિતા રંગી, વાધ્યો[૧] હૈ રંગ અપાર ..... ટેક

સંગે ભિખુભાન નંદિની રાધા, ઉરજ[૨] મોતીની માલા;
કલકબેલી[૩] શી માનુ દેખીયે તેહ, ઉરઝી[૪] સામંત[૫] માલા ... ૧

બાજત તાલ મૃદંગ બાંસુરી, પગે નુપૂર ઝણકાર;
સુર પ્રભુકે એક રામ પર, તન મન કરું બલિહારી ૨

૧. વધારે વધ્યો
૨. ઉરજ એટલે સ્તનનો ભાગ
૩. મસ્તીખોર
૪. મૂંઝાઈ જવું
૫. મુખ્ય

૩૬૭. પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું - AS367 N601

રાગ - કાફી (નાદબ્રહ્મ પદ-૬૦૧)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

પિયુજીને પ્રેમ હિંડોળે ઝુલાવું, પિયુજીને પ્રેમ હિંડોળે;
મનબુદ્ધિ કે સ્થંભ દોઉ સુંદર, લાલકે રંગ રંગાવું ..... ટેક

રંગનારા સાચા સતગુરુ, ધસી ધસી ત્યાં જાવું;
મનસા વાચા કર્મણા દેકે, મંગલ મરુવા[૧] લાવું ૧

હેત પ્રીત અરૂ ભાવ ભક્તિકી, દાંડી ચાર સોહાવું;
ચેતન ચોકી જ્ઞાન કી ગાદી, તકિયા તૃપ્ત[૨] મિલાવું ૨

સુરતા દોરી ચારૂ[૩] હિંડોળે, નાદ ધુધર ધમકાવું;
સખીઓ પાંચ પચ્ચીશ[૪] મિલકે, મુક્ત મંગલ ગાવું ૩

ઐસે હિંડોળે ઝુલો મેરે પ્યારે, બહુવિધ વાજાં બજાવું;
મગ્ન ભયી સખીઓ સબ ગાયે, સોહમ્ તાલ બજાવું ૪

પ્રાણજીવન હિંડોળે ઝુલે, નીરખી હરખી સુખ પાવું;
કહેત કબીરા આ રે હિંડોળે, વારંવાર ફિર જાવું ૫

૧. છોડ ૨. ધરી જવું-અહીં તૃપ્ત શબ્દ બંધબેસતો નથી. ૩. સુંદર ૪. પચીસ તત્વવાળી પ્રકૃતિ

૩૬૮. હિંડોળો નવરંગ્યો રે સજની - AS368 N602

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૨)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

હિંડોળો નવરંગ્યો રે સજની, ત્યાં ઝુલે શ્રી વલ્લભરાય;
ચાલો સાહેલી જોવાને જઇએ, આ સુશ શોભા કહી ન જાય ... ટેક

નવરંગ કનક સ્તંભ દોઉ સુંદર, નવરંગ દાંડી ચાર સોહાય;
નવરંગ ચોકી તકિયા ગાદી, નવરંગ મોતીની ઝુમ બનાય ... ૧

નવલ લાલ નવરંગી રાધા, નવરંગ જુવતી ઢોળે રે વાય;
નવરંગ મોર કલા કરી નાચે, નવરંગ જમુના લ્હેરે રે જાય ... ૨

નવરંગ પુષ્પવૃષ્ટિ વ્રજ ઉપર, ઇન્દ્રાદિક ત્યાં દુદુંભિ વાય;
નવરંગ ભક્ત તણા મન મોહે, માધવદાસ ઉમંગી જશ ગાય...૩

૩૬૯. પરમ ચતુર ઝુલે નાથ અમારો - AS369 N603

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૩)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

પરમ ચતુર ઝુલે નાથ અમારો, રાધાજીની સંગે રે;
વરણું રે અંગોઅંગની શોભા, વારું કોટિ અનંગ[૧] રે ..... ટેક

સાવન માસ પરમ સુખકારી, ઝરમર ઝરમર વરસે મેહ;
દાદૂર મોર પપૈયા બોલે, ઊપજે અતિ સ્નેહ રે ૧

આજ મેં અદ્‌ભુત કૌતુક[૨] દીઠું, સીચંતા[૩] હરિ હસ્યા રે;
શ્યામ સન્મુખ દષ્ટિ કરીને, પ્રીછે બેઉ રસિયા રે ૨

શ્યામ સુભગ[૪] ને રાધા ગોરી, સોરંગ[૫] હિંડોળે ઝૂલે રે;
જેમ જેમ ઘુમ્મર ઘાલે હો સજની, તેમ તેમ નરસૈંયો ફૂલે રે .૩

૧. કામદેવ
૨. આશ્ચર્ય
૩. ભીંજાતા
૪. સુંદર
૫. સુંદર

૩૭૦. હિંડોળે હીંચે રે સજની - AS370 N604

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૪)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

હિંડોળે હીંચે રે સજની, સુંદર નંદન નંદકુમાર;
સંગે ઝુલે સખી રાધિકા, રૂપ તણો ભંડાર રે ..... ટેક

રત્નજડિત બાજઠ પર સોહે, સોનાકેરી દાંડી રે;
ચાલો સાહેલી જોવાને જઈએ, ઘરના કારજ છાંડી રે ... ૧

ચારે પાસ ચતુર સખી રે, ઘુમણ ઘાલે નારી રે;
મંગલે ગાયે માનુની રે, મોહ્યાં મદન મોરારી રે ૨

જમુના પૂર સોહામણા રે, બંસીબટની છાંયા રે;
વા નાંખે સૌ વ્રજની બાલા, કરમેં વીંઝણો ઝાલી રે ૩

બાલા બ્હીએ કંઠ વલાએ, અમને આવે ભોર રે;
શ્રી હરિ હેત કરીને આપો, મુખતણા તંબોલ રે ૪

હરિજન હર્ષે કીર્તન ગાયે, આનંદ ઉર ન સમાય રે;
અંગતણા ઉપરણાં આપ્યાં, રીઝ્યાં ત્રિભુવન રાય રે ૫

અંતરીક્ષથી મુનિ નારદ આવ્યા, લીલા જોવાને આશ રે;
વૈષ્ણવજનની કૃપા કરીને, ગાયે ગદાધર દાસ રે ૬

૩૭૧. જુગજીવન જશોદાના કુંવર - AS371 N605

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૫)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

જુગજીવન જશોદાના કુંવર, હર્ષે હિંડોળે સીંચે રે;
સંગ સોહે ભિખુભાન નંદિની, સ્નેહતણો રસ સીંચે રે ..... ટેક

વ્રજ જુવંતી ચોપાસ ઊભી, દ્રષ્ટિ ભરીને નીરખે રે;
અતિ પ્રેમ કરી લેત ભામિની, માણેક મોતી વરસે રે ૧

હિંડોળાની શોભા સુંદર, કહેતા પાર ન આવે રે;
શંકર પ્રભુ ગિરીવર ધારી, ઉપમા કવિ કોની લાવે રે ૨

૩૭૨. લડસડતી ને લાડકડી ગોપી - AS372 N606

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૬)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

લડસડતી ને લાડકડી ગોપી, માંગ સિંદુર સાડી રે;
આંબા ડાળે હિંડોળો બાંધ્યો, ઝુલાવે મદ મતવાલી રે ... ટેક

ચોળી ચરણ ચંપા વર્ણી, લાલ પટુલી પહેરી રે;
નાગ નગોદર ઝાલર ઝુમણા, બીચ મોતીની માલા રે ૧

રાતે દાંતે આડ કેસરની, લલાટે ટીલડી સારી રે;
નરસૈંયાના સ્વામીને વ્હાલી હું, હદીયા સાથે ભીડી રે ૨

૩૭૩. આજ હરિ હિંડોળે બેઠા - AS373 N607

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૭)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આજ હરિ હિંડોળે બેઠા, મોહન મંગલકારી રે;
વામ ભાગે[૧] વૃષભાન નંદિની, સંગ સકલ વ્રજનારી રે ... ટેક

કંચન સ્થંભ રત્ન મણિ રાજિત[૨], ચોકી ચંદન સારી રે;
હીરા મોતી જડિત ઝુમખા, દાંડી ચાર સામરી રે ૧

ગાદી તકિયા સુભગ શોભીતા, કમલનયન ગિરધારી રે;
સુંદરતા સાગર શ્યામળીઓ, કોટિ કામ છબી વારી રે ૨

બાજાં બાજે અતિરંગ રાજે, ગાવે ગોપ કુંવારી રે;
નવલ લાલ લાડલી ઉપર, પ્રીતમ પ્રેમ બલિહારી રે ૩

૧. ડાબી બાજુ
૨. શોભે

૩૭૪. હિંડોળે ઝુલે નંદ નંદન - AS374 N608

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૮)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

હિંડોળે ઝુલે નંદ નંદન, સંગે લાડકડી વૃષભાન કુંવારી[૧];
નવજોબન નવ નવલે રંગે,
નવલ નવલ સૌ વ્રજની નાર . .... ટેક

નવલ હિંડોળે નવરંગ મોતી, નવ નવભૂષણ નવલઅંગ;
સકલ શણગાર સજે મૃગનયની,
નવરંગ ચોળી સોહે અંગ ૧

નવલ વર્ષા ઋતુ સુંદર દીસે, ઝરમર ઝરમર વર્ષે મેહ;
ગજગામિની[૨] દામિની અતિ ચમકે,
નવરંગ ગિરધર નવલે નેહ ૨

નવ વૃન્દાવન નવ વ્રજ લીલા, નવલ નવલ ગોપી હરિની પાસ;
નરસૈંયો કહે નિશદિન એ સુખ,
શું કીજે જઈ વૈકુંઠ વાસ ૩

૧. રાધા
૨. હાથી જેવી ગતિવાળી

૩૭૫. આજે રે સખી અદ્‌ભુત શોભા - AS375 N609

રાગ - હિંડોળાનો કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૦૯)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આજે રે સખી અદ્‌ભુત શોભા, હરિ હિંડોળે ઝુલે રે;
ધન આંખડી જે આ સુખ નીરખે, શિવ બ્રહ્મ જેને ખોળે રે ... ટેક

જૂવંતીજન ધુમરડી ધાલે, જૈ જૈ ધૂની મૂખ બોલે રે;
ચાર મુક્તિ સત સ્વર્ગ તણું, ન આવે એની તોલે રે ૧

સાવન માસ વર્ષા ઋતુ સોહે, લ્હેરી રંગ ઝકોળે રે;
શંકર પ્રભુ તણી લીલા દેખી, મુનિજનના મન ડોલે રે ૨

૩૭૬. ઝુલત નવલબિહારી હિંડોળે - AS376 N610

રાગ - હિંડોળાનું મારૂ (નાદબ્રહ્મ પદ-૬૧૦)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલત નવલબિહારી હિંડોળે, માંહી ઝુલત નવલબિહારી;
તટ જમુનાકો પરમ મનોહર, સંગે રાધિકા પ્યારી ..... ટેક

દાદૂર મોર ચકોર પપીહા, સારસ સોરા શોર;
મધૂપ મરાલ કોકિલા કિલકિત, અલિ ગૂંજત અતિ ભારી ૧

સુરિનર જન મુની કુસુમની વર્ષત, જ્યાં મુનિવર છૂટી તાડી;
એહી લીલા સુખ દેખી મગ્ન ભયે, પરમાનંદ બલિહારી ૨

૩૭૭. ઝુલત નવલગિરધારી હિંડોળે - AS377 N611

રાગ - હિંડોળાનું મારૂ (નાદબ્રહ્મ પદ-૬૧૧)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલત નવલગિરધારી હિંડોળે, માંહી ઝુલત નવલગિરધારી;
બૈઠે સંગ પરસ્પર ભુજધારી, શ્રી વૃષભાન કુમારી ..... ટેક

મણિ કાંચન કે સ્તંભ મનોહર, દાંડી ચાર સોહાય;
વિવિધ ભાતકે બને હૈ કૂલના, વિદ્રુમ ભૂમિ બનાય ૧

કરત વિલાસ અપને મન ભાવ્યો, રસિક રાધિકા પ્યારી;
લલિતાદિક મને કુલે ઝુલાવે, ગાવત ગીત સુધારી ૨

દર્પણમેં મૂખ દેખી મનોહર, દેત પરસ્પર તાલી;
એ છબી સહિત રહો મન મેરે, નંદદાસ બલિહારી ૩

૩૭૮. ઝુલાવન આયી ગોપી - AS378 N612

રાગ - હિંડોળાનું મારૂ (નાદબ્રહ્મ પદ-૬૧૨)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

ઝુલાવન આયી ગોપી, ઝુલાવન આયી;
ચલ હો હિંડોળો દેખન વનમેં, અશ ચંપેકી છાંય ..... ટેક

પહેરત પીત પીતામ્બર સુંદર, સાડી સુરંગ સોહાય;
શ્યામ શ્યામ બરોબર બૈઠી, શોભા વરણી ન જાય ૧

મણિ કાંચનકે સ્થંભ મનોહર, દાંડી ચાર સોહાય;
પરમાનંદ પ્રભુ ઝુલે હિંડોળે, ગોપી ઝુલાવન આયી ૨

૩૭૯. સજની જઈએ રે જમુના - AS379 N613

રાગ - સજની (નાદબ્રહ્મ પદ-૬૧૩) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સજની જઈએ રે જમુના, જ્યાં ખેલ કરે રે કનૈયો;

હિંડોળે બાંધ્યો હીર દોરી, શામળીઓ ને શ્યામા ગોરી રે;
હિંડોળે દોઉ જન બૈઠે, હુલરાવે સખી સૌ હેઠાં રે ૧

ઘૂમરડી ઘાલે વ્રજનારી, તહાં દર્પે[૧] તે લાડ કુમારી રે;
બાંય ગ્રહી અંગોઅંગ ભીડે, માનુની મનમથ પીડે રે ૨

એક રૂપ રસાલું ગાયે, બીચ વેણ મધુર સુર વાયે રે;
તહાં તાલ મૃદંગ ઝડી લાગે, બીચ રમણ રમે બડભાગી[૨] રે ૩

હરિની લીલા લ્હેર લટ લાગી, તહાં ઝુલે પ્રેમ સોહાગી રે;
હરિની લીલા કહી નવ જાય, રસ રહ્યો અધર મૂખે ગાઈ રે ૪

હરિને પુષ્પ પવિત્ર સોહાવે, ગોપી નંદનંદને ઝુલાવે રે;
તહાં નરસૈંયો નિત નિત નાચે, શોભા જોઈ ભક્તજન રાચે[૩] રે.... ૫

૧. મદમસ્ત બને
૨. મહા ભાગ્યશાળી
૩. આનંદે-મગ્ન બને

૩૮૦. સજની જુઓ નાથ નિહાળી રે - AS380 N614

રાગ - સજની (નાદબ્રહ્મ પદ-૬૧૪) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સજની જુઓ નાથ નિહાળી રે, વ્હાલો વાયે છે વેણ રસીલી રે;
ધુમરડી તે અબલા ધાલે, સુખ સાગર મોહન મ્હાલે રે ..... ટેક

શિરમુગટ મહામણિ સાર રે, કાને કુંડલ જ્યોત અપાર રે;
વનમાલા ઉરપર લ્હેકે રે, તહાં ચૂવા ચંદન બ્હેકે રે ૧

શ્યામલડી સોહે સંગે રે, અતિ ઉલટ વાધ્યો અંગે રે;
વહાલો હસી હસી હૃદીયા ભીડે રે, કામની મનમથ પીડે રે ૨

શ્યામા સન્મુખ આવી ઉભી રે, શણગાર સકલ તહાં શોભે રે;
શ્યામા સાન કરી કરી જુએ રે, જુવંતી જનના મન મોહે રે ૩

તાલી તાલ પખાવજ ગુગરડી, આગળ નાચે છે નારી રૂડી રે;
ઉમંગ્યો રસ કૌતુક ભારી રે, આનંદિત અબલા નારી રે ૪

ધુમરડી ધાલે લાંબી રે, પાયે ખલકે તે કલ્લાં કાંબી રે;
એને નાદે નુપૂર વાજે રે, પદછંદે પૃથ્વી તે ગાજે રે ૫

વ્હાલાં મરકડલાં કરી બોલે રે, તેમ આવી હીંચે હિંડોળે રે;
વ્હાલાંને વ્હાલેરી લાગે રે, માન મૂકી સખી પાયે લાગે રે ૬

નરસૈંયો રસમેં માતો રે, ગોપીવરના ગુણલાં ગાતો રે;
તે પામ્યો મહાફલ મોટું રે, હું તો ચરણકમલમાં લોટું રે ૭

૩૮૧. સજની આ શોભા રૂડી રે - AS381 N615

રાગ - સજની (નાદબ્રહ્મ પદ-૬૧૫) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સજની આ શોભા રૂડી રે, શ્યામળીઓ ને શ્યામા જોડી;
તે હર્ષે હિંડોળે હીંચે રે, વ્હાલો પ્રેમ મહારસ પ્રીછે ..... ટેક

પીલી પલવટ સુંદર સોહે રે, તેને તેજે ત્રિભુવન મોહે;
વ્હાલે કંઠે બાહુલડી દેતો રે, આલિંગન વારી લેતો ૧

તહાં બહૂવિધ બાજાં બાજે રે, તહાં મેઘ ઘટા ધૂની ગાજે;
નીલાં પીલાં તે અમ્મર ઝલકે રે, નાચંતા નુપૂર ખલકે ૨

શ્યામા સજી સકલ શણગાર રે, ઉર લ્હેકે તે મુકતાફલહાર;
જોબનમેં જુવંતી માતી રે, તે મધુર સ્વરે ગાતી ૩

ગોપીવર ખેલ કરાવે રે, જમુનાતટ સુંદર ભાવે;
તહાં મોર કોકિલા બોલે રે, જોતાં નહિ કોઈ એની તોલે ૪

વૃન્દાવન વિલસે નાથ રે, તહાં મોહ્યાં સુરિનર સાથ;
બ્રહ્માદિક ભેદ ન જાણે રે, તે નિશદિન ગોપી માણે ૫

નરસૈંયો કેરી વાણી રે, કૃષ્ણે આપી કરુણા આણી;
વળી પોતે પોતાનો કીધો રે, મહારસમાં તાણી લીધો ૬

૩૮૨. સજની ઝરમર ઝરમર વર્ષે રે - AS382 N616

રાગ - સજની (નાદબ્રહ્મ પદ-૬૧૬) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સજની ઝરમર ઝરમર વર્ષે રે, તેમ નાથને નારી વિલસે;
લપટાણી અબલા અંગે, ધુમરડી ધાલે રંગે ..... ટેક

અબલાએ અંબોડો વાળ્યો, ઉર અંબર અંતર ટાળ્યો;
ચતુરાને ચોળી ચલકે, નથ વેસર મોતી ઝલકે ૧

જેમ વ્યોમ વીજલડી ઝબુકે, મધ્યે મોર કોકિલા ટહુકે;
વાંસલડી વ્હાલો વાયે, તેમ નાચે ને ગોપી ગાયે ૨

શ્યામા કામ તે ઘેલી ડોલે, મનમોહન શું હસી બોલે;
ગોફણલી ઘુંઘરડી ઘમકે, તાલી દેતાં કાંકણલી ખલકે ૩

હિંડોળે હીંચે વનમાલી, વારંવાર ઓવરણા વારી રે;
ધાલે કંઠે મુક્તાફલહાર, મોહ્યાં મુગટે તે નંદકુમાર ૪

એક ઊભી નાથ નિહાળે, એક ચાલીને ચમર ઢોલે;
એક કૂલી અંગ નમાયે, એક ભીડે હૃદીયા માંહે ૫

કરે દેવ દુદુંભી નાદ રે, શ્રવણે સુની શ્યામા સાદ રે;
કરે પુષ્પવૃષ્ટિ અપાર રે, મુખે બોલે જૈ જૈકાર ૬

નરસૈંયો પ્રેમે ભરાણો રે, શ્યામ સર્વેમાં પટરાણો;
લીલા જોતાં તૃપ્ત ન થાયે, તાલ દઇને પુંઠે ગાયે ૭

૩૮૩. સજની વાંસલડી વાયે વ્હાલો રે - AS383 N617

રાગ - સજની (નાદબ્રહ્મ પદ-૬૧૭) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સજની વાંસલડી વાયે વ્હાલો રે, રાધા ગોરી ને કાનુડો કાલો;
તેને નયનભરી નિહોળો રે, સોહે શરદપુનમ રઢિયાલો ..... ટેક

લપટાણી અબલા અંગે રે, મનમોહન બાંધ્યો રંગે;
ભુજ ભીડી ભામિની વ્હાલે રે, શ્યામા સર્વે ધુમલડી ઘાલે ૧

નીલા પીલા પલવટ ઝલકે રે, મુખ જોઈને મોહન મલકે;
સોહે શિશ રાખલડી રૂડી રે, વળી ફરકે ફૂમતી ચૂડી ૨

એમ દીસે નંદકુમાર રે, પ્રેમદાના પ્રાણ આધાર;
એની દષ્ટે તે મોહત વેલી રે, પ્રેમ વાધ્યો રંગની રેલી ૩

વૃન્દાવન ફૂલ્યું અપાર રે, તહાં પ્રસર્યો પ્રેમલ સાર;
વળી ત્રિવિધ પવન અતિ વાયે રે, ઘન ગર્જે ને ઘટા થાયે ... ૪

ઘુઘરડી ઘમકે પાયે રે, માંહી નુપૂર નાદ શોહાયે;
ગોપી કરતી મધુરું ગાન રે, કોની ન રહી સૂધ ને સાન ૫

કંટે બાહુ પરસ્પર ઘાલે રે, સુખ સાગર શ્યામા મ્હાલે;
તેની શોભા કહી નવ જાયે રે, વશ કીધા જાદવ રાયે ૬

કૃષ્ણે કામનીઓ ઉર લીધો રે, પ્રભા પ્રેમ પ્રબલ રસ પીધો;
નરસૈંયાનો મનોરથ સીધ્યો રે, લીલા જોઈને કૃતાર્થ કીધો ... ૭

૩૮૪. આજનો હિંડોળો રે અતિ રળિયામણો - AS384 N618

રાગ - મેવાડો (નાદબ્રહ્મ પદ-૬૧૮) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આજનો હિંડોળો રે અતિ રળિયામણો, તહાં ઝુલે નંદનો કુમાર;
સંગે ઝુલે રે રાધા સુંદરી, રાય વૃષભાનની કુમારી ..... ટેક

કનકના સ્તંભ રે બે હીરે જડ્યા, દાંડી સોહે સુંદર ચાર;
પંચ ને પીરોજા રે અતિશય ઝલહળે, ફરતી મોતીઓની ઝુલ ... ૧

ઝુલાવવાને આયી રે વ્રજની સુંદરી, તેને સોહે સોળ શણગાર;
રુમ ઝુમ કરતાં રે સર્વે નીસરી, હંસગામીની રે નાર ૨

વાજીંત્ર વાજે રે બહુ વિધવિધના, વૈષ્ણવજન ગાયે સાર;
સુરિનર મુનિ રે સર્વે મોહી રહ્યા, બોલે જૈ જૈ શબ્દ રસાલ ૩

અંત્રીક્ષથી આવી રે ઇન્દ્ર ઊભા જુએ, જહાં ઝુલે દેવમોરાર;
શોરા શોરી રે ઝુલે સન્મુખ રહી, હરિજશ ગાવે કેશવદાસ ૪

૩૮૫. બેઉ રસિયે રસિયા ઝુલે છે - AS385 N619

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૬૧૯) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

બેઉ રસિયે રસિયા ઝુલે છે;
રસની વાત પરસ્પર બેઉ ને, મરકલડે મન ફૂલે છે ..... ટેક

એક એકની સુંદરતા જોઈ જોઈ, પેલા દુર્જનના મન ડોલે છે;
ભણે નરસૈંયો સુર બ્રહ્માદિક, શંકર તાંડવ ભૂલે છે ૧

૩૮૬. દેખ હો વસુદેવ હરિમુખ - AS386 N620

રાગ - બિહાગ ફેર (નાદબ્રહ્મ પદ-૬૨૦)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

દેખ હો વસુદેવ હરિમુખ, દેખ હો વસુદેવ;
કોટિ કામ સ્વરૂપ સુંદર, કોઇ ન જાણે ભેવ ..... ટેક

જાકે ચાર ભુજા ચાર આયુધ, નીરખી લે નિરધાર;
અજહું મન પ્રતીત નાહિ, નંદ ગ્રહે લે જાય ૧

જાકે પોલી પાલા જડે તાળાં, નાહિ ન માર્ગ ભેવ;
નિશા અંધારી વીજ ચમકે, સઘન વર્ષે મેહ ૨

જા કે શ્વાન પડત પહોરવા, હુઆ મુક્ત દ્વાર;
બંધન બેડી સબ છુટી, ભયો એહ વિચાર ૩

ઝાલર ઝાંઝ પખાવ બાજે, ઓર બાજે કિરતાલ;
દેવકી ગૃહે કૃષ્ણ પગટે, કંસકો હૈ કાલ ૪

સિંહ આગે શેષ પીછે, વહત જમુના પૂર;
નાસિકા લો નીર આયે, પાર પેલે દૂર ૫

ગોદ તેં અહંકાર કીનો, નદી પાયો ભેવ;
પરસી જમુના માર્ગ દીનો, ઉતરે વસુદેવ ૬

બાવાનંદ શું મનોહર કીજે, સુનો કહે વસુદેવ;
કહેત કવિ સુત જાની અપનો, કીજો હરીજીકી સેવ ૭

ઙઙઙઙ અનંત સૂર ઙઙઙઙ

૩૮૭. આજ સખી અષ્ટમી - AS387

રાગ – ધોળ [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આજ સખી અષ્ટમી ને બુધવાર રે,
પ્રગટયા શ્રી પુરુષોત્તમ પ્રાણાધાર રે

પહેરો બેની શોભીતા શણગાર રે,
જાવું છે નંદ તણે દરબાર રે

નંદજીના ભાગ્ય તણો નહીં પાર રે,
ધન્ય ધન્ય માતા જશોદા માડી રે

પુત્રના તો શ્રીમુખ નીરખો છો દહાડી રે,
એવો તો પુત્ર જન્મીને સુખ દીધા રે

વિપ્રને તો દાન ઘણાં એક દીધાં રે,
ત્યાં તો કોઇ તરિયા તોરણ બંધાવો રે

વ્હાલાજીને વિવેકે વધાવો રે,
એવી છે દાસ હરિ ભટ્ટની વાણી રે,
તેને તમે હૃદિયામાં રાખોને આણી રે

૩૮૮. જમુના જળમાં કેસર ઘોળી - AS388

રાગ – ધોળ [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

જમુના જળમાં કેસર ઘોળી, સ્નાન કરાવું શામળા;
હલકે હાથે અંગો ચોળી, લાડ લડાવું શામળા ..... ટેક

વસ્ત્રે અંગો લૂછી આપું, પીળું પીતાંબર પ્યારમાં;
તેલ સુગંધીવાળું નાખું, વાંકડિયા તુજ વાળમાં ૧

કુમકુમ કેસર તિલક લગાવું, પ્રિતમ તારા ભાલમાં;
અલબેલી આંખોમાં આંજુ, અંજન મારા વ્હાલમાં ૨

હસતી જાઉં વાટે વાટે, નાચી ઉઠું તાલમાં;
નજર ન લાગે શ્યામ સુંદીરને, ટપકું કરી દઉં ગાલમાં ૩

પગમાં ઝાંઝર રુમઝુમ વાગે, કરમાં કંકણ વ્હાલમાં;
કુંડળ કાને કંઠે માળા, ચોરે ચિતડું ધ્યાનમાં ૪

મોર મુગટ પહેરાવી માથે, મોરલી આપું હાથમાં;
કૃષ્ણ કૃપાળુ નીરખી શોભા, આંખો સુંદર આપજે ૫

નાની શી ઝુંપડીમાં મુજને, આવી દર્શન આપજે;
આટલી મારી વિનંતી છે, તું સાંભળજે શામળા ૬

૩૮૯. નંદ ઘેર આનંદ થાય - AS389 N870

(નાદબ્રહ્મ ૫૬-૮૭૦, પૃષ્ઠ-૫૯૧) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

નંદ ઘેર આનંદ થાય, ગોકુળમાં નંદ ઘેર આનંદ થાય

અવિનાશીએ અવતાર લીધો, માતાનું મન હરખાય ..... ગોકુળમાં

શ્રાવણ વદ મધ્ય આઠમની રાતે, મંદ મંદ વાયુ લ્હેરાય. ગોકુળમાં

નંદના લાલને મોતીડે વધાવ્યા, ઝળહળ આરતી થાય.. ગોકુળમાં

ગાંડા ને ઘેલા ગોવાળિયાઓ, નાચે કૂદે ને ગાય ..... ગોકુળમાં

શણગાર સજી ગોપીઓ આવે, લઈને પૂજાનો થાળ ..... ગોકુળમાં

કંકુ કેસરનાં સાથિયા પુરાયા, ઘેર ઘેર તોરણ બંધાય .... ગોકુળમાં

ગાયો નાચે ગોવાળિયા નાચે, ગોરસના છાંટણા થાય ... ગોકુળમાં

હીરા માણેકનાં દાનો અપાયા, વિપ્રોને ગાયો અપાય .... ગોકુળમાં

ઘોડે બેસીને જુવાનો ચાલ્યા, ઘરડાઓ પાલખીમાંય ..... ગોકુળમાં

ચાંદો સૂરજ ને નવલખ તારલા, દર્શન કરી હરખાય ... ગોકુળમાં

સનકાદિક બ્રહ્મા નારદ શંકર, સ્વર્ગમાં પુલકિત થાય ... ગોકુળમાં

શિવરામ કહે છે ધર્મ પ્રસારવા, પ્રભુનો અવતાર થાય .. ગોકુળમાં

નંદ ઘેર આનંદ ભયો .....જય કનૈયા લાલકી
હાથી ઘોડા પાલકી .....જય કનૈયા લાલકી
બ્રાહ્મણકો દાન દિયો .....જય કનૈયા લાલકી
મથુરામેં જન્મ લીયો .....જય કનૈયા લાલકી
ગોકુલમેં બડો હુઓ .....જય કનૈયા લાલકી
જશોદા કો લાલો ભયો .....જય કનૈયા લાલકી
નંદ કો દુલારો બનો .....જય કનૈયા લાલકી
મામા કંસકો માર દિયો .....જય કનૈયા લાલકી
ગોકુલ કી ગોપી બોલે ..... જય કનૈયા લાલકી
કદમકેરી ડાળો બોલે ..... જય કનૈયા લાલકી
ભક્તોકો આનંદ ભયો ..... જય કનૈયા લાલકી
કબીર મંદિર પ્રગટ ભયો ...જય કનૈયા લાલકી

૩૯૦. મધ્યરાત્રિ રાત્રે પ્રગટે મોરાર - AS390 N621

રાગ - બિહાગ ફેર (નાદબ્રહ્મ પદ-૬૨૧)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

મધ્યરાત્રિ રાત્રે પ્રગટે મોરાર;
નિશા અંધારી ગર્જત વર્ષત, રોહિણી બુધવાર ..... ટેક

કારાગૃહમેં ભયો ઉજિયારો, કોટિક ભાણ પ્રકાશ;
શોવત તહાં દેવકી જાગી, નીરખે વિશ્વ નિવાસ ૧

શંખ ચક્ર ઔર ગદા પદ્મ, ચાર આયુધ ભુજા ચાર;
દેખી સ્વરૂપ અદ્‌ભુત માની, લાગી કરન વિચાર ૨

કંસ ભયે અતિ ડર્પત, રાખો કહાં દુરાઈ[૧];
સુરદાસ પ્રભુ શું કછું મનમેં, નિજ પતિ લિયો હૈ જગાઈ ૩

૧. દૂરતા

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸꠸꠸

તાત ત્રાસન આન ઉનકી, સુનો બચન હમારો;
રસિક રહું સકલ ઠોરે, ઊઠો સોચ નિવારો ૭

બચન સુનત વસુદેવ ઊઠે, હરિ ભયે બાલ સ્વરૂપ;
વસ્ત્ર ઢાંક ઉછંગ લીને, ચલે જાદવ ભૂપ ૮

પહુરવા સબ પોઢી ગયે, ખોલે સકલ કમાડ;
રક્ષા કરહે શેષ નૃસિંહ, દઈ જમુના વાટ ૯

ગોકુલ પહુંચે જાય જશુમતિ, હરિ લિયે કંઠ લગાય;
પુત્રી લે અરૂ પિતા વસુદેવ, સધન પહુંચે આય ૧૦

ફિર જમુના પલટ ગયી હૈ, મેઘ અતિ ઉકલાય;
બાલક જન્મ્યો જાની તબહી, પહુરવા કહ્યો જાય ૧૧

કંસ કહે તુમ વેગે આવો, જરા ન લગાવો વાર;
જાઉં પટક પછાડ શિલા પર, તુરત આવું માર ૧૨

કન્યા જાની દયા ન આની, લે ગયે તુરત ઊઠાઈ;
શિલા પછાડત જોગમાયા, ઉડી દોઉ કરવાયી ૧૩

સુનો અનુચર કંસ કે, તુમ જા કહ્યો નિરધાર;
જન માધવ પ્રભુ ગોકુલ પહુંચે, નિશ્ચે મુક્ત વિચાર ૧૪

૩૯૨. સોનલા કેરૂં રે સુંદર પારણું - AS392 N623

પાલણું

રાગ - મેવાડો (નાદબ્રહ્મ પદ-૬૨૩) [અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

સોનલા કેરૂં રે સુંદર પારણું, મોતીડે પરોવ્યા દોર;
હીરલા કેરૂં રે જડ્યા હંસલા, માણેક જડ્યા મોર ..... ટેક

બ્રહ્મ નાથ રે પોઢ્યા પારણે, પોઢ્યા હરિ પારણા મોઝાર;
હરિ ને હુલરાવે[૧] રે માતા જશુમતિ, હર્ષે હાલેરૂં ગાય ૧

ધન્ય ધન્ય રે માતા જશુમતિ, ધન્ય ધન્ય નંદજી તાત;
ધન્ય ધન્ય રે વ્રજની સુંદરી, ધન્ય ધન્ય વ્રજનો વાસ ૨

કોણ કોણ પુણ્ય રે પુત્ર હમો આચર્યા, વિપ્રને દીધાં રે દાન;
પાવન કીધો રે વંશ હમારો, બલ[૨] જાયે માધવદાસ નિધાન. ૩

૧. હીંચકવું
૨. કૃતાર્થ થવું

૩૯૩. આનંદ વાધ્યો અતિઘણો - AS393 N624

રાગ - માલવ ગોડો (નાદબ્રહ્મ પદ-૬૨૪)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આનંદ વાધ્યો[૧] અતિઘણો, હર્ષ્યા સુરનર લોક રે;
જાદવકુલમાં જાદવ જાયો, માતાનો ટળ્યો શોક રે ..... ટેક

વસુદેવ મનમેં વિશ્મય પામ્યા, કારણ કુંવરકો આયો રે;
દુઃખ નિવારણ સંકટ તારણ, ગોકુલમેં પધરાવ્યો રે ૧

ગગન થકી બાજે દુદુંભિ, પુષ્પવૃષ્ટિ તહાં થાય રે;
નરસૈંયાનો સ્વામી જશોદાને ખોળે, વસુદેવ મેલી જાય રે ૨

૧. વધ્યો

૩૯૪. જશોદાજીને આંગણિયે કાંઈ - AS394 N625

રાગ - માલવ ગોડો (નાદબ્રહ્મ પદ-૬૨૫)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

જશોદાજીને આંગણિયે કાંઈ, સુંદર શોભા દીસે રે;
મુક્તાફલના[૧] તોરણ લટકે, જોઈ જોઈને મન સીંચે રે ..... ટેક

માંહો માંહે માનુની હીંડે, ઉલટ અંગ ન માય રે;
કુંકુમ કેસર અંગે ચર્ચે[૨], ઘર ઘર ઓચ્છવ થાય રે ૧

ધન ધન નંદભુવનની લીલા, જહાં પ્રગટ્યા પરમાનંદ રે;
રંગ રેલ નરસૈંયો ગાવે, મન ઉપજ્યો અતિ આનંદ રે ૨

૧. મોતી ૨. ઘસે

૩૯૫. આજ આનંદ નંદતણે ઘેર - AS395 N626

રાગ - માલવ ગોડો (નાદબ્રહ્મ પદ-૬૨૬)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આજ આનંદ નંદતણે ઘેર, માનુનીઓ મિલી મંગલ ગાય;
બાજે તાલ મૃદંગ ફેરી[૧], આંગણ મોતીના ચોક પુરાય ..... ટેક

કંચનથાલ ભરી શ્રી ફલસો, વધાવે સર્વે વ્રજની નાર;
કુંકુમ કેસર આંગણ છાંટ્યો, મુક્તા તોરણ બાંધ્યા દ્વાર ૧

શ્રાવણ માસ કૃષ્ણ પક્ષવાડે, શુભ રોહિણી અષ્ટમ બુધવાર;
જૈ જૈકાર કરે સુરનર મુનિ, વર્ષે ચંદન કુસુમ અપાર ૨

હર્ષ્યા નંદજશોદા રાણી, જાચક[૨] જનને આપ્યું દાન;
જીવો જશોદા કુમાર તમારો,
નરસૈંયા કો સ્વામી ભક્ત નિધાન 3

૧. ફરતે ફરવું તે
૨. ભિક્ષુક ભિખારી

૩૯૬. આજનો દિવસ અતિ સોભાગી - AS396 N627

રાગ - માલવ ગોડો (નાદબ્રહ્મ પદ-૬૨૭)

[અનુક્રમણિકા-૧૦ Index_front Index_back]

આજનો દિવસ અતિ સોભાગી, પ્રગટ્યા દેવ મોરારિ રે;
મોતીડે ચોક પૂર્યા અતિ સુંદર, મંગલ ગાન ઉચરી રે ..... ટેક

હર્ષ્યા નંદભુવનમાં ઉમંગ્યા, બહુવિધ દાન દેવાય રે;
કુંકુમ કલખ[૧] કામની કર લીના, ઘર ઘર મંગલ ગાયે રે ૧

કોટિ બ્રહ્માંડનો કહાવે, ગોકુલમાં જેનું ધામ રે;
નરસૈંયાના સ્વામી અવતર્યા, પૂર્યા મનના કોડ રે ૨

૧. અપલક્ષવાળી

૩૯૭. શિવ વિરંચિ સબ સુખ ભર્યો - AS397 N628

રાગ - સામેરી રાસ (નાદબ્રહ્મ પદ-૬૨૮)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સાખી

શિવ વિરંચિ[૧] સબ સુખ ભર્યો, અસુર ન સુખ અવેવ[૨]
કંસરાય ડર્પત ભયો, સો વર પુરણ વસુદેવ

ચાલ

વસુદેવ સુત જબ જાયો, તબ નંદજીકે ગૃહે પઠાયો;
યહાં હર્ષી જશોદા રાણી, સુત દેખ્યો સારંગ પાણિ[૩];
તહાં અતિ આનંદ મન ભાયો, ઐસો પુત્ર પરમાનંદ પાયો ... ૧

સાખી

પરમાનંદ પગટ ભયે, નંદરાય કે ગૃહે
ભક્તરાજ સમારવે કો પ્રગટ ધરી પ્રભુ દેહ

ચાલ

ઋષિ ગર્ગાચાર તહાં આયે, પૂજા કરીને લાગે પાયે;
હરિકો જન્મકર્મ જબ કીનો, વ્રજ બોલ બોલ દાન દીનો;
જન્મપત્રિકા શ્રવણે સુનાઈ, તહાં હર્ષે પિતા અરૂ માય ૨

સાખી

હર્ષે નંદ જશુમતિ, હર્ષે ગોપી ગ્વાલ
દધી ઓચ્છવ આનંદ ભયો, સબ લાયી દધી વ્રજબાલ

ચાલ

સબ લાઈ દધીવ્રજબાલ, તહાં ચર્ચે ગોપી ગ્વાલ;
તહાં લાલ પીત રંગ ભાયો, જહાં વદન અતિશય ઉડ્યો ૩

સાખી

વદન ભેરવ સાંવલો, અરૂન તરૂન[૪] ભયે રંગ
દધી દુદુંભિ બાજા બાજહી, સો અતિ વાધ્યો અનંગ

ચાલ

તહાં હર્ષી હર્ષી ગુણ ગાવે, તહાં સંગીત શબ્દ સુનાવે;
તહાં નૃત્ય કરે અતિ રંભા, દધી ત્રિકુટી હોત સુથંભા[૫] ૪

સાખી

સરસ સુગંધી ધૂની સુની, મુદિત[૬] ભયે નંદરાય
કાંચન મણિ આભૂષણ વસન સો સબ દિયે રે બોલાય

ચાલ

સબ બોલ બોલ દાન દીનો, આયે કો આદર કીનો;
તહાં સબ મિલી મંગલ ગાયે, તેની શોભા કહી નવ જાયે;
તહાં જન્મ સમે ગુણ ગાયે, જન માધવ પરમ પદ પાયે ૫

૧. બ્રહ્મા ૨. હવે ૩. વિષ્ણુ
૪. તરૂન એટલે યુવાનીને, અરૂન એટલે સૂર્ય મતલબ કે યુવાનીનું સૂર્ય જેવું તેજ ૫. સ્થિર ૬. આનંદ

૩૯૮. જાકી ગત બ્રહ્મા ના લિખે - AS398 N629

રાગ - સામેરી રાસ (નાદબ્રહ્મ પદ-૬૨૯)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સાખી

જાકી ગત બ્રહ્મા ના લિખે, નિગમ ન પાવે પાર
સો વપુ ધારે નંદકે, પ્રગટે હૈ મોરાર

ચાલ

જહાં પ્રગટ ભયે મોરારિ, ગુરૂ ગર્ગાપતિ વિચારી;
ગૃહે જન્મ સુન્યો નંદરાય, તબ જ્યોતિષ શાસ્ત્ર મંગાયે ૧

ધન અષ્ટમી બુધવારી, રોહિણી નક્ષત્ર લગ્ન વિચારી;
જબ જામની અર્ધ ગમાઈ, તબ પ્રગટ ભયે જદુરાય ૨

સાખી

સંત જનકો તારને, પ્રગટ ભયે જગદીશ
વેદ વિમલ જશ ઉચરે, તુમ સુન હો ગોપનધીશ

ચાલ

સુનો નંદરાય એહી બાતા, બડો ભાગ્ય તુમ્હારો તાત;
આ તે ઔર નહિ કોઈ દૂજો, ગ્રહે જોગ ઐસો કરી બુજ્યો ૩

નંદરાય સુની મુસકાયે, તબ વિપ્રકો દાન દેવાય;
ગુરુપૂજા બહુવિધ કીની, ઉચિત પત્રિકા લીની ૪

સાખી

પંચ શબ્દ બાજાં બજે, ઘર ઘર ભેરી મૃદંગ
આનંદ ઓચ્છવ સબ કરે, જબ પ્રગટે પરમાનંદ

ચાલ

જબ પ્રગટે પરમાનંદ, વ્રજગોપમેં વાધ્યો આનંદ;
તહાં ગોપ સકલ મિલી આયે, દધી માખણ માટ મંગાયે ૫

મધ હરદ કુંકુમ ઘોળી, છિરકે નરનારી મિલી જોડી;
દધી કીચ કિયો ગૃહ દ્વારે, કુતૂહલ કરત અપાર ૬

તહાં મગ્ન ભયે નરનારી, તબ હર્ષીત ગોપ દુલારી;
કીર્તિ બહુ બંદીજન બોલે, સુરનર નાગ હી તોલે ૭

સાખી

સુર વિમાન નભ છાંહ્યો, દેખન નંદકુમાર
આનંદ ઓચ્છવ સબ કરે, સુની થકિત ભયે નરનાર

ચાલ

તહાં બોલત જૈ જૈકાર, ગાવે માનુની મંગલ ચાર;
બંદીજન બહુ મિલી આયે, તબ વિપ્રકો દાન દેવાય ૮

દીની ગૌ ગીની નલ જાયે, ખર રુપે સુવર્ણ શિંગ મઢાયે;
ઐસી અસંખ્ય વિપ્રકો દીની, અતિ હેત શું પૂજા કીની ૯

જેને જે જાચ્યો સો પાયો, વ્રજગોપમેં આનંદ આયો;
તહાં અમ્મર ઔર મંગાયે, સબ સજ્જન કુટુંબ પહેનાયો ૧૦

સાખી

બંદીજન જૈ જૈ કરે, પહોંચી મનની આશ
ગોકુલ ઓચ્છવ અતિ ભયો, ગુણ ગાવે કૃષ્ણદાસ

૩૯૯. કૃષ્ણ જનમ જશ જે સુને - AS399 N630

રાગ - સામેરી રાસ (નાદબ્રહ્મ પદ-૬૩૦)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સાખી

કૃષ્ણ જનમ જશ જે સુને, ઓચ્છવ જાકે દ્વારે
બ્રહ્માદિક શંકર કહે, પુનરપિ નહિં અવતાર

માતા મન આનંદ હી, જબ જન્મે શ્રી ગોપાલ
તીન લોક હર્ષિત ભયે, નંદ સહિત વ્રજબાલ

ચાલ

હાં રે જબ જન્મે શ્રીગોપાલ, તબ હર્ષિત વ્રજબાલ;
હાં રે નંદ આનંદ અંગ ન માય, મહા પંડિત પ્રસિદ્ધ બોલાય... ૧

હાં રે તુમ દેખો વિપ્ર વિચારી, આ બાલકકો અવતારી;
હાં રે જાકો રૂપ અનુપ અપારી, કહો વિપ્ર સાચું વિચારી ૨

સાખી

બોલે વિપ્ર વિચાર કે, સુનો નંદરાય સુજાન
અકલ નિરંજન નાથ હૈ, તુમ નિગમ અગમ કર જાન

ચાલ

હાં રે તુમ નિગમ અગમ કર જાનો, નંદરાય સત્ય કર માનો;
હાં રે તબ નંદજી મહોત્સવ કીનો, બહુ દાન વિપ્રકો દીનો ... ૩

હાં રે કછુ દેત ન ચિત્ત સંકોચાયો, હય ગજરથ પાર ન પાયો;
હાં રે માંગન મન આનંદ ફૂલે, જશ કરત નેક ન ભૂલે ૪

સાખી

દુદુંભિ કોટિ બજાવહી, અરૂ મૃદંગ કિરતાલ
ઘર ઘર સે ગૃહિણી ચલી, લઈ મુક્તાફલ થાલ

ચાલ

હાં રે તબ ભરી મુક્તાફલ થાલ, વધાવે નયને વિશાલ;
હાં રે પોઢે ઝુલે ચકડોલે, કોઈ નાહિ ન સમતોલે ૫

હાં રે દેખી દુઃખ વિસર્યો સુખ પાઈ, મહાજ્યોત પરમ સુખદાયી;
હાં રે તબ દીનો સબ આશિષ, ચિરંજીવો કોટિ વરસ ૬

સાખી

ગાવે ગીત મંગલ બહુ, સુરનર દેખન આયે
પુષ્પવર્ષા જો ભયી, તબ સુખ ઉપજ્યો તન માંહે

ચાલ

હાં રે સુખ ઉપજ્યો હરિજશ ગાતેં, મહાદુઃખ જરી ગયો ત્યાંહે;
હાં રે પ્રગટે જો પરમાનંદ, મહાકંસ નિકંદન કંદ ૭

હાં રે પરાક્રમકો પાર ન પાઈએ, કહો કૈસે કરી જશ ગાઈએ;
હાં રે જાકી મહિમા અનંત કહાવે,
તહાં લઘુ ગોપાલ જશ ગાયે ૮

૪૦૦. હનિ હાં રે કૃષ્ણજનમ જબ આયો - AS400 N631

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૬૩૧)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

હનિ હાં રે કૃષ્ણજનમ જબ આયો, સુરિનર મુનિ સબ સુખ પાયો;
હનિ હાં રે અશોક[૧] ભયો કંસ મૂઢ[૨],
અગમ આયો હૈ માસ અષાઢ ..... ટેક

અષાઢ માસ વતીત ભયે, સોહાયે સાવન માસ હો;
મધુવન ભયે સોહાવને, સખી મોર કરે કિલ્લોલ હો ૧

રૂમ ઝુમ હો ત્યાં મેઘ વર્ષે, અષ્ટમી બુધવાર હો;
જુગ જામની વિચિંત ભયી, ત્યાં રોહિણી હૈ સાર ૨

નિશા અંધારી વીજ ચમકે, સાવન ગ્રહ ગ્રહે હોય હો;
કંસ કાલ પ્રગટ ભયે, સૂધ ન જાને કોઈ ૩

પહુરવા[૩] સબ સોઈ રહે, દાદુર[૪] કરે પુકાર હો;
સુરન કારજ સારવે કો, કૃષ્ણે લિયે અવતાર હો ૪

૧. ‘અશોક’ ને બદલે ‘અશેષ’ પાઠ જોઈએ; તેનો અર્થ થાય સંપૂર્ણ. કંસ સંપૂર્ણપણે મૂઢ થયો
૨. મૂર્ખ
૩. પહેરેગીર
૪. દેડકા

૪૦૧. હનિ હાં રે દેવકી જાયો કુમાર - AS401 N632

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૬૩૨)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

હનિ હાં રે દેવકી જાયો કુમાર, વસુદેવ શોચ કરે અપાર;
હનિ હાં રે વચન સફલ તબ કીનો,
વસુદેવ દેવકીકો દરશન દીયો .... ટેક

દીયો દર્શન વસુદેવ દેવકી, પૂરણ પ્રીત પિછાનીએ;
પીતામ્બર પટ ઓઢને, મેઘ શ્યામ તન વર્ણીએ ૧

મણિ મુકુટ શોભા બની, ઝળહળ કુંડલ કાનમેં;
ચાર ભુજા આયુધ ધારે, શંખ ચક્ર ગદા પદ્મ મેં ૨

કરજોડી વસુદેવ કરે વિનંતિ, સનાથ કિયે હરિ આયકે;
જો ના ડરો તો રહો નિર્ભય, કંસ કાલ હમ જાનકે ૩

તુમ ડરત હો હમ જાય ગોકુલ, નંદબાવા કે દ્વાર હો;
ઈતને કહી હરિ ભયો બાલક, દેવકી જાયો કુમાર હો ૪

૪૦૨. હનિ હાં રે દેવકી કહે હરિમુખ દેખો - AS402 N633

રાગ - હિંડોળાની સામેરી (નાદબ્રહ્મ પદ-૬૩૩)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

હનિ હાં રે દેવકી કહે હરિમુખ દેખો, જીવન જન્મ સફલ કર લેખો;
હનિ હાં રે પૂરણ બ્રહ્મ મોરારિ, વસુદેવ શોચ કરે વિચારી .... ટેક

વિચાર હો તુમ કહાં કરત હો, અબ હુન મન પ્રતીત હો;
તુમ ચાર ભુજાકો દર્શન પાયો, કીની મુખમુખ વાત હો ૧

પાદકી બેડી છૂટ ગયી, છૂટ ગયે વજા[૧] કમાડ હો;
તુમ જાઓ ગોકુલ વેગે કરી, માનો અમારી વાત હો ૨

પલટી બાલક લિયો ઉર પર, ગયે કાલિંદી કે ઘાટ હો;
પૂર જમુના વહેત હૈ, સો વેગે દીની વાટ હો ૩

હરિ વસુદેવ ગયે ગોકુલ, નંદ ગૃહે અનિમેષ;
પુત્ર ધર કે પુત્રી લીની, ચલે હરિમુખ દેખ હો ૪

૧. સારી રીતે બંધ કરેલા દરવાજા

꠸ꠋ꠸ꠋ꠸ꠋ

૪૦૪. નીરખો નંદકુમાર નેન ભરી - AS404 N639

(નાદબ્રહ્મ પદ-૬૩૯)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

નીરખો નંદકુમાર નેન ભરી, નીરખો નંદકુમાર રે;
જશુમતિ કૂખ ચંદ્રમાં પ્રગટે, આ વ્રજકો ઉજીયાલો ..... ટેક

આજ બનકો કોઈ જન જાયો, સુનો સગોપી ગ્વાલ;
અપને અપને વેશ સબ મિલી, લાવો વિવિધ શણગાર ૧

માંખન હરદી દૂધ દહીં ઓચ્છવ, મંડિત કરો હો દ્વાર;
પૂરો હો ચોક વિવિધ મુક્તાકો[૧], ગાવત મંગલ ચાર ૨

ચહુ ઔર ધૂની કરત મહામુનિ, હોત નક્ષત્ર વિચાર;
ઉદિત પુન્યકો પુંજ શ્યામલો, સકલ સિદ્ધિ દાતાર ૩

ગોકુલ વધૂ નીરખી આનંદીત, સુંદરતા સબ સાર;
દાસ ચત્રુભુજ પ્રભુ ચિરંજીવી, જશુમતિ પ્રાણ આધાર ૪

૧. મોતીઓ વડે

૪૦૫. આજ વધાવો નંદન કે દ્વાર - AS405 N645

(નાદબ્રહ્મ પદ-૬૪૫)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

આજ વધાવો નંદન કે દ્વાર, ગાવ હું મંગલ ચાર રે;
આવહું અનંદ કલશ સાજી[૧] દધી, ફળ નૂતન કે ડાળ રે .... ટેક

ઉર પર મેલે નંદરાય કે, ગોપ સબ નમીહાર રે;
મગધ બંદિસુત મિલી દ્વારે, પ્રસ્તુતિ કરત કેવાર રે ૧

પાયે પૂરણ આશ આનંદિત, સબ મીતિ દેત આશિષ રે;
નંદરાયકો લાડીલો એહ, જીવો કોટિ વર્ષો રે ૨

તબ વ્રજરાય આનંદિત, બહુવિધિ દીને વસન બનાઈ રે;
ઐસી શોભા દેખી પ્રભુકી, સુરદાસ બલ[૨] જાય રે ૩

૧. સજાવી-તૈયાર કરી
૨. કૃતાર્થ થાય

૪૦૬. ઢાઢીઓ રઘુનંદજીકો - AS406 N647

રાગ - મારૂનો ઢાઢીઓ (નાદબ્રહ્મ પદ-૬૪૭)

[અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

ઢાઢીઓ રઘુનંદજીકો, નંદકે દ્વારે ગાયે હો;
ગહર મહર ગોપીન કે રાજા, હૈ કોઈ જાઈ સુનાવો હો ..... ટેક

સરયુ કે તીર અયોધ્યા પુરમેં, સમાચાર તહાં પાયો હો;
વરવે સકલ ગુનકે આગર, પુત્ર મહર ઘર જાયો હો ૧

મંગલ વર વપુ ધરે શ્યામ, જહાં તાહીં કે ઘર જાઉંગો;
જે જે જન્મકર્મ ગુન કર હે, શાખ વેદ મત ગાઉંગો ૨

જે કછુ કિયો કરેંગે જે કછુ, સોઈ સોઈ યહાં જાનો હો;
કલિયુગ ચરિત્ર અલ્પમતિ, અનુસાર સુજશ વખાણ્યો હો ૩

જલચર કમઠ વરાહ વપુ[૧] નૃસિંહ, વામન હો વપુ ધારી હો;
અમર કાજ રમાપતિ પ્રગટે, ક્ષત્રિય દલન મોરારિ હો ૪

રાજરાજ અભિરાજ શિરોમણિ, રામચંદ્ર હિતકારી હો;
અમર કાજ રંકાપતિ પ્રગટે, લીલા રૂપ તુમ્હારી હો ૫

સો હરિ હરણ ભાર ભૂ પ્રગટે, કંસાદિક વધ કાજે હો;
રાજીવનેન દેત વ્રજજન સુખ, અંગ અનંગ વપુ છાજે હો ૬

સકટ બકી માર તારે તરુ, વિશ્વમૂખમાં દેખાયે હો;
કર બંધન જનુની વશ હોયેગો, બ્રહ્માદિક કો મોહેંગો ૭

કોપિત સુરપતિ સપ્ત દિવસ લો, શૈલ[૨] વામ કર ધારેંગે હો;
મહા પ્રલયમેં મેઘ ગર્જ્યો, મઘવાકો ગર્વ નિવારેંગે હો ૮

કાલિ દમન કાલિંદી કે તટ, સહેજે સાકીત સુખ કરેંગે હો;
દાવાનલ વ્યાપક વ્રજ રખહી, નંદજી ગ્રહસ્થ ઉગારેંગે હો ૯

વિપુણ કેલ કલ્યાણ વિપુકારી, બંસી વૃન્દાવન બજાયેંગે હો;
પુન્યપુંજ[૩] ફલ વ્રજવાસીનકો, મોહ મત્સર ગતિ ગાનેંગે હો ... ૧૦

પુની રચી રાસ વિલાસ ગોપીનકા, જુવંતી જૂથ સબ મોહેંગે હો;
જલ ક્રીડત આનંદ ભયો હૈ, કર કરની વશ હોયે હો ૧૧

બકી આદિ શિશુપાલ અતૂલ બલ, અસુર રિપુ શ્યામ સહારેંગે હો;
સુજશ રાજે સંત સબનકી, પદરાજ ઢાઢી ગાવેંગે હો ૧૨

સુનિ સુકૃત[૪] જશ વિમલ ભયે નંદ, મોદ હી મચિત આયે હો;
પ્રેમ ભક્ત રઘુનાથ ચરણરજ, ઉચિત દેવાકર પાયો હો ૧૩

૧. શરીર
૨. પર્વત
૩. પુણ્યનો ઢગ
૪. પુણ્ય

૪૦૭. આજ મહામંગલ ગોકુલમેં - AS407 N648

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૪૮) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

આજ મહામંગલ ગોકુલમેં, પુત્ર જશોદા જાયો હો;
પુરે સકલ મનોરથ મનકે, અતિ આનંદ મન ભયો હો ..... ટેક

ગાવત ચલી સકલ વ્રજવનિતા, નંદભુવન ચલી આયે હો;
પાયે લાગી ઉઠી આદર દીનો, જશોદા નિકટ બુલાયો હો ૧

નામ કરન શુભ ધર્યો ગર્ગાએ જો, રોચન દ્રુમ મંગાયો હો;
ગુરુજન પુરીજન સકલ સંતજન, સબકે શિશ નમાયો હો ૨

ઘડી નક્ષત્ર પરે શુભની કે, એહ સુની સબકે અનુરાગે હો;
ધન ધન નરનારી ગોપીકા, નંદ પરમ બડભાગી[૧] હો ૩

વાસુદેવ ભગવાન કૃષ્ણજી, નામ તુમ્હારો ગાઉં હો;
નામ અનંત કહાં લગી વરણું, વરણત પાર ન પાઉં હો ૪

નાચત ગોપ કોલાહલ પુરમેં, ભીર ન કાહું સમાયે હો;
દેખત અમર વિમાન ચઢી ચઢી, આંગન બાજત વધાઈ હો ... ૫

એહ સુની મુનિ વિનંતિ વિસરાઈ, હમ ન ભયે વ્રજવાસી હો;
જા કારણ હમ જગ કીનો, પ્રગટ ભયે અવિનાશી હો ૬

ઢાઢી ગાવત ઢાઢની નાચત, પાવતી મોતિઓની માલા હો;
દેત આશિષ પ્રસારતી સંચરે, ચિર જીવો નંદજીકો લાલ હો ... ૭

ૐૐૐ

૪૦૮. દેખો અદ્‌ભુત અવિગત કી - AS408 N649

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૪૯) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

દેખો અદ્‌ભુત અવિગત[૧] કી, કૈસો રૂપ ધર્યો હૈ હો;
તીન લોક જા કે ઉદર ભુવનમેં, સો જશુમતિ ગોદ ખેલાયો હો ... ટેક

બ્રહ્માદિક સનકાદિક નારદ, સકલ વિશ્વરસ સાધ્યો હો;
તાકી નાલ[૨] કાટે વ્રજસુંદરી, બાટત ગાંઠ બાંધ્યો હો ૧

સુરનર મુનિ જાકો ધ્યાન ધરત હૈ, સકલ ચાતુરી ઠાની હો;
સો મુખ નંદ જશુમતિ ચુંબત, જા કે દૂધ લાળ લપટાની હો ૨

તીન લોક જા કી આશ કરત હૈ, સો માખન દેખન આયો હો;
સો ઠાકોર ગિરિ કર ધર્યો હૈ, સો પાલનામેં ઝૂલાયો હો ૩

જીવ શ્રવનની, ગજકી કરુણા સુની, ગરુડાસન વિચરાયો હો;
સોઈ સબન કે નિકટ જશોદા, હુલરાવ્રો[૩] અરૂ ગાયો હો ૪

જિન ભુજનતેં પ્રહ્લાદ ઉગાર્યો, હિરણાકંસ વિડાર્યો[૪] હો;
સોઈ ભુજ પકડ પકડ વ્રજજુવંતી, ઠાડે[૫] હોત પ્યારી હો ૫

બ્રહ્માદિક જાકી આદા ન જાને, શિવ સમાધિ ન ટારી હો;
સોઈ સુરદાસ કો ઠાકોર, ગોકુલ ગોપ બિહારી હો ૬

૧. જેની વિગત જાણી શકાતી નથી તેવા ભગવાન
૨. દાંડી-મણિપુર કમળની નાળ
૩. હાલરડું
૪. માર્યો
૫. ઊભી

૪૦૯. નંદજી મેરે મન આનંદ ભયો - AS409 N650

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૫૦) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

નંદજી મેરે મન આનંદ ભયો, સુની ગોવર્ધનસેં આયો હો;
તુમ્હારો પુત્ર ભયો મેં સુનકે, અતિ આતુર ઊઠી ધાયો હો ... ટેક

બંદીજન અરૂ ભિક્ષુક સુનીકે, ઠોર ઠોર[૧] તહાં આયો હો;
એક આશ મોહેં લગ રહી હૈ, બહુત દિનનકે છાંયે હો .--..... ૧

એક કંચનમણિમાલા મુક્તા, નાના વસન[૨] અનુપ હો;
મોહે મિલે મારગકે માંહી, જાચક[૩] કહાં કે ભૂપ હો ૨

દીજે મોહે કૃપા કરી નંદજી, જો હું આયો માંગન હો;
જશુમતિ સુત જાયો તુમ્હારો, ખેલન આયે આંગન હો ૩

જબ એ મદનમોહન મુખ બોલે, સો સુનકે ઘર જાઉં હો;
સુનો નંદજી તુમ બડ દાતા, તબ વિદ્યા ભલી પાઉં હો ૪

તુમ તો પરમ ઉદાર નંદજી, જો માગ્યો સો દીન્હો હો;
ઔર નહિ કોઈ ત્રિભોવનમેં, આપ સરીખો કીનો હો ૫

લક્ષ દેત હું પડ્યો રહુંગો, બિનદેખે નહિ જાઉં હો;
હું તો તુમ્હારા ઘરકો ઢાઢી[૪], સુરદાસ મેરો નામ હો ૬

૧. ઠેર ઠેર-બધે
૨. કપડાં
૩. ભિખારી
૪. ઊભો

૪૧૦. નંદજી મેરે મન આનંદ ભયો - AS410 N651

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૬૫૧) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

નંદજી મેરે મન આનંદ ભયો, હું બરસાને થેં આયો હો;
શ્રી વૃષભાન કહ્યો સુની મોંસુ, પુત્ર જશોદા જાયો હો ..... ટેક

કીર્તિ જ્યોં કહું તેરી કે, સુન રે ઢાઢી આયી હો;
જશુમતિ શું કહ્યો પાયે લાગન, પીછે બાત ચલાઈ હો ૧

દેઈ કરી મેરે મન ભાયો, તબ મેં પકડ પાયી હો;
તીન કાલથી હું લોકકો યહ સુખ, નૈન દેખ્યો આયી હો ૨

તુમ તો પરમ પવિત્ર નંદ જ્યોં, બડે ગોપકે જાયો[૧] હો;
તુમ્હારો જશ કહ્યો કહાં લ્યોં, વેદ પુરાણ ન ગાયો હો ૩

જો પ્રભુ અખિલ લોક ચૂડામણિ[૨], સો તેં બૈઠે આયો હો;
ગઈ શૂળ વ્રજજન આનંદ ભયે, સલક તિમિર નસાયો હો ૪

પર્વત સાત રત્ન કે દીને, દ્વિ લક્ષ ધેનૂ નવાય હો;
ઔર દાન દિયે બહુતેરે, તીનકો પાર ન પાયે હો ૫

લહું સોઈ જો હું જાચું[૩], ચિરંજીવો[૪] જો કનૈયા હો;
બૈઠે ગોપસભામેં રાજીત, બહુત જો દેત વધાઈ હો ૬

પકડી બ્રહ્મ ઢાઢીકી લીની, ભીતર ભૂવન પધારે હો;
સુનત હરિકી કીર્તિકી બાતેં, ઢાઢી કહેત સુધારે હો ૭

જો એહ માંગે સોઈ દીજે, જીવનપ્રાણ હમારે હો;
શ્રીમોહન પ્રભુકો મુખ નિરખત, જાદવ તનમન ઓવારે હો ... ૮

૧. પુત્ર ૨. મુગટમાં જડેલો મણિ ૩. માગું ૪. લાંબું જીવો

૪૧૧. આજ નંદજીકે દ્વાર ભીર - AS411 N653

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૬૫૩) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

આજ નંદજીકે દ્વાર ભીર;
કૃષ્ણે અવતાર લિયો ગોકુલમેં, ઘર ઘર ક્રીડા કરત આહીર ..... ટેક

ઘર ઘર તેં બાનેકી વ્રજવનિતા, પહેરી પાટ પીતામ્બર ચીર;
તાલ પખાવજ બાજત ઝાલરી, નાચત કામની ધરત ન ધીર ... ૧

એકન તિલક કિયો કેસરકો, એકન કો ઓઢાવત ચીર;
એક આવત એક જાલ વિદાયે, એક ઢાઢી જમુનાકે તીર ૨

બાવાનંદકી ખડકીમેં મૈં ઢાઢી, કરત ન્યોછાવર ધરત ન ધીર;
પરમાનંદ પ્રભુ સુખકો સિંધુ, કંસ દહન પ્રગટે બલવીર ૩

છઠ્ઠીનાં પદો

[Index_front Index_back]

૪૧૨. હરિજી કી છઠ્ઠી વિદોગત રાત - AS412 N655

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૬૫૫) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

હરિજી કી છઠ્ઠી વિદોગત રાત;
ચૂવા ચંદન ઔર અગરજા, ઉવટ કીનો ઘાત રે ..... ટેક

જતન જતન કરી કીનો મંજન, કુંવર લીનો હાથ;
પૂજા કરી પાલણે પોઢાવ્યો, લેત વધૈયા માત રે ૧

કુંકુમ ચંદન ઘાત કમલ, મિસી ધરી શિરાને સાથ;
શુભકો એક લિખ્યો હૈ, ચૌદ ભૂવનકો નાથ રે ૨

૪૧૩. મંગલ દિવસ છઠ્ઠી કો આયો - AS413 N656

રાગ - કાનડો (નાદબ્રહ્મ પદ-૬૫૬) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

મંગલ દિવસ છઠ્ઠી કો આયો;
આનંદે વ્રજરાજ જશોદા, માનુનીએ ધન ધન પાયો ..... ટેક

કુંવર નવાય જશોદા રાણી, કુલદેવ કો પાયે પડાયો;
થલી પ્રકાર વિવિધ કો કરકે, આગે ધરી ભલો જો મનાયો ... ૧

સબ વ્રજનાર વધવાન આયે, સુતકો તિલક બનાયો;
જૈ જૈકાર હોત ગોકુલમેં, જન ડુંગર ગાયો હો ૨

૪૧૪. છઠ્ઠી શુભ દિન આયી - AS414 N657

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૬૫૭) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

છઠ્ઠી શુભ દિન આયી, હરિજી કી, છઠ્ઠી શુભ દિન આયી;
કંચનથાલ મોતીઅન કે ભરકે, જશોદા માત વધાઈ ..... ટેક

તાલ મૃદંગ ઝાંઝ બજાઈ, સાજે સ્વર મિલાઈ;
નાચત ગાવત કરત કુતૂહલ, આનંદ ઢોલ બજાઈ ૧

જાચક સબ મિલન ગૃહ આયે, લાલન કો જશ ગાઈ;
દાસ ઉમેદ પ્રભુ સુખદાયી, સબકો મન રીઝાઈ ૨

૪૧૫. છઠ્ઠી કો દિન આયો - AS415 N658

રાગ - સોરઠ (નાદબ્રહ્મ પદ-૬૫૮) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

છઠ્ઠી કો દિન આયો, હરિજી કી, છઠ્ઠી કો દિન આયો;
જૈ જૈકાર ભયો ગોકુલમાં, સબ જનકે મન ભાયો ..... ટેક

કુંકુમ કેસર ચંદન ઘોળે, લાલન ઉવટ નવાયો;
શુભ પારણે પોઢાવે જશુમતિ, આનંદ મંગલ ગાયો ૧

ખડિઓ કાગજ કલમ મંગાઈ, લાલન આગે ધરાયો;
દાસ ઉમેદ પ્રભુ કે એક લખે હૈ, ચૌદ ભુવન પદ પાયો ૨

વિજયા દશમીનાં પદો

[Index_front Index_back]

૪૧૬. કોપી ચઢે રઘુવીર લંકા પર - AS416 N686

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૮૬) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

કોપી ચઢે રઘુવીર લંકા પર, કોપી ચઢે રઘુવીર;
દસે દિશા પૃથ્વી સબ કાંપી, દિકપાલ વ્યાકુલ અધીર ..... ટેક

અઢાર પદ્મની સેના કહીએ, અંગદ છે બલવીર;
જાંબુવાન નલ, નીલ સુગ્રીવ, આગેવાન, ઉતરે સાહેર તીર .. ૧

ઉત્પત્તિ પ્રલય જાકી, પલક કહાવે, ચૌદ લોક શરીર;
તુલસીદાસ પ્રભુ કહે કપીઅન શું, ભક્ત વત્સલ રઘુવીર ૨

૪૧૭. શરણે આયો બડભાગી - AS417 N687

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૮૭) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

શરણે આયો બડભાગી, વિભીષણ, શરણે આયો બડભાગી;
અતિ અહંકારી રાવણ સમેત, કુલ લંકા કો ત્યાગી ..... ટેક

અતિ ભયંકર ભૂધર દેહી, કપીઅન આવત દેખા;
સબ મિલી ધાયે સન્મુખ, અતિ અદ્‌ભુત વિશેષ ૧

સબ હી કપી મિલી બુઝત લાગે, કહો તુમ કહાંસે આયે;
લંકાપતિ રાવણકો ભાઈ, સબ હી ભેદ સુનાયા ૨

કહે કપીશ સુનો રઘુનંદન, એક નિશાચાર આયા;
દશાનન રાવણ કો બંધુ, ભેદ લેને પઠાયા ૩

આનંદ વિહસી બોલે રઘુનંદન, હેત પ્રીત કરી લાયો;
કરુણાસિંધુ કહે કપીઅન શું, વૈર ભાવ વિસરાયો ૪

કરત દંડવત, ધરણી પર ઢળ્યો, ઊઠી આતુર ઉર લાયો;
દીયો તીલક, કિયો લંકાપતિ, ભુજ ગ્રહી નિકટ બૈઠાયો ૫

પૂછી કશલ સીતા સુધ સુનીકે, ઊઠે તુરત મુરારિ;
બાંધી પાજ પલકમેં સિંધુ પર, સેના પાર ઉતારી ૬

પહુંચે નિકટ લંકા ગઢ ઘેર્યો, સેના સહિત રઘુરાય;
તુલસીદાસ પ્રભુ અંગદ પઠાયે, રાવણ ખબર કરાઈ ૭

૪૧૮. રાજા ધજા ફહરાઈ - AS418 N688

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૮૮) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

રાજા ધજા ફહરાઈ, અબ દેખો, રાજા ધજા ફહરાઈ;

ચલકત ઢાલ, ફિરત હૈ નીઝા[૧], ગીરદ[૨] ઊડે આસમાન;
લક્ષ્મણ વીર, વાલી સુત અંગદ, હનુમાન આગેવાન ૧

કહે મંદોદરી સુનો પિયુ રાવણ, ત્રિભોવનપતિ આયે;
જે સાહેર[૩] કો ગર્વ કરત હૈ, તે પર શિલા તરાની ૨

અબલા જાત બુદ્ધિકી ઓછી, ઉનહો કી કરત બડાઈ;
ધ્રુવમંડલ સે પકડ મંગાઉ, એ તપસ્વી દોનો ભાઈ ૩

હનુમાન છે પાયકે ઉનકો, લક્ષ્મણ છે બડભાઈ;
જલત અગ્નિમેં કૂદ પડત હૈ, કોટિક નયન નહીં પાઈ ૪

મેઘનાદ જૈસે પુત્ર હમારા, કુંભકરણ બડભાઈ;
એકવાર સન્મુખ હોઈ લડીએ, જુગ જુગ કરત બડાઈ ૫

કહેત મંદોદરી સુનો પિયુ રાવણ, તેં મેરી એક ન માની;
રૈન કો સ્વપન ઐસો દેખ્યો, સોનેકી લંકા લુંટાણી ૬

બનચર એક લંકા ગઢ આયો, ઘેર ઘેર ધુમ મચાઈ;
બાગ ઉપાડી, સમુદ્ર બીચ ડાલે, લંકામેં આગ જલાઈ ૭

ગર્વી રે રાવણ, ગર્વ જ કીધો, ગર્વે લંકા લુંટાઈ;
જઈ મિલો રઘુનાથ ગૌસાંઈ કો, લંકા અમર હો જાઈ ૮

એક લક્ષ પુત્ર, સવા લક્ષ ન્યાતિ, મોત જ અપનો ઠાને;
અગ્રકે સ્વામી લંકા ગઢ ઘેર્યો, અજહુ ન ચેત્યો અભિમાની ૯

૧. નિધા-નિગાહ-નજર-દષ્ટિ ૨. ધૂળ ૩. શાહી ઉપરથી સાહેર-સામ્રાજ્યનો

૪૧૯. સમજ્યો નહીં અભિમાની - AS419 N689

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૮૯) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સમજ્યો નહીં અભિમાની, દશાનન, સમજ્યો નહીં અભિમાની;
અનુજ[૧], મંદોદરી સમજાવત બહુ વિધ, બુધ આપની ઠાની... ટેક

રાવણ મારી, મહીરાવણ માર્યો, કુંભકરણ સંહાર્યો;
લંકા રાજ વિભીષણ દીનો, ભક્તવત્સલ મોરારિ ૧

સીતા સહિત, કપીઅન સમેત, ગમન અવધપુરી કીનો;
તુલસીદાસ ભરતજનની સમેતહી, પુરવાસી કો સુખ દીનો ...૨

૧. નાનો ભાઈ

૪૨૦. કોન દિશા સે આયો પવન સુત - AS420 N690

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૯૦) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

કોન દિશા સે આયો પવન સુત, કોન દિશા સે આયો;
ઉત્તરા ખંડ અયોધ્યા નગરી, ચિત્રકુટ સે આયો ..... ટેક

કોનકે પુત્ર કોનકે પાયક[૧], કોન હી કુંવર પઠાયો;
અંજનિકો પુત્ર રામજી કે પાયક, લછમન કુંવર પઠાયો ૧

કહાં તેરે રામ કહાં તેરે લછમન, કહાંસે મુદ્રિકા લાયે;
બનહીમેં રામ બનહીમેં લછમન, બન સે મુદ્રિકા લાયે ૨

કોનકે સતસે સાગર ઉતરે, કોન સંદેશો લાયે;
સીતા કે સતસે સાગર ઉતરે, રામજી સંદેશ લાયે 3

એહી સુની બચન સીતા બનચરકો, નૈનોમેં નીર ભરાયો;
અબ જી ન સોચ કરો મેરી માતા, રામજી સહિત દલ આયો.. ૪

રાવણ મારી અભય લઈ જાઉં, રામજી આજ્ઞા નહિ પામી;
તુલસીદાસ મારુત સુત મહિમા, સોવત સિંહ જગાયો ૫

૧. સિપાઇ

૪૨૧. આજ દશરા કો દિન નીકો - AS421 N691

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૯૧) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

આજ દશરા કો દિન નીકો, આજ દશરા કો દિન નીકો;
શ્રી ગિરધર લાલ જ્વારા ખોસે, બન્યો ભાલકો ટિકો .... ટેક

વ્રજનારી દેખન કો આયી, લાલ બન્યો હૈ નીકો;
પરમાનંદ દાસ કો ઠાકોર, જુગ જુગ કો સુખ દીજો ૧

૪૨૨. કહો કપીરાજ કહાં ક્યોં કીજે - AS422 N692

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૬૯૨) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

કહો કપીરાજ કહાં ક્યોં કીજે, કહો કપીરાજ કહાં ક્યોં કીજે;
રાવણ અનુજ મિલન આયો હો, સુમતિ કરી મતિ દીજે .... ટેક

સુનહો સ્વામી એહ મત હમારો, શત્રુ નહિ વિશ્વાસ;
શત્રુ શ્વાન જો કહું પૈઇએ, તાકો કીજે નાશ ૧

સહજ શું ભાવ અરિકુલ રાક્ષસ, અહી રાવણ કો ભાઈ;
તહાં સે નિકટ તુમ્હારે આવત, મોં પે સહ્યો ન જાયી ૨

હનુમંત કહે સુનો કપિરાજા, હું જાનો એહ આયો;
વાલી વીંધ્ય સુતિલક દીયો તો કો, સો સોંધ્યો ઇન પાયો ૩

પવન સુવન લૈ આયે વિભીષણ, દીયો લંકા કો રાજ;
અગ્ર કે સ્વામી ઉદાર શિરોમણી, તહાં બિરુડ કી લાજ ૪

૪૨૩. કૃષ્ણદાસનો રાસ - AS423 N694

(નાદબ્રહ્મ પદ-૬૯૪) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સાખી

મોર મુગટ શિર પર ધર્યો, મુખ મોરલી ઘનઘોર;
વૃંદાવનકી કુંજમેં, જૈ જૈ જુગલ કિશોર ૧

કહાન બજાવત બાંસુરી, ગોપિઅન કે કિરતાલ;
કોન કોન ચરિત્ર ખેલહી, જહાં બાલપન ગોપાલ ૨

છંદ

હનિ હાં રે કુંજમેં ઠાડે મોરારિ, મનોહર મુરલી અધર કર ધારી;
હનિ હાં રે કેસર તિલક બનાયો, મકાર કુંડલ મન ભાયો ૧

મકાર કુંડલ મન ભાયો, મોર મુગટ શિર પર ધરે;
ચરણે નુપૂર કાછ કટી ત્રઠ, મોહન માલા ઉર લળે ૨

શ્યામ સુંદર બેન બજાવે, સુનત સબ પરવશ ભયે;
ગોપી મોહે જલ દ્રુમ પશુ પક્ષી, વ્રજનારી કો મન હરે ૩

આયે ગોપી મિલે મોહન, કામની કાર જ સરે;
કૃષ્ણદાસ પ્રભુ અતિ વિરાજિત, કોટિ કામ લજ્જા હરે ૪

સાખી

વૃંદાવન સઘન કુંજમેં, ઠાડે દેવમોરારિ;
મુરલી મધુર બજાય કે, બોલ લૈ વ્રજનારી ૩

સબ સખી બનમેં ગયી, જઈ ભેટે જુગદાધાર;
આયી સબ ચરણે પડી, દેખી શરદ નિશા ઉજિયાલી ... ૪

છંદ

હનિ હાં રે શરદ નિશા ઉજિયાલી, વનમેં ઠાડે કુંજબિહારી;
હનિ હાં રે મુરલી મધુર બજાયી,
વ્રજવધૂ શ્રવણ સુનત ઊઠી ધાયી ૫

વલણ

ઊઠી ધાય વ્રજવધૂ શ્રવણ સુનીકે, ભૂવન કર્મ ઉન સબ તજે;
ગોપી ભયી હીત ચિત્ત કામ આતુર, ઉલટે આભ્રણ અંગ સજે ૧

એક એક લોચન દીયો અંજન, એક અંજન બિન ચલી;
કમલમુખ હરિ દશ્યા શું, પ્રીત મન ઉપજી ભલી ૨

નંદનંદન ચરણ વંદન, મોહિત ગોકુલ નારી;
ગોપી આયે સન્મુખ રહી ઠાડે, દેખી શરદ નિશા ઉજિયાલી ૩

→

સાખી

શરદ રહેણી વૃંદાવન, પૂર્યો વંશ મોરારિ;
હરિ દર્શનકી લાલસા, મિલી આયે સબ વ્રજનારી ૫

ચાલ

વ્રજનારી સબ મિલી આયે, દેખન પતિ જાદવરાયે;
સો તો નાહિ ત્રિભુવન ઐસે, રવિ કોટિ મદન શ્યામ જૈસે ... ૧

હરિકે મસ્તક મુગટ બિરાજે, દેખલે અંધિયારો ભાંજે;
કુંડલ લ્હેકે દોઉ કાને, રવિ ઉદય કોટિ કોટિ સમાન ૨

હરિને કંઠે બની બનમાલા, પહેરન પટ પીત ગોપાલા;
અંગુલિએ મુદ્રિકા શોહે, દેખી સુરપતિકો મન મોહે ૩

નટ વેષ ધર્યો જદુરાયે, વ્રજસુંદરી દેખન આયે;
વ્રજનારી સબ મિલી આયે, દેખન પતિ જાદવરાયે ૪

સાખી

નટવર વેષ ગિરિધર ધર્યો, બાજે વેણુ રસાલ;
આયી તહાં સબ ગોપિકા, તબ બોલે મદન ગોપાલ ... ૬

છંદ

હનિ હાં રે દેખત ઢિંગ વ્રજબાલા, ઉન સંગ બોલે મદનગોપાલ;
હનિ હાં રે અર્ધ નિશા તુમ ક્યોં આયી,
તુમ તો નંદી વેદ શ્રુતિ ગાયે ૬

વલણ

નંદીયાઁ વધુ શ્રુતિ વેદ ગાયે, કુલ વધૂ ક્યોં પતિ તજે;
લોક માંહી કલંક લાગે, પર પુરુષ તારુણી ભજે ૪

તુમ જાઓ ભામંની ઉલટી સબ ગૃહે, જુગત નહિ ઈન બાતિયાં;
પતિ તુંહારો પંથ જુએ, જામ જુગ ગયી રાતીયાઁ ૫

કુલ વધૂ એહ ધર્મ નાહિં, કહેત શ્યામ તમાલ જ્યોં;
ઐસે નિષ્ઠુર વચન ગોપાલ બોલે, દેખી ઢિંગ વ્રજબાલા ૬

→

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸

સાખી

વિવિધ વચન ગ્વાલની કહે, કૃપા ક્યોં ન કરો હરિ;
હમ આયી ચરણ શરણે તુંહારો, તબ ગોપી બોલી હસી કરી.. ૮

ચાલ

તબ ગોપી હસી કરી બોલી, હમ તુમ શું લજ્જા ખોલી;
હમ જાણ્યો ત્રિભોવન રાય, તહાં થે સુત પતિ છાંડ કે આયે
ગોપી કે જિયા કી જાની, વૃંદાવન લીવા ઠાની ૭

છંદ

હનિ હાં રે હસે જો દયાલ મોરારિ, તબ બોલ લૈ સબ વ્રજનારી;
હનિ હાં રે રાસ મંઢલ પ્રભુજીએ કિનો,
મિલી જુવંતી કો સબ સુખ દીનો ૧૧

વલણ

સુખદિયો ગોપીન રાસ રંગ રચી, વધૂ વધૂ પ્રત્તિ વપુ ધરે;
ભર્યો રસમેં મગ્ન ક્રીડા કામની કારજ સરે,
અધુર મધુર રસ પાય પીવે ૭

કેલિ ભૂતલ સુચિ રચે, ભોમ રાજિત કનકમણિમેં;
પાંચ સ્તંભ ઢિંગ ઢિંગ ખચે, સુખ દિયો ગોપીન રાસ રંગ રચી ... ૮

ચંદ્ર ગગનન શું થક્તિ હો રહ્યો, સકલ અબલા મન વસે;
કહત કૃષ્ણદાસ ગિરધર, દયાનિધિ મોહન હસે ૯

૪૨૪. તુલસીદાસનો રાસ - AS424 N695

(નાદબ્રહ્મ પદ-૬૯૫) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સાખી

કહે તુલસી રંગ ઉપન્યો, મારે હૈયે હર્ષ અપાર
વેણુ સુની વ્હાલા તણી, ત્યાં વ્રેહ પામી વ્રજનાર

ચાલ

ત્યાં વ્રેહ પામી વ્રજનાર જો, મન માંહે કરે રે વિચાર;
ચાલો વ્રેહની જોવા જઈએ, સખી સર્વે સંચરા થઈએ ૧

આવી શરદ પુનમની રાત, રમવાને વ્હાલાની સાથ;
કાલિંદી તે જમના પાસ, શામલિયે તે માંડ્યો રાસ ૨

હૈડાંમાં હર્ષ અપાર, જોવાને મનડાં થાય;
મોહન મુખ મુરલી વાગે, તેની ધૂન ગગનમેં ગાજે;
એ વેણુ વાયે વનમાલી, ત્યાં જોવાને સર્વે ચાલી ૩

સાખી

જોવા જાદવરાયને વ્રજવનિતા સૌ ધાય
કહે તુલસી રંગ ઉપજે, ત્યાં રંગ ઘણેરો થાય

ચાલ

ત્યાં રંગ ઘણેરો થાય, કોઈ મંદિરમાં ન રહેવાય;
કોઈએ મુકી તે કુલની લાજ, તે ત્રિકમ તારે કાજ ૪

કોઈએ ભોળવ્યા ભરથાર, કોઈએ વાયો સૌ વહેવાર;
એકે રોકી રાખી રામા, સહુ પહેલી પહોંચી શ્યામા ૫

એક ન્હાતી ચાલી નાર, તેને લજ્જા નહિ લગાર;
એકે અવળી પહેરી ચોળી, એમ ઠામ ઠામ થઈ ટોળી ૬

સાખી

આતુર થઈને નાથજી, મેલી કુલની લાજ
કહે તુલસી સંગ ઉપજે, કોઈને હાથ ન લાગે કામ

ચાલ

કોઈને હાથ ન લાગે કામ, જોવાને સુંદીર શ્યામ;
ચાલો જોવા જઈએ બેની, આપણે વાત ન કરીએ કોઈની ૭

કોઈએ એક જ આંજી આંખ, તે તો વાંસલડીનો વાંક;
અબલા સજી શણગાર, મન થોભે નહિ લગાર ૮

દોડંતી શ્વાસ ન ખાયે, સખી જે જેમ તે તેમ ધાયે;
વૃન્દાવન લાગી લાર, જાણે હરણાં વછુટયાં ફાળ ૯

→

ઙઙઙઙ અનંત સૂર ઙઙઙઙ

સાખી

મોહન મુખ એમ ઉચરે, નીચું ભાળે નાર
કહે તુલસી આ રાસમેં, ઓછો આ અવતાર

ચાલ

હવે ઓછો આ અવતાર, મુખ બોલે નહિ લગાર;
અમો આતુર થઈને આવ્યાં, પણ ભૂધરને નહિ ભાવ્યાં ૧૫

કોની સૈયર શી પેર કરીએ, મત ઘેર જવાનો ધરીએ;
કહોની કેમ જવાએ ઘેર, તારે નીકળવું હ્યોતું ઘેર ૧૬

આપણે આવ્યાં વનમાંહે, એને ના રે આવ્યું કાંઈ મનમાં;
આ તન તજવું એ સારું, સહુ કહેશે એ વારું ૧૭

સાખી

ગોપી કહે ગિરિવર ધરને, મનમેં મોટી આશ
તુલસી રીઝયા નાથ શું, હવે રમો ને વળી રાસ

ચાલ

રંગ રમવાતે રસિયો બોલ્યા, સખી સહુના પાત્ર ખોલ્યાં;
ગોપીના મનની જાણી, વ્રન્દાવન લીલા ઠાની ૧૮

રજની કીધી ષટ માસ, રમવાને રંગ વિલાસ;
ત્યાં તાલ પખાવજ વાગે, રૂડો સુંદીર શ્યામ બિરાજે ૧૯

મુખ મોહનજીનું નિરખી, ગોપી હૈડાંમાં હર્ષી;
હૈડાંમાં હર્ષ જ પામી, મને મળ્યા અંતર્યામી ૨૦

→

ઙઙઙઙ અનંત સૂર ઙઙઙઙ

સાખી

જે જે તજે આ રઢમેં, માયા મુકી મોહ
કહે તુલસી આ રાસમેં, તૃપ્ત ન થયાં કોઈ

ચાલ

હવે તૃપ્ત ન થાયે કોઈ, મોહ્યાં પશુ પંખી સુખ જુવે;
મોહ્યાં મોરકલા બહુ માડે, ગૌ ધાવતાં વાછરું છાંડે ૨૬

મોહ્યાં શશિ સુરજ ને તારા, તે થક્તિ થયાં રે બિચારા;
મોહ્યાં મર્કટલાં વનમાંહી, ધણું કુદે ને ફૂંદે ત્યાંહી;
મોહ્યાં સહુ વ્રન્દાવન, ધન્ય ધન્ય તે જુગજીવન ૨૭

સાખી

ધન ધન દીનાનાથને, પૂરે મનની આશ
કહે તુલસી રૂડું થયું, હવે હરિ રમાડો રાસ

ચાલ

હવે હરિ રમાડો રાસ, અબલાં ને પહોંચી આશ;
રૂડાં રંગ રમાડો રીતે, પાતલિયા પૂરણ પ્રીતે ૨૮

ગોપીને લાડ લડાવે, વ્હાલો એવા બ્રહ્મ જગાવે;
અબલા આનંદમેં ઝૂલે, તેનું રોમરોમ અંગ ખીલે ૨૯

દેખીને ત્યાં લીલા લ્હેર, કોઈ જવા ન તાકે ઘેર;
એમ લાગ્યા મોહનાં બાણ, વિંધાયા તનમન પ્રાણ ૩૦

→

સાખી

મનમેં મહા આનંદ ઉપન્યો, સુખ પામી ઘણું સુંદરી
તુલસી રસ જામ્યો ઘણો, ત્યારે અંતર્ધ્યાન થયા હરિ

ચાલ

હરિ અંતર્ધ્યાન થયાં રે, ગોપીના પ્રાણ ગયાં રે;
મને મેલી ગયાં મહારાજ, મનમેં રહી મોટી દાઝ ૩૧

હવે કેમ કરી કહેવાય, મન આકુલ વ્યાકુલ થાય;
આંસુડા નયણે ધાર, જાણે તૂટયાં મોતીના હાર ૩૨

વ્યાકુલ થઈ વ્રજનારી, શું ભણી સર્જનહાર;
આવું વૃન્દાવન સુખકારી, દેખી દુઃખ પામી વ્રજનારી ૩૩

સાખી

વન વન ઢૂંઢે વનિતા, ક્યાં જડે નહિ ભાળ
તુલસી રુદન એમ ઉપજે, તે તજીને ગયા ગોપાલ

ચાલ

તે તજીને ગયાં રે ગોપાલ, અબલાને ઊઠી ઝાળ;
દીનાનાથ ગયાં રે મને મેલી, ગોપી ઢૂંઢે વનવન વેલી ૩૪

શ્યામળિએ સુખ દેખાડી, મારા પ્રાણ ગયાં છે કાઢી;
સખી વૃક્ષને પૂછવા જાએ, કછુ દીઠાં તે જાદવરાય;
એ તો વૃક્ષને પૂછે બાઈ, તમે શીદ રહ્યાં સોહાય ૩૫

સાખી

ટોળે વળી ત્યાં ટળવળે, નાથ વિજોગે નાર
તુલસી રડતાં સૌ ફરે, આવ્યાં વૃન્દાવન મોઝાર

ચાલ

આવ્યાં વૃન્દાવન મોઝાર, અંહી રમતા દેવમોરાર;
આપણને મેલ્યાં ઉવેખી, તરછોડયાં અવગુણ દેખી ૩૬

પહેલાં તે લાડ લડાવ્યાં, વળતાં તે વારૂં રડાવ્યાં;
મોરલીએ મોહ પમાડયાં, કેડે લઈને એમ પછાડયા ૩૭

આપણને ઉવેખ્યાં નાથે, રાધાજીને લીધાં સાથે;
રાધાજીએ મોટમ આણી, હું તો મોટી મોટી પટરાણી ૩૮

સાખી

રાધા મન મોટમ કરે, જાણે દીનદયાળ
તુલસી રસિયો એમ કહે, તમો વળગો આણી ડાળ

ચાલ

તમો વળગોને આણી ડાળ, પછી વહીને ગયાં ગોપાલ;
મોહનજીએ મેલ્યાં રોતાં, રાધા હીંડે વનવન જોતાં ૩૯

હરિ કહેતાં હૈયું ન ફાટે, ખોયું કંચન કાચને સાટે;
મેં તો મનમેં આણ્યો અહંકાર, તે તજીને ગયાં ગોપાલ ૪૦

સખી આવી મળ્યા સહુ ત્યાંહી, રાધાજી દીઠાં વનમાંહી;
તું તો બહું રે હતી એમ વ્હાલી, વનમે મેલી કેમ ટાળી ૪૧

→

ઙઙઙઙ અનંત સૂર ઙઙઙઙ

સાખી

નાયક થઈને નાચ્યાં, વ્રેહભરી વ્રજનાર
તુલસીના શ્યામ રહી ન શક્યા, ત્યાં પ્રગટયા દેવમોરાર

ચાલ

હવે પ્રગટયાં દેવમોરાર, ત્યાં ભેટી ભૂધરને નાર;
સબ મોતીડે વધાવે, ઘણું હેત હૈયામેં આવે ૪૭

બાઈ પ્રેમ હતો ત્યારે પામી, મને મળ્યા અંતર્યામી;
અલબેલાં ને પહોંચી આશ, રાસ ગાવે તુલસીદાસ ૪૮

એ તો હરિ રાધાનો વિલાસ, સાંભળે તેને વૈકુંઠ વાસ;
રાસ શીખે જે નરને નાર, તે તો છૂટે ભવસંસાર ૪૯

૪૨૫. પંચ અધ્યાયનો રાસ - AS425 N696

(નાદબ્રહ્મ પદ-૬૯૬) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

સાખી

શ્રી ગુરુને ચરણે નમું, માંગુ અખિલ જ્ઞાન પ્રકાશ;
કૃષ્ણકથા જશ બોલશું, હરિ રમ્યા ક્રીડા રાસ ૧

શ્રી ભાગવતની કથા પાવન, દશમ સ્કંધે જેહ;
પગ્ધ અધ્યાય પરીક્ષિતને કહ્યા, શ્રી શુકજી બોલ્યા તેહ ... ૨

તે કથા વિસ્તારવા, મારે હૈયે હર્ષ અપાર;
તે માટે ગુરુને ચરણે નમું, અખિલ જ્ઞાન પ્રકાશ ૩

અખિલ જ્ઞાન ઉચ્ચારતાં, પતિત પાવન થાય;
કૃષ્ણ ભરથારને પામવા, ગોપી વધૂ ગિરિજા ને ધાય ૪

ચાલ

હાં હાં રે ગોપી વધૂ ગિરજાને ધાય, પૂજા કરીને લાગ્યાં પાય;
મારે વરવાં છે વનમાલી, તમે કૃપા કરો કૃપાળુ .....

દેવીએ દીધાં આશિષ, વર હોજો શ્રી જુગદીશ;
આવ્યાં વર તે સુફલ કરવાં, હરિ ભક્તિ તણો ભાવ જોવા;
આવી ઊભાં તે જમુના તીર, અબલાનાં હર્યા ચીર ૧

સાખી

ચીર ચોરી કદમે ચઢ્યાં, વ્યવ્હળ થયાં વ્રજનાર;
હરિ આપો તો નીસરીએ, એમ કહે સકલ વ્રજનાર ૫

ચાલ

હાં હાં રે જલ મધ્યે રહી વ્રજનાર, કરજોડી કરે નમસ્કાર;
તમે આપોની ચીર પરિધાન, સ્વામી માગશું એટલું માન .....

ત્યારે હસીને બોલ્યાં ભગવાન, તજો દેહતણું અભિમાન;
તમો લજ્જા તે લોક નિવારો, ઉઘાડે અંગે પધારો;
હરિએ જેમ તેડ્યાં તેમ જાએ, મન હર્ષ્યાં તે જાદવરાય ૨

સાખી

અબલા મન આનંદ ઘણો, વર પામી જુગજીવન;
એક રાત્રિ રમવા તણો, હરિએ આપ્યું સતવચન ૬

ચાલ

હાં હાં રે એક શરદ નિશા અતિ સોહે, દેખી મુનિ જનના મન મોહે;
ઊગ્યો પૂરણ કલાનો ચંદ્ર, વ્રન્દાવન નાથ નિરંધ્ર .....

ત્યાં શીતલ પવન સુગંધ, વાયે ત્રિગુણવા નિર્બંધ;
દેખી નિર્મલ જ્યોત આકાશ, રમવાને રાસ વિલાસ ૩

→

સાખી

મધ્ય નિશા મોહન ગયા, વૃન્દાવન મોઝાર;
તે રજની ને સંભાળતા, જે વર આપવો વ્રજનાર ૭

મધુરો શંખ વગાડ્યો, મોહ્યાં ત્રણ ભોવન;
વ્રજનારી વિહવળ થઈ, તેનાં આક્રંદ થયાં મન ૮

ચાલ

હાં હાં રે વ્રજનારી વિહવળ થાયે, તેણે મંદિરમાં ન રહેવાય;
એક કુંદલ પહેર્યું ચરણે, એકે નૂપુર ઘાલ્યું કર્ણ .....

એક હાર ભેરવ્યો હાથે, એકે કંકણ ગૂંથ્યું માથે;
એકે પહેરી અવળી ચોરી, એકે કુંકુમ કાજલ રોળી .....

એકે લોચન આંજ્યું એક, એમ વિસરી અંગ વિવેક;
સર્વે છાંડ્યો ગૃહ વ્યવહાર, વિસર્યા પતિ પરિવાર .....

સર્વે ચાલ્યા વન મોઝાર, જાણે કામ થયો અસ્વાર;
શ્યામાદલ સંગ વિશાળ, જઈ ગઢ વીંટયો ગોપાલ ૪

સાખી

હરિ માયાનું બલ જૂએ, ગોપી ન જાણે મર્મ;
પ્રેમદા પર સંગે રમે, જે ડરતી ગૃહના કર્મ ૯

જુવંતી જૂથ મળ્યું બહુ, તે દેખી વ્રજરાજ;
ગોકુલમાં સહુ કુશલ છે, તમે વન આવ્યાં કોણ કાજ ... ૧૦

મધ્ય નિશા ગયી માનુની, તમને ઘટે નહિ એહ;
પિયુ પોતાનો પરહરી, વન નીસર્યાં તેહ ૧૧

અંધ દરિદ્રી રોગીઓ, યધપિ હોય ભરથાર;
પતિવ્રતા છાંડે નહિ, જો હોય કુલવંતી નાર ૧૨

ભામની ભોવન વિશે રહો, ધર્મ તમારો એહ;
જઈ સ્વામીની સેવા કરો, સાધન સઘળાં તેહ ૧૩

ચાલ (રાગ - કેદારો)

તમે કેમ આવ્યાં વ્રજનાર, મંદિર પરહરી;
પરહર્યાં નાનેરાં બાલ, હો વ્રજની સુંદરીઓ ..... ટેક

મધ્ય નિશા રૂડાં મંદિર તજીને, આવ્યાં છો વનમોઝાર;
એક એક પે દીસો છો રૂડાં, છો કુલવંતી નાર ... એમ બોલ્યા હરિ ૧

વેદ પુરાણમાં સુન્યો હશે, સ્ત્રીઓને ભજવા કંથ રે;
ધર્મ તમારો તમને કહીએ, જૂઓની વિચારી ચિત્ત ... એમ બોલ્યા હરિ ૨

મનડું વિમાસી ગોપી અબલા ઊભાં, તમે શું કહો છો પ્રાણ જીવન;
અમે ભજીએ વનમાલીનો વ્હાલો, એમ વિનવે ગોપી...જન વ્રજની સુંદરી .. ૩

→

સાખી

વચન વિષ્ણુના સાંભળી, વ્યાકુલ થઈ વ્રજનાર;
ગદ્ગદ કંઠે હવિ થકી, તેને નયણે વહે જલધાર ૧૪

મોહસાગરમેં તે પડી, નારી થઈ નિરાશ;
જાણે દધિ સાગર ઉલટ્યો, જલ વ્યાપ્યું રે આકાશ ૧૫

તે જલ મધ્યે ડૂબતા, થોભ દીયો હરિ નાવ;
પ્રીત વચને ગોપીના સુણી, જાણ્યો નિશ્ચલ ભાવ ૧૬

અવિલોક અંતગતિ, સ્નેહ થશે નિર્વાણ;
પ્રેમદા પાછા નહિ ફરે, તત્ક્ષણ તજશે પ્રાણ ૧૭

ચાલ

હાં રે ત્યારે હસીના બોલ્યા જદુરાય, અબલા મન હર્ષ ન માંય;
ત્યાં મંડપ રાસ રચાયે, તેની શોભા કહી નવ જાય;
સુખ પામ્યા વિવિધ વિલાસ, પછી રમવાને માંડ્યો રાસ ૪

સાખી

અબલા એક એક મેં, મધ્યે નાથ નિરંધ્ર;
બેઉ ઘટમેં પ્રતિબિંબ ભાસ્યો, જેમ જલ મધ્યે ચંદ્ર ૧૮

ચાલ

હાં રે બહુ રૂપ ધર્યું તેણીવાર, તેની શોભાનો નહિ પાર;
તેની શોભા કહી નવ જાયે, જેમ સાગર લ્હેર સમાય ૫

સાખી

કેદારો જબ કીજીએ, મુખે જપીએ રામ;
ઔર રાગ સબ દેવતા, મારે કેદારો ભગવાન ૧૯

શોભા શી બની કહું, કહેતા ન આવે પાર;
રૂપ ધર્યું રાધામાધવે, તેનો વિસ્તારું શણગાર ૨૦

ચાલ

હરિનું વન ઘનશ્યામ બિરાજે, જેનું વૈદુર્યમણિનું ભાસે;
હરિને પીતામ્બર તન શોહે, ત્યાં અમર મન મોહે .....

હરિને ચરણે નૂપુર સાર, શ્યામા ઝાંઝરનો ઝંકાર;
હરિને અંગે બાંલુંડલી વિશાલ, શ્યામા કર કંકણ રંગ લાલ .....

હરિને ઉર લટકે વનમાલા, શ્યામા મુક્તા દામ પરવાળાં;
હરિનું નિરખી વદન નિરંધ્ર, જાણે ઊગ્યો પુનમનો ચંદ્ર .....

હરિને કાને કુંડલ લટકે, શ્યામા ઝાલ અનુપમ ઝલકે;
હરિના લોચન અમ્બુજ રાતાં, શ્યામા મૃગનયની મદમાતા .....

હરિને મોર ચંદ્રિકા માથે, શ્યામ શીશ ફૂલ સરગૂંથે;
નખશિશ સિંધુ શોભા અપાર, કીધો સંક્ષેપ વિસ્તાર;
હરિના ચરણ કમલ બલિહારી, જાયે રામભક્ત બલિહારી ૬

→

સાખી

એક એક ગોપી બીચ બીચ માધવ, રચ્યો રાસ વિહાર;
હાથ જોડી હરિ સંગે રમે, પહેર્યાં સુલમણિના હાર ૨૧

ચાલ

હાં રે પહેર્યાં સુરમણિના હાર, એમ રચ્યો રાસ વિહાર;
અબલા મન હર્ષ અપાર, ત્યાં વર્ત્યો જૈ જૈકાર .....

વાજીંત્ર વાગે બહુ રંગ, ઉપજે બહુ તાન તરંગ;
હરિ કંઠે ઘાલી બાંહે, જાણે વિજ થઈ ઘનમાંહે .....

ત્યાં થૈ થૈ કર બોલે, ત્રિભોવનમાં નહિ કોઈ તોલે;
ત્યાં ધુંધરીનો ધમકાર, પાયે નૂપુરનો ઝંકાર .....

ત્યાં કંકણ ચુડી ખલકે, રાખલડી મસ્તકે ઝલકે;
હરિ સાથે ભમરી ખાયે, તેને ઉલટ અંગ ન માંય .....

શ્યામા તન્મય થઈ તેણીવાર, નહિ દેહની સૂધ લગાર;
તૂટ્યા મુક્તાફલના હાર, જાણે સ્વાંત મેઘની ધાર .....

ત્યાં ચોળી ના કણ છૂટે, તેના હાર કુસુમના તૂટે;
છૂટ્યા વસ્ત્ર ભૂષણ પરિધાન, ભૂમિ થઈ તે કનક સમાન .....

ત્યાં નારી થઈ લોલીન, જેમ સંગાતે મીન;
તેની વ્રેહની વેદના વામી, પરિબ્રહ્મ વિશે લય લાગી ૭

સાખી

વેદ રુપે હરિ અવતર્યો, ઋચા ગોપિકા જાણ;
રગે ઓશંકા આણતો, બાલક બુદ્ધિ અજાણ ૨૨

ગાયત્રી જશોદા થયા, વેદ તણી જે માત;
અધ્યાય તે સર્વે ગોવાલિયા, હરિ અવતર્યા સાક્ષાત ... ૨૩

અમર લોક ઈચ્છા કરે, ધન વૃન્દાવન નાર;
આપણ શેં નવ અવતર્યા, હરિ સંગ કરત વિહાર ૨૪

ચાલ

હરિ સંગ કરતાં વિવિધ વિલાસ, ત્યાં સર્જન થઈ ષટ માસ;
નારી જાણે છે ક્ષેણુ એક, એમ વિસરી અંગ વિવેક .....

હરિ બંસુરી મધુરી વાયે, ત્યાં સુરભિ તૃણ ન ખાયે;
સ્થિર પામ્યું જમના નીર, ગૌવચ્છ ન પીએ ક્ષીર .....

ત્યાં ખગ મગ પક્ષી જેહ, સર્વે ચક્તિ થયા મન તેહ;
ત્યાં ચંદ્ર વિમાન ન ચાલે, ગતિ ગ્લાન થઈ નવ હાલે .....

ત્યાં કામ રહ્યો કર જોડી, દેખી ને પામ્યો દિગમૂઢ;
ત્રિભોવન જીત્યું તેણે જેહ, હરિ આગળ હાર્યો તેહ .....

એવું સુન્યું અદ્દભૂત જ્ઞાન, મુનિજનના છૂટ્યા ધ્યાન;
તપે બેઠા આસન વાળી, મહાદેવની છુટી નાડી .....

→

સનકાદિક સમાધિ છુટી, ત્યાં કાલતણી ગતિ તૂટી;
અંતરીક્ષથી સુરનર દેવ, જોવાને આવ્યા તનખેવ .....

સુરનારી કુસુમ વધાવે, તે જોવા હરિને આવે;
વૃન્દાવન વૈકુંઠ બિરાજે, તેની શોભા અધિક બિરાજે .....

સુર પામ્યા હર્ષ અપાર, ત્યાં વર્ત્યો જૈ જૈકાર;
દેવતાએ માંડ્યો રાસ, સુરનારી વિવિધ વિલાસ .....

ત્યાં અદ્‌ભુત ઓચ્છવ થાય, જાણે મળ્યા વૈકુંઠ રાય;
વાજીંત્ર બાજે બહુ સાર, સુર ત્રીયા રણઝણકાર;
તેના છેક મળ્યો એક ઠામ, તે પામ્યો પદ અભિરામ ૮

સાખી

રાસમંડલ ગિરિધરે રચ્યો, સુખ દિયો ગોપનકો દાવ;
રાધારસિકને સંડો લઈ, તબ ભયે હરિ અંતર્ધ્યાન ૨૫

ચાલ

હાં રે તબ ભયે હરિ અંતર્ધ્યાન, ગુણ સાગર રૂપનિધાન;
જુવંતી જુવંતી જન ડોલે, સામા સામી કરી મુખ બોલ .....

પૂછે ગુલ લતા દ્રુમ વેલી, કહું દેખ્યો શ્યામ સાહેલી;
મેં તો અભિમાન ડિયો મોરી માય, જબ લાભ ભયે જદુરાય ૯

સાખી

કુંજ કુંજ ઢુંઢતી ફરે, ખોજતી દીનદયાળ;
પ્રાણનાથ પામે નહિ, ત્યાં વ્યાકુલ ભયી વ્રજનાર ૨૬

ચાલ

હાં રે ત્યાં વ્યાકુલ થઈ વ્રજનાર, ઢુંઢતી ફરે શ્યામ તમાલ;
પૂછે ચંપક જાઈ ગોપાલ, કહું દેખ્યો નંદકો લાલ;
કોઈ કદમની વાત ન જાણે, શ્યામ તરુણી અંગ ન સૂઝે ૧૦

સાખી

પિયુ કે સંગ એકાંત ભયી, સો વિલસે રાધા નાર;
સ્કંધ ચઢાઈ પ્રભુ ઐસો કિયો, તબ તજીને ગયા મોરાર.. ૨૭

ચાલ

હાં રે ત્યાં તજીને ગયા મોરારિ, હું તો આપ સંગથી હારી;
મેં તો અભિમાન કિયો મોરી માય, ત્યાંથી અલોપ થયા જદુરાય;
ત્યાં ઔર સખી મિલી આયી, દેખન પતિ જાદવરાય ૧૧

સાખી

વૃન્દાવનમેં વિઠ્ઠલો, પામ્યો અંતર્ધ્યાન;
ગોપી સર્વે ઘેલી થઈ, જુએ વેલ તરુવર પાન ૨૮

ચાલ

હાં રે ગોપી વેલ પાન સહુ જૂએ, શ્યામા શ્યામા કરી મુખ રુવે;
વ્રજબાલા માર્ગ પેખે, નરનારીના પગલાં દેખે;
ધન ધન રાધા રાણી, જેણે વશ કીધા મોરારિ ૧૨

→

સાખી

ધન ધન રાધાનારને, જેણે ત્રિકમ લીધાં સાથ
હરિજી વિના કેમ ચાલશે, ના વિસારો નાથ ૨૯

ચાલ

હાં રે આપણ હરિજી વિના કેમ રહિએ, બેની ચાલોની જોવા જઈએ;
જોવું વૃન્દાવન મોઝાર, નહિ દેખ્યાં નંદકુમાર ૧૩

સાખી

નહિ દેખ્યાં નંદકુમારને, વળી વિમાસે સર્વે સાથ;
ધ્યાન ધરો કૃષ્ણચંદ્રનું, જેમ આવે વ્રજનો નાથ ... ૩૦

ચાલ

હાં રે ત્યાં ધ્યાન ધર્યું સર્વે સાથ, સખી ક્યાં છે વૈકુંઠ નાથ;
ત્યાં જાપ જપે વ્રજબાલા, ઉન કરમેં ગ્રહી જપમાલા ૧૪

સાખી

જપમાલા ઉન કરમેં ગ્રહી, ત્યાં ધ્યાન ધર્યું સર્વે નાર;
સાથે હતી રાધિકા, તેણે મન આણ્યો અહંકાર ૩૧

ચાલ

હાં રે રાધાજી ગર્વભરી એમ બોલે, નારી નહિ મુજ કોઈ તોલે;
હરિ એ વિસારી સર્વે નાદ, મારે વશ થયા મોરાર .....

રાધાજીએ મનમાં એવું આણ્યું, ત્રિકમજીએ તત્ક્ષણ જાણ્યું;
માધવજીએ મેલી રોતી, રાધા હીંડે વન વન જોતી ૧૫

સાખી

કૃષ્ણ ચરિત્ર ગોપીએ કિયો, વ્રહે વાધ્યો વ્રજનાર;
એક ભયી જૈસી પુતના, એક ભયી ગોપાલનાથ ૩૨

ચાલ

હાં રે એક ભયી ગોપાલનાથ, તેણે દુષ્ટ પુતનાને મારી;
એકે વેષ મુકુંદજી કીધો, તેણે તૃણાવત હણી લીધો;
એકે વેષ દામોદરનો ધર્યો, તેણે જમલા અર્જુન માર્યો ૧૬

સાખી

અબલા મન આનંદ ઘણો, પામી પદ નિર્વાણ;
જઈ હરિને ચરણે નમ્યા, તત્ક્ષણ આવ્યા પ્રાણ ૩૩

ચાલ

હાં રે આવ્યા પ્રાણજીવન તેણીવાર, અબલા મન હર્ષ અપાર;
ત્યાં વર્ત્યો જૈ જૈકાર, ફરી રચ્યો રાસ વિહાર .....

એમ રંગ ભરી રજનિ નિહાળી, હરિ સંગે જતાં નવ જાણી;
હરિ ક્રીડા રાસ વખાણે, કોઈ જતિ જોગી જાણે .....

છેક રજનિ રહી ઘડી ચાર, ત્યારે વ્રજમાં પહોંચી નાર;
તે પામ્યા પદ અભિરામ, હરિ પહોંચ્યા ગોકુલ ગામ .....

રામભક્ત કહે કર જોડ, સ્વામી ભવના બંધન છોડ;
હરિચરણે રાખો વાસ, નહિ તો જાણો તમારો દાસ ૧૭

સાખી

હીંડે વન વન શોધતી, શ્રી વૃંદાવન મોઝાર;
વાડી વેલે સર્વે જોયું, હવે જુએ સરોવર પાળ ૧

ગર્વ જાણી ગોરી તણો, હરિ ભયે અંતર્ધ્યાન;
એધાણી જોતી પંથની, નયણે છુટ્યાં ઝરણ ૨

૪૨૬. પંથ નિહાળતી રે - AS426 N697

રાગ - પંથીડો (નાદબ્રહ્મ પદ-૬૯૭) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

પંથ નિહાળતી રે હો, જોતી પ્રીતમના પગલાં;
મધ્ય નિશાએ ઘેલી રે હો, ભરતી લથડતા ડગલાં ..... ટેક

ચૌદિશી નિહાળતી રે હો, જાણે વનચરતી હરણી;
સુધ બુધ વિસરી રે હો, પ્રભુ મારા તે તારી કરણી ૧

શ્યામા સૌ ટોળે મળી રે હો, હીંડે મારગડો જોતી;
નયણે નીર ઝરે રે હો, ચતુરા ચીરથી લ્હોતી ૨

શ્યામા સૌ ટોળે મળી રે હો, મનમાં કીધો એક વિચાર;
ચાલો સખી ત્યાં જઇએ રે હો, જ્યાં કંઇ રમતા નંદકુમાર ૩

જોતા સૌ ત્યાં ગયા રે હો, જ્યાં છે જળ યમુના નીર;
અહીં હરિ બેસતા રે હો, જમતાં કર્મલડો[૧] ને ક્ષીર ૪

વ્હાલો વગાડતો વાંસડી રે હો, ગોપી ગાતી સર્વે ગીત;
તે કેમ વિસરૂં રે હો, પ્રભુ મારા પૂર્વ જન્મની પ્રીત ૫

જતને જાળવું રે હો, જોબન ભૂધર ભેટ કરીશ;
જો હરિ નહિ મળે રે હો, મારા પાપી પ્રાણ તજીશ ૬

શ્રી હરિ શ્યામળા રે હો, ધરતાં ધાબળિયાનો વેશ;
કેડલો[૨] પૂછતી રે હો, કહો મને કૃષ્ણનો ઉપદેશ ૭

આણે આણે મારગડે રે હો, આવ્યા લક્ષ ચોરાશી માંય;
મનષા દેહ ધરી રે હો, પ્રભુ મારા આવાગમનની વાર ૮

પૂછું પેલા દ્રુમને રે હો, કહો મને નાગર કેરી ભાળ;
વનિતા વલ વલે રે હો, મળવા આતુર શ્રી ગોપાલ ૯

તારુણી ટોળે મળી રે હો, કરવા લાગી કંઠ રુદન;
વ્રહદેવના સ્વામી મળો રે હો, દ્યો ધ્યાને આલિંગન ૧૦

૧. સાથવો-ભાખરો ૨. છેડો

૪૨૭. વનવન શોધતી રે - AS427 N698

રાગ - પંથીડો (નાદબ્રહ્મ પદ-૬૯૮) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

વનવન શોધતી રે હો, જોતી પદમ[૧] તણા એંધાણ[૨];
ડગમગ ડોલતી રે હો, બોલતી મૂકી મનની સાન[૩] ..... ટેક

હૈયું બિગાડતી રે હો, નારી હરિ વિના થઇ નિરાશ;
મૂર્છા પામતી રે હો, નરહરિ નહિ દેખે નિશ્વાસ ૧

અવની આળોટતી રે હો, જાણ્યું પ્રેમદા તજશે પ્રાણ;
સખી સમજાવતી રે હો, આપણ રમીએ રાસવિલાસ ૨

હરિએ જે કર્યું રે હો, લીલા આચરીએ તેણી વાર;
એક થઇ પુતના રે હો, એક થઇ કાન નાનેરું બાળ ૩

તેને શોધી રે હો, ફરતી પ્રાણ પવન તેણીવાર;
વાય વંટોળિયો રે હો, લઇને ઉડતી આકાશ ૪

એક મંહી હિંડોળતી રે હો, બાંધતી ઊલખા[૫] સાથે હાથ;
વૃક્ષ ઉખેડતી રે હો, ભરતી જમલા અર્જુન બાથ ૫

અદ્‌ભુત ચુરંતી[૬] રે હો, કરતી દાવાનલનું પાન;
પર્વત તોળતી રે હો, હરતી ઇન્દ્ર તણું અભિમાન ૬

બાંસુરી વગાડતી રે હો, કરતી અન્યોન્ય ગાન;
રાસ રમાડતી રે હો, નારી થઇ સ્વયં ભગવાન ૭

વ્રેહની વ્યાકુલતી રે હો, વનિતા હીંડે વનમોઝાર;
અનાથ એકલી રે હો, વનમાં મેલી ગયા વ્રજનાથ ૮

૧. પગની
૨. નિશાનીઓ
૩. શુદ્ધિ
૪. બેશુદ્ધ થવું
૫. ખાંડણિયા
૬. ઘૂમતી

૪૨૮. હરિ નહિ આવ્યા રે - AS428 N699

રાગ - પંથીડો (નાદબ્રહ્મ પદ-૬૯૯) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

હરિ નહિ આવ્યા રે હો, સજની કહો કેમ કીજે આજ;
આપણ એકલા રે હો, વનમાં મેલી ગયા વ્રજરાજ ..... ટેક

અમો મહા અભાગણી રે હો, નાથ ન ધરવી રીસ;
અમો અપરાધી રે હો, વ્હેલા સહાય કરો જગદીશ ૧

આવડું ક્યાં કરો રે હો, અવગુણ શા શા કીધાં મન;
બિરુદ તમારું રે હો, આગે પતિત પાવન ૨

સુરપતિ કોપ્યો રે હો, માંડી વૃષ્ટિ અખંડ ધાર;
ગોવર્ધન કર ધર્યો રે હો, હરિએ ઉગાર્યા તેણીવાર ૩

દાવાનલ થકી રે હો, રાખ્યાં ગોપી ગ્વાલ;
તે સંભાળજો રે હો, દર્શને દ્યોને દિનદયાલ ૪

પ્રીત પૂર્વતણી રે હો, હરિએ સંભાળી તેણીવાર;
તત્ક્ષણ પ્રગટ્યા રે હો, અબળા પામી હરખ અપાર ૫

વ્રહદેવનો સ્વામી મળ્યો રે હો, સર્વે સુખી થઈ વ્રજનાર;
મનમાં આનંદ ઘણો રે હો, આવ્યા પ્રાણધાર ૬

૪૨૯. રાસ રચ્યો વનમાળી - AS429 N700

રાગ - બિહાગ (નાદબ્રહ્મ પદ-૭૦૦) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

રાસ રચ્યો વનમાળી, વનમાં, રાસ રચ્યો વનમાળી;
સુંદર શ્યામ કમલદલ લોચન, ગુણ નિધાન ગિરધારી ..... ટેક

ફૂલે ફલે સકલ દ્રુમ[૧] વેલી, શરદ રૈન ઊજિયાલી;
શોહત મધ્ય મહાધન મોહન, દામની[૨] ગોપ કુમારી ૧

નૂપુર રણક ઝનક કર કંકણ, કરત સપ્ત સ્વર નારી;
ઘુમત મંડલ ઝલત આભૂષણ, ધૂની સુની સૂધ ન સંભાળી ...૨

કુંડલ હલન ચલન ગ્રીવા[૩] પર, કહી ન પડત છબી ભાળી;
શોભા અટક રહી ઉર અંતર, વ્યાસ દાસ બલિહારી ૩

૧. ઝાડ
૨. વીજળી જેવી
૩. ડોક

૪૩૦. વૃન્દાવનમાં રચ્યો અખાડો - AS430 N704

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૭૦૪) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

વૃન્દાવનમાં રચ્યો અખાડો, નાચે ગોપી ગોવાલ રે;
તાલ પખાવજ બાજે બાંસુરી, તાલ મિલાવે ગોપાલ રે ..... ટેક

સુંદર રાત શરદ પુનમની, સુંદર ઉગ્યો હરિ ચંદ્ર રે;
સુંદર ગોપી ને કાંચનમાલા, મધ્યમેં મર્કટમણિ ગોવિંદ રે ... ૧

શિર ફૂલ સેંથો રાખલડી, ઉર સોહે મોતી માલા રે;
રુમઝુમ રુમઝુમ નૂપુર[૧] બાજે, મલકારા કરતી બાલા રે ૨

હરખી હરખી દેવેશ્વર મહેશ્વર, વર્ષે કુસુમ ભરી થાળ રે;
જીવો રે જીવો દેવકીનંદન, ત્યાં નરસૈંયો મ્હાલે રે ૩

૧. ઝાંઝર

૪૩૧. શાને કાજે તમો સૌ મળી આવ્યા - AS431 N705

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૭૦૫) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

શાને કાજે તમો સૌ મળી આવ્યા, શું છે તમારું કામ રે;
પતિવ્રતાનો એ ધર્મ જ નાહીં, જાઓ તમારે ધામ રે ..... ટેક

મોહન કેરા વચન સુણીને, નીચું નિહાળે ગોપી ગ્વાલની રે;
મુખ આંગળી લઈ મનડું વિમાસે, શું કહે દેવ મોરારિ રે ૧

ગદ્‌ગદ કંઠે ગોપી વચન પ્રકાશે, સુણજો દેવમોરારિ રે;
જો મોહન નાહીં રમો અમ સાથે, તત્ક્ષણ કાઢું પ્રાણ રે ૨

અંતર્પ્રીત જોઈ હરિ હસિયા, હૃદય સાથે ભીડી રે;
પ્રેમ ધરી નરસૈંયે નીરખી ગોપી, સરખે સરખી જોડી રે ૩

૪૩૨. વૃંદાવન વેણુ વગાડી - AS432 N706

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૭૦૬) [અનુક્રમણિકા-૧૧ Index_front Index_back]

વૃંદાવન વેણુ વગાડી, ગોપીમન વિહ્વળ કીધાં રે;
વર આપો વચન પાળવા, ચિત્ત હરી મારું લીધું રે ..... ટેક

એક નયન આંજી મન જાણી, બીજી માંગ સિંદુર રે;
યુવતીના જૂથ મળી ચાલે, નહી વહે જલપૂર રે ૧

રત્નજડિત રાખલડી રૂડી, ઝાલ ઝબુકે કાને રે;
રાતા દંત અધર પર ઓપે, ગોપીને ગોવિંદ રે ૨

હર્ષ વ્હાલાની પાસ આવ્યા, વૃંદાવન મોઝાર રે;
નરસૈંયાના સ્વામીનું મુખ જોઈ, હૈયે હર્ષ અપાર રે ૩

દિવાળીનાં પદો

[Index_front Index_back]

૪૩૩. આજ દિવાળીના દહાડા - **AS433 N707**

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૭૦૭)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

આજ દિવાળીના દહાડા, હરિ મારે ઘર આવો;
મલકતું શું મુખડું, માનુની ને મન ભાવે ..... ટેક

પહેરો હાર પીતામ્બર અદ્‌ભુત, પાઘડી લટપટી બાંધો;
અતિ કોમળને કુસુમે ભર્યા, ઠમકે પાવલાં[૧] માંડો ૧

પ્રેમ ધરી હું પૂરું સાથિયો, તોરણ હાર બંધાવું;
સૈયર સર્વે સૌભાગ્ય વખાણે, વ્હાલાંજીને પુષ્પે વધાવું ...૨

માન ધરી મંદિરમાં તેડું, વ્હાલાજીનું વદન નિહાળું;
પૂજી અર્ચી[૨] પાટ બેસાડું, દૂધે પાંવ પખાળું[૩] 3

પય પકવાન્ન મીઠાઇ મેવા, મનગમતા લીજે;
રામકૃષ્ણ પ્રભુ રસવશ થઇને, છાસિયું ઘાટે દીજે ૪

૧. પગરણ માંડો અથવા પગલાં માંડો
૨. પૂજી-અર્ચી એક જ શબ્દપ્રયોગ છે-પૂજા કરવી એવો અર્થ
૩. ધોવું

૪૩૪. રંગભરી રઢિયાળી, દુર્લભ દિવાળી - AS434 N708

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૭૦૮) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

રંગભરી રઢિયાળી, દુર્લભ દિવાળી;
ધનભરી ધનતેરસ આવી, નંદકુંવર જોયાં નિહાળી .... ટેક

મોર મુગટ કાને કુંડલ, પીળી પલવટ વારી;
ચૌદ લોક ચાલે વશ કીધાં, તેવી ચૌદશ કાલી ૧

લાડુ લેંચી ઘારી ઘેબર, સરસાં સેવ સુંવાળી;
પહેરી ઓઢી પ્રભુજીને પીરસું, હાથ કનકની થાળી ૨

ચૂવા ચંદન અંગે ચર્ચું, કેસર કુંકુમ ઘોળી;
રંગભરી રમશું રાધા વરશું, દીવડા કોટ ઉજિયાલા ૩

પય પકવાન મિઠાઈ મેવા, બીડલાં બહુ વિધ વારી;
જવાર પટોળા જુગજીવન શું, કરીએ અંતર ટાળી ૪

કહાન કોડીલો આંગણે ઊભો, આંખડલી અણિયારી;
લુંટાલૂંટ કરે સૌ વૈષ્ણવ, અન્નકોટ મન ધાલી ૫

હરિ હાથિડો હસતો આવે, સાથીડા સંભાળી;
ભાવ જ વ્રજ ભરી પડી પૂરણ, નંદકુંવરને નિહાળી ૬

ત્રીબ લાખણી લટપટ કરતાં, પ્રભુજીએ વાચા પાળી;
રામકૃષ્ણ પ્રભુ સંગે રમતાં, છૂટે જીવ જંજાલી ૭

૪૩૫. ધન ધનતેરસની રાત - AS435 N709

રાગ - ધનાશ્રી (નાદબ્રહ્મ પદ-૭૦૯) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ધન ધનતેરસની રાત, ધનતેરસ નો દહાડો;
કહાન કોડીલો મારે આંગણે આવે, આંક વળ્યો છે આડો રે ...ટેક

ગાવલડી દોહતાં વાટલડી જોતાં, ઉલટ માય ન અંગે રે;
મારી ધેન તણાં શીંગલડા, શામળિયે રંગ્યા રે ૧

જેનું ધ્યાન ધરે મુનિ શંકર, લક્ષ્મી ચરણે મ્હાલે રે;
રામકૃષ્ણ પ્રભુ રુમઝુમ કરતાં, મંદિર મારે મ્હાલે રે ૨

૪૩૬. ગોવર્ધન રાસ - AS436 N710

(નાદબ્રહ્મ ૫૬-૭૧૦) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

સાખી

શ્રી ગુરુને ચરણે નમું, એ નિજ જ્ઞાન;
વર્ણન કરવા શ્રી કૃષ્ણકો, શ્રી ગોવર્ધન કો ધ્યાન... ૧

છંદ

હનિ હાં રે શ્રી ગોવર્ધનકો ધ્યાન, ઐસે બોલ્યા શ્રી ભગવાન;
હનિ હાં રે આપણા ઈન્દ્ર મહોત્સવ તજીએ,
ગોવર્ધન ગિરિકો ભજીએ ૧

મોર પંખી સુખીઆ થાયે, રૂડા શબ્દ કરે વનમાંહે;
યા કે ત્રટતણો મહિમાએ, પશુ પંખી સુખીઆ થાયે ૨

સાખી

વેણ સુની હરિતણા, નંદજીએ કિયો વિચાર;
તત્ક્ષણ હી તેડ્યાં સબ, ગોપ તેડ્યાં તેણીવાર ૨

છંદ

હનિ હાં રે ગોપ તેડ્યાં તેણીવાર, મળી સબ કરવો એક વિચાર;
હનિ હાં રે ઈન્દ્ર મહોત્સવ કરવો લોપ, એક વાત કહું રે અનુપ ૩

વલણ

એક વાત કહું રે અનુપમ રૂડી, ગોપ સર્વે ચિત્ત ધરો;
સામગ્રી સર્વે મેળવીને, ગોવર્ધન ઓચ્છવ કરો ૧
રળિયામણો સોહામણો, ભજીએ ગોકુલ ગિરિવર;
મોર પંખી હોય સુખીઆ, ત્રટ યા કે ગૌધેનુ ચરે ૨

સાખી

વેણ સુણી નંદકે, ઓચરે સર્વે ગોપ;
એ મહોત્સવ કો મિટતાં, રાખે ઈન્દ્ર કરતો કોપ ૩

ચાલ

એહ ત્રિભોવનકો ભૂપ, રખે આપણ કો કરતો કોપ;
એ શુર બારે મેઘકો રાય, યા કો મહોત્સવ ક્યોં લોપાય ૧
જબ કોપ કરે ઈન્દ્ર રાય, તબ આપણ શું ન રહેવાય;
જેહ કરતાં તેહી કરીએ, બીજા ધર્મ નહિ આચરીએ ૨

સાખી

એ વેણ સુની સબ ગોપીકા, કહ્યો નંદકુમાર;
એ ઈન્દ્ર શું જિન બી'ઓ, ધરો ધીરજ નિરધાર ૪

છંદ

હનિ હાં રે ધરૌ ધીરજ નિરધાર, નંદજી કહે તે કરવો વિચાર;
હનિ હાં રે ઈન્દ્ર તરણાં કી તોલ, સમર્થ શાખ નિગમ બોલ ... ૪
નિગમ શાખી એહી બોલે, અનેક ધર્મ ન આચરો;
ભક્તિકો ફલ કોઈ ન પામે, અનેક દેવ આરાધન કરો ૫

→

સાખી

ગિરિકો જાએ પૂજવા, પ્રત્યક્ષ હૈ એ દેવ;
સામગ્રી સહુ આગે ધરી, કર કાઢી લે તતક્ષેવ ૫

એ વેણ સુની હરી તણા, ઉચરે સર્વે ગોપ;
આજ લગી નહિ સાંભળ્યો, એ વાત સુની અનુપ ૬

ચાલ

એક વાત સુણીને અનુપ, સામગ્રી કરો સબ ગોપ;
ત્યાં તોડલે તોરણ બંધાય, ત્યાં ઘર ઘર ઓચ્છવ થાય ૩

કરી રસોઈ કે સામાન, મિઠાઈ મેવા પકવાન્ન;
પહેરે આભૂષણ સોળ સણગાર, ગોપી ગોપ થયા તત્કાળ ૪

સાખી

ગોકુલ સબહી ઉલટ્યો, ગિરિ પૂજવાને જાય;
વાજિંત્ર બહુત બજાવત, ઊલટ અંગ ન માય ૭

છંદ

હનિ હાં રે ઉલટ અંગ ન માય, આયે ગિરિકો લાગે પાય;
હનિ હાં રે પુષ્પ તૃણ લઈ કરે પૂજા,
એહ ગિરિ સમાન નહિ દેવ દૂજા .. ૬

વલણ

ગિરિ સમાન નહિ દેવ દૂજા, લાયે અન્ન પકવાન્ન હી;
સામગ્રી આગે ધરી જાયો, ગંજ ગિરિ સમાન હી ૩

ગિરિએ તબ ભુજા કાઢી, દીઢા પ્રત્યક્ષ દેવ;
સર્વ કોઈ દેખતાં, ગિરિ આરોગ્યાં તતક્ષેવ ૪

સાખી

ગોપ સર્વે અચરજ થયા, એ કોઈ અકલ સ્વરૂપ
એ કોઈ શું ના બ્હીએ, કોણ માત્ર ઈન્દ્ર ભૂપ ૮

ચાલ

તૃણ માત્ર ઈન્દ્ર ભૂપ, ઐસે દીઠો ગિરિકો સ્વરૂપ;
સર્વે જૈ જૈ મુખ બોલે, કોઈ દેવ નહિ ગિરિ તોલે ૫

ત્યાં બાજે તાલ મૃદંગ, કિરતાલને ફેરી ચંગ;
અતિ આનંદ ઓચ્છવ થાયે, વાધ્યો ગિરિવરકો મહિમાય ૬

સાખી

ધન્ય શ્રીકૃષ્ણ ગોવર્ધન, ધન્ય સબ વ્રજવાસી;
ધર્મ નિયમ કિયા સબે, આજ ઘર ગંગા કાશી ૯

છંદ

હનિ હાં રે નટવર કૃષ્ણ મોરારિ, શોભે વેષ પીતામ્બર ધારી;
હનિ હાં રે કૃષ્ણ એ લીલા કરે, ફરતાં ભમરી દેતાં મન હરે ૭

→

વલણ

ભમરી દેતા મન હરે, થૈ થૈ ગોપી ગ્વાલ કરે;

ધૂની ગગનમેં છાંય રહ્યો, પાતાલ સર્વ ગાજી રહ્યો ૫

ચાલ

જૈ જૈ જૈ મુખશું ઓચરે, સુરપતિએ સર્વ લહ્યો ૭

સાખી

સુરપતિએ સર્વે લહ્યો, પછી કોપ્યો ઈન્દ્ર અપાર;

એ મહોત્સવ તો મિટતાં, જો પ્રગટ્યા નંદકુમાર ૧૦

ચાલ

જબ પ્રગટ્યો નંદકુમાર, ઈન્દ્ર મનમાં કરે રે વિચાર;

બારે મેઘ તેડ્યા તેહીવાર, તાકો વાત કહી નિરધાર ૮

તુમ બારે એકઠા વર્ષો, મારી ગોકુલ જલમય કરશો;

ઐસા વર્ષો મેરે ભાઈ, પાણી શું ખોદી પાડો ખાઈ ૯

સાખી

સુરપતિ મહા કોપ્યો, બોલ્યો ઐસી વાણી;

ગોકુલ સબ હે રેલો, તહાં ન રહે નિશાની ૧૧

છંદ

હનિ હાં રે ગોકુલ ન રહે નિશાની, મેઘે એહી વાત મનમાં આણી;

હનિ હાં રે સબ મિલી બાંધ્યો બંધ, ચલે હૈ લેવાકો જલનિધિ ... ૮

વલણ

સિંધુ માંહે સબહી ગયે, મેઘ બારે નીર ભરી;
આવી આંધી વૃક્ષ કંપાવે, ગડગડાત કરી ગર્જના કરી ૬

ઘોર ઘટા ઘન વીજ ચમકે, વર્ષે મૂશલધાર હી;
શૈલ સમાન બુંદ પડહી, કરે જલકો પ્રહાર હી ૭

સાખી

વામ અંગુલિએ ગિરિ ધર્યો, રહ્યો ગાઉ ચોરાસી માપ;
વચ્છ ધેનૂ મનુષ્ય સબ, રહે ગિરિકે છાંય ૧૨

ચાલ

સર્વે રહે ગિરિ કે છાંયે, ગોપ સર્વે આણે મનમાંહે;
સર્વે ગોપી ગ્વાલ કંપે, રખે ગિરિ પડે તો ચાંપે ૧૦

સખા લાઠી ટેકે નિરધાર, સો તો પહોંચે નહિ લગાર;
હરિકો કોમલ કર કરમાય, ગિરિ પુષ્પ સમાન થાય ૧૧

સાખી

અંધકાર તહાં હો રહ્યો, દામખ ચમકે અપાર;
એક પલક નહિ ઉઘડે, મેઘ વર્ષે મૂશલધાર ૧૩

છંદ

હનિ હાં રે મેઘ વર્ષે મૂશલધાર, કોઈ દુઃખ ન પામે લગાર;
હનિ હાં રે રે ગિરિ ભયો તાનો અંગાર,
જલ પરસત નહિ લગાર ૯

→

વલણ

જલ પરસત નહિ લગાર, ઐસી અકલ ગતિ ગોપાલકી;
રાગ રંગ ઔર મધુરી બાની, બલિહારી હરિકે છંદકી ૯
જુગ ભુજા શ્યામ ખેલે, ચરણે ધૂધરી ધમકાવહી;
કર ત્રીજે ગીરી સ્તંભીઓ, ચોથે મુરલી બજાવહી ૧૦
શેષ મોહ્યાં પાતાલ માંહી, રવિ ચંદ્ર નભ સુરનર મોહ્યાં
હરિદાસ સ્વામી ઓચરે, સો જોઈ કે ચક્તિ ભયા ૧૧

સાખી

સાત દિન લગી વર્ષીઓ, બારે મેઘ અપાર;
તાતી વાવ લાગી નહિ, ગોકુલ જૈ જૈકાર ૧૪

સુરપતિ દેખી ચકિત ભયો, મનમેં કિયો વિચાર;
નંદગોપ ગૃહે પ્રગટ્યો, જાણ્યો પૂરણ બ્રહ્મ અવતાર ... ૧૫

છંદ

હનિ હાં રે જાણ્યો પૂરણ અવતાર, ઈન્દ્ર ભય પામ્યો અપાર;
હનિ હાં રે કામધેનૂ સંગ લાયો,
વિનતિ કાશી ચરણે શીશ નમાયો ૧૦

વલણ

વિનતિ કરી કે ચરણે લાગ્યો, ઈન્દ્રકો આદર દિયો;
આતા માગી નિજલોક આયો, મનકો ગર્વ સબ ગયો ૧૨
એ લીલા ગાયે અરૂ સાંભળે, સો ભક્તિ મુક્તિ ફલપાવહી;
હરિદાસ સ્વામી ઓચરે, ફિર ગર્ભવાસ ન આવહી ૧૩

૪૩૭. જશોદા કહે કુંવરકો વાત - AS437 N713

રાગ - અકેલી (નાદબ્રહ્મ પદ-૭૧૩) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

જશોદા કહે કુંવરકો વાત, વિદ્યા ક્યાં શિખ્યો;
તૂં તો બળિયા શું બળિયો, મેં તો આજ વિશેષ્યો[૧];

સકલ શાસ્ત્રકો મર્મ જ લેકે, આવ્યો તું મધ્યરાતે;
પ્રથમ માસી ના પ્રાણ જ શોષે, દૈત્ય વિડાર્યા[૨] હાથે ૧

મથુરા શું જબ ગોકુલ આયે, દીધો જમુના માર્ગ;
મામાકે સંઘ જુગટ રમ્યા, નાથ્યો કાલિ નાગ ૨

જન્મોત્રીમાં જે કાંઈ લિખ્યો, વચન કહ્યાં ગર્ગાચારે;
તે દિનકી હું વિસ્મય થઈ છું, પરાક્રમ દેખી તમારાં ૩

માતા કે મન પ્રીત જ ઊપજી, પ્રેમ આલિંગન દીધાં;
કંઠ લગાઈ મુખ ચુંબન કીધાં, માતા મીઠડાં કીધાં ૪

ગોપી ગ્વાલનકો ધીરજ આઈ, કીધી લીલા રંગ;
કહાનદાસ કે સ્વામીકો ભજતાં, પાપ ન લેપે અંગ ૫

૧. વિશેષરૂપે ઓળખ્યા
૨. માર્યા

ગરબીનાં પદો

૪૩૮. સુખદાયી સલુભા સંત છે જો - AS438 N717

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૧૭)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

સુખદાયી સલુભા સંત છે જો;
જેનું હરિના ચરણમાં ચિત્ત છે જો ..... ટેક

બાળી કામ ક્રોધ કોયલા કર્યા જો;
તે તો સમજી સંસારમાંથી નિસર્યા જો ૧

હીંડે મગ્ન થતાં નીજ જ્ઞાનમાં જો;
તે તો સમજ્યા સતગુરુની સાનમાં જો ૨

જોયું આત્મા વિષે એકતા કરી જો;
તેની ભાંગી ભગ કેરી ભ્રાંત જો ૩

જેનું મન મળ્યું વૈરાગ્યમાં જો;
તે તો રહ્યા ત્રિગુણીનાં ત્યાગમાં જો ૪

નરભેરામના સ્વામીને ધન્ય છે જો;
તેના સદા શીલત વચન છે જો ૫

૪૩૯. મારે આજ રે આનંદનો દિન છે જો - AS439 N718

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૧૮)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

મારે આજ રે આનંદનો દિન છે જો;
હરિની ભક્તિ કરે તેને ધન્ય છે જો ..... ટેક

જેણે પ્રહ્લાદની રક્ષા બહુ કરી જો;
વિકરાળ નૃસિંહ દેહ ધરી જો ૧

વિષ વાર્યા તે મીરાંબાઈનાં જો;
પત[૧] રાખી તે સેના નાયી જો ૨

નરસૈંય મહેતાનો હાર આણી આપ્યો જો;
ધ્રુવને અવિચલ કરી સ્થાપ્યો જો ૩

જેણે નામદેવનું છાપરું છાયું છે જો;
સુદામાની નાર સુખ પાય છે જો ૪

નરભેરામના સ્વામીની સાથમાં જો;
અમે રહીએ હરિના હાથમાં જો ૫

૧. વચન પાળ્યું

૪૪૦. મારી શેરીએ આવો શ્યામળિઆ - AS440 N719

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૧૯)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

મારી શેરીએ આવો શ્યામળિઆ;
વાટલીએ વેરાવું ફૂલ પ્રીતમ પાતલિઆ ..... ટેક

મેં જુગમેં જોયું શ્યામળિઆ;
નહિ આવે તમારી તોલ પ્રીતમ પાતલિઆ ૧

ધન ધન દેવકીના શ્યામળિઆ;
જાણે જનમ્યા ને અકલ સ્વરૂપ પ્રીતમ પાતલિઆ ૨

તારું મુખડું સુંદર શામળિઆ;
જાણે શરદ પુનમનો ચંદ્ર પ્રીતમ પાતલિઆ ૩

રઘુનાથના સ્વામી શ્યામળિઆ;
વ્હાલો દુઃખડા કેરો જાણ પ્રીતમ પાતલિઆ ૪

૪૪૧. ફરી નહિ મળે રે - AS441 N720

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૨૦)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ફરી નહિ મળે રે, ફરી નહિ મળે રે,
લેરે લ્હાવો તને ફરી નહિ મળે;

બાવળિયાનું બી વાવે તો આંબા નહિ ફળે;
આવી રૂડી મનષા દેહ ભૂલમાં ભમે..... લેરે લ્હાવો

કેવડો કસ્તૂરી મોગરો તેલમાં તરે;
મોતિડાંની કણક લઈ ઘંટીમાં દળે ..... લેરે લહાવો

ચેતવું હોય તો ચેતી લેજે, અવસર નહિ મળે;
નરસૈંયાના સ્વામી વિના અર્થ નવ સરે .. લેરે લહાવો

૪૪૨. આજનો લ્હાવો લીજીએ રે - AS442 N721

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૨૧)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી;

વાણીના મેહુલા ને નૃત્યની હેલી;
સુખનો લ્હાવો લીજીએ રે ... કાલ કોણે દીઠી

પ્રભુજીના ગુણ જોને એવા રે મીઠડાં;
હર્ષે ઓવારણાં[૧] લીજીએ રે ... કાલ કોણે દીઠી

ફૂલની રે ગાદી ને ફૂલના તકિઆ;[૨]
ફૂલના બિછાના બિછાવીએ રે ... કાલ કોણે દીઠી

રામની રે આરતી ને સંતની સેવા;
દાસ રણછોડ હૃદયે લીજીએ રે ... કાલ કોણે દીઠી

૧. દુઃખના વારણરૂપ આરતી ઉતારવી
૨. તકિઆ-અઢેલવા માટેનાં મોટાં ઉશીકાં

૪૪૩. નંદના છોરું રે - AS443 N722

રાગ - ગરબી (નાદબ્રહ્મ પદ-૭૨૨)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

નંદના છોરું રે ખેલત કાંકરી કોણે મારી
કોણે મારી રે મારે હૈયે લાગી ... નંદના છોરું રે

તેરી મારી મેં તો નહિ રે મારુંગી
મોરી દિલકી મારી મર જાઉં રે ... નંદના છોરું રે

આ તીરે ગંગા ને પેલી તીરે જમુના
મારે ભરવા છે ઝાઝાં નીર રે ... નંદના છોરું રે

કંઠે તિલક કુમકુમ ઓર કેસર
મોતીયન ચોક પુરાવો રે ... નંદના છોરું રે

ભક્તો લીયે અવતાર લીયો હૈ
કંસ નિકંદન કાજ રે ... નંદના છોરું રે

પ્રેમાનંદ પ્રભુ ચિરમ્ જીવો રે
નંદ લાલ કે લાલ રે ... નંદના છોરું રે

૪૪૪. આદિ અનાદિ એક તું - AS444 N723

રાગ - વિનંતિ (નાદબ્રહ્મ પદ-૭૨૩) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

સ્વામી રે મારા આદિ અનાદિ એક તું, નિરંજન નિરાકાર;
હરિ હર બ્રહ્મા તું હવો, સ્વામી તું છે અપાર;
પાયે લાગી કરું વિનંતિ ..... ટેક

તારો પાર કોઇ નવ લહે, પરિબ્રહ્મ અવિધાર;
તું સરખો કર તાહેરો, માયા રહિત સંસાર ૧

આપણે પોતે ગોઠવ્યું, વહ્યો સકલ સંસાર;
જાગ દાન અધ્યાત્મને, નથી ગર્ભનો પાર ૨

ભોવન રઝળ્યો એ આત્મા, તું ન જાણે એ સાર;
ધણી વિહોણો તૂ મર્યો, ચોખાણ મોઝાર ૩

બ્રહ્માદિક શિવ આત્મા, જે ધરે રે શરીર;
કછું મોટો કછું નાનેરો, એવો અકલ તૂ વીર ૪

વિગતો કીધો એ આત્મા, ગુણે હવો ખંડ;
ચોરાશી લક્ષ જીવ થયા, તેણે ભર્યા બ્રહ્માંડ ૫

બ્રહ્માંડ મુક્યું આ બધું, પડ્યો મોહ સંસાર;
હું મારું કરે આંધળો, અંધ એહ ગમાર ૬

સ્વામી દયાલ તું ઓળખ્યો, સમર્થ શું વિચાર;
તું આગળ શું મારો, હું નથી એકો વાર ૭

આપો આપ થયો અણછતો, માંહી મેલે તુંજ;
હવે ગમતું કર તારું, ઉદ્ધાર એ અબૂઝ ૮

ક્ષુધા તૃષાદિક આકળો, વાંછે સુખતણી આશ;
તેણે વળી ઘટ પામશે, ઉંધે મુખ દશ માસ ૯

ધરે એ જીવ વરાંસો, હવો આપણ રાહ;
ભક્તિ વિહોણી તારી, જમે દીધો ધાવ ૧૦

ક્ષણ ક્ષણ જન્મે ને ક્ષણુ મરે, ચઢે કાલને હાથ;
ઠામ ઠામ કરે મારું, તે નહિ આવે સાથ ૧૧

સ્વામી કૃપા કરો અતિઘણી, ભાંજો અનેક વિચાર;
અચલ ભક્તિ દે તારી, જે છે મુક્ત ભંડાર ૧૨

તારા સ્વરૂપનો પાર નહિ, બહુ લીલા બ્રહ્માંડ;
ભક્ત જ્યાં જેવું મન ધરે, ત્યાં તેવો પિંડ ૧૩

વૈકુંઠ બ્રહ્માદિક જુએ, પેખે વિષ્ણુ અનંત;
રાજા અક્ષય પદ તણો, તેને સેવે સંત ૧૪

આપો આપ જે દાખવે, તેને તેવો પસાય;
તારા સ્વરૂપને તું જ લહે, તું છે ગુરવો રાય ૧૫

→

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸

પ્રકૃતિ પડી જ્યાં પાપણી, હજીએ ન મૂકે કાંઈ;
શબ્દ ધણીનો રોળવે, વણસે તે ઘર જાય ૨૪

પ્રકૃતિ કહે સુણ આત્મા, મારો કયો દોષ;
વણસે તેઓ અનેકવાર, હવે ક્યાં કરે રોષ ૨૫

પ્રકૃતિ પુરુષ એમ બોલતાં, તૂટ્યો પૂર્વસ્નેહ;
આત્મા પરિબ્રહ્મ જઈ મળ્યો, પાંચ ભાગ થઈ દેહ .. ૨૬

જમ છે બોલ્યું તારૂં, જુગ છે એ તો ધર્મ;
તું વિના જપ તપ દયા દાન, તે સઘળાં કર્મ ૨૭

વિષ્ણુનું બોલ્યું વેદ છે, જેનો નહિ લાધે પાર;
જેને આધારે બ્રહ્માંડ રહ્યા, સાચો એ આધાર ૨૮

યુગ યુગ દર્શન જૂજવાં, વણસે જુગ અનંત;
વેદ ન વણસે વણસંતા, બહુ જુગ કલ્પંત ૨૯

તમારી કૃપા થકી રહિત છે, લોપે રાજ આદેશ;
ધર્મે આ બધું માંડ્યું, માને બૂધ જનેશ ૩૦

અણછતો આત્મા વિનવે, ઉદ્ધાર જો તાત;
તું સમર્થ હવે પામ્યો, આદર એજ વાત ૩૧

૪૪૫. હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ દર્શન - AS445 N740

રાગ - વેદ પુરાણ (નાદબ્રહ્મ પદ-૭૪૦)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

હરિ હરિ વેદ પુરાણ સ્મૃતિ ષડ દર્શન,
નિચટ વિચારી સ્વામી જોયું એ ૧

એક જ સાર સનાતન લાધ્યું એ,
ચેતન હરિ પરિબ્રહ્મ તણું એ ૨

પાછલા જનમ તણા દુઃખ કાં વિસર્યો,
ગર્ભને ઘર લઇ કાં થયો એ ૩

કર્મ તજી ને હરિનું ધ્યાન માં છાંડીશ,
અહરનીશ અનુસરો ક્ષેણું ઘડી એ ૪

ધંધે એ વાહ્યો કાલમાં નિર્ગમ્યો,
કાજ છે તે સિધ્યુ નથી એ ૫

જન્મ મરણ સુખે દુઃખે એ વાહ્યો,
કાજ સિધ્યા વિના ભમ્યો એ ૬

કાજ સિધ્યુ નથી કામ ઉપર નથી,
કાજ સિધ્યા વિના ઘર નથી એ ૭

દેહ ધરે તે આત્મા બોલે એ,
દેહ વિના પરમાત્મા એ ૮

મૂર્તિ વિના પરમાત્મા ધાઇએ,
અવર પ્રપંચ કીજે નહિ એ ૯

તે પરમાત્માથી સહુ ઉપજે,
અંતે તેણે વળી સહુ આથમે એ ૧૦

સાથી ભૂલ્યો વન એકલો રૂવે એ,
સાથી દીઠા વિના ન વિરમે એ ૧૧
જનુની વછુટયું જેમ બાળક રૂવે એ,
જનુની પામ્યા વિના નિવૃત્ત નહિ એ ... ૧૨
જલ વિના માછલી ટળવળે અતિ ઘણી,
ઉદક પામ્યા વિના સુખ નહિ એ ૧૩
એમ પરમાત્મા શું રહે આત્મા,
એટલે કાજ સિધ્યું સહી એ ૧૪
બ્રહ્મ જ બોલે ને બ્રહ્મ જ સાંભળે,
બ્રહ્મ દેખે ને પરિબ્રહ્મ જપે એ ૧૫
વાસુદેવ પરમાત્મા પરિબ્રહ્મ,
વિષ્ણુ નારાયણ એક તું એ ૧૬
જીવ અજાણ કાં ધંધે વાહ્યો,
પોતે અદકું ઓછું નહિ એ ૧૭
પરિબ્રહ્મ આ ઇશે જે જેમ રાખ્યા એ,
તે તેમ રહો પરિબ્રહ્મ જપો એ ૧૮
સમર્થ સબલ સનાતન સાર એ,
પાર નહિ જશ ગુણ તણો એ ૧૯
પરિબ્રહ્મ નામની ઉપરાજન સાચી એ,
તે વિના પ્રાણ છેદાય ઘણું એ ૨૦
આપ કબુધે નવુએ ન કીજીએ,
પરિબ્રહ્મ બોલ ન લોપીએ એ ..... ૨૧→

બોલ લોપે હોય ધણી વિહોણો એ,
તે તણી ગત હવે કોણ હશે એ ૨૨
ધણી મુકે તેનું આયુષ્ય લોપે એ,
અવર માર્ગ તેને ગત નથી એ ૨૩
ધણી સાચો તેનું આયુષ્ય સાચું એ,
અવર કુડુ સહુ વણસતુ એ ૨૪
અણછતાં ઉપજે છતાં જે વિલસે એ,
તે તણો બોલ અહીં નરક છે એ ૨૫
જે સદાય છે સર્જે ને ફેડે એ,
તેને મુકીને કોણ સેવીએ એ ૨૬
ધંધે વાહ્યો બાપ વિસાયો એ,
તો તને નરકેથી કોણ કાઢશે એ ૨૭
દર્શન સેવીશ ધર્મ સંભાળીશ એ,
અચલ સેવ્યા વિના વણસશે એ ૨૮
અનેક પ્રકારે તું પ્રાણી આગે હવો,
હજુ કછુ કોડ તને વળી એ ૨૯
અમૃત પામ્યો પ્રમાદ કા ઢોળીશ,
અવર રસ નથી કાંઈ હરિ સમો એ ૩૦
કાચ કારણ મણિ હાથથી નિર્ગમ્યો[૧],
થોડલે સુખે બહુ સુખ કાં તજે એ ૩૧
ગર્વ મા કરીશ તું પૃથ્વીપતિ રાજીઆ,
રંક મા તું કીજેશ દરિદ્રઓ એ ૩૨

હરસદ કેરી પરબતણી પેરે,

રૂધિર સાટે એહી ઉદક[૨] છે એ ૩૩

જાગ દાનાદીકે રાજ પ્રાપ્ત હોય,

ધર્મ ખુટે ને વળી દુઃખ સહે એ ૩૪

પૃથ્વીપતિ તણું સુખ ધનપતિ તણું સુખ,

સુક્ષ્મજીવ તણું સુખ સમતુલ છે એ ૩૫

આપ આપણ મન જે સુખ માને એ,

નરક સંપૂર્ણ તેને ત્યાં છે એ ૩૬

પરિબ્રહ્મ પદસુખે જે જઈ બેઠા એ,

ઈન્દ્ર પદ લગી તે નવ આભડે એ ૩૭

મનના મનોરથ છાંડીને હરિ ભજો,

વિગત ફીટે ને સહુ એક જ હોય એ ૩૮

ભાષા ન જાણું ને છંદને ના જાણું એ,

એક જાણું સ્વામી માંડણહાર એ ૩૯

તું વડે જાણું ને તું વડે જીવવું એ,

તું વડે છોડું સ્વામી ચારે ખાણ એ ૪૦

આશ્રમે દર્શન વર્ણે જે ભોળવ્યા,

તુજ વિના તે સહુ રળવળ્યા એ ૪૧

તારે આઇ સે સબળ કર્મ છે,

લાગતો અંધ બ્હીએ નહીં એ ૪૨

→

કર્મ ભોગવ્યા પછી દુઃખ સહે આત્મા,
તું લાજે તારા ભણી એ ૪૩
અણછતો ભક્ત વિનંતિ કરે સ્વામી એ,
આત્મા ફેડી અળગો શું કરે એ ૪૪

૧. પડી ગયા
૨. પાણી

૪૪૬. જી રે સરસ્વત સ્વામીને વિનવું - AS446 N741

રાગ - સોરંગી (નાદબ્રહ્મ પદ-૭૪૧)

[અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

જી રે સરસ્વત સ્વામીને વિનવું, અને માગું એક પસાયો[૧] દે;
જી રે ભોળી ભક્તિએ ગાઈએ, કોટ બ્રહ્માંડનો રાય દે ... સોરંગીયા ૧

જી રે સોરંગે[૨] શ્રીહરિ ધાઈએ, આરાધીએ ગોકુળ કહાન દે;
જી રે હરજી હરિ પરિબ્રહ્મ[૩], ગુરવા તારા નામ દે ૨

જી રે સંસાર સાગર અતિ દોહ્યલો[૪], ઊંડો ને અતિ અપાર દે;
જી રે રામનામ કર બોલડી, ઉતરીએ પેલે પાર દે ૩

જી રે કોટ બ્રહ્માંડ ભાંજે ઘડે, તે કંડીએ કેમ સમાય દે;
જી રે કોને ચઢાવું ફૂલ પાંદડી, જેને ચૌદ ભોવન મુખ માંહે દે ૪

જી રે આતમ વિદ્યા જાણીને, ગુણ તારુણીમાં રાચ્યો દે;
જી રે કોટ બ્રહ્માંડ વ્યાપી રહ્યો, તે કેવલ બ્રહ્મ અવાચ દે ૫

જી રે ભક્ત વત્સલ ભણી ઓલંગ્યો, અને વળીમા કરશો કાં ન દે;
જી રે સેવ્યો ગર્ભ સંકુષ્ટ[૫] દુઃખ ટાળે, એ નિશ્ચે મન આણો દે ૬

જી રે અંબરીષ રાજા છલ પાડ્યો, અને સમર્યા દેવ મોરાર દે;
જી રે મુનિરાજા બેઉ બોલ પાળવા, અવતર્યા દશવાર દે ૭

→

જી રે સફરી રૂપ ધર્યું શ્યામલ વર્ણ, ઉદધિ ગ્રહ્યો લીલાં દે;
જી રે તત્ક્ષણ પંચાયન કર ગ્રહ્યો, વેદ વાળ્યાં હેલા દે ૮

જી રે કૌરમ રૂપ ધર્યું નારાયણ, અને મંદિર પુઠે ધર્યો દે;
જી રે સુર અસુર બેઉ સંગ કરીને, નાગ નેતરું કર્યું દે ૯

જી રે મોહિની રૂપ ધર્યું જનાર્દન, અમૃત કલશ કેર ધર્યો દે;
જી રે અસુર વંચી દેવને પાયુ, સુર કાજ સર્વે સર્યો દે ૧૦

જી રે વરાહ રૂપે દાઢમેં લીધી, વસુધા કીધી ઠામ દે;
જી રે દેવ તણો હરિએ ઉપદ્રવ ટાળ્યો, દહિતના ભાંજ્યા હાડ દે ... ૧૧

જી રે નૃસિંહ રૂપે નહોર વધાર્યો, માર્યો દાનવરાય દે;
જી રે સ્તંભ ફોડી હરિ આવ્યા, ભક્ત કર્યો પસાયો દે ૧૨

જી રે વામન બલિ પાતાલ નિવાસો, ટાળ્યો ઈન્દ્રનો રાગ દે;
જી રે વિશ્વરૂપ ત્યાં કીધું સ્વામીજી, પુંઠે ધર્યો પાદ દે ૧૩

જી રે પરશુરામે ક્ષત્રિપત મોંડ્યું, જોડ્યા વાડવ લોક દે;
જી રે ઋષિવરનો અપરાધ વછોડ્યો, ટાળ્યો પિતાનો શોક દે ૧૪

જી રે દશરથ મુનિવર શ્રાપ નિવાર્યો, સર્યાં સઘળાં કાજ દે;
જી રે યજ્ઞ કરી રાયે પુત્ર માગ્યા, ત્યાં અવતર્યા શ્રી રામ દે ૧૫

જી રે રામચંદ્ર અવતાર જ લીધો, કીધાં વસુધા કાજ દે;
જી રે સીતા કારણ રાવણ માર્યો, આપ્યું વિભિષણ રાજ દે ... ૧૬

જી રે લક્ષ્મણ સીતા સહિત સનાતન, અયોધ્યા કેરું રાજ દે;
જી રે પુષ્પ વિમાન બેસી પરમેશ્વર, સર્યાં સઘળા કાજ દે ૧૭

જી રે રામ રૂપે વ્યાપી રહ્યો, જે જુઓ તે જાણો દે;
જી રે જોયે ગર્ભ સંકુષ્ટ દુઃખ ટાળે, સબ લીજે એની આણ દે ..૧૮

જી રે વેદ વડે તને જાણીએ, અને વેદ ન લહે તારી પાર દે;
જી રે સર્વજ્ઞ રૂપે વ્યાપી રહ્યો, તે ભક્તજન સાધાર દે ૧૯

જી રે નંદ ગોપ ઘેર અવતર્યા, અને ગોકુલ કીધો ઠામ દે;
જી રે બાર વન ગિરિ ગૌચરવા, અવતર્યા ગોવિંદ રામ દે ૨૦

જી રે કાને કુંડલ ઝળહળે, અને ઉર મુક્તાફલ હાર દે;
જી રે મોર પીંછે મુગટ શિર ધર્યો, કાનુડો રૂપે અપાર દે ૨૧

જી રે કાનુડો ગોવાળિયો, વન ગૌચારવા જાય દે;
જી રે જમે ને જમાડે જમતો, બ્રહ્માદિક ને વાહે દે ૨૨

જી રે જમુના જલ જંપલાવ્યો, ચઢ્યા કદમને ડાળ દે;
જી રે ફણા ઉપર હરિ નાચ્યા, નાગ નાથ્યો કાલિ દે ૨૩

→

જી રે પહેરણ પીત પટોલડી, ઓઢણ નવરંગ ચીર દે;
જી રે નાગ પલાણી હરિ આવ્યા, તે ગુરવો જાદવ વીર દે ૨૪

જી રે ગોકુલ શિંગુ[૬] વાહ્યું, વૃંદાવન વાહ્યો વંશ દે;
જી રે માતાપિતાના બંધન છોડ્યા, કા'ને માર્યો કંશ દે ૨૫

જી રે અનંત ચાલ્યો અગિયાર વર્ષો, કરી રામની બેલ દે;
જી રે વિદ્યાપાઠ કરાવી પંડે, તે અવડાવી ગેલ દે ૨૬

જી રે વિવાહ કારણ શિશુપાલ નિવાર્યો, પરણ્યાં રાણી આઠ દે;
જી રે અનેક વિવિધ પેરે સ્ત્રી વર્યા, તે બેટા સાઠ લાખ દે ૨૭

જી રે શ્રોણિતપુર હરિ આવ્યા, યુદ્ધે જીત્યો હર સ્વામી દે;
જી રે બાણાસુરના બાહુ છેદયા, ઓખા અનિરુદ્ધ પામી દે ૨૮

જી રે નર નારાયણ રથ ચઢી આવ્યા, વિશ્વરૂપ તેણી વાર દે;
જી રે પાંડવતણો હરિએ ઉપદ્રવ ટાળ્યો, મારી ક્ષોણી[૭] અઢાર દે ... ૨૯

જી રે બુદ્ધ રૂપે હરિ ધ્યાન વિચારે, જોગ માર્ગ લીધો દે;
જી રે કલ્કી રૂપે હરિ દુષ્ટ સંહારવા, અક્ષય આયુધ કર ધર્યો દે ... ૩૦

જી રે દશે અવતારે ધાઈએ, અને ભાગવતે ચોવીશ દે;
જી રે ધાયો ગર્ભ સંકુષ્ટ દુઃખ ટાળે, પરમ પુરુષ જુગદીશ દે ૩૧

જી રે એવો અવનેશ્વર[૮] ધાઈએ, અકલ અસંભવ જેહ દે;
જી રે જોગેશ્વર મન દુર્લભ તું, બ્રહ્માદિક છે જેહ દે ૩૨

જી રે ગોવિંદના ગુણ ગાઈએ, કાંઈ વિવિધ પેરે ધ્યાન દે;
જી રે કૃપાનાથ કૃપા કરે તો, જાગે આત્મ જ્ઞાન દે ૩૩

જી રે ચતુર્ભુજ પહેરણ પીતામ્બર, મસ્તક મુગટ શોહે દે;
જી રે લક્ષ્મી સહિત ક્રિડા કરે, ત્યાં વૈષ્ણવના મન મોહે દે ... ૩૪

જી રે અમુરત રાજા ધાઈએ, રૂપ અરૂપે જાણો દે;
જી રે વેદ માર્ગ અનુસરો, ભક્તિ ભાવે મન આણો દે ૩૫

જી રે તુલસી કેરે પાંદડે, પુતનાનો રિપુ પૂજો દે;
જી રે મોહ મત્સર પદરહરો, આત્મજ્ઞાન બૂઝો[૯] દે ૩૬

જી રે લક્ષ્મી સહિત હરિ સેવીએ, સેવ્યો લીલા વિલાસ દે;
જી રે મનવાંચ્છિત ફલ પામીએ, તે રાજા શ્રી અવિનાશ દે ... ૩૭

૧. પ્રસાદ ૨. સુંદર થઈને ૩. પરમાત્મા ૪. અતિ મુશ્કેલ ૫. આવાગમનનું દુઃખ
૬. રણશિંગું ૭. સૈન્ય ૮. પૃથ્વીપતિ ૯. પ્રાપ્ત કરે

વિવાહનાં પદો

૪૪૭. જી રે પગરણે વ્હેલા પધારજો - AS447 N756

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૫૬) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

જી રે પગરણે વ્હેલા પધારજો;
સધારજો રે સધારજો સેવકના કામ ..... ટેક

જી રે તમો વિના સર્વે શોભે નહિ;
ઘણું લોભે રે ઘણું લોભે મળવા મન ૧

જી રે વ્હાલાની જોઉં છું વાટડી;
પાવન કરજો રે પાવન કરજો અમારા ધામ ૨

જી રે અબલાની આશા પૂરજો;
ઘણું શું કહીએ રે ઘણું શું કહીએ પ્રાણાધારા ૩

જી રે રામ કૃષ્ણ પ્રભુજન રંકને;
વહાલા પૂરજો રે વ્હાલા પૂરજો જનમની આશ ૪

૪૪૮. માતા જશોદાજી સાંભળો વાત - AS448 N757

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૫૭) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

માતા જશોદાજી સાંભળો વાત, કન્યા મેં એક દીઠી છે જાત;
કંચનવર્ણ સમાન છે ગાત્ર, તો કહાન કુંવર પરણાવીએ ..... ટેક

મેં મારા મનમાંહે તપાસ્યું, તે તમો આગળ પ્રકાશ્યું;
તમો વિના મેં કંઈ નવ વાસ્યું, તો કહાન કુંવર પરણાવીએ ૧

મેં પૂછી સર્વે કાઢી છે ભાળ, તમારી વાત કરે તત્કાળ;
બેસી નહિ કંઈ કરીએ વિચાર, તો કહાન કુંવર પરણાવીએ ૨

વેવાઈ તમો સરખા અતિ સારા, ભાર ઉંચકશે સર્વે તમારા;
સત્ય કહું મનમાં ધારો, તો કહાન કુંવર પરણાવીએ ૩

દિન પૂંઠે દિન હરખમાં જાય, વ્રજવાસી સૌ આવે જાય;
વલ્લભ વ્રજમેં લાડ લડાવે, તો કહાન કુંવર પરણાવીએ ૪

૪૪૯. રાવલમાં એક શ્રીવૃષભાન - AS449 N758

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૫૮) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

રાવલમાં એક શ્રીવૃષભાન, કન્યા ત્યાં પરણવા જુગધામ;
વ્રજમેં સહુ કોઈ કરે વખાણ, તો કૃષ્ણ લાયક એ પુતલી રે ..... ટેક

ઘેર ઘેર વાત સદા એમ થાય, વાજતી વાજતી રાવલ જાય;
નંદકુંવર વરે એ કન્યાય, તો કૃષ્ણ લાયક એ પુતલી રે ૧

કિરતી વાત ઘરમાં હે જણાવી, શ્રીવૃષભાનના મનને ભાવી;
ચાલી ચાલી ગોકુલમાં આવી, તો કૃષ્ણ લાયક એ પુતલી રે ૨

પહેલાં શ્રી એક રાધા અવતાર, પછી સેવે છે નંદકુમાર;
વિવાહ વાત થઈ નિરધાર, તો કૃષ્ણ લાયક એ પુતલી રે ૩

જુગ જીવન પરણે પરણાવે, કલેવર તો બેઉ કારણે આવે;
વલ્લભ વ્રજમેં લાડ લડાવે, તો કૃષ્ણ લાયક એ પુતલી રે ૪

૪૫૦. ગોર શ્રી ગર્ગાચાર્ય બોલાવો - AS450 N759

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૫૯) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ગોર શ્રી ગર્ગાચાર્ય બોલાવો, વિવાહ સામગ્રી સર્વે લખાવો;
જે જોઈએ તે સર્વે મંગાવો, તો મંડપ મંદિર શોભતો રે ..... ટેક

શ્રીફલ ફોફળ મીંઢોળ મંગાવો, નાના રંગ ઉત્તમ મંગાવો;
કંકુ પીઠી સર્વે મંગાવો, તો મંડપ મંદિર શોભતો રે ૧

સગાં વ્હાલાં સર્વે બોલાવો, જશોદાજી ખાવું ખવડાવો;
લેજો જેને જેવું મન ભાવે, તો મંડપ મંદિર શોભતો રે ૨

વ્રજવાસી સૌ આવે ને જાય, મંડપમેં અતિ-આનંદ થાય;
જાચકજન સૌ આવે ને જાય, તો મંડપ મંદિર શોભતો રે ૩

વ્રજમેં નિત્ય વખાણ કહેવાય, ગોકુલમાં જો ગમતું થાય;
વલ્લભ સાંજી[૧] વિવાહ ગાઈ, તો મંડપ મંદિર શોભતો રે ૪

૧. આરતી ટાણે

૪૫૧. નંદ જશોદા હરખે અપાર - AS451 N760

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૦) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

નંદ જશોદા હરખે અપાર, સાંભળી વિવાહ વાત વિસ્તારી;
ગોકુલમાં થયો જૈ જૈકાર, તો લાલજીનો વિવાહ ગાઈએ રે ..... ટેક

માતાજીએ ઓછંગ લઈને લાલ, વચન સાંભળી ઉપજ્યો વ્હાલ;
ચુંબન ગાલે દીધું તત્કાલ, તો લાલજીનો વિવાહ ગાઈએ રે ૧

સાંભળી વાત તે શ્રીઘનશ્યામ, માતાજી રૂડાં કરોની કામ;
તમે તમારાં વધારોની નામ, તો લાલજીનો વિવાહ ગાઈએ રે ૨

શ્રીવૃષભાન વેવાઇ થાશે, ઠકરાણી રાધાજી કહેવાશે;
વ્રજભૂમિમાં સૌ કોઈ ગાશે, તો લાલજીનો વિવાહ ગાઈએ રે ૩

વિવાહ વાત સદા એમ થાય, વર પરણે પરણ્યા કહેવાય;
વલ્લભ વાત એમ થાય, તો લાલજીનો વિવાહ ગાઈએ રે ૪

૪૫૨. ગંગા જમનાના નીર મંગાવો - AS452 N761

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૧) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ગંગા જમનાના નીર મંગાવો, વર વનમાલીને ઉઘલાવો;
કેસરીઆં વાગા ને સોળે શણગારો, તો વરઘોડે વર શોભતો રે .. ટેક

પાઘડીએ સોના સેર બંધાવો, ફૂમતડાં લટકે લટકાવો;
બંધુવર ને ખૂંપ ઢોળાવો, તો વરઘોડે વર શોભતો રે ૧

શ્રીફલ ફોફળ લીધાં છે હાથ, મોડ બાંધી જશોદા માત;
વામન દીવડો ગ્રહ્યો છે હાથ, તો વરઘોડે વર શોભતો રે ૨

ગોકુળમાં સહુ જોવાને મળ્યા, રૂપ દેખી સહુનું ચિત્તડું ચઢ્યું;
વલ્લભનું મન આનંદમાં મળ્યું, તો વરઘોડે વર શોભતો રે ૩

૪૫૩. ગોવિંદજી પરણે નંદજી પરણાવે - AS453 N762

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૨) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ગોવિંદજી પરણે નંદજી પરણાવે, તે રે દિવસ સખી ક્યારે આવે;
સાંજી દેવ ત્યાં આણી બોલાવે, તો ચારે મંગલ ગાઇશું રે ... ટેક

જશોદાજી આપણને બોલાવે, ખોળામાં કંઇ નૌતમ લાવે;
નવું નવું કરીને ગવડાવે, તો ચારે મંગલ ગાઇશું રે ૧

વર વનમાલી આવીને જુએ, સાંભળતા સૌ દુઃખડા ખુએ;
તે સમે માવડી ગાવડી દુહે, તો ચારે મંગલ ગાઇશું રે ૨

આવીને ત્યાં કહાનની પાસે, માતાનું મન રૂડું રે થાશે;
નિરખી સ્વરૂપ રસિક સોહાસે, તો ચારે મંગલ ગાઇશું રે ૩

વરઘોડે વર જ્યારે ચઢશે, વ્રજમેં સૌ કોઇની દષ્ટિએ પડશે;
વલ્લભનું મન ત્યાં ગળશે, તો ચારે મંગલ ગાઇશું રે ૪

૪૫૪. રાધાજી રે ઘણું હરખ્યાં છે મન - AS454 N763

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૩) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

રાધાજી રે ઘણું હરખ્યાં છે મન, આજ અમારો અવતાર ધન્ય;
પ્રગટ્યું છે પૂર્વજન્મનું પુન્ય[૧], તો પુરણ બ્રહ્મને પરણીએ રે ..... ટેક

મારા રે મનમાં હતી એક વાત, તે તમે જાણી જદુનાથ;
જનમો જનમ તમારી સાથ, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ૧

અંતરીક્ષથી રે બહુ વાજાં રે વાગે, જાણે ગગનમાં મેહુલિઓ રે ગાજે;
દેવતા આવ્યા વધાવવાને કાજે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ૨

સૌ સાજન મળી બેઠાં છે ટોળે, નંદ જશોદાએ લીધાં છે ખોળે;
વલ્લભ ઊભાં ઊભાં વાવ જ ઢોળે, તો પુરણ બ્રહ્મને પરણીએ રે ... ૩

૧. ગ્રહસ્થ બન્યા પછી પણ મનને પ્રભુમાં જોડી મનુષ્ય અવતાર ધન્ય બનાવવાની વાત છે.

૪૫૫. ચાલો સખી નંદભુવન જઈએ - AS455 N764

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૪) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ચાલો સખી નંદભુવન જઈએ, ત્યાં જઈ સૌ સાંજી ગીત ગાઈએ;
સાંભળજો તમો પ્રેમ શું લઈએ, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે ..... ટેક

સાંભળી તું ત્યાં પરવરજે પહેલી, હું ફરવા આવું ઘેલી;
વારંવાર તું ચાલની વ્હેલી, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે ૧

અમો કહાન કુંવરને દેખીશું, દિવસ આપણા સફલ લેખીશું;
નંદ જશોદાને પેખીશું, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે ૨

કાંઈ કીર્તન બળદેવને કહીએ, શ્રી વૃષભાન સુતા કુલ લઈએ;
આગળ કામ ઘણું એ છે, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે ૩

એવું આપણે સાંજે ગાઈશું, વર પરણે ત્યાં દર્શને જઈશું;
વલ્લભ નંદ કુંવર વરશે, તો જુગલ સ્વરૂપને ધાઈશું રે ૪

૪૫૬. ઉઠો વૃષભાન વરાવો ની જાન - AS456 N766

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૬) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ઉઠો વૃષભાન વરાવો ની જાન, તમે તમારું રાખોની માન;
ઊગે છે ભાણ ને થાય છે તડકો, તો કન્યાને વળાવીએ રે .. ટેક

નંદરાયને એક પામરી જોડ, બેસવાને આપ્યો છે ઘોડો;
સૌ પહોંચ્યા છે મનનાં કોડ, તો કન્યાને વળાવીએ રે ૧

નૌતમ રંગ તણી એક સાડી, જશોદાજીને પહેરાવવા કાઢી;
ઉઠે છે પહોળીને લાંભી છે સાડી, તો કન્યાને વળાવીએ રે ૨

રોકડા નાણાં આપ્યાં અપાર, જોવા મળ્યાં છે સર્વે લોક;
શેરીએ શેરીએ કોલાહલ, તો કન્યાને વળાવીએ રે ૩

રથ માફા સૌ તૈયાર કીધાં, વહેલતણી બહુ વાગી છે લાહ;
એનો કહેતા નહિ આવે પાર, તો કન્યાને વળાવીએ રે ૪

સખીઓ મળી સૌ ગાઈ છે ગીત, વિવાહ તણી ભળી રાખે છે રીત;
વલ્લભને વળાવવાની પ્રીત, તો કન્યાને વળાવીએ રે ૫

૪૫૭. રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે - AS457 N765

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૫) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

રાધા ને કૃષ્ણ બન્ને ચઢ્યાં વરઘોડે, માંડવડો વધાવ્યો છે કોડે;
કેડે બેસી બન્ને જાય છે જોડે, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ..... ટેક

નંદ જશોદાનાં પગલાં પનોતાં, ગાતાં ને વાતાં પાદરે પહોંચ્યા;
વળાવી આવ્યા સર્વે સમોતાં, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૧

વેવાઈ ભેટ્યા છે આનંદ આણી, ભેટતાં ભેટતાં બાંધ્યા છે તાણી;
મશ્કરીમાં હસ્યાં સૌ પ્રાણી, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૨

આપ્યું છે દાન ને લીધું છે દામ, છોડાવ્યાં નંદરાય વૃષભાન;
સંગાતે મળીને ચાલી છે જાન, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૩

કેડે બેઠા તેનું દામ જ આપ્યું, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું;
આનંદે ઉલટીને સર્વેને આપ્યું, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૪

કેડેથી વરવધૂ બેઠાં રથમાંહી, તેત્રીશ કરોડ સ્તુતિ કરે ત્યાંહી;
સાસરિયામાં લાગજો સહુને પાય, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૫

પાછળથી સૈયર સહુ વળાવીને વળ્યાં, જલ જમુનાના ભરીને લાવ્યાં;
ક્યારે દેખીશું બેન હવે મન ભાવ્યાં, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ... ૬

પાછી ફરી જૂઓ બાઈ બ્હેની, સગાં કુટુંબ કહે દર્શન દેની;
રાધાજી બોલ્યા અંતે હું એની, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૭

હાંકો રથ રહ્યાં સહુ થોભી, રાધા કૃષ્ણ પર રહ્યાં છે લોભી;
ગોકુલ ગામ રહ્યું સર્વે શોભી, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ૮

કુંવર પરણાવીને નંદ ઘેર આવ્યાં, સુંદર નાર પદ્મણિ લાવ્યાં;
સોનાને ફૂલડે સર્વે વધાવ્યાં, જુગલ સ્વરૂપે સધાર્યા રે ૯

શશિ કોટિ ઉપમા રે જેને, નંદજીનો લાલો પરણ્યો છે તેને;
નિરખીને વલ્લભ થયો છે આનંદ, તો જુગલ સ્વરૂપે સધાર્યા રે ..૧૦

૪૫૮. ગોકુલમાં એક નંદજીનું ધામ - AS458 N767

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૭) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટ્યા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવક જનના કામ, તો ધન્ય જશોદા માવડી રે ..... ટેક

અંધારી આઠમ અજવાળી, તે દિન પ્રગટ્યા શ્રી વનમાલી;
મંગલ ગાએ સૌ વ્રજની નારી, તો ધન્ય જશોદા માવડી રે ૧

તરીયાં તોરણ બાંધ્યા છે દ્વાર, સાથિયા શોભાતણો નહિ પાર;
દધી છાંટે સૌ નરને નાર, તો ધન્ય જશોદા માવડી રે ૨

વેદ કહે છે પુરણ બ્રહ્મ, જાણે નહિ કોઈ એનો મર્મ;
શાં શાં નંદે કીધાં શુભ કર્મ, તો ધન્ય જશોદા માવડી રે ૩

વ્રજમેં ન્યાલ કીધાં તે કહીએ, એના ભાગ્યનો પાર ન લઈએ;
હૃદયમાં રાખ્યા નંદને છૈયે, તો ધન્ય જશોદા માવડી રે ૪

ભજની ભૂપ નિત બહુ જાગે, ભક્તિ કૃષ્ણ વિના સહુ ત્યાગે;
વ્રજભૂમિ અતિ સુંદર લાગે, તો ધન્ય જશોદા માવડી રે ૫

જાચક આવી જનમ જશ ગાએ, નંદ વધાવીને ન્યાલ જ થાય;
એના આપ્યાં મુખથી ના કહેવાએ, તો ધન્ય જશોદા માવડી રે ૬

દુદુંભિ દેવતણાં બહુ વાગે, પશુ પંખી પાવલીએ લાગે;
ભક્તિ ભાવ સદા મુખ માગે, તો ધન્ય જશોદા માવડી રે ૭

ૐૐૐ

૪૫૯. ગોકુલમાં એક નંદજીનું ધામ - AS459 N768

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૮) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ગોકુલમાં એક નંદજીનું ધામ, ત્યાંથી પ્રગટ્યા શ્રી સુંદીર શ્યામ;
કરવા સેવકજનના કામ, તો ધન્ય જશોદા માવડી રે ..... ટેક

ભૂતલ ભાર થયો અતિ ભારી, ત્યારે હરિએ મનુષા દેહ ધારી;
કંસાસુરને મારવા નાંખી, તો ધન્ય જશોદા માવડી રે ૧

તેત્રીશ કરોડ દર્શને આવે, તનમન સહિત બહુ ભેટ લાવે;
માનુની નિશદિન મંગલ ગાવે, તો ધન્ય જશોદા માવડી રે ૨

શિવજી કહે છે સુણો મોરી માય, માતજી અમને આપો વધાઇ;
જાચકજન સહુ આવ્યા ધાઈ, તો ધન્ય જશોદા માવડી રે ૩

માણેક મોતીને હીરા ઝવેર, નંદજીને દ્વારે લીલા લહેર;
દાન આપે નિત નવનિધ ધરે, તો ધન્ય જશોદા માવડી રે ૪

નાનાવિધના વાજીંત્ર વાગે, પારણે પોઢ્યા હરિ ભક્તને કાજે;
ટોપી ઉપર કોટિ સુરજ બિરાજે, તો ધન્ય જશોદા માવડી રે ૫

કમલનયન હરિની જ્યોત અપાર, ઉર લ્હેકે મોતીનો હાર;
કેડે કંદોરા ને સાંકળી સારા, તો ધન્ય જશોદા માવડી રે ૬

સુંદર સરિતા જમુનાના નીર, ત્યાં રમે હરિ બલિભદ્ર વીર;
ગુણવંતા ગુણના ગંભીર, તો ધન્ય જશોદા માવડી રે ૭

ૐૐૐ

૪૬૦. સતગુરુજી રે લગન લઇ આવ્યા - AS460 N769

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૬૯) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

સતગુરુજી રે લગન લઇ આવ્યા, શબ્દ સંસાર[૧] મારે મન ભાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા,
તો ભાગ્ય ફર્યાં પેલા ભવતણા રે ..... ટેક

શબ્દરૂપી ચાંદલિયો ચોડ્યો, નિવૃત્તિ[૨] કન્યા શું વિવાહ જોડ્યો;
કામ ક્રોધનો ભય સહુ મોડ્યો, તો વિવાહ જોડ્યો જુગતે કરી રે ૧

ગગન મંડલમેં[૩] માંડવો રચાવ્યો, પચરંગી રંગે રંગાયો;
અમી રસ કુપી દોરીએ બંધાયો,
તો સાયો કાચે તાર શું રે ૨

મંડપની શોભા અતિ સારી, રત્ન જડિત જરૂખા ને જારી;
અનંત કલા સુરતિ[૪] જાયે વારી,
તો ઝલહલ જ્યોતિ ત્યાં ઝળહળે રે ૩

હૃદયમેં હરિવર[૫] તોરણે આવ્યા, સોળે કળા સંપૂર્ણ લાવ્યા;
પ્રેમની આરતી મોતીડે વધાવ્યા,
તો નિરખ્યા રૂપ નયણાં ભરી રે ૪

સુષ્મણા સાસુજી પોંકવા આવ્યા, પાંચ પચ્ચીશને વાળી લાવ્યા;
ઇંગલા પિંગલાને બેડલાં ચઢાવ્યાં,
તો પોંકણ પોંક્યા પ્રેમશું રે ૫

નિવૃત્તિ કન્યાને પધરાવો, સતગુરુ[૬] શબ્દનો હસ્ત મેળવાવો;
રણકાર વેદની ધૂમ મચાવો,
તો અનહદ વાજાં ગડગડે રે ૬

ભજન કરી જેણે હરિવર વરીઆ, જન્મ મરણ નો ફેરો ટળીઆ;
કહે પ્રેમદાસ સાચા સતગુરૂ મળ્યા,
તો અખંડ ચૂડો અમર રહ્યો રે ૭

૧. જ્ઞાનરૂપી સંસાર
૨. સંસારમાં રહી મન સંસારમાં ન પરોવવું પણ પરમાત્મામાં પરોવવું તે નિવૃત્તિ
૩. ધ્યાનમાં બેસી મનરૂપી ગગનમાં પ્રેમરૂપી માંડવો રચવો
૪. મન સ્થિર થાય પછી ચિત્તની વૃતિ સંસાર તરફ વળતી નથી પણ પરમાત્માની અનંતકાલથી મોહ પામી તેમાં જ નિમગ્ન રહે છે.
૫. હૃદયમાં ધ્યાન કરવાથી આત્મ સાક્ષાત્કાર થાય છે, સ્વરૂપનાં પણ દર્શન થાય છે.
૬. જે ગુરૂ જ્ઞાનરૂપી સંસારમાં શિષ્યને ખેંચે છે તે જ ગુરુને સદ્‌ગુરુ કહેવાય.

૪૬૧. ગુરૂ ચરણે કરજોડી લાગું - AS461 N770

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૦) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

ગુરૂ ચરણે કરજોડી લાગું, સદા પ્રભુજીની ભક્તિ માંગુ;
હરિ ગુણ ગાઇ આનંદ શું જાગું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ...ટેક

ભક્તિ મારગ ભૂધર કાંઇ નવ લેતી, દુઃખ ને સુખ શરીરે સહેતી;
સદા પ્રભુજીના વિશ્વાસે રહેતી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧

દુર્બલ જાણી પ્રભુ દયા કીજે, ચરણ કમલની સેવા દીજે;
હરિગુણ ગાઇ મારું મન રીઝે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૨

હું અપરાધી ને કોણ મારું ગજું, સંસાર સાગર કયી પેર તજું;
રામનું નામ કયી પેર ભજું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૩

રામજી વિના કારજ કયી પેર સરશે, મીઠડી માયા પ્રભુ મન મારું હરશે;
લક્ષ ચોરાશીનો ફેરો પડશે, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૪

કાયાવાડીનો કોણ રખેવાળ, સેવક જાણી પ્રભુ સન્મુખ ભાળ;
લક્ષ ચોરાશીનો ફેરો ટાળો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૫

જુગ જીવન તમે દેવકીના જાયા, કોઇ ન જાણે પ્રભુ તમારી માયા;
નંદજીના સુત ગોકુલમાં કહેવાયાં, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે .. ૬

ધન જીવ્યું રે ગોકુલની ગોપી, જાદવકુળની લજ્જા લોપી;
તનમન ધન હરિચરણે સોંપી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૭

ગિરિ ગોવર્ધન નખ પર તોળ્યો, જઈ મથુરામેં કંસને રોળ્યો;
માતપિતાના બંધન છોડાવ્યા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૮

રામનું નામ પ્રહ્લાદજી ભણ્યા, નૃસિંહ રૂપે હિરણ્યાકંસ હણ્યા;
સઘળા ભૂપમેં છો તમે બળિયા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે .. ૯

રામાવતારે રાવણને માર્યો, બાંધી સાહ્યર સેના પાર ઉતારી;
ભક્ત વિભીષણને રાજે બેસાર્યો, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે . ૧૦

સુદામાને હરિએ નવનિધિ આપી, જન્મો જનમનું દારિદ્રય કાપ્યું;
ધ્રુવને રાજ્ય અવિચલ આપ્યું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧૧

રંકા વંકા ને કાલુ કેવલ કુબા, રઘુરાય અયોધ્યાના સુબા;
હનુમાન હરિચરણે સન્મુખ ઊભા, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે. ૧૨

નરસિંહ મહેતાનું હરિએ પૂર્યું મોસાળું, મીરાંબાઈ કીર્તન ગાઈ રસાળું;
પાંડવનું પ્રભુએ કર્યું રખેવાળું, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૧૩

નાભા પિપા નામદેવ તમારા, દર્શન દીધાં હરિએ ફેર દ્વારે;
ભક્તિ કરી જેવી ખાંડાની ધાર, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧૪

ભક્ત કારણે દશ અવતાર ધર્યા, વામન રૂપે બલિરાજાને યાચ્યા;
લઇ ભૂમિદાન પગ પીઠ પર ધર્યા,
તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ... ૧૫

અરજ અમારી સુણજો સ્વામી, હું પામર પ્રભુ તમને પામી;
દાસ વલ્લભ કહે શિશ નામી, તો સાંભળ સ્વામી કરું વિનંતિ રે ૧૬

૪૬૨. પ્રભુજી વિના મારે પલક ના ચાલે - AS462 N771

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૧) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

પ્રભુજી વિના મારે પલક ના ચાલે, વેણની વાત વધારી મારે વ્હાલે;
ધન્ય વિધાતા એ વર માંગુ, તો બલવંત માંગું બાં'યડી રે ..... ટેક

સાંભળ મા મા એ વર રૂડો, જેની દષ્ટિ એ સંસાર રૂડો;
નાનો છે તો પરાક્રમે પૂરો, તો રૂડો અવિચલ ચાંદલો રે ૧

મોહની મારી નિર્મુખ જોતી, હું ફરૂં રંગ રસિયાને જોતી;
એ વર નજરે ન આવે બીજો કોઇ, તો હું મોહી ગોકુલ કહાનને રે .. ૨

જોષીડા તેડાવીને જોષ જોવડાવો, ઘડીયાલાં લગન લેવડાવો;
વાત વિવેકી એને વધાવો, તો કહાવો જશોદા નંદને રે ૩

ધોળીડાં તેડાવીને ધોળ ગવડાવો, નવરંગી ચોળી ચિતરાવો;
ચોંકેલા ખૂપને ખંતથી લખાવો, તો ધરાવો મુજ હરિને કારણે રે ... ૪

મારા પિતાજીને લક્ષ તમારૂં, જુઓ બાઇ ભાગ્ય પૂરશે તમારૂં;
પહોંચતા પહોંચે કોડ અમારો, તો રણછોડ બોલ્યા કરગરી રે ૫

૪૬૩. હેતે હરિ ભજી લેજોની પ્રાણી - AS463 N772

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૨) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

હેતે હરિ ભજી લેજોની પ્રાણી, અવસર આવ્યો રૂડો જાણી;
મટી જાશે માયાની ઘાણી, તો જોની વિચારી પ્રાણીઆ રે ..... ટેક

માયાનું સુખ છે ઠાલું થોથાં, સંગ કરીને ખવડાવે ગોથાં;
હરિગુરૂ સંતનું ઝાલની ઓથું, તો અંત સમે ઉગારશે રે ૧

ઉગારવાનો એ રે ઓવારો, સફલ ફેરો થાશે તમારો;
અવસર આવ્યો અતિ સારો, તો રામ નિરંતર સેવીએ રે ૨

રામે અનંત કોટિ લીધાં ઉગારી, પતિત પાવન છો ગિરધારી;
અજામિલ ગજ ગુણકા તારી, તો તારણ તારણ શ્રીહરિ રે ૩

શું રે બઠો જીવ રામ વિસારી, અંત સમે શી ગત થાશે તારી;
હરિદાસ હૈયામાં લેજોની ધારી, તો દોહ્યલાં દાસને જાણીને રે ૪

૪૬૪. સતગુરૂ સંતે દયા કરી મુને - AS464 N773

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૩) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

સતગુરૂ સંતે દયા કરી મુને, બેસી એકાંત બતાવી વસ્તુને;
કરગ્રહી ઘરે લઈ ગયા મુજને,
તો ધૂન લાગી નીજ નામની રે ..... ટેક

મહેર કરી મોહજાલ નિવારી, ડૂબ્યો ભવદરિયેથી લીધો ઉગારી;
પોતે ખેવટ[૧] થઈ નૌકા તાલી,
તો આંટી મટી અવતારની રે ૧

સાને[૨] સમજાવી સુધા રસ પાયો, અક્ષર બાવન બાજ બતાવ્યો;
સુતા ભરનિદ્રામાંથી જગાવ્યો,
તો જીવ ફેડી શિવ સ્થાપ્યો રે ૨

શિવ સદાપદ છે અતિ સારૂં, જીવદશાથી રહેશે ન્યારૂં;
અનુભવ પ્રગટ્યો ને મટ્યું અંધારૂં,
તો ન્યારા સ્વરૂપને નિહાળીએ રે ૩

અવર પદારથ નહિ એને તોલે, અળગો રહી ઘટ ભીતર બોલે;
સમજ્યાથી શબ્દ અનહદ ખોલે,
ડોલે નહિ મન મારૂં રે ૪

અનહદ દેશ શબ્દ ધૂની લાગી, શબ્દ વિંધી સુરતા ચાલી આગે;
પોતે અગમ પુરૂષ ભ્રાંતિ ભાંગી,
તો અલેક[3] પુરૂષ જોયા અનુભવી રે ૫

દેહાંતી દર છાંયા રે જાય, અવની ને આકાશ નહિ મળે ત્યાંય;
અખંડ ધામ કછુ કામ ન આવે,
તો આકાર તેનો એક નથી રે ૬

નહિ મળે રૂપને રંગની રેખા, નહિ ષટ્ દર્શન વર્ણ વિવેક;
એવા પુરુષ બાહેર ભીતર દેખ્યા,
તો ગોવિંદ કહે તેને ભજી લોને રે ૭

૧. નાવિક ૨. ઈશારે ૩. ધ્યાનમાં ન આવે એવા

૪૬૫. મન તું આધું ક્યાં અથડાય - AS465 N774

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૪) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

મન તું આધું રે

મન તું આધું ક્યાં અથડાય, બીજો નથી બોલતો

તું જાગીને જોને તારા રૂપને, ખોળી જોતામાં તું રે ખોવાય ૧

તારે ઓથે હરિ નથી દેખતો, કુંડલ પૂંઠે કનક ઢંકાય ૨

તું તો દરિયાની લહેર સમાન છે, લહેરી સમે સમુદ્ર દેખાય ૩

તારે ઠેકાણે હરિને ઠરાવની, એવું સમજે તો મહાસુખ થાય ૪

કહે પ્રીતમ એવા અનુભવી, તેને લળી લળી લાગું પાય ૫

૪૬૬. સંત પારસ ચંદન બાવના - AS466 N775

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૫) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

સંત પારસ ચંદન બાવના, કામધેનુ કલ્પતરુ સાર .. સમાગમ સંતનો

એમ સમજ્યાનો અંતર ઘણું, તરુ પારસ ત્રણ પ્રકાર ૧

એક પારસથી પારસ બને, એક પારસથી હોય હેમ ૨

એક પારસ લોહ કુંદન કરે, સો વરસે હેમનું હેમ ૩

એક ચંદનથી વિષ ઉતરે, એક ચંદન અગ્નિ હોલાય ૪

એક તલભર જો તેલમાં પડે, ફરી તાતું કબહુ ન થાય ૫

સૌ ગજ શિર મોતી ન નીપજે, સૌ નાર સતિ નવ હોય ૬

સૌ સેના શુરી નવ જાણીએ, એમ જુગ્તિ વિચારીને જોઈ ૭

જ્ઞાનહીન ગુરુ નવ કીજીએ, વંઝા[૧] ગાય સેવે શું થાય ૮

કહે પ્રીતમ બ્રહ્મપદ ભેરતાં, ભવરોગ સમૂળો જાય ૯

૧. વાંઝણી

૪૬૭. મળ્યા પ્રેમસ્નેહી પરિબ્રહ્મ - AS467 N776

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૬) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

મળ્યા પ્રેમસ્નેહી

મળ્યા પ્રેમસ્નેહી પરિબ્રહ્મ, અગમ લાગી પ્રીતડી

જીરે પાંચ તત્વનું બન્યું પૂતળું, ગેબી રામ જ્ઞાનના ઘડી ... ૧

જીરે ઘાટ અવઘાટનાં ઘાટમાં, ત્યાં છે અલેક પુરૂષની મઢી ... ૨

જીરે ગગન[૧] ગુફામેં છે ભોંયરું, ત્યાં છે માણેકલોકની મઢી[૨] ... ૩

જીરે સુરતમાં[૩] એક મુરત છે, જોયું શૂન્ય શિખર ગઢ ચઢી ... ૪

જીરે અંતરઘટમાં શોધતાં, ઘટમાં અવિચલ ટંકશાલ પડી ૫

જીરે દાસ કબીરજીની વિનંતી, લાગી રામનામ શું ઝડી ૬

૧. માથાની ટોચે બ્રહ્મરંધ્ર છે તે

૨. આત્માનો નિવાસ

૩. ધ્યાન

૪૬૮. હું તો હરજી જોવાને નિસરી - AS468 N777

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૭) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

હું તો હરજી જોવાને નિસરી, મારા ગુરુજીએ દીધો ઉપદેશ
વ્હાલાજીને નીરખવા.... ટેક

મારે શીલ સંતોષ કલ્લાં કાંબી, મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય ૧

મેં તો શ્યામ સોનાનું લીધું બેડલું, છોડી ચાલ્યાં ઘરનાં કામ ૨

વ્હાલે બંસી બજાવે એના રંગમાં, મારા ઘરમાં ઘડી ન રહેવાય ... ૩

વ્હાલો શેરીમાં સામો મળ્યો, હું તો લળી લળી લાગું પાય ૪

વહાલે ચુંદડી ઓઢાડી પાકા રંગની, છેડે આત્મારામનો રંગ ૫

હું તો ભર્મે ભૂલી સેંથો પૂર્યો, પૂરી દાસ ગોપાલની આશ ૬

૪૬૯. જીરે આ રે લીલા દીનાનાથની - AS469 N778

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૮) [અનુક્રમણિકા-૧૨ Index_front Index_back]

જીરે આ રે લીલા દીનાનાથની, એને મોહ્યાં સર્વે સંસાર
હરિરસ મીઠડો ... ટેક

જીરે ગોકુલમાં હરિ અવતર્યા, ગોપીઓને લડાવ્યા લાડ ૧

જીરે વેણ વગાડી વન તેડ્યાં, વૃન્દાવનમેં રચ્યો રાસ ૨

જીરે ગોકુલ રાખ્યું રેલતું, કંસરાયને કરવા કેર ૩

હરિને પીળાં પીતામ્બર પહેરણા, રાધાજીને નવરંગ ચીર ૪

હરિને મસ્તકે મુગટ સોહામણો, હરિને કુંડલ ઝલકે કાન ૫

જીરે કંકુ કેસર રોળ્યાં, રંગે ગાયે નરસૈંયો દાસ ૬

૪૭૦. તું તો રામ રટણ કર રંગમાં - A470 N779

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૯) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

તું તો રામ રટણ કર રંગમાં, તારા અંગમાં ઉપજે આનંદ
ગોવિંદ ભજો ભાવશું ... ટેક

પરમાર્થ અર્થ વિચારીએ, તજ સ્વાર્થ માયાનો ફંદ ૧

કાયા માયા તો કારમી, તેને વણસંતા ન લાગે વાર ૨

મૃગતૃષ્ણાના જળે આશ ભર્યો, એવો જાણ નાસવંત સંસાર ૩

ગુંજા વહ્નિ તે મરકટે[૧] માનીઓ, તેણે શીત[૨] ટળે ન લગાર ૪

ઉસ ઉદક બીડી બરસની, તેણે ઉડ્યા તણો ઈતબાર ૫

સ્વપ્નામાં સમૃદ્ધિ પામીએ, જાગી જોતાં ન રહે જરાય ૬

ધુમાડાનો ઢગ શોહામણો, ધુમર મુઠીમાં ન સમાય ૭

સાચી સંગત સતગુરૂ સંતની, તેથી જીવપણું ટળી જાય ૮

કહે પ્રીતમ પ્રભુને સંભાળતા, મહા પાપી પાવન થાય ૯

૧. ચણોઠીને વાંદરાએ અગ્નિ માન્યો
૨. ઠંડી

૪૭૧. તું તો રામ રટણ કર રંગમાં - A471 N780

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૮૦) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

તું તો રામ રટણ કર રંગમાં, હવે રાખો હરિ સાથે હેત
અવસર આવો નહિ મળે ..... ટેક

ખોટા ખેલમાં શું રે ખુંચી રહ્યો, ઊઠી આળસ મૂકી અચેત ૧

પ્રાણી પ્રપંચમાં શું મચી રહ્યો, માની છૈયાતણું સુખસાર ૨

કાળ ખાશે કહેશે જે કહ્યું નથી, નથી માનતો ગાફેલ ગમાર ૩

સાચું સ્મરણ કરી શુદ્ધ ભાવશું, ટળે તનમન કેરો વિકાર ૪

વિષય ભૂતે ભવમેં ભમાવ્યો, ક્ષણ બેઠો નહિ ઠરી ઠામ ૫

અંતે રંગ પતંગ જશે ઉતરી, કાચી કાયા ન આવે કશું કામ ૬

કહે પ્રીતમ બ્રહ્મ સ્વરૂપને, જેનો મહિમા છે અગમ અપાર ૭

૪૭૨. તું તો રામ રટણ કર રંગમાં - A472 N781

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૮૧) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

તું તો રામ રટણ કર રંગમાં, તારું જાય છે જુવાનીનું જોર
અવસર આવો નહિ મળે ..... ટેક

જીરે કાચો કુંભ જલે ભર્યો, તેને ફૂટતાં નહિ લાગે વાર ૧

જીરે કાચા સુતરનો તાંતણો, તેને તૂટતાં નહિ લાગે વાર ૨

જીરે વાડી ખીલીને ફૂલ્યો મોગરો, તેને કરમાતાં નહિ લાગે વાર ... ૩

જીરે બાજીગરે બાજી રચી, એને સમેટતાં નહિ લાગે વાર ૪

જીરે પાંચ તત્વનું પૂતળું, માંહી બોલન હારો રામ ૫

જીરે ગગન મંડળમાં ચોરી રચી, ત્યાં પરણે છે આત્મારામ ૬

જીરે દાસ પ્રીતમની વિનંતિ, અમને મળ્યા છે સતગુરૂ શ્યામ ૭

૪૭૩. ભજન કરી લ્યો ભાવે રે - A473 N782

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૮૨) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

ભજન કરી લ્યો ભાવે રે ભવ ભટકણ ભાંગે;
સંસાર સાગર તરતાં રે ક્ષેણુ વાર ન લાગે ..... ટેક

માયા મોહ નિદ્રામાં રે ગાફેલ શું ઘોરે;
પાંચ ચોર વસે પાસે રે આત્મા ધન ચોરે ૧

અચેત થઈ શું ઉંઘે રે જોની આંખ ઉઘાડી;
વેગે વણસી જાશે રે કાયાની વાડી ૨

ચેત ચિદાનંદ મળશે રે ટળશે અંધારું;
આ અવસર છે રૂડો રે થાય કારજ તારું 3

મહા પુરુષને મારગ રે તે પગલું સાજે[૧];
પ્રીતમ પ્રેમ ધરીને રે હરિના ગુણ ગાજે ૪

૧. ભરજે

૪૭૪. જા સતગુરુને શરણે રે - A474 N783

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૮૩) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

જા સતગુરુને શરણે રે, શંશય સહુ હરશે;
જીવ દશાને ટાળી રે, હરિ સરખો કરશે ..... ટેક

ઉગ્ર દશા અનુભવીની રે, છે સમજણ મોટી;
મન કંચનને કસવા રે, ગુરુ જ્ઞાન કસોટી ૧

હોમ હેમ[૧] લોહ કરે રે, જેને પારસ સ્પર્શે;
થાય મહા મુક્તાફલ રે, જલ સ્વાંતિ[૨] વર્ષે ૨

છીપ રહે સાગરમાં રે, માંહે મોતી નીપજે;
જ્ઞાન મીનને સ્પર્શે રે, તેનું ઋતુ ઉપજે ૩

સંત સંગે નર સમજે રે, તેની દુગ્ધા[૩] ટળશે;
પ્રીતમને પ્રાણીનું રે, સહુ કારજ સરશે ૪

૧. સુવર્ણ
૨. સ્વાતિ નક્ષત્રમાં જે પાણી વરસે
૩. દ્વિધા

૪૭૫. જે પરમારથ પ્રીછે રે - A475 N784

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૮૪) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

જે પરમારથ પ્રીછે રે, તેને પાપ ન સ્પર્શે;
રૂપ અનુપમ હરિનું રે, સચરાચર દર્શે ..... ટેક

સૌ સામગ્રી હરિની રે, થઈ રહેજે;
હરિને અપર્ણ કરીને રે, ઉગરે તે લેજે ૧

સાચે સાથે રસિયો રે, પ્રપંચ પરહરજે;
હિતાર્થે હરિજન શું રે, દુર્જનશું ડરજે ૨

હું મારૂં હૃદયેથી રે, ટાળીને રમજે;
વિશ્વાત્મા વિષ્ણુ રે, નીરખીને નમજે ૩

હસ્ત આલાપન કરીને, સત વચન ઉચરજે;
પ્રીતમ તે પ્રાણીનું રે, પરમારથ લેખે ૪

૪૭૬. કર હરિ સુમરણ સાચું રે - A476 N785

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૮૫) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

કર હરિ સુમરણ સાચું રે, કાચું તન તારૂં;
મનથી મુકી દેજે રે, માયાનું લારૂં[૧] ..... ટેક

માયા છે મહા ઠગણી, ઠગ વિદ્યા કરશે;
જ્ઞાન ધ્યાન ધન ધીરજ, હેલામાં હરશે ૧

માયા બંધન બહુ છે, તેને તું તજને;
મોહ ઉપજાવે સૌને, સુર નર મુનિ અજને ૨

અતિ અપાર બલ માયા, ડાહ્યા જન જાણે;
જેણે ગોવિંદ ગુણ ગાયા, તે ભય નવ આણે ૩

ભજન પ્રતાપે ભવજલ, જેમ ગૌપદની પેરે;
અખંડ અભયપદ માણે, આનંદની લ્હેરે ૪

સદા સર્વદા સુખમાં, દુઃખમાં નવ દેખે;
પ્રીતમ તે પ્રાણીનું, પરમારથ લેખે ૫

૧. ગાંડપણ

૪૭૭. સતગુરુ શરણે જાય કે - A477 N795

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૫) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

સતગુરુ શરણે જાય કે, તમારા ત્યાગીએ;
ત્યાં ભલી બુરી કહીઓ ન જાય, ત્યાં ઉઠ ન લાગીએ .... ટેક

ઉઠસે લાગી રાઢ, રાઢ સબ કીચ હૈ;
જા ઘટ ઊપજે ક્રોધ, સોહી નર નીચ ૧

લીંબ ન મીઠો હોય, સીંચે ઘી ગોળ સે;
ઉનકો એહી સ્વભાવ, જાયે વા જીવ સે ૨

અમૃત વા કે હાથ, ભાવે નહિ રાઢકો;
શ્વાનકો એહી સ્વભાવ, ગ્રહે નીજ હાડકો ૩

માલા ફેરવે હાથ, કાતરણી કાખમેં;.
આગ બુઝી મત જાણ ડબી હૈ ખાખમેં ૪

કહે કબીર સમજાય, સમજ હૃદયે ધરો;
હંસા જુગન કરો રાજ, દુર્મતિ પરહરો ૫

૪૭૮. ચલો સતગુરૂજી કે હાટ - A478 N796

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૬) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

ચલો સતગુરૂજી કે હાટ, જ્ઞાન બોધ લાઈએ;
હંસા લીજે સાહેબજીકો નામ, પરમપદ પાઈએ ... ટેક

કર્તાએ સબ કછુ કિયો, દેવન કછું ના રહ્યો;
તુમ હો અભાગણ નાર, અમૃત તજી વિષ પીઓ ... ૧

ગઈ'તી પિયાજી કી મહેલ, પિયા સંગ ના રહી;
તેરે હૃદયે કપટ રહ્યો સાર, કુમતિ લજ્જા બસી ... ૨

જો ગુરૂ રૂઠ્યા હોય તો, તુરત મનાઈએ;
રહીએ દીન આધીન, ચૂક બક્ષાવીએ ૩

જો ગુરૂ હોયે દયાલ, દયા દિલમેં રહે;
તેર કોટિ કર્મ જાય, પલક ચિત્ત ફેર હૈ ૪

ભલો રે બન્યો સંયોગ, પ્રેમકા ચોલના;
તનમન અર્પી શિશ, સાહેબ હસી બોલના ૫

કહે કબીર વિચાર, ભયા મન ભાવના;
દયા ભજન ચિત્ત લાઈ, બહોર નહિ આવના ૬

૪૭૯. અખંડ સાહેબજીકો નામ - A479 N797

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૭) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

અખંડ સાહેબજીકો નામ, ઔર સબ ખંડ હૈ;
સાધુ ખંડિત મેર સુમેર, ખંડિત બ્રહ્માંડ હૈ ..... ટેક

સ્થિર ન રહે ધીર ધ્યાન, જીવનકો ધૂંધ હૈ;
સાધુ લક્ષ રે ચોરાશી જીવ, પડ્યા જમ ફંડ હૈ ૧

ચંચલ મન સ્થિર રાખ, જબ ભલે રંગ હૈ;
ઉન સંતનકે સંગ, સદા આનંદ હૈ ૨

જીનસે સાહેબજીસે હેત, સોઇ નિર્બંધ હૈ;
ઉલટ નિકટ ભર પિયુ, તો અમૃત ગંગ હૈ 3

દયા ભાવ ચિત્ત રાખ, ભક્તિકો અંગ હૈ;
કહે કબીર ચિત્ત ચેત, જગત પતંગ હૈ ૪

૪૮૦. મનષા દેહી પાઈ - A480 N798

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૮) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

મનષા દેહી પાઈ, રામ ગુણ ગાઈએ;
સુરતિ અકન કુંવારી, હંસાકો બહાઈએ ..... ટેક

સતગુરુ વિપ્ર બોલાય લગન લખાઈએ;
વેગે કરી લો વિવાહ, ઢીલ મત લાઈએ ૧

પાંચ પચ્ચીશ શું નાર, મંગલ ગાઈએ;
લક્ષ ચોરાશીનો ફેરો, બહોર નહિ આઈએ ૨

સુરત નુરત દોઉ બેઠે, હથેવારો જોડીએ;
જમ શું જીવ ઉગાર, તનખાં તોડીએ ૩

હંસાએ કર્યો વિચાર, સુરતિ શું યોં કહી;
તુમ જુગ જુગ અકન કુંવારી, એતા દિન ક્યોં રહી ૪

સુરતિએ હંસાને કરી સલામ, પિયુ તુમ સત કહી;
મોહે સતગુરુ મળ્યા નહિ, એતા દિન યોં રહી ૫

પરમ પુરુષકી સેજ, અખંડિત ખેલના;
પિયો રે પ્યાલા પ્રેમ, અધર રહી ઝીલના ૬

પુરૂષ પુરાતન લાઈ, શબ્દ સુનાઈએ;
કહે કબીર ભજો રામ, પરમ પદ પાઈએ ૭

૪૮૧. છાપા તિલક બનાઈ - A481 N799

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૭૯૯)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

છાપા તિલક બનાઈ કે નર બેઠો ગાવાહી;
શબ્દ રહેણી નથી હાથ, ચલત પસ્તાવહી .... ટેક

ચોરાશી આસન સાધ, કે નિત સુમરણ કરે;
વાકો મન વો ફરે ઉદાસ, મુક્તિ કૈસે મિલે ૧

દુધ ફાટ કાંજી ભયી, ધૃત નહિ આવહી;
વાકો દીજીએ ઢોળ, કામ નહિ આવહી ૨

દરિયા કિનારે બગ બેઠો, મન જાણે હંસ હૈ;
બગલો બડો અવગુણી, મોઢામેં મચ્છ હૈ ૩

દરિયા ઉપર વાટ, હંસા ત્યાં પગ ધરે;
ઐસા મલે ગુરુ જ્ઞાન, કારજ વાકો સરે ૪

મંગલ હંસા એક, નિત ઉઠી ગાવહી;
સતગુરૂ દાસ કબીર, પરમ પદ પાવહી ૫

૪૮૨. જીવ તું કહાંસે આયો - A482 N800

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૦) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

જીવ તું કહાંસે આયો, કહાં ચલ જાયેગો;
જીવ તું કર લે પહિચાન, મુએ પસ્તાયેગો ..... ટેક

સત્ય લોકસે આયો, ત્રિગુણમેં સમાય રહ્યો;
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાય રહ્યો ૧

નહિ તેરો ગામ ને ઠામ, નહિ પુર પાટણ;
હૈ રે બટાવલું લોક, નહિ કોઇ આપણાં ૨

કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી;
હંસ ગયે સતલોક, બહોર નહિ આવહી ૩

૪૮૩. પિયર રહી લોભાય કે - A483 N801

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૧) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

પિયર રહી લોભાય કે, ઘણા દિન બાપ કે;
કરી સતગુરૂજીકો સંગ કે, ચલી ઘર આપકે ..... ટેક

મામા ઔર મોસાળ, ભૈયા દશ બેનડી;
છાંડ્યો સબ પરિવાર કે, સન્મુખ મેં ખડી ૧

માતા પિતા સુત વીર, તજ્યો પરિવારકો;
ઊભા મુક્યા લોક, ઉતર ગઈ પારકો ૨

બહોર ન મિલણા હોય, પિયરીઆં લોક શું;
ચલી હૈ આપણે દેશ, પૂર્વના જોગ શું ૩

ચઢ્યો હૈ કલશ પરિવાર, અગમ ત્યાં ગમ કિયા;
નિરાકાર નિર્લેપ, પિછાના ત્યાં કિયા ૪

ઓળંગ્યા ઓગટ ઘાટ, કમલ દશે કિયા;
ભ્રમર ગુફાકે ઘાટ, નિરંજન દેખ્યા ૫

ગગન મંડલ મેં જઈ, મિલી હૈ પિયુકો;
બ્રહ્મ કિયો ભરથાર કે, પરહરિ જીવકો ૬

અર્ધ ઉર્ધ્વ કે બીચ, એક કિરતાર હૈ;
સાચી કહે કબીર, સીહી ભરથાર હૈ ૭

૪૮૪. દેખો માયાકો રુપ - A484 N802

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૨) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

દેખો માયાકો રુપ, તિમિર આગે ધરો;
સાધુ ભક્તિ ગયી બડે દૂર, સમજ કછુ ના પડી ... ટેક

જો વળી આળસ હોય, તો અવગુણ ના તજે;
સાધુ કોટિ પુન્ય કરાય, તોએ જીવ ના તરે ૧

ઔષદ સે ગુરૂ હોય, ભક્તિસે કર્મ કટે;
જમધર બંદી ન હોય, તો કાળ કાગદ ફટે ૨

તજ કામનીસે સ્નેહ, સ્નેહસે પ્રભુ સ્મરો;
તજ પાખંડ અભિમાન, કે આવાગમન તજે 3

કહે કબીર ટંકશાલ કે, તપ દશા રહે;
હંસ ગયે સત્ય લોક, તો નામ આધાર હૈ ૪

૪૮૫. હરિને ભજતાં હજી કોઇની લાજ - A485 N803

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૩) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

હરિને ભજતાં હજી કોઇની લાજ, જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિઆ સાથ, વદે વેદ વાણી રે ..... ટેક

વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યાકંસ માર્યો રે;
વિભિષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે ૧

વ્હાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે ૨

વ્હાલે મીરાં તે બાઇનાં ઝેર, હળાહળ પીધા રે;
પાંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે ૩

વ્હાલે અંબરીષની ઓળખાણ, અવતાર દશ લીધાં રે;
વ્હાલે ગજની કીધી સહાય, પૈદલ પરહર્યા રે ૪

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઇ કરશે રે;
કરજોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે ૫

૪૮૬. સતગુરૂ દીન દયાળ - A486 N804

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૪) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

સતગુરૂ દીન દયાળ, કાળ ભય મીટયા;
પાયો દીપક જ્ઞાન, અમર વર ભેટ્યા ..... ટેક

જો કછુ ચાહો દેખો, ચલો સંત સંગમેં;
ઉનસે કરો સ્નેહ, મિલો ઉસ સાથમેં ૧

અવિગત આગમ અભેવ, અખંડિત પૂર હૈ;
ઝળહળ ઝળહળ થાય, સદાય બહુ દૂર હૈ ... ૨

ઈંગલા પીંગલા સાધ, એહી એક ખ્યાલ હૈ;
ચંદ્ર ભાણ ગમ નાહિ, ત્યાં મેરો લાલ હૈ ૩

કહે કબીર સમજાય, સમજ નર બાવરા;
હંસ ગયો સતલોક, ઉતર ભવ સાગર ૪

૪૮૭. કહો ભાઈ રૂડું તેં શું કર્યું - A487 N828

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૮૨૮) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

કહો ભાઈ રૂડું તેં શું કર્યું, પામ્યો મનુષ્ય દેહ;
હરિ રસ પ્રેમે પીધો નહિ, હરિ સંગ કર્યો ન સ્નેહ ..... ટેક

રમતાં તે દહાડાં નિર્ગમ્યા, જ્યાં લગી હતો તું બાળ;
ધ્રુવની પેરે સેવ્યો રે, દીનાનાથ દયાળ ૧

નાના થકી પરણાવ્યા રે, નાંખ્યો માયાની જાળ;
મહાજુગ મોહ્યો નાથદી રે, ત્યાંથી ભજો રે ગોપાળ ૨

સાચાં જૂઠા તેં બહુ કર્યાં રે, એમ કર્યું એકત્ર દ્રવ્ય;
હતું છતા પણ વાપર્યું નહિ, નહિ થયું પુન્ય ને દાન ૩

મરતાં દીઠાં રે અતિ ઘણા, અમર રહ્યું નહિ કોઈ;
સહુદેવ જ્યાં ઉડી ગયા, હૃદયે વિચારી જોઈ ૪

એક દિન એવો આવશે, દીવડો વાએ ઓલવાય;
એવું જાણી ભજો ભગવાન, આત્મા સાધન થાય ૫

જે જ્યાં હતું તે ત્યાં રહ્યું, સાથે આવ્યું ના કાંઈ;
ભાલણના સ્વામી સંદેશો કહી ગયાં રે, ભાઈઓ પામો સાધન ૬

૪૮૮. દશરથ રાય વાણી બોલ્યા રે - A488 N832

પ્રભાત (નાદબ્રહ્મ પદ-૮૩૨) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

દશરથ રાય વાણી બોલ્યા રે, હાં હાં રે સુણો શ્રોતા રે જન;
રામને ગાદીએ બેસાડવા રે, હાં હાં રે ખુશી છે સહુ જન ૧

સભામાંહેથી બોલ્યા રે, હાં હાં રે રામ રાજા રે થાય;
હર્ષ થયો અવધપુરમાં રે, હાં હાં રે રામ ગાદીએ બેસે ૨

શુભ દિવસ શુભ ચોઘડિયું રે, હાં હાં રે ચાલો ગુરુ મહારાજ;
ગુરૂએ પોથીમાં જોયું રે, હાં હાં રે શુભ કાલ ને દિન ૩

સામગ્રી સહુ તૈયાર કરો રે, હાં હાં રે રામ અભિષેક થશે;
વાત ચાલી સહુ દેશમાં રે, હાં હાં રે હરખ્યાં મોટેરાં રાય ૪

સભા ભરી સહુ દેવની રે, હાં હાં રે મનમાં કરે વિચાર;
રામ જો વનમાં નહિ જશે રે, હાં હાં રે કારજ શી રીતે થશે ૫

કલિને ત્યાં બોલાવ્યો રે, હાં હાં રે અવધપુર રે જોવાં;
શિશ નમાવિ કલિ ચાલ્યો, હાં હાં રે અવધપુર રે જ્યાં ૬

સત્ય નગર સત્ય લોક છે રે, હાં હાં રે કલિ નહિ પહોંચી હામ;
ભાલણના પ્રભુ રઘુનાથના રે, હાં હાં રે બાગમાં કીધો મુકામ ૭

૪૮૯. પ્રભાતે દાસી ઉઠ્યા રે - A489 N833

પ્રભાત (નાદબ્રહ્મ પદ-૮૩૩) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

પ્રભાતે દાસી ઉઠ્યા રે, હાં હાં રે ફૂલ વીણવાને કાજે;
ન્હાયી ધોઈ દાસી ચાલ્યા રે, હાં હાં રે આવ્યા બાગની માંય ૧

ખોળો વાળી ફૂલ વીણ્યાં રે, હાં હાં રે કલિ થયો રે હોંશિયાર;
રુદન કરતાં દાસી ચાલ્યાં રે, હાં હાં રે આવ્યા રંગભુવન ૨

છાતી સાથે રાણી ચાંપ્યાં રે, હાં હાં રે કલિ થયો રે પ્રવેશ;
છુટા કેશે રાણી ચાલ્યાં રે, હાં હાં રે આવ્યાં રાયની પાસે ૩

માંગુ માંગુ સ્વામી આપજો રે, હાં હાં રે આપો બે રે વચન;
માંગો માંગો સતી સુંદરી રે, હાં હાં રે દેહ કરું રે અર્પણ ૪

ભરત મારો રાજ કરશે રે, હાં હાં રે રામને આપો વનવાસ;
કોમલ અંગ છે રામનું રે, હાં હાં રે કેમ કાઢું રે વન ૫

વચન વાગ્યાં હૃદય વિશે રે, હાં હાં રે પ્રાણ ઉંચેરા ચઢ્યા;
વાટ જોઈ ગુરૂ આવ્યાં રે, હાં હાં રે કેમ લાગી રે વાર ૬

ક્રોધ કરી ચાલ્યાં રે, હાં હાં રે કેમ બંધ નિશાન;
રુદન કરતાં કૌશલ્યા બોલ્યા રે, હાં હાં રે રામને આપ્યાં રે વન ... ૭

મુખ ઉતારી ગુરૂ ચાલ્યાં રે, હાં હાં રે આવ્યા રામભોવન;
તાતનું વચન પાળવા રે, હાં હાં રે રામ પધારે વન ૮

મુખે હસી રામ બોલ્યા રે, હાં હાં રે ઘણો આનંદ મન;
ભાલણના પ્રભુ રઘુનાથજી રે, હાં હાં રે વસ્ત્ર ઉતાર્યા અંગ ૯

૪૯૦. વનકુળ અંગે ધર્યાં રે - A490 N834

પ્રભાત (નાદબ્રહ્મ ૫૬-૮૩૪) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

વનકુળ અંગે ધર્યાં રે, હાં હાં રે વન જવાને કાજે;
રૂદન કરે અવધપુરમાં રે, હાં હાં રે છોડી ચાલ્યાં રે રાજ ..... ટેક

સતીને મહેલે આવ્યા રે, હાં હાં રે આજ્ઞા આપો રે મુજને;
બાર વર્ષ વનમાં જવું રે, હાં હાં રે પછી આવશું ઘેર ૧

સંગ લેજો મારા નાથજી રે, હાં હાં રે નહીં તો કાઢું મારો પ્રાણ;
રૂદન કરતાં લક્ષ્મણ આવ્યા રે, હાં હાં રે આંખે અશ્રુની ધારા ૨

સંગ લેજો મારા બંધવા રે , હાં હાં રે નહીં તો કાઢું રે પ્રાણ;
ત્રણે જણે વનકુળ પહેર્યાં રે, હાં હાં રે વન જવાને કાજ ૩

ત્રણે જણ પંથે પડ્યાં રે, હાં હાં રે આવ્યાં ગ્રહક વન;
ગ્રહક ભક્ત છે રામના રે, હાં હાં રે આવી લાગ્યો રે ચરણે ૪

વનકુળ કેમ અંગે ધર્યાં રે, હાં હાં રે કહો સાચી રે વાત;
મુખે હસી રામ બોલ્યા રે, હાં હાં રે મારે જવું રે વન ૫

કર ઝાલી ગ્રહક ચાલ્યા રે, હાં હાં રે આવ્યાં ગંગાને તીર;
ગ્રહકે તરોપો છોડ્યો રે, હાં હાં રે બેઠાં ત્રણેય જણ ૬

ગ્રહકે તરોપો હાંક્યો રે, હાં હાં રે ગયાં પેલે રે પાર;
ભાલણના પ્રભુ રઘુનાથજી રે, હાં હાં રે રહ્યાં પંચવટી માંય ૭

૪૯૧. પંચવટીમાં જઈ રહ્યા રે - A491 N835

પ્રભાત (નાદબ્રહ્મ પદ-૮૩૫) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

પંચવટીમાં જઈ રહ્યા રે, હાં હાં રે ગંગાને તીર;
કંદમૂળ ફળ લાવ્યાં રે, હાં હાં રે લાવ્યાં લક્ષ્મણ વીર ૧

તાતના વચને ત્યાં ગયાં રે, હાં હાં રે વસ્યાં વનવાસ;
કર્મ વડે આ દેહ છે રે, હાં હાં રે કેમ કાઢો શ્વાસ ૨

એક ઘડીના દિવસ થયાં રે, હાં હાં રે દિવસ થયાં રે વર્ષ;
ચૌદ વર્ષ કેમ કાઢીએ રે, હાં હાં રે શેં ન આવ્યા રે મરણ ૩

લક્ષ્મણ દોષ નવ દીજીએ રે, હાં હાં રે કર્મના ભોગી;
વનકુળ ઓઢણ પહેરણે રે, હાં હાં રે વળી શય્યા રે ભૂમિ ૪

જોગીનો વેષ રાવણે ધર્યો રે, હાં હાં રે ભિક્ષા લેવાને કાજ;
છાબ ભરી છે વનફળથી રે, હાં હાં રે લાવ્યાં સીતા રે માત ... ૫

કપટ કરીને સીતાને હર્યા રે, હાં હાં રે લંકાપતિ રાયે;
રામ લક્ષ્મણ બેઉ શોધતાં રે, હાં હાં રે સુગ્રીવ પાસે આવ્યાં ... ૬

સુગ્રીવ મનમાં હરખ્યાં રે, હાં હાં રે ધન આજનો દિન;
ભાલણના પ્રભુ રઘુનાથજી રે, હાં હાં રે મળ્યાં જુગજીવન ૭

અંતિમ સમયનાં પદો

૪૯૨. નોતરૂં મારે નારાયણનું - A492 N836

(નાદબ્રહ્મ ૫૬-૮૩૬) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

નોતરૂં મારે નારાયણનું, અંતકાળે હરિ આવો;

સારંગ ધરજો વેળાએ વરજો, વેળાએ વાર ન લાગે;
સારાં કર્મ તમે જે કર્યા, તેની ગાંઠલડી શિર બાંધી ૧

ગોપી ચંદન તિલક તુલસીને, નામ નારાયણ બાનુ;
વિપરીત કર્મે કંઠ વિરોધ્યો ને, સગાં થજો રઘુનાથ ૨

ઘોડલે ચઢી ગોવિંદજી આવ્યાં, સાર્યા સેવકના કામ;
મોરલી વગાડતાં મોહનજી, આવ્યાં ગોવિંદદાસ ૩

૪૯૩. અંતર્યામીને નથી અજાણ્યું - A493 N838

(નાદબ્રહ્મ ૫૬-૮૩૮) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

અંતર્યામીને નથી અજાણ્યું, મને માને તેમ મ્હાલો;
કર્યો કર્મ ભોગવવા પડશે, જોઈ વિચારી ચાલો ..... ટેક

પાપ પુન્યના બે માર્ગ મોટાં, જે ગોઠે તેણે જાય;
હરિને ઘેર હિસાબ જ થશે, નથી કોઈ વેરી ને વ્હાલા ૧

જોર કરી જીવ બોલાવવો બેઠો, જો મારી અવસ્થાની હેલી;
જોર કરી જીવ બોલતો નથી, ફેરા ફર્યા વણ ઠાલી ૨

આવ્યો જીવ ત્યારે મુઠી વાળી, ચઢ્યો તેમ જમને હાથે;
પીળાં પીતામ્બર પહેરવા મુક્યા, લોક મળે ને કોળ લાજે .. ૩

કાશી ને વાટે તન વેચાયા, નીચ ઘેર પાણી ભર્યા;
વાણી જ કીધાં વ્યાપાર કીધાં, અગ્નિ કહે એ તન મારૂં;
છાપા તિલક કંઠે તુલસીની માલા, ગાયે કબીર જનદાસ ૪

૪૯૪. રૂડી રામકથા શુકદેવને પૂછે પરિક્ષિતરાય - A494 N845

ગરબો (નાદબ્રહ્મ પદ-૮૪૫) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

રૂડી રામકથા શુકદેવને પૂછે પરિક્ષિતરાય;
ત્રણ ભુવનમેં સુણતાં, સૌનાં પ્રાસીત પ્રલય થાય છે

શુકદેવજી વાણી ઓચરે, પરિક્ષિત રાજા શ્રવણે ધરે
સૌ દેવતા પુષ્પની વૃષ્ટિ કરે ૧

દશરથ રાયે તેડાવ્યાં જોષી, રામને ગાદીએ બેસાડવાની વાત પૂછી
સૌ અયોધ્યામાં થયાં ખુશી ૨

ત્યારે કૈકયી આવી લાગી પાય, વચન માંગુ રામજી વનમાં જાય
મારા ભરતનું રાજ થાય ૩

સુણતા દશરથના પ્રાણ ગયા, તે રામજીને સમાચાર થયા
રામ રાજ મુકીને વનમાં ગયા ૪

રામ પંચવટીમાં પરવર્યા, શિર જટા વનકુળ અંગ ધર્યા
સૌ દેવતાના કર જ સાર્યા ૫

રામ અનેક રાક્ષસને માર્યા, ભૂમિનો ભાર જ ઉતાર્યો
પછી આગળ વન સીધાવ્યા ૬

ત્યારે નારદજી લંકામાં ગયા, જઈ સીતાના સમાચાર કહ્યા
ચેત રાવણ શું બેસી રહ્યો ૭

તારો શત્રુ તો વનમાં આવ્યો, સાથે જાનકીને તેડી લાવ્યો
તેનું હરણ કરીને હરી લાવને ૮

વાત સાંભળીને રાવણ વનમાં ગયો, નારદનું કપટ નવ લહ્યો
કહે ભુવન ધરમાં અંધ કર્યો ૯

૪૯૫. પ્રપંચ કરી સીતાને હરવાને રાવણ આવ્યો - A495 N846

ગરબો (નાદબ્રહ્મ પદ-૮૪૬) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

પ્રપંચ કરી સીતાને હરવાને રાવણ આવ્યો
કાયા કનક તણી માયા ધરીને મૃગતણું રૂપ લાવ્યો

મૃગ જોઈને સીતા મોહ પામ્યાં, રામજીને જઈને શિશ નામ્યું;
મારે કંચુકી જોઈએ સ્વામી ૧

રામ ધનુષ્ય લઈને વન જાયે, બાણ માર્યું મૃગના અંગ માંહે;
પાપી બાણ લઈ નાશી જાયે ૨

બીજે બાણે તે મૃગના પ્રાણ હર્યા, પડતાં લક્ષ્મણ પોકાર કર્યા;
રામ જાણીને લક્ષ્મણ યુદ્ધે ચઢ્યા ... ૩

બીજે રૂપે તે રાવણ આવી ઊભો, મઢુલીમાં અહાલેક જગાવી;
ત્યારે સીતાજી ભિક્ષા લાવ્યા ૪

પાપી હરણ કરી લઈ જાય, રામ વિના વહાર કોણ થાય;
એ તો લઈ ગયો લંકા માંહે ૫

ત્યાં આસો પાલવની લતા ફુલી, વાડીમાં સીતા એકલડી;
ફરતી રાક્ષસની ચોકી મેલી ૬

મૃગ મારીને રામ લક્ષ્મણ આવ્યા, મઢુલીમાં પેઠા હરખ ભર્યા;
સીતા નહિ દીઠા ત્યારે ધરણે ઢળ્યા ૭

રામ રુદન કરે ને વનમાં ફરે, મુખે સીતા સીતા ઓચરે;
પશુ પંખીને પૂછી શોધ કરે ૮

ફરતાં ફરતાં ષટ્ માસ થયાં, રામ સીતા વિના નિરાશ થયા;
એક પર્વત પાસે જઈ રહ્યા ૯

બેઠા વાલી વાનરને જાંબુવાન, ત્યાં સુગ્રીવને હનુમાન રહે;
સૌ કોઈએ દીઠાં તે ભગવાન ૧૦

હનુમાન કહે મને દાસ કરો, રંક જાણીને મસ્તક હાથ ધરો;
તમે દુઃખ દરિયામાં શીદ ફરો ૧૧

ત્યારે હનુમાને બીડું લીધું, મહા કાળ જ સરખું રૂપ કીધું;
કહે ભટનાગર સૌ સિદ્ધ થશે ૧૨

૪૯૬. ચેતી લો ચેતાનો અવસર - A496 N847

(નાદબ્રહ્મ પદ-૮૪૭) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

ચેતી લો ચેતાનો[૧] અવસર, ફરી ફરી નહિ મળશે;
જોબન જાતાં વાર ન લાગે, જરા આવીને ઢળશે ૧

ઢળશે ત્યારે નહિ રહેવાશે, કાયા થર થર ધ્રુજશે;
માયાની અંધારી બાંધી, તેમાં કાંઈ નવ સૂઝે ૨

સૂઝે ક્યાંથી સમજણ નથી, કુટુંબ કબીલે વાહ્યો;
અવડે સવડે બંધે બંધાયો, હાથે શું બંધાયો ૩

કહો ભાઈઓ એને શું કહીએ, મૂરખ મનમાં ન આણે;
દૂર્મતિ આગસ કાંઈ નવ સૂઝે, આપો આપ વખાણે ૪

મોહે ભર્યો મદે ભર્યો, અજ્ઞાને અંજાયો;
નારી સાથે સ્નેહ ઘણોને, ઘણા ઘણાને ધાયો ૫

ધાયો ત્યાં તો ધૂળ કમાયો, ગાંઠે ન બાંધી કોડી;
ઠાલા હાથે ઠાલા જાઉં, શીદ મરે છે દોડી ૬

સંસારના સુખ જોવા માટે, અંતે સઘળું ખોટું;
આગળ અવસર આવશે એવો, દારુણ દુઃખ છે મોટું ૭

ખોટામાંથી ખરૂં કરીને, લેજો બંધન તાણી;
સાધુજનની સેવા કરવી, ભજને સારંગ પાણી ૮

આ શિખામણ માનવા જેવી, માની લે જો કોઈ;
આવ્યા છો તો લાભ કમાવા, જાશો મુડી ખોઈ ૯

ખોઈને જાશો ખત્તાં ખાશો, કેમ કહ્યું નથી કરતાં;
અન્ન માટે અથડાતા ફરશો, પેટ પાપથી ભરતા ૧૦

પરનિંદાથી ખાડો પૂર્યો, કેમ ન પીડા જાણી;
જાણીને તેં બાંધ્યો તાણી, મુકી વાત વખાણી ૧૧

એક ઘડી એકાંતે બેસી, હરિનું નામ ન લીધું;
અમૃત રસને અળગો મૂકી, વિષ હલાહલ પીધું ૧૨

પિતા પુત્ર તું ઘેરાયો, જોયું નહિ વિચારી;
કહે પ્યારી સૌ રામ ભજી લો, નહિ તો જાશો હારી ૧૩

૧. ચેતી જવાનો

꠸ꠋ꠸ꠋ અનંત સૂર ꠸ꠋ꠸ꠋ꠸ꠋ

ગોકુલ રહો કે જાઓ અત્યારે, દાણ દધીનું નહીં મેલું;
ચીર હર્યાં તે ગયા વીસરી, કાનડીયા કારણ પેલું ૧૦

નંદ તણે ઘેર નવલખ ગાયો, નોતુ તે ધન ફાવ્યું છે;
માતા તારી મહીં વેચતી, હમણાં રાજ આવ્યું છે ૧૧

હમણાં હમણાં કરતી રહેજે, મહેણાં દેતી મહિયારી;
ધુતપણામાં છે ધુતારી, ઠગપણમાં છે ઠગારી ૧૨

તું ઠગારો તારી માનો પાળેલો, તારી માને મહેણાં દેવરાવે;
રઘુનાથના સ્વામી શામળિયા, ઝાઝું તે શું કહેવરાવે ૧૩

કહ્યા પ્રમાણે કહેતો નથી, તું મોઢુ નથી રાખતો;
અમો છીએ રાજા મહારાજા, અમને નથી ઓળખતી ૧૪

ઓળખું છું આવ્યો નાશી, મહા વનમાં તું છાનો છે;
જાદવકુળ મધ્યે જન્મ છે તારો, નંદ તણે ઘેર નાનો છે ૧૫

માતા જશોદા મોટા બડભાગી તેના અમો છીએ અધિકારી;
મોટા મુનિવર મર્મ ન જાણે, ગોકુલ વસીએ ગૌચારી ૧૬

ગૌચારી ગોપી ઘેર વળતા, અમને તે તમે ઉદ્ધાર્યા;
રઘુનાથ સ્વામી શામળિયા, તમે જીત્યા અમે હાર્યા ૧૭

૪૯૮. ભક્તિ એવી રે ભાઈ એવી - A498 N853

રાગ - ઓખા હરણની ચોપાઈ (નાદબ્રહ્મ પદ-૮૫૩)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

ભક્તિ એવી રે ભાઈ એવી, જેમ તરસ્યાને પાણી જેવી!
એક ગોધન ચારવાને જાય, એની સુરતા વાછરડાં માંય;
ચરણે ફરવું ને ચોદિશ ચરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ... ૧

એક યુવતી જળ ભરવાને જાય, સામી સખીઓથી વાતો થાય;
માથે બેડું ને લે છે તાળી, મૂખે હશે છે વારી વારી;
બેડું ચિત્તથી નથી રે વિસરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ... ૨

એક ભ્રમર કમળમાં રહે છે, તેને વાસના કેવી ગમે છે;
સાંજ પડે ને કમળ બિડાયું, અકળાયો ને ક્યાંય ના જવાયું;
એને કમળની પ્રીતે રે મરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ... ૩

એક મૂઢપતિ નર જેહ, પરનારીની સાથે સ્નેહ;
જાય છે અધમ અધમ ડગ ભરતો, પરનારીની પૂંઠે ફરતો;
એને શુળીની પેરે રે ડરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ૪

એક માછલી જળમાં વસે છે, એને પાણીનો પ્રવાહ ગમે છે;
કો પાપીએ બારણે કાઢી, તલ તલ જીવ થયો રે ઉદાસી;
એને જળ વિનાનું રે મરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ૫

એક ગણિકા નૃત્ય કરે છે, મનગમતા શણગાર સજે છે;
એક આંખ આંજી અણિયાળી, નખશિખ નિરખે છે નારી;
પારકું ચિત્ત પોતાનું કરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ૬

એક ચોર તે ચોરી કરે છે, પર મંદિરે ફેરા ફરે છે;
વળી માઝમ રાત અંધારી, મૂરખ નથી ડરતો રે લગારી;
પારકું ધન પોતાને રે હરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ... ૭

બપૈયાને વરસાદ વ્હાલો, એવી પ્રેમભક્તિ તમે ઝાલે;
ચકોર ચિત્ત ચંદ્ર ધાલે, અણપેખતાં દૃષ્ટિને બાળે;
કહે કલ્યાણ એથી ન ઉતરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું ... ૮

૪૯૯. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો - A499 N863

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૭૨)

(શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૨, શ્લોક ૫૪ થી ૭૨)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

વંદના

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં, સૂર્યાગ્નિ વા વાદળાં,
જેના મંત્ર, પુરાણ, શાસ્ત્ર, ભજનો, ગાયે ઋષિ વ્યાકુળા;
યોગી ધ્યાન ધરી જ, સંયમ કરી, જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈએ લઇ શક્યા, તે દેવને વંદના.

શ્રી અર્જુન બોલ્યા:

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ, કેશવ?
બોલે, રહે, ફરે કેમ, મુનિ જે સ્થિરબુદ્ધિનો? ૫૪

શ્રી ભગવાન બોલ્યા:

મનની કામના સર્વે, છોડીને આત્મમાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો ૫૫

દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિરબુદ્ધિનો ૫૬

આસક્ત નહિ જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૫૭

કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઇન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૫૮

નિરાહારી શરીરીના, ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં ૫૯

પ્રયત્નમાં રહે તોયે, શાણાં એ નરનાં હરે,
મનને ઇન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી ૬૦

યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ,
ઇન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૬૧

વિષયોનું રહે ધ્યાન, તેમાં આસક્તિ ઊપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે ૬૨

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે ૬૩

રાગ ને દ્વેષ છૂટેલી, ઇન્દ્રિયે વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા ૬૪

પામ્યે પ્રસન્નતા તેનાં, દુઃખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની, બુદ્ધિ શીઘ્ર બને સ્થિર ૬૫

→

અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાંતને? ૬૬

ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે ૬૭

તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઇન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૬૮

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા ૬૯

સદા ભરાતા અચલપ્રતિષ્ઠ,
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી ૭૦

છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા મમતા મૂકી, તે પામે શાંતિ ભારત ૭૧

આ છે બ્રહ્મદશા એને, પામ્યે ના મોહમાં પડે,
અંતકાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે ૭૨

૫૦૦. ભક્તિતત્વ - AS500 N865

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૮૦)

(શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૧૨) [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

શ્રી અર્જુન બોલ્યા:

નિત્ય યુક્ત થઈ આમ, જે ભક્ત તમને ભજે
ને જે અક્ષર, અવ્યક્ત, તે બે માંહી કયા ચડે ? ૧

શ્રી ભગવાન બોલ્યા :

મારામાં મનને પ્રોઈ, નિત્ય યુક્ત થઈ મને
ભજે પરમ શ્રદ્ધાથી, તે યોગી ચડતા ગણું ૨

જેઓ અચિંત્ય, અવ્યક્ત, સર્વ વ્યાપક, નિશ્ચળ
એકરૂપ, અનિર્દેશ્ય, ધ્રુવ અક્ષરને ભજે ૩

ઈન્દ્રિયો નિયમે રાખી, સર્વત્ર સમબુદ્ધિના
સર્વભૂતહિતે રક્ત, તેને મને જ પામતા ૪

અવ્યક્તે ચિત્ત ચોંટાડે, તેને કલેશ થતો વધુ
મહા પરિશ્રમે દેહી, પામે અવ્યક્તમાં ગતિ ૫

મારામાં સર્વ કર્મોનો, કરી સંન્યાસ મત્પર
અનન્ય યોગથી મારાં, કરે ધ્યાન-ઉપાસના ૬

મારામાં ચિત્ત પ્રોતા, તે ભક્તોનો ભવસાગરે
વિના વિલંબ ઉદ્ધાર કરું છું, પાર્થ, હું સ્વયં ૭

→

‘હું’-માં જ મનને સ્થાપ, નિષ્ઠા મારી જ રાખ તું
તો મારામાં જ નિઃશંક, તું વસીશ હવે પછી ૮

જો ન રાખી શકે સ્થિર, ‘હું’-માં ચિત્ત સમાધિથી
તો મને પામવા ઇચ્છ, સાધી અભ્યાસ-યોગને ૯

અભ્યાસેયે જો ન શક્તિ, થા મત્કર્મપરાયણ
મારે અર્થે કરે કર્મો, તોયે પામીશ સિદ્ધિને ૧૦

જો ન કરી શકે તેયે, આશરી મુજ યોગને
તો સૌ કર્મ ફળો ત્યાગ, રાખીને મનને વશ ૧૧

ઊંચું અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન તો ચડે
ધ્યાનથી ફળનો ત્યાગ, ત્યાગથી શાંતિ સત્વરે ૧૨

અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા
નિર્મમ, નિરહંકાર, સુખે દુઃખે સમાનતા ૧૩

યોગી સદાય સંતોષી, જીતાત્મા, દૃઢ નિશ્ચયી
મનબુદ્ધિ મને અર્પ્યાં, તે મદ્‌ભક્ત મને પ્રિય ૧૪

જેથી દુભાય ના લોકો, લોકથી જે દુભાય ના
હર્ષ-ક્રોધ-ભય ક્ષોભે છૂટ્યા, જે તે મને પ્રિય ૧૫

પવિત્ર નિઃસ્પૃહી, દક્ષ ઉદાસીન, વ્યથા નહિ
સૌ કર્મારંભ છોડેલો, મારો ભક્ત મને પ્રિય ૧૬

ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા
શુભાશુભ ત્યજ્યાં જેણે, ભક્તિમાન મને પ્રિય ૧૭

સમ જે શત્રુને મિત્રે, સમ માનાપમાનમાં
ટાઢે-તાપે, સુખે-દુઃખે, સમ આસક્તિહીન જે ૧૮

સમાન સ્તુતિ નિંદામાં, મૌની સંતુષ્ટ જે મળે
સ્થિર બુદ્ધિ, નિરાલંબ, ભક્ત જે, તે મને પ્રિય ૧૯

આ ધર્મામૃતને સેવે, શ્રદ્ધાથી જેમ મેં કહ્યું
મત્પરાયણ જે ભક્તો, તે મને અતિશે પ્રિય ૨૦

૫૦૧. પગ મને ધોવા દ્યો રઘુરાય - AS501 N871

રાગ – દેશી ફેર સોરઠ (નાદબ્રહ્મ પદ-૮૭૧, પૃષ્ઠ-૫૯૨)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

પગ મને ધોવા દ્યો રઘુરાય, પગ મને ધોવા દ્યો

રામ લક્ષ્મણ જાનકીજી, તીર ગંગાને જાય
નાવ માંગ્યું પાર ઊતરવા, ગૃહ બોલ્યો ગમ ખાઈ ..... ટેક

તમ ચરણજ કામણગારી, મારી નાવ નારી બની જાય
તો અમારા રંક જનની, આજીવિકા ટળી જાય ૧

ચરણ ધોયા શ્રીરામજીના, ગંગા નીરથી ત્યાંય
બાવડાં ઝાલી રામનાં બેઉ, પધરાવ્યા નાવની માંય ... ૨

જોઈ ચતુરાઈ આ ભીલની, જાનકી મન મુસકાય
અભણ કેવું યાદ જ રાખે, ભણેલા ભૂલી જાય ૩

ઊતરી કાંઠે રામે પૂછ્યું, શું લેશો ઉતરાઈ
દરજી પાસેથી દરજીડો, કદી ન લે સિલાઈ ૪

-દુલા ભાયા કાગ

૫૦૨. મેરા દરદ ન જાને કોય - AS502 N880

રાગ – કાફી (નાદબ્રહ્મ પદ-૮૮૦, પૃષ્ઠ-૫૯૯)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

મેરા દરદ ન જાને કોય,

હરિ મૈં તો પ્રેમ દિવાની, મેરા દરદ ન જાને કોય

સૂલી ઉપર સેજ હમારી, કિસ બિધ સોણા હોય ..... ટેક

ગગન મંડલ પૈ સેજ પિયાકી, કિસ બિધ મિલણા હોય ... ૧

ઘાયલકી ગતિ ઘાયલ હી જાનૈ, કી જિન લાગી હોય ૨

જૌહરી કી ગતિ જૌહરી જાને, કી જિન જૌહર હોય ૩

દરદકી મારી બન બન ડોલું, વૈદ મિલ્યા નહીં કોય ૪

મીરાંકી પ્રભુ પીર મિટેગી, જબ વૈદ સાંવલિયા હોય ૫

૫૦૩. સુખદુઃખ મનમાં ન આણીએ - AS503 N882

(નાદબ્રહ્મ પદ-૮૮૨, પૃષ્ઠ-૬૦૦)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં ..... ટેક

નળ રાજા સરખો નર નહિ, જેને દમયંતી રાણી;
અડધે વસ્ત્ર વનમાં ભમ્યાં, ન મળ્યાં અન્ન ને પાણી ૧

પાંચ પાંડવ સરખાં બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી ૨

સીતા સરખી સતી નહીં, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી ૩

રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઇ ગયાં, બધી લંકા લૂંટાણી ૪

હરિશ્ચન્દ્ર રાય સતવાદિયો, જેની તારામતી રાણી;
તેને વિપત્તિ બહુ રે પડી, ભર્યાં નીચ ઘેર પાણી ૫

એ વિચારી હરિને ભજો, તે સહાય જ કરશે;
જુઓ આગે સહાય ઘણી કરી, તેથી અર્થ જ સરશે ૬

સર્વ દેવોને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરયામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી ૭

૫૦૪. યે મારગડા જુદા કબીરકા - AS504 N885

(નાદબ્રહ્મ પદ-૮૮૫, પૃષ્ઠ-૬૦૧)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

યે મારગડા જુદા કબીરકા, યે મારગડા જુદા;

ઈંટ પડાવે, મસ્જિદ ચણાવે, અનેક પીર જ હુઆ;
યે પીરકા કોઈ ભેદ ન જાણે, નમાજ પઢી પઢી મુઆ ... ૧

પથ્થર મંગાવે, મૂર્તિ ટંકાવે, અનેક દેવ જ હુઆ;
યે દેવકા કોઈ ભેદ ન જાણે, ભૂવા ધૂણી ધૂણી મુઆ ૨

વાડી બંધાવે કથા કહાવે, અનેક સંત જ હુઆ;
કોઈ ભજનકા ભેદ ન જાણે, કાંસા ઘસી ઘસી મુઆ ૩

કહત કબીરા સુનો ભાઈ સાધો, મનુષ્ય અવતાર હુઆ;
ભવ સાગરકી ભૂલ ભૂલૈયાં, લખ ચોરાશી ફરી મુઆ ૪

૫૦૫. મને વહાલા ઘણા રણછોડ - AS505 N899

(નાદબ્રહ્મ પદ-૮૯૯, પૃષ્ઠ-૬૧૨)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

મને વહાલા ઘણા રણછોડ, બાઈ મારી સૈયરો;
પુરો મારા મનડાના કોડ, બાઈ મારી સૈયરો;

સસરા રે મારા રાક્ષસ સરીખાને, જેઠ રે મારા જમ;
દિયર રે મારા હિરા સરખો, એવી સાસરિયાની વસ ૧

દેરાણી તો દુશ્મન થઈ લાગી, જેઠાણી જીવની લેણ;
નણંદલ કેરૂ મોઢું રે કાપુ, એવા વાંકા બોલે વેણ ૨

સાસુડી તો સર્પણ થઈ લાગી, તરત મુજને ડંશી;
દુઃખતણુ રે ઝેર કબહુ ન મિટે, એવા સાસરીયાના ઢંગ ૩

સાસરીયામાં સુખ નથી અમને, દુઃખના દરણા દળીયે;
રામકૃષ્ણ પ્રભુ તમો રે મળો તો, આવા દુઃખમાંથી ટળીયે ૪

૫૦૬. તમે સુણો દિનાનાથ દયાળ - AS506

રાગ - અકેલી (ભજનામૃત પદ-૨૦૧, પૃષ્ઠ-૧૨૪)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

તમે સુણો દિનાનાથ દયાળ અકેલી ક્યોં રહું;

લોક બેગાના મેં દુઃખી રે વાલો ગયો રે અકેલી મેલી;
દિલ તલસે રે દારા કો, હાં રે માહે તનમાં તાલાવેલી ..... ટેક

કઠણ કસોટી ખલક કી રે વાલો કાયર સબ પરિવાર;
હેતે સંદેશો મોકલ્યો, હાં રે વાલા નહીં કોઇ આવનહાર ૧

પાલવ બિછાવું પ્રેમ કો રે તમો સુણો ત્રિભુવન પ્રતિપાળ;
ગુણ અવગુણ માહે મત ધરો, હાં રે મોહે મૃત્યુ સે લીજો ઉગાર ... ૨

અંતરગત આતુર ભયે રે વાલો વ્રેહની કરે રે પુકાર;
જન નામદેવ સ્વામી વિનંતિ, હાં રે તમે સુણજો સરજનહાર 3

૫૦૭. તેરા કિયા કરમ છૂટ જાઈ રે - AS507

રાગ – અકેલી [અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

તેરા કિયા કરમ છૂટ જાઈ રે, તંબુરા સુન લે સાધો ભાઈ !
તેરી લખ-ચોરાશી મીટ જાઈ રે, તંબુરા સુન લે સાધો ભાઈ !

પ્રથમ ગણપતિ દેવ શુદ્ધ સમરું, ઔર સમરું શારદા માઈ;
દર્શન દેજો રામા પરસન હોજો, તો હિરડે હરમત આઈ
... તંબુરા સુન લે સાધો ભાઈ !
પાંચ તત્વકા બના તંબુરા, તિન ગુન તાર મિલાઈ;
ઓહં સોહં રટનેકુ રે લાગા, નિરગુન રાહ બતલાઈ
..... તંબુરા સુન લે સાધો ભાઈ !
આપે રામે જ્યારે આરંભ રચિયો, રચિયો ઘાટ ઘટમાંઈ;
ગગન ગુફામાં વાગે તંબુરો, દસમો દેવ જગાઈ
..... તંબુરા સુન લે સાધો ભાઈ !
અણઘડિયા સુતારે ઘડિયો, ઘડિયો ઘાટ ઘાટ માંહી;
રુમઝુમ રુમઝુમ વાગે તંબુરો, બંકનાલ ઘટ માંહી
..... તંબુરા સુન લે સાધો ભાઈ !
દાસ કબીરને ગાયો તંબુરો, સદ્‌ગુરુ શબ્દ માંહી;
જ્ઞાન ગરીબી પાયો તંબુરો, સત સમજણ ઘર આઈ
..... તંબુરા સુન લે સાધો ભાઈ !

૫૦૮. તમે જુઓને કરમની રેખા - AS508

રાગ - અકેલી (ભજનામૃત પદ-૨૦૪, પૃષ્ઠ-૧૨૫)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

હાં રે તમે જુઓને કરમની રેખા, લખ્યા નવ ચૂકે રે;
હાં રે એ તો વિધાતા કેરા લેખ, લખ્યા નવ ચૂકે રે;

રાયસુ જેણે યજ્ઞ કર્યા છે, તેડ્યા દેશોના ભૂપ;
ગુપ્ત રહેવાના હો કારણે રે, રાયે લીધું કીંક રૂપ ૧

ખાંડવ વન જેણે દહન કર્યા છે, કૃષ્ણ હતા જેની સાથ;
તે અર્જુન વ્યંઢળ થઇ બેઠો, કંકણ પહેર્યા હાથ ૨

નકુળ મસાણી થઇને રહ્યો છે, સહદેવ પાળ્યા અશ્વો;
ઉદર કેરે હો કારણે રે, ભીમ રસોઇઓ થાય ૩

પાંચાલી દાસી થઇને રહ્યાં છે, સર્વ સતી ઓમાં શ્રેષ્ઠ;
કરજોડીને ભાલણ કહે છે, એ તો વિધાતા કેરા લેખ ૪

૫૦૯. નહિ ચારું નહિ ચારું મોરી માત - AS509

રાગ - અકેલી (ભજનામૃત પદ-૨૦૨, પૃષ્ઠ-૧૨૫)

[અનુક્રમણિકા-૧૩ Index_front Index_back]

હાં રે નહિ ચારું નહિ ચારું મોરી માત, નવલખ નહિ ચારું;
હાં રે સાથે મોકલો બલ ભદ્રભાઈ, નવલખ નહિ ચારું;

ચારો ચરીને તત્પર થાઈ, સીંગ માંડીને સામી થાય;
વારવા જાઉં ત્યારે મારવા ધાય, પેલી કાળી કમઠણ ગાય ૧

ઝરમર ઝરમર મેહુલો વરસે, નદીએ ભરાયા હો નીર;
જમનાજીનો અધરો ઓવારો, ત્યાં તો તાણી ગયાની બીક ૨

વૃન્દાવનનાં વન ઝાઝેરા, વનમાં મોટા મોટા હો ચક્ક;
ફેણ માંડી નાગ હો ફુંફવે, ત્યાં તો બહુ બીહાવે સાપ ૩

પુત્ર રે કેરા વચન સુણીને, માતા કહે સુણી હો કાન;
પેંસી પાતાળે કાળી નાગ નાથ્યો, વ્હાલા કોણ હતું તારી સાથ ૪

માતા રે કેરા વચન સુણીને, રાધવ ઉતરી હો રીસ;
ભીમનો રે ઠાકોર નવલખ ચારે, વ્હાલે ગેડી ધરી જુગદીશ ૫

૫૧૦. જુઠ્ઠા બોલા જાદવ તારો - AS510

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

જુઠ્ઠા બોલા જાદવ તારો, ભેદ ન જાણે કોઇ
ભેદ ન જાણે કોઇ તારો, પાર ન જાણે કોઇ

સ્વર્ગભુવનથી લાવ્યા નારદ, પારિજાતીનું ફૂલ
પાંખડી એક ન મોકલી (અલ્યા),
તમે કીધા હમારા મુલ ..... જુઠ્ઠા બોલા

પારિજાતીની ડાળે વ્હાલે, હિંડોળા બંધાવ્યા
સર્વે સખી મળી હીંચકે (અલ્યા),
માંહી ગિરધર ગોપાલ ..... જુઠ્ઠા બોલા

બલીરાજાને બારણે આવી, માંગ્યા ત્રણ વચન
વામનરૂપે છેતરીયો (અલ્યા),
તમે વધી ગયા ગગન ..... જુઠ્ઠા બોલા

ગોકુળમાં વંટોળ્યો વાયો, ઈન્દ્રનો આણ્યો અંત
ગિરી ગોવર્ધન કર ધર્યો (અલ્યા),
તમે એવા છો બળવંત ..... જુઠ્ઠા બોલા

દાનવકુલ નિકંદન કીધું, ભક્તોને ~~વ્હાલે~~ ઉગાર્યા
નરસૈંયાના સ્વામી મળ્યા (અલ્યા),
ઉતાર્યા ભવપાર ..... જુઠ્ઠા બોલા

૫૧૧. સંત કબીરના દર્શન કરવા - AS511

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સંત કબીરના દર્શન કરવા, ચાલો કબીરવડ જઈએ રે
નર્મદા કાંઠે મંદિર શોભતું, ધોળી ધજાઓ ફરકે રે

કબીરવડ નો મહિમા છે મોટો, ખોળામાં રમવા જઈએ રે
ગોરા ગોરા મુખડા સંત કબીરના (૨),
વ્હાલાનાં વારણાં લઈએ રે ..... સંત કબીરના

શુકલતીર્થમાં તત્ત્વ-જીવાને, કબીરે એ દર્શન દીધાં રે
માથે રે ટોપી કબીરને શોભતી (૨),
હાથમાં કમંડળ શોભે રે ..... સંત કબીરના

કમળ પુષ્પ પર કબીરજી શોભતા, કાશીમાં દર્શન દીધાં રે
સંત કબીરના ચરણોમાં રહીને (૨),
દાસોનાં દાસ થઈ રહીએ રે ..... સંત કબીરના

૫૧૨. ભૂલી ગયો ભગવાન મનવા તું - AS512

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

ભૂલી ગયો ભગવાન મનવા તું ભૂલી ગયો ભગવાન
ચેત ચેત ઇન્સાન ભલા તું ભૂલી ગયો ભગવાન

પિંડ પામી તું ગર્ભમાં ઝૂલ્યો, વચન દઈને બહાર નીકળ્યો
બહાર નીકળતા વચન ભૂલ્યો, હું આ તું ત્યાં કરતા શીખ્યો
ત્યારે તું બેઈમાન કહેવાયો (૨),
ભજ્યા નહીં ભગવાન ... મનવા તું

બાલપણું ખેલતમાં ખોયું, રમત-ગમતમાં મનડું મોહ્યું
એક બે ત્રણનું રટણ કીધું, પ્રભુ ભજનમાં દિલના દીધું
સમજે તો પણ હરિ ન પામ્યો (૨),
બની રહ્યો નાદાન ..... મનવા તું

જુવાનીમાં વળગી માયા, નારી સંગે રંગ રંગાયા
ધન-પ્રતિષ્ઠા માહીં ફસાયા, નહીં કદીયે હરિ ભજાયા
આજ નહીં તો કાલે ભજીશું (૨),
કીધી નહી પહેચાન ..... મનવા તું

ઘડપણ આવ્યું અંગો ગળીયા, મૂદત પહોંચી જમડા મળિયા
હમણાં ભજીશું કાલ ભજીશું, કહેતાં કહેતાં પ્રાણ જ મળિયા
ગયેલ અવસર પાછો ન આવે (૨),
ભાવે ભજો ભગવાન ..... મનવા તું

૫૧૩. તુમસે બાંધ્યુ તન મારૂ - AS513

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

તુમસે બાંધ્યુ તન મારૂ તુમસે બાંધ્યુ તન
વિઠ્ઠલને વહેલા મેળવું મારૂ તુમસે બાંધ્યુ તન

દેવળે દેવળે આરતી કરૂં, દિવડા કરૂ ચાર
કોઈ બતાવો કાનને (અલ્યા), તેને આપુ હૈયાનો હાર
... વિઠ્ઠલને વહેલા

સાસરીયે જઈને શું કરૂં, દિયરીયો દે છે ગાળ
નળંદી તો મને મેણલા મારે (અલ્યા), હરિ હૈયાનો હાર
... વિઠ્ઠલને વહેલા

ઘરમાં મને ગમતું નથી, હાથ ન લાગે કામ
છટકારી થઈ ફરતી ફરૂં (અલ્યા), જાણે આખું ગામ
... વિઠ્ઠલને વહેલા

ઘેરીને મને ઘરમાં રાખે, આંગણે નીકળી આવું
જો કાનુડો આડે આવે (અલ્યા), રાવ જશોદાને કરૂ
... વિઠ્ઠલને વહેલા

રાત્રે મને ઉંઘ ન આવે, દિવસે ના પડે ચેન
પ્રાણ નથી પરિવાર એ મારૂ (અલ્યા), કાનુડા સાથે મન
... વિઠ્ઠલને વહેલા

હરિજી તો હારેડા થયા, મન માને ત્યાં જાઉં
નરસૈયાનાં સ્વામી વિના (અલ્યા), જન્મારો કેમ જાય
... વિઠ્ઠલને વહેલા

૫૧૪. હું શું જાણું રે વિઠ્ઠલાએ - AS514

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

હું શું જાણું રે વિઠ્ઠલાએ મુજમાં શું દીઠું
વારે વારે સામું જુએ મુખ લાગે મીઠું

જલ ભરવા હું જાઉં ત્યારે પાછળ પાછળ આવે
વગર બોલાવે વ્હાલો (૨), બેડલું ચડાવે ..... હું શું જાણું

વઢુને તરછોડું તો એ રીસ કદી ના લાવે
કાંઈ કાંઈ બ્હાને મારે (૨), ઘેર આવી બોલાવે ..... હું શું જાણું

દૂર થકી દેખી રે વ્હાલો, દોડી દોડી આવે
પોતાની માળા કાઢીને (૨), આવી મને પહેરાવે ..... હું શું જાણું

મુજને એકલડી દીઠી ત્યાં, મારે પાવલે લાગે
રંક થઈ કાંઈ કાંઈ (૨), મારી પાસે માગે ..... હું શું જાણું

મુજને જ્યારે જાતી રે જાણે, ત્યાં એ આવી ઢુંઢે
બેની દયાનો પ્રીતમ મારો (૨), કેડલો કદી ન મૂકે ... હું શું જાણું

૫૧૫. ઓધા શું રે થયું વ્રજનારને રે - AS515

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

ઓધા શું રે થયું વ્રજનારને રે
મહી સાટે વેચે છે મોરાર ને રે ૧

ગોપી પ્રેમે મંદિરમાંથી નીસર્યા રે
એના શરીરની શુદ્ધ બુદ્ધ વિસર્યા રે ૨

એવી આતુરતા લાગી એના અંગમાં રે
મારો વા'લો બિરાજે એના માટમાં રે ૩

કંઈક કામણ થયું છે એને વાટમાં રે
બહુનામી બિરાજે એના માટમાં રે ૪

નરભેરામના સ્વામીની એ રીત છે રે
મારે પૂર્વ જનમની પ્રીત શે રે ૫

૫૧૬. સીતારામને ભજીને લ્હાવો લીજીયે રે - AS516

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સીતારામને ભજીને લ્હાવો લીજીયે રે
સંગ હરિગુરુ સંતનો કીજીએ રે ૧

તારો અવસર પલપલ જાય છે રે
તારા ઘટમાં બેસી કાળ ખાય છે રે ૨

તારું જોબન જશે ને જરા આવશે રે
તને ભાણે ભોજન નહિ ભાવશે રે ૩

તારી કાયા કંપેને તન ધ્રુજશે રે
તારું દરિદ્ર દેખી દૂર ભાગશે રે ૪

કાંઈ ભજન કરો તો આડું આવશે રે
તે તો જમના મારથી બચાવશે રે ૫

કહે નરસૈંયો નર અને નારને રે
સંત સેવીને ઉતરો ભવપાર ને રે ૬

૫૧૭. સખી આજની ઘડી રળિયામણી રે - AS517

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સખી આજની ઘડી રળિયામણી રે
મારા વ્હાલાજી આવ્યાની વધામણી રે ૧

હું તો તરિયા તોરણ બંધાવતી રે
મારા વ્હાલાજીના મંડપ રોપાવતી રે ૨

હું તો મોતીડાના ચોક પુરાવતી રે
મારા વ્હાલાજીની આરતી ઉતારતી રે ૩

હું તો ફુલડાનો કોટ ચણાવતી રે
મારા વ્હાલાજીની સેજ બીછાવતી રે ૪

નરસિંહ મહેતાના સ્વામીની સાથમાં રે
અમો રહીએ હરિના હાથમાં રે ૫

૫૧૮. આજ મહામંગલ ગોકુલમેં - AS518

રાગ - કાલેરો (‘ઉદા ધર્મ પંચરત્ન માળા’ ચતુર્થ આવૃત્તિ, પૃષ્ઠ-૩૮૩)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

આજ મહામંગલ ગોકુલમેં, કૃષ્ણચંદ્ર હરિ જન્મ લિયે;
મથુરા મેં હરિ જન્મ લિયો હૈ, જગત પહોરવા સોઈ ગયે .... ટેક

જનની જાયે જલ અન્હવાયે, લે વસુદેવકી ગોદ દયે;
લૈ વસુદેવ ચલે ગોકુલકો, ઉમગીકે જમુના ચરણ લયે ૧

સાવનમાસ રેન અંધિયારી, શેષનાગ ફન ફેરી રહે;
લૈ વસુદેવ પોર ભયે ઠાઢે, હરિખ જશોદા મૈયા ગોદ લિયે ... ૨

ઉલટી રીતિ ભયી ગોકુલમેં, કન્યા દેકે પુત્ર લિયે;
સુરદાસ હરિ કો રૂપ નિહારો, નંદ કે ઘર આનંદ ભયે ૩

૫૧૯. કનૈયો દધી લૂંટે છે - AS519

રાગ - ધમાર (‘ઉદા ધર્મ ભજન સાગર’ બીજી આવૃત્તિ, પૃષ્ઠ-૧૨૨)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

હાં રે કનૈયો રે કનૈયો દધી લૂંટે છે,
હાં રે હનિ હો મેરે પ્યારે, લૂંટે છે નગરી કે બીચ;

કહો રે ઠગોરી મેં કહાં તેરો લૂંટ્યો, કહો મોહે સમજાય;
મોહે દુહાઇ નંદબાબાકી, છીનમેં દેઉગી છોડાય ૧

રતન જડિત મોરી ઓઢણી લૂંટી, ગજ મોતીયન કો હાર;
કંચન સરખી ગ્વાલણ લૂંટી, એસી કરત નંદલાલ ૨

પાન ચાવે ને પિચકારી હો મારે, મધુર મધુર મુસકાય;
સુરદાસ પ્રભુ તુમહારે મિલનકુ, બ્રીજ મેં બસો નહિ જાયે ... ૩

૫૨૦. સાહેલી આજ મંગલ હો - AS520

રાગ - ધમાર (‘ઉદા ધર્મ પંચરત્ન માળા’ ચતુર્થ આવૃત્તિ, પૃષ્ઠ-૩૯૬)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સાહેલી આજ મંગલ હો, હો મહા મંગલ, પ્રગટે હૈ બલ ભદ્રવીર;

શ્રાવણ માસ આઠમ અંધિયારી, રજની ગઈ દો યામ;
નંદ રાય યશોમતિ ગૃહ પ્રગટે, મોહન શ્રી ભગવાન ૧

દધિ ઔર દૂધસે ભરી રે મટુકી, વાર ડારતી નાર;
કુમ કુમ કેસર કીચ મચાયો, નંદબાબાજીકે દ્વાર ૨

અહો વેદ ધુનિ કહેત હૈ રે, કોઈ ન પાવે પાર;
ચીરં જીવો યશોદાજીકો નંદન, જગજીવન નંદકુમાર ૩

બાજત તાલ મૃદંગ બાંસુરી, ગરજ રહ્યો ગગનાંસ;
કંસરાય મન ત્રાસ પર્યો હૈ, પ્રગટ ભયે જદુવંશ ૪

એહી બિધિ આનંદ બહોત બઢ્યો હૈ, શોભા વરણી ના જાય;
અનંતદાસકો જીવન ગિરધર, યશોમતિ લેત બલાય ૫

૫૨૧. કેસર ગાગર લઈ ચાલી રે અલબેલી - AS521

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

કેસર ગાગર લઈ ચાલી રે અલબેલી
અલબેલી રે અલબેલી
પાતળી પનીહાર અલબેલી - પાતળી પનીહાર ... કેસર ગાગર

કા'ના ઉરપર હાથના નાખીયે હાર ટૂટે
હાર ટૂટે રે હાર ટૂટે
હેયા કેરો હાર મારો ટૂટે - હેયા કેરો હાર ..... કેસર ગાગર

કા'ના મસ્તક હાથના નાખીયે માટ ફૂટે
માટ ફૂટે રે માટ ફૂટે
મારૂ મહી કેરું માટ જ ફૂટે - મારૂ મહી કેરું માટ .... કેસર ગાગર

કા'ના બંસીબટના ચોક માં શેં ન રોકે
શેં ન રોકે રે શેં ન રોકે
શાહેલી નો સાથ શેં ન રોકે - શાહેલીનો સાથ ..... કેસર ગાગર

નરસૈંયાનો સ્વામી મળયો વાણી માંગે
વાણી માંગે રે વાણી માંગે
માગે વૈકુંઠ વાસ વાણી માંગે - માગે વૈકુંઠ વાસ ...કેસર ગાગર

૫૨૨. અતિ ઘણું હસવું સારૂ નહિ શામળિયા - AS522

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

અતિ ઘણું હસવું સારૂ નહિ શામળિયા,
શામળિયા રે શામળિયા,
છે થોડા માં સ્વાદ શામળિયા --
છે થોડા માં સ્વાદ ..... અતિ ઘણું

આગળ પાછળ લોકો કહે હલકો છે,
હલકો છે રે હલકો છે,
આ પછી ઉપહાસ હલકો છે --
આ પછી ઉપહાસ ..... અતિ ઘણું

મારી આડ ના કરશો એવડી પાતળીયા,
પાતળીયા રે પાતળીયા,
પરનારી નો સંગ પાતળીયા --
પરનારી નો સંગ ..... અતિ ઘણું

તરણાને તોલે તને ગણું નથી રહેતો,
નથી રહેતો રે નથી રહેતો,
તારા સખાનો સાથ નથી રહેતો --
તારા સખાનો સાથ ..... અતિ ઘણું

તું તો હાંસી કરે હળવો તું વેગળો રહે,
વેગળો રહે રે વેગળો રહે,
ના આવે મારી પાસ વેગળો રહે --
ના આવે મારી પાસ ...અતિ ઘણું

રાખી મૂક્યો હતો કહાં થકી મારા કરમે,
મારા કરમે રે મારા કરમે,
એવો બ્રીજમે વાસ મારા કરમે --
એવો બ્રીજમે વાસ ..... અતિ ઘણું

ભક્ત ભવાન પ્રભુ તાહેરો વાણી વદે,
વાણી વદે રે વાણી વદે,
આપથી હોંશિયાર વાણી વદે --
આપથી હોંશિયાર .....અતિ ઘણું

૫૨૩. તમો અજાણ્યા અમો જાણીતા રે - AS523

દાણલીલા ("ભજનામૃત" રામકબીર ભક્ત ભજન સંગ્રહ પદ-૨૧૦, પૃષ્ઠ-૧૩૦)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

રાધા: તમો અજાણ્યા અમો જાણીતા રે, મારો પાલવડો નવ તાણીએ રે
તમે સમજી રહો મન માંય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી શું સમજાવે મુજને રે, હું તો નહીં રે જવા દઉ તુજને રે
તારી મરડીને રાખીશ બાંય રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: અલ્યા બાંય શું મરડે વિઠ્ઠલા રે,
મેં તો તુજ સરખા ઘણા દીઠલા રે
કપરું છે કંસનું રાજ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી કંસ થકી શું થાય છે રે, એવા કંઈક આવે ને કંઈ જાય છે રે
તારા ઉરના ઉતારીશ હાર રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: અલ્યા હાર હૈયાનો તુટશે રે, મારી મહીંની મટુકી ફૂટશે રે
ઘેર સાસુડી દેશે ગાળ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી ગાળ ને આળ નહિ ચઢે રે, જેનું લેણું હોય તે લડે રે
એવા દાણ મેલ્યાં કેમ જાય રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: અલ્યા દાણી તે કા'નો કહાવિયો રે, મથુરાથી ગોકુળ આવ્યા રે
ચારી નંદ તણે ઘેર ગાય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી ગાય ચાર્યામાં શી લાજ છે રે, એ તો પોતપોતાનું કાજ છે રે
એનાં મેણલિયા નવ હોય રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: અલ્યા મેણાં માણસને લાગે ઘણાં રે, સુનો વઢતા હોય જ્યારે બે જણા રે
તને નિર્લજને નહીં લાજ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી લાજ ને કાજ નહિ સરે રે, અહીંયા બીક તે તું કોની ધરે રે
આવ મળીએ આપણ બંને જણ રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: એવું નિર્લજ ના બોલો શામળા રે, તારા ઉરના ઉતારીશ આમળા રે
મૂકો મૂકો ને મારો હાથ રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી હાથ ન મેલું તાહરો રે, અહીંયા અમલ ચાલે છે મ્હારો રે
માટે દાણના દોકડા મેલ રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: અલ્યા નંદબાવાનો તું છોકરો રે, તારી પાસે પૈસો નથી રોકડો રે
તને આવડો મચ્છર કેમ હોય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

કૃષ્ણ: નારી ભીખુભાણાની તું છોકરી રે, તારી પાસે નથી પાઈ રોકડી રે
તને આવડું અભિમાન કેમ હોય રે, મહિયારી રાધા દો દાણ શું રે

રાધા: હું તો વિનંતી કરું છું ક્યારની રે, સ્વામી રઘુનાથ હારી તમ થકી રે
મહીંનું તે દાણ ન હોય રે, શામળિયા વ્હાલા રહો વેગળા રે

૫૨૪. પ્રગટ્યા શ્રી કૃષ્ણ મોરાર - AS524

રાગ - મંગલ [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

પ્રગટ્યા શ્રી કૃષ્ણ મોરાર, જગત હિત કારણે;
મથુરામાં લીધો અવતાર, ગોકુલ ઝુલે પારણે ..... ટેક

તિથિ અષ્ટમી ને બુધવાર, શ્રાવણ વદકી હરિ;
રોહિણી નક્ષત્ર અર્ધ રાત, જનમ લીધો શુભ ઘડી ૧

ધન્ય દેવકી વાસુદેવ કે, તહાં હરિ અવતરે;
ધન્ય જશોદા બાવાનંદ કે, મહેર કરી પગ ધરે ૨

તહાં પુરમેં ભયો હે આનંદ, સુરીનર જૈ જૈ કરે;
દુદુંભિ બાજત નિસાન કે, પુષ્પ વૃષ્ટિ કરે ૩

બ્રીજવાસી કરે રે કળશ, ગોરસ ભરી લાવહી;
દધી કાદવ નંદને દ્વાર, સુકીચ મચાવહી ૪

વાજત તાલ મૃદંગ, ચંગ વેણ વાંસળી;
નાચત ગોપ ગોવાળ, ગોવિંદ ગુણ ગાવહી ૫

જશોમતી ચીર પહેરાય કે, નવરંગ ગોવાલણી;
સુંદર વદન વલોકી, ચકિત થઈ ભામિની ૬

શંકર ધરત હી ધ્યાન, સો ગોદ ખેલાવહી;
બ્રહ્મા વાંચત વેદ, સો પારણે ઝુલાવહી ૭

શ્રી બળીભદ્રજી કે વીર, અસુર કુળ ખંડના;
ભક્ત વત્સલ પ્રતિપાળ, જાદવકુળ મંડના ૮

શ્રી પતિ શેષ ગણેશ, શારદા ગુણ ઓચરે;
સૌ મુખ ચુંબન જશોદા, મોહિત સો આનંદ કરે ૯

શ્રી નંદલાલ ગોપાલ, ચરણ ચિત લાવહી;
હરિજન મંગલ રૂપ કે, ગોવિંદ ગુણ ગાવહી ૧૦

૫૨૫. જી રે શ્રાવણ વદ દિન અષ્ટમી - AS525

રાગ - ધોળ (‘ઉદા ધર્મ પંચરત્ન માળા’ ચતુર્થ આવૃત્તિ, પૃષ્ઠ-૩૯૫)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

જી રે શ્રાવણ વદ દિન અષ્ટમી, ભલે જનમ્યો રે ગોકુળમાં કહાન
રંગ લીલા ભરી ... ટેક

જી રે તરિયા તોરણ બાંધીયા, મોતીઓના ચોક પુરાય ૧

જી રે આભૂષણ સઘળાં પહેર્યા, ભલે પહેરીયા રે સોરંગી ચીર ૨

જી રે નંદ ભુવનમેં સંચરિયા, ભલે નીરખીયા રે હલધર વીર ૩

જી રે કનક મણીનું પાલણું, ઝુલાવે રે સઘળી નાર ૪

જી રે હલ્દી દ્રધીના છાંટણા, કીચ મચીયો રે નંદજીના દ્વાર ૫

જી રે સાધુ જન બહુ આવીયા, ભલા ગાયે રે સુજાશ અપાર ૬

જી રે નંદજીને મન આનંદ ઘણો, ભલા આપે રે જાચકને દાન ૭

જી રે નંદ જશોદા હરખીયા, ભલા પ્રગટ્યા ગોકુળમેં કહાન ૮

જી રે મથુરામેં કંસ કાંપીયો, હવે આવીયો રે કંસનો કાળ ૯

જી રે નરસૈંયો તહાં નરત કરે, મળી ગાયે રે સઘળી નાર ૧૦

૫૨૬. ફૂલે ભરું રે હરીને ફૂલે ભરું - AS526

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

ફૂલે ભરું રે હરીને ફૂલે ભરું,
ઘેર આવે મારો વાલો હરીને ફૂલે ભરું

ફૂલની રે પોંહોચી ને ફૂલનો રે હાર
દડૂલો દોડાવતો આવે નંદલાલ ... ઘેર આવે મારો

શેરીઓ વળાવું પથરાવું રે ફૂલ
વાલાજી ને જોવા આવે સહુ કુળ ... ઘેર આવે મારો

કનક કટોરામાં કઢીયેલ દૂધ
માહે વાટી સાકર ભેગુ કપુર ... ઘેર આવે મારો

તમો દીઠડે સુખ પામે મારી દેહ
પ્રિત જોડી નવ દેજો મને છેહ ... ઘેર આવે મારો

વાત કરતાં કેમ લાગી તમને વાર
આટલા મોંઘા શું થાઓ નંદલાલ ... ઘેર આવે મારો

ભોળે ભાવે મને ભેટેલા કહાન
નરસઇના સ્વામી છે રૂપ નિધાન ... ઘેર આવે મારો

૫૨૭. ભેગા મળ્યા રે અમો ભજન કરવા - AS527

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

ભેગા મળ્યા રે અમો ભજન કરવા,
કરીએ સમર્પણ રામજી ભવજલ તરવા;
સ્વીકારજો સ્વામી દુઃખદારિદ્ર હરવા,
તો સીયારામ સ્વામીને વિનવું રે .... ટેક

સુખ જ્ઞાન શાંતિ સઘળે રહે રે વ્યાપી,
દિવ્ય ભક્તિ સહુ જનોમા રે સ્થાયી;
અનુભવે સર્વ દિવ્ય જીવન અમાપી,
તો સીયારામ સ્વામીને વિનવું રે ૧

કૃષ્ણ કબીર મહમદ નામ તુમારા,
ઈશુ ખ્રિસ્ત બુદ્ધદેવ મહાવીર મારા;
ગણપતિ સૂર્ય ઈન્દ્ર અરવિંદ તારા,
તો સીયારામ સ્વામીને વિનવું રે ૨

૫૨૮. સંત પધાર્યા સજની રે - AS528

રાગ - મંગલ (ભજનામૃત પદ-૨૦૮, પૃષ્ઠ-૧૨૮)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સંત પધાર્યા સજની રે, તું થાને વહેલી;
અમૃતના ઘન વરસ્યા રે, આનંદની એહેલી ..... ટેક

સંત ચરણની રજમાં રે, સજની જઈ લોટો;
અડસઠ તીરથ આવ્યા રે, આ અવસર છે મોટો ... ૧

કોઈ કામ નહીં આવે રે, કાચી છે કાયા;
ધંધો કરતાં ઢલસો રે, મૂકી દો માયા ૨

શબ્દ ગુરુના સાચા રે, જઈ ઉરમાં લાગ્યા;
માયા મોહ નિંદ્રાથી રે, ઝબકીને જાગ્યા ૩

જાગ્યો જગત ન દીસે રે, તેનો સંશય ભાગ્યો;
તનના પડદા તૂટ્યા રે, અનુભવ થઈ લાગ્યા ૪

અગમ અગોચર જોગી રે, કોઈ એક જાણે;
સાહેબ કબીરના પદને રે, કોઈ વિરલા માણે ૬

૫૨૯. ભૂલો ભલે બીજું બધું - AS529

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહી !
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહી ! ૧

પથ્થર પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છુંદશો નહી ! ૨

કાઢી મુખેથી કોળીયા, મ્હોંમાં દઈ મોટા કર્યા
એ અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉગળશો નહી ! ૩

લાખો લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પુરા કર્યા
એ કોડના પુરનારના, કોડ પુરવા ભૂલશો નહી ! ૪

લાખો કમાતા હો ભલે, મા બાપ જેથી ના ઠર્યા
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહી ! ૫

સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહી ! ૬

ભીને સૂઈ પોતે અને, સુકે સુવડાવ્યા આપને
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહી ! ૭

પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહી ! ૮

ધન ખરચતાં મળશે બધું, માતા પિતા મળશે નહી !
પળ પળ પુનિત એ ચરણની, ચાહના ભૂલશો નહી ! ૯
- સંત પુનિત

પુનિત મહારાજ કે સંત પુનિત (૧૯૦૮-૧૯૬૨) ગુજરાતના સંત અને ભજનિક હતા.

તેમનો જન્મ ઇ. સ. ૧૯૦૮માં ધંધુકા ખાતે થયો હતો અને તેમના બાળપણનું નામ બાલકૃષ્ણ હતું. નાનપણથી તેઓ માટલાની બે ઠીકરીઓ વગાડીને કીર્તન કરતાં. રામનામનું રસાયણ ભવ રોગને હરે છે. તેવા વાકયે ક્ષય રોગથી નિરાશ બાલકૃષ્ણનાં જીવનમાં પરિવર્તન આણ્યું. રાધેશ્યામ મહારાજે તેમને પુનિત મહારાજ નામ આપ્યું. ભજનનો વેપાર કર્યા વિના, વિના ખર્ચે ભજન શરૂ કર્યા. ભાખરીદાન અને નેત્રયજ્ઞ અભિયાનના પ્રણેતાએ ૨૭ જુલાઈ, ૧૯૬૨ના રોજ વિદાય લીધી હતી. તેમણે શરૂ કરેલું **જનકલ્યાણ** માસિક આજે પણ લોકપ્રિય છે.

પુનિત મહારાજ કે જે સંત પુનિત તરિકે પણ ઓળખાયા તેમણે કૃષ્ણભક્તિનાં અનેક ભજનો રચ્યાં છે અને આ ભજનો ગુજરાતીઓની લોકજીભે હરરોજ ગવાય છે. ખાસ કરીને તે ડાકોરના રણછોડરાયજીના પરમ ભક્ત હતાં અને તેથી કરી તેમણે રણછોડજીનાં અનેક ભજનો રચ્યાં છે. રણછોડજીની તીથીઓ, સાત વાર, રણછોડજીની આરતિ, વિગેરે ઉપરાંત '**ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહી...**' તેમનું ખૂબ જ લોકપ્રિય ભજન છે.

૫૩૦. અવિનાસી કબીરા ગાઈયે હો - AS530

રાગ – ધમાર [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

અવિનાસી કબીરા ગાઈયે હો, હો મેરે પ્યારે,
જાકા જ્ઞાનહિ પ્રેમ પ્રકાશ;

વેદ પુરાણ ભાગવદ ગીતા, ખોજે ખોલ કપાટ;
રહેણી એક કછુ નહિ વાકી, બોલત બારો એ બાટ ..... ટેક

બ્રહ્માદિક સુનકાદિક નારદ, સુરીનર શંકર શેષ;
જદીપ રામ રહિત નિત્ય સેવા, ઉનકુન પાયા વે દેશ ૧

ગોરખ ગોપી ચંદ ભરથરી, લોચીન લંગોટ બંધ;
મન ઉમંગ માયા ઉનત્યાગી, ઉલટ પડે વાકે ફંદ ૨

અવિનાસી કી એકથ કથાહી, અગમ અગોચર જ્ઞાન;
જ્યાં પર પ્રેમ ધરે પુરૂષોત્તમ, પાવેગા નિચ્ચલ ધ્યાન ... 3

રાંકા વાંકા નરસૈઇ નામા, વ્યાસ ઓર હરિવંસ;
મીરાં દાસી ઝલકતી ઝાલી, કાટયોહી કાલકો ફંસ ૪

સેનીધના પીપા ઓર નાપા, રામાનંદ રોહીદાસ;
જીવણ કે પરસાદ પ્રતાપે, ગાવત નહાંના એ દાસ ૫

૫૩૧. પ્રેમ કરીને પધારો મારા વ્હાલા - AS531

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

પ્રેમ કરીને પધારો મારા વ્હાલા, આરોગો અંતરયામી રે;
ભક્ત આધિન ભગવાન પ્રભુજી, કહું છું હું શિર નામી રે ..... ટેક

શબરી બાઈના બોર આરોગ્યા, વિદુરની જમ્યા ભાજી રે;
કરમાતે બાઈનો ખીચડો આરોગ્યો, છપ્પન ભોગ મેલ્યા ત્યાગી ... ૧

સુદામાના તમે તાંદુલ જમ્યા, ઓ રે ગરૂડા ગામી રે;
એવા ભક્તોને પ્રેમાધિન થઇને, જમો છો પોતે માગી ને ૨

ધરાવ્યું હોય આરોગી લેજો, પ્રભુ છો અંતરયામી રે;
રણછોડ દાસની અરજી સ્વીકારો, શામળીયા ગિરધારી રે ૩

૫૩૨. મેં તો પહેરી લીધો ચૂડલો તમારો રે હરિ - AS532

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

મેં તો પહેરી લીધો ચૂડલો તમારો રે હરિ, તમારો રે હરિ
નથી રે નજર કોઇ બીજાના ભણી

ઊંચા ઊંચા મહેલ મારે કામ ન આવે, મન નહીં ભાવે
મને વ્હાલી લાગે ઝૂંપડી તમારી રે હરિ (૨)
નથી રે નજર કોઇ બીજાના ભણી ... મેં તો પહેરી

હીરા માણેક મારે કામ ન આવે, મન નહીં ભાવે
મને વ્હાલી લાગે તુલસીને માળા રે હરિ (૨)
નથી રે નજર કોઇ બીજાના ભણી ... મેં તો પહેરી

હીરનાં ચીર મારે કામ ન આવે, મન નહીં ભાવે
મને વ્હાલાં લાગે ભગવા ચીર રે હરિ (૨)
નથી રે નજર કોઇ બીજાના ભણી ... મેં તો પહેરી

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ગિરિધરના ગુણ
મને ચરણ કમળ દત્ત લેજો રે હરિ (૨)
નથી રે નજર કોઇ બીજાના ભણી ... મેં તો પહેરી

૫૩૩. મન તું શંકર ભજી લે - AS533

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

મન તું શંકર ભજી લે, મન તું શંકર ભજી લે
છોડ ને કપટ ભોળાનાથને ભજી લે ..... ટેક

કોણ ચઢાવે ગંગા જમુના, કોણ ચઢાવે દૂધ;
કોણ ચઢાવે બિલ્લી પત્ર, કોણ ચઢાવે ભભૂત ૧

રાજા ચઢાવે ગંગા જમુના, રૈયત ચઢાવે દૂધ;
બ્રાહ્મણ ચઢાવે બિલ્લી પત્ર, યોગી ચઢાવે ભભૂત ૨

કોણ માંગે અન્ન ધન, કોણ માંગે પુત્ર;
કોણ માંગે કંચન કાયા, કોણ માંગે રૂપ ૩

ગરીબ માંગે અન્ન ધન, વાંઝિયા માંગે પુત્ર;
બ્રાહ્મણ માંગે કંચન કાયા, ગુણિકા માંગે રૂપ ૪

આંકડાનો ભાત બનાવ્યો, ધંતુરાની ભાજી;
પીરસે રાણી પાર્વતી ને જમે ભોળાનાથ ૫

આંકડો ધંતુરો શિવજી, ભાવના છે ભોગી;
ભણે નરસૈંયો વહાલો, જૂનાગઢનો જોગી ૬

૫૩૪. એવી છે કુદરતની કળા - AS534

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

એવી છે કુદરતની કળા, અણધાર્યું તે આગળ થાય

રાજા દશરથે એના મનમાં વિચાર્યું,
વ્હેલી સવારે રામને ગાદીએ બેસાડું,
વ્હેલી સવારે રામ વનવાસ જાય ... અણધાર્યું તે આગળ થાય

રાજા રાવણ તો અતિ મહા બળિયો,
સીતા માતાનું હરણ કરી ગયો,
સોનેરી લંકામાં લાગી છે લહાય ... અણધાર્યું તે આગળ થાય

રાજા અભિમન્યુએ મનમાં વિચાર્યું,
સાતે કોઠા મારે જીતી લેવા છે,
સાતમે કોઠે વહાલો રણમાં રોળાય ... અણધાર્યું તે આગળ થાય

શેઠ સગળશા ચંગાવતી રાણી,
બ્રાહ્મણજનોને ભોજન કરાવે,
પુત્ર ચેલૈયો ખાંડણિયે ખંડાય ... અણધાર્યું તે આગળ થાય

સતગુરુ કબીરજી સ્વર્ગે સિધાવે,
હિન્દુ ને મુસ્લિમ ઝઘડો ચલાવે,
ચાદર ખસેડતાં ફૂલડાં દેખાય ... અણધાર્યું તે આગળ થાય

૫૩૫. એ રે મારગ નથી જોવા કબીર કહે - AS535

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

એ રે મારગ નથી જોવા કબીર કહે,
ઈરે મારગડા નથી જોવા રે...હો...જી
એ મારગડા જોઈને સંતો મારે એ મારગડા રે...હાં...
જોઈને સંતો મારે મનખા જનમ નથી ખોવા કબીર કહે ૧

એક ભુવો બીજો ભુવો, ભુવા અઢાર લાખ હુઆ રે...હો...જી
સાચી માતાની ભાળ ન કાઢી સંતો સાચી માતાની રે...હાં
ભાળ ન કાઢી, ભુવા ધુણી ધુણી મુઆ કબીર કહે ૨

એક પંડિત બીજો પંડિત, પંડિત અઢાર લાખ હુઆ રે...હો...જી
જ્ઞાની થયા પણ ધ્યાની થયા નહીં, જ્ઞાની થયા પણ...હાં
ધ્યાની થયા નહીં, પોથા પઢી પઢી મુઆ કબીર કહે ૩

એક જોગી બીજો જોગી, જોગી અઢાર લાખ હુઆ રે...હો...જી
ભગવા પહેર્યા પણ પામ્યા નહીં ભગવંતને, ભગવા પહેર્યા પણ...હાં
ન પામ્યા ભગવંતને, લોટ માંગી માંગી મુઆ કબીર કહે ૪

એક ગુરુ એવા બીજા ગુરુ, ગુરુ અઢાર લાખ હુઆ રે...હો...જી
કહેત કબીર ગુરુ ગમ ન પાયો, કહેત કબીરા...હાં
ગુરુ ગમ ન પાયો, કાન ફુંકી ફુંકી મુઆ કબીર કહે ૫

૫૩૬. બજરંગની આરતી - AS536

(ભજનામૃત ૫૬-૨૧૩, પૃષ્ઠ-૧૩૪) [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

જય બજરંગ બાલા પ્રભુ, જય બજરંગ બાલા;
વાયુ કેરા પુત્ર, અંજની કેરા પુત્ર ૧

તેલ ચઢે સિંદુર ચઢે, ફૂલડાની તો માળા;
અડદ ચઢે આનંદે, હરિજન ગુણ ગાતા રે ૨

તમો સેવક શ્રી રામના પ્રભુ લંકાપુર ચાલ્યા;
સમુદ્ર બાંધી પાર, સીતા શોધ લાવ્યા ૩

બજરંગ બાલાની આરતી, જે કોઇ ભાવધરી ગાશે;
ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાશે ૪

૫૩૭. શ્રી રામકબીર ભગવાન - AS537 N868

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૯૦) [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

શ્રી રામકબીર ભગવાન પ્રભુ રામકબીર ભગવાન
આરતી કરીએ તમારી (૨) દેજો ભક્તિજ્ઞાન ... ૐ શ્રી રામકબીર ભગવાન

ચૌદસો છપ્પન સંવત જેઠ સુદી પૂનમ, પ્રભુ (૨)
કાશીમાં લહર તળાવે (૨) પ્રગટ્યા પૂરણ બ્રહ્મ ... ૐ શ્રી રામકબીર ભગવાન

નીરૂ-નિમાઈને ત્યાંહી દોહી છોટી ગાય પ્રભુ, (૨)
રામાનંદ ગુરુ કીધાં (૨) રામમંત્ર પાય ... ૐ શ્રી રામકબીર ભગવાન

મહાન કીધો સિકંદર દિલ્હીનો બાદશાહ, પ્રભુ (૨)
શેખ તકીને નાથ્યો (૨) હિન્દુ રક્ષણરાહ ... ૐ શ્રી રામકબીર ભગવાન

સમુદ્ર જોરથી ત્રાટક્યો જગન્નાથપુરી માંહી, પ્રભુ (૨)
સ્થપાવ્યા કૃષ્ણ પ્રભુને (૨) પૂર્વધામ ચાહે ... ૐ શ્રી રામકબીર ભગવાન

માગસર સુદી અગિયારસ પંદરસો પચ્ચોતેર, પ્રભુ (૨)
સત્યલોક પધાર્યા (૨) શાપ ટાળી મગહર ... ૐ શ્રી રામકબીર ભગવાન

સત્ય, અહિંસા, એકતા એક પરમેશ્વર વાદ, પ્રભુ (૨)
વિશ્વબંધુત્વની ભાવના (૨) સ્થાપી બ્રહ્મનાદ ... ૐ શ્રી રામકબીર ભગવાન

આરતી રામકબીરની જે કોઈ ગાશે, પ્રભુ (૨)
કહે દયારામ સ્વામી (૨) મોક્ષ ભાથું થાશે ... ૐ શ્રી રામકબીર ભગવાન

રામકબીર ભગવાન પ્રભુ રામકબીર ભગવાન
સત્યલોક નિવાસી (૨) સતમતના કરનાર ... ૐ શ્રી રામકબીર ભગવાન

૫૩૮. ૐ જય સાહેબ કબીર - AS538

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

ૐ

શ્રી કબીર પરમાત્માને નમઃ

ૐ જય સાહેબ કબીર, ૐ જય સાહેબ કબીર
પ્રગટ પ્રભુ છો સાચા (૨), અલખ નિરંજન દેવ ..... ૐ જય સાહેબ કબીર

પાવન કાશી તીર્થે, કમલપત્ર પર આપ, પ્રભુ (૨)
ધન્ય કર્યા નિરુ નીમા (૨), પ્રગટ્યા જગહિત કાજ ... ૐ જય સાહેબ કબીર

સદ્‌ગુરૂ રામાનંદજી, રામનો મંત્ર ધરે, પ્રભુ (૨)
માનવ ધર્મ પ્રચારે (૨), ગાઢ તિમિર હરે ..... ૐ જય સાહેબ કબીર

તત્વાજી જીવાજીની, ભક્તિ માન્ય કરી, પ્રભુ (૨)
કબીર વડ પ્રગટાવ્યો (૨), ગુર્જર ભૂમિમહીં ..... ૐ જય સાહેબ કબીર

આતમદેવ છે એક જ, એ ઊપદેશ ધર્યો, પ્રભુ (૨)
અસંખ્ય ભજનો સાખી (૨), બીજક ગ્રંથ રચ્યો ..... ૐ જય સાહેબ કબીર

જ્ઞાન ભક્તિના પંથને, સરળ કીધો છે આજ, પ્રભુ (૨)
શીતળ છાંયડી ધરતાં (૨), ટાળી દીધા ત્રિતાપ ..... ૐ જય સાહેબ કબીર

શ્રી ચરણોમાં વંદન કરતા, ભક્તો માગે આજ, પ્રભુ (૨)
જ્ઞાનદીપ પ્રગટાવો (૨), અમ અંતરમાં રામ ..... ૐ જય સાહેબ કબીર

અપરાધોને ક્ષમા કરીને, આશિષ ધરજો આજ, પ્રભુ (૨)
કલ્યાણ કરો સૌનું (૨), સર્વેશ્વરીના નાથ ..... ૐ જય સાહેબ કબીર

શ્રી યોગેશ્વર ચરણરજ
મા સર્વેશ્વરી
૧૮ માર્ચ ૧૯૯૩, શ્રી કૃપાળુધામ

૫૩૯. સદ્‌ગુરુ કબીર સાહેબની આરતી - AS539

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સાહેબ આરતી કરીએ તમારી, સદ્‌બુદ્ધિ દો સારી ... સદ્‌બુદ્ધિ

સત્ય-લોકના છો તમો સ્વામી (૨), પુરણ-બ્રહ્મ અવિનાશી ... રામા ... સાહેબ

લહર સરોવર નગરી કાશી (૨), પ્રગટ્યા અંતરયામી ... રામા ... સાહેબ

કામ, ક્રોધ, મદ, લોભની આંધી (૨), દીધી પળમાં મીટાવી ... રામા... સાહેબ

સંત-સમાગમ, હરિ ભજનની (૨), અખંડ જ્યોત જગાવી ... રામા ... સાહેબ

લક્ષ ચોર્યાસીની તોડી બેડી (૨), કીધાં અખંડ સોહાગી ... રામા ... સાહેબ

સાહેબ નામની ધૂણી ધગાવી (૨), અવિચળ વાટ બતાવી ... રામા ... સાહેબ

સત્ય સનાતન પુરણ-બ્રહ્મની (૨), અખંડ પ્રીતિ જગાવી ... રામા ... સાહેબ

વાસ વસો મુજ હૃદય કમળમાં (૨), મનોહર મૂર્તિ તમારી ... રામા ... સાહેબ

અવગુણ દોષ નિવારી સ્વામી (૨), રાખો શરણ તમારી ... રામા ... સાહેબ

સાહેબ નામ હૃદયમા ગુંજે (૨), સત્ય નામની વાણી ... રામા ... સાહેબ

ભગત માગે ભક્તિ હરિની (૨), કબીર ભરી દો ઝોળી ... રામા ... સાહેબ

૫૪૦. શ્રી કબીર બાવની - AS540

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

સદ્‌ગુરૂ બંદીછોડ કબીર, પ્રગટ્યા લહર સરોવર તીર
જડ ચેતનમાં થયો પ્રકાશ, જાણે વીતી દુઃખની અમાસ

પથિક જુલાહાનું દોર્યું ધ્યાન, કરવા લાગ્યું મન અનુમાન
કોણ હશે ? કોનું બાળક ? રૂપ છે કેવું અતિ મોહક !

નિર્જન નીરખી નીરુ નીમા, ઊંચકી ચુમિઓ ભરે ધીમા
દેવે દીધો શુભ અવસર, માની લઈ ગયા નિજને ઘર

દીનની ઉજળી કીધી કૂખ, શેર માટીની ભાંગી ભૂખ
પાલક દંપતિ દીનહીન સાવ, તો પણ કરી ના કદીયે રાવ

નગુરા રહેવું ગમ્યું નહીં, તેથી ઘટના ઘટી તહીં
ઠોકર રૂપે ચરણો તણી, કૃપા ગુરૂ રામાનંદની

ઉતરી એકદિન ગંગાતીર, ઝળક્યા જગમાં થઈ કબીર
ઉરથી ઉપદેશ સૂક્ષ્મ ગ્રહ્યો, રામમંત્રને સિદ્ધ કર્યો

રામ રસાયણ પીને લીન, વણકર ધંધે થયા પ્રવીણ
તાણાવાણા સાંધી અનેક, મટાડતા ભેદ જાણે છેક

નવયુગનું કીધું નિર્માણ, હતાશ લોકે પૂર્યો પ્રાણ
વહાવ્યો નવચેતનનો સ્ત્રોત, આજે પણ તેની સળગે જ્યોત

વિચાર સ્વાતંત્ર્યનું પણ, બળ વધાર્યું કરી આચરણ
બદલ્યા પ્રચલિત દુષ્ટ રિવાજ, સોહે તેથી સઘળો સમાજ

સત્ય સમન્વય સદા કરી, જટિલ સમસ્યા હળવી કરી
સારું તેટલું ગ્રહ્યું બધું, બાકી સઘળું કર્યું જતું

હિંમત શ્રદ્ધા બધે વધ્યા, તત્વ આસુરી ધ્રુજી ઉઠ્યા
પીર શેખતકી હારી ગયા, પ્રભાવ રાજદરબારે વધ્યો

અનંત શક્તિ આત્માતણી, કસોટી કાળે પ્રગટ બની
આત્માનું બળ નીરખી પ્રચંડ, ઉતર્યો સત્તાધીશનો ઘમંડ

ચકિત થયા સઘળાયે યવન, કરવા લાગ્યા તમને નમન
ચમત્કારી શૈલીથી કામ, થતાં રહ્યાં જીત્યા સંગ્રામ

મિલન થયું મગહરે એક રાત, યોગી ગોરખનાથની સાથ
તરુવર નીચે ગોષ્ઠિ કરી, સિદ્ધિ પ્રદર્શન કર્યું જરી

બતાવ્યું યોગીએ યોગબળ, જમીનમાંથી કાઢ્યું જળ
ખોબા જેટલા જળથી શું થાય ? એકની પણ ના તૃષા છિપાય !

છલકાવો જલધારા સદાય, જેથી જનહિત જરી સધાય
એવું કહીને આપે પણ, હાથે લીટી દોરી ત્રણ

વહેવા લાગી નદી સત્વર, લજવાય યોગી ક્ષણભર
તે જ નદીને આમી કહે, આજે પણ તે તહીં વહે

અશુભ ગણાતું મગહર સ્થાન, બનાવ્યું તેને તીર્થ સમાન
કાશી છોડી કર્યો નિવાસ, કીધો અંધશ્રદ્ધાનો નાશ

મનની સ્થિતિ પર મોક્ષ મળે, ભલે ગમે તે સ્થળે મરે
છોડી દેહ વિદેહ થયા, વિચાર અનેરો મૂકી ગયા

હિન્દુ-મુસ્લિમ ભક્તો મળ્યા, દહવા દાટવા ખૂબ લડ્યા
દેહ મટી ફૂલ ઢગલો થયો, ત્યારે સૌનો ઝગડો શમ્યો

કબીરવડ યશ ગાથા ગાય, નર્મદા માતા ખૂબ હરખાય
દર્શન કરી કરી પાવન થાય, ભક્ત જનોના ઉર મલકાય

→

તત્વા જીવાની પૂરી ટેક, સાક્ષી થયા કંઈ સંત અનેક
હરિત બનેલી મરેલી ડાળ, ચરણોદકથી ત્યાં તત્કાળ

સર્વક્ષેત્રોમાં ક્રાંતિ કરી, સત્ય જ્ઞાનની દૃષ્ટિ ધરી
ઢોંગ ધતિંગનો કરી વિરોધ, દીધો પ્રેમભક્તિનો બોધ

મિથ્યાચાર ને બાહ્યાચાર, કલંક માની ધોયા ધરાર
સ્વચ્છ કર્યા ભક્તિના અંગ, પૂરી તેમાં પ્રેમનો રંગ

કરાવી યોગેશ્વરનો સંગ, ચઢાવ્યો પરમાર્થીને રંગ
એક જ દેવ તે આતમદેવ, તેની સદાયે કરવી સેવ

દર્શન દઈ ભટકણ ભાંગી, કર્યો અનેરો અનુરાગી
ખીલવી પાનખરે જ વસંત, આણ્યો સૌ દુઃખોનો અંત

(દોહરો)
ગાશે સુણશે પ્રેમથી ને કરશે રસપાન
મળ ધોવાશે સર્વ તે પામશે મુક્તિદાન

જય જય સદ્‌ગુરૂ સંતની જય
જય જય બંદીછોડની જય
જય જય રામકબીરની જય

-પરમાર્થી
(શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ, કપુરા)
એપ્રિલ, ૧૯૯૬

જનનીની જોડ (નાદબ્રહ્મ પદ-૮૫૫, પૃષ્ઠ-૫૬૫) [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ
એથી મીઠી તે મોરી માત રે .....જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.
પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ,
જગથી જૂદેરી એની જાત રે ... જનનીની
અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એના વેણ રે ... જનનીની
હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,
હૈયું હેમંત કેરી હેલ રે ... જનનીની
દેવોને દૂધ એનાં દોહ્યલા રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે ... જનનીની
જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે ... જનનીની
ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે ... જનનીની
મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
લેતા ખૂટે ન એની લહાણ રે ... જનનીની
ધરતી માતા એ હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે ... જનનીની
ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે ... જનનીની
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારે માસ રે ... જનનીની
ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે .... જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.

-દામોદર ખુશાલદાસ બોટાદકર

શ્રી માપ્રભુ ચરણે અર્પણ...

૫૪૧. વંદન હો, શ્રી મા પ્રભુ ચરણે - AS541

રાગ - માલકૌંસ [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

વંદન હો, શ્રી મા પ્રભુ ચરણે,
પ્રણામ હો, શ્રી મા પ્રભુ ચરણે ..... ટેક

જન્મભૂમિ કર્પૂરવન કીધી,
માતપિતા ધન્ય કીધા રે,
ભક્તકુળમાં અવતરી આપે,
સૌને પાવન કીધા રે..... વંદન હો ... (૧)

કર્મભૂમિ સુર્યપુરી બનાવી,
શિક્ષણ જ્યોત જગાવી રે,
મૌનમંદિરે સાધના સાથે,
દિવ્યશક્તિ જગાવી રે ..... વંદન હો ... (૨)

હૃદયભુમિએ ગુરુદેવની,
અધ્યાત્મજ્યોત જગાવી રે,
જીવન ગુરૂના ચરણે ઝુકાવી,
મંત્રની ધુણી ધખાવી રે .... વંદન હો ... (૩)

દિવ્યભુમિએ શક્તિપીઠમાં,
સ્વર્ગારોહણ સર્જ્યું રે,
સત્કર્મની ગંગા વહાવી,
હાશ સૌની સ્વીકારી રે .... વંદન હો ... (૪)

વિદેશભૂમિ પર વિચરીને,
દુર્લભ દર્શન દીધા રે,
તુલશીવનના ધર્મબાળને,
શક્તિ ભક્તિ દેજો રે .... વંદન હો ... (૫)

૫૪૨. જ્ઞાન ગંગામાં ન્હવડાવ - AS542

રાગ – મંગલ (વલ્લભ વિષ્ટિ, ભાગ-૩, ૫૬-૧૦૦)

[અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

જ્ઞાન ગંગામાં ન્હવડાવ, ગુરૂ મોક્ષમાં લેવા
માયા કળિથી છોડાવ, ગુરૂ મોક્ષમાં લેવા ..... ટેક

પૂર્વનાં પાપ ધોવાં, આત્મા શાન્તિમાં પ્રોવા
અદ્વૈત અલકમાં જોડાવ, ગુરૂ મોક્ષમાં લેવા ૧

આત્મ સંયમ ને શુદ્ધિ, દો ધ્યાને નિર્મળ બુદ્ધિ
જ્ઞાન ચક્ષુથી બતાવ, ગુરૂ મોક્ષમાં લેવા ૨

મોક્ષ પગથીઆં ચઢતાં, લાખો જીવ પાછાં પડતાં
વ્યાસદાસનો કર સ્હાવ, ગુરૂ મોક્ષમાં લેવા ૩

૫૪૩. બસો મેરે નૈનનમેં નંદલાલ - AS543

રાગ - કાનડો [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

બસો મેરે નૈનનમેં નંદલાલ (૨)

મોહની મૂરત સાંવરી સૂરત, નૈના બને વિશાલ
અધર સુધારસ મુરલિ રાજત, ઉર વૈજંતી માલ ..... ટેક

છુદ્ર ઘંટિકા કટિ તક શોભિત, નૂપુર શબ્દ રસાલ
મીરાં પ્રભુ સંતન સુખદાઈ, ભગત-બછલ ગોપાલ ૧

૫૪૪. રહના નહિ દેસ વિરાના હૈ - AS544

રાગ - કાનડો [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

રહના નહિ દેસ વિરાના હૈ (૨)

યહ સંસાર કાગદકી પુડિયા, બૂંદ પડે ઘુલ જાના હૈ
યહ સંસાર કાંટેકી બાડી, ઉલઝ ઉલઝ મરિ જાના હૈ ..... ટેક

યહ સંસાર ઝાડ ઔર ઝાંખર, આગ લગે બરિ જાના હૈ
કહત કબીર સુનો ભાઈ સાધો, સદ્‌ગુરુ નામ ઠિકાના હૈ ૧

૫૪૫. રામરસ એસા હે મેરા ભાઈ - AS545

રાગ - કલ્યાણ [અનુક્રમણિકા-૧૪ Index_front Index_back]

રામરસ એસા હે મેરા ભાઈ, જો કોઈ પીવે અમર હો જાઈ

મીઠાં મીઠાં સબ કોઈ પીવે, કડવા પીવે ન કોઈ
કડવા કડવા જો કોઈ પીવે, સબસે મીઠાં હોઈ ૧

ઊંચા ઊંચા સબ કોઈ ચાલે, નીચા ચાલે ન કોઈ
જો કોઈ નીચા નીચા ચાલે, સબસે ઊંચા હોઈ ૨

ધ્રુવને પીઆ પ્રહલાદને પીઆ, ઓર પીઆ રોહીદાસ
દાસ કબીરા ભર ભર પીઆ, ઓર પીવનકી આશ ૩

૫૪૬. રામ રાખે તેમ રહીએ - AS546

રાગ – કલ્યાણ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

રામ રાખે તેમ રહીએ ઓધવજી, રામ રાખે તેમ રહીએ

આપણ ચિઠ્ઠીના ચાકર છઈએ, રામ રાખે તેમ રહીએ
કોઈ દિન પહેરણ હીર ને ચીર, તો કોઈ દિન સાદા ફરીએ ૧

કોઈ દિન ભોજન શીરો ને પૂરી, તો કોઈ દિન ભૂખ્યા રહીએ
કોઈ દિન રહેવાને બાગબગીચા, તો કોઈ દિન જંગલ ફરીએ ૨

કોઈ દિન સૂવાને ગાદી ને તકીયા, તો કોઈ દિન ભોંય પર સૂઈએ
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સુખદુઃખ સર્વે સહીએ ૩

૫૪૭. સંત સમાગમ શું કરે રે - AS547

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

સંત સમાગમ શું કરે રે, અવગુણ છે પોતાની માંય

મચ્છી ગંધ મૂકે નહિ, જો અહોનિશ પાણીમાં ન્હાય
પથ્થર રહે છે પાણીમાં રે ભાઈ, અગ્નિ નવ હોલાય ૧

અઢાર જાતની વનસ્પતિ તો, વરસ્યા મેહે લીલી થાય
મેઘ બિચારો શું કરે રે ભાઈ, જળચર જો સુકાય ૨

ઝીંગોડો દૂધ પીએ નહિ ને, રુધિર પીવા જાય
અવગણિયા પર ગુણ કરો રે ભાઈ, આટા લૂણમાં જાય ... ૩

છાલાં રહેતાં ચારણીમાં ને, લોટ નીકળી જાય
કહે પ્રીતમ એનું હૃદય રે કાણું, સમસ્ત નીકળી જાય ૪

૫૪૮. પ્રભુજીને પડદામાં રાખ મા - AS548

રાગ - હિંડોળાનું મારૂં [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

પ્રભુજીને પડદામાં રાખ મા, પૂજારી તારા,
આતમને ઓઝલમાં રાખ મા

વાયુ વીંઝાશે ને દીવડો હોલાશે એવી, ભીતિ વંટોળિયાની ભાખ મા
આડે ઉભો તારો દેહ અડીખમ,
ભળી જાશે એ તો ખાખમાં ... ટેક

ઉડી ઉડીને આવ્યાં પંખી હિમાળેથી, થાક ભરેલો એની પાંખમાં
સાત સમંદર પાર કર્યા રે એનું,
નથી રે ગુમાન એની આંખમાં ... ૧

આંખનાં રતન તારા છોને હોલાય, હીરા લુંટાય તારા લાખના
હૈયાનો હીરો તારો નહિ રે લુંટાય કોથી,
ખોટા હીરાને ખેંચી રાખ મા ... ૨

-ઈન્દુલાલ ગાંધી

૫૪૯. અવિગતસે ચલી આયા રે - AS549

રાગ - હિંડોળાનું મારૂં (‘ઉદા ધર્મ ભજન સાગર’ બીજી આવૃત્તિ, પૃષ્ઠ-૨૩૩)

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

અવિગતસે ચલી આયા રે, સંતોમેં, અવિગતસે ચલી આયા
મેરા મર્મ ભરમ નહિ પાયા રે, સંતોમેં, અવિગતસે ચલી આયા

નહિ મેરા જનમ ના ગરભ બસેરા, બાલક હોય દિખલાયા
કાશી શહેર જંગલ બીચ ડેરા, તાંહા જુલાહાને પાયા ... ટેક

પૂરબ જનમમેં કોલ કિયા થા, તબ નૂરા ઘર આયા
સાત દિનોકી બછીયા દુહાઈ, તાકા દૂધમેં પાયા ૧

હું તો વિદેહી દેહ ધરી આયા, કાયા કબીર કહેલાયા
જુગન જુગનકા બિછુડારે હંસા, રામાનંદ સમજાયા ૨

જ્યાં નહિ ગગન ગગન સુન નાંહિ, દિસત અગમ અપારા
જ્યોત સ્વરૂપી દેવ નિરંજન, સો હે રામજી હમારા ૩

નહિ મેરા હાડ લોહુ નહિ ચામા, મેં હરિનામ ઉપાસી
અપરંપાર પુરણ પુરૂષોત્તમ, કહેત કબીર અવિનાશી ... ૪

૫૫૦. વાગ્યા હોય તે જાણે - AS550

રાગ - બિહાગ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

વાગ્યા હોય તે જાણે, રામબાણ, વાગ્યા હોય તે જાણે

ધ્રુવને વાગ્યા પ્રહલાદને વાગ્યા, ઠરીને બેઠા ઠેકાણે
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યા, વેદ વચન પરમાણે .... ટેક

મોર ધ્વજ રાજાનું મન હરી લેવા, વહાલા આવ્યા જે ટાણે
કાશીએ જઈને કરવત મેલાવ્યા, પુત્ર પત્ની બેઉ તાણે ... ૧

બાઈ મીરાં ઉપર ક્રોધ કરીને, રાણો ખડગ લઇ તાણે
ઝેરના પ્યાલા ગિરિધર લાલે, અમૃત કર્યા એવે ટાણે ૨

નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી, ખેપ કરી ખરે ટાણે
અનેક ભક્તોને એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણે ૩

૫૫૧. મંદિર તારું વિશ્વ રૂપાળું - AS551

રાગ - બિહાગ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સરજનહારા
પળ પળ તારાં દરશન થાયે, દેખે દેખનહારા ..... ટેક

નહીં પૂજારી નહીં કોઈ દેવા, નહીં મંદિરને તાળાં
નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા ૧

વર્ણન કરતાં શોભા તારી, થાક્યા કવિગણ ધીરા
મંદિરમાં તું ક્યાં છુપાયો, શોધે બાળ અધીરાં ૨

-જયંતિલાલ આચાર્ય

૫૫૨. સૌનું કરો કલ્યાણ - AS552

રાગ - સોરઠ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ ! સૌનું કરો કલ્યાણ.

નરનારી પશુપંખીની સાથે, જીવજંતુનું તમામ;
જગના વાસીઓ સૌ સુખ ભોગવે, આનંદ આઠે જામ ... ટેક

દુનિયામાં દર્દ-દુકાળ પડે નહિ, લડે નહિ કોઇ ગામ;
સર્વ જગે સુખાકારી વધે, ને વળી વધે ધનધાન્ય ૧

કોઇ કોઇનું બૂરું ન ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન;
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન ૨

૫૫૩. પવનસુત હનુમાન તમારો - AS553

રાગ - દેશી ફેર સોરઠ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

પવનસુત હનુમાન તમારો, જગમાં જય જયકાર

શોધ સીતાની આપે કીધી, સત્ય બાતમી લાવી દીધી
પૂંછ થકી સઘળી લંકામાં, પ્રગટાવ્યો અંગાર ... ૧

સૈન્ય લઈને આવ્યા ત્યારે રામચંદ્રજી, મહેરામણ આરે
પાર ઊતારવા વિચારે, જુક્તિ બતાવનાર ૨

પથ્થરનો સેતુ બંધ બાંધી, નાથ ઉપરથી ટાળી આંધી
લશ્કર લંકામાં ઉતાર્યું, લીલા અપરંપાર ૩

સેવા સીતા માતની કીધી, ભેટમાં મોતીમાળા લીધી
રામ દીઠા નહીં જે મણકામાં, ફેંકી દીધો હાર ૪

તેલ સિંદુરના ભારે શોખી, સંકટ લેતા સઘળાં શોષી
સાત દિવસમાં એક આપની, સેવાનો શનિવાર ... ૫

૫૫૪. રામ ચરણ સુખદાઈ - AS554

રાગ - ધનાશ્રી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

રામ ચરણ સુખદાઈ, ભજમન, રામ ચરણ સુખદાઈ

જિહિ ચરનનસે નિકસી સુરસરી, શંકર જટા સમાઈ
જટા-શંકરી નામ પર્યો છે, ત્રિભુવન તારન આઈ ૧

જિન ચરનનકી ચરન પાદુકા, ભરત રહ્યો લવ લાઈ
સોઈ ચરન કેવટ ધોય લીને, તબ હરિ નાવ ચલાઈ ૨

સોઈ ચરન સંતન જન સેવત, સદા રહત સુખદાઈ
સોઈ ચરન ગૌતમ ઋષિ નારી, પરસિ પરમ પદ પાઈ ... ૩

દંડકવન પ્રભુ પાવન કીન્હો, ઋષિયન ત્રાસ મિટાઈ
સોઈ પ્રભુ ત્રિલોકકે સ્વામી, કનક મૃગા સંગ ધાઈ ૪

કપિ સુગ્રીવ બંધુ ભય વ્યાકુલ, તિન જય છત્ર ધરાઈ
રિપુકો અનુજ વિભીષણ નસિચર, પરસત લંકા પાઈ ૫

શિવ-સનકાદિક અરુ બ્રહ્માદિક, સેષ સહસ મુખ ગાઈ
તુલસીદાસ મારુત સુતકી પ્રભુ, નિજ મુખ કરત બડાઈ ૬

૫૫૫. ભજીલે રામજી સંગાતી હો મન - AS555

રાગ - ધનાશ્રી (‘ઉદા ધર્મ ભજન સાગર’ બીજી આવૃત્તિ, પૃષ્ઠ-૨૩૪)

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

ભજીલે રામજી સંગાતી હો મન
આજકાલ દિન પાંચ સાતમેં, આવેગો કાલ બરાતી ..... ટેક

કહાં ભર્યા રે ઘર નોબત બાજે, દ્વારે ઝુલાવત હાથી
ધન રે જોબનકો ગર્વ ન કીજે, જુઠે કુટુંબ કુલ નાતી ૧

જુઠી રે માયા એ જગ ભરમાયા, તેલ કઢા ભર તાતી
એ સંસાર ચિત્રપટ બાજી, જૈસો સ્વપન મધરાતી ૨

એ સંસાર ચપળ સે જીવના, ઓ છે જલમેં જ્યોં મચ્છી
જબ હી સરોવર સુકન લાગ્યો, તફડ તફડ જીવ જાસી ... ૩

રામ ભજન કો વિલંબ ન કરીએ, અનંત દેશ કે વાસી
કહેત કબીર સંતનકે સેવક, સેવક કે સુખ રાશી ૪

૫૫૬. મથુરામાં ખેલ ખેલી આવ્યાં - AS556

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

મથુરામાં ખેલ ખેલી આવ્યાં, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

પગના તે ઝાંઝર ક્યાં મૂકી આવ્યા ?
સાંકળાં તે કોનાં ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

માથાનો મુગટ ક્યાં મૂકી આવ્યા ?
વેણી તે કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

પીળાં પીતામ્બર ક્યાં મૂકી આવ્યા ?
સાડી તે કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

કાનનાં કુંડળ ક્યાં મૂકી આવ્યા ?
બુટ્ટી તે કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

તમારું હૈયું ક્યાં મૂકી આવ્યા ?
સુધબુધ કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

નરસિંહ મહેતાના સ્વામી શામળિયા !
વ્હાલા ! ભાવે ભક્તોને ભાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

૫૫૭. મુખડા દેખલે પ્રાણી જરા દરપનમેં - AS557

રાગ - ધનાશ્રી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

મુખડા દેખલે પ્રાણી જરા દરપનમેં
પાપ હૈ કિતના પુન્ય હૈ કિતના, દેખ તેરે જીવનમેં ..... ટેક

કભી તો પલભર સોચલે પ્રાણી રે, ક્યા તેરી કરમ કહાની
પતા લગાલે પડે હૈ કિતને, ડાઘ તેરે દામનમેં ૧

ખુદકો ધોખા દે મત બંદે રે, અચ્છે નહિ કપટકે ધંધે
સદા નહિ ચલતા કિસીકાના કભી, દુનિયાકે આંગનમેં ૨

૫૫૮. કોઈ લાખ કરે ચતુરાઈ - AS558

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

કોઈ લાખ કરે ચતુરાઈ, કરમકા લેખ મિટેના ભાઈ
જરા સમજો ઇસીકી સચ્ચાઈ,
કરમકા લેખ છુટે નહિ ભાઈ ..... ટેક

ઇસ દુનિયામે ભાગ્ય કે આગે, ચલના કિસીકા ઉપાય રે
કાગજ હો તો સબ કોઈ બાંચે,
ભાગ્ય ના બાંચા જાય રે ૧

એક દિન ઇસી કિસ્મત કે કારણ, બનકો ગયે થે રઘુરાય રે
કાહે મનવા ધીરજ ખોતા,
કાહેક તુ નાહક રોઈ રે ૨

અપના સોચા કભી નહિ હોતાં, ભાગ્ય કરે સો હોઈ રે
ચાહે હો રામ ચાહે ભિખારી,
ઠોકર સભીને યહાં ખાઈ રે ૩

૫૫૯. અખંડ અનાદિ રે - AS559

રાગ - સામેરી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

અખંડ અનાદિ રે અનુભવી જે હશે રે,
કરશે એતો ભક્તિ કેરા કાજ
સદ્‌ગુરૂ વાણી રે સેવો સાચા સંતને રે
મેલી કાંઈ લોકડિયાની લાજ ..... ટેક

સદ્‌ગુરૂ શબ્દે રે કાળ જ વેધિયુ રે,
પ્રગટ્યો પૂરણ બ્રહ્માનંદ
મન જેનું માન્યુ રે સદા સત્‌સંગમાં રે
પાછા કદિ પડે નહિ ભવફંદ ૧

પ્રેમનો પ્યાલો રે પીધો જેણે પ્રીતથી રે,
રાખીને રૂદિયામાં રૂડી રે રીત
શિરને સાટે રે સેવો સાચા સંતમેં રે,
હોય કદિ પૂરવ જનમની પ્રીત ૨

ભક્તિ ને ભાવે રે ભૂધર ભેટિયા રે,
ભાંગી જેની મનડા કેરી ભ્રાંત
ગુરૂને પ્રતાપે રે ભક્તજન ગાય છે રે,
રાખો રે રાખો સંતચરણમાં વાસ ૩

૫૬૦. ગુરૂજીનો સદ્ગુરૂજીનો સંગ રે - AS560

રાગ - કાફી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

ગુરૂજીનો સદ્ગુરૂજીનો સંગ રે,
ભાઈ મને ભાગ્ય મળ્યો છે, સદ્ગુરૂજીનો સંગ

સદ્ગુરૂજીના દર્શન કરતાં,
ચડે છે ચોગણો રંગ રે ૧

અડસઠ તિરથ શ્રી ગુરૂજીને ચરણે,
કોટી કાશી ને કોટી ગંગ રે ... ૨

દુરિજન લોકોનો સંગ ન કરીયે,
પાડે ભજનમાં ભંગ રે 3

નિંદા કરનાર નરકે જાશે,
ભોગવશે થઈને ભોરિંગ રે ૪

મીરાં કહે પ્રભુ સંત ચરણ રજ,
ઉડી ઉડી લાગો મારે અંગ રે ... ૫

૫૬૧. શ્રી કૃષ્ણચંદ્ર કૃપાળુ ભજ મન - AS561

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

શ્રી કૃષ્ણચંદ્ર કૃપાળુ ભજ મન, હરણ ભવભય દારૂણં
નવકંજ લોચન કંજમુખ, કરકંજ પદ કંજારુંણં ૧

કંદર્પ અગણિત અમિત છબિ, નવનીલ નિરદસુંદરં
પટપીત માનહું તડિત રૂચીસુચી જન્મ અષ્ટમી વંદન્મ્ ૨

શિર મુકુટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભુષણં
આજાનું ભુજપર ચક્રધર, શિશુપાલ કંશ નિકંદનમ્ ૩

ભજ દીનબંધુ દિનેશ દાનવદલન દુષ્ટ નિકંદનમ્
યદુનંદ આનંદકંદ યશોમતી સુત દરશન વંદનમ્ ૪

ઈતિ વદતિ નરસીદાસ શંકર શેષ મુનિમનરંજનમ્
મમ હૃદયકંજ નિવાસ કુરૂ કામાદિ ખલદલગંજનમ્ ૫

૫૬૨. તેરા કિયા કરમ છૂટ જાઈ રે - AS562

રાગ - અકેલી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

તેરા કિયા કરમ છૂટ જાઈ રે, તંબુરા સુન લે સાધો ભાઈ !
તેરી લખ-ચોરાશી મીટ જાઈ રે, તંબુરા સુન લે સાધો ભાઈ !

પ્રથમ ગણપતિ દેવ શુદ્ધ સમરું, ઔર સમરું શારદા માઈ;
દર્શન દેજો રામા પરસન હોજો, તો હિરડે હરમત આઈ
... તંબુરા સુન લે૰ ૧

પાંચ તત્ત્વકા બના તંબુરા, તિન ગુન તાર મિલાઈ;
ઓહં સોહં રટનેકુ રે લાગા, નિરગુન રાહ બતલાઈ
..... તંબુરા સુન લે૰ ૨

આપે રામે જ્યારે આરંભ રચિયો, રચિયો ઘાટ ઘટમાંઈ;
ગગન ગુફામાં વાગે તંબુરો, દસમો દેવ જગાઈ
..... તંબુરા સુન લે૰ ૩

અણઘડિયા સુતારે ઘડિયો, ઘડિયો ઘાટ ઘાટ માંહી;
રુમઝુમ રુમઝુમ વાગે તંબુરો, બંકનાલ ઘટ માંહી
..... તંબુરા સુન લે૰ ૪

દાસ કબીરને ગાયો તંબુરો, સદ્‌ગુરુ શબ્દ માંહી;
જ્ઞાન ગરીબી પાયો તંબુરો, સત સમજણ ઘર આઈ
..... તંબુરા સુન લે૰ ૫

૫૬૩. ધન્ય ઘડી રે આજ સંત પધાર્યા - AS563

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

ધન્ય ઘડી રે આજ સંત પધાર્યા, પ્રેમે પાવન અમને કીધા
દયા કરીને અમને દર્શન દીધા, તો અતિ આનંદ અપાર થાય ... ૧

હરિજન તે સરખા સાહેલી, માળીએ મન મરજાદા મેલી
અરસ પરસ આનંદની હેલી, ધન્ય ઘડી આજ સંત પધાર્યા ૨

સંત શરણે ગયે સુખ થાયે ઘણું, ડગલે ડગલે ફળ યજ્ઞતણુ
એની સેવાના સુખ શાં રે ભણું, ધન્ય ઘડી આજ સંત પધાર્યા ૩

સંત વૈકુંઠ પતિને ઘણા વહાલા, સંત બ્રહ્માનંદ રસ પીનારા
એવા સંત હરીથી ન્યારા, ધન્ય ઘડી આજ સંત પધાર્યા ૪

સંત ભેટે ભવદુઃખ દૂર પડે, પરમારથ પણે પરિબ્રહ્મ મળે
અને લક્ષ ચોરાશીનું લગડુ ટળે, ધન્ય ઘડી આજ સંત પધાર્યા ... ૫

કહે પ્રીતમ પૂરવના પુણ્ય ફળ્યા, જેને આંગણે હરિજન આવી મળ્યા
તેને ઉર આનંદ ના ઓધ વળ્યા, ધન્ય ઘડી આજ સંત પધાર્યા ... ૬

૫૬૪. ભજો રઘુવીરરામ ધનુષધારી - AS564

રાગ - ધોળ ('ઉદા ધર્મ ભજન સાગર' બીજી આવૃત્તિ, પૃષ્ઠ-૨૬૫)

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

ભજો રઘુવીરરામ ધનુષધારી, ભજો સીતારામ ધનુષધારી
ચારો ભૈયા ચતુર સુજાન, મૈયા ગોદ ખેલાવહી રે ..... ટેક

રઘુકુળમેં અવતાર લીયો હૈ, મંગલ ગાવે નગરવાસી
ચાર કુંવર રાજા દશરથકે, તિલક બિરાજે અતી ભારી ૧

ચરન કમલ પાયે પનિયા રે, સોહે ધ્યાન ધરત હૈ નરનારી
સીતારામ અયોધ્યા પુરકે, જાય જનક કી પ્રતિપાલી ૨

એક હી બાણ અસુર સબ મારે, ચરન છૂવત અહલ્યા તારી
રાવણ કે દશ મસ્તક છેદે, વીસ ભુજા ન્યારી ન્યારી ૩

રાવણ માર્યો વિભીષણ સ્થાપ્યો, કિયો હૈ લંકા કો અધિકારી
કહેત કબીર સુનો ભાઈ સંતો, રામભક્તિ જુગ જુગ પ્યારી ૪

૫૬૫. આજ દશરથ કે દ્વાર કે - AS565

રાગ – મંગલ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

આજ દશરથ કે દ્વાર કે, મંગલ ગાવહી
આયે નગર કે લોગ, બાલ હુલરાવહી ..... ટેક

હરદ દધી કરી ભેલ, કલશ ભરી લાવહી
ઉડત અબીલ ગુલાલ કે, રંગ મચાવહી ૧

તહાં બાજત તાલ મૃદંગ, પાયે બાજે ઘુઘરા
નાચત ગાવત ગીત કે, જ્યોં કંપે ધરા ૨

તબ હરસે દશરથ રાય, વસિષ્ઠ બોલાવહી
જો વિધી શાસ્ત્રમેં હોય, નામ ધરો સોહી ૩

તમ મુનિવર કિયો રે વિચાર કે, નયને નેહ ભરી
વાકો નામ રઘુવીર, ઋષિએ વાણી ઓચરી ૪

ભાગ્યો ભવકો દુઃખ, ભરત નામ ધરી
લક્ષણ હૈ રે અપાર કે, લક્ષ્મણ ભાવહી ૫

ટાળિયો શત્રુકો ત્રાસ, શત્રુધન નામ ધરી
આયે દેવ વિમાન કે, નભ છાઈ રહી ૬

બાજત ઢોલ નિશાન, વધાઈ ગાવહી
આપે યાચક કો દાન કે, નાચત ગાવહી ૭

ભયો તહાં જય જય કાર, સબ કોઈ યો ભણે
કહેત ગદાધર દાસ કે, ભાગ્યકો કો ગણે ૮

૫૬૬. સંત કબીરના દર્શન કરવા - AS566

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

સંત કબીરના દર્શન કરવા, ચાલો કબીરવડ જઈએ રે
નર્મદા કાંઠે મંદિર શોભતું, ધોળી ધજાઓ ફરકે રે ..... સંત કબીરના

કબીરવડ નો મહિમા છે મોટો, ખોળામાં રમવા જઈએ રે
ગોરા ગોરા મુખડા સંત કબીરના (૨),
વ્હાલાનાં વારણાં લઈએ રે ..... સંત કબીરના

શુકલતીર્થમાં તત્ત્વ-જીવાને, કબીરે એ દર્શન દીધાં રે
માથે રે ટોપી કબીરને શોભતી (૨),
હાથમાં કમંડળ શોભે રે ..... સંત કબીરના

કમળ પુષ્પ પર કબીરજી શોભતા, કાશીમાં દર્શન દીધાં રે
સંત કબીરના ચરણોમાં રહીને (૨),
દાસોનાં દાસ થઈ રહીએ રે ..... સંત કબીરના

૫૬૭. વાગે છે રે વાગે છે - AS567

રાગ - ગરબી, કાલેરો [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

વાગે છે રે વાગે છે, કબીર મંદિરમાં ઝાલર વાગે છે.
એનું નામ ગગનમાં ગાજે છે, કબીર મંદિરમાં ઝાલર વાગે છે.

આરસના આસને કબીરજી શોભતા,
એના શબ્દથી દુઃખડા ભાંગે રે ..... કબીર મંદિરમાં૰ ૧

તનમનનું ભક્તો ભાન ભૂલીને,
ભજનમાં મસ્ત બની જાય રે ..... કબીર મંદિરમાં૰ ૨

હૈયાની કુંજમાં કબીરજી ગુંજતા,
એનો નાદ બ્રહ્માંડે ગાજે રે ..... કબીર મંદિરમાં૰ ૩

ઝાલર સૂણીને દેવદેવી ડોલતાં,
પૂષ્પોની વૃષ્ટિ થાય છે રે ..... કબીર મંદિરમાં૰ ૪

આજની રાત સહુ રંગભરી ગાશું,
જીવન ધન્ય બની જાય છે રે ..... કબીર મંદિરમાં૰ ૫

કબીરના સંગમાં ભજનનાં રંગમાં,
સૌના હૈયા મંડળમાં નાચે છે ..... કબીર મંદિરમાં૰ ૬

૫૬૮. ઐસી કરી ગુરૂદેવ દયા મારા - AS568

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

ઐસી કરી ગુરૂદેવ દયા મારા, મોહ કા બંધન તોડ દિયા

દોડ રહા દિનરાત સદા, જગ કે સબ કાર વિહારમેં
સ્વપ્ને સમ વિશ્વ દિખાય મુઝે, ચંચળ ચિત્તકો મોડ દિયા ૧

કોઈ શેષ ગણેશ મેહેશ રટે કોઈ, પૂજે પીર પેગંબરકો
સબ પંથકે ગ્રંથ છુટા કરકે, ઈશ્વરમેં મન જોડ દિયા ૨

કોઈ ઢુંઢત હૈ મથુરા નગરી, કોઈ બનારસ બાસ કરે
જબ વ્યાપક રૂપ પિછાન લીયા, ભરમકા ભંડા ફોડ દિયા ૩

કૌન કરૂ ગુરૂદેવકી ભેટ, ન વસ્તુ દીસે તીન લોકમેં
બ્રહ્માનંદ સમામ નહોય કભી, ધન માણેક લાખ કરોડ દિયા .. ૪

-સ્વામી બ્રહ્માનંદ

૫૬૯. તેરી શરણમેં આયેકે ફીર - AS569

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

તેરી શરણમેં આયેકે ફીર આશ કિસકી કિજીયે

નહિ દેખ પડતા હૈ મુઝે, દુનિયામેં તેરી શાનકા
ગંગા કિનારે બૈઠ કે કયું (૨),
ગંગા જલ પીજીયે .....તેરી શરણમેં॰ ૧

હરગજ નહિ લાયક હું મૈ યે તેરે દરબારકા
મેરી હાલત કો માફ કર (૨),
દીદાર અપના દીજીયે ...તેરી શરણમેં॰ ૨

પતિત પાવન નામ સુનકે (૨), મૈં શરન તેરી પડા
સફળ કર ઈસ નામકો (૨),
અપના મુઝે કર લીજીયે ..તેરી શરણમેં॰ ૩

મિલતા હૈ બ્રહ્માનંદ જિસકે (૨), નામ લેને સે સહી
ઐસે પ્રભુકો છોડ કર ફિર (૨),
કૌન સે હીત કિજીયે .....તેરી શરણમેં॰ ૪

-સ્વામી બ્રહ્માનંદ

૫૭૦. અગર હૈ પ્રેમ દર્શનકા - AS570

રાગ - સગુણ વસંત [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

અગર હૈ પ્રેમ દર્શનકા, ભજનસે પ્રીત કર પ્યારા

છોડકર કામ દુનિયાકે, રોક વિષયસે મન અપના
જિતકર નિંદ આલસકો રે, રહો એકાંતમેં ન્યારા ૧

બૈઠે આસન જમા કરકે, ત્યાગ મનકે વિચારો
દેખ ભ્રુકૃતિમેં અંદરસે, ચમકતા હૈ અજબ તારા ૨

કભી બીજલી કભી ચંદા, કભી સૂરજ નજર આવે
કભી ફિર ધ્યાનમેં ભાસે, બ્રહ્મજ્યોતિકા ચમકારા 3

મીટે સબ પાપ જન્મોકે, કટે સબ કર્મ કે બંધન
વો બ્રહ્માનંદમેં હોવે લીન, મન છોડ સંસારા ૪

- સ્વામી બ્રહ્માનંદ

૫૭૧. મેં તો બિરદ ભરોસે બહુનામી રે - AS571

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

મેં તો બિરદ ભરોસે બહુનામી રે
સેવા સુમિરન કછુ એ ન જાનુ રે,
સુનિયો પરમ ગુરૂ સ્વામી રે ..... મેં તો

ગજ અરુ ગીધ તારી હે ગણિકા રે,
કુટિલ અજામિલ કામી રે ..... મેં તો

યહી સબ સાખ શ્રવણ સુનિ આયો રે,
તુમ્હારે શરણ સુખ ધામી રે..... મેં તો

પ્રેમાનંદ કહે તારો કે મારો રે,
તમો સમરથ અંતર્યામી રે ..... મેં તો

-સ્વામી પ્રેમાનંદ

૫૭૨. સોહમ્ શબ્દ વિચારો રે - AS572

રાગ - બિહાગ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

સોહમ્ શબ્દ વિચારો રે, સાધુ, સોહમ્ શબ્દ વિચારો

માલા કરશે ફિરત નહિ હૈ, જીભન વર્ણ ઉચ્ચારો
અજપા જાપ હોત ઘટ માંહી, તાકી ઓર નિહારો ...સાધુ૰ ૧

હમ્ અક્ષર સે શ્વાસ ઉઠાવો, સો સે જાય બિઠારો
હંસો ઉલટ હૈ સોહમ, યોગી જન નિરધારો .....સાધુ૰ ૨

સબ એકવીસ હજાર મિલાકર, છે સો હોત સુમારો
અષ્ટ પ્રહરમેં જાગત સોવત, મનમેં જપો સુખારો...સાધુ૰ 3

જો જન ચિંતન કરત નિરંતર, છોડ જગત વ્યવહરો
બ્રહ્માનંદ પરમ પદ પાવે, મીટે જન્મ સંસારો ..... સાધુ૰ ૪

-સ્વામી બ્રહ્માનંદ

૫૭૩. નિરંજન માલા ઘટમેં - AS573

રાગ - સોરઠ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

નિરંજન માલા ઘટમેં, ફિરે દિનરાતી

ઉપર આવે નીચે જાવે, શ્વાસ શ્વાસ પલટાતી
અજ્ઞાની જન સમજત નાહી, બિરથા ઉમર બહાતી ૧

સોહમ્ મંત્ર રટે નિત પ્રાણી, બિન જીહ્વા બિન દાંતી રે
અષ્ટ પ્રહરમેં સોવત જાગત, કબહુ ન પલક રૂકાતી ૨

સોહમ્ હંસો હંસો સોહમ્, બાર બાર ઉલટાતી રે
સદ્‌ગુરૂ પૂરા ભેદ બતાવે, તબ નિશ્ચય મન ઠહરરાતી ૩

જો યોગીજન ધ્યાન લગાવત, ઊડત નિત પરભાતી
બ્રહ્માનંદ મોક્ષ પદ પાવે, જન્મ ફિર નહિ આતી ૪

-સ્વામી બ્રહ્માનંદ

૫૭૪. પરનું ભૂંડુ કરતા પહેલા - AS574

રાગ - સગુણ વસંત [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

પરનું ભૂંડુ કરતા પહેલા, પોતાનું થઈ જાય રે
વીશ વ્યાપ્યાથી વીશ મળેને, ખરેખર કુદરતનો ન્યાય ..... ટેક

જેવુ રે દેવુ તેવુ રે લેવુ, પોતાનું પોતા યે સહેવું
ધાર્યું ધરણીધરનું થાય, મન ધાર્યું પલટાય ૧

ખાડો ખોદે તે જ પડે છે, રડાવનારો પોતે રડે
અભિમાન નાના મોટાનું, પલમેં હણાવી ભરડે ૨

રાણાજીએ રીસ કરીને, ઝેરના જામ મોકલ્યા
બાઈ મીરાં ખાતર અમૃત કરીને, ગિરધારીએ પીધા રે ૩

૫૭૫. પિંજરે કે પંછી તેરો રે - AS575

રાગ - કાફી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

પિંજરે કે પંછી તેરો રે, દરદ ન જાણે કોઈ
બાહર સે ખામોસ રહે તું, ભીતર ભીતર રોય રે ..... ટેક

કહનહિ શકે તું અપની કહાની, તેરી ભી કયા જીદગાની રે ... ૧

વિધીને તેરી કથા લીખી હૈ, આંસુમેં કલમ ડુબોઈ રે ૨

ચૂપકે ચૂપકે રોને વાલે, રખના છિપાકે દિલકે છાલે રે ૩

યે પત્થરકા દેશ હૈ પગલે, કોઈ ન તેરા હોય રે ૪

૫૭૬. જેના દિલમાં દિનની દાઝ નથી - AS576

રાગ - નિર્ગુણ વસંત [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

જેના દિલમાં દિનની દાઝ નથી, એવા દુરિજનનું અહીં કામ નથી

મુખથી જ સદા સાકર ઘોળી, કાગળ પર શાહી ઘોળી
ખાધા વિશ્વાસુ જનો ફોલી, ફૂંક મારી પ્રગટાવી હોળી ૧

ગંગાદિક તિરથોમાં નાહ્યા, ડાઘા દિલના કદી ન ધોયા
દુઃખિયાના આંસુ નવ લોહ્યા, તેનું હરિની પોથીમાં નામ નથી ...૨

મિષ્ટાન નવા નિત ઘર ઉડે, ભૂખ્યાને કણ દ્વાર ન મળે
લેવા પર ચિત્ત ઉરમાં ઉછડે, તેને ડરવાનું કંઈ કામ નથી ૩

વાણી વર્તન વાક્યે સમતા, રહેમ કૃતિમાં જેને મમતા
વણ માગ્યે દાનમાં રમતા, એના સુખનો કોઈ વિરામ નથી ૪

જનતા જાદવપતિ તરછોડ્યા, દર્શન કાજે મંદિર દોડિયા
પછડાતા પરછાયે રોવા, તેને ત્રિભુવનમાં વિશ્રામ નથી ૫

૫૭૭. સુખકે સબ સાથી દુઃખમેં ના કોઈ - AS577

રાગ - ધનાશ્રી [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

સુખકે સબ સાથી દુઃખમેં ના કોઈ
મેરે રામ તેરા નામ, એક સાચા દુજા ના કોઈ
... દુઃખમેં ના કોઈ॰ ૧

જીવન આની જાની છાયા, જુઠી માયા જુઠી કાયા
ફિર કાહે કો સારી ઉમરિયા, પાપકી ગઠરી ધોઈ
.... દુઃખમેં ના કોઈ॰ ૨

ના કુછ તેરા ના કુછ મેરા, યે જગ જોગીવાલા ફેરા
રાજા હોયા રંક સભીકા, અંત એક સા હોઈ
.... દુઃખમેં ના કોઈ॰ ૩

બાહર કી તુ માટી ફાકે, મનકે ભીતર ના ઝાંકે
ઉજલે તન પર માન કિયા ઔર, મનકી મૈલ ના ધોઈ
... દુઃખમેં ના કોઈ॰ ૪

૫૭૮. કર્પૂરવનના સર્વ સ્વજનને સર્વેશ્વરી વંદન કરે છે - AS578

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

કર્પૂરવનના સર્વ સ્વજનને સર્વેશ્વરી વંદન કરે છે
કાલી મંદિરના પૂજ્યજનોના ચરણે સર્વેશ્વરી નમે ૧

જન્મભૂમિના સગપણ તોડી હરિસંગ જોડી પ્રીતડી
તે ક્ષણને પણ સર્વ સ્વજનોએ વધાવી રૂડી રીતથી ૨

મારગ લીધો સર્વેશ્વરીએ તો નિંદા કદીયે ના કરી
તિરસ્કાર કે કટુવચન કે ટકોર કદીયે ના ધરી ૩

અનુકુળતાના થાળ લઈને સૌ સ્વજન સામે ઉભા
વયો વૃદ્ધ પણ વંદન કરતા સામેથી આશિષ માગતા ૪

મારગ હરિનો લીધો છતાંયે વ્હાલ વિશેષ વરસાવતા
સર્વેશ્વરીની ચિંતા કરીને થાકને તાપ ઉતારતા ૫

જાણે હરિ વૈકુંઠથી આ સ્વજનોને ઉતારતા
કાલીમંદિરના નાના કે મોટા નવા સૌ સન્માનતા ૬

તન મન ધનથી સ્વસ્થ રાખી, સ્વજનો ને હરિ તારજો
સર્વેશ્વરીના મસ્તકે સદા વરદ હસ્ત રાખજો ૭

૫૭૯. સ્વર્ગારોહણ ની આ ધરા પર સદ્‌ગુરૂ દેવ પધારજો - AS579

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

સ્વર્ગારોહણ ની આ ધરા પર સદ્‌ગુરૂ દેવ પધારજો
પ્રાર્થતા, પોકારતા અમે હે પ્રભુ પધારજો
નિત્ય પ્રભાતે પ્રણામ પૂજા કરવાનુ બળ આપજો
પ્રદક્ષિણા કરતા કરતા પાપ અમારા બાળજો ..... ટેક

ત્રિકાળવંદના સ્વીકારવાને હે પ્રભુ દર્શન આપજો
સંકીર્તનની મસ્તીમાં પ્રભુ સમાધિસુખને આપજો
પારાયણ ના પાવન ગાનને સુણવા હે પ્રભુ આવજો
પગલે પગલે પાગલ બનતા પૂર્ણ પંથે વાળજો ૧

સત્કર્મની માળા ગૂંથી એ સ્વીકારવાને પધારજો
યોગતીર્થને દીપાવવાને શક્તિ ભક્તિ આપજો
શ્રદ્ધા ભક્તિને પ્રેમ વધારી સુદર્શન તમે આપજો
પાંદડે પાંદડે પ્રગટીને પ્રભુ રૂપ તમારું બતાવજો ૨

સર્વ સાધન સંપૂર્ણ ગણીને પરમશાંતિ આપજો
અગણિત છે અપરાધ અમારા ક્ષમા દ્રષ્ટે માપજો
ઠરવાનું આ ઠામ અમારું શીતળ છાંયડી આપજો
સ્વર્ગારોહણમાં સેવાને સાધના કાજે અમને રાખજો ૩

સ્વર્ગારોહણની આ ધરાપર કામણ એવા વાવજો
તન મન અંતર ને અમારા આ ધરા પર લાવજો
ગુરુચરણનો મહિમા સ્મરતા તીર્થને પાત્ર બનાવજો
સર્વેશ્વરીની પ્રાર્થના શ્રીહરિ હૃદયમાં ધારજો ૪
-મા સર્વેશ્વરી

૫૮૦. જીવનવાટે મળ્યા છે મુરારી - AS580

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

જીવનવાટે મળ્યા છે મુરારી.

જીવનવાટે આવી એક ઝુંપડી,
એમાં બેઠા છે સંત સુજાણ.....જીવન એને ધરીએ રે॰ ૧

નિયમો નીતિના પાળીને પહોંચીએ,
પ્રભુનું લેતા જઈએ નામ..... જીવન એને॰ ૨

શ્વેત વસ્ત્રો શોભે એના અંગે રે,
સુખસાગર શાંત સ્વરૂપ..... જીવન એને॰ ૩

સૂર્યતેજ નીતરતું અંગે રે,
ચાંદની ચંદ્રની વદને રેલાય..... જીવન એને॰ ૪

મધુર મુખ પ્રસન્ન પ્રભુ જેવું,
જોતાં જીવન ઝૂકી જાય..... જીવન એને॰ ૫

જ્ઞાનગંગા વહે એની વાણીમાં,
પગલાં પાડે ત્યાં તીર્થ મંડાય..... જીવન એને॰ ૬

એ તો દર્શન કરે નિત બ્રહ્માનાં,
પોતે બની ગયા બ્રહ્મ સ્વરૂપ..... જીવન એને॰ ૭

સર્વ દેવો વસે એના દેહમાં,
ચરણે સઘળાં તીર્થ સમાયા..... જીવન એને॰ ૮

નામ ધાર્યું યોગેશ્વરજી એણે,
એને આંગણે મુક્તિ વેચાય..... જીવન એને૰ ૯

સાચા સંત મળ્યા સદભાગીને,
એને સેવ્યાથી ભવરોગ જાય..... જીવન એને૰ ૧૦

સોંપી દઈએ સુકાન એને સ્નેહથી,
એતો ઉતારે ભવજળ પાર..... જીવન એને૰ ૧૧

તર્ક વિતર્કો છોડીને સઘળા રે,
એની છાયામાં મ્હાલીએ આજ..... જીવન એને૰ ૧૨

સાચા સંતોની સંગત ન્યારી રે,
ગુરૂકૃપાએ અનુભવી સાચ..... જીવન એને૰ ૧૩

સાચી વાત સૂણો મારી સાહેલી,
સંત ચરણે મળે સુખસાર..... જીવન એને૰ ૧૪

-મા સર્વેશ્વરી

૫૮૧. વરદ હસ્ત પ્રભુ તમારો - AS581

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો.

કરકમળના કૃપા કિરણથી, અંતર અજવાળજો અમારું
રાગ ને દ્વેષ કામ ને ક્રોધ, હઠાવી જીવન કરી દો ન્યારું ૧

પાપ ત્રિતાપ કલેશ કપાજો, જ્યોતિ જગાવો નિર્મળ હૃદયમાં
પાવન જીવન સદા સમર્પો, પ્રભુ તમારા ચરણ કમળમાં ૨

દિવ્ય સ્વરુપના દર્શન કાજે, શ્રદ્ધાને ભક્તિ ભરી દો સ્વામી
કૃપાની વર્ષા વરસાવો સ્નેહે, સરિતા રહે કે સાગરને પામી ૩
-મા સર્વેશ્વરી

૫૮૨. વંદન કરું પ્રભુ ચરણોમાં આજે - AS582

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

વંદન કરું પ્રભુ ચરણોમાં આજે, કોટિ પ્રણામ કરું પ્રેમે રે

જાણે અજાણ્યે ભૂલો કીધી મેં, આખા દિવસમાં આજે રે
ક્ષમા કરી દો બાળ ગણીને, અંકે પોઢાળો મને આજે રે ૧

રાતભર મીઠી ઉંઘ તમે આપજો, સ્વપ્નામાં પ્રેમે પધારજો રે
મા સર્વેશ્વરીનો સાદ સુણીને, પ્રત્યક્ષ પ્રેમે પધારજો રે ૨
-મા સર્વેશ્વરી

૫૮૩. સદ્‌ગુરૂ વિશ્વવંદ્ય કબીરને તો નમુ - AS583

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

(કબીરવડ)

સદ્‌ગુરૂ વિશ્વવંદ્ય કબીરને તો નમુ, કબીરવડના સત્યસર્જકને ભજુ.

રામાનંદની મંડળીમાં બિરાજીને, કબીરજી ભારત ભરમાં વિચરે હવે
વિચરણ કરતા આપ પધારો છો હવે, નર્મદાજીના પાવન તટ પર તો ખરે

શુક્લતીર્થના પાવન ધામે તો તમે, વિશ્રામ કરો મંડળી સાથે તો હવે
સામે કાંઠે બે ભક્તો આવી વસે, તત્વાજી જીવાજી નામો તે ધરે

શાસ્ત્રીને સંસ્કારી તે તો હતા, શ્રેષ્ઠ ગુરુની શોધ મહીં ફરતા રહ્યા
શોધ સુયોગ્ય સદ્‌ગુરૂની અધુરી રહી, તેથી નર્મદા તીરે પ્રતિજ્ઞા તો કરી

સુકાવડને જીવંત કરશે જે અહીં, તેને સદ્‌ગુરૂ સ્થાને વધાવીશું જરી
નર્મદા તીરે જે જે સંત પધારતા, સત્સંગ કરી ચરણામૃતને લાવતા

સુકાવડના મૂળને કાયમ સીંચતા, શ્રધ્ધા ભક્તિથી સંતોને સેવતા
પરન્તુ સુકાવડ ને ફૂંપણ ના ફૂટી, છતાં ધીરજ હૈયામાં કદીયે ના ખૂટી

ત્યાં તો સાંભળ્યુ રામાનંદની મંડળી, શુક્લતીર્થ ગામે સત્સંગ કરી રહી
તેથી તેઓ બન્ને પહોંચ્યા ત્યાં વળી, વિનંતિ કરતા સંતોના ચરણે ફરી

રામાનંદની આજ્ઞા લઇને તો હવે, શ્રી કબીરજી જલસિંચન કરતા ખરે
સંતકબીરના દિવ્ય સ્પર્શે ત્યાં હવે, સુકોવડ નવા પર્ણોને ધારણ કરે

પ્રસન્ન થઇને તત્વાજી જીવાજી ત્યાં, શ્રી કબીરને ગુરૂ તરીકે સ્વિકારતા
સુકાવડને ડાળીઓ ફૂટતી રહી, વિશાળ વડલાની છાંયા ત્યાં તો મળી

દિવ્ય સ્પર્શનો દિવ્ય મહિમા ત્યાં થયો, કબીરજીની યશગાથા ગાતો રહ્યો
કબીરવડના નામે તીર્થ ત્યાં થયું, કબીર ના શ્રીચરણે પાવન તે થયું

કબીરવડનું તીર્થ પ્રસિધ્ધિ પામતું, ભક્ત સમાજે તેને તો હૈયે ધર્યું.
મઠને મંદિર પ્રગટ્યા શ્રીચરણે હવે, ભારત ભરમાં જ્યોતિ તે ધરતા રહે

શ્રી કબીરના દૈવી ચરણે હું નમું, કબીરવડના પાવન ધામને તો ભજુ

-મા સર્વેશ્વરી

૫૮૪. વંદન કરીએ સંત કબીર પરમાત્મને - AS584

[અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

(પ્રાગ્ટય, સદ્‌ગુરૂ શોધ, ઉપદેશ)

શ્રી કબીર પરમાત્માને નમઃ

વંદન કરીએ સંત કબીર પરમાત્મને, ભક્ત સમાજે આશીર્વાદ ધરો હવે
અલખનિરંજન મહાજ્ઞાની પ્રભુ આપ છો, વેદશાસ્ત્રને પુરાણજ્ઞાતા આપ છો.

શુન્યશિખર પર આસન લગાવનાર છો, સહજ સમાધિના આનંદે મગ્ન છો.
આપ પ્રભુનું પ્રાગ્ટય અદ્‌ભૂત છે, અલૌકિક મહીમંડળ પર તે ગણાય છે.

દિવ્ય જન્મને દિવ્ય કર્મ છે આપના, જાણે પામે કોઇ વીરલા પાત્ર હા
પાવન કાશી મુક્તિનું એ ધામ છે, લહર તારા તળાવનું જ્યાં સ્થાન છે.

કમળ તણા પુષ્પો ત્યાં તો શોભી રહ્યા, જળમધ્યે તે અલિપ્ત ભાવે તો ખીલ્યા.
એક કમળપત્ર પર બાળસ્વરૂપમાં, દર્શન આપે સદ્‌ગુરૂ સંતકબીર ત્યાં

નિરૂ અને નીમા વણકર ગૃહસ્થીને, પ્રથમ દર્શન આપો કૃપા કરી તમે
કમળપત્ર પર થી ઉંચકી લીધા અને, સ્વિકારી લીધા પ્રસાદી માનીને ખરે

જ્ઞાની મુક્ત પુરૂષને બંધન ના નડે, સ્વેચ્છાએ પ્રગટીને લીલા તે કરે.
વણકર માતાપિતા બની સંભાળતા, બાળકબીર બુદ્ધિ પ્રતિભાથી ખીલતા

બાળકબીરની બુદ્ધિ ચાતુર્યે હવે, મૌલવી વળી પંડિતો અંજાય છે.
જ્ઞાન પ્રકાશે અંતરને અજવાળતા, ચહુદિશ ખ્યાતિ પામ્યા સંતકબીર ત્યાં.

કબીરના હૈયામાં ઇચ્છા તો રમે, તપસ્વી જ્ઞાની ગુરૂ હવે મુજને મળે.
વિચારતા રામાનંદ ગુરૂજી બને, પરંતુ તે તો બ્રાહ્મણને શિષ્યો કરે.

મુંઝવણની એ પળમાં બેઠા છો તમે, દિવ્યસ્વરો ત્યાં કુટિયામાં સંભળાય છે.
ચિંતા ના કર ગુરૂજી તારો તે થશે, રામાનંદજી શિષ્ય તરીકે સ્વિકારશે.

અંતરના આદેશને સત્યગણી તમે, પાવન ગંગા તીરે બેઠા છો હવે
રામાનંદજી રામનામ મંત્રે હવે, દિક્ષા ધરતા શ્રી કબીર ભગવંતને

ગુરૂ શિષ્યના મંગલ મિલનની એ ઘડી, ઇતિહાસે ચમકારો તે ધરતી રહી.
યુગકાર્યનો પ્રારંભ કરવા અહીં, રામાનંદ સ્વિકારે એવી રીતથી.

રામાનંદ મઠે તો આપ બિરાજતા, જનસમાજના જીવનને અજવાળતા.
ભારત ભરમાં વિચરણ કરતા આપ તો, સત્યધર્મની વાતો ત્યાં કરતા રહ્યા

અંધ શ્રધ્ધા સમાજમાં વ્યાપી રહી, જડપૂજાને વ્યક્તિ પૂજા વધતી હતી
નવી ચેતના ચિનગારી ધરતા તમે, દંભી ગુરૂની બાજી પલટાવી ખરે.

જ્ઞાન ભક્તિનો પંથ સરળ કીધો તમે, માનવ ધર્મની એકતાને સ્થાપો હવે
માનવ મંદિર પ્રભુનું મંદિર છે ખરે, આત્મતત્વનો સાચો એનો દેવ છે.

માનવ દિલને દુઃખ પહોંચાડો તે ખરે, દેવને દુ:ખ પહોંચાડી હિંસા તે કરે
એવી શીખ અહિંસાની ધરતા તમે, ધર્મના એ સિધ્ધાંતને સમજાવો હવે

ચારે વર્ણે વૈષ્ણવજન તો શ્રેષ્ઠ છે, પ્રાણી માત્રમાં રામ રહીમ સાથે રમે
જ્ઞાન ભક્તિના સાકાર સ્વરૂપ આપ છો, મોહમાયાના વિનાશક પ્રભુ આપ છો

ભજનો ને સાખીના લેખનથી હવે, જનસમાજને જાગ્રત કરતા વિચરે
પ્રાગ્ટ્ય, ઉપદેશને સદ્‌ગુરૂ શોધની, કથા રમ્ય છે મંગલ ગંગાજી સમી

સ્નાન કરીને પામો પરમાનંદ ત્યાં, સર્વેશ્વરી તો અનુભવથી ગાયે અહા.
વંદન હજો સંતકબીર ચરણે હવે, જીવન વાટે મીઠી છાય બનો તમે.
-મા સર્વેશ્વરી

૫૮૫. નિવૃત્તિ માર્ગે પ્રધાનાચાર્ય છો - AS585

(સંતકબીર) [અનુક્રમણિકા-૧૫ Index_front Index_back]

નિવૃત્તિ માર્ગે પ્રધાનાચાર્ય છો, ક્રાન્તિકારી ધર્મપુરૂષ સાચે જ છો

સાચા સદ્‌ગુરૂ સંત કબીરને તો નમુ, એના શરણ વિના સંસારે તો ભમુ
ચમત્કૃતિ ભર્યું આપનું જીવન તો બને, અવતારીની એ લીલા સમજાય શે ?

સિંકદરને દર્શનથી શાંતિ ધરી, છતા દ્વૈષભાવે કસોટી તો કરી
કસોટીમાં ફાવી શક્યો ના તે ખરે, ત્યારે ક્ષમા માંગતો શ્રી ચરણે હવે

શેખતકીની મૃતપૂત્રીને તો હવે, કબીરજી કબરમાંથી જીવન ધરે
કાશીમાં તો કબીર નામે ત્યાં થયો, દ્વૈષીઓએ ભંડારો ત્યારે કર્યો

દ્વૈષીઓની યોજના ત્યાં નિષ્ફળ થતી, શ્રધ્ધા ભક્તિની જ્યોતિ જલતી રહી
ગર્વ છોડીને સંતને મળવા જાય જે, કોટી યજ્ઞફળ તેને પગલે તો મળે

એવુ સમજાવીને ટેક પડાવતા, મહાત્માને ભોજન તમે કરાવતા
જગન્નાથજીના સંમદરને તમે, નાથ્યો મંદિરની રક્ષા કાજે ખરે

શાસ્ત્રાર્થ કર્યો સર્વાજીત સાથે તમે, ચરણોમાં તે નમી રહ્યો શરમે હવે
આમીનદીના વહેણને બદલો ખરે, મગહરને સ્પર્શીને તે વહેતી રહે

અંતે દેહ છોડીને અદૃશ્ય થયા, ચાદર ઉપાડી જોયું ત્યાં ફુલો મળ્યા
દેહે વિદાય લીધી એ રીતે ખરે, બુદ્ધિ મારી કામ કરે ના ત્યાં હવે

સંતમતે આદિપ્રવર્તક આપ છો, આત્મ તત્વના સિદ્ધ વિચારક આપ છો
પ્રતિભા સંપન્ન મહાપુરૂષ સાચે તમે, અધ્યાત્મ જગે વિશ્વતણા સમ્રાટ હૈ

શ્રી કબીરના ચરણો સુખનું ધામ છે, મંગલતાનું મંદિર શાંતિ સ્થાન એ.
વિદેશની ધરતી પર ભક્તસમાજમાં, કૃપા કરીને આશીષ વરસાવો સદા

વિદેશની ધરતી પર સ્તુતિની માળ આ, ભાગ્યવંત ગૌરી ગૃહે પહેરાવુ હા
સ્વિકારી તમે પ્રસન્ન બનજો પ્રાણ હૈ, સાધના મારી સફળ કરો એ આશ છે.

સર્વેશ્વરીની માંગણી આપ સ્વિકારજો, યોગેશ્વરના ચરણે હવે પહોંચાડજો
ફરી કરે છે સર્વેશ્વરી એ પ્રાર્થના, સુણજો મારા કબીર પ્રભુ પરમાત્મા

વંદન વારંવાર કરૂ ચરણે હવે, કબીર કૃપાળુ પ્રસન્ન થાજો તો ખરે

-મા સર્વેશ્વરી ૧૭-૧૯, જૂન ૧૯૮૮

॥ શ્રી સત્ય કબીર ॥

શ્રી ગંગાશરણ દાસ કૃત

૫૮૬. કબીર ચાલીસા - AS586

દોહા

જાકો ધ્યાવત સકલ જન, ઉતરત હૈ ભવ પાર
સો કબીર ગુરુદેવ મમ, પરમાનંદ ઉદાર
બંધન કાટે જીવ કે, દાસન સદા સહાય
વેઠ સૃષ્ટિ કો પાલતા, સર્વોત્તમ ગરુ રાય

બોલો સબ કબીર સાહેબ કી જય ...

ચોપાઇ

દીન જાનિ અપનાવનિ હારા
કરૂણા-સિધુ કબીર ઉદારા

બંદીછોર જ્ઞાનવર સંતા
હરહુ કાલ ભવજાલ તુરન્તા

દયા સ્વરુપ વિલંબ ન કીજે
વિનતી મોર આપ સુની લીજૈ

પ્રણત-પાલ દીનન પર દાયા
રક્ષા કરો બહુત દુઃખ પાયા

પદ્મનાભ પ્રભુ સુરતી ગોપાલા
કિયો યુગલ કો જ્ઞાન નૃપાલા

શ્રી જાગુ ભગવાન ગોસ્વામી
કિયે વિગત ભ્રમ ચરણ નમામી

યુગલ વિપ્ર બન્ધુન કો તારે
સૂખા વટ હરિયર કર ડારે

શ્રી રવિદાસ સંત ધર્મ દાસા
પીપા પલટૂ કે ભ્રમ વાશા

ગુરુ નાનક કો દર્શન દીન્હા
દોનો મિલિ પરમારથ કીન્હા

દાદૂ દરિયા ઉદા દાસા
દાસ ગરીબ કે સબ ભ્રમ નાશા

સંત પંથ પર્વતક સ્વામી
સબ સંતન મિલિ તોહિ નમાની

નિર્ગુણ રામ ઉપાસક કહીયે
તાકે શરણ સકલ સુખ લહિયે

માન ભંગ રાજા કે કીન્હા
પુનિ ઉપદેશ જ્ઞાન તેહિ દીન્હા

જગન્નાથ પુર જન - દુઃખ ટારે
હરિ કા પણ્ડા જરત ઉબારે →

પાદ પદ્મ પર ઢારે વારી
નાથ બુઝાયો અનલ અપારી

જય-જયકાર મચે તેહિ ધામા
દેખિ તુમ્હારો યહ, બડ કામા

પરમ પ્રસિધ્ધ સભી જગ જાનત
ભક્તમાલ મેં શ્રી પ્રિય ભાનત

યવનરાજ કસની બડ લીન્હા
તાપર કોપ ન રંચક કીન્હા

ડારિ ફૃસાનુ દેવસરિ ડારે
પુનઃ મત્ત ગજ આનિ પ્રચારે

સિંહ રૂપ તહં આપ વિરાજે
સિન્ધૂર દેખિ તાહિ સો ભાજે

દેખિ પ્રબલ પરતાપ તુમ્હારા
ડરા સિકન્દર જો પરચારા

પરા ચરણ પ્રભુ કિયો સનાથા
તવ સમાન કો હૈ જગનાથા

ક્ષમા કિયો પ્રભુ સબ અપરાધા
પરમ દયાલ હરત જન બાધા

લહર સરોવર આસન મારા
કમલ પુષ્પ વારી બિસ્તારા

બાલક રૂપ તમારિ સમાના
શમન કિયો સબ દ્વન્દ્વ મહાના

ઉભય પાદ પુનિ યુગલ સુપાણી
નયન ઉભય પંકજ સહિદાની

બદન પ્રકાશ માનુ દ્વિજરાજા
મહામોહ-તમ-નિશિ સબ ભાજા

મગહર આમી નદી બહાયે
બિજલી ખાં કો તહાં ચેતાયે

મુનિવર શાપ કિયો પ્રભુ ભંગા
મહા-વૃષ્ટિ કીન્હો ગુરૂ ગંગા

રૂપ અનન્ત દિખાવનિહારે
બ્રાણ ગર્વ દૂર કરિડારે

હાહાકાર મચા પુર ભારી
પરે ચરણ સબ કહહિં મુરારી

મિરતક જીવત કિયો કમાલા
બહુરિ કમાલી ભૂમિ નિકાલા

ૐૐૐ

૫૮૭. મૂરખ મનવા, મારૂં-તારૂં - AS587

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મૂરખ મનવા, મારૂં-તારૂં, છોડી દે અભિમાન
સાચો સંગી શામળિયો છે, રાખી લે પહેચાન

મોહ માયાના મદમાં મહાલે, રામ વિના અંતે નહિ ચાલે
ખાલી હાથે જાવું જ પડશે (૨),
મૂકી ધન ને ધાન ... મૂરખ મનવા

સગાં-સંબંધી છે સ્વારથનાં, કામ કરી લે પરમારથનાં,
ફેરો તારો ફોગટ જાશે (૨),
કરતો શીદ ગુમાન ... મૂરખ મનવા

દીનદયાળુ છે મોરારી, ભક્તોનો ભવરણ-ભયહારી
શ્રદ્ધા રાખી ગુરુ પ્રતાપે (૨),
કહે છે સેવકરાય ... મૂરખ મનવા

૫૮૮. કબ સમરોગે રામ - AS588

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

કબ સમરોગે રામ, અબ – તુમ, કબ સમરોગે રામ
ગર્ભ સ્થાનમેં જપ તપ કીનો, નિકલ હુઆ બેઇમાન ..... ટેક

બાલપનો હસ – ખેલ ગુમાયો, તરૂપનમેં કામ
હાથપાંવ જબ કાંપન લાગે, નિકલ ગયો અવસાન ૧

જુઠી માયા, જુઠી કાયા, આખર મોત નિદાન
કહત કબીરા સુનો ભાઈ સાધુ, જીવ દો દિનકા મહેમાન ... ૨

કલ્યાણની સાખી

જે ગતિ કા દો ઘડી, જબ પ્રગટે રાગ કલ્યાણ
કલ્યાણ કલ્યાણ સબ કોઈ કહે, જન કલ્યાણ કરે ન કોઈ
જ્યાં ઘર ભક્તિ ગોપાલ કી રે, ત્યાં ઘર સદા કલ્યાણ
કલ્યાણ રાગ સબમાં વળી, સબકો રાખ સમાન
ગોકુલ કી ગોવાલણી રે, સોહાવે રાગ કલ્યાણ

૫૮૯. ગાવે રાગ કલ્યાણ રે - AS589

રાગ - કલ્યાણ [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

ગાવે રાગ કલ્યાણ રે, મોહન ગાવે રાગ કલ્યાણ
આપે ગાવે ને, આપે બજાવે, મોરલીએ લાવે તાન ..... ટેક

મોરપીંછ શિર-મુગટ બિરાજે, કુંડળ ઝળકે કાન
બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, ગોપીન ધરેલા ધ્યાન ૧

૫૯૦. મન માને નહીં - AS590

રાગ - રૂડી રામકથા [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મન માને નહીં, સો ફેરા સમજાવું તોયે શું થાયે ?
ખલ કઠણ કઠોર, ચંચળ ચોર ચપળ ચિત્ત ચોદશ જાયે

મન ભુતતણી પેઠે ભમતું, મન માયામાં રહે છે રમતું,
તેને હરિ ભજવાનું નથી ગમતું (૨) ૧

જમ કિંકરનો ભય જાણે, તો મિથ્યા સુખને શીદ માણે,
ગયો અવસર ઉરમાં નવ આણે (૨) ... ૨

મળ્યો મનુષ્ય દેહ તેમાં નહીં મણા, તું તો ગાને ગુણ ગોવિંદ તણા,
અધ ઓધ તણા અંબાર ભર્યા (૨) ૩

મુગદળનો માથે માર પડે, તોયે ફરી ફરી તે દ્વારે અડે,
ફળ દેખી મરકટ ઝાડ ચડે (૨) ૪

કહે પ્રીતમ ચેતી લે પ્રાણી, શું સૂતો સોડ ઘણી તાણી,
તારે માથે મરણનો ભય જાણી (૨) ૫

૫૯૧. રંગભરી રમવા નિસરી રે - AS591

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

રંગભરી રમવા નીસરી રે, અલબેલી.
અલબેલી રે અલબેલી
ગોકુળની નાર અલબેલી, ગોકુળની નાર ... રંગભરી ૧

હાં રે નવસે આભૂષણ સજ્યા રે, અંગે શોભે
અંગે શોભે રે અંગે શોભે
શોભિતાના સાર અંગે શોભે, શોભિતાના સાર ... રંગભરી ૨

હાં રે બાંહે બાજુ બંધ, બેરખા, નાકે મોતી
નાકે મોતી રે નાકે મોતી
મોતીઓનો હાર નાકે મોતી, મોતીઓનો હાર ... રંગભરી ૩

હાં રે અલ્યા હાથે ચુડીકર, મુદ્રિકા રે, મન મોહ્યાં
મન મોહ્યાં રે મન મોહ્યાં
મારાં મન મોહ્યાં રે મોરાર, મારાં મન મોહ્યાં ... રંગભરી ૪

હાં રે ગરડ ઉડે ગુલાલની થઇ ગરજી
થઇ ગરજી રે થઇ ગરજી
થઇ ગરજી ગગન મોઝાર, થઇ ગરજી ગગન ... રંગભરી ૫

હાં રે અલ્યા નરસૈંયાનો સ્વામિ મળ્યો અબલાને
અબલાને રે અબલાને
મારો સ્વામિ અબલાનો આધાર,
મારો સ્વામી અબલાનો ... રંગભરી ૬

૫૯૨. સમજ-સુમરત સત્નામ - AS592

રાગ - મંગલ [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

સમજ-સુમરત સત્નામ, જીવગત પાઇએ
નહિ રે અન્ય ઉપાય, ચરણ-ચિત લાઇએ ..... ટેક

જ્યાં સતગુરૂકો સ્થાન, તહાં ચલી જાઇએ
ખુલેગા જ્ઞાન કે નૈન, ધ્યાન ધર ધાઇએ ૧

કહેત કબીર સત્નામ, જીવગત પાઇએ
અવિગત અલખ લખાઈ, નિરખી સબ નાહિયે ૨

૫૯૩. મૃત્યુ એ તો નિર્મિત છે સંસારમાં - AS593

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મૃત્યુ એ તો નિર્મિત છે સંસારમાં
નિમિત્ત એનું કંઈક ને કંઈક અપાય છે.
સૃષ્ટિના ક્રમ અટકાવ્યા અટકે નહિ,
બનવાનું તે સદાય બનતું જાય જો.
સ્નેહ એટલું, દુઃખ હૃદયમાં લાગતું,
દહાડા જાતા દુઃખ ને પણ ભૂલાય જો.
'પુનિત' પગલાં માંડે છે જન્મ્યા પછી,
વારા ફરતી વારો આવી જાય જો.

૫૯૪. મારા મન ગમતા મહારાજ - AS594

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવો રે
હું તો તલસુ તમારે કાજ, હસીને બોલાવો રે

મનમાં હતું તે માવજી ને, મુખથી ના કહેવાઈ (૨)
આવી શકો તો હો આવજો રે (૨)
મારુ જોબન ઝોલા ખાય .... મારે ઘેર ... ૧

હાંરે વિલંબ ના કરશો વિઠ્ઠલા રે, આવો અમ ઘર આજ (૨)
પેર પેરનાં પકવાન બનાવુ (૨)
ત્રીકમ તમારે કાજ .... મારે ઘેર ૨

આંગણીયે આવીને રે ઉભા, રંગીલા રણછોડ (૨)
રાધેનાં સ્વામી પ્રભુ અંતરયામી (૨)
પુરો મારા મનડાની કોડ ... મારે ઘેર ... 3

૫૯૫. શેરી વળાવી સજ્જ કરું - AS595

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

આ... શેરી વળાવી સજ્જ કરું, ઘેર આવો ને
આંગણિયે પથરાવું ફૂલ, વાલમ ઘેર આવો ને ..... ટેક

આ... ઉતારા દેશું ઓરડા ઘેર આવો ને
દેશું દેશું મેડીના મોલ, મારે ઘેર આવો ને ૧

આ... દાતણ દેશું દાડમી ઘેર આવો ને
દેશું દેશું કણેરી કાંબ, મારે ઘેર આવો ને ૨

આ... નાવણ દેશું કુંડીયા ઘેર આવો ને
દેશું દેશું જમુનાજીના નીર, મારે ઘેર આવો ને ૩

આ... ભોજન દેશું લાપશી ઘેર આવો ને
દેશું દેશું સાકરિયો કંસાર, મારે ઘેર આવો ને ૪

આ... રમત દેશું સોગઠી ઘેર આવો ને
દેશું દેશું પાસાની જોડ, મારે ઘેર આવો ને ૫

આ... પોઢણ દેશું ઢોલિયા, ઘેર આવો ને
દેશું દેશું હિંડોળા ખાટ, મારે ઘેર આવો ને ૬

આ... મહેતા નરસૈંયાના સ્વામી શામળિયા
હાં રે અમને તેડી રમાડ્યા રાસ, મારે ઘેર આવો ને ... ૭

૫૯૬. હળવે, હળવે, હળવે હરજી - AS596

રાગ - રામકલી [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

હળવે, હળવે, હળવે હરજી, મારે મંદિરે આવ્યા રે
માટે, માટે, માટે મેં તો, મોતીડે વધાવ્યા રે ..... ટેક

કીધું, કીધું, કીધું મુજને, કાંઈક કામણ કીધું રે,
લીધુ, લીધુ, લીધુ મારૂ, ચિતડું ચોરી લીધુ રે ૧

જાગી, જાગી, જાગી હું તો, હરિમુખ જોવા જાગી રે,
ભાંગી, ભાંગી, ભાંગી મારા, ભવની ભાવટ ભાંગી રે ... ૨

ફૂલી, ફૂલી, ફૂલી હું તો, હરિમુખ જોઇને ફૂલી રે,
ભુલી, ભુલી, ભુલી મારા, ઘરનો ધંધો ભુલી રે ૩

પામી, પામી, પામી હું તો, મહાપદવીને પામી રે,
મળીયો, મળીયો, મળીયો મહેતા, નરસૈંયાનો સ્વામી રે... ૪

૫૯૭. મારા અંતરનો પોકાર - AS597

રાગ - કેદારો [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મારા અંતરનો પોકાર, સુણજો ભોળાનાથ
હું તો તલસુ તમારે કાજ, દર્શન આપોને

કૈલાસ ઉપર વાસ તમારો, બેઠા આસન વાળી
તપ કરી ત્રિલોક સ્થાપ્યું, નામે છે મોટા મુનિ ..... દર્શન આપોને

વાઘામ્બરનાં વસ્ત્રો ઓઢ્યાં, ભસ્મ લગાડી ભારીયો
સર્પ તણાં આભૂષણ પહેર્યા, માયા ને દીધી ત્યાગી .... દર્શન આપોને

ઝેર હળાહળ આપે પીધું, અમૃત સરખું કરી
ભીલડીના તમે મોહમાં ડૂબ્યા, છતાં બન્યા વૈરાગી .... દર્શન આપોને

દૂધ ચઢાવું તમને શિવજી, ચંદન ભાલે ચઢાવું
બીલીપત્રની છત્રછાયાં, આજે થાય રાજી ..... દર્શન આપોને

ભક્ત તમારા દર્શન કાજે, દોડી આવે દ્વારે
દયા કરી પ્રભુ દર્શન દેજો, મોક્ષ અમારો થાય ..... દર્શન આપોને

અન્ય નામો

શંકર	મહાદેવ	શંભુ	હર	આશુતોષ
ચંદ્રમૌલી	પિનાકપાણિ	મહેશ	રુદ્ર	ભોલાનાથ
નિલકંઠ				

૫૯૮. શિવ શંકર ભોળા નાચે રે - AS598

રાગ - ગરબી (મારે આજ રે આનંદનો દિન છે જો) / માલકૌંસ

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

શિવ શંકર ભોળા નાચે રે

તાંડવ તાલમાં શંકર નાચે,
બ્રહ્માંડ આખુ ધ્રુજે રે ... શિવ શંકર ભોળા નાચે રે ૧

ડિમાક ડીમ ડીમ ડમરૂ વાગે,
મધુરી શીંગી વાગે રે ... શિવ શંકર ભોળા નાચે રે ૨

કુંડળ ઝળકે માળા રણકે,
ચંદ્ર ભાલમાં ચમકે રે ... શિવ શંકર ભોળા નાચે રે ૩

ગૌર અંગમાં ભસ્મ લગાવી,
જટામાં ગંગા ખળકે રે ... શિવ શંકર ભોળા નાચે રે ૪

શિવરામ શીવ સચ્ચિદાનંદ છે,
જોતા અવિદ્યા ભાગે રે ... શિવ શંકર ભોળા નાચે રે ૫

૫૯૯. જય શંકર જય શંભુ ભોળા - AS599

રાગ - અકેલી / દેખ તેરે સંસારકી હાલત

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

જય શંકર જય શંભુ ભોળા ભજુ દિન ને રાત
... શંભુ રાખો મારી લાજ

શિરપર ગંગા વહેતી ઝરમર, રણ કરે છે હર નિરાહર
ત્રિશુળધારી ડમરૂધારી, ધ્યાન ધરે છે દાસ
... શંભુ રાખો મારી લાજ

સર્પતણી કંઠે છે માળા, ભક્તોના ભોળા છો વ્હાલા
જગતના છો પાલનહારા, આવો મુજને કાજ
... શંભુ રાખો મારી લાજ

દેવતણા મહાદેવ છો શંભુ, ચરણે તમને પ્રેમે વંદુ
અહર્નિશ તારી માળા જપતો, કરૂ છું સાંજ સવાર
... શંભુ રાખો મારી લાજ

માંગુ તારી પ્રેમે ભક્તિ, ભક્તિ કરવા દેજે શક્તિ
ભક્તિ મહીં છે સૌની મુક્તિ, જાણે છે આ દાસ
... શંભુ રાખો મારી લાજ

૬૦૦. શંકર મહાદેવ - AS600

રાગ - પ્રભાત (જાગિયે રઘુનાથ કુંવર ! પંછી વન બોલે)

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

શંકર મહાદેવ, દેવ સેવક સબ જાકે
સેવક હમ જાકે, લાલ ચાકર હમ વાકે ..... ટેક

લપટ લપટ જાનવ્યાલ, ઓઢત તન જરદ ખાલ
રૂંઢમાલ ચંદ્રભાલ, દગ વિશાળ જાકે ૧

ભસ્મ અઢંગ શિશગંગ, બાહન અતિ બલ પ્રચંડ
ગિરિજા અર્ધાંગ સંગ, મૂંડમાલ જાગે ૨

ડમરૂં ઉપર ધ્યાન ધરત, દાનવ કુલ પ્રાણ હરત
એસે પ્રભુ ભેખ ધરન, નીલકંઠ જાકે ૩

પાવન નહિ પાર શેષ, દયાવત સુર મુનિ નરેશ
નારદમુનિ ધ્યાન ધરત, બ્રહ્માદિક જાકે ૪

તાનસેન અતિ અનુપ, નિરખત શંકરકો રૂપ
વારૂ મેં કોટિક ભૂપ, ચરનન પર જાકે ૫

૬૦૧. રામ નામ કી મધુર મલાઈ - AS601

રાગ - પાલવડો [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

રામ નામ કી મધુર મલાઈ, જનમ જનમ દુઃખ દૂર ભગાઈ

સીયા ને રામ સે પ્રિત જતાઈ, રામ કે હૃદય સતના કો પાઈ
લખન ને હરપલ સત્ બિતાઈ, રામ સહિત પૂજન કરવાઈ ૧

ભરત ને અનૂજકી ધર્મ નિભાઈ, ચરિત્રમેં સબ કિર્તિ પાઈ
મારુતિ રામ-કાજ કરી આઈ, રામા લિંગ કે દિક્ષા પાઈ ૨

સુગ્રિવ ને રામસે સ્નેહ જતાઈ, દુષ્ટ-વાલિ સંહાર કરાઈ
ગુહા ને રામ-કિર્તિ જો ગાઈ, શ્રીપદ ધ્રુવને ભાગ્ય કો પાઈ ૩

શબરી ને જૂઠે ફલજો ખિલાઈ, રામકૃપા હરિધામ કો પાઈ
વિભિષણ ને શરણાગતિ ચાહી, રાજ-સહિત હરિ ભક્તિકો પાઈ ૪

જો કોઈ ભજન-ભક્તિ કરવાઈ, મનષા જનમ સુફલ કમાઈ
સચ્ચિદાનંદ ગુરૂ વચન નિભાઈ, આત્મરામ સત્ શુભ મિલ જાઈ ...૫

૬૦૨. ભૂખ ભજનની લાગી રે - AS602

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

ભૂખ ભજનની લાગી રે, ભાઈ ભૂખ ભજનની લાગી
ચેન પડે નહિ મીઠી ઉપાધિ, આવી મળી વણમાગી
... ભૂખ ભજનની

સંગીતનું ના ભાન જરીયે, જીવન સાવ દુર્ભાગી
કંઠ મળે નહિ, સૂર મળે નહિ, દિલ છતાં અનુરાગી
... ભૂખ ભજનની

તંત્ર ન જાણું ને મંત્ર ન જાણું, બની શકું નહિ ત્યાગી
રસ ના તોયે ગાવા મથતી, ભજનની વરણાગી
... ભૂખ ભજનની

સંસાર સાગર તરતા તરતા, કેવો બન્યો સદ્‌ભાગી
ગુરૂ પ્રતાપે રોમરોમમાં, વાંસળી રહી રે વાગી
.... ભૂખ ભજનની

બાવાજી (કપુરા), ૧૯૭૮

૬૦૩. ગુરુ તો લુંટારો રે - AS603

રાગ - અકેલી [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

ગુરુ તો લૂંટારો રે, સંપદ ભજનની લૂંટે
એ તો લૂંટે ને લૂંટાવે રે, એની ઝોળીમાં નહિ ખૂટે

ગુરુ તો રંગનારો રે, રંગ રંગીલો રંગે
એ તો રંગે ન રંગાવે રે, રમવાની મજા તો સંગે ૧

ગુરુ તો કીમિયાગર રે, મંત્રવિદ્યા બહુ જાણે
મંત્રો ભણે ને ભણાવે રે, એતો આંગણે પ્રભુને આણે ... ૨

ગુરુ તો હૈયામાં રે, મુરત જોઈ નાચું
ધન મળી ગયું મને સાચું, ગુરુ ના પ્રતાપે રે ૩

બાવાજી (કપુરા), ૧૯૭૮

૬૦૪. બૂરી આદતને વિસારી - AS604

રાગ - ધમાર [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

બૂરી આદતને વિસારી, મનવા, હરિ ભજન તું કર !

આજ લગી તેં વાયદા કીધા, જૂથ ઝેરના પ્યાલા પીધા
ક્યાં લગી તમે છેતરશો રે, વેળા આવી રહી છે તારી ૧

પ્રીત કીધી પડછાયા સાથે, માયા વધારી એને માટે
જશે ત્યારે તો ખાલી હાથે, બાજી જશે તું હારી ૨

ગુરૂ-પ્રતાપે ફેરા ટળશે, રુદિયામાં સુખ-શાંતિ મળશે
તક આવી તને પાછી ન મળશે, એટલું લેને વિચારી ૩

બાવાજી (કપુરા), ૧૯૭૦

૬૦૫. જીઓ જીઓ રે કબીરા - AS605

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

જીઓ જીઓ રે કબીરા, ભજન ધૂન લાગી
ભજન ધૂન લાગી રે, હરિની ધૂન લાગી ... જીઓ જીઓ...

ઝાડ કેરે સંગ તૂમ, લીમડા બિગડીયા
લીમડા બિગડીયા (અલ્યા), તો ઔષધ નિવડીયા ...જીઓ જીઓ

છાશ કેરે સંગ તૂમ, દુધડા બિગડીયા
દુધડા બિગડીયા (અલ્યા), તો ગોરસ નિવડીયા .....જીઓ જીઓ

પાણી કેરે સંગ તૂમ, પથરા બિગડીયા
પથરા બિગડીયા (અલ્યા), તો હિરલા નિવડીયા .....જીઓ જીઓ

ભજનિક કેરે સંગ તૂમ, ટાઇમ બિગડીયા
ટાઇમ બિગડીયા (અલ્યા), તો જીવન સુધરીયા .....જીઓ જીઓ

સાધુ કેરે સંગ તૂમ, કબીરા બિગડીયા (૨)
કબીરા બિગડીયા (અલ્યા), તો સંત રે નિવડીયા ....જીઓ જીઓ

૬૦૬. મન મોહનજી - AS606

રાગ - રૂડી રામકથા [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મન મોહનજી મારગડો મેલો તો મથુરા જઈએ
તમે ચતુર સુજાણ – પરનારીના પીછે નવ રહીએ

તમે નંદના કુંવર છો નાદડીયા, તમે શું આવો અહીં આળદીયા
તમે શા માટે પુઠે પડીયા (૨) ૧

મારી સાથેની સૈયરો સર્વે ગઈ, મુજ એકલડી આ વન મહી
મારુ શરીર તપે છે માથે મહી (૨) ... ૨

કાંઈ સુરજ તપે ને રવિ ચડે, મારી મહીં વેચવાની વેળા ઘટે
દધી ગોરસ કેરા મુલ ધરે (૨) ૩

પ્રીતમનાં સ્વામી કેવી રીતે, તમે ફરી આવો તો રહુ પીછે
મળી સૌ માણસોની ખોટ મને (૨) ... ૪

૬૦૭. આ શરદ પૂનમની રાત - AS607

રાગ - ગરબી (‘ઉદા ધર્મ ભજન સાગર’ બીજી આવૃત્તિ, પૃષ્ઠ-૩૨૪)

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

આ શરદ પૂનમની રાત મુજને વહાલી રે (૨)
સહુ ગોકુળની બ્રિજનાર રમવા ચાલી રે ..... ટેક

સખી પહેર્યા તે ચણીયાચીર, પીતામ્બર પીળા રે (૨)
મારે રમવા હરીશું રાસ, કરવી લીલા રે ૧

સખી બાંયે બાજુબંધ જોડ, કારજ સાર્યા રે (૨)
સહુ સુંદરી કરે શણગાર, માંગ[૧] સમાર્યા રે ૨

સખી કાને તે કુંડળ, નાકે નિર્મળ મોતી રે (૨)
ગોપી દર્પણ લેતી હાથ, મુખડું જોતી રે ૩

સખી નરસૈંયાના સ્વામી, મલ્યા મન માન્યા રે (૨)
વ્હાલે તેડી રમાડ્યા રાસ, આનંદ પામ્યા રે ૪

૧. માથાના લમણા પરના વાળનાં પાટિયાં; ચોટલાની બે બાજુ.

૬૦૮. ૐ જય જગદીશ હરે - AS608

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

ૐ જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે
ભક્તોજનો કે સંકટ, ક્ષણમેં દૂર કરે ...ૐ જય જગદીશ હરે ૧

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા
સુખ સંપતિ ઘર આવે, કષ્ટ મીટે તનકા ...ૐ જય જગદીશ હરે ૨

માત પિતા તુમ મેરે, શરણ ગ્રહું કીસકી
તુમ બીન ઔર ન દુજા, આશ કરું જીસકી...ૐ જય જગદીશ હરે ૩

તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી
પરમબ્રહ્મ પરમેશ્વર, તુમ સબકે સ્વામી ...ૐ જય જગદીશ હરે ૪

તુમ કરુણા કે સાગર, તુમ પાલનકર્તા
મેં બાલક અજ્ઞાની, કૃપા કરો ભર્તા ...ૐ જય જગદીશ હરે ૫

તુમહો એક અગોચર, સબકે પ્રાણ પતિ
કિસ વિધ મિલું દયામય, તુમકો મેં કુમતિ...ૐ જય જગદીશ હરે ૬

દિન બંધુ દુઃખ હરતા, (પ્રભુ) રક્ષક તુમ મેરે
કરુણા હસ્ત બઢાવો, શરણ પડું તેરે ...ૐ જય જગદીશ હરે ૭

વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા
શ્રદ્ધા ભક્તિ બઢાવો, સંતનકી સેવા ...ૐ જય જગદીશ હરે ૮

૬૦૯. માનવ આવે માનવ જાવે - AS609

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

માનવ આવે માનવ જાવે, દુનિયાને દ્વાર
મારૂ મારૂ કરતા મૂરખ, જીવન રઝળી જાય
... માનવ આવે માનવ જાવે, દુનિયાને દ્વાર

સ્વાર્થ ખાતર ધર્મ ભુલ્યો, સુખમેં સાથ સબંધ
જીવન એનું એળે જાયે, આવે ના કોઈને કામ
ભાગ્ય એનું એવુ લખાયુ (૨), વિધાતા ને હાથ
... માનવ આવે માનવ જાવે, દુનિયાને દ્વાર

કળિયુગનો માનવ જોને, માનવતા ભુલી જાય
લાડી વાડીને ધન દોલતમાં, રહ્યા એ ફસાય
વિધાતાના લખ્યા લેખ (૨), લલાટે સાચા થાય
... માનવ આવે માનવ જાવે, દુનિયાને દ્વાર

જુઠી દુનિયાના જુઠા લોકો, જુઠા તે અહીંના રિવાજ
જીવન તુજને ફરી ના મળશે, કરી લે સારા કાજ
મરતા પહેલા જીવી જાણજે (૨), લઇ લે પ્રભુનું નામ
... માનવ આવે માનવ જાવે, દુનિયાને દ્વાર

૬૧૦. યે પિંજરા નહિ તેરા - AS610

રાગ – ધનાશ્રી [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

યે પિંજરા નહિ તેરા, રે હંસા, યે પિંજરા નહિ તેરા

કંકડ ચૂની ચૂની મહેલ બનાયા, લોગ કહે ઘર મેરા
ના ઘર તેરા ના ઘર મેરા, ચિડીયા રૈન બસેરા ૧

બાબા-દાદા ભાઈ-ભતીજા, કોઈ ન ચલે સંગ તેરા
હાથી ઘોડા માલ ખજાના, પડ રહે ધન તેરા ૨

માત-પિતા સ્વારથ કે લોભી, કરતે મેરા મેરા
કહેત કબીરા સુનો ભાઈ સાધુ, એક દિન જંગલ ડેરા ... ૩

૬૧૧. પકડ્યું શરણ તમારું - AS611

રાગ - કલ્યાણ [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

પકડ્યું શરણ તમારું, પ્રભુજી, પકડ્યું શરણ તમારું
હું બાળક અજ્ઞાની પાપી, ભલું કરો રે મારું ..... ટેક

જન્મોજનમનો કચરો દિલમાં, સંધર્યો આજ લગી
જ્ઞાન તેજાબે સાફ રે કરજો, છોને જતો સળગી ... ૧

મન ચંચળ મુજ જાય ડગી તો પાધરું કરજો પ્રેમે
ભક્તિ રસાયણ પાજો એવું, જાય ન ક્યાંય કેમે ... ૨

ગોદમાં લઈને વ્હાલના અમૃત, પાજો ખૂબ મીઠેરા
આતમરામને ભેટાવી દેજો, કાપી ભવના ફેરા ... ૩

બાવાજી (કપુરા), ૧૯૬૮

૬૧૨. સાહેબ કેરી વાણીના માન સરોવરે - AS612

રાગ - ધોળ (આજ સખી અષ્ટમી...)

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

સાહેબ કેરી વાણીના માન સરોવરે
ચાલો હંસા સ્નાન કરી પાવન થઈએ રે

લ્હાવો આવો મળશે ફરી ના કદી પણ રે
ચાલો હંસા સાવધ થઇ સાધી લઈએ રે

કાદવ સઘળો પલળીને જાશે ધોવાઈ રે
ચાલો હંસા ભીતર ડૂબકી તો દઈએ રે

સંશય કેરા બગલાઓ જાશે ઉડી કહીં રે
અમૃત કરું આચમન એકાદ જો લઈએ રે

ધીરે ધીરે થાશે એક દિન મન નિર્મલ રે
ચાલો હંસા મોતી ચુગી ધન થઇએ રે

બાવાજી (કપુરા)

૬૧૩. જીંદગીમાં કેટલું કમાયા રે - AS613

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

જીંદગીમાં કેટલુ કમાયા રે, જરા સરવાળો માંડજો
સમજુ સજ્જન ને શાણાં રે ૧

મોટર વસાવી તમે બંગલા બનાવ્યા
ખૂબ કર્યા નાણા એકઠા રે ૨

દેશ ફર્યા તમો વિદેશે વિચર્યા
ટેબલ પર ખૂબ લીધા ખાણા રે ૩

ઉગ્યાથી આથમતા ધંધાની ઝંખના
ફેરવ્યા આમ તેમ પાના રે ૪

ડાહ્યા હતા ને તમો પંચમાં પૂછાણા
મુખેથી ધનપતિ ના કહેવાયા રે ... ૫

ખાધુ પીધુ ને તમે ખૂબ મોજ માણી
તૃષ્ણા નાં પૂરમાં તણાયા રે ૬

લાવ્યા છો કેટલુ ને લઇ જવાના કેટલુ
અંતે તો લાકડા ને છાણા રે ૭

ગોવિંદના નાથને હું રે ના ઓળખું
સરવાળે મીંડા મુકાયા રે ૮

માણેકદાસ કહે સદ્‌ગુરૂ મળે તો
આતમરામને ઓળખો રે ૯

૬૧૪. હે જી તારાં આંગણીયા - AS614

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

હે જી તારાં આંગણીયા પુછીને જો કોઈ આવે રે
આવકારો મીઠો આપજે રે...જી
હે જી તારાં આંગણીયે કોઈ આશા કરીને આવે રે
આવકારો મીઠો આપજે રે...જી
હે જી તારાં કાને કાંઈ સંકટ સંભળાવે રે
બને તો થોડું કાપજે રે...જી

માનવી ના ઘરે કોઈ, માનવી જો આવે .....
હે જી તારાં દિવસોની પાસે દુઃખીયાં આવે રે
આવકારો મીઠો આપજે રે...જી

વાતો એની સાંભળીને, આડુ નવ જોજે .....
હે જી એને ધીરે ધીરે બોલવાને દેજે રે
આવકારો મીઠો આપજે રે...જી

ટાઢા એને પાણી પાજે, ભેળો બેસી ખાજે .....
હે જી એને ઝાંપલા સુધી વળાવવાને જાજે રે
આવકારો મીઠો આપજે રે...જી

૬૧૫. મન તડપત હરિ દર્શન કો આજ - AS615

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મન તડપત હરિ દર્શન કો આજ
મોરે તુમબિન બિગરે સગરે કાજ
બિનતિ કરત હું રખિયો લાજ ..... મન તડપત

તુમ્હરે દ્વાર પર હું મેં જોગી,
હમરી ઓર નજર કબ હોગી
સુનો મોરે વ્યાકુલ મનકા બાજ ... મન તડપત

બિન ગુરૂ જ્ઞાન કહાંસે પાઉં,
દીજો જ્ઞાન હરી ગુણ ગાવુ.
સબ ગુનીજન પે તુમરા રાજ ..... મન તડપત

૬૧૬. તોરા મન દરપન કહલાયે - AS616

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

ભલે બુરે સારે કરમોકો,
દેખે ઔર દિખલાયે ... તોરા મન દરપન કહલાયે

મન હી ઈશ્વર, મન હી દેવતા, મન સે બડા ન કોઈ
મન ઉજીયાલા જબ જબ પાયે, જગ ઉજીયાલા હોય
ઉસ ઉજલે દરપન પર પ્રાણી, ધૂલ ન જમને પાય ...તોરા મન

સુખકી કલીયા, દુઃખકે કાંટે, મન સબકા આધાર
મનસે કોઈ બાત ન છુપના, મનકે નૈન હજાર
જગસે ચાહે ભાગ કે કોઈ, મનસે ભાગ ન પાય .....તોરા મન

૬૧૭. તુમ્હી હો માતા પિતા તુમ્હી હો - AS617

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો, તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો

તુમ્હી હો સાથી તુમ્હી સહારે, કોઈ ન અપના સિવા તુમ્હારે
તુમ્હી હો નૈયા તુમ્હી ખેવૈયા, તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો ... ૧

જો ખીલ સકે ના વો ફુલ હમ હૈ, તુમ્હારે ચરણોકી ધુલ હમ હૈ
દયાકી દૃષ્ટિ સદા હી રખના, તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો ... ૨

૬૧૮. તેરે દ્વાર ખડા ભગવાન - **AS618**

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

તેરે દ્વાર ખડા ભગવાન, ભગત ભર દે રે ઝોલી (૨)
તેરા હોગા બડા એહસાન, કિ જુગ જુગ તેરી રહેગી શાન ... ભગત

ડોલ ઉઠી હૈ સારી ધરતી દેખ રે, ડોલા ગગન હૈ સારા
ભીખ માંગને આયા તેરે ઘર, જગત કા પાલનહારા (૨)
મૈં આજ તેરા મહેમાન, કરલે રે મુજસે જરા પહિચાન ..... ભગત

આજ લુટા દે સર્વસ્વ અપના, માન લે કહેના મેરા
મીટ જાયેગા પલ મેં તેરા, જનમ જનમકા ફેરા (૨)
તું છોડ સકલ અભિમાન, અમર કર લે રે તું અપના દાન ... ભગત
-કવિ પ્રદીપ

૬૧૯. પા...ની મેં રે મીન પિયાસી - **AS619**

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

પા..ની મેં રે મીન પિયાસી, મોહે દેખત આવે હાંસી
આતમજ્ઞાન વિના નર ભટકે, કોઈ મથુરા કોઈ કાશી
જોગી હોકર બસે જંગલમેં, બન બન રહે ઉદાસી ..... પાની મેં

કસ્તુરી મૃગ નાભિ બસત હૈ, ઢુંઢત હૈ બન બાસી
પોથી પઢ પઢ પંડિત હુઆ, તભી ન મીલે અવિનાશી ... પાની મેં

મસ્જિદ ચઢકર મૂલ્લા પુકારે, તભી ન મીટે જમફાંસી
કહેત કબીરા સુનો ભાઈ સાધુ, ગુરૂ બીન ટળે ન ચોર્યાશી ... પાની મેં

૬૨૦. દર્શન દ્યો ઘનશ્યામ - AS620

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

દરશન દ્યો ઘનશ્યામ નાથ મોરી અંખિયા પ્યાસી રે
મન મંદિરકી જ્યોત જગા દો, ઘટ ઘટ વાસી રે ... ટેક

મંદિર મંદિર મૂરત તેરી, ફિર ભી ન દેખી સૂરત તેરી
યુગ બિતેના આયી મિલનકી, પૂરન વાસી રે ... ૧

દ્વાર દયાકા જબ તું ખોલે, પંચમ સૂરમેં ગૂંગા બોલે
અંધા દેખે લંગડા ચલકર, પહોંચે કાશી રે ૨

પાની પીકર પ્યાસ બુઝાવુ, નૈનનકો કૈસે સમજાવું
આંખ મીચોલી છોડો અબતો, મન કે વાસી રે ૩

૬૨૧. મોહે લાગી લગન ગુરૂ ચરનનકી - AS621

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મોહે લાગી ગગન ગુરૂ ચરનનકી
ચરન બિના મુઝે કછુ નહિ ભાવે,
જગમાયા સબ સપનનકી .... ટેક
ભવસાગર સબ સુખ ગયા હૈ,
ફિકર નહિ મોરે તરનનકી ૧
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
આશ રહી ગુરૂ ચરનનકી ૨

૬૨૨. મૈલી ચાદર ઓઢકે કૈસે - AS622

રાગ - ખમાજ [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મૈલી ચાદર ઓઢકે કૈસે, દ્વાર તુમ્હારે આવુ
હે પાવન પરમેશ્વર મેરે, મન હી મન શરમાવું ... મૈલી ચાદર

તુ ને મુજકો જગમેં ભેજા, દે કર નિરમલ કાયા
આ કર એ સંસારમેં મૈને, ઈસીકો ડાઘ લગાયા
જનમ જનમકી મૈલી ચાદર, કૈસે ડાઘ મિટાવું ... મૈલી ચાદર

નિરમલ વાણી પાકર તુજસે, નામ ન તેરા ગાયા
નૈન મુઢકર હૈ પરમેશ્વર, કભી ન તુજકો ધ્યાયા
મન વિણાકી તારે તૂટી, અબ ક્યા ગીત સુનાવુ ... મૈલી ચાદર

ઈન પૈરો સે ચલકર તેરે, મંદિર કભી ન આયા
જહાં જહાં હો પૂજા તેરી, કભી ન શિશ ઝૂકાયા
હે હરિહર મેં હાર કે આયા, અબ ક્યા હાર ચઢાવું... મૈલી ચાદર

૬૨૩. છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ - **AS623**

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ
છોટો સો મેરો મદન ગોપાલ ..... ટેક

આગે આગે ગૈયા પીછે પીછે ગ્વાલ
બીચ મેં મેરો મદન ગોપાલ ૧

કારી કારી ગૈયા ગોરે ગોરે ગ્વાલ
શ્યામ બરન મેરો મદન ગોપાલ ૨

ઘાસ ખાવે ગૈયા દૂધ પીવે ગ્વાલ
માખન ખાવે મેરો મદન ગોપાલ ૩

છોટી છોટી લકુટી છોટે છોટે હાથ
બંસી બજાવે મેરો મદન ગોપાલ ૪

છોટી છોટી સખીયાં છોટે છોટે ગ્વાલ
રાસ રચાવે મેરો મદન ગોપાલ ૫

૬૨૪. નંદ ઘેર આનંદ ભયો - AS624

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

નંદ ઘેર આનંદ ભયો ..... જય કનૈયા લાલકી
હાથી ઘોડા પાલકી ..... જય કનૈયા લાલકી
બ્રાહ્મણકો દાન દિયો ..... જય કનૈયા લાલકી
મથુરામેં જન્મ લીયો ..... જય કનૈયા લાલકી
ગોકુલમેં બડો હુઓ ..... જય કનૈયા લાલકી
જશોદા કો લાલો ભયો ..... જય કનૈયા લાલકી
નંદ કો દુલારો બનો ..... જય કનૈયા લાલકી
મામા કંસકો માર દિયો ..... જય કનૈયા લાલકી
ગોકુલ કી ગોપી બોલે ..... જય કનૈયા લાલકી
કદમકેરી ડાળો બોલે ..... જય કનૈયા લાલકી
ભક્તોકો આનંદ ભયો ..... જય કનૈયા લાલકી
કબીર મંદિર પ્રગટ ભયો ..... જય કનૈયા લાલકી

૬૨૫. મથુરામાં ખેલ ખેલી આવ્યા - AS625

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

મથુરામાં ખેલ ખેલી આવ્યાં, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

પગના તે ઝાંઝર ક્યાં મૂકી આવ્યા ?
સાંકળાં તે કોનાં ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

માથાનો મુગટ ક્યાં મૂકી આવ્યા ?
વેણી તે કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

પીળાં પીતામ્બર ક્યાં મૂકી આવ્યા ?
સાડી તે કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

કાનનાં કુંડળ ક્યાં મૂકી આવ્યા ?
બુટ્ટી તે કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

તમારું હૈયું ક્યાં મૂકી આવ્યા ?
સુધબુધ કોની ચોરી લાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

નરસિંહ મહેતાના સ્વામી શામળિયા !
વ્હાલા ! ભાવે ભક્તોને ભાવ્યા, હો કહાન ! ક્યાં રમી આવ્યાં ?

૬૨૬. દેખ તેરે સંસારકી હાલત - AS626

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

દેખ તેરે સંસારકી હાલત ક્યા હો ગઈ ભગવાન
કિતના બદલ ગયા ઈન્સાન (૨)
સુરજ ના બદલા, ચાંદ ના બદલા, ના બદલા રે આસમાન
કિતના બદલ ગયા ઈન્સાન (૨)

આયા સમય બડા બેઢંગા, આજ આદમી બના લફંગા
કહીં પે ઝગડા, કહીં પે દંગા, નાચ રહા નર હો કર નંગા
છલ ઔર કપટ કે હાથો અપના બેચ રહા ઈમાન
કિતના બદલ ગયા ઈન્સાન (૨)

રામ કે ભક્ત, રહીમ કે બંદે, રચતે આજ ફરેબ કે ફંદે
કિતને એ મક્કાર કે અંધે, દેખ લિયે ઈનકે ભી ધંધે
ઈન્હી કી કાલી કરતુતો સે, હુઆ એ મુલ્ક મસાન
કિતના બદલ ગયા ઈન્સાન (૨)

જો હમ આપસ મેં ન ઝગડતે, બને હુએ ક્યૂં ખેલ બીગડતે
કાહે લાખો ઘર એ ઉજડતે, ક્યૂં એ બચ્ચે માં સે બીછડતે
ફુટ ફુટ કર ક્યોં રોતે, પ્યારે બાપુ કે પ્રાણ
કિતના બદલ ગયા ઈન્સાન (૨)

-કવિ પ્રદીપ

૬૨૭. બંધન માયાના છોડાવ - AS627

(રણછોડજી-પ્રાર્થના-ભજન સંગ્રહ પૃષ્ઠ-૨૩૯)

[અનુક્રમણિકા-૧૬ Index_front Index_back]

બંધન માયાના છોડાવ, તારી પ્રેમ ભક્તિમાં
જગની જાળથી છોડાવ ... તારી પ્રેમ ભક્તિમાં

ભૂલા પડ્યા આ જગ જંજાળે, કીધી નહિ કંઈ તૈયારી
મારગ ભક્તિનો બતાવ ... તારી પ્રેમ ભક્તિમાં

જ્ઞાન વિના જૂઠા અથડાતાં, ઉંમર વીતી સારી
સાચો સાર તો સમજાવ ... તારી પ્રેમ ભક્તિમાં

સ્વાર્થ ભર્યા આ સંસારેથી, છેક જ બેઠા હારી
અંતર આનંદથી ઉભરાય ... તારી પ્રેમ ભક્તિમાં

સોંપી દઈએ તન મન ધન આ, તુજ ચરણે ગિરધારી
તારા ધ્યાનમાં ડોલાવ ... તારી પ્રેમ ભક્તિમાં

રોજ ઉઠી રણછોડ તુજને, વિનવું વારી વારી
તારા સ્વરૂપમાં સમાવ ... તારી પ્રેમ ભક્તિમાં

૬૨૮. મારી હુંડી સ્વીકારો મહારાજ રે - AS628

રાગ - સનેડો [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મારી હુંડી સ્વીકારો મહારાજ રે ... શામળા ગિરધારી
મારી હુંડી શામળીયાને હાથ રે ... શામળા ગિરધારી

રાણાજી એ રઢ કરી, વળી મીરા કેરે કાજ,
ઝેરના પ્યાલા રાણે મોકલ્યા રે
વ્હાલો ઝેરનો ઝારણ હાર રે ... શામળા ગિરધારી

સ્થંભ થકી પ્રભુ પ્રગટિયા, વળી ધર્યા નરસિંહ રૂપ,
પ્રહલાદને ઉગારીયો રે
વ્હાલે માર્યો હરણાકંસ ભૂપ રે ... શામળા ગિરધારી

ગજને વહાલે ઉગારીયો, વળી સુદામાની ભાંગી ભૂખ,
દોહલી વેળાના મારા વાલમાં રે
તમે ભક્તોને આપ્યા ઘણાં સુખ રે ... શામળા ગિરધારી

સાડાત્રણસો તિરથવાસી, વળી રૂપિયા છે સહુ સાથ,
વહેલા પધારજો દ્વારકા રે
એને ગોમતી ન્હાયાની ઘણી આશ રે ... શામળા ગિરધારી

૬૨૯. મોકો કહાં ઢૂંઢે રે બંદે - AS629

રાગ - નિર્ગુણ વસંત [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મોકો કહાં ઢૂંઢે રે બંદે, મૈં તો તેરે પાસ મેં

ના તીરથ મેં, ના મૂરત મેં, ના એકાંત નિવાસ મેં
ના મંદિર મેં, ના મસ્જીદ મેં, ના કાવે કૈલાસ મેં ૧

ના મૈં જપ મેં, ના તપ મેં, ના મૈં વ્રત ઉપવાસ મેં
ના મૈં કર્મકાંડ મેં રહતા, ના મૈં યોગ સન્યાસ મેં ૨

નાહિં પ્રાણ મેં, નાહિં પિંડ મેં, ના બ્રહ્માંડ આકાશ મેં
ના મૈં ત્રિકુટ ભંવર ગુફા મેં, સાફ શ્વાંસોં કી શ્વાંસ મેં ૩

ખોજી હોવે તુરંત મિલ જાઉં, પલ ભર કી તલાશ મેં
કહેત કબીર સુનો ભાઈ સાધો, મેં તો હૂં વિશ્વાસ મેં ૪

૬૩૦. મને ક્યાં શોધી રહ્યો મનવા રે - AS630

રાગ - નિર્ગુણ વસંત, અકેલી, ધમાર

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મને ક્યાં શોધી રહ્યો મનવા રે, હું તો તારી અંદર છું

ન મળુ તીરથ કે મૂરતમાં, ન મળુ એકાંતમાં રે
ન મળુ તને મંદિર, મસ્જીદમાં, ન મળુ કાબા-કૈલાશમાં રે ...૧

ન મળુ જપ તપમાં , ન મળુ વ્રત-ઉપવાસમાં
ન મળુ તને કર્મકાંડમાં, ન મળુ યોગ સન્યાસ માં ૨

ન મળુ પ્રાણ કે પિંડમાં, ન મળુ આકાશ-બ્રહ્માંડમાં
ન મળુ તને ભંવર-ગુફામાં, હું તો દરેક શ્વાસૌ – શ્વાસમાં 3

સાચા સતગુરૂમાં મળુ, પલભરની વારમાં
કહેત કબીર સુનો ભાઈ સાધુ, હું તો મળુ વિશ્વાસમાં ૪

(આસ્થામાં)

૬૩૧. મેં તો તુલસી રોપ્યાં રે જમણાં હાથમાં - AS631

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મેં તો તુલસી રોપ્યાં રે જમણાં હાથમાં
મારે નિત્ય નિત્ય દર્શન થાય, પુરૂષોત્તમ પધારીયાં ..... ટેક

મારા પ્રભુજીને ઉતારા - ઓરડા
રાણી તુલસી ને મેડીના મોભ, પુરૂષોત્તમ પધારીયાં ૧

મારા પ્રભુજીને દાતણ દાડમી
રાણી તુલસી ને કરણી - કાંભ, પુરૂષોત્તમ પધારીયાં ૨

મારા પ્રભુજીને નાવણ - કુંડીયા
રાણી તુલસી ને જમનાના નીર, પુરૂષોત્તમ પધારીયાં ૩

મારા પ્રભુજીને ભોજન લાડવા
રાણી તુલસી ને ઘી વાળો કંસાર, પુરૂષોત્તમ પધારીયાં ... ૪

મારા પ્રભુજીને મુખવાસ એલચી
રાણી તુલસી ને પાન પચાસ, પુરૂષોત્તમ પધારીયાં ૫

મારા પ્રભુજીને પોઢણ - ઢોળીયા
રાણી તુલસી ને હિંડોળા - પાટ, પુરૂષોત્તમ પધારીયાં ૬

૬૩૨. રામ નામ કી મધુર મલાઈ - AS632

રાગ - પાલવડો [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

રામ નામ કી મધુર મલાઈ, જનમ જનમ દુઃખ દૂર ભગાઈ

સીયા ને રામ સે પ્રિત જતાઈ, રામ કે હૃદય સતના કો પાઈ
લખન ને હરપલ સત્ બિતાઈ, રામ સહિત પૂજન કરવાઈ ૧

ભરત ને અનૂજકી ધર્મ નિભાઈ, ચરિત્રમેં સબ કિર્તિ પાઈ
મારુતિ રામ-કાજ કરી આઈ, રામ લિંગ કે દિક્ષા પાઈ ૨

સુગ્રિવ ને રામસે સ્નેહ જતાઈ, દુષ્ટ-વાલિ સંહાર કરાઈ
ગુહા ને રામ-કિર્તિ જો ગાઈ, શ્રીપદ ધ્રુવને ભાગ્ય કો પાઈ ૩

શબરી ને જૂઠે ફલજો ખિલાઈ, રામકૃપા હરિધામ કો પાઈ
વિભિષણ ને શરણાગતિ ચાહી, રાજ-સહિત હરિ ભક્તિકો પાઈ ૪

જો કોઈ ભજન-ભક્તિ કરવાઈ, મનષા જનમ સુફલ કમાઈ
સચ્ચિદાનંદ ગુરૂ વચન નિભાઈ, આત્મરામ સત્ શુભ મિલ જાઈ ...૫

૬૩૩. ગુરૂજી નહીં ભૂલુ તમને - AS633

રાગ - સ્વજનની ભેટ જે દેતો [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

ભૂલીશ હું જગતની માયા, ગુરૂજી નહીં ભૂલું તમને
જીવન આધાર દીનબંધુ, ગુરૂજી નહીં ભૂલું તમને ... ટેક

કદાપિ મહેલમાં સૂતો, રખડતો શહેર કે રસ્તે;
સુખી હું કે દુઃખી હું, પણ ગુરૂજી નહીં ભૂલું તમને ૧

બનું હું રંક કે રાજા, કદાપિ શેઠ દુનિયાનો;
અમીરી કે ફકીરીમાં, ગુરૂજી નહીં ભૂલું તમને ૨

જીવનના ધમપછાડામાં, અગર મૃત્યુ બિછાનામાં;
મરણના શ્વાસ લેતાં પણ, ગુરૂજી નહીં ભૂલું તમને ... ૩

દુઃખોના ડુંગરો તૂટે, કદી આખું જગત રૂઠે;
પરંતુ પ્રાણના ભોગે, ગુરૂજી નહીં ભૂલું તમને ૪

પૂર્યા મન મંદિરે સ્વામી, પછીથી ક્યાં જવાના છો ?
દીવાનો દાસ રસિક કહે છે, ગુરૂજી નહીં ભૂલું તમને ... ૫

૬૩૪. મોરલી તુ દેને હમારી - AS634

રાગ - ગરબી [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મોરલી તુ દેને હમારી, રાધે પ્યારી મોરલી તુ દેને હમારી

નહી રે સોનેકી નહી રે રૂપેકી,
લીલુડા વાંસની પેરી ૧

સેજ પલંગ પર મોરલી ઢળી હતી,
લીધી રે હોઈ તો દેને ૨

વૃંદા તે વનની કુંજ ગલીનમેં,
ગાયો ચારી લાવુ તારી ૩

જલ જમુના જલ ભરવાને જાતા,
ગાગર ભરી લાવુ તારી ૪

ભલે મળ્યા મહેતા નરસૈંયાનાં સ્વામી,
સોળસે ગોપીઓની ટોળી ૫

૬૩૫. જાગો રે ગોવિંદા તમે, જાગો હરિ રે - AS635

રાગ - બિલાવલ [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

જાગો ગોવિંદા તમે, જાગો હરિ રે
તુમ જાગો તો સબ લોક જાગે, મધુર પ્રભાત રંગ ભરી રે ..... ટેક

કૃષ્ણ કૃષ્ણ કહી ગ્વાલ બોલત હે, દોનો નૈન અતિ નિંદ્રા ભરી
પહેરો રે વાધા કમર કસી બાંધો રે, ઉઠો મેરે લાલ પ્રભાત ભઈ .. ૧

શિર પર વૈરી કંસ બસત હે, માતા જશોદા આંગણે ખડી
સુરદાસ પ્રભુ તુમ્હારે મિલનકો રે, મોહન મુરલી મુખ પર ધરી ... ૨

૬૩૬. દાતણ કરો રે હો લાડીલા - AS636

રાગ - મંગલા આરતી [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

દાતણ કરો રે હો લાડીલા, રે તમે કુંવર કનૈયા;
હારે કાનજી રત્નજડિત ચોકી બની,
હની હાં હાં રે બેઠે દોનું રે ભાઈ ... ટેક

લીંબ કે દાતણ મોડ કે, જશોદા લઇ આવે;
હારે કાનજી કમલનયન મુખ ધોઈ કે,
હની હાં હાં રે પીછે પાઉં પખાલે ૧

કેસરી તિલક બનાઈ કે, પહેરાઈ રે માલા;
હારે કાનજી લેત જશોદા ઓવારણા,
હની હાં હાં રે નીરખી નંદલાલા ૨

સુંદર લોલ કપોલ કે, શોભા વરણી ન જાઈ;
હારે કાનજી કરત મંગલા આરતી,
હની હાં હાં રે માધવ બલ જાયે ... ૩

૬૩૭. મેરી ભાવના - AS637

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ, -સેવાથી શુદ્ધ જ્ઞાન થશે;
અવર ઉપાસન કોટિ કરો પણ, શ્રીહરિથી નહિ હેત થશે.
(એ દેશી)

જિસને રાગદ્વેષકામાદિક જીતે, સબ જગ જાન લિયા,
સબ જીવોંકો મોક્ષમાર્ગકા નિઃસ્પૃહ હો, ઉપદેશ દિયા;
બુદ્ધ વીર જિન હરિ હર બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિ ભાવસેં પ્રેરિત હો યહ, ચિત્ત ઉસીમેં લીન રહો. ૧

વિષયોંકી આશા નહિ જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,
નિજ પરકે હિત સાધનમેં જો, નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખસમૂહકો હરતે હૈં. ૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યામેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે;
નહીં સતાઊં કીસી જીવકો, જૂઠ કભી નહિ કહા કરું,
પરધન વનિતા પર ન લુભાઉં, સંતોષામૃત પિયા કરું. ૩

અહંકારકા ભાવ ન રકખૂં, નહીં કિસી પર ક્રોધ કરું,
દેખ દૂસરોંકી બઢતીકો, કભી ન ઈર્ષા-ભાવ ધરું;
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરું,
બને જહાંતક ઈસ જીવનમેં, ઔરોંકા ઉપકાર કરું. ૪

મૈત્રીભાવ જગતમેં મેરા, સબ જીવોંસે નિત્ય રહે,
દીન-દુઃખી જીવોંપર મેરે, ઉરસે કરુણાસ્ત્રોત બહે;
દુર્જન-ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્યભાવ રકખૂં મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે. ૫

ગુણી જનોંકો દેખ હૃદયમેં, મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાંતક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે;
હોંઉં નહીં કૃતઘ્ન કભી મૈં, દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણકા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોંપર જાવે. ૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખોં વર્ષોંતક જીઉં યા મૃત્યુ આજ હી આ જાવે;
અથવા કોઈ કૈસા હી ભય, યા લાલચ દેને આવે,
તો ભી ન્યાયમાર્ગસે મેરા, કભી ન પદ ડિગને પાવે. ૭

હોકર સુખમેં મગ્ન ન ફૂલે, દુઃખમેં કભી ન ઘબરાવે,
પર્વત નદી સ્મશાન ભયાનક, અટવીસે નહિ ભય ખાવે;
રહે અડોલ અકંપ નિરન્તર, યહ મન દૃઢતર બન જાવે,
ઈષ્ટવિયોગ-અનિષ્ટયોગમેં, સહનશીલતા દિખલાવે. ૮

સુખી રહેં સબ જીવ જગતકે, કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ-અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે;
ઘર ઘર ચર્ચા રહે ધર્મકી, દુષ્કૃત દુષ્કર હો જાવેં,
જ્ઞાનચરિત ઉન્નત કર અપના, મનુજ જન્મફલ સબ પાવેં. ૯

ઈતિ-ભીતિ વ્યાપે નહિ જગમેં, વૃષ્ટિ સમય પર હુઆ કરે,
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી, ન્યાય પ્રજાકા કિયા કરે;
રોગ-મરી-દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાંતિસે જિયા કરે,
પરમ અહિંસા-ધર્મ જગતમેં, ફૈલ સર્વ હિત કિયા કરે. ૧૦

ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂર પર રહા કરે,
અપ્રિય-કટુક-કઠોર-શબ્દ નહિ, કોઈ મુખસે કહા કરે;
બનકર સબ 'યુગ-વીર' હૃદયસે, દેશોન્નતિરત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર ખુશીસે, સબ દુઃખ-સંકટ સહા કરે. ૧૧

૬૩૮. કૈવલ્યબીજ શું ? - AS638

(તોટક છંદ) (નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૧૦)

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

યમનિયમ સંયમ આપ કિયો.
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મનપૌન-નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યૌંહિ તપે.
ઉરસેંહિ ઉદાસી લહિ સબપૈં. ૨

સબ શાસ્ત્રન કે નય ધારી હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યૌં ન બિચારત હૈ મનસેં,
કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી,
વહ બાત રહી સુગુરુગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં,
જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન સ્વ-આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દગસેં મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ૭

પરપ્રેમપ્રવાહ બઢે પ્રભુસેં,
સબ આગમ ભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઇ દિયે. ૮

શ્રીમદ્ રાજચંદ્ર

૬૩૯. ક્ષમાપના - AS639

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારા કહેલાં અનુપમ તત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવાન ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું. અજ્ઞાનથી અંધ થયો છું. મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વે પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું, તેમ તેમ તમારા તત્વનાં ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વિ.સં. ૧૯૪૧ શ્રીમદ્ રાજચંદ્ર

૬૪૦. ભક્તિનાં છંદો (૧) - AS640

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

સહજાત્મસ્વરૂપ, ટાળો ભવકૂપ, અખિલ અનુપમ બહુનામી;
પ્રભુ નિષ્કામી, અંતરજામી, અવિચળધામી હે ! સ્વામી.

જય જય જિનેંદ્ર, અખિલ અજેંદ્ર, જય જિનચંદ્ર હે દેવા;
હું શરણ તમારે, આવ્યો દ્વારે, ચઢજો વ્હારે કરું સેવા;
સુખશાંતિદાતા, પ્રભુ પ્રખ્યાતા, દિલના દાતા હે સ્વામી. ૧

જય મંગળકારી, બહુ ઉપકારી, આશ તમારી દિલ ધરીએ;
અભયપદ ચહું છું, કરગરી કહું છું, શરણે રહું છું સ્તુતિ કરીએ;
આ લક્ષચોરાસી ખાણજ ખાસી, જઉં છું ત્રાસી હે સ્વામી. ૨

નવ જોશો કદાપિ, દોષો તથાપિ, કુમતિ કાપી હે ભ્રાતા;
મુક્તિપદ દાતા, પ્રમુખ મનાતા, સન્મતિ દાતા હે ત્રાતા;
કૃતિઓ નવ જોશો અતિશય દોષો સઘળા ખોશો હે સ્વામી. ૩

હું પામર પ્રાણીનું દુઃખ જાણી, અંતર આણીને તારો;
ઘર ધંધાધાણી શિર લઈ તાણી, ભટક્યો ખાણી ભવ ખારો;
મને રસ્તે ચડાવો, કદી ન ડગાવો, ચિત્ત રખાવો દુઃખવામી. ૪

ઉત્તમ ગતિ આપો, સદ્ધર્મ સ્થાપો, કિલ્વિષ કાપો હાથ ગ્રહી;
પ્રકાશે પ્રતાપો, અખિલ અમાપો, ભવદુઃખ કાપો નાથ સહી;
અવનીમાં તમારો સૌથી સારો જે શુભ ધારો સુખધામી. ૫

૬૪૧. ભક્તિનાં છંદો (૨) - AS641

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

જય જગતત્રાતા, જગતભ્રાતા, જન્મ હર જગદીશ્વરા,
સુખ સર્વ કારણ, ધર્મધારણ, ધીર વીર મહેશ્વરા;
અતિ કર્મ કંદન, ચિત્ત ચંદન, ચરણ કમળે ચિત્ત ધરૂં
સહજાત્મરૂપી સેવ્ય ગુરુને વંદના વિધિએ કરૂં. ૧

આનંદસાગર-ચંદ્ર, નાગર-વૃંદ શ્રી સુખકંદ છો;
ભવ ફંદ હારક, છંદ ધારક, સર્વ સદ્‌ગુણ ચંદ્ર છો;
સુખકાર છો, ભવપાર નહીં કંઈ સાર, ચિત્તમાં હું ધરૂં. ૨

વિકરાળ આ કળિકાળ કેરી, ફાળથી ભય પામતો;
ગુરુ ચરણ કેરા શરણ આવ્યો, ચિત્તમાં વિશ્રામતો;
ગુરુ પૂરણ પ્રેમી કર ધરે શિર, એમ આશા આચરૂં. ૩

કરી કોપ ચાર કષાય બાંધે, બંધ આશા પાશનો;
અતિ માર મારે માર તેમાં, કામની અભિલાષનો;
છો નિર્વિકારી પાસ રાખો, ભક્તિ હું દિલમાં ધરૂં. ૪

નિજ ધામ ચંચળ, વિત્ત ચંચળ, ચિત્ત ચંચળ સર્વથી;
હિત મિત્ર ને સુકલત્ર ચંચળ, જાય શું મુખથી કથી;
સ્થિર એક સદ્‌ગુરુ દેવ છો, એ ટેક અંતર આદરૂં. ૫

ભવ મંડપે કરી પ્રીત, માયાસેજ સુંદર પાથરી;
ત્યાં નિત્ય સૂતો ગાઢ નિદ્રા, મોહની અતિ આચરી;
જાગ્રત કરી ગુરુ રાજચંદ્રે, બોધદાન કર્યું શરૂ. ૬

જયકાર શ્રી ગુરુદેવનો, જન જગતમાંહી ગજાવજો;
શુભ ભક્તના જે ધર્મ, તે અતિ પ્રેમ સાથ બજાવજો;
ગુરુ ધર્મધારક, કર્મવારક, ધ્યાનમાં નિત્યે ધરૂં. ૭

૬૪૨. ભક્તિનાં છંદો (૩) - AS642

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી, ખરા ચિત્તથી ધ્યાનમાંહી વિહારી;
ઘણા શિષ્યના આપ સંતાપહારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૧

કર્યો ક્રોધ તો ક્રોધને મારવાને, ધર્યો લોભ તો ધ્યાનને ધારવાને;
મહા મોહહારી નિજાનંદધારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૨

સદાનિર્વિકારી મહા બ્રહ્મચારી, ન પ્હોંચે સ્તુતિમાં મતિ કાંઈ મારી;
નિરાધાર આ બાલ માટે વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૩

કદી નાથ સામું ન જોશો અમારા, તથાપિ અમે છીએ સદાયે તમારા;
હવે આપ ઓ બાપ ! તારો વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૪

ક્ષમા, ધૈર્ય, ઔદાર્યના જન્મસિંધુ ! સદાલોકથી દીનના આપ બંધુ;
ન શક્તિ કશા કામમાંહિ અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૫

ગુણી જ્ઞાનવંતા વિવેકી વિચારો, મને આશરો એક ભાવે તમારો;
દયાળુ હવે પ્રાર્થના લ્યો અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૬

૬૪૩. ભક્તિનાં છંદો (૪) - AS643

(જડબુદ્ધિ જીવ સંત વિના શુદ્ધ મારગ કોણ બતાવે ? એ દેશી)

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

અહો ! રાજચંદ્ર દેવ, રાત દિવસ મને રહેજો રટણ તમારું,

તુમે પતિતપાવન છો સ્વામી,
હું તો લોભી લંપટ ને કામી,
તે તો જાણો છો અંતરજામી. અહો ! રાજ ૧

નથી જપ તપ સાધન કાંઈ કર્યું,
નથી ચરણકમળમાં ચિત્ત ધર્યું,
મન રેંટ તણી પેરે જાય ફર્યું. અહો ! રાજ ૨

મને મોહકટક લાગ્યું પૂંઠે,
નિત્ય ઘેરીને મુજને લૂંટે,
તમે છોડાવો પ્રભુ તો છૂટે. અહો ! રાજ ૩

અહો ! ભાનુ સમાન પ્રગટ મણિ,
મારા અનંત દોષ કાઢો ધણી,
ક્ષણ દૃષ્ટિ કરો મુજ રંક ભણી. અહો ! રાજ ૪

પ્રભુ કરુણાસાગર આપ અહો !
મુજ પામરની પ્રભુ બાંહ્ય ગ્રહો,
તુમ સેવા મુને સદાય રહો. અહો ! રાજ ૫

જ્ઞાન દર્શન ચરણ ક્ષાયક જાણી,
પ્રભુ સહજ સ્વભાવ પ્રગટ મણિ,
આપો મને દેવ હો રંક ગણી.અહો ! રાજ ૬

દિવ્ય જ્ઞાન કળા પ્રભુ અકળ અહો !
મુજ પામરથી ન કળાય અહો !
તુમ મુદ્રા દેખી પ્રતીત ભયો. અહો ! રાજ ૭

તુમે મોક્ષમાર્ગ ઉજ્વળ કિયો,
કુળ મતાગ્રહાદિ છેદ દિયો,
અહો ! ભવ્યને કારણ દેહ લિયો. અહો ! રાજ ૮

અહો ! વિષય કષાય અભાવ કિયો,
પ્રભુ સહજ સ્વભાવે ધર્મ લિયો,
નિરઉપાધિપદ સહજ ગ્રહ્યો. અહો ! રાજ ૯

પરમ શીતળ અનંત દયા તુમમેં,
પ્રભુ સ્યાદ્ વાદશૈલી તુમ ઘટમેં,
તુજ ચરણકમળ સેવા દ્યો મુજને. અહો ! રાજ ૧૦

તુમ જ્ઞાનકળા અખંડ પ્રગટી,
હું પામર ગુણ શું કહું કથી ?
જૈન શૈલી પામું હું તુમ થકી. અહો ! રાજ ૧૧

પ્રભુ ચાર ગતિમાં હું ભટકયો,
હવે સ્વામી તુજ ચરણે આવ્યો,
મુનદાસ ગુલામ છે તુમ જાયો. અહો ! રાજ ૧૨

શ્રી રાજચંદ્ર પરમકૃપાળુ, હે પ્રભુ નમીએ અમે

આવ્યા અમે તો આંગણે, તમે મોક્ષપંથ બતાવજો
ભ્રમણા બધીયે ટાળજો, સંસારથી ઉદ્ધારજો. ૧

અગમપંથી યોગી અમને, શ્રી ચરણમાં રાખજો
ઝાકળસમા આ જીવનમાં,પદ્મમાસને બિરાજજો. ૨

પ્રાકટ્ય પૃથ્વી પર તમારૂં, પુનમચંદ્ર સમું દીસે,
અજ્ઞાનીના અંતર મહીં, તમે જ્ઞાન જ્યોત જગાવજો. ૩

ભક્તિતણા પંથે પ્રભુ, પગલાં સદા મંડાવજો,
મુક્તિના મંગલ મહાદ્વારે, પ્રભુ પહોંચાડજો. ૪

સામાન્ય રૂપ ધરી પ્રભુ, તમે પૃથ્વી પર વિચર્યા અહો !
પ્રત્યક્ષ છો પરમાત્મા ! મુમુક્ષુ કેરા પ્રાણ છો. ૫

દિનરાત અગણિત ભૂલ કરતાં, વિષય રસમાં મહાલતાં,
ક્ષમાના સાગર પ્રભુ, તમે, બાળ ગણીને અપનાવજો. ૬

બ્રહ્મચારીજી પ્રભુશ્રી, કૃપાની વર્ષા કરો,
શીલા સમા જીવન અમારાં,પૂજનીય બનાવજો. ૭

અંતે કૃપાળુ કૃપા કરી, નિજ રૂપમાંહી સમાવજો,
સર્વેશ્વરીના કોટિ વંદન, ભાવથી સ્વીકારજો. ૮

-મા સર્વેશ્વરી

૬૪૪. શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય - AS644

(નાદબ્રહ્મ પદ-૮૯૦, પૃષ્ઠ-૬૦૪)

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ ૩

જોગ નથી સતસંગનો, નથી સત્‌સેવા વા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ ... ૪

હું પામર શું કરી શકું, એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક ... ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ ... ૭

→

ઙઙઙઙ અનંત સૂર ઙઙઙઙ

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન ... ૧૫

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક ... ૧૬

સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;
સત્સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ... ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્ગુરુ પાર
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ... ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય ?
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ... ૧૯

પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ ... ૨૦

શ્રીમદ્ રાજચંદ્ર

ઝઝઝઝઝ અનંત સૂર ઝઝઝઝઝ

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

શ્રીમદ્ રાજચંદ્ર

૬૪૬. આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો - AS646

રાગ - ધોળ, વેદ પુરાણ [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો, સેવકના હૃદિયામાં રહેજો
કાયાના દેવળ અમને કાચા રે લાગે, તેનો ભરોસો અમને દેજો .... ટેક

કાયા પડશેને હંસા ક્યાં જઇ સમાશે, તે ઘર બતલાવી અમને દેજો
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ના આવે, તેના તે દર્શન અમને દેજો ૧

જન્મો જન્મ મારા હૃદિયામાં રહેજો, એવી તે વૃત્તિ અમને દેજો
ધર્મદાસની અરજી સુણો રે ગોસાઇ, ભક્તિને મુક્તિ અમને દેજો ૨

૬૪૭. સદ્‌ગુરુ સંત કબીર, પાયે લાગું - AS647

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

સદ્‌ગુરુ સંત કબીર, પાયે લાગું, સદ્‌ગુરુ સંત કબીર

અબુધ જીવડો મારો, માયામાં ફસાયો,
લખ ચોરાસી યોનીમાં અટવાયો,
ઉગારો દીનાનાથ ગુરુ મારા ... સદ્‌ગુરુ સંત કબીર

જોરૂ છોરૂ ને ભેરુ, કોઈ નથી મારું,
ભજન વિના જીવન એળે ગયું મારું,
આપો ભક્તિનું જ્ઞાન, ગુરુ મારા ... સદ્‌ગુરુ સંત કબીર

જીવન નૈયા મારી ડગમગ ડોલે,
ભક્તોનાં સદ્‌ગુરુ કબીર કૃપા કરો,
ઉતારો ભવજળ પાર, ગુરુ મારા ... સદ્‌ગુરુ સંત કબીર

૬૪૮. સ્વજનની ભેટ જે દેતો - AS648

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

સ્વજનની ભેટ જે દેતો, અચાનક ઝૂંટવી લેતો
નિયમ પ્રભુ આકરો તારો, જગતને લાગતો ખારો ૧

મરણ શિક્ષા ધરે સૌને, ચેતજો આ જીવનમાં તમે
અમર કોઈ નથી જગમાં, છટકશે કોઈ નિયમે ના ૨

ઋણાનુબંધ છે સઘળા, છોડજો સ્વાર્થ ના ઝઘડા
જીવનમાં જે મળ્યા તેને, પ્રેમથી સાચવી લેજો 3

શુભાશિષ સૌની તો લેજો, ઠારીને આજ ઠરી જાજો
સર્વેશ્વરી સાંભળી લેજો, મરણને મિત્ર કરી લેજો ૪
-મા સર્વેશ્વરી

૬૪૯. જીરે સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે - AS649

રાગ - સોરંગી [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

જીરે સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે
જીરે હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે

જીરે પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા, એને શાંતિ આપો હે પરમાત્મા
જીરે આજ અમે કરીએ છે તારી પ્રાર્થના, શાંતિ આપો હે પરમાત્મા
...એ આત્માને

જીરે જન્મો જન્મનાં ફેરા ટાળો, એને મુક્તિ આપો હે પરમાત્મા
જીરે એને માટે ઉઘાડો મોક્ષની બારી, શાંતિ આપો હે પરમાત્મા
...એ આત્માને

૬૫૦. પ્રભુ દ્વાર તમારા ખોલો રે - AS650

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

પ્રભુ દ્વાર તમારા ખોલો રે આવ્યો એક પુણ્ય આત્મા
આ દુનિયાની સગાઈ એ તો પ્યારમાં પથરાઈ
એમાં આત્મા ગયો ભરમાઈ રે. આવ્યો એક પુણ્ય આત્મા ૧
આ ચારે કોરની માયા તેમાં સઘળા ભેદ સમાયા
મન માનવનાં લોભાયા રે..... આવ્યો એક પુણ્ય આત્મા ૨
આ કાયા કુંભ છે કાચો સમજો તો એમાં ન રાચો,
પ્રભુ તું છે એક જ સાચો રે..... આવ્યો એક પુણ્ય આત્મા ૩
એણે સત્કર્મ કંઈ કીધાં એણે દુઃખ સહન કરી લીધાં,
તારા નામનાં અમૃત પીધાં રે.. આવ્યો એક પુણ્ય આત્મા ૪
લીધી તારા નામની માળા હૈયે ભજીલે છેલ છોગાળા
ઓ ગિરિધારી ગોપાલા રે..... આવ્યો એક પુણ્ય આત્મા ૫
તારા હાથે છે મૂજ નૈયા તને પુકારુ તરવૈયા
તમે આવોને રખવૈયા રે..... આવ્યો એક પુણ્ય આત્મા ૬
તમે વારે આવો નાથ મારો પકડી લેજો હાથ.
પછી છોડુ નહી સંગાથ રે..... આવ્યો એક પુણ્ય આત્મા ૭
આ અવિચળ ભાનુ ચંદા એ તારી લીલા ગોવિંદા,
ઓ જશોદાજીના નંદા રે ..... આવ્યો એક પુણ્ય આત્મા ૮
પ્રભુ એ છે પ્રાર્થના મારી આત્માને લેજો તારી
તમે સુણજો કૃષ્ણ મોરારી રે.... આવ્યો એક પુણ્ય આત્મા ૯

૬૫૧. ભક્તિ કરતા છુટે મારા પ્રાણ – AS651 N881

(નાદબ્રહ્મ પદ-૮૮૧, પૃષ્ઠ-૫૯૯)

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

ભક્તિ કરતા છુટે મારા પ્રાણ, પ્રભુ એવુ માંગુ છું.
રહે જનમો જનમ તારો સાથ, પ્રભુ એવુ માંગુ છું.

તારું મુખડું મનોહર જોયા કરું
રાત દહાડો ભજન તારું ગાયા કરું
રહે અંત સમય તારું ધ્યાન .... પ્રભુ એવુ માંગુ છું

મારી આશા નિરાશા કરશો નહિં
મારા અવગુણ હૈયામાં ધરશો નહિં
શ્વાસે-શ્વાસે રટુ તારું નામ ..... પ્રભુ એવુ માંગુ છું

મારા પાપને તાપ સમાવી લેજો
તારા નંદુને દાસ બનાવી દેજો
દેજો આવીને દર્શન દાન .... પ્રભુ એવુ માંગુ છું

૬૫૨. હે હરિ તારા ચરણકમળમાં - AS652

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હે હરિ તારા ચરણકમળમાં, પ્રાર્થના આજ સ્વીકારજો
ભક્તબાળની અલખની યાત્રા, પૂર્ણપણે શણગારજો ... ટેક

દેવી દેવતા સાથી બનીને, મંદિર દ્વાર ઉઘાડજો
ભક્તબાળના બંધન સઘળા, હળવેથી હરિ કાપજો ૧

મમત્વના સઘળા તારોને, હે હરિ ચરણે વાળજો
ભક્તબાળના રામકબીરના, મંત્રે કાયમ તારજો ૨

સત્કર્મો જે કર્યા હશે તે, પુષ્પરૂપે પથરાવજો
ભક્તબાળના જીવનરથને, પરમ ધામમાં વાળજો ૩

પરિવારની ચિંતા સઘળી, ચિંતનમાં પલટાવજો
ભક્તબાળની સર્વ ભૂલોને, હે હરિ ક્ષમા કરાવજો ૪

સ્મરણ કરાવી રામનામનું, દુઃખ બધાયે ટાળજો
ભક્તબાળને પરમ શાંતિનું, ગંગા સ્નાન કરાવજો ૫

કુલગુરૂ કબીર કરૂણા કરીને, કબીર વડલે ઠારજો
ભક્તબાળને રામના અંકે, રમાડીને વધાવજો ૬

સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે, પ્રણામ સૌના સ્વીકારજો
ભક્તબાળને ભક્તકુળમાં, ભક્તિ કરવા લાવજો ૭

-મા સર્વેશ્વરી

૬૫૩. પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો - AS653

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો

મમતા કેરા મુળને કાપો, કલેશ બધાયે ટાળો
પૂર્ણ કરી દો, મુક્ત કરી દો, ધન્ય કરી દો આજે ..... પ્રભુ મારા

ઈચ્છાઓ સઘળી શાંત કરી દો, પ્રાર્થના સુણજો અમારી
જીવન એમનું પ્રેરક બનજો, આશિષ વર્ષો સદાયે .....પ્રભુ મારા
-મા સર્વેશ્વરી

૬૫૪. પ્રભુ મારી માતને શાંતિ ધરી દો - AS654

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

પ્રભુ મારી માતને શાંતિ ધરી દો

મમતા કેરા મુળને કાપો, કલેશ બધાયે ટાળો
પૂર્ણ કરી દો, મુક્ત કરી દો, ધન્ય કરી દો આજે .....પ્રભુ મારી

ઈચ્છાઓ સઘળી શાંત કરી દો, પ્રાર્થના સુણજો અમારી
જીવન એમનું પ્રેરક બનજો, આશિષ વર્ષો સદાયે .....પ્રભુ મારી
-મા સર્વેશ્વરી

૬૫૫. હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ - AS655

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું એજ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૧

વળી કર્મનાં યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે,
લક્ષ ચોરાશીનાં બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૨

સુસંપતિ, સુવિચાર ને, સત્કર્મનો દઈ વારસો,
જન્મો જનમ તમ ભક્તિથી, કિરતાર પાર ઉતારજો,
આ લોક ને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૩

મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૪

-શ્રી મોટા

૬૫૬. સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે - AS656

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે, હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે
પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા, શાંતિ આપો હે પરમાત્મા ૧
આજ અમે કરીએ છે તારી પ્રાર્થના, શાંતિ આપો હે પરમાત્મા ... ૨
જન્મો જન્મનાં ફેરા ટાળો, મુક્તિ આપો હે પરમાત્મા 3
એને માટે ઉઘાડો મોક્ષની બારી, શાંતિ આપો હે પરમાત્મા ૪

૬૫૭. સત્યનામ કબીર, સત્યનામ કબીર - AS657 N869

(નાદબ્રહ્મ પદ-૮૬૯, પૃષ્ઠ-૫૯૧) [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

સત્યનામ કબીર, સત્યનામ કબીર
ગુરુદેવ કબીર, ગુરુદેવ કબીર
આવો આવો રે કબીર, આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર, ભીડ ભાંગો રે કબીર
દર્શન દેજો રે કબીર, દર્શન દેજો રે કબીર
સત્યનામ કબીર, સત્યનામ કબીર

૬૫૮. શાંતિ મંત્ર - AS658 N864

(નાદબ્રહ્મ પદ-૮૬૪, પૃષ્ઠ-૫૭૪) [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હરિ ૐ
પૂર્ણ એ છે, પૂર્ણ આ છે, પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું;
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે, શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.

ૐ શાંતિ શાંતિ શાંતિ:

૬૫૯. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું - AS659

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે ..... ટેક

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે ૧

દીન ક્રુર ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ વહે,
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે ૨

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોય સમતા ચિત્ત ધરું ૩

ચિત્રભાનુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેરઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે ૪

-મુનિ શ્રી ચિત્રભાનુ

૬૬૦. જીવન અંજલિ થાજો ! - AS660

[અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

જીવન અંજલિ થાજો ! મારું જીવન અંજલિ થાજો !

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીનદુ:ખિયાંનાં આંસુ લો'તાં, અંતર કદી ન ધરાજો ! .. ટેક

સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃત ઉરનાં પાજો ! ... ૧

વણથાક્યા ચરણો મારા, નિત તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પંદને, તારું નામ રટાજો ! ૨

વમળોની વચ્ચે નૈયા મુજ, હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો, નવ કદીયે ઓલવાજો ! ૩

-કરસનદાસ માણેક

૬૬૧. મેરી જાત બરન કુલ હીણ - AS661 N071

(નાદબ્રહ્મ પદ-૭૧) [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મેરી જાત બરન કુલ હીણ, કહોજી કૈસે તારોગે;

રંકા તારે વંકા તારે, તારે સજન કસાઈ;
સુવા પઢાવત ગુનકા તારી, તારી તેં મીરાંબાઈ ૧

ધના ભગતકો ખેત નીપાયો, નામદેવ ગાય જીવાઈ;
સેના ભગતકો સંશય મીટ્યો, આપ ભયે હરિ નાયી ... ૨

ભવસાગર તો બહ્યો જાત હૈ, કિસ બિધ ઊતરૂં પાર;
અપની કરણી પાર ઉતરની, તર ગયે ધ્રુવ પ્રહલાદ ... ૩

મણિ કરણી કા ઘાટ પર, ભયી સંતનકી ભીર;
આજ ગુરુજી તાલ બન્યો હૈ, પકડી કબીરજીએ ફેંટ ૪

૬૬૨. મેરે ઉર પ્રગટો આજ કબીર - AS662

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

મેરે ઉર પ્રગટો આજ કબીર, મેરે ઉર પ્રગટો આજ કબીર
બહુત દીનન સે રાહ દેખત મેં, અબ મન હોત અધીર .... ટેક

અજર અમર અવિનાશી પ્રભુ તુમ, અજરા અમર ગંભીર
સર્વતંત્ર સ્વતંત્ર પરાત્પર, કેવલ બ્રહ્મ કબીર ૧

સત્ય સનાતન શાશ્વત અજ તુમ, અકહ અનાદિ સુધીર
પરમ ધામ સત્ય લોક કે, વાસી કરૂણામય કબીર ૨

પરમ કૃપાલુ કલિમલ નાશક, અદ્ય ખંડન મતિ ધીર
ભક્ત વત્સલ નિજ જન દુઃખભંજન, સદ્‌ગુરુ સત્ય કબીર ... ૩

ભવ તારણ પ્રભુ અધમ ઉદ્ધારણ, દેર કર હુ અબ કેહી કારણ
કામ ક્રોધ મોહાદિ વિદારણ, સોહં સત્ય કબીર ૪

અગમ અગોચર વિશ્વ સોહાવન, સંતજનો કે મન ભાવન
બંધ છોડાવન કર્મ નશાવન, બંદી છોડ કબીર ૫

દયા કરો પ્રભુ અંતર્યામી, મમ અંતરકે ~~અધિપત્તિ~~ સ્વામિ
રામ સ્વરૂપ નમામિ નમામિ, પૂરણ બ્રહ્મ કબીર ૬

૬૬૩. હે સમર્થ મમ પ્રાણ કબીર - AS663

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હે સમર્થ મમ પ્રાણ કબીર, મમ જીવન સર્વસ્વ કબીર

નિરાકાર નિર્ગુણ પરમેશ્વર, શુદ્ધ બુદ્ધ પરિબ્રહ્મ કબીર
દૂર કરો અજ્ઞાન અવિદ્યા, પુનઃ અવનિ પર ધારી શરીર..... ૧

માનવ જાતિ દુઃખી હૈ અતિશય, હે દુઃખભંજન સત્ય કબીર
દૂર કરો દુઃખ શાન્તિ પ્રદાતા, હે અદ્ય ખંડન સત્ય કબીર ૨

અશરણ શરણ પતિત પાવન વિભુ, સત ચિત્ત આનંદ કંદ કબીર
કામ ક્રોધ મદ લોભ મોહકા, કાટો દુષ્કર સત્ય કબીર ૩

સત્ય સનાતન અજર અમર અરૂ, શાશ્વત અવિચલ સત્ય કબીર
આધિ વ્યાધિ જન્મ મરણ દુઃખ, દૂર કરો પ્રભુ સત્ય કબીર ૪

સત્ય અહિંસા વિશ્વપ્રેમકા, પુનઃ ફૂંકકર શંખ કબીર
કરો રામમય અખિલ વિશ્વકો, વિશ્વ વિધાતા સત્ય કબીર ૫

૬૬૪. હરિ દર્શન કી પ્યાસી - AS664

રાગ - બિહાગ [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

હરિ દર્શન કી પ્યાસી, અખિયાં હરિ દર્શન કી પ્યાસી
દેખ્યો ચાહત કમલ નૈન કો, નિશદિન રહેત ઉદાસી ..... ટેક

કેસર તિલક મોતીન કી માલા, વૃંદાવન કો વાસી
નેહ લગાય ત્યાગી ગયે તૃન સમ, ડારિ ગયે ગર ફાંસી ૧

કાહૂ કે મન કી કોઉ ન જાનત, લોગન કે મન હાંસી
સૂરદાસ પ્રભુ તુમ રે દરસ બિન, લેહો કરવત કાશી ૨

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸

ઙઙઙ

ધર્મરાયકે આગે લાયે, પૂછે પ્રાણી કાહા કમાયે ૪૧
પુણ્ય પાપકા કીયા વિચારા, પુણ્ય નહીં કછુ અંગ ઉધારા ૪૨
વા પ્રાણીકુ વાર ન કીજે, પકડ ડંડ પ્રાણીકુ દીજે ૪૩
મેરે મુખ આગળ મત રાખો, કંભીપાક નરકમાં નાખો ૪૪
રોમ રોમ વિછુ તન તોડે, કુંભી નરકસે કોઈ નવ છોડે ૪૫
કરમ ભોગવી બાહેર કાડ્યો, પશુ પંખી અવતારમાં પાડ્યો ૪૬
દિનમાં જન્મ ધરે દશ બારા, ભક્તિ વિના નાહીં નિસ્તારા ૪૭
ભક્તિ કરે તો ભવદુઃખ ભાગે, દીનકા નંદન દાન ના માગે ૪૮
ભક્ત વિના સુધ કામ ના હોઈ, સંત કૃપા વિના તરે ના કોઈ ૪૯
પતિતપાવન ગુરુ ગોવિંદા, ઉનકે સંગ સદા આનંદા ૫૦
કહે પ્રીતમ ગુરુ પર ઉપકારી, દીયો ગ્યાન મોહે લીયો ઉગારી ૫૧
શીખે સૂણે સમજ કરી ગાવે, સો પ્રાણી ભવસાગર ના આવે ૫૨

૬૬૬. તુલસીનો ગરબો - AS666

(નૂતન ગરબાવલી પૃષ્ઠ-૧૧૪) [અનુક્રમણિકા-૧૭ Index_front Index_back]

ધન ધન રે તું પાટણ ગામ, ધન તારી તુલસીનું ઉત્તમ નામ

અખાડે તુલસીના રોપ રોપાવે, દેવ દામોદરને નિદ્રા ન આવે
શ્રાવણે તુલસીનાં દો દો રે પાન, રામચંદ્ર લઈ ગયા તુલસીનું નામ ૧

ભાદરવો ભર લે'રે રે જાય, કંઠે સોહાવો શ્રી જાદવરાય
આસોએ તુલસી આવ્યા વ્રંદા, દેવ દામોદરને ખોળામાં લીધા ૨

કારતકે તુલસી બાળ કુંવારા, લગ્ન નિરધાર્યા ને પરણ્યા મુરારી
માગશરે મહા વડલા રે કીધા, શિયાળે તુલસીનાં આણાં રે કીધાં ૩

પોષ માસે પડી રે પોકાર, તુલસી વિના જાણે સૂનો સંસાર
મહા માસે આ શુદ્ધ બુધ બોલે, તુલસી વિના ત્રણ ભુવન ડોલે ૪

ફાગણે ફાગ ખેલે ગોવિંદા, પગે પાવડી હરિ લેવું વચન
ચૈતરે ચિત્ત હીંચે હિંચોળા, હિંચકે હિંચોળે શ્રી કા'નજી ગોરા ૫

વૈશાખે વનસ્પતિ વેળી, ઓળે ને ખોળે રમત માંડી
તુલસીના ક્યારામાં ઘીનો દીવલડો, હરિ હરિ કરતાં જાય જીવલડો ૬

હું તમને પૂછું મારી તુલસી રે માતા, કોણ તારી માતા ને કોણ તારો પિતા
ધરતી મારી માતા ને આભ મારા પિતા, દેવકી મારી સાસુ ને કૃષ્ણ ભરથાર...૭

જેઠ માસે તુલસી કરમાયાં, સોળસે ગોપીઓએ પાણીલાં પાયાં
જે કોઈ તુલસીનો ગરબો રે ગાય, તેનો વૈકુંઠમાં વાસો રે થાય ૮

૬૬૭. રસ ગગન ગુફામેં અજર ઝરે - AS667

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

રસ ગગન ગુફામેં અજર ઝરે,
બિન બાજા ઝનકાર ઊઠે જહાં, સમજી પરે જબ ધ્યાન ધરે ... ટેક

બિના કાલ જહાં કમલ ફૂલાને, તેહી ચઢી હંસા કેલિ કરે;
બિન ચંદા ઉજિયારી દરસે, જહાં તહાં હંસા નજર પરે ૧

દસવે દ્વારે તાલી લાગી, અલખ પુરુષ જાકું ધ્યાન ધરે;
કાલ કરાલ નિકટ નહીં આવે, કામ ક્રોધ મદ લોભ ઝરે ૨

જુગન જુગનકી તૃષા બુઝાતી, કરમ ભરમ સબ વ્યાધિ કરે;
કહે કબીરા સુનો ભાઈ સાધો, અમર હોય કબહું ન મરે ૩

૬૬૮. મારા આજે, સૌને “રામકબીર” - AS668

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

મારા આજે, સૌને “રામકબીર” (૨)
હાથ જોડીને (૨) મસ્તક નમાવું રે ...મારા આજે

ઉદા ધર્મના આદ્યગુરુ સંત કબીર
એનો ગુરુ મંત્ર છે, “રામકબીર”
એને જીવનભર (૨) મહિ ધરજો રે ...મારા આજે

હિંદુ, મુસ્લિમ અને શિખ સમુદાય
આ સૌ ધર્મોમાં સંત કબીર પૂંજાય
એવા ગુરુજીને (૨) વંદન વારંવાર ...મારા આજે

માતા નર્મદા બેટે, વડ વિશ્રામ,
એ ભકતજનોનું તીર્થ-ધામ,
કરી દર્શન (૨) પાવન થાજો રે ...મારા આજે

કારશનમંદિર, કલચર સેન્ટર, એલ. એ.
ગોકુળ બાગ મંદિર, બોમ્બે
રહેતા સુરત (૨) શહેરમાં, સંત કબીર...મારા આજે

ચાદર ઓઢીને ગયાં, પ્રભુજી ને દ્વાર,
ફૂલ થકી થયાં, ફૂલડાં અપાર,
સંત કબીરનાં (૨) પરચા અપરંપાર ... મારા આજે

રચયિતા: ભુલાભાઈ ભક્તિભાઈ ભક્ત
(ઉવા / સાન એન્ટોનિયો)

૬૬૯. રામકબીર ધૂન - AS669

રાગ - ૐ નમઃ શિવાય, ૐ નમઃ શિવાય

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

"રામકબીર" બોલો, "રામકબીર"
ભક્તજનોનો મંત્ર "રામકબીર" ... ટેક

"જ્ઞાનીજી" ઉચ્ચારે મંત્ર "રામકબીર"
"જીવણજી" પ્રસારે મંત્ર "રામકબીર" ...

"સંપ્રદાય" અપનાવે મંત્ર "રામકબીર"
ભક્તના હૃદયે મંત્ર "રામકબીર" ...

દેશ-વિદેશે મંત્ર "રામકબીર"
ધન્ય બનાવે મંત્ર "રામકબીર" ...

ભક્તોને તારે મંત્ર "રામકબીર"
કબીર જયંતિ ના સૌને "રામકબીર" ...

(કબીર જયંતિ, ૨૦૧૯)

ઙઙઙ

૬૭૦. જ્ઞાન ગુદડી - AS670 N001

(નાદબ્રહ્મ પદ-૧) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

ધર્મદાસ બિનવે કર જોરી, સાહેબ સુનિયે બિનતી મોરી,
કાયા ગુદડીકા કહો સંદેશા, જાસે મિટે જીવકા અંદેશા.

અલખ પુરુષ જબ કિયા વિચારા, લખ ચોર્યાસી ધાગા ડારા,
પાંચ તત્વકી ગુદડી બીની, તીન ગુનનસે ઠાઢા કીની.

તામેં જીવ બ્રહ્મ ઔર માયા, સમરથ ઐસા ખેલ બનાયા,
જીવન પાંચ પચીસોં લાગે, કામ ક્રોધ મોહ મદ પાગે.

કાયા ગુદડીકા વિસ્તારા, દેખો સંતો અગમ સિંગારા,
ચાંદ સુરજ દો પેવંદ લાગે, ગુરુ પ્રતાપ સોં સોવત જાગે.

શબ્દકી સૂઈ સુરતિકા ડોરા, જ્ઞાન કો ટોભન સિરજન જોરા,
અબ ગુદડીકી કર હુશિયારી, દાગ ન લાગે દેખ વિચારી.

સુમતિ કે સાબુન સિરજન ધોઈ, કુમતિ મેલકો ડારો ખોઈ,
જિન ગુદડીકા કીયા બિચારા, સો જન ભેટે સિરજનહારા.

ધીરજ દુનિ ધ્યાન કર આસન, સતકી કૌપીન સહજ સિંધાસન,
યુક્તિ કમંડલ કર ગ્રહિ લીન્હા, પ્રેમ ફાવરી મુર્શિદ ચીન્હા.

સેલી શીલ વિવેકકી માલા, દયાકી ટોપી તન ધર્મશાલા,
મહર મતંગા મત બૈશાખી, મૃગછાલા મન હી કો રાખી.

નિશ્ચય ધોતી પવન જનેઊ, આજપાજપે સો જાને ભેઊ,
રહે નિરંતર સતગુરુ દાયા, સાધુ સંગતિ કરી સબકછુ પાયા.

લવકી લકુટી હૃદયા ઝોરી, ક્ષમા ખરાંઊ પહિર બહોરી,
મુક્તિ મેખલા સુકૃત સુમરણી, પ્રેમ પિયાલા પીવે મૌની.

ઉદાસ કુબરી કલહ નિવારી, મમતા કુન્તીકો લલકારી,
યુક્તિ જંજીર બાંધ જબ લીન્હા, અગમ અગોચરા ખિરકી ચિન્હા.

બૈરાગ ત્યાગ વિજ્ઞાન નિધાના, તત્વતિલક દીન્હા નિરબાના,
ગુરુગમ ચકમક મનસા તૂલા, બ્રહ્મ અગનિ પરગટ કર મૂલા.

સંશય શોક સકલ ભ્રમ જારા, પાંચ પરચીસો પરગટ મારા,
દિલકા દર્પણ દુવિધા ખોઈ, સો બૈરાગી પલકા હોઈ.

શૂન્ય મહલમેં ફેરી દેઈ, અમૃત રસકી ભિક્ષા લેઈ,
દુઃખ સુખ મેલા જગકા ભાઊ, તિરવેણી કે ઘાટ નહાઊ.

તન મન શોધ ભયા જબ જ્ઞાના, તબલખ પાવે પદ નિરબાના,
અષ્ટકમલદલ ચક્ર સૂઝે, જોગી આપ આપમેં બૂઝે.

ઇંગલા પિંગલા કે ઘર જાઈ, સુષમન નારી રહે ઠહરાઈ,
સોહં સોહં તત્વ વિચારા, બંકનાલમેં કિયા સંભારા.

→

મનકો માર ગગન ચઢિ જાય, માનસરોવર પૈઠિ નહાઈ,
અનહદ નાદ નામકી પૂજા, બ્રહ્મ વૈરાગ દેવ નહિ દૂજા.

છૂટિ ગયે કશ્મલ કર્મ જ લેખા, યહ નૈનન સાહેબકો દેખા,
અહંકાર અભિમાન બિડારા, ઘટકા ચૌકા ઘર ઉજિયારા.

ચિતકાર ચંદન મનસા ફૂલા, હિતકર સંપૂટ કરિ લે મૂલા,
શ્રદ્ધા ચંવર પ્રીતિ કર ધૂપા, નૌતમ નામ સાહેબ કો રૂપા.

ગુદડી પહિરે આપ અલેખા, જિન યહ પ્રગટ ચલાયો ભેખા,
સાહબ કબીર બકસ જબ દીન્હા, સુરનર મુનિ સબગુદડી લીન્હા.

જ્ઞાન ગુદડી પઢે પ્રભાતા, જનમ જનમ કે પાતક જાતા,
જ્ઞાન ગુદડી પઢે મધ્યાન્હા, સો લખિપાવે પદ નિરબાના.

સંઝા સુમિરન જો નર કર હીં, જરા મરણ ભવ સાગર તરહીં,
કહૈ કબીર સુનો ધર્મદાસા, જ્ઞાન ગુદડી કરો પ્રકાશા.

(સાખી)

માલા ટોપી સુમરણી, સંતગુરુ દિયા બક્ષીસ
પલ પલ ગુરુકો બંદગી, ચરણ નમઉ સીસ.

ભવભંજન દુઃખ પહિહરણ અમર કરન શરીર
આદિ યુગાદિ આપ હો ચારો યુગ કબીર.

બંદી છોડ કહાઇયા બલખ શહર મંઝાર
છૂટે બંધન ભેખકા ધન ધન કહૈ સંસાર.

મૈં કબીર બિચલૂં નહીં, શબ્દ મોર સમરથ
તાકો લોક પઠાઇ હૂં જો ચઢે શબ્દકે રથ.

૬૭૧. શબ્દ પારખુ - AS671 N002

(નાદબ્રહ્મ પદ-૨) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

અનહદ શિંગી[૧] નિશદિન[૨] બાજે, સદા રહે ઉનમૂન[૩] કે સાજે;
સુરત[૪] શબ્દમેં રહે સમાય, કહે કબીર ગુલતાન કહાય ૧

બહુત દિનકા સુતા જાગા, ખોલ કમાડ નામ સે લાગા;
ધન સતગુરુ જેણે યુક્તિ બતાયી, કહે કબીર સબ વિપત્ત મિટાઈ ... ૨

ઘટમેં ભયા નામકા હેલા[૫], ભૂલ ગયા શબ ખેલમ ખેલા;
આ માયા કી કાટિ ફાઁસી[૬], ખેત ગઈ, મિટી ચોર્યાશી ૩

સ્વામી સબ સંસારસે ન્યારા, શું કહીએ સાહેબ કા પ્યારા;
આશા તજ કે રહે નિરાશા, કહે કબીર જબ દેખ તમાશા ૪

હાથ ઠીકરા ગલેમે કંથા, નિર્ગુણ[૭] હો કર પકડે પંથા;
જ્ઞાન ચિરાગે ઘટમે જુપી[૮], કહે કબીર સો મુકત સ્વરૂપી ૫

ફાટા તૂટા કંથા પહેરે, મનષા મમતા ઘટમેં ઘેરે;
જમકી ચોકી માન બડાઈ, કહે કબીર સબ દિયા ઉઠાઈ ૬

મનરાજા સિર્ગુણમેં ભીંજે[૯], જૈસે બકરી ખટકી કો દીજે;
નિર્ગુણ છે તે લાજે મરહી, કહે કબીરા ભ્રમ કૈસે તરહી ૭

ફાંસી લિયે હાથમેં માયા, જેમ વાઘણ બકરી કો ખાયા;
પડા પડામેં આપે રોય, કહે કબીર ઐસા દુ:ખ હોય ૮

માયા કા જોરાવર ફંદા, વામે ઉગરા કોઈ એક બંદા;
શ્વાસો શ્વાસ સુમરણમેં લાગા, કહે કબીર સંશય[૧૦] સબ ભાગા ૯

જૈસે સર્પનદિયે કુંડાલા[૧૧], કોઈ બચે કોઈ દેગે ટાલા;
કહે કબીર કુંડાલા પેલે, નિર્ભય હોય જગતમેં ખેલે ૧૦

સબ સંસાર કુંડાલા માંહી, જૈસે સર્પણ, ઘર ઘર ખાઈ;
કહે કબીર કોઈ બાહર આયે, તાકો માયા નહીં સંતાપે ૧૧

વણજ કહે ઔર ઊંચા બોલે, મનમેં ફૂલ્યા ફૂલ્યા ડોલે;
માગ જાચ કે કરે રસોઈ, કહે કબીર નફા ન હોઈ ૧૨

બહુત તુજસે જગત પ્રમોદે, અપના ઘટકો નાંહી શોધે;
અંધા સે મન કરહી પર્ચે[૧૨], કહે કબીર ભ્રમ કૈસે ટળશે ૧૩

દુનિયા છે તે બકબક મુઆ, જો લલનીમેં પકડા સુવા[૧૩];
ઉપર પાવ તળે મુંડી, કહે કબીર સંસારી ભૂંડી ૧૪

રાત દિવસ મિલી, જ્ઞાન પુકારે, મન ઈન્દ્રિ કો નાંહી મારે;
કહે કબીર સુનો નર લોઈ[૧૪], કાગા હંસા જૈસા હોઈ ૧૫

કઠણ ધારણા હંસ[૧૫] કી ભાઈ, જ્યાં નટણી[૧૬] કો વરત ચઢાઈ;
વરત ચઢે ઔર તન મન સાધે, કહે કબીર વાગીશ આરાધે[૧૭] ૧૬

→

સુરત નુરત સે નકણી ખેલે, તન સંભાળી આગે પગ મૂકે;
ઐસી ધારણા નામ જો આયે, કહે કબીર સો હંસ કહાવે ૧૭

અંતર લગી કો બુદ્ધિ તારી, દશે દિશા સુરત ગઈ ફાટી;
ચોકખું ચિત્ત માયા દિન વીત્યા[૧૮],
કહે કબીર એમ રહ ગયા રિકતા[૧૯] ૧૮

જણ સુરતા અબ કહાં સુએ[૨૦], ટાલાટુલીમેં દિન ખુએ;
અનેક છોડ એક કો ધાવે, કહે કબીર નિર્ભય હો જાયે ૧૯

વાંકા ગઢ જો વેગે લીજે, પીછે નાંહી પ્યાલા[૨૧] ઝીલે;
સન્મુખ ઝુઝે એહી શૂરા, કહે કબીર સાહેબ કા પુરા ૨૦

સાર શબ્દ પ્યાલા ઝીલે, નિર્ભય હોઈ જગતમેં ખેલે;
કહે કબીર સંશય ક્યા કીજે, નામ પ્યાલા ભર ભર પીજે ૨૧

આઠે પહોર જો નામ પુકારે, ઘટ કા વૈરી ચુન ચુન મારે;
અગમ પંથકી રાહ બુહારે[૨૨], કહે કબીર નહીં જમકે સારે ૨૨

મુખસે વચન કહે નહીં ખારા, હિંદુ તુર્ક દોનોં સે ન્યારા;
ઉજ્જડ કેડા લીજે ભાઈ, કહે કબીર ખત્તા ન ખાઈ ૨૩

દ્વંદ[૨૩] વાદસે ન્યારા રહેના, નિશદિન સાહેબ કહેના;
કહે કબીર સમજ કર દેખો, અન્ય વિશેષ નાંહી લેખો ૨૪

શૂન્ય શિખરમેં તાડી[૨૪] લાગી, સુરતી સુરત ધબડકે જાગી;
કહે કબીર પ્યાસે લાગી, દિલકી દુર્મતિ સબ ભાગી ૨૫

૧. વાજિંત્ર ૨. રાતદિવસ ૩. મનની ઊંચી અવસ્થા ૪. ચિત્તવૃત્તિ ૫. આધાર અથવા ટેકો ૬. બંધન
૭. ભગવાનની ગુણરહિત અવસ્થા ૮. જોડી ૯. ભગવાનના ગણચિંતનમાં મગ્ન ૧૦. શ્રમ અથવા અજ્ઞાન
૧૧. પાણીમાં ગોળગોળ ફરતા ભમર ૧૨. પરિચય અથવા ઓળખાણ ૧૩. પોપટ ૧૪. સ્ત્રી ૧૫. આત્માના અર્થમાં
૧૬. નાચનારી ૧૭. વાણીની દેવી શારદા ૧૮. પસાર થયા ૧૯. અલિપ્ત અથવા વેગળું ૨૦. આરામ કરે
૨૧. પ્યાલા અથવા પાત્રમાં ૨૨. પ્રકાશિત કરે અથવા સાફ કરે ૨૩. તંદ્રવાદ એટલે દ્વૈતવાદ ૨૪. લગન

સાખી

દોરી લાગી[૧] ભય મિથ્યા, સુરત સોહાગન હો રહી,
પ્રગટ પર તન જાઈ કે, ગુરુકી દયા, સાધુ કી સંગતઃ
ભાવ ભક્તિ ચિત્ત લાઈ, કહે કબીર સુનો ભાઈ સાધુ,
બહાર ન ભવ જલ આઈ.

૧. મેળ બેસતાં અથવા મિલન થતાં

꠸꠸꠸꠸ અનંત સૂર ꠸꠸꠸꠸

૬૭૩. સુંદિર શ્યામ શરીર - AS673 N090

(નાદબ્રહ્મ ૫૬-૬૦) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

સુંદિર શ્યામ શરીર, મોરે મન, સુંદિર શ્યામ શરીર .... ટેક

કોઈને ભાવે ભવાની ઉપર, કોઈને વ્હાલા પીર[૧] ૧

કોઈને ગંગા કોઈને યમુના, કોઈને અડસઠ તીર ૨

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિ હલધર કેરા વીર ... ૩

૧. દેવ

૬૭૪. પઢો રે પોપટ રાજા રામના - AS674 N367

(નાદબ્રહ્મ ૫૬-૩૬૭) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતા પઢાવે;
પાસે બાંધી પાંજરૂં, મુખે રામ જપાવે ..... ટેક

પોપટ તારે કારણે, લીલા વાંસ વેડાવું;
તેનું ઘડાવું પોપટ પાંજરૂં, હીરે રતને જડાવું ૧

પોપટ તારે કારણે, શી શી રસોઈ બનાવું;
સાકરના કરી ચૂરમાં, ઉપર ઘી પીરસાવું ૨

પાંખ પીળીને પગ પાંડુરા[૧], કોટે કાંઠલો કાળો;
નરસૈંયાના સ્વામીને ભજો, રાગ તાણી રૂપાળો ૩

૧. ફિક્કું - લોહી વિનાનું

૬૭૫. પામ્ય શરણ હરિ પરિબ્રહ્મ રાય - AS675 N737

રાગ - લોઢી કારજ (નાદબ્રહ્મ પદ-૭૩૭)

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

પામ્ય શરણ હરિ પરિબ્રહ્મ રાય;
ગર્ભ ટાળવા નથી અનેરો ઉપાય ... ટેક

માયા રે સીકોતર આત્મા ગાળ્યો;
મલિન મંત્ર વિષયાદિકે ભાર્યો ... ૧

પરિબ્રહ્મ નામે મહામંત્ર સાધ્યો;
ઈન્દ્રિ સહિત નિશ્ચલ મન બાંધ્યું ... ૨

પરિબ્રહ્મ નામે મંડલ પુરાવો;
સ્મરણ નૃસિંહ વીર બોલાવો ૩

ક્ષિતિ જલ ગગન પવન નહિ તેજ;
તહીંએ સ્વામી મારા પરિબ્રહ્મ એક ...૪

ચરાચર પ્રગટ ભીતર જુગ સ્થાપ્યો;
નરક વિડંબવા જમ કરી આપ્યો ... ૫

આત્મા પે તું કર્મ કરાવે;
કર્મ ભોગવવા દેહ ધરાવે ૬

જન્મ મરણ વશ આત્મા વગોવ્યો;
ડંસ ભરી તારા નામ શું ન રોયો ... ૭

જઈને સ્વામીજી તમો વડપત્ર સુતા;
તહીએ આત્મા કહો ક્યાં હતા ૮

અણછતો ભક્ત વિનતિ કરે કરજોડ;
તું મલે હવે સંકુષ્ટ[૧] છોડ ૯

૧. આવાગમનનાં સંકટો

૬૭૬. ધન ધન ગોકુલ આઠમની રાત - AS676 N851

(નાદબ્રહ્મ પદ-૮૫૧) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

ધન ધન ગોકુલ આઠમની રાત, નક્ષત્ર રોહિણી રે લોલ;
ધન ધન માતા દેવકી કહેવાય, વૈકુંઠ જનમ્યા રે લોલ. ..... ટેક

ભીડેલાં લોઢેલા કમાડ, તે ઉઘડી ગયા રે લોલ;
લઈને ચાલ્યા કારાગૃહથી, વસુદેવના કુંવરને રે લોલ. ૧

ઝીણા ઝરમર વરસે મેહ, શેષ નાગ છાયા ધરે રે લોલ;
આછી વેણ અંધારી રાત, ચાંદે અજવાળા કર્યા રે લોલ. ૨

આવી જમના જાઈ ભરપૂર, જમનાજીએ માર્ગ દીધો રે લોલ;
એટલે થઈ છે કંસને જાણ કે, ઉઠી બે બાકળા રે લોલ. ૩

પાવલે ગ્રહીને પછાડ્યા બાળ, હાથમાંથી ઉડી ગયા રે લોલ;
હું વીજળી ગઈ આકાશમાં રે, વેરી તારો ગોકુલમાં રે લોલ. ... ૪

નંદજીને આંગણે ઓચ્છવ થાય, વધામણી હરિ તણી રે લોલ;
અગાસુર બગાસુર મારવા મોકલ્યા, ચરણ સાઈ ચીર્યા રે લોલ. ... ૫

માશી પુતનાંના શોષ્યા પ્રાણ, તેને પાવન કરી રે લોલ;
ધન ધન માતા જશોદા માડી, હરિ ખોળે રમે રે લોલ. ૬

સાત પાંચ માસના થયા કહાન, ઘૂંટણીએ ચાલતાં રે લોલ;
હરિ તો રમતા આવ્યા ઘેર, માતા ધવડાવને રે લોલ. ૭

માતા આકુળ વ્યાકુળ થાય, દુધ ઉભરાઈ ગયા રે લોલ;
માતા જશોદા મહીંડા વલોવે, હરિને રીસ ચઢી રે લોલ. ૮

હરિ રમત ગેડી દલુડા, તે સોના તણા રે લોલ;
ગેડી મારી ગોરી માંય, ગોરીના કકડા કર્યા રે લોલ. ૯

આંગણે મહીં રેલાયાં જાય, હરિ માખણ ખાયે રે લોલ;
નવસે નવ્વાણું દમણા દોર, હરિ બંધાયા નહિ રે લોલ. ૧૦

હરિ તમે એક દમણે બંધાવો, માતાની રીસ ઉતરે રે લોલ;
મુખમાં ચૌદ ભુવનના નાથ, મૂર્છા ખાઈ પડ્યા રે લોલ. ૧૧

માતાને ઉના ટાઢા વાયરા નાંખો, માતાને બેઠા કરો રે લોલ;
વ્હાલે મારે હાથ લાકલડી ઝાલી, ગૌધન ચારવા રે લોલ. ૧૨

દડુલો નાંખ્યો જમુના માંય, જઈ મધ્યે પડ્યો રે લોલ;
વ્હાલો મારો ચડ્યો કદમની ડાળ, જળ ઝંપલાવ્યું રે લોલ. ... ૧૩

હરિ તો પહોંચ્યા પાતાળ માંહી, નાગને નાથવા રે લોલ;
આ ક્યાંથી આવ્યું નાનેરું બાળ, નાગ મારશે રે લોલ. ૧૪

આવડો ના કર અહંકાર જગાડ તારા નાગને રે લોલ;
ગેડી મારીને નાગને જગાડ્યો, લઈને ચાલ્યા રે લોલ. ૧૫

નવસો નાગણ ફરી વળી, મેલો મારા નાગને રે લોલ;
અહીં નહીં મેલું તારો નાગ, મેલું ગોકુલ મથુરામેં રે લોલ. ૧૬

હરિએ કાલિ નાગ જ નાથ્યો, ગોકુલ આવ્યા રે લોલ;
એટલે થઈ છે કંસને જાણ, ઊઠી બેબાકળો રે લોલ. ૧૭

ચાલો મામા રાઢ વઢવાડે જઈએ, અંગોઅંગ મળીએ રે લોલ;
મામા ભાણેજ મળ્યા અંગોઅંગ, ભચડી પ્રાણ કાઢ્યાં રે લોલ. ... ૧૮

→

માતા થાળ ભરી જલ લાવ્યા, હરિના ચરણ ધોયાં રે લોલ;
માતા થાળ ભરી મોતી લાવ્યા, મોતીડે વધાવ્યા રે લોલ. ૧૯

જે કોઈ ગાઈને ગવડાવે, શીખે સાંભળે રે લોલ;
નરસૈંયો ગાઈ રહ્યો ગુણ, વૈકુંઠ પામવા રે લોલ. ૨૦

૬૭૭. આજ મારે અષ્ટમીને દિન કે - AS667

(નૂતન ગરબાવલિ પદ-૧૯, પૃષ્ઠ-૩૦)

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

આજ મારે અષ્ટમીને દિન કે, દીપ પ્રગટાવ્યો રે લોલ
એને અજવાળે અજવાળે કે, વ્હાલો મારો આવ્યો રે લોલ ..... ટેક

રસની થઇ છે રેલમ છેલ કે, આજ મારે આંગણે રે લોલ
તરીયા તરીયા તોરણ આજ કે, બાંધ્યા બારણે રે લોલ ૧

ઊંબર વિધ વિધ જાતની ભાત કે, અવનવા રંગની રે લોલ
મંડળી હળીમળી હરિ ગુણ ગાય કે, શોભા સંતની રે લોલ ૨

ભલે ભલે આવ્યા ભગવાન કે ભાગ્યશાળી અમે થયાં રે લોલ
ઉઘાડ્યાં ઉઘાડ્યાં પુન્ય અપારે કે, દુઃખડાં હરી ગયા રે લોલ ૩

શામળે સ્નેહ સ્મૃતિ સિંચ્યા કે, મરવું મટી ગયું રે લોલ
ગોવિંદ ગદ્‌ગદ કંઠે ગાય કે, દિલડું ડોલી રહ્યું રે લોલ ૪

૬૭૮. પળવે પાતળીયા ગીરધારી કે - AS678

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

પળવે પાતળીયા ગીરધારી કે, મારે મહેલે આવજો રે લોલ
બીજે બાળક બેઠુ બહાર કે, મેં સમજાવિયુ રે લોલ ..... ટેક

ત્રીજે ત્રણ રે ભુવન ના નાથ કે, મોતિડે વધાવિયા રે લોલ
ચૌથે ચંચળ વરણી નાર કે, ગોકુળ ગામની રે લોલ ૧

પાંચમે પગલા ભરજો પ્રેમે કે, મારે મહેલે આવજો રે લોલ
છઠ્ઠે છોગાળા ભગવાન કે, ભગત ને તારવા રે લોલ ૨

સાતમે શરદ કરે એક નાર કે, ગોકુળ ગામની રે લોલ
આઠમે અવતર્યા ભગવાન કે, નિરખુ નાથને રે લોલ ૩

નવમે નૃત્ય કરે એક નાર કે, ગોકુળ ગામની રે લોલ
દશમે માર્યો મામો કંસ કે , મથુરાની વાટમાં રે લોલ ૪

એકાદશી પરણી લાવ્યા નાર કે, સત બ્રહ્મા તણી રે લોલ
બારસે બહુ બળીયા ભગવાન કે, દશો દિસ વ્યાપી રહ્યો રે લોલ ...૫

તેરસે ધન ધ્રુવે એક નાર કે, ગોકુળ ગામની રે લોલ
ચૌદશે બંસી બટનો ચોક કે, રાસ રમાડ્યા રે લોલ ૬

રાસ રમ્યા રે ફળીયા માહિ, જોવાની મજા પડી રે લોલ
પુનમે પંદર તિથી થઇ પુરી કે, હરિ ગુણ ગાઇ રહ્યા રે લોલ ૭

૬૭૯. મેરી ઝોપડી કે ભાગ આજ ખુલ જાયેંગે રામ આયેંગે - AS679

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

મેરી ઝોપડી કે ભાગ આજ ખુલ જાયેંગે રામ આયેંગે
રામ આયેંગે આયેંગે રામ આયેંગે ....

રામ આયેંગે તો અંગના સજાઉંગી
દીપ જલા કે દિવાળી મેં મનાઉંગી
મેરે જનમો કે સારે પાપ મિટ જાયેંગે રામ આયેંગે ૧

રામ ઝુલેંગે તો પાલના ઝુલાઉંગી
મીઠે મીઠે મેં ભજન સુનાઉંગી
મેરી ઝિંદગી કે સારે દુઃખ મિટ જાયેંગે રામ આયેંગે ૨

મેં તો રુચિ રુચિ ભોગ લગાઉંગી
માખન મિશ્રી મેં રામ કો ખીલાઉંગી
પ્યારી પ્યારી રાધે પ્યારે શ્યામ સંગ આયેંગે શ્યામ આયેંગે ...૩

૬૮૦. દિવ્ય કૃપાને ઢાળો - AS680

રાગ - ગોડી [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

દિવ્ય કૃપાને ઢાળો, દયામય, દિવ્ય કૃપાને ઢાળો

માર્ગ ભર્યો અંધારે મારો, અમૃતથી અજવાળો;
કંટક-કંકર દૂર કરી દો, નૌકા મારી તારો ..... દયામય

રોજ પ્રભાતે કરું પ્રતિક્ષા, વચન તમારું પાળો;
દીન પર દયા લાવો આજે, મરતાને ના મારો ..... દયામય

'પાગલ' અંતર તલસે તેને, શીતળ સ્પર્શે ઠારો;
આધાર તમારો છે એકલ, પોકાર સુણો મારો ..... દયામય

"સાંઈ સંગીત" – ૬૪, શ્રી યોગેશ્વરજી

૬૮૧. ગુરુજીના શરણમાં શાંતિ મળી - AS681

રાગ - કાનડો [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

ગુરુજીના શરણમાં શાંતિ મળી (૨)
ગુરુના ચરણે ગંગાયમુના, સ્નાન કરીને ભ્રાન્તિ ટળી ..... ટેક

ગુરુના ચરણે અડસઠ તીરથ, દર્શનથી કૃતકૃત્ય બની;
ગુરુના ચરણે સઘળાં શાસ્ત્રો, વેદપુરાણની ઝાંખી મળી ૧

ગુરુમાં બ્રહ્મા, ગુરુમાં વિષ્ણુ, શિવ અને શક્તિ સ્વરૂપ મહીં
ગુરુકૃપાની અમૃતધારા, પામીને જીવનમુક્તિ મળી ૨

"અંજલિ" - ૪૬, મા સર્વેશ્વરી

૬૮૨. કરવું સંતોનું સન્માન - AS682

રાગ - કલ્યાણ [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

કરવું સંતોનું સન્માન, હો મનવા, કરવું સંતોનું સન્માન
ચરણ મહી તેના શિર ધરવું, મૂકી સર્વ ગુમાન ..... ટેક

પ્રભુ માટે છે કાયા જેની, જે પ્રભુના જ ગુલામ,
પ્રભુના પ્રેમે બડભાગીને, દિલનું દેવું દાન ૧

દંભ મૂકી સેવી તેઓને, કરવું નિજ કલ્યાણ,
ધન, વિદ્યા, વય કે વૈભવનું, ધરવું ન કદી ધ્યાન ૨

નમ્ર બની સત્કાર કરીને, ધરવાં વચનો ધ્યાન,
શીતલ કરવું અંતર તેમજ શીતલ કરવા કાન ૩

પ્રસન્ન બનતાં સંતો એવા દે મંગલનું દાન,
'પાગલ' જાણે ના ક્યાં કેવે રૂપ મળે ભગવાન ! ૪

"આલાપ" - ૪૪, શ્રી યોગેશ્વરજી

૬૮૩. જગમાં તે જ મહા બડભાગી - AS683

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

જગમાં તે જ મહા બડભાગી, જેને પ્રીત તમારી જાગી

ધન ને ધામ ભલે ના હોયે, હોય ન વિષય-અનુરાગી,
તો પણ તે બડભાગી સાચે, જેને લગની લાગી. ૧

વિદ્યાવાન ભલે ના હોયે, હોય ન કે યશભાગી,
હોય ગમે તે જાતિ મહીં, તે ભક્ત ખરે બડભાગી. ૨

તમારી કૃપા સિવાય, બીજી તૃષ્ણા જે દે ત્યાગી,
તે જ ધન્ય છે મુક્તિ તેને મળવાની વણમાગી. ૩

નિર્મલ થાજે નમ્ર, સર્વના મંગલનો અનુરાગી,
'પાગલ' પ્રાર્થે એવો મુજને, સદા કરો બડભાગી. ૪

"આલાપ" - ૨૫, શ્રી યોગેશ્વરજી

૬૮૪. પીવો પ્રભુનો પ્રેમ - AS684

રાગ - હિંડોળાનું મારૂ [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

પીવો પ્રભુનો પ્રેમ, જગતમાં પીવો પ્રભુનો પ્રેમ.
અહંકારને આરોગીને, લભવી પ્રભુની રે'મ ..... ટેક

તનમનથી પ્રભુને સેવવા, નિયમિત રાખી નેમ,
ચંચલ પ્રભુને માટે બનવું, અન્યકાજ મૃત જેમ ૧

એક વિપળ પણ વિશ્વવિહારી, પ્રભુ વિસરાયે કેમ,
વર્તન કરવું પ્રેમી બનતાં, ઇચ્છી લે તે તેમ ૨

એને શરણે જવું ચરણમાં, કરવો કેવલ પ્રેમ,
યાપન કરવું એને કાજે, જીવન ઉત્સવ જેમ ૩

'પાગલ' બનતાં મળી જાય, એ પુકારતા સપ્રેમ,
અમૃતસ્વાદ મળે અંતરને, કહેવાય તે કેમ ? ૪

"આલાપ" - ૩૪, શ્રી યોગેશ્વરજી

૬૮૫. પ્રભુ પ્રેમે કરી પધારો - AS685

રાગ - ધમાર [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

પ્રભુ પ્રેમે કરી પધારો,
હાં રે હનિ હો મારા વ્હાલા, મારા મનમંદિરમાં આવો.

ઝગમગ ઝગમગ જ્યોત જલે છે, ધૂપ સુવાસિત સારો;
વીણા ને કરતાલ મિલાવી, રાતદિન કરું હું પુકારો. ૧

આંખલડી આતુર છે મારી, અમૃતને વરસાવો;
દર્દ હૃદયમાં આગ જગાવે, આલિંગનથી ટાળો ! ૨

બહુબહુ દિનથી વાટ નિહાળું, વાર હવે ન લગાડો;
મંદિર મારું છેક જ સૂનું, મિલનનું બીન બજાવો. ૩

અંતર્યામી તમે તો વધારે, વાતો કેમ લખાવો,
નવજીવન દો મૃતને સ્નેહે, સંજીવની લગાવો. ૪

"આલાપ" - ૧૧૪, શ્રી યોગેશ્વરજી

૬૮૬. જરી આવો રે, પ્રિય આવો રે - AS686

રાગ - ગરબી (મારે આજ રે આનંદનો દિન છે જો)

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

જરી આવો રે, પ્રિય આવો રે,
હરિના ભજનનો લ્હાવો લઇએ !

દિવસ રાત કાળ માળા જપી રહ્યો,
અજપાજાપે જપી એને લઇએ ! ... જરી.

સૂરજ ને ચંદ્ર જેને ફેરા ફરી રહ્યા,
પ્રેમ થકી પૂજી સૌ એને લઇએ ! ... જરી.

સુખ છે ભજન જેવું સંસારે એક ના;
આનંદ-સાગરમાં ન્હાઇ લઇએ ! ... જરી.

કરતાલ ઝાંઝ કે તાળી વગાડતાં,
બેચાર આંસુ જરી સારી લઇએ ! ... જરી.

હરિની કૃપા અખંડ વરસી રહી છે,
દુઃખના ડુંગર શાને વહોરી લઇએ !.. જરી.

"આલાપ" - ૧૨૭, શ્રી યોગેશ્વરજી

૬૮૭. યાદ તમારા વિના કરૂ શું ? - AS687

રાગ - પાલવડો [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

યાદ તમારા વિના કરું શું ?
શું યાદ તમારા વિના કરું હું ?

ઊઠી પ્રભાતે પ્રથમ તમારા, ચરણોમાં પ્રણિપાત કરું છું;
શ્રધ્ધાના બે શબ્દ સુણાવી, પ્રેમતણાં બે પુષ્પ ધરું છું ૧

તમે જ મારાં સ્વજન હિતેચ્છુ, માતપિતા ને ગુરૂ ગણું છું;
પાલક તારક ને ઉધ્ધારક, ક્લેશ તમારા થકી હણું છું ૨

તમારા સમું કો' સંસારે, તમને સ્વામી શ્રેષ્ઠ ગણું છું;
તન મન એક તમારા ભાવે, સત્ય કહું દિનરાત વણું છું ૩

'પાગલ' ના પ્રભુ કૃપાળુ છો તો, સ્તવન કરીને શાંતિ લહું છું;
જો જો ભૂલ ન થાય જરીયે, વંચિત કૃપા થકી ના રહું હું ! .. ૪

"સાંઈ સંગીત" – ૫૬, શ્રી યોગેશ્વરજી

૬૮૮. મનવા રામનામ રટ તું ! - AS688

રાગ - ધનાશ્રી [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

મનવા રામનામ રટ તું !

ભ્રાંતિ લઇને ભમે નિરંતર, સંસારમહીં શું ?
વિશ્રામ તને મળશે મોટો, સત્ય કહું છું હું ! ૧

રામચરણનું સેવન કર ને, રામ ભજી લે તું
કામક્રોધ ને માયામમતા, કરશે નહીં કશું. ૨

વખત વીતતો વાયુવેગથી, ના રોકાય તસુ;
પ્રમાદ તજ ને તત્પર બન, તો સુધરે સમય હજુ. ૩

મિથ્યામાં છે રાગ કર્યા તેં, વિસર્યો દિવ્ય વસુ,
'પાગલ' બડભાગી બન, કરતાં રાગ રામમાં તું ! ૪

"આલાપ" - ૭૦, શ્રી યોગેશ્વરજી

૬૮૯. શું માગું રે શું માગું - AS689

રાગ - ગરબી (લોક રસિયા રે) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

શું માગું રે શું માગું, કહે તારી પાસે તે શું માગું ?

પાશેર લોટ મને ખાવા મળી રહે,
ધનને તારી પાસે શું માગું ૧

ઝૂંપડી રહેવાને જ્યાં ત્યાં મળી રહે,
રાજપ્રસાદ તે શું માગું ૨

માન અને કીર્તિની પરવા ના મારે,
બેઠો ધરાઇને શું માગું ૩

તારી કૃપાથી મારે કૈંયે ના કાળ છે,
માગું તો એક તારું મનડું માગું ... ૪

"આલાપ", શ્રી યોગેશ્વરજી

૬૯૦. છે સારથિ પદ સોંપ્યું તમને - AS690

રાગ - સામેરી, પંચમ, મેવાડો [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

છે સારથિ પદ સોંપ્યું તમને, પછી ચિંતા થાય જરાય નહીં,
રથ સર્વ સમર્પ્યો છે તમને, પછી શોક સતાવે જરાય નહીં ..... ટેક

ભય ક્યાં તેને ક્યાં ભેદ વળી, ક્યાં બંધન મોહ અશાંતિ જરી,
જેને અપનાવો પૂર્ણપણે, એને અફસોસ જરાય નહીં ૧

મહાભારતના મેદાન મહીં, શસ્ત્રાસ્ત્રોના ખખડાટ થતા,
યોધ્ધાઓ લલકારે લડવા, તોય થાય નિરાશા લેશ નહીં ૨

મને આશ્રય એક તમારો છે, સંપૂર્ણ સદાનો સહારો છે,
સાફલ્ય વિજયની ના શંકા, શુચિ કરુણાધારા જાય વહી ૩

"આરતી" - ૪૭, શ્રી યોગેશ્વરજી

૬૯૧. હરિએ કીધાં સર્વેશ્વરીના કામ સામે પધારી રે - AS691

રાગ - અકેલી [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

હરિએ કીધાં સર્વેશ્વરીના કામ, સામે પધારી રે
સ્વરૂપે સંભળાયો સાદ, સુકાન સ્વીકાર્યું રે

નથી તેડ્યા નથી લખાવ્યા નોતરા નહીં દીધાં રે
એકાંતે દીઠી આંસુધાર, હરિ હરખાયા રે
..... સામે પધારી રે ૧

ભિક્ષા કાજે ઊભા ભગવંત, ભીખી બાને આંગણે રે,
કાલિ મંદિર કરે કન્યાદાન, કર્પૂરવન ઝુક્યું રે.
..... સામે પધારી રે ૨

રથ હાંક્યો હરિને દ્વાર, અગમપંથ કાપ્યો રે,
આઠે પ્રહર આનંદના જામ, આ કંઠ પીવડાવ્યા રે.
..... સામે પધારી રે ૩

હરિ અંકે થઈ છે પથારી, જંજાળ હઠાવી રે,
સેવા કરે છે સર્વેશ્વરીનાથ, સ્વરૂપે સંતાઈ રે.
..... સામે પધારી રે ૪

૬૯૨. આવજે મારા મનમંદિરમાં, શ્યામલ કૃષ્ણા તું - AS692

રાગ - રામકલી [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

આવજે મારા મનમંદિરમાં, શ્યામલ કૃષ્ણા તું

કામક્રોધ પર પગલાં ધરીને, પ્રેમવારિથી પાવન કરીને
હૃદયાસન પર બિરાજવાને, આવજે કૃષ્ણા તું ૧

તારાં દર્શન કરવા કાજે, કંટક કંકર છોને આવે
પ્રેમપંથ પર શ્રદ્ધાં કેરાં, ફૂલડાં વેરજે તું ૨

પ્રયત્ન ને પુરુષાર્થ સહારે, શ્રદ્ધાને ભક્તિના રાહે
સ્નેહે સ્વીકારજે આવું જ્યારે, ચંચલ ચાલે હું ૩

સદગુણોના પુષ્પ ધરું હું, વિવેકનો દીવડો પ્રગટાવું
પ્રેમચંદને તિલક કરું તો, પૂજા સ્વીકારજે તું ૪

"અર્ઘ્ય" - ૧૯, મા સર્વેશ્વરી

૬૯૩. મન મથુરાને કાયા કાશી દિલ દ્વારકા - AS693

રાગ - ગરબી (મારા મનગમતા મહારાજ...)

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

મન મથુરાને કાયા કાશી દિલ દ્વારકા
ગંગા યમુના સરસ્વતીનો સંગમ થાય શુચિ ત્યાં ..... ટેક

મંદિર મંદિર ફરી રહ્યો તું મંગલ મન મંદિર આ,
અણુ અણુમાં ને અખિલ જગતમાં વસે વિશ્વપતિ આ ૧

ઝાંખી કરતું જરીક પ્રેમે બંધન પછી રને ના.
સફળ જન્મ ઉત્સવ સમ થાયે, ભમે ભ્રાંતિ સાથે ક્યાં ? ... ૨

બદલ બદરી, વદન વિશ્વનાથ, જગત જગન્નાથ આ,
રોમ રોમ રામેશ્વર, કોઈ તીર્થ નિરાળું ના ૩

"આરતી" – ૬૭, શ્રી યોગેશ્વરજી

૬૯૪. મને ગોવિંદ રૂપે ગુરુજી મળ્યા - AS694

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

મને ગોવિંદ રૂપે ગુરૂજી મળ્યા, જેથી જન્મ મરણના ફેરા ટળ્યા
ગુરૂજીએ આપી જ્ઞાનની ગોળી, લીધી મેં તો પ્રેમ ધરી ..... ટેક

જ્ઞાનની ગોળીએ ઘેલી કીધી, લોકલાજને મેલી દીધી
સંતની સંગે બની દિવાની, પ્રભુભક્તિની મસ્તી ચઢી ૧

સ્વજનોની સંગત લાગી પ્યારી, સંગત પ્રભુની બની પ્યારી
સ્વજનોની સંગત સ્નેહે છોડાવી, દિવ્ય દર્શનની ઝાંખી ધરી ...૨

"અર્ઘ્ય" - ૧૨, મા સર્વેશ્વરી

૬૯૫. વ્હાલા લેને તારે શરણે કરગરી કહું છું તને - AS695

રાગ - મંગલ [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

વ્હાલા લેને તારે શરણે, કરગરી કહું છું તને,
વ્હાલા વિલંબ ન શોભે તને, કસોટી શાને કરે? ..... ટેક

પ્રેરણા તેં જગાડી તો આવી, તારા પંથમહીં,
સંતાઈને કરે છે શું, દોડી આવ અહીં. ૧

અજાણી, અટૂલી એકલડી, બેઠી આ મંદિરિયે,
પ્રભુપંથે પકડો બાંય, યોગેશ્વર માત હવે. ૨

માવડી બનીને પધારી તો, શોભે શું આવું રે,
તારા બાળની જાશે લાજ, વધારે શું ગાવું. ૩

દયા લાવીને દીનદયાળી, દિવ્યરૂપે આવ જરી,
મારી જીવનનૌકા ચલાવ, આવકારું વ્હાલ ધરી ... ૪

"અર્ઘ્ય" - ૪૩, મા સર્વેશ્વરી

૬૯૬. સગપણ શ્રીવરનું સાચું રે - AS696

રાગ - વેદ પુરાણ [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

સગપણ શ્રીવરનું સાચું રે, બીજું બધું દુનિયાનું કાચું રે
એમાં કાંઇ સ્વારથ ના ભાળું રે, સંસાર તો સ્વારથનું જાળું રે ... ટેક

આજકાલ હંમેશાં સાચું રે, દિનદિન વધનારું ઝાઝું રે
જેણે એ તાણીને બાંધ્યું રે, ના દુઃખ તેને કો'દી આવ્યું રે ૧

મરણ પછી મુક્તિ દેનારું રે, જીવનમાં અમૃતનું ટાણું રે
સનાતન સગપણ આ મારું રે, અનુભવે જાણીને ગાયું રે ૨

- શ્રી યોગેશ્વરજી

૬૯૭. હે હરિ ! તારે દ્વારે મુજને - AS697

રાગ - ધોળ (જમુના જળમાં ...) [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

હે હરિ ! તારે દ્વારે મુજને, દર્શનનું સુખ આપજે

સર્વ સંબંધોનો છેદ ઉડાડીને, તારા ચરણમાં વાળજે
જન્માંતરની સર્વ ભૂલોને, ક્ષમા કરીને સ્વીકારજે

દેહ છોડીને દેવ ના દેશે, સ્નેહ ધરી સંભાળજે
દૃષ્ટિ અમારી દિશાહીન છે, દિવ્ય અંજન આંજજે

દિલ વહેંચાયું આ દુનિયાને, ત્યાંથી પાછુ વાળજે
સર્વેશ્વરીના પરમસખા હે, સઘળું પાર ઉતારજે

-મા સર્વેશ્વરી

૬૯૮. યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના - AS698

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના
સાથી બનજો યોગેશ્વર પરમાત્મા. ૧

સર્વ દેવ-દેવી અનુકૂળતા આપજો,
યોગેશ્વર પ્રભુ સઘળા સંકટ કાપજો. ૨

જીવનની મંગલ યાત્રામાં પધારજો,
સુખ, શાંતિ, સંતોષની મૂડી વધારજો. ૩

નિંદ્રા, આળસ, ક્રોધ ને થાક હઠાવજો,
સંસારી બંધનને સહેજે ભૂલાવજો. ૪

ગૃહસ્થીઓને સજ્જન સાચા બનાવજો,
ઉદારતા વળી પવિત્રતાને વધારજો, ૫

પરમાનંદે સૌને મગ્ન બનાવજો,
સૌને આપના શ્રી ચરણોમાં રાખજો. ૬

હરિના સ્મરણે સૌને મસ્ત બનાવજો,
જીવનયાત્રા પૂર્ણપણે શણગારજો. ૭

સર્વેશ્વરીની વિનંતી પ્રેમે સ્વીકારજો,
જીવનયાત્રા સૌની સફળ બનાવજો. ૮

-મા સર્વેશ્વરી

૬૯૯. આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભુ ? - AS699

રાગ - પ્રભુ દ્વાર તમારા ખોલો રે

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભુ ?
એ સર્જકનું સરનામુ રે કોણ બતાવે ?

આ શ્યામ વાદળા વચ્ચે, સોનેરી રેખ બતાવે
સમજાવે નથી અંધારૂ રે – કોણ છે ઉભુ ?

આ અમાસને વળાવી, ને ચાંદની પ્રગટાવી
ચમકાવે જીંદગી સૌની રે – કોણ છે ઉભુ ?

આ મધુર હાસ્ય ફરકાવી, નિત શક્તિ સ્ફૂર્તિ વધારી
દર્શાવે દૈવી હાજરી રે – કોણ છે ઉભુ ?

આ સુની પડી સીતારી, મૃદુ સ્પર્શે ઝંકૃત કીધી
સમર્પણ સૂર રેલાવે રે – કોણ છે ઉભુ ?

આ હરિયાળી છે ધરતી, પાનખરે છે પલટાવી
એ રમત રમે છે દૈવી રે – કોણ છે ઉભુ ?

-મા સર્વેશ્વરી

૭૦૦. આ દેહ ખરેખર કોનો રે જાણી તું લેજે - AS700

રાગ - પ્રભુ દ્વાર તમારા ખોલો રે

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

આ દેહ ખરેખર કોનો રે જાણી તું લેજે

આકાશ, પૃથ્વી કહે મારો, જળ, વાયુ કહે છે મારો
અગ્નિદેવ કહે છે મારો રે – જાણી તું લેજે

માવતર વદે છે મારો, સગા, સ્નેહી સ્વીકારે મારો
મિત્રો વળી માને મારો રે – જાણી તું લેજે

હરિ હાથમાં એ રમનારો, કોઈનો નથી ના એ થવાનો
કાળક્રમે વિસર્જન વારો રે – જાણી તું લેજે

વચગાળાનો એ વિસામો, ભવ સાગરનો છે કિનારો
તરવાનો બને તરોપો રે – જાણી તું લેજે

દેવલોકે દુર્લભ માન્યો, ગુરૂકૃપાથી એને જાણ્યો
સર્વ દિશાથી એ સચવાયો રે – જાણી તું લેજે

નામ સ્મરણે એને સજાવ્યો, વ્રત, તપથી એને વધાવ્યો
હરિ દર્શનનો મળ્યો લ્હાવો રે – જાણી તું લેજે

ૐૐૐ

૭૦૧. પ્રભુ દ્વારે તિરાડ પાડો રે જોઈ શકીએ તમને - AS701

રાગ - પ્રભુ દ્વાર તમારા ખોલો રે

[અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

પ્રભુ દ્વારે તિરાડ પાડો રે જોઈ શકીએ તમને

તમે જોયા કરો છો અમને, અમે જોઈ શકીએ તમને
રમત એવી રમાડો રે – જોઈ શકીએ તમને

જગના વિષયોને માણ્યા, એણે દરિયામાં ડૂબાડ્યા
તમે સૌને સહજમાં તાર્યા રે – જોઈ શકીએ તમને

રાતદિવસ રૂપ નિહાળુ, વિષયોને મારો તાળુ
આ જીવન બને તમારું રે – જોઈ શકીએ તમને

સર્વેશ્વરીના સુખદાતા, માંગ્યુ છે તે દેનારા
સંનિધિ સુખ ધરનારા રે – જોઈ શકીએ તમને

-મા સર્વેશ્વરી

૭૦૨. મનવા લેને હરિનું નામ - AS702

રાગ - મંગલ [અનુક્રમણિકા-૧૮ Index_front Index_back]

મનવા લેને હરિનું નામ, સંકટ તારાં શમશે રે,
આધિવ્યાધિ ટળી જશે સૌ, ત્રણે તાપ ટળશે રે.

હરતાં ફરતાં લેને હરિનામ, વિધિ નથી કોઈ રે,
પાણી વેગે જીવન ચાલ્યું જાય, શાને રહ્યો જોઈ રે ?

ખંખેરી દેને આળસ તારી, કમ્મર કસ ભાઈ રે,
નામ જપતા જશે તું તરી, શંકા નથી કાંઈ રે.

પ્રભુને સોંપ બધી તારી ચિંતા, તું જા તેને શરણે રે,
તેની માગ કૃપા દિનરાત, આનંદ મહા મળશે રે.

જોને મીરાં ને પ્રહ્લાદ, નરસિંહ સૂર તુલસી રે,
કહે પાગલ તરી ગયાં સૌ, પરમાત્માના ગુણથી રે.
- શ્રી યોગેશ્વરજી

૭૦૩. ગુરૂજી શરણે સ્વીકારો આ દાસ - AS703

રાગ - કાનડો [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

ગુરૂજી શરણે સ્વીકારો આ દાસ (૨)
આત્મમંદિરના પાપ ડાઘ ધોઈને, દીધો પરમ પ્રકાશ ... ટેક

હું ના કોઈનો કોઈ ન મારા, મિથ્યા માયા ઉલ્લાસ;
ધુવડનેત્રે ઓળખી શક્યો ના, હું આત્મા અંધ ઉદાસ ૧

આત્મજ્યોતિ પ્રગટી અંતરમાં, હવે ન બાકી આશ;
શરણાગત હું સર્વ પ્રકારે, નિભાવજો અવિનાશ ૨

આત્મા સમર્પું ગુરૂચરણમાં, દેજો મોક્ષે વાસ;
ગુરુ વિરહાતુર રડી રહ્યો છું, શીઘ્ર બોલાવો પાસ ૩

વલ્લભ વિષ્ટિ ભાગ-૪, પદ-૧

૭૦૪. બોલો બોલો ઑં પરમાત્મા - AS704

રાગ - પહાડી (ચલ ઉડ જા રે પંછી...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

બોલો બોલો ઑં પરમાત્મા, ***મનવા***, સફળ થશે અવતાર

પાપ કરે જે રાત્રિ દિવસ, તે ન બોલી શકનાર;
એક જ જન્મે જે તરવાના, તે જ કરે ઉચ્ચાર.
જન્મ દીધો ને ધાવણ ભરિયાં, ઉપકાર એના હજાર;
તે ઉપકારે ભૂલે જે માનવ, તેને લાખો ધિક્કાર .....બોલો ૧

કોણ તમે યા કોના સંબંધી, કોને માટે વ્હેપાર;
ક્યાંથી આવ્યા ને ક્યાં તમે જાશો, કેમ થશે ઉદ્ધાર.
માયા મોહમાં ભૂલા પડીને, શાને ડૂબો મઝધાર;
નારી ઘરબારે સગાં સ્મશાને, છોડી કરે હદપાર .....બોલો ૨

ઑં પરમાત્મા મંત્ર ભણીને, પેઢી ઈકોતેર તાર;
હું, તું, તે મારું કરવામાં, વ્યર્થ ગયો અવતાર.
પાપ વડે આ પિંડ ભર્યો છે, નથી ધર્મ સંસ્કાર;
છતાં શુદ્ધ થઇ કર્મ કરો તો, વલ્લભ બેડો પાર .....બોલો ૩

વલ્લભ વિષ્ટિ ભાગ-૪, પદ-૪

૭૦૫. જગતમાં જન્મ લેનારા - AS705

ગઝલ કવાલી (જનારા જાય છે તું ક્યાં ...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

જગતમાં જન્મ લેનારા, જીવનનો સાર જોતો જા;
જીવે છે તું જે આશાએ, તે આશા પૂર્ણ કરતો જા ..... ટેક

જગતની જુલ્મી જ્વાળાઓ, કરોડો આત્માને બાળે;
થયા કૈં ભસ્મ તું થાશે (૨), તો તેની રાખ જોતો જા ૧

ભર્યો સંસાર સાગર આ, મદ મોહથી મહા તોફાની;
પડેલો ભાર દરિયામાં (૨), કિનારો કાંક જોતો જા ૨

પડ્યો છે પૂર્વના પાપે, પસ્તાયે પાર નહિ આવે;
લઇ સત્સંગનો સાબુ (૨), પાપનો મેલ ધોતો જા ૩

તજી મોહ, લોભ ને મત્સર, આત્માનું જ્ઞાન મેળવજે;
આત્મ કલ્યાણ કરનારું (૨), સૌને જ્ઞાન દેતો જા ૪

મોક્ષ માર્ગે ચઢતાં, માયાનો જુલ્મ બહુ થાશે;
પ્રવાસી વ્યાસ એકલો તું (૨), સત્કર્મ સાથ લેતો જા ૫

વલ્લભ વિષ્ટિ ભાગ-૩, પદ-૩૨

૭૦૬. એક દિન જાવું હરિના ધામમાં - AS706

રાગ - કેદાર (દર્શન દ્યો ઘનશ્યામ...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

એક દિન જાવું હરિના ધામમાં, ચેતીને ચાલો સંસારમાં ..... ટેક

જોજો એ દિવસ ઓચિંતો આવશે, રહેજો સદ્‌ગુરુના ધ્યાનમાં;
એની ખબર સંદેશો ના આવશે (૨),
નહિ આવે તાર કે ટપાલમાં ૧

લેશે જવાબ ત્યાં પાપો ને પુણ્યનાં, સમજીને લેજો એ ધ્યાનમાં;
મારા મારા જેને માની રહ્યા છો (૨),
ત્યાં તો એ નહીં આવે કામમાં ... ૨

ભાથું ભક્તિનું સાથે લઇ લેજો, જો જો ન ભૂલતા બેભાનમાં;
ભૂલી ન જાશો સદ્‌ગુરુ **વ્યાસ**ને (૨),
રાખો ચિત્ત પરમધામમાં 3

વલ્લભ વિષ્ટિ ભાગ-૪, પદ-૭૧

૭૦૭. બળ્યો-ઝળ્યો એક હુતાત્મા - AS707

રાગ - ગરબી (મારા મનગમતા મહારાજ...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

બળ્યો-ઝળ્યો એક હુતાત્મા, આવ્યો ગુરુ તુજ દ્વાર;
પાય કંપે ને વાન ધ્રુજે છે, થાક્યો-પાક્યો આર્ય બાળ ... ટેક

સંસાર સરવર કિનારે, સ્વપ્ન સુખ મોઝાર;
વિસામો લેતાં વાટ ભૂલ્યો ત્યાં, દર્દ ને દુઃખ અપાર
... આવ્યો ગુરુ તુજ દ્વાર ૧

સુખ સમૃદ્ધિ, સત્તા, શાંતિ કાજ, નિશદિન દોડ્યો હદપાર;
સુખ ત્યાં દુઃખ દાવાનળ ભડકા, વરસાવે અંગાર
... આવ્યો ગુરુ તુજ દ્વાર ૨

હૈયું હાથ રહેતું નથી હવે, અશ્રુ વહે ચોધાર;
છાનો રાખો દીન-દયાળુ, એક આપનો આધાર
... આવ્યો ગુરુ તુજ દ્વાર ૩

જીવન જ્વાળામુખીની જ્વાળા, હૈયું સળગાવનાર;
અલ્પ સમય છે પાપ છૂટે નહિ, શોધું અમૃતકિનાર
... આવ્યો ગુરુ તુજ દ્વાર ૪

વ્યાસ શુક સંવાદ, પૃષ્ઠ-૩૫૦

૭૦૮. પધારો પધારો મમ, હૃદય મંદિરે - AS708

રાગ - રામકલી

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

પધારો પધારો મમ, હૃદય મંદિરે, સદ્‌ગુરૂદેવ પધારો

તમ દર્શનથી પાવન થઇએ, મનોભાવ સિદ્ધ થાએ;
અપરાધો સહુ ક્ષમા કરીને, આત્મિક શક્તિ વધારો ૧

સિંહાસન મેં સરસ બનાવ્યું, શ્રદ્ધા કેરું સુંદર;
દૃઢ વિશ્વાસ છે ગુરૂવચન પર, ટાળો વિષય વિકારો ૨

ચંદન અરચું ચંચળ મનનું, મોહ્યું તમ દર્શનમાં;
તન મન ધન અર્પણરૂપ પુષ્પો, નૈવેદ ધ્યાનનો ધારો 3

પ્રેમલક્ષનો પંખો બનાવ્યો, સુંદર વાયુ ઢોળે;
આત્મવિચારની દોરે ખેંચુ, ભૂલ અમારી સુધારો ૪

દાસ તમારો તલસી રહ્યો છું, આત્મિક ભાવે મળવા;
સદ્‌ગુરૂ વલ્લભરામ કૃપાથી, મોક્ષ મેળવનારો ૫

વલ્લભ વિષ્ટિ ભાગ-૪, પદ-૬૪

૭૦૯. પ્રભુ પ્રેમનો પરસાદ લેજો રે - AS709

રાગ - કલાવતી (ફૂલ તુમે ભેજા ખત્મે...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

પ્રભુ પ્રેમનો પરસાદ લેજો, ભાવના છો ભૂખ્યા રે
દાસોને દરશન દેજો, ભાવના છો ભૂખ્યા રે ..... પ્રભુ પ્રેમ ૧

ઓ પ્રભુ વિદૂર ભક્તની, ભાવે જમ્યા ભાજી રે
કેળાના છોતરે રાજી, ભાવના છો ભૂખ્યા રે ..... પ્રભુ પ્રેમ ૨

ઓ પ્રભુ ! શબરીબાઈના, બોર તમે આરોગ્યા રે
ભૃગુના ચીભડા ભોગ્યા, ભાવના છો ભૂખ્યા રે ..... પ્રભુ પ્રેમ ૩

ઓ પ્રભુ ! કરમાબાઈનો, ખીચડો તો ખાધો રે
સેવકનો સમો સાધ્યો, ભાવના છો ભૂખ્યા રે ..... પ્રભુ પ્રેમ ૪

ઓ પ્રભુ ! પાંડવોનું, એક તારે દુઃખ શોષ્યું રે
આરોગી જગતને પોષ્યું, ભાવના છો ભૂખ્યા રે ..... પ્રભુ પ્રેમ ૫

ઓ તૃપ્તાનંદી તમને, શું તૃપ્ત જ કરીએ રે
વલ્લભવાણી ઓચરીએ રે, ભાવના છો ભૂખ્યા રે
અમે **રમુજી**વાણી ઓચરીએ રે, ભાવના છો ભૂખ્યા રે.. પ્રભુ પ્રેમ ૬

રમુજી સ્મૃતિ, પૃષ્ઠ-૧૫૬

૭૧૦. દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી - AS710

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી, ખરા ચિત્તથી ધ્યાનમાંહી વિહારી;
ઘણા શિષ્યના આપ સંતાપહારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૧

કર્યો ક્રોધ તો ક્રોધને મારવાને, ધર્યો લોભ તો ધ્યાનને ધારવાને;
મહા મોહહારી નિજાનંદધારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૨

સદાનિર્વિકારી મહા બ્રહ્મચારી, ન પ્હોંચે સ્તુતિમાં મતિ કાંઈ મારી;
નિરાધાર આ બાલ માટે વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૩

કદી નાથ સામું ન જોશો અમારા, તથાપિ અમે છીએ સદાયે તમારા;
હવે આપ ઓ બાપ ! તારો વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી.૪

ક્ષમા, ધૈર્ય, ઔદાર્યના જન્મસિંધુ ! સદાલોકથી દીનના આપ બંધુ;
ન શક્તિ કશા કામમાંહિ અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૫

ગુણી જ્ઞાનવંતા વિવેકી વિચારો, મને આશરો એક ભાવે તમારો;
દયાળુ હવે પ્રાર્થના લ્યો અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૬

(જડબુદ્ધિ જીવ સંત વિના શુદ્ધ મારગ કોણ બતાવે ? એ દેશી)

૭૧૧. પ્રથમ નમું ગુરૂરાજને, જેણે આપ્યું જ્ઞાન - AS711 N892

રાગ - હળવે હળવે / મારા મનગમતા (નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૦૭)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

પ્રથમ નમું ગુરૂરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને વીરને ઓળખ્યા, ટળ્યુ દેહ – અભિમાન.

તે કારણ ગુરૂરાજને, પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૧

પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન - દાતાર;
કારજ સાયાઁ માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૨

અહો ! ઉપકાર તુમારડો, સંભારું દિનરાત;
આવે નયણે નીર બહુ, સાંભળતાં અવદાત. ૩

અનંત કાળ હું આથડયો, ન મળ્યા ગુરૂ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, રાજ નામ ભગવંત. ૪

રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૫

અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છએ, ગુણગણ રત્ન ભંડાર ૬

તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમયક્વંત;
નહીં બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૭

બાહ્યચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ;
અંતરચારિત્ર ગુરૂરાજનું, ભાંગે ભવ સંતાપ. ૮

૭૧૨. બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત - AS712 N894

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૦૮)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરૂ કે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બુઝનકી રીત;
પાવે નહિ ગુરૂગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨

એહી નહિ હૈ કલ્પના, એહી નહિ વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪

જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરૂષકે, તો સબ બંધન તોડ. ૬

શ્રીમદ્ રાજચંદ્ર

૭૧૩. જડ્‌ભાવે જડ પરિણમે, ચેતન ચેતના ભાવ - AS713

રાગ - વેદ પુરાણ [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

જડ્‌ભાવે જડ પરિણમે, ચેતન ચેતના ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ? ૨

જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪

વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત ? ૬

પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હેવ દૃષ્ટિ થઇ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહિ નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.
પરમ પુરૂષ પ્રભુ સદ્‌ગુરૂ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧૦

રાળજ, ભા. સુદ ૮, ૧૯૪૭

૭૧૪. કૌન ઉતારે પાર, પ્રભુ બિન કૌન ઉતારે પાર ? - AS714

રાગ - કાફી [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

કૌન ઉતારે પાર, પ્રભુ બિન કૌન ઉતારે પાર ?
ભવોદધિ અગમ અપાર, પ્રભુ બિન કૌન ઉતારે પાર ?

કૃપા તિહારીતેં હમ પાયો, નામ મંત્ર આધાર ૧

નીકો તુમ ઉપદેશ દિયો હે, સબ સારનકો સાર ૨

હલકે વ્હૈ ચાલે સેં નિકસે, બૂડે જે શિરભાર ૩

ઉપકારીકો નહિ વીસરીએ, યેહિ ધર્મ અધિકાર ૪

ધર્મપાલ પ્રભુ, તું મેરે તારક, ક્યું ભૂલું ઉપકાર ૫

૭૧૫. સદ્‌ગુરૂના ઉપદેશથી, સમજે જિનનું રૂપ - AS715

રાગ - વિનંતિ [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

સદ્‌ગુરૂના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ. ૧

પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુંજ્ય. ૨

સ્વરૂપસ્થિત, ઈત્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણ યોગ્ય ૩

નડિયાદ, આસો વદ ૨, ૧૯૫૨

૭૧૬. હું આવ્યો છું, જલારામ - AS716

રાગ - પહાડી [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

હું આવ્યો છું, જલારામ, તારે શરણે લેજો સ્વીકારી
.... હું આવ્યો છું ટેક

ભર દરિયે મારી નાવડી ડોલે,ડગમગ ઝોલા ખાતી,
સુકાની થઈને આવો જલારામ, લેજો મુજને ઉગારી,
ભવસાગરની ભુલ ભુલવણી, મને નથી સમજાતી,
પાર ન પામુ લીલા તમારી, ચરણે લેજો સંભાળી
.... હું આવ્યો છું ૧

આશા નિરાશામાં તમો એક મારો, નોંધારાનો સાથી,
દયા દિલમાં લાવી જલારામ, લેજો ભક્તોને તારી,
અમે ભજનના છે, સહુ રસિયા, નમે છે, શીશ નમાવી,
કૃપા કરી જલારામ અમોને, ભવપાર લેજો ઉતારી
... હું આવ્યો છું ૨

૭૧૭. ધન્ય ધન્ય પુરૂષોત્તમ માસ રે - AS717

રાગ - ગરબી (મારા મનગમતા મહારાજ) ... લ્હાવો સહુ લેજો રે

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

ધન્ય ધન્ય પુરૂષોત્તમ માસ રે, લ્હાવો સહુ લેજો રે
જેવી સંપત દીધી દિનાનાથ રે, દાન એવા દેજો રે

અધિક માસના દેવતાને, પ્રભુ પુરણ કામ
પ્રેમથી લીધાં એને પાંખમાં, એને આપ્યાં પોતાના નામ રે
લ્હાવો સહુ લેજો રે
નિત સવારે ઉઠીને રે, કરશે સ્નાન અને ધ્યાન
પૂજન કરશે પ્રેમથી રે, એને આજે વૈકુંઠ વિમાન ૧

પુત્ર, પરિવાર ને સંપતિ આપે, પુરૂષોત્તમ માસ
ગુણ ગાશે ગોવિંદના રે, તેની પુરે પ્રભુજી આશ ૨

જમરૂખ ને કેળાં, ધર્યા, દાડમ ને દ્રાક્ષ
જમુના જળની ઝારી ધરી, જમે જમે જગતના નાથ ... ૩

આનંદે ઉતારૂં આરતી ને, ફૂલડાં ચઢાવું બેચાર
કરજોડી વંદન કરૂં, પ્રભુ દર્શને દેજો એકવાર ૪

બીજું કાંઈ જોઈતું નથી, તે સાંભળો સુંદીર શ્યામ
દાસ પુરૂષોત્તમ એ ભણે, હરિ હૈયાની ધરજો હામ ... ૫

૭૧૮. એવા પુરૂષોત્તમ પ્રભુ, પ્રેમે પધાર્યા રે - AS718

રાગ - ધનાશ્રી ... પ્રેમે પધાર્યા રે
મંગલ એવા પુરૂષોત્તમ પ્રભુ, પ્રેમે પધાર્યા રે
[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

એવા પુરૂષોત્તમ પ્રભુ, પ્રેમે પધાર્યા રે
એવા ભક્ત હૃદયનાં, આનંદ વધાર્યા રે ..... ટેક

અધિક માસનો મહિમા ભારી, અનેક વ્રત લે છે, નરનારી
એવા ભક્તપ્રિય મોરારી, આજ પધાર્યા રે ૧

ધૃવને અવિચલ પદવી દીધી, ડૂબતા ગજની સહાય કીધી
એવા સુદામાનાં, કાજ સર્વ સુધાર્યા રે ૨

મીરાંબાઈ, સજન કસાઈ, ધનો, પીપો ને શેનો નાઈ,
એવા અનેક ભક્તોને અલબેલી ઉગાર્યા રે ૩

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, ચંદન લઇ કુબજાને તારી
એવા નિર્બલના બલરામ, અમે નિરધાર્યા રે ૪

હરિજન ભક્તોનાં સંગે આવી, પ્રભુજીના નામની ધૂન મચાવી,
એવા પુરૂષોત્તમ પ્રભુને વધાવીઆ રે ૫

૭૧૯. આજે અધિકની એકાદશી રે - AS719

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

આજે અધિકની એકાદશી રે, મોહન પધાર્યા મારા ઘેર
પુરૂષોત્તમ દેવના પ્રતાપથી રે, ભક્તોને લીલા લહેર ..... ટેક

દર્શન આપીને પાવન કર્યા રે, શીતળ થયાં છે મારા નેણ
ગંભીર વાણીથી પ્રભુ બોલીયા રે, મીઠાં મધુરાં વેણ ૧

પુરૂષોત્તમ માસ મારું રૂપ છે રે, મહીમા એનો છે અપાર
સેવે તેને સુખીયા કરું રે, આપું ધન ધાન્યના ભંડાર ૨

આદર કરે મારા માસનો રે, એને કરું મારો દાસ
સ્નાન દાન ધ્યાન વ્રત જે કરે રે, આપું ગૌલોકમાં વાસ ૩

કથા એની કોઈ સાંભળે રે, એનો ફરી ન અવતાર
એકાદશીઓ મારા માસની રે, ઉત્તમ પદ આપનાર ૪

માટે સેવો સહુ ભાવથી રે, હૈયે રાખીને વિશ્વાસ
રાધા પુરૂષોત્તમ ના વિસરો રે, થાશે સૌ દુઃખનો નાશ ૫

૭૨૦. મુને કુંજ ભવનમાં મળિયા રે - AS720

રાગ - અકેલી [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

મુને કુંજ ભવનમાં મળિયા રે, પુરૂષોત્તમ પ્યારા

મારો કરૂણા કરી કર સાહ્યો રે, મને અધર અમૃતરસ પાયો રે
હું તો થઇ અતિશે બડભાગી રે,
મારે તમ સંગ લગની લાગી રે ... ૧

મેં તો જાણી અલૌકિક રીતિ રે, તમને મળીને જગ જીતી રે
કહે મુક્તાનંદ મોરારી રે,
હું તો થઇ રહી નાથ તમારી ૨

૭૨૧. પુરૂષોત્તમ તમ સાથે મારે - AS721

રાગ - કાલેરો [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

પુરૂષોત્તમ તમ સાથે મારે, પૂરણ પ્રીત બંધાણી રે
જે પદપંકજ સેવે મહામુનિ, તે ચરણે લપટાણી રે ... ટેક

બ્રહ્મા શિવ સનકાદિક સરખા, જેનાં દરશન ઈચ્છે રે
તે તો પ્રેમીને વશ પ્રીતમ, પ્રેમી હોય તે પ્રીછે રે ૧

મીન સર્વે જેમ નીર સ્નેહી, ચંદ્ર સનેહી ચકોર રે
તેમ મારૂં મન તમ સંગ બાંધ્યું, નટવર નંદકિશોર રે ... ૨

તન મન ધન મેં તમને અર્પ્યું, પામી અખંડ સોહાગ રે
મુક્તાનંદ કે, મહોલે આવ્યા, આજ અમારાં ભાગ્ય રે ... ૩

૭૨૨. પુરૂષોત્તમ બોલ્યા પ્રીતે કહું સાંભળજો - AS722

રાગ - ગરબો (રૂડી રામકથા...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

પુરૂષોત્તમ બોલ્યા પ્રીતે કહું સાંભળજો એક ચિત્તે

સત્ય કહું છું સૌ નરનારી રે જેમ છે તેમ કહું વિચારી
એમાં ખોટ ન મળે લગારી રે ૧

સમજાવી કહી દષ્ટાંતે રે જથારથ જેમ કહું ખાતે
મારૂ રૂપ છે તેમ ભલી ભાતે રે ૨

પક્ષી ઉડે આકાશે, રે દેહ સહિત બોલે હાંસે,
અનંતે એવાં જાય આવે ભાસે ૩

વાદળી વીજળી ને વારી રે વાયુઘટા શોભે છે ભારી
સૌની આકૃતિ ન્યારી ન્યારી રે ૪

તે શૂન્યમાં સમાવે રે હિમ તે જેમ નીર જમાવે,
વાલો પ્રેમસખીનો સમજાવે રે ૫

૭૨૩. મુને મળિયા પુરૂષોત્તમરાય - AS723

રાગ - સામેરી / પંચમ / મેવાડો

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

મુને મળિયા પુરૂષોત્તમરાય, રોક્યો કેનો નવ રહું
કઠણ વેળા અંતકાળની, વિખ સમ વિષય રે વિકરાળ ... ટેક

સદ્‌ગુરૂ શબ્દ શારડી, ઉતરી આરંપાર
આત્મારામ ઓળખાવિયા, અક્ષરાતીત આ વાર ૧

ઈન્દ્રયારામ મટી આ સમે, થઇ ગયા આત્મારામ
બ્રહ્મવિદ્યા ભણી ભેટિયા, સહજાનંદ સુખધામ ૨

ધામ સ્વરૂપ પોતા તણું, શ્રીહરિ, પોતે સાકાર
પ્રભુપદ પ્રીત ઉપાસના, પય મીસરી એકતાર ૩

ક્યાં મુક્ત ક્યાં શ્રીહરિ, કીડી કુંજર મેળાપ
નિષ્કુળાનંદ ચેતી ગયો, મટ્યા ભવના તાપ ૪

૭૨૪. પુરૂષોત્તમ પ્રાણથી પ્યારા રે - AS724

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

પુરૂષોત્તમ પ્રાણથી પ્યારા રે, તમને નિમિષ ન મેલું ન્યારા રે
આવો અલબેલા ... ટેક

તમે જીવન દોરી છો મારી રે,
હું તો અબળા દાસી તમારી રે ૧

મારે તમથી નથી કોઈ પ્યારૂં રે,
હું તો સર્વસ્વ તમ પર વારૂ રે ૨

મેં તો લોકની લજ્જા ટાળી રે,
મારે મંદિર વિરાજો વનમાળી રે ... ૩

કહે મુક્તાનંદ રંગીલા રે,
રાખું ઉરે છેલ છબીલા રે ૪

૭૨૫. વા'લા લાગો છો વિશ્વ આધાર રે - AS725

રાગ - ધોળ [અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

વા'લા લાગો છો વિશ્વ આધાર રે,
મેં તો સર્વે મેલ્યો સંસાર
... સગપણ તમ સાથે

મારા મનમાં વસ્યા છે આવી માવ રે
તમ સારૂ તજ્યાં મેં ધન ધામ રે ... ૧

મારૂં મનડું લોભણું તમ સાથ રે,
મારે નથી બીજા કોઈની આશ રે ... ૨

મારે માથે ધણી છો તમ એક રે,
મારી અખંડ નીભાવજો ટેક રે ... ૩

મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે
તમને જોઈ મોહી છું વ્રજરાજ રે ... ૪

હું તો હેતે વેચાણી તમ હાથ રે
છો રે બ્રહ્માનંદના નાથ રે ૫

૭૨૬. લીલુડા વાંસની વાંસળી વાય - AS726

રાગ - ગરબો (ધન ધન રે તું પાટણ ગામ)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

લીલુડા વાંસની વાંસળી વાય, કાનો ગોકુળમાં ચારે છે ગાય
ગોકુળની ગોપી મહી વેચવાને જાય,
કાનો આવીને એનો પાલવડો સ્હાય ..... ટેક

મૂકોને કાનજી અમારા ચીર, હું તારી બેનડી ને તું મારો વીર
કોની છે બેનડી ને કોનો છે વીર, તારે ને મારે શી છે સગાઇ ૧

છેડો છોડાવી ગોપી ચાલી રે ગઈ, જશોદા આગળ ઉભી છે જઈ
જૂઓ જશોદા તમારો કાન, મારગ વચ્ચે માગે છે દાણ ૨

દાણ માંગે ને મહી લૂંટી રે ખાય, આ રે ગોકુળીયામાં કેમ રહેવાય
જાઓ રે ગોપીઓ તમારે ઘેર, કાનો આવે ત્યારે પૂછીશું પેર ૩

ગાયો ચારીને કાન આવ્યા છે ઘેર, માતા જશોદા પૂછે છે પેર
બળી બળી કાનજી તારી આ ટેવ, રોજ રોજ ઠપકો આવે છે ઘેર ... ૪

મધ રાતડીયે મોરલી વાય, પાંચ સાત ગોપીઓ ભેગી થાય
એક આવીને મારો મુગટડો સ્હાય, બીજી વાંસલડી ખેંચી રે જાય ...૫

ત્રીજી આવીને મારે પાવલે પાય, આરે ગોકુળીયામાં કેમ રહેવાય
પ્રીતમના સ્વામીની સાચી સગાઇ, વૃજની ગોપીઓ ઘેલી રે થાય... ૬

૭૨૭. ધન્ય એકાદશી - AS727

રાગ - ગરબો (રૂડી રામકથા...)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

ધન્ય એકાદશી (૨), એકાદશીનું વ્રત કરી એ તો, વૈકુંઠ પામીએ

મારે એકાદશીનું વ્રત કરવું છે, મારે ધ્યાન હરિનું ધરવું છે,
મારે વૈકુંઠમાં જઈ વસવું છે (૨) ૧

મારે એકાદશીનું વ્રત સારૂં છે, એ તો પ્રાણજીવનને પ્યારૂં છે,
એ તો વૈકુંઠમાં લઇ જનારૂં છે (૨) ૨

મારે ગંગાઘાટે જાવું છે, મારે જમુના-જલમાં ન્હાવું છે,
મારે ભવ-સાગર તરી જાવું છે (૨) ૩

જે કોઈ બારેમાસ કરે એકાદશી, તેનાં અંતરમાં વસે અવિનાશી,
નહિ કરશે તે, જાશે હાથ ઘસી (૨) ૪

જેણે એકાદશીનાં વ્રત કીધાં છે, તેણે પાંચ પદારથ સિધ્યા છે,
એને પ્રભુએ પોતાનાં કરી લીધાં છે (૨) ... ૫

અંબરિષે એ વ્રત કીધાં છે, દંડ દુર્વાસાને દીધાં છે,
આ રસ “કલ્યાણરાય” એ પીધાં છે (૨) ... ૬

અખાત્રીનાં પદો

૭૨૮. અક્ષયતૃતીયા અક્ષય લીલા - AS728 N547

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૪૭)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

અક્ષયતૃતીયા અક્ષય લીલા, નવરંગ ગિરધર પહેરે ચંદન;
વામ[૧] ભાગ ભીખુભાન નંદિની,
ચિત્ર વિચિત્ર દેત નવવદની ..... ટેક

તન સુખ છીંટ ઈજાર બની હૈ, પ્રીત ઉપર વિરહ નીકંદન[૨];
ઉર ઉદાર વરદાન મલી કી,
સુખદ યુવતિ મનરંજન ૧

નખશિખ હેમ અલંકિત ભૂષન, શ્રી વલ્લભ માર્ગ મનરંજન;
કૃષ્ણદાસ પ્રભુકી પ્રીતિ કારન,
લોચન ચપલ લજાવત ખંજન ૨

૧. ડાબો ૨. નાશ

૭૨૯. અક્ષયતૃતીયા સો ગોવર્ધન બૈઠે - AS729 N548

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૪૮)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

અક્ષયતૃતીયા[૧] સો ગોવર્ધન બૈઠે, ચંદનકો તન લેપ કિયે હો;
પ્રફુલ્લિત વદન સુધાકર નિરખત, ગોપી ચંદ ચકોર પિયે ... ટેક

કનક બરન શિર બન્યો હૈ ટીપારો[૨], ઠાડે હૈ કર કમલ લિયે;
ગોવિંદ પ્રભુકી એહ બાનક[૩] પર, બાર બાર તનમન જ્યોં દીયે.૧

૧. વૈશાખ સુદ ત્રીજને અક્ષય તૃતીયા કહે છે
૨. સોનેરી
૩. બાંધણી

૭૩૦. બન્યો હૈ વાગો ચૂવા ચંદનકો - AS730 N549

રાગ - કાલેરો (નાદબ્રહ્મ પદ-૫૪૯)

[અનુક્રમણિકા-૧૯ Index_front Index_back]

બન્યો હૈ વાગો ચૂવા ચંદનકો, ચંપા કલી સી પાધ બિરાજિત;
ભાલ તિલક નવ વદન કો, બન્યો હૈ વાગો ચૂવા ચંદન કો... ટેક

સુધન કી છબી કહેત ન આયે, ભાત ભાત મન ફંડન કો;
પરમાનંદ દાસ કો ઠાકોર, દેખત હૈ નંદાનંદન કો ૧

૭૩૧. નૈયા ઝૂકાવી મેં તો - AS731

રાગ - કાલેરાનું તાન [અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

નૈયા ઝૂકાવી મેં તો જોજે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના

સ્વારથનું સંગીત ચારે કોર બાજે,
કોઈ નથી કોઈનું આ જગમાં આજે,
તનનો તંબુરો જોજે બેસુરો થાય ના ... ઝાંખો ઝાંખો ૧

પાપ ને પુણ્યના ભેદ રે ભૂલાતા,
રાગ ને દ્વેષ આજે ઘરઘર ઘુંટાતા,
જોજે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના ... ઝાંખો ઝાંખો ૨

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે,
નિશદીન સ્નેહ કેરુ તેલ તેમાં પૂરજે,
મનના મંદિરને જોજે અંધારું થાય ના ... ઝાંખો ઝાંખો ૩

૭૩૨. તમે ભાવે ભજી લ્યો ભગવાન - AS732

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું
કંઈક આત્માનું કરજો કલ્યાણ ... જીવન થોડું રહ્યું

એને દીધેલા કોલ શું ભૂલી ગયા (૨)
જૂઠી માયાને મોહિનીમાં ઘેલાં થયા (૨)
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન ... જીવન થોડું રહ્યું

બાળપણને યુવાનીમાં અડધું ગયું (૨)
નહીં ભક્તિના મારગમાં ડગલું ભર્યું (૨)
હવે બાકી છે એમાં દ્યો ધ્યાન ... જીવન થોડું રહ્યું

પછી ઘડપણમાં ગોવિંદ ભજાશે નહીં (૨)
લોભ, વૈભવને ધન તજાશે નહીં (૨)
બનો આજથી પ્રભુમાં મસ્તાન ... જીવન થોડું રહ્યું

જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો (૨)
કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો (૨)
છીએ થોડા દિવસના મહેમાન ... જીવન થોડું રહ્યું

આમ આળસમાં દિન બધા વીતી જશે (૨)
પછી ઓચિંતુ જમનું તેડું થાશે (૨)
નહીં ચાલે તમારું તોફાન ... જીવન થોડું રહ્યું

એજ કહેવું આ દાસનું દિલમાં ધરો (૨)
ચિત્ત રાખી રણછોડને ભાવે ભજો (૨)
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન ... જીવન થોડું રહ્યું

૭૩૩. પ્રભુની રચના છે એવી - AS733

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

પ્રભુની રચના છે એવી, કોઈ આવે કોઈ જાય
આવ્યા તેણે ...
આવ્યા તેણે વહેલી મોડી લેવી પડે વિદાય
... પ્રભુની રચના

અંતિમ ઘડી જે પડે લખાણી, કેમે ન મીથ્યા થાય (૨)
જ્ઞાની ધ્યાની ...
જ્ઞાની ધ્યાની શોધી વળ્યા પણ જડ્યો નથી ઉપાય
... પ્રભુની રચના

સ્વજનને વ્હાલાની માયા, દુનિયાની સગાઇ (૨)
ફરી ફરીને ...
ફરી ફરીને નામ રટી લો ઝખમ એમ રૂઝાય
... પ્રભુની રચના

પ્રીતીને મમતાના તંતુ, બંધન બની જાય (૨)
જીવાત્માની ...
જીવાત્માની મુક્તિ માર્ગે અવરોધ બની જાય
... પ્રભુની રચના

પૂર્વ જન્મના કર્મ પ્રમાણે, આયુષ્ય રેખા દોરાય (૨)
જટીલ છે ...
જટીલ છે આ કોયડો એને કહે છે પ્રભુ નો ન્યાય
... પ્રભુની રચના

મનવાંછિત મળે ન કોઈને, પ્રભુનું ધાર્યું થાય (૨)
ભાંગેલા ...
ભાંગેલા સ્વપનો ને ભૂલી ધૈર્ય ધરી મનમાંય
... પ્રભુની રચના

વીરહની છે આગ વસમી, દીવો કરો દિલમાંય (૨)
સમજવું ...
સમજવું પડે છે છેવટે ખીલ્યું તે કરમાય
... પ્રભુની રચના

અદ્‌ભુત છે આ સમૂહ પ્રાર્થના, હૈયુ હળવું થાય (૨)
શાંતિ શાંતિ ...
શાંતિ શાંતિ આપો પ્રભુ વાસ વૈકુંઠમાં થાય
... પ્રભુની રચના

૭૩૪. એકલ પંથી ધામ હરીનું - AS734

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

એકલ પંથી ધામ હરીનું, અંતિમ સૌનો મુકામ
આયુષ્ય દોરી જુદી પ્રત્યેકની, કર્માધિન છે તમામ

તેડું કરે પ્રભુ એકલાને, ઝુરતા રાખે અનેક
પલમાં સૌને લાચાર બનાવે, એને હાથ લગામ ... એકલ પંથી

વિશ્વ નિયંતાનો ન્યાય સ્વીકારી, કરીએ અંતિમ વિધિ
દિન બંધુની સહાય માંગીએ આપો હિંમત ભગવાન...એકલ પંથી

વિરહમાં દિલડું જલેને વેદના સહીએ ભલે
ફરજ સઘળી પૂરી કરવા, હૈયે રાખીયે હામ ... એકલ પંથી

સ્વજન જાતા ધીરજ ન ખોઈયે, આશરો પ્રભુનું સ્મરણ
આત્મા શાંતિ પ્રાર્થના કરીયે, આપો મોક્ષમાં ધામ ... એકલ પંથી

અધિક દુઃખીયા અનેક જોઈ, સાંત્વન હૈયે ધરીયે
દિન દલીતના ભેરૂ થઈને, કરીયે સેવા નિષ્કામ ... એકલ પંથી

સદ્‌ગત આત્માની શાંતિ માટે, કરીએ પ્રભુનું ભજન
સંત કબીરને પ્રાર્થના કરીએ, આપો મોક્ષમાં ધામ... એકલ પંથી

૭૩૫. સંત સમાગમ કીજે, હો નિશદિન - AS735

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

સંત સમાગમ કીજે, હો નિશદિન, સંત સમાગમ કીજે ..... ટેક

માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે ૧

અંતર કપટ મેટકે અપના[૧], લે ઉનકું મન દીજે ૨

ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે ... ૩

બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો ... ૪

-બ્રહ્માનંદ સ્વામી

૧. અપનો

૭૩૬. હરિ ભજતાં સુખ હોય, સમજ મન - AS736

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

હરિ ભજતાં સુખ હોય, સમજ મન, હરિ ભજતાં સુખ હોય ... ટેક

હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની, ઉંમર દીની ખોય ૧

માતપિતા જુવતી સુત બંધુ[૧], સંગ ચલત નહિં કોય ૨

ક્યું અપને શિર લેત બુરાઈ, રહેના હૈ દિન દોય ૩

બ્રહ્માનંદ કહે હરિને ભજી લે, હિતકી કહત હું તોય ૪

-બ્રહ્માનંદ સ્વામી

૧. બાંધવ

૭૩૭. યૂંહી જન્મ ગુમાત, ભજન બિન - AS737

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

યૂંહી જન્મ ગુમાત, ભજન બિન, યૂંહી જન્મ ગુમાત ..... ટેક

સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાલ નિકટ ચલી આત ૧

ભયોરી બેહાલ ફિરત હૈ નિશદિન, ગુન વિષયને કે ગાત ... ૨

પરમારથકો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત ૩

બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ વૃથા હી જાત ૪

-બ્રહ્માનંદ સ્વામી

૭૩૮. શ્રીજી બાવા દિન દયાળા - AS738

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

શ્રીજી બાવા દીન દયાળા ! ભક્ત તમારો જાણજો,
હરિગુણ ગાતા દોષ પડે તો સેવા અમારી માનજો ..... ટેક

હું અપરાધી કાંઈ ન સમજ્યો નામ તમારાં અપાર છે,
દાસ ઉપર દયા કરો તો ગુણ તમારા ગાય છે ૧

ઓ દીનબંધુ, ઓ રે દયાળુ ! પ્રાર્થના કરું કરગરી,
દાસ ઉપર દયા કરો તો ફેરે જન્મ ના ધરું ફરી ૨

ગૌલોકવાસી વૈકુંઠવાસી બુદ્ધિ અમારી સુધારશો,
જન્મ મરણનાં બંધન છૂટે એવી ભક્તિ અમને આપજો ૩

અંત સમયે પ્રભુ દયા કરીને દર્શન દેવા આવજો,
દાસ ઉપર દયા કરીને ચરણ કમળમાં રાખજો ૪

૭૩૯. ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ - AS739 N861

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૭૦) [અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

ૐ તત્સત્ શ્રી નારાયણ તૂ, પુરુષોત્તમ ગુરુ તૂ;
સિદ્ધ બુદ્ધ તૂ, સ્કન્દ વિનાયક, સવિતા પાવક તૂ.

બ્રહ્મ મજદ તૂ, યહ્વ શક્તિ તૂ, ઈશુ પિતા પ્રભુ તૂ
રુદ્ર વિષ્ણુ તૂ, રામ-કૃષ્ણ તૂ, રહીમ તાઓ તૂ.

વાસુદેવ ગો-વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું;
અદ્વિતીય તૂ, અકાલ નિર્ભય આત્મ-લિંગ શિવ તૂ

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તૂ;
સિદ્ધ બુદ્ધ તૂ, સ્કન્દ વિનાયક, સવિતા પાવક તૂ.

૭૪૦. અસત્યો માંહેથી પ્રભુ ! - AS740

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા. ૧

મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું-હીણો હું છું તો, તુજ દરસનાં દાન દઈ જા. ૨

પ્રભુ અંતર્યામી, જીવન જીવના દીન શરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિત કરણા. ૩

પ્રભા કીર્તિ ક્રાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું વંદુ છું, વિમળમુખ સ્વામી જગતના. ૪

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઈન્દ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું. ૫

સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,
ક્ષમા દૃષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી ધરું. ૬

- ન્હાનાલાલ

૭૪૧. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન - AS741

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ ભય દારુણમ્
નવકંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારુણમ્ ..... ટેક

કંદર્પ અગણિત અમિત છબિ નવ નીલ નીરજ સુંદરમ્
પટ પીત માનહું તડિત રુચિ શુચિ નૌમિ જનક સુતાવરમ્ ... ૧

ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ ચંદ દશરથ નંદનમ્ ૨

શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ્
આજાનુ ભુજ શર ચાપ ધર સંગ્રામ જિત ખર દૂષણમ્ ૩

ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનમ્
મમ હૃદય કુંજ નિવાસ કુરુ કામાદિ ખલ દલ ગંજનમ્ ૪

૭૪૨. શ્રી હનુમાન ચાલીસા - AS742

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

॥ દોહા ॥

શ્રી ગુરૂ ચરન સરોજ રજ, નિજ મન મુકુરૂ સુધારિ,
બરનઉં રઘુબર બિમલ જસુ, જો દાયકુ ફલ ચારિ.

બુદ્ધિહીન તનુ જાનકે, સુમિરૌં પવન કુમાર,
બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિં, હરહુ કલેશ વિકાર.

॥ ચૌપાઈ ॥

જય હનુમાન જ્ઞાન ગુન સાગર, જય કપીસ તિહું લોક ઉજાગર
રામદૂત અતુલિત બલ ધામા, અંજનિ પુત્ર પવનસુત નામા ૧

મહાવીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી
કંચન બરન વિરાજ સુવેસા, કાનન કુંડલ કુંચિત કેસા ૨

હાથ બજ્ર ઔર ધ્વજા બિરાજૈ, કાંધે મૂંજ જનેઊ સાજૈ
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહા જગ બંદન ૩

વિદ્યાવાન ગુની અતિ ચાતુર, રામ કાજ કરિબે કો આતુર
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા, રામ લખન સીતા મન બસિયા ૪

સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા, વિકટ રૂપ ધરિ લંક જરાવા
ભીમ રૂપ ધરિ અસુર સંહારે, રામચંદ્ર કે કાજ સંવારે ૫

→

લાય સંજીવન લખન જિયાયે, શ્રી રઘુબીર હરષિ ઉર લાયે
રઘુપતિ કીન્હીં બહુત બડ઼ાઈ, તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ ૬

સહસ્ત્ર બદન તુમ્હારો જસ ગાવૈં, અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈં
સનકાદિક બ્રહ્માદિ મુનિસા, નારદ સારદ સહિત અહીસા ૭

જમ કુબેર દિક્પાલ જહાં તે, કવિ કોવિદ કહિ સકે કહાં તે
તુમ ઉપકાર સુગ્રીવહિં કીન્હા, રામ મિલાય રાજ પદ દીન્હા ૮

તુમ્હારો મંત્ર વિભીષણ માના, લંકેશ્વર ભયે સબ જગ જાના
જુગ સહસ્ત્ર યોજન પર ભાનૂ, લીલ્યો તાહિ મધુર ફલ જાનૂ ૯

પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં, જલધિ લાંધી ગયે અચરજ નાહીં
દુર્ગમ કાજ જગત કે જેતે, સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ૧૦

રામ દુઆરે તુમ રખવારે, હોત ન આજ્ઞા બિનુ પૈસારે
સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહૂ કો ડરના ૧૧

આપન તેજ સમ્હારો આપે, તીનો લોક હાંક તે કાંપે
ભૂત પિશાચ નિકટ નહીં આવૈ, મહાવીર જબ નામ સુનાવૈ ૧૨

નાસે રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત વીરા
સંકટ તે હનુમાન છુડાવૈ, મન-કર્મ-બચન ધ્યાન જો લાવૈ ૧૩

સબ પર રામ તપસ્વી રાજા, તિન કે કાજ સકલ તુમ સાજા
ઔર મનોરથ જો કોઈ લાવે, સોઇ અમિત જીવન ફલ પાવે ૧૪

ચારોં જુગ પરતાપ તુમ્હારા, હૈ પરસિદ્ધ જગત ઉજિયારા
સાધુ સંત કે તુમ રખવારે, અસુર નિકંદન રામ દુલારે ૧૫

અષ્ટ સિદ્ધિ નવનિધિ કે દાતા, અસ બર દીન જાનકી માતા
રામ રસાયન તુમ્હારે પાસા, સદા રહો રઘુપતિ કે દાસા ૧૬

તુમ્હરે ભજન રામ કો પાવૈ, જનમ જનમ કે દુખ બિસરાવૈ
અંતકાલ રઘુબર પુર જાઈ, જહાં જન્મ હરિ ભક્ત કહાઈ ૧૭

ઔર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમંત સેઇ સર્વ સુખ કરઈ
સંકટ કટૈ મિટૈ સબ પીરા, જો સુમિરૈ હનુમંત બલબીરા ૧૮

જય જય જય હનુમાન ગોસાઈ, કૃપા કરહુ ગુરૂ દેવ કી નાઈ
જો શત બાર પાઠ કર કોઈ, છૂટહિ બન્દિ મહા સુખ હોઈ ૧૯

જો યહ પઢ઼ે હનુમાન ચાલીસા, હોય સિદ્ધિ સાખી ગૌરીસા
તુલસીદાસ સદા હરી ચેરા, કીજૈ નાથ હૃદય મંહ ડેરા ૨૦

પવન તનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ
રામ લખન સીતા સહિત, હૃદય બસહુ સુર ભૂપ

॥ ઇતિ ॥

૭૪૩. ૐ જય કાના કાળા - AS743 N900

(નાદબ્રહ્મ ૫૬-૯૦૦, પૃષ્ઠ-૬૧૩) [અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

ૐ જય કાના કાળા, ૐ જય કાના કાળા
મીઠી મોરલી વાળા, ગોપીના પ્યારા..... ૐ જય કાના કાળા

કામણગારા કહાન, કામણ કંઈ કીધા પ્રભુ
માખણચોરી મોહન, ચીતચોરી લીધા.....ૐ જય કાના કાળા

નંદ યશોદા ઘેર વૈકુંઠ ઉતારી પ્રભુ
કાલીય મર્દન કીધું, ગાયોને ચારી..... ૐ જય કાના કાળા

ગુણ તણો પાર કેમે નહિ આવે પ્રભુ
નેતી વેદ પૂકારે, પુનિત શું ગાવે..... ૐ જય કાના કાળા

૭૪૪. આનંદ મંગલ કરું આરતી - AS744

[અનુક્રમણિકા-૨૦ Index_front Index_back]

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા (૨)

પ્રેમ ધરીને મારા મંદિરે પધારો, સુંદર સુખડા લેવા (૨)

મારે આંગણિયે તુલસીનો ક્યારો, શાલિગ્રામની સેવા (૨)

રત્ન સિંહાસન આપ બિરાજો, દેવાધિ છો દેવા રે (૨)

કાને કુંડળ માથે મુગુટ, પ્રગટ્યા દર્શન દેવા (૨)

રામ, લક્ષ્મણ, ભરત શત્રુધ્ન, ચારેય ભાઈઓની સેવા (૨)

સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મેવા (૨)

અડસઠ તીરથ સંતને ચરણે, ગંગા જમુના રેવા (૨)

ત્રિભુવન તારણ ભક્ત ઉધ્ધારણ, આવો દર્શન દેવા (૨)

માખણ મિસરી મધુફળ લાવી, આરોગો મીઠા મેવા (૨)

કહે પ્રીતમ એવા હરિ ગુણ ગાયે, હરિના જન હરિ જેવા (૨)

Index A [અનુક્રમણિકા Index_front]

આરતી

૧.	શ્રી ગુરુને પાયે લાગું	૧૦
૨.	બહુત ભલો હૈ ભાઈ	૧૧
૩.	કાહે ન મંગલ ગાયે	૧૨
૪.	આરતી હો દેવ શિરોમણી તેરી	૨૩
૫.	શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ	૨૭
૬.	સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો	૫૪૦
૭.	શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય	૬૯૯
૮.	અમૂલ્ય તત્વવિચાર	૭૦૨
૯.	ઓ ઈશ્વર ભજીએ તને	૪
૧૦.	સદ્‌ગુરુ સંત કબીર	૭૦૪
૧૧.	સ્વજનની ભેટ જે દેતો	૭૦૫
૧૨.	જોને વિચારી તું જીવડા	૩૧
૧૩.	જે કુલમેં કોઈ ભક્ત ન કહાવે	૩૬
૧૪.	વૈષ્ણવ જન તો તેને કહીએ	૧૦૧
૧૫.	હરિને ભજતાં હજી કોઇની લાજ	૫૨૦
૧૬.	જૂનું તો થયું રે દેવળ	૫૮
૧૭.	ઝીની ઝીની બિની ચદરિયાં	૫૩
૧૮.	એક જ દે ચિનગારી	૫૬
૧૯.	વરદ હસ્ત પ્રભુ તમારો	૬૩૪
૨૦.	વંદન કરૂ પ્રભુ ચરણોમાં આજે	૬૩૪
૨૧.	આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો	૬૨
૨૨.	મંગલ મંદિર ખોલો	૬૧
૨૩.	પ્રભુ દ્વાર તમારા ખોલો રે	૭૦૬
૨૪.	મારી નાડ તમારે હાથે	૪૩
૨૫.	નહિ રે વિસારૂં હરિ	૫૯
૨૬.	જ્યાં લગી આત્મા અંગમાં છે	૭૨
૨૭.	ભક્તિ કરતા છુટે મારા પ્રાણ	૭૦૭
૨૮.	હે હરિ તારા ચરણકમળમાં	૭૦૮
૨૯.	પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો	૭૦૯
૩૦.	પ્રભુ મારી માતને શાંતિ ધરી દો	૭૦૯
૩૧.	અંજલિ	૭૧૦
૩૨.	સત્યનામ સદ્‌ગુરૂ કબીર	૭૧૧
૩૩.	ધૂન – સત્યનામ કબીર	૭૧૧
૩૪.	શાંતિ મંત્ર	૭૧૧
૩૫.	આરતી	૫૮૮

વસંત અને હોળીના પદો	૨૦૫
રંગ રસિયાનું પદ	૨૮૧
ગરબી	૨૯૦
રામનવમીના પદો	૩૦૨
જન્માષ્ટમીનાં પદો	૩૧૪
જન્મ સમયનું પદ	૩૬૭
છઠ્ઠીનાં પદો	૪૦૦
વિજયા દશમીનાં પદો	૪૦૨
દિવાળીનાં પદો	૪૪૫
કૃષ્ણદાસનો રાસ	૪૦૮
તુલસીદાસનો રાસ	૪૧૪
પંચ અધ્યાયનો રાસ	૪૨૪
ગોવર્ધન રાસ	૪૪૮
ધોળ	૪૭૬
મંગલ	૫૦૮
બિલાવલ	૧૮૮
નાની આશાવરી	૧૯૦
મોટી આશાવરી	૧૯૧
સારંગ	૧૯૬
ચરચરી	૧૬૦
હાલેરૂં	૧૬૩
વિનંતિ	૪૬૨
વેદ પુરાણ	૪૬૬
સોરંગી	૪૭૧
લોઢી કારજ	૭૩૬
પંથીડો	૪૩૬
પ્રભાતના પદો	૧૭૦
દેવગંધાર પ્રભાત	૧૮૨
બેઠકના પદો	૨૮
આરતી	૫૮૬, ૬૬૨, ૮૦૮
થાળનાં પદો	૧૩૮, ૫૮૧
થાળની સાખી	૧૪૧

Index B [અનુક્રમણિકા Index_front]

પદ નંબર	ભજનનું નામ	પૃષ્ઠ
૪૯૮	ભક્તિ એવી રે ભાઈ એવી	૫૩૮
૫૯૩	મૃત્યુ એ તો નિર્મિત છે સંસારમાં	૬૪૭
---	જનનીની જોડ	૫૯૩
---	શ્રી રાજચંદ્ર પરમકૃપાળુ, હે પ્રભુ નમીએ અમે	૬૯૮
૬૪૬	આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો (રાગ - ધોળ, વેદ પુરાણ)	૭૦૩
૬૪૯	જીરે સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે (રાગ - સોરંગી)	૭૦૫
૬૭૦	જ્ઞાન ગુદડી	૭૨૬
૬૭૧	શબ્દ પારખુ	૭૩૦
૬૭૫	લોઢી કારજ	૭૩૬
૬૭૬	ધન ધન ગોકુલ આઠમની રાત (ગરબો)	૭૩૮
૬૭૮	પળવે પાતળીયા ગીરધારી કે (ગરબો)	૭૪૧
૬૭૯	મેરી ઝોપડી કે ભાગ આજ	૭૪૨
૫૩૮ ૫૭૮-૫૮૫ --- ૬૪૮ ૬૫૨-૬૫૪ ૬૮૦-૭૦૨	શ્રી યોગેશ્વરજી, મા સર્વેશ્વરી	૫૮૮ ૬૨૯-૬૩૮ ૬૯૮ ૭૦૫ ૭૦૮-૭૦૯ ૭૪૩-૭૬૫
૫૪૨, ૭૦૩-૭૦૯	મોક્ષમાર્ગ ધર્મ	૫૯૬, ૭૬૬-૭૭૨
૬૩૭-૬૪૫ ૭૧૦-૭૧૫	શ્રીમદ્ રાજચંદ્ર	૬૮૮-૭૦૨ ૭૭૩-૭૭૮
૭૧૬	હું આવ્યો છું જલારામ	૭૭૯
૭૧૭-૭૨૪	અધિક માસ	૭૮૦
૭૨૭	એકાદશી	૭૯૦

પદ નંબર	ભજનનું નામ	પૃષ્ઠ
૭૨૮-૭૩૦	અખાત્રી	૭૯૧-૭૯૨
૭૪૨	શ્રી હનુમાન ચાલીસા	૮૦૫

Index C (Multiple Entries) [અનુક્રમણિકા Index_front]

પદ નંબર	ભજનનું નામ	પૃષ્ઠ
--- ૬૯	તૂ તો રામ સુમર જગ લડવા દે	ix ૬૩
૬૭ ૬૪૬	આટલો અંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો	૬૨ ૭૦૩
૬૪૯ ૬૫૬	સત્યનામ સદ્‌ગુરૂ કબીર હૈ પ્યારે	૭૦૫ ૭૧૧
--- ૬૨૪	નંદ ઘેર આનંદ ભયો	૩૭૨ ૬૭૫
૫૫૬ ૬૨૫	મથુરામાં ખેલ ખેલી આવ્યા	૬૦૭ ૬૭૬
૬૦૧ ૬૩૨	રામ નામકી મધુર મલાઈ	૬૫૫ ૬૮૩
૬૪૨ ૭૧૦	દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી	૬૯૫ ૭૭૩

PDF downloads

અનત સૂર

નાદબ્રહ્મ